ૐ

નમઃ સિદ્ધેભ્યઃ

# અષ્ટપાહુડ પ્રવચન

## (ભાગ-૧)

( પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના
દર્શનપાહુડ ઉપરના ધારાવાહી પ્રવચનો )

**શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ**

૩૦૨, કૃષ્ણ કુંજ, પ્લોટ નં. ૩૦, વિ. એલ. મહેતા માર્ગ,
વિલેપાર્લે (વેસ્ટ), મુંબઈ૪૦૦ ૦૫૬
ફોન : (૦૨૨) ૨૬૧૩૦૮૨૦

| કહાન સંવત | વીર સંવત | વિક્રમ સંવત | ઈ.સ. |
|---|---|---|---|
| ૩૫ | ૨૫૪૧ | ૨૦૭૧ | ૨૦૧૫ |

**પ્રકાશન**
**તા. ૨૨-૫-૨૦૧૫, જેઠ સુદ-૫**
**વિલેપાર્લા પંચ કલ્યાણક પ્રતિષ્ઠા પ્રસંગે**

પ્રત : ૧૦૦૦
મૂલ્ય : ૨૦/-

- **શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ**
- **શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ**
  ૩૦૨, કૃષ્ણ કુંજ, પ્લોટ નં. ૩૦, વિ. એલ. મહેતા માર્ગ,
  વિલેપાર્લે (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૫૬
  ફોન : (૦૨૨) ૨૬૧૩૦૮૨૦
- **શ્રી સીમંધર કુંદકુંદ કહાન આધ્યાત્મિક ટ્રસ્ટ**
  યોગીનિકેતન પ્લોટ 'સ્વરુચિ' સવાણી હોલની શેરીમાં,
  નિર્મલા કોન્વેન્ટ રોડ, રાજકોટ-૩૬૦૦૦૭.
  ટેલી નં. ૦૯૩૭૪૧૦૦૫૦૮ / (૦૨૮૧) ૨૪૭૭૭૨૮ / ૨૪૭૭૭૨૯
- **શ્રી આદિનાથ કુંદકુંદ કહાન દિગંબર જૈન ટ્રસ્ટ**
  વિમલાંચલ, હરિનગર, અલીગઢ (યુ.પી.)
  ફોન : (૦૫૭૧) ૨૪૧૦૦૧૦/૧૧/૧૨

લેસર ટાઈપ સેટિંગ
**પૂજા ઈમ્પ્રેશન્સ**
ભાવનગર
મો. ૯૭૨૫૨૫૧૧૩૧

મુદ્રક
આનંદ લિમયે
ઈન્ડિયા પ્રિન્ટીંગ વર્ક
વડાલા, મુંબઈ

# પ્રસ્તાવના

શાસનનાયક અંતિમ તીર્થંકર દેવાધિદેવ શ્રી મહાવીર પરમાત્માનું વર્તમાન શાસન પ્રવર્તી રહ્યું છે. તેઓશ્રીની દિવ્યધ્વનિ દ્વારા પ્રકાશિત મોક્ષમાર્ગ, પરંપરામાં થયેલા અનેક આચાર્ય ભગવંતો દ્વારા આજે પણ વિદ્યમાન છે. શ્રી ગૌતમ ગણધર બાદ અનેક આચાર્યો થયા તેમાં શ્રીમદ્ ભગવત કુંદકુંદાચાર્યદેવનું સ્થાન શ્રી મહાવીરસ્વામી પછી ત્રીજા સ્થાને આવે છે તે જગતવિદિત છે.

શ્રીમદ્ ભગવત કુંદકુંદાચાર્ય વિક્રમ સંવત ૪૯માં લગભગ થયા છે. તેઓશ્રીએ સ્વયંની ઋદ્ધિ દ્વારા વર્તમાન વિદેહક્ષેત્રે પ્રત્યક્ષ બિરાજમાન શ્રી સીમંધર ભગવાનના સમવસરણમાં આઠ દિવસ રહી દિવ્યદેશના ગ્રહણ કરી, ત્યાંથી આવીને તેમણે અનેક મહાન પરમાગમોની રચના કરી. તેમાં અષ્ટ પ્રાભૃત ગ્રંથનો પણ સમાવેશ થાય છે. આચાર્ય ભગવંતની પવિત્ર પરિણતિના દર્શન તેઓશ્રીની પ્રત્યેક કૃતિઓમાં થાય છે. ભવ્યજીવો ઉપર નિષ્કારણ કરુણા કરી તેમણે મોક્ષમાર્ગનું અંતર-બાહ્ય સ્વરૂપ સ્પષ્ટ કર્યું છે. આચાર્ય ભગવંતે મોક્ષમાર્ગને થંભાવી રાખ્યો છે એ કથન ખરેખર સત્ય પ્રતીત થાય છે.

ચતુર્થ ગુણસ્થાનથી ચૌદ ગુણસ્થાન પર્યંત અંતરંગ મોક્ષમાર્ગ સાથે વર્તતા વિકલ્પની મર્યાદા કેટલી અને કેવી હોય તે તેઓશ્રીએ સ્પષ્ટ કર્યું છે. આમ નિશ્ચય-વ્યવહાર મોક્ષમાર્ગનું સ્વરૂપ સ્પષ્ટ કરી અનેક પ્રકારના વિપરીત અભિપ્રાયોમાંથી મુમુક્ષુજીવોને તાર્યા છે. અષ્ટ પ્રાભૃત ગ્રંથમાં મુખ્યત્વે નિર્ગ્રંથ મુનિદશા કેવી હોય અને સાથે કેટલી મર્યાદામાં એ ગુણસ્થાનમાં વિકલ્પની સ્થિતિ હોય છે તે સ્પષ્ટ કર્યું છે.

વર્તમાનમાં દિગંબર સાહિત્ય તો હતું જ પરંતુ સાહિત્યમાં નિહિત મોક્ષમાર્ગનું સ્વરૂપ જો આ કાળમાં કોઈ દિવ્ય શક્તિધારક મહાપુરુષે પ્રકાશિત કર્યું હોય તો તે છે-કાનજીસ્વામી. પૂજ્ય ગુરુદેવશ્રીએ શાસ્ત્રમાં નિહિત મોક્ષમાર્ગને સ્વયંની દિવ્ય શ્રુતની લબ્ધિ દ્વારા સમાજમાં નિર્ભિકતાથી ઉદ્‌ઘાટન કર્યો. શાસ્ત્રમાં મોક્ષમાર્ગનું રહસ્ય તો પ્રરૂપિત હતું જ પરંતુ આ કાળના અચંબા સમાન પૂજ્ય ગુરુદેવશ્રીની સાતિશય ભગવતી પ્રજ્ઞાએ તે રહસ્યને ખુલ્લું કર્યું. પૂજ્ય ગુરુદેવશ્રીનો અસિમ ઉપકાર આજે તો ગવાય છે પરંતુ પંચમકાળના અંત સુધી ગવાશે.

પૂજ્ય ગુરુદેવશ્રી દ્વારા અનેક પરમાગમો ઉપર વિસ્તૃત પ્રવચનો થયા છે. તેમાં અષ્ટ પ્રાભૃતનો પણ સમાવેશ થાય છે. પ્રસ્તુત પ્રવચનો પ્રકાશિત થાય તેવી ભાવના મુમુક્ષુ સમાજમાંથી વ્યક્ત થતાં શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ, વિલેપાર્લા, મુંબઈ દ્વારા આ પ્રવચનોને અક્ષરશઃ પ્રકાશિત કરવાનો સહર્ષ સ્વીકાર કર્યો. તદ્‌નુસાર આ પ્રવચનો લગભગ સાત ભાગમાં પ્રકાશિત થવાની ધારણા છે. પ્રથમ ભાગમાં દર્શન પાહુડની ૩૬ ગાથા ઉપરના પ્રવચનો છે.

સમ્યગ્દર્શન ધર્મનું મૂળ છે. સમ્યગ્દર્શનનું સ્વરૂપ આચાર્ય ભગવંતે સ્વયંની મૌલિક

શૈલીમાં સુચારુરૂપે વર્ણન કર્યું છે. સમ્યગ્દર્શનનું સ્વરૂપ કેવું હોય તે પૂજ્ય ગુરુદેવશ્રીએ અનેક પડખાઓથી સ્પષ્ટ કર્યું. આચાર્ય ભગવાનના હૃદયમાં પેસીને તેમના ભાવોને ખોલવાના અલૌકિક સામર્થ્યના દર્શન પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનોમાં થાય છે. અનંતકાળથી મિથ્યાત્વના દુઃખથી પીડિત જીવોને સમ્યગ્દર્શન કઈ રીતે પ્રાપ્ત થાય અને સમ્યક્ત્વના સુખથી કઈ રીતે અલંકૃત થવાય તેનું વિશદ્ વર્ણન પ્રસ્તુત પ્રવચનોમાં થયું છે.

આ પ્રવચનોને સી.ડી.માંથી સાંભળીને શબ્દશઃ તૈયાર કરવાનું કાર્ય શ્રી નિલેષભાઈ જૈન, ભાવનગર દ્વારા કરવામાં આવ્યું છે. ત્યારબાદ આ પ્રવચનોને ફરીવાર શ્રી ચેતનભાઈ મહેતા, રાજકોટ દ્વારા તપાસી જવામાં આવ્યા છે. ઘણા પ્રવચનો બેટરીવાળા હોવાથી જ્યાં અવાજ બરાબર નથી સંભળાતો ત્યાં ડોટ કરીને છોડી દેવામાં આવ્યું છે. વાક્યરચના પૂર્ણ કરવા અર્થે કૌંસ પણ ભરવામાં આવેલ છે. પ્રવચનોને પુસ્તકારૂઢ કરવામાં જાગિતૃપૂર્વક ચીવટ રાખવામાં આવેલ છે તેમ છતાં ક્યાંય ક્ષતિ રહી જવા પામી હોય તો વાચકવર્ગને વિનંતી કે તેઓ જાણ કરે. જિનવાણીનું કાર્ય અતિ ગંભીર છે. તેથી ક્યાંય પ્રમાદવશ ક્ષતિ રહી હોય તો દેવ-શાસ્ત્ર-ગુરુની વિનમ્રતાપૂર્વક ક્ષમાયાચના કરીએ છીએ. પૂજ્ય ગુરુદેવશ્રીના ચરણોમાં તથા પ્રશમમૂર્તિ ભગવતીમાતાના ચરણોમાં કોટિ કોટિ વંદના! તેઓશ્રીની સાતિશય દેશના જયવંત વર્તો! જયવંત વર્તો!

પ્રસ્તુત પુસ્તક www.vitragvani.com ઉપર મુકવામાં આવેલ છે.

અંતતઃ પ્રસ્તુત પ્રવચનોના સ્વાધ્યાય દ્વારા મુમુક્ષુજીવ આત્મહિત સાધે તેવી ભાવના સાથે વિરામ પામીએ છીએ.

લિ. ટ્રસ્ટીગણ
**શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ,**
મુંબઈ

# અધ્યાત્મયુગસર્જક પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીનો સંક્ષિપ્ત જીવન પરિચય

ભારતદેશના ગુજરાત રાજ્યમાં ભાવનગર જિલ્લાના 'ઉમરાળા' ગામમાં સ્થાનકવાસી સંપ્રદાયના દશાશ્રીમાળી વણિક પરિવારના શ્રેષ્ઠીવર્ય શ્રી મોતીચંદભાઈના ઘેર, માતા ઉજમબાની કૂંખે, વિક્રમ સંવત ૧૯૪૬ના વૈશાખ સુદ બીજ, (તા. ૨૧-૪-૧૮૯૦) રવિવારે વહેલી સવારે આ બાળ મહાત્માનો જન્મ થયો.

જે સમયે આ બાળ મહાત્મા ધરતી પર પધાર્યા, તે સમયે જૈનોના જીવનનો શ્વાસ અંધશ્રદ્ધા, પાખંડ અને શુષ્ક ક્રિયાકાંડમાં જ રૂંધાઈ ગયો હતો. કોઈક સ્થળે આધ્યાત્મિક ચિંતન ચાલતું હતું, પણ તેમાં અધ્યાત્મ નહોતું. એવા એ અંધકારમય કળીકાળમાં આ તેજસ્વી કહાનસૂર્યનો ઉદય થયો.

સાત વર્ષની ઉંમરે નિશાળમાં લૌકિક શિક્ષા લેવાનું શરૂ કર્યું. દરેક વસ્તુના હાર્દ સુધી પહોંચવાની તેજસ્વી બુદ્ધિપ્રતિભા, મધુરભાષીપણુ, શાંતસ્વભાવ, ગંભીર મુખમુદ્રા તથા જતું કરવાનો સ્વભાવ હોવાથી બાળ 'કાનજી' શિક્ષકોમાં તથા વિદ્યાર્થીઓમાં પ્રિય થઈ ગયા. નિશાળમાં તથા જૈન પાઠશાળાના અભ્યાસમાં પ્રાયઃ પ્રથમ નંબર આવતો, પરંતુ નિશાળના લૌકિક અભ્યાસથી તેમને સંતોષ થયો નહિ અને ઊંડે ઊંડે એમ લાગતું કે હું જેની શોધમાં છું તે આ નથી.

તેર વર્ષની ઉંમરે માતુશ્રીના અવસાનથી પિતા સાથે પાલેજ જવાનું થાય છે. ચાર વર્ષ બાદ પિતાનો સ્વર્ગવાસ થતાં સત્તર વર્ષની ઉંમરે ભાગીદાર સાથે વેપારમાં જોડાય છે.

વ્યાપારની પ્રવૃત્તિ વખતે પણ તેઓ જરા પણ અપ્રમાણિકતા ચલાવી લેતા નહિ. સત્યનિષ્ઠા, નીતિમત્તા, નિખાલસતા અને નિર્દોષતાથી તેમનું વ્યાવહારિક જીવન સુગંધિત હતું. સાથે તેમનો આંતરિક વ્યાપાર અને ઝુકાવ તો સતત સત્યની શોધ તરફ જ હતો. દુકાનમાં પણ ધાર્મિક પુસ્તકો વાંચતા. વૈરાગી ચિત્તવાળા કહાનકુંવર રાત્રિના રામલીલા કે નાટક જોવા જતાં ત્યારે તેમાંથી વૈરાગ્યરસનું ઘોલન કરતાં. જેના ફળસ્વરૂપે સત્તર વર્ષની ઉંમરે ઉજ્જ્વળ ભવિષ્યની આગાહી કરતા બાર લીટીના કાવ્યની રચના કરે છે :

'શિવરમણી રમનાર તું તું હી દેવનો દેવ'

ઓગણીસ વર્ષની ઉંમરથી તો રાત્રિના આહાર, પાણી તથા અથાણાંનો ત્યાગ કરે છે.

સત્યની શોધ માટે, દીક્ષા લેવાના ભાવથી ૨૨ વર્ષની યુવા વયે દુકાનનો પરિત્યાગ કરે છે અને ગુરુ પાસે આજીવન-બ્રહ્મચર્ય વ્રત અંગીકાર કરે છે. પછી ૨૪ વર્ષની વયે (વિ. સં. ૧૯૭૦) જન્મનગરી ઉમરાળામાં ૨૦૦૦ જેટલા સાધર્મીઓના વિશાળ જનસમુદાયની હાજરીમાં સ્થાનકવાસી સંપ્રદાયની દીક્ષા અંગીકાર કરે છે. દીક્ષા સમયે હાથી પર બેસવા જતાં ધોતિયું ફાટે છે. તીક્ષ્ણ બુદ્ધિના ધારક ગુરુવરને શંકા પડી જાય છે કે કંઈક ખોટું થાય છે.

દીક્ષા લીધાં બાદ સત્યના ખોજક આ મહાત્માએ સ્થાનકવાસી તથા શ્વેતાંબર સંપ્રદાયના સમસ્ત આગમોનો ગહન અભ્યાસ માત્ર ચાર વર્ષમાં જ પૂરો કર્યો. સંપ્રદાયમાં મોટી ચર્ચાઓ ચાલી કર્મ છે તો વિકાર થાય છે ને? જો કે પૂજ્ય ગુરુદેવશ્રીને હજી દિગંબર શાસ્ત્રો તો મળ્યા નહોતાં. છતાં પૂર્વના સંસ્કારના બળે તેઓ દઢતાપૂર્વક સિંહગર્જના કરે છે 'જીવ પોતાથી સ્વતંત્રપણે વિકાર કરે છે; કર્મથી કે પરથી નહિ. જીવ પોતાના ઊંધા પુરુષાર્થથી વિકાર કરે છે અને સવળા પુરુષાર્થથી નાશ કરે છે.'

વિ. સં. ૧૯૭૮માં મહાવીરપ્રભુના શાસન-ઉદ્ધારનો અને હજારો મુમુક્ષુઓના મહાન પુણ્યોદય સૂચક એક મંગળકારી પવિત્ર પ્રસંગ બને છે

૩૨ વર્ષની ઉંમરે, વિધિની કોઈ ધન્યપળે શ્રીમદ્ ભગવત કુંદકુંદાચાર્યદેવ વિરચિત સમયસાર નામનું મહાન પરમાગમ દામનગરમાં દામોદર શેઠ દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીના હસ્તકમળમાં આવે છે અને આ પવિત્ર પુરુષના અંતરમાંથી સહજ જ ઉદગાર નીકળે છે 'શેઠ! આ તો અશરીરી થવાનું શાસ્ત્ર છે.' એનું અધ્યયન અને ચિંતન કરતાં અંતરમાં આનંદ અને ઉલ્લાસ ઉભરાય છે. આ મહાપુરુષના અંતરંગ જીવનમાં પણ પરમ પવિત્ર પરિવર્તન થયું. ભુલી પડેલી પરિણતિ નિજ ઘર દેખે છે. ત્યારબાદ વિ.સં. ૧૯૮૨ના ચાતુર્માસ પહેલા રાજકોટમાં શ્રી દામોદરભાઈ લાખાણીએ 'મોક્ષમાર્ગ પ્રકાશક' ગ્રંથ પૂ. ગુરુદેવશ્રીને આપ્યો જે વાંચતા, પોતાના હૃદયની અનેક વાતોનું સમર્થન આ ગ્રંથમાંથી મળી આવતાં તેઓ તેના વાંચનમાં એવા ઓતપ્રોત થઈ જતાં કે તે વખતે તેમને ખાવું-પીવું કે સૂવું ગમતું નહીં. ત્યારબાદ શ્રી પ્રવચનસાર, અષ્ટપાહુડ, દ્રવ્યસંગ્રહ, સમ્યગ્જ્ઞાન દીપિકા વગેરે દિગંબર શાસ્ત્રોના અભ્યાસથી ૧૩ વર્ષ સુધી ખૂબ જ જ્ઞાનની પ્રગાઢતા બાદ તેઓશ્રીને નિઃશંક નિર્ણય થઈ જાય છે કે દિગંબર જૈનધર્મ જ મૂળ માર્ગ છે અને તે જ સાચો ધર્મ છે. તેથી અંતરંગ શ્રદ્ધા કંઈક અને બહારમાં વેષ કંઈક એવી સ્થિતિ તેમને અસહ્ય થઈ પડે છે. તેથી અંતરમાં ખૂબ જ મનોમંથન બાદ સંપ્રદાય છોડવાનો નિર્ણય કરે છે.

પરિવર્તન માટે યોગ્ય સ્થળની તપાસ કરતાં કરતાં સોનગઢ આવી 'સ્ટાર ઑફ ઈન્ડિયા' નામના એકાંત મકાનમાં મહાવીર જન્મકલ્યાણકના દિવસે (વિ. સં. ૧૯૯૧, ચૈત્ર સુદ ૧૩) બપોરે સવા વાગે સંપ્રદાયના ચિહ્ન મુહપત્તીનો ત્યાગ કરે છે અને જાહેર કરે છે : 'હવે હું સ્થાનકવાસી સાધુ નથી, હું સનાતન દિગંબર જૈન ધર્મનો શ્રાવક છું.' સિંહ સમાન વૃત્તિના ધારક આ મહાપુરુષે, ૪૫ વર્ષની ઉંમરે અંતરમાં મહાવીર્ય ઉછાળીને આ અદ્ભુત પરાક્રમી કાર્ય કર્યું.

'સ્ટાર ઑફ ઈન્ડિયા'માં ત્રણ વર્ષ દરમ્યાન જિજ્ઞાસુ ભક્તજનોનો પ્રવાહ દિન-પ્રતિદિન વધતો જ ગયો, જેના કારણે આ મકાન ખુબ જ નાનું પડવા લાગ્યું. તેથી ભક્તોએ આ પરમપ્રતાપી સત્પુરુષ માટે નિવાસ અને પ્રવચનનું મકાન 'શ્રી જૈન સ્વાધ્યાય મંદિર'નું નિર્માણ કરાવ્યું. ગુરુદેવશ્રીએ વિ. સં. ૧૯૯૪ના વૈશાખ વદ ૮ના રોજ આ નિવાસસ્થાનમાં મંગળ પદાર્પણ કર્યું. આ 'સ્વાધ્યાય મંદિર' જીવન-પર્યંત આ મહાપુરુષની આત્મ-સાધના અને વીરશાસનની પ્રભાવનાનું કેન્દ્ર બની રહ્યું.

અહીં દિગંબર ધર્મના ચારે અનુયોગના નાના-મોટા ૧૮૩ જેટલા ગ્રંથોનો ઊંડાણથી અભ્યાસ કર્યો. તેમાંથી ૩૮ ગ્રંથો પર સભામાં પ્રવચનો કર્યા, જેમાં સમયસાર ઉપર તો ૧૯ વખત અધ્યાત્મવર્ષા કરી છે. પ્રવચનસાર, અષ્ટપાહુડ, પરમાત્મપ્રકાશ, નિયમસાર, પંચાસ્તિકાયસંગ્રહ, સમયસાર કળશ-ટીકા વગેરે ગ્રંથો પર પણ અનેકવાર પ્રવચનો કર્યા છે.

દિવ્યધ્વનિનું રહસ્ય સમજાવનાર તેમજ કુંદકુંદાદિ આચાર્યોના ગહન શાસ્ત્રોનું રહસ્યોદ્‌ઘાટન કરનાર આ મહાપુરુષની ભવતાપવિનાશક અમૃતવાણીને ભાઈશ્રી નવનીતભાઈ ઝવેરીની દીર્ઘદૃષ્ટિને કારણે શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ દ્વારા ઈ.સ.૧૯૫૯ થી ૧૯૮૦ સુધી નિયમિત રીતે ટેપમાં ઉતારી લેવામાં આવી છે. જેના પ્રતાપે આજે આપણી પાસે ૯૦૦૦ થી વધુ પ્રવચનો સુરક્ષિતપણે ઉપલબ્ધ છે. આ મંગલ વાણી દેશ-વિદેશના તમામ મુમુક્ષુમંડળોમાં તેમજ લાખો જિજ્ઞાસુ મુમુક્ષુઓના ઘેર-ઘેર ગુંજતી થઈ ગઈ છે. તેથી એટલું તો નક્કી છે કે ભરતક્ષેત્રના ભવ્યજીવોને પંચમ કાળના અંત સુધી આ દિવ્યવાણી જ ભવના અભાવમાં પ્રબળ નિમિત્ત થશે.

આ મહાપુરુષનો ધર્મસંદેશ દેશ-વિદેશના સમસ્ત મુમુક્ષુઓને નિયમિત મળતો રહે તે હેતુથી સૌ પ્રથમ વિ. સં. ૨૦૦૦ના માગશર (ડિસેમ્બર ૧૯૪૩) માસથી 'આત્મધર્મ' નામની માસિક અધ્યાત્મિક-પત્રિકાનું પ્રકાશન સોનગઢથી મુરબ્બી શ્રી રામજીભાઈ માણેકચંદ દોશીના સંપાદન હેઠળ શરૂ થયું. આજે પણ 'આત્મધર્મ' ગુજરાતી તેમજ હિન્દી ભાષામાં નિયમિત રીતે પ્રકાશિત થઈ રહ્યું છે. પૂજ્ય ગુરુદેવશ્રીના દૈનિક પ્રવચનોને પ્રસિદ્ધ કરતું 'શ્રી સદ્‌ગુરુ પ્રવચન પ્રસાદ' સપ્ટેમ્બર ૧૯૫૦ થી નવેમ્બર ૧૯૫૬ સુધી પ્રકાશિત થયું. સ્વાનુભૂતિવિભૂષિત આ ચૈતન્યવિહારી મહાપુરુષની મંગળવાણી વાંચીને તેમજ સાંભળીને હજારો સ્થાનકવાસી, શ્વેતાંબર તથા અન્ય કોમના ભવ્યજીવો પણ તત્ત્વની સમજણપૂર્વક સાચા દિગંબર જૈનધર્મના અનુયાયી થયા. અરે..! મૂળ દિગંબર જૈનો પણ સાચા અર્થમાં દિગંબર જૈન બન્યા.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા દિગંબર આચાર્યો-મુનિવરોના તેમજ આત્માનુભવી પંડિતવર્યોના ગ્રંથો અને પૂજ્ય ગુરુદેવશ્રીના તે ગ્રંથો પરના પ્રવચનોના પુસ્તક છપાવવાનું કાર્ય વિ. સં. ૧૯૯૯ (ઈ.સ. ૧૯૪૩)થી શરૂ થયું. આ સત્-સાહિત્ય દ્વારા વીતરાગી તત્ત્વજ્ઞાનની દેશ-વિદેશમાં અપૂર્વ પ્રભાવના થઈ, જે આજે પણ અવિરતપણે ચાલી રહી છે. પરમાગમોનું ઊંડું રહસ્ય સમજાવીને કૃપાળુ કહાન ગુરુદેવે આપણા સહુ ઉપર કરુણા વરસાવી છે. તત્ત્વજિજ્ઞાસુ જીવો માટે આ એક મહાન આધાર છે અને દિગંબર જૈન સાહિત્યની આ એક અમૂલ્ય સંપત્તિ છે.

દસલક્ષણ પર્યુષણ પર્વ દરમ્યાન ભારતભરમાં અનેક સ્થળોએ પૂજ્ય ગુરુદેવશ્રીએ પ્રરૂપેલા તત્ત્વજ્ઞાનના પ્રચાર માટે પ્રવચનકારો મોકલાય છે. આ પ્રવૃત્તિથી ભારતભરના સમસ્ત દિગંબર સમાજમાં જાગૃતિ આવી છે. આજે પણ દેશ-વિદેશમાં પર્યુષણપર્વમાં સેંકડો પ્રવચનકાર વિદ્વાનો આ વીતરાગી વાણીનો ડંકો વગાડે છે.

બાળકોમાં તત્ત્વજ્ઞાનના સંસ્કારોનું સિંચન થાય તે હેતુથી સોનગઢમાં વિ. સં. ૧૯૯૭

(ઈ. સ.) ૧૯૪૧ના મે માસના વેકેશનથી ૨૦ દિવસના ધાર્મિક શિક્ષણ વર્ગ શરૂ થયા. વડીલો માટેનો પ્રૌઢ શિક્ષણ વર્ગ વિ. સં. ૨૦૦૩ ના શ્રાવણ માસમાં શરૂ કરવામાં આવેલ છે.

સોનગઢમાં વિ.સં. ૧૯૯૭ના ફાગણ સુદ બીજના રોજ નૂતન દિગંબર જિનમંદિરમાં કહાનગુરુના મંગળ હસ્તે શ્રી સીમંધરાદિ ભગવંતોની પંચકલ્યાણક વિધિપૂર્વક પ્રતિષ્ઠા થઈ. તે સમયે સૌરાષ્ટ્રમાં માંડ ચાર-પાંચ દિગંબર જિનમંદિરો હતા અને દિગંબર જૈનો તો ભાગ્યેજ જોવા મળતા હતાં. આવા ક્ષેત્રે ગુરુદેવશ્રીની પાવન પ્રેરણાથી પ્રથમ જિનમંદિર બને છે અને બપોરે પ્રવચન બાદ જિનમંદિરમાં અડધો કલાક ભક્તિ થાય છે, જેમાં જિનવરભક્ત ગુરુરાજ હંમેશા હાજર રહે છે. ઘણીવાર તેઓશ્રી અતિભાવવાહી ભક્તિપાન કરાવતાં. આમ, ગુરુદેવશ્રીનું જીવન નિશ્ચય-વ્યવહારની અપૂર્વ સંધિપૂર્વકનું હતું.

ઈ. સ. ૧૯૪૧ થી ઈ. સ. ૧૯૮૦ દરમ્યાન સૌરાષ્ટ્ર-ગુજરાત ઉપરાંત ભારત દેશના અનેક શહેરોમાં તથા નાઈરોબીમાં કુલ ૬૬ દિગંબર જિનમંદિરોની મંગળ પ્રતિષ્ઠા, આ વીતરાગમાર્ગ પ્રવર્તક સત્પુરુષના પવિત્ર કરકમળ દ્વારા થઈ.

જન્મમરણથી રહિત થવાના સંદેશા નિરંતર સંભળાવનાર આ ચૈતન્યવિહારી પુરુષની મંગળકારી જન્મોત્સવો ઉજવવાની શરૂઆત ૫૯મા વર્ષથી થઈ. ૭૫ મા હિરકજયંતિ પ્રસંગે સમગ્ર ભારતના જૈન સમાજ દ્વારા ચાંદી જડિત એક આઠસો પાનાનો દળદાર 'અભિનંદન ગ્રંથ' આ ભાવિ તીર્થાધિનાથને ભારત સરકારના તત્કાલીન ગૃહમંત્રી શ્રી લાલબહાદુર શાસ્ત્રી દ્વારા મુંબઈમાં દેશભરના હજારો ભક્તોની હાજરીમાં અર્પણ થયો.

શ્રી સમ્મેદશીખરજીની યાત્રા નિમિત્તે ઈ. સ. ૧૯૫૭ તથા ઈ. સ. ૧૯૬૭માં એમ બે વખત સમગ્ર ઉત્તર અને પૂર્વ ભારતમાં મંગળ વિહાર થયો. તે જ રીતે ઈ. સ. ૧૯૫૯ અને ઈ. સ. ૧૯૬૪માં એમ બે વખત દક્ષિણ અને મધ્ય ભારતમાં મંગળ વિહાર થયો. આ મંગળ તીર્થયાત્રાના વિહાર દરમ્યાન લાખો જિજ્ઞાસુ જીવોએ આ સિદ્ધપદના સાધક સંતના દર્શન કર્યા અને તેઓશ્રીની ભવાંતકારી અમૃતમય વાણી સાંભળીને અનેક ભવ્ય જીવોના જીવનની દિશા આત્મ-સન્મુખ થઈ ગઈ. આ સત્પુરુષને અનેક સ્થાનોએથી લગભગ ૮૦ જેટલા અભિનંદન પત્ર અર્પણ થયા.

શ્રી વીરપ્રભુના નિર્વાણ બાદ, આ સળંગ ૪૫ વર્ષનો સમય (વીર સંવત ૨૪૬૧થી ૨૫૦૭ અર્થાત્ ઈ. સ. ૧૯૩૫ થી ૧૯૮૦) વીતરાગમાર્ગની પ્રભાવનાનો સુવર્ણકાળ હતો. જે કોઈ મુમુક્ષુ અધ્યાત્મ તીર્થધામ સુવર્ણપુરી જતા, તેમને તો ત્યાં ચતુર્થ કાળનો જ અનુભવ થતો.

વિ. સં. ૨૦૩૭ના કારતક વદ ૭, (તા. ૨૮-૧૧-૧૯૮૦) શુક્રવારના રોજ, આ પ્રબળ પુરુષાર્થી આત્મજ્ઞ સંતપુરુષદેહાદિનું લક્ષ છોડી પોતાના જ્ઞાયક ભગવાનના અંતરધ્યાનમાં એકાગ્ર થયા, અતીન્દ્રિય આનંદકંદ નિજ પરમાત્મતત્ત્વમાં લીન થયા. સાંજે આકાશનો સૂર્ય અસ્ત થયો, ત્યારે સર્વજ્ઞપદના સાધક સંતે ભરતક્ષેત્રમાંથી સ્વર્ગપુરીમાં પ્રયાણ કર્યું. તેઓશ્રી વીરશાસનને પ્રાણવંતુ કરી અધ્યાત્મયુગનું સર્જન કરતાં ગયાં.

પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી આ યુગના એક મહાન અને અસાધારણ વ્યક્તિ હતાં.

તેમના બહુમુખી વ્યક્તિત્વની સૌથી મોટી વિશેષતા એ છે કે તેમણે સત્યથી ખુબ જ દૂર જન્મ લઈને સ્વયંબુદ્ધની જેમ સત્યનું અનુસંધાન કર્યું અને પોતાના પ્રચંડ પુરુષાર્થથી આત્મસાત પણ કર્યું.

આ વિદેહ દશાવંત મહાપુરુષનું અંતર જેટલું ઉજ્જ્વળ હતું તેટલું બાહ્યજીવન પણ પવિત્ર છે; પવિત્રતા અને પુણ્યનો સહજ યોગ આ કળિકાળમાં ભાગ્યે જ જોવા મળે છે. તેમની અત્યંત નિયમિત દિનચર્યા, સાત્વિક અને પરિમિત આહાર, આગમ સંમત સંભાષણ, કરુણ અને સુકોમળ હૃદય, તેમના વિરલ વ્યક્તિત્વના અભિન્ન અવયવો હતા. શુદ્ધાત્મ તત્ત્વનું નિરંતર ચિંતન અને સ્વાધ્યાય એ જ તેમનું જીવન હતું. જૈન શ્રાવકના પવિત્ર આચાર પ્રત્યે તેઓશ્રી હંમેશા સતર્ક અને સાવધાન હતા. તેઓ જગતની પ્રશંસા કે નિંદાથી અપ્રભાવિત, માત્ર પોતાની સાધનામાં જ તત્પર રહ્યા. ભાવલિંગી મુનિઓના તેઓ પરમ ઉપાસક હતા.

આચાર્ય ભગવંતોએ જે મુક્તિનો માર્ગ પ્રકાશ્યો છે તેને આ અનુભૂતિ વિભૂષિત સંતપુરુષે પોતાના શુદ્ધાત્મતત્ત્વની અનુભૂતિના આધારે, સાતિશય જ્ઞાન અને વાણી દ્વારા, યુક્તિ ને ન્યાયથી સર્વ પ્રકારે સમજાવ્યો છે. દ્રવ્યની સ્વતંત્રતા, દ્રવ્ય-ગુણ-પર્યા, ઉપાદાન-નિમિત્ત, નિશ્ચય-વ્યવહાર, ક્રમબદ્ધપર્યાય, કારણશુદ્ધપર્યાય, આત્માનું શુદ્ધ સ્વરૂપ, સમ્યગ્દર્શન અને તેનો વિષય, સમ્યગ્જ્ઞાન અને જ્ઞાનનું સ્વ-પરપ્રકાશકપણું ઈત્યાદિ સમસ્ત તેઓશ્રીના પરમ પ્રતાપે આ કાળે સત્યરૂપે બહાર આવ્યું છે. આજે દેશ-વિદેશમાં લાખો જીવો મોક્ષના માર્ગને સમજવાનો પ્રયત્ન કરી રહ્યા છે, તે તેઓશ્રીનો જ પરમ પ્રતાપ છે.

સમગ્ર જીવન દરમ્યાન આ ગુણવંતા જ્ઞાનીપુરુષે બહુ જ અલ્પ લખ્યું છે, કેમકે તેઓશ્રીને તો તીર્થંકરની વાણી જેવો યોગ હતો. તેમની અમૃતમય મંગળવાણીનો પ્રભાવ જ એવો હતો કે સાંભળનાર તેનું રસપાન કરતાં થાકતા જ નહિ. દિવ્યભાવશ્રુત જ્ઞાનધારી આ પુરાણપુરુષે પોતે જ પરમાગમના આ સારભૂત સિદ્ધાંતો લખાવ્યા છે :

૧. એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડે નહિ, સ્પર્શે નહિ.

૨. દરેક દ્રવ્યની દરેક પર્યાય ક્રમબદ્ધ જ થાય છે.

૩. ઉત્પાદ, ઉત્પાદથી છે, વ્યયથી કે ધ્રુવથી નથી.

૪. ઉત્પાદ પોતાના ષટ્કારકના પરિણમનથી થાય છે.

૫. પર્યાયના અને ધ્રુવના પ્રદેશ ભિન્ન છે.

૬. ભાવશક્તિના કારણે પર્યાય હોય જ છે, કરવી પડતી નથી.

૭. ભૂતાર્થના આશ્રયે સમ્યગ્દર્શન થાય છે.

૮. ચારે અનુયોગનું તાત્પર્ય વીતરાગતા છે.

૯. સ્વદ્રવ્યમાં પણ દ્રવ્ય-ગુણ-પર્યાય ભેદ પાડવા તે અન્યવશપણું છે.

૧૦. ધ્રુવનું આલંબન, પણ વેદન નહિ, અને પર્યાયનું વેદન, પણ આલંબન નહિ.

આ અધ્યાત્મયુગ સર્જક મહાપુરુષે પ્રકાશેલ સ્વાનુભૂતિનો પાવન પંથ જગતમાં સદા જયવંત વર્તો !

તીર્થંકર શ્રી મહાવીર ભગવાનની દિવ્યધ્વનિનું રહસ્ય સમજાવનાર શાસન સ્તંભ શ્રી કહાન ગુરુદેવ ત્રિકાળ જયવંત વર્તો !

સત્પુરુષનો પ્રભાવના ઉદય જયવંત વર્તો !

# શ્રી સમયસારજી સ્તુતિ

(હરિગીત)

સંસારી જીવનાં ભાવમરણો ટાળવા કરુણા કરી,
સરિતા વહાવી સુધા તણી પ્રભુ વીર! તેં સંજીવની;
શોષાતી દેખી સરિતને કરુણાભીના હૃદયે કરી,
મુનિકુંદ સંજીવની સમયપ્રાભૃત તણે ભાજન ભરી.

(અનુષ્ટુપ)

કુંદકુંદ રચ્યું શાસ્ત્ર, સાથિયા અમૃતે પૂર્યા,
ગ્રંથાધિરાજ! તારામાં ભાવો બ્રહ્માંડના ભર્યા.

(શિખરણી)

અહો! વાણી તારી પ્રશમરસ-ભાવે નીતરતી,
મુમુક્ષુને પાતી અમૃતરસ અંજલિ ભરી ભરી;
અનાદિની મૂર્છા વિષ તણી ત્વરાથી ઊતરતી,
વિભાવેથી થંભી સ્વરૂપ ભણી દોડે પરિણતિ.

(શાર્દૂલવિક્રીડિત)

તું છે નિશ્ચયગ્રંથ ભંગ સઘળા વ્યવહારના ભેદવા;
તું પ્રજ્ઞાછીણી જ્ઞાન ને ઉદયની સંધિ સહુ છેદવા;
સાથી સાધકનો, તું ભાનુ જગનો, સંદેશ મહાવીરનો,
વિસામો ભવક્લાંતના હૃદયનો, તું પંથ મુક્તિ તણો.

(વસંતતિલકા)

સૂણ્યે તને રસનિબંધ શિથિલ થાય,
જાણ્યે તને હૃદય જ્ઞાની તણાં જણાય;
તું રુચતાં જગતની રુચિ આળસે સૌ,
તું રીઝતાં સકલજ્ઞાયકદેવ રીઝે.

(અનુષ્ટુપ)

બનાવું પત્ર કુંદનનાં, રત્નોના અક્ષરો લખી;
તથાપિ કુંદસૂત્રોનાં અંકાયે મૂલ્ય ના કદી.

# શ્રી સદ્ગુરુદેવ સ્તુતિ

(હરિગીત)

સંસારસાગર તારવા જિનવાણી છે નૌકા ભલી,
જ્ઞાની સુકાની મળ્યા વિના એ નાવ પણ તારે નહીં;
આ કાળમાં શુદ્ધાત્મજ્ઞાની સુકાની બહુ બહુ દોહ્યલો,
મુજ પુણ્યરાશિ ફળ્યો અહો! ગુરુ કહાન તું નાવિક મળ્યો.

(અનુષ્ટુપ)

અહો! ભક્ત ચિદાત્માના, સીમંધર-વીર-કુંદના!
બાહ્યાંતર વિભવો તારા, તારે નાવ મુમુક્ષુનાં.

(શિખરિણી)

સદા દૃષ્ટિ તારી વિમળ નિજ ચૈતન્ય નીરખે,
અને જ્ઞપ્તિમાંહી દરવ-ગુણ-પર્યાય વિલસે;
નિજાલંબીભાવે પરિણતિ સ્વરૂપે જઈ ભળે,
નિમિત્તો વહેવારો ચિદ્ઘન વિષે કાંઈ ન મળે.

(શાર્દૂલવિક્રીડિત)

હૈયું 'સત સત, જ્ઞાન જ્ઞાન' ધબકે ને વજ્રવાણી છૂટે,
જે વજ્રે સુમુમુક્ષુ સત્ત્વ ઝળકે; પરદ્રવ્ય નાતો તૂટે;
- રાગદ્વેષ રુચે ન, જંપ ન વળે ભાવેંદ્રિમાં - અંશમાં,
ટંકોત્કીર્ણ અકંપ જ્ઞાન મહિમા હૃદયે રહે સર્વદા.

(વસંતતિલકા)

નિત્યે સુધાઝરણ ચંદ્ર! તને નમું હું,
કરુણા અકારણ સમુદ્ર! તને નમું હું;
હે જ્ઞાનપોષક સુમેઘ! તને નમું હું,
આ દાસના જીવનશિલ્પી! તને નમું હું.

(સ્રગ્ધરા)

ઊંડી ઊંડી, ઊંડેથી સુખનિધિ સતના વાયુ નિત્યે વહંતી,
વાણી ચિન્મૂર્તિ! તારી ઉર- અનુભવના સૂક્ષ્મ ભાવે ભરેલી;
ભાવો ઊંડા વિચારી, અભિનવ મહિમા ચિત્તમાં લાવી લાવી,
ખોયેલું રત્ન પામું, - મનરથ મનનો; પૂરજો શક્તિશાળી!

# અનુક્રમણિકા


| પ્રવચન નં. | તારીખ | ગાથા | પૃષ્ઠ સંખ્યા |
|---|---|---|---|
| ૧ | ૦૯-૦૬-૧૯૭૦ | ૧-૨ | ૦૦૩ |
| ૨ | ૧૦-૦૬-૧૯૭૦ | ૨ | ૦૨૬ |
| ૩ | ૧૧-૦૬-૧૯૭૦ | ૨ | ૦૩૬ |
| ૪ | ૧૨-૦૬-૧૯૭૦ | ૨ | ૦૪૭ |
| ૫ | ૧૩-૦૬-૧૯૭૦ | ૨ | ૦૬૧ |
| ૬ | ૧૪-૦૬-૧૯૭૦ | ૨ | ૦૭૪ |
| ૭ | ૧૫-૦૬-૧૯૭૦ | ૨ | ૦૮૬ |
| ૮ | ૧૬-૦૬-૧૯૭૦ | ૨-૩ | ૦૯૭ |
| ૯ | ૧૭-૦૬-૧૯૭૦ | ૩-૪ | ૧૧૧ |
| ૧૦ | ૧૮-૦૬-૧૯૭૦ | ૫થી૭ | ૧૨૪ |
| ૧૧A | ૦૩-૧૦-૧૯૭૩ | ૮ | ૧૩૯ |
| ૧૧B | ૦૫-૧૦-૧૯૭૩ | ૯થી૧૧ | ૧૫૨ |
| ૧૨ | ૨૦-૦૬-૧૯૭૦ | ૧૧થી૧૩ | ૧૬૫ |
| ૧૩ | ૨૧-૦૬-૧૯૭૦ | ૧૩થી૧૫ | ૧૭૭ |
| ૧૪ | ૨૨-૦૬-૧૯૭૦ | ૧૬થી૧૮ | ૧૯૨ |
| ૧૫ | ૨૩-૦૬-૧૯૭૦ | ૧૮થી૨૦ | ૨૦૫ |
| ૧૬ | ૨૪-૦૬-૧૯૭૦ | ૨૧થી૨૩ | ૨૨૧ |
| ૧૭ | ૨૫-૦૬-૧૯૭૦ | ૨૪થી૨૬ | ૨૩૫ |
| ૧૮ | ૨૬-૦૬-૧૯૭૦ | ૨૬થી૨૮ | ૨૫૦ |
| ૧૯ | ૨૭-૦૬-૧૯૭૦ | ૨૯થી૩૧ | ૨૬૭ |
| ૨૦ | ૨૮-૦૬-૧૯૭૦ | ૩૨થી૩૪ | ૨૮૧ |
| ૨૧ | ૨૯-૦૬-૧૯૭૦ | ૩૫-૩૬ | ૨૯૫ |

ॐ

શ્રી પરમાત્મને નમઃ

શ્રીમદ્ ભગવત્કુંદકુંદાચાર્યદેવ પ્રણીત શ્રી અષ્ટપાહુડ

# અષ્ટપાહુડ પ્રવચન

(અધ્યાત્મયુગપુરુષ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના
શ્રી 'અષ્ટપાહુડ' ઉપર પ્રવચન)

(ભાગ-૧)

भाषा – वचनिका

(श्री पं. जयचन्द्रजी छावड़ा)

## अथ दर्शनपाहुड

–१–

(दोहा)

श्रीमत वीरजिनेश रवि मिथ्यातम हरतार ।
विघनहरन मंगलकरन बंदूं वृषकरतार ।।१।।

वानी बंदूं हितकरी जिनमुख–नभतैं गाजि ।
गणधरगणश्रुतभू–झरी–बूंद–वर्णपद साजि ।।२।।

गुरु गौतम बंदूं सुविधि संयमतपधर और ।
जिनितैं पंचमकालमैं बरत्यो जिनमत दौर ।।३।।

कुन्दकुन्दमुनिकूं नमूं कुमतध्वांतहर भान ।
पाहुड ग्रन्थ रचे जिनहिं प्राकृत वचन महान ।।४।।

तिनिमैं कई प्रसिद्ध लखि करूं सुगम सुविचार ।
देशवचनिकामय लिखूं भव्य–जीविहतधार ।।५।।

–इसप्रकार मंगलपूर्वक प्रतिज्ञा करके श्री कुन्दकुन्द आचार्यकृत प्राकृतगाथाबद्ध पाहुड ग्रन्थोंमेंसे कुछकी देशभाषामय वचनिका लिखते हैं :–

वहाँ प्रयोजन ऐसा है कि – इस हुण्डावसर्पिणी कालमें मोक्षमार्गकी अन्यथा प्ररूपणा करनेवाले

अनेक मत प्रवर्तमान हैं। उसमें भी इस पंचमकालमें केवली–श्रुतकेवलीका व्युच्छेद होनेसे जिनमतमें भी जड़ वक्र जीवोंके निमित्तसे परम्परा मार्गका उल्लंघन करके श्वेताम्बर आदि बुद्धिकल्पित मत हुए हैं। उनका निराकरण करके यथार्थ स्वरूपकी स्थापनाके हेतु दिगम्बर आम्नाय मूलसंघमें आचार्य हुए और उन्होंने सर्वज्ञकी परम्पराके अव्युच्छेदरूप प्ररूपणाके अनेक ग्रन्थोंकी रचना की है; उनमें दिगम्बर सम्प्रदाय मूलसंघ नन्दिआम्नाय सरस्वतीगच्छमें श्री कुन्दकुन्द मुनि हुए और उन्होंने पाहुडग्रन्थोंकी रचना की। उन्हें संस्कृत भाषामें प्राभृत कहते हैं और वे प्राकृत गाथाबद्ध हैं। काल दोषसे जीवोंकी बुद्धि मन्द होती है जिससे वे अर्थ नहीं समझ सकते; इसलिये देशभाषामय वचनिका होगी तो सब पढेंगे और अर्थ समझेंगे तथा श्रद्धान दृढ़ होगा–ऐसा प्रयोजन विचार कर वचनिका लिख रहे हैं अन्य कोई ख्याति, बड़ाई या लाभका प्रयोजन नहीं है। इसलिये हे भव्य जीवो! उसे पढ़कर, अर्थ समझकर, चित्तमें धारण करके यथार्थ मतके बाह्यलिंग एवं तत्त्वार्थका श्रद्धान दृढ़ करना। इसमें कुछ बुद्धिकी मंदतासे तथा प्रमादके वश अन्यथा अर्थ लिख दूँ तो अधिक बुद्धिमान मूलग्रन्थको देखकर, शुद्ध करके पढ़ें और मुझे अल्पबुद्धि जानकर क्षमा करें।

अब यहाँ प्रथम दर्शनपाहुडकी वचनिका लिखते हैं :–

## ગાથા-૧

(दोहा)

बंदूं श्री अरिहंतकूं मन वच तन इकतान।
मिथ्याभाव निवारिकैं करैं सु दर्शन ज्ञान।।

अब ग्रन्थकर्ता श्री कुन्दकुन्दाचार्य ग्रन्थ के आदि में ग्रन्थकी उत्पत्ति और उसके ज्ञानका कारण जो परम्परा गुरुका प्रवाह उसे मंगलके हेतु नमस्कार करते है :-

**काऊण णमुक्कारं जिणवरवसहस्स वड्ढमाणस्स।**
**दंसणमग्गं वोच्छामि जहाकम्मं समासेण।।१।।**

कृत्वा नमस्कारं जिनवरवृषभस्य वर्द्धमानस्य।
दर्शनमार्गं वक्ष्यामि यथाक्रमं समासेन।।१।।

પ્રારંભમાં કરીને નમન જિનવરવૃષભ મહાવીરને;
સંક્ષેપથી હું યથાક્રમે ભાખીશ દર્શનમાર્ગને. ૧.

इसका देशभाषामय अर्थ :- आचार्य कहते हैं कि मैं जिनवर वृषभ ऐसे जो आदि तीर्थंकर श्री ऋषभदेव तथा अंतिम तीर्थंकर वर्द्धमान, उन्हें नमस्कार करके दर्शन अर्थात् मतका जो मार्ग है उसे यथानुक्रम संक्षेपमें कहूँगा।

**भावार्थ :- यहाँ 'जिनवर वृषभ' विशेषण है; उसमें जो जिन शब्द है उसका अर्थ ऐसा है कि - जो कर्मशत्रुको जीते सो जिन। वहाँ सम्यग्दृष्टि अव्रतीसे लेकर कर्मकी गुणश्रेणीरूप निर्जरा करनेवाले सभी जिन हैं उनमें वर अर्थात् श्रेष्ठ। इसप्रकार गणधर आदि मुनियोंको जिनवर कहा जाता है; उनमें वृषभ अर्थात् प्रधान ऐसे भगवान तीर्थंकर परमदेव हैं। उनमें प्रथम तो श्री ऋषभदेव हुए और इस पंचमकालके प्रारंभ तथा चतुर्थकालके अंतमें अन्तिम तीर्थंकर श्री वर्द्धमानस्वामी हुए हैं। वे समस्त तीर्थंकर जिनवर वृषभ हुए हैं उन्हें नमस्कार हुआ। वहाँ 'वर्द्धमान' ऐसा विशेषण सभीके लिये जानना; क्योंकि सभी अंतरंग एवं बाह्य लक्ष्मी से वर्द्धमान है। अथवा जिनवर वृषभ शब्दसे तो आदि तीर्थंकर श्री ऋषभदेवको और वर्द्धमान शब्दसे अन्तिम तीर्थंकरको जानना। इस प्रकार आदि और अंतके तीर्थंकरोंको नमस्कार करनेसे मध्यके तीर्थंकरोंको भी सामर्थ्यसे नमस्कार जानना। तीर्थंकर सर्वज्ञ वीतरागको तो परमगुरु कहते हैं और उनकी परिपाटीमें चले आ रहे गौतमादि मुनियोंको जिनवर विशेषण दिया, उन्हें अपर गुरु कहते हैं; - इसप्रकार परापर गुरुओंका प्रवाह जानना। वे शास्त्रकी उत्पत्ति तथा ज्ञानके कारण हैं। उन्हें ग्रन्थ के आदिमें नमस्कार किया।।१।।**

## પ્રવચન નં. ૧ ગાથા-૧, ૨ મંગળવાર, જયેષ્ઠ સુદ ૫, તા. ૦૯-૦૬-૧૯૭૦

ભગવાનના માર્ગમાં વિચ્છેદ ન થાય એવા અનેક ગ્રંથો આચાર્યોએ કર્યા. **'ઉનમેં દિગમ્બર સમ્પ્રદાય મૂલસંઘ નન્દિ આમ્નાય સરસ્વતીગચ્છમેં શ્રી કુન્દકુન્દ મુનિ હુએ ઔર ઉન્હોંને પાહુડગ્રન્થોં કી રચના કી. ઉન્હેં સંસ્કૃત ભાષા મેં પ્રાભૃત કહતે હૈં ઔર વે પ્રાકૃત ગાથાબદ્ધ હૈં.'** ગાથા પ્રાકૃત છે. **'કાલ દોષસે જીવોંકી બુદ્ધિ મન્દ હોતી હૈ...'** કાળદોષને કારણે જીવની બુદ્ધિ થોડી છે **'જિસસે વે અર્થ નહીં સમજ સકતે;...'** એથી એનો અર્થ સમજમાં આવતો નથી. **'ઇસલિયે દેશભાષામય વચનિકા હોગી તો સબ પઢેંગે...'** ચાલતી ભાષામાં હોય તો બધા વાંચે. **'ઔર અર્થ સમજેંગે તથા શ્રદ્ધાન દૃઢ હોગા–'** સાચું સમજે તો દૃઢ શ્રદ્ધા થાય. **'ઐસા પ્રયોજન વિચાર કર વચનિકા લિખ રહે હૈં,...'** એ પ્રયોજન વિચારીને વચનિકા લખાય છે. **'અન્ય કોઈ ખ્યાતિ, પ્રસિદ્ધિ-બડાઈ યા લાભકા પ્રયોજન નહીં હૈ.'** એમ વચનીકાકાર કહે છે.

**'ઇસલિયે હે ભવ્ય જીવો! ઇસે પઢકર,...'** અર્થ સમજી **'અર્થ સમજકર, ચિત્તમેં ધારણ કરકે યથાર્થ મતકે બાહ્યલિંગ...'** બે વાત ઉપર વજન છે. વીતરાગમાર્ગનું મુનિનું બાહ્ય લિંગ નગ્ન હોય છે અને તત્ત્વાર્થની શ્રદ્ધા દૃઢ કરવી. **'એવં તત્ત્વાર્થકા શ્રદ્ધાન દૃઢ કરના. ઇસમેં કુછ બુદ્ધિ કી મંદતાસે...'** બુદ્ધિની મંદતાથી **'પ્રમાદકે વશ અન્યથા અર્થ લિખ દૂં...'** અન્યથા કોઈ (બીજો અર્થ) લખાય જાય **'તો અધિક બુદ્ધિમાન મૂલગ્રન્થકો દેખકર, શુદ્ધ કરકે પઢેં ઔર મુઝે અલ્પબુદ્ધિ જાનકર**

**ક્ષમા કરેં.**' લ્યો. આ હિન્દી ભાષા બહુ સહેલી છે.

હવે દોહા.

**बंदूं श्री अरिहंतकूं मन वच तन इकतान।**
**मिथ्याभाव निवारिकैं करैं सु दर्शन ज्ञान।।**

શ્રી અરિહંત ભગવાનને મન, વચન અને તનની એકતાથી વંદન કરું છું. મિથ્યાભાવ નિવારીને (એટલે) અજ્ઞાન આદિ મિથ્યાત્વનો નાશ કરીને '**करैं सु दर्शन ज्ञान।**' સમ્યગ્દર્શન અને સમ્યક્જ્ઞાન કરે એ માટે આ વચનીકા હું લખું છું.

'**અબ ગ્રન્થકર્તા શ્રી કુંદાકુંદાચાર્ય ગ્રંથકે આદિ મેં ગ્રન્થકી ઉત્પત્તિ...**' ગ્રંથની ઉત્પત્તિ કેમ થઈ? '**ઉસકે જ્ઞાનકા કારણ જો પરમ્પરા ગુરુકા પ્રવાહ ઉસે મંગલકે હેતુ નમસ્કાર કરતે હૈં :-**' લ્યો. હવે કુંદકુંદાચાર્ય પોતે નમસ્કાર કરે છે.

**काऊण णमुक्कारं जिणवरवसहस्स वड्ढमाणस्स।**
**दंसणमग्गं वोच्छामि जहाकम्मं समासेण।।१।।**

આ પહેલી ગાથા છે.

'**ઇસકા દેશભાષામય અર્થ :- આચાર્ય કહતે હૈં કિ મૈં જિનવર વૃષભ ઐસે જો આદિ તીર્થંકર શ્રી ઋષભદેવ તથા અંતિમ તીર્થંકર વર્દ્ધમાન, ઉન્હેં નમસ્કાર કરકે...**' પહેલા અને છેલ્લા બન્ને આવી ગયા. 'ઋષભદેવ' ભગવાન અને 'વર્ધમાન'. તીર્થંકર. '**દર્શન અર્થાત્ મતકા જો માર્ગ હૈ ઉસે યથાનુક્રમ સંક્ષેપમેં કહૂઁગા.**' મત એટલે દર્શન. દર્શન એને કહેવાય કે મુનિનું બાહ્ય નગ્નપણું અને અંતરમાં વીતરાગી દશા એને અહીંયાં મત અને દર્શન કહેવામાં આવ્યું છે. '**યથાનુક્રમ સંક્ષેપમેં કહૂઁગા.**'

'**ભાવાર્થ :- યહાં 'જિનવર ઋષભ' વિશેષણ હૈ;...**' એનો એવો અર્થ છે '**જિન શબ્દ હૈ ઉસકા અર્થ ઐસા હૈ કિ - જો કર્મશત્રુકો જીતે સો જિન.**' કર્મશત્રુને જીતે તે જિન. '**વહાં સમ્યગ્દષ્ટિ અવ્રતીસે લેકર કર્મ કી ગુણશ્રેણીરૂપ નિર્જરા કરનેવાલે સભી જિન હૈ...**' લ્યો. સમ્યગ્દષ્ટિથી માંડીને ગુણશ્રેણીરૂપ નિર્જરા કરનારા બધા ચોથા ગુણસ્થાનવાળાને પણ જિન કહેવામાં આવે છે. લ્યો. સમ્યગ્દષ્ટિની કોઈ ગણતરી નથી. ચારિત્ર હોય તો ..? કહે છે ને? અહીં તો કહે સમ્યગ્દષ્ટિથી જિન કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- ચારિત્ર અંશે...

ઉત્તર :- એ જુદી વાત છે. પણ મિથ્યાત્વની અપેક્ષાએ સમ્યગ્દર્શન સર્વોત્કૃષ્ટ વસ્તુ છે. વંદન કરનાર લાયક છે. આવે છે કે નહિ? ... 'છ ઢાળા'માં આવે છે કે નહિ? 'લેશ ન સંયમ પણ સુરનાથ જજે હૈ.' આવે છે? જજે હૈ ઇન્દ્રો જેને પૂજે છે. અહીં તો ચારિત્રની ... વીતરાગી નિર્ગ્રંથ દશા એ તો અલૌકિક વાત છે. સમજાય છે કાંઈ? એને હિસાબે સમ્યગ્દષ્ટિ તો હલકા છે. પણ અહીં તો

સમ્યગ્દર્શનની ભૂમિકા, અનંતકાળથી નહિ પ્રગટેલું એવું સ્વરૂપનું ભાન, અનુભવ એ અલૌકિક ચીજ છે. માર્ગ જ્યાંથી શરૂ થાય ત્યાંથી જિન કહેવામાં આવ્યા છે.

**'સમ્યગ્દષ્ટિ અવ્રતીસે લેકર કર્મ કી ગુણશ્રેણીરૂપ નિર્જરા કરનેવાલે સભી જિન હૈ ઉનમેં વર અર્થાત્ શ્રેષ્ઠ. ઇસ પ્રકાર...'** જિનવર નામ ગણધર. જિનમાં પણ વર નામ પ્રધાન ગણધર **'આદિ મુનિયોંકો જિનવર કહા જાતા હૈ;...'** લ્યો. ગણધરને જિનવર કહ્યા. **'ઉનમેં વૃષભ અર્થાત્ પ્રધાન ઐસે ભગવાન તીર્થંકર પરમદેવ હૈં.'** ત્રણ બોલ લીધા. 'દ્રવ્યસંગ્રહ'માં શરૂઆતમાં આવે છે ને? 'દ્રવ્યસંગ્રહ'માં આવે છે. **'ઉનમેં પ્રથમ તો શ્રી ઋષભદેવ હુએ ઔર ઇસ પંચમકાલકે પ્રારંભ તથા ચતુર્થકાલકે અંતમેં અન્તિમ તીર્થંકર શ્રી વર્દ્ધમાનસ્વામી હુએ હૈં. વે સમસ્ત તીર્થંકર જિનવર વૃષભ હુએ હૈં...'** લ્યો. બીજો અર્થ કહ્યો. જિનવર એ તો સર્વ તીર્થંકરને જિનવર વૃષભ કહેવામાં આવે છે. **'ઉન્હેં નમસ્કાર હુઆ. વહાં 'વર્દ્ધમાન' ઐસા વિશેષણ સભીકે લિયે જાનના;...'** ઋષભદેવ .. આત્મા એ બધા વર્ધમાન ભગવાન બધા ઋષભદેવ કહેવાય.

**'ક્યોંકિ સભી અંતરંગ એવં બાહ્ય લક્ષ્મીસે વર્દ્ધમાન હૈ.'** સર્વ તીર્થંકરો અંતર લક્ષ્મી કેવળજ્ઞાનાદિ, બાહ્ય લક્ષ્મી સમવસરણ આદિ. (એનાથી) વર્ધમાન છે. **'અથવા જિનવર વૃષભ શબ્દસે તો આદિ તીર્થંકર શ્રી ઋષભદેવકો ઔર વર્ધમાન શબ્દસે અન્તિમ તીર્થંકરકો જાનના. ઇસ પ્રકાર આદિ ઔર અંતકે તીર્થંકરોકો નમસ્કાર કરને સે મધ્યકે તીર્થંકરોકો ભી સામર્થ્યસે નમસ્કાર જાનના.'** મધ્યમાં બધા બાવીસ તીર્થંકરને પણ નમસ્કાર થઈ ગયા. **'તીર્થંકર સર્વજ્ઞ વીતરાગકો તો પરમગુરુ કહતે હૈં ઔર ઉનકી પરિપાટીમેં ચલે આ રહે ગૌતમાદિ મુનિયોંકો જિનવર ઋષભ વિશેષણ દિયા ઉન્હેં અપર ગુરુ કહતે હૈં;...'** પર અને અપર ગુરુ આવે છે ક્યાંય? એય..! પર-અપર ગુરુ આવે છે કે નહિ ક્યાંય? 'સમયસાર'ની પાંચમી ગાથા. યાદ ન રહે ને પણ.

**'ઇસપ્રકાર પરાપર ગુરુઓંકા પ્રવાહ જાનના.'** પર સર્વજ્ઞથી માંડીને અપર જે ગૌતમ આદિ મુનિ પોતાના ગણધર ગુરુ થઈ ગયા. **'ગુરુઓંકા પ્રવાહ...'** અનાદિ માર્ગ ચાલ્યો આવે છે, કહે છે. **'વે શાસ્ત્રકી ઉત્પત્તિ...'** એનાથી શાસ્ત્રની ઉત્પત્તિ થાય છે. **'તથા જ્ઞાનકે કારણ હૈં.'** આ ત્રણને **'ગ્રન્થકે આદિમેં નમસ્કાર કિયા.'** લ્યો. શાસ્ત્રની ઉત્પત્તિના કારણ છે અને જ્ઞાનનું કારણ છે. શાસ્ત્રની ઉત્પત્તિ પણ મુનિઓથી થઈ છે અને જ્ઞાનનું પણ કારણ છે. આ કારણે તેને નમસ્કાર કરવામાં આવે છે.

अब, धर्मका मूल दर्शन है, इसलिये जो दर्शनसे रहित हो उसकी वंदना नहीं करना चाहिये - ऐसा कहते हैं :-

## ગાથા-૨

**दंसणमूलो धम्मो उवइट्ठो जिणवरेहिं सिस्साणं।**
**तं सोऊण सकण्णे दंसणहीणो ण वंदिब्बो।।२।।**

दर्शनमूलो धर्मः उपदिष्टः जिनवरैः शिष्याणाम्।
तं श्रुत्वा स्वकर्णे दर्शनहीनो न वन्दितव्यः।।२।।

રે ! ધર્મ દર્શનમૂલ ઉપદેશ્યો જિનોએ શિષ્યને,
તે ધર્મ નિજ કર્ણે સુણી દર્શનરહિત નહિ વંદ્ય છે. ૨.

अर्थ :- जिनवर जो सर्वज्ञदेव हैं उन्होंने शिष्य जो गणधर आदिकको धर्मका उपदेश दिया है; कैसा उपदेश दिया है ? - कि दर्शन जिसका मूल है। मूल कहाँ होता है कि -जैसे मन्दिर के नींव और वृक्षके जड़ होती है उसी प्रकार धर्मका मूल दर्शन है। इसलिये आचार्य उपदेश देते हैं कि - हे सकर्ण अर्थात् सत्पुरुषो ! सर्वज्ञके कहे हुए उस दर्शनमूलरूप धर्मको अपने कानोंसे सुनकर जो दर्शनसे रहित हैं वे वंदन योग्य नहीं है; इसलिये दर्शनहीनकी वंदना मत करो। जिसके दर्शन नहीं है उसके धर्म भी नहीं है; क्योंकि मूल रहित वृक्षके स्कंध, शाखा, पुष्प, फलादिक कहाँसे होंगे ? इसलिये यह उपदेश है कि - जिसके धर्म नहीं है उससे धर्म की प्राप्ति नहीं हो सकती, फिर धर्मके निमित्त उसकी वंदना किसलिये करें ? ऐसा जानना।

अब, यहाँ धर्मका तथा दर्शनका स्वरूप जानना चाहिये। वह स्वरूप तो संक्षेपमें ग्रन्थाकार ही आगे कहेंगे, तथापि कुछ अन्य ग्रंथोके अनुसार यहाँ भी दे रहे हैं :- 'धर्म' शब्दका अर्थ यह है कि - जो आत्माको संसारसे उबारकर सुखस्थानमें स्थापित करे सो धर्म है। और दर्शन अर्थात् देखना। इसप्रकार धर्मकी मूर्ति दिखाई दे वह दर्शन है तथा प्रसिद्धि में जिसमें धर्मका ग्रहण हो ऐसे मत को 'दर्शन' कहा है। लोकमें धर्मकी तथा दर्शनकी मान्यता सामान्यरूपसे तो सबके है, परन्तु सर्वज्ञके बिना यथार्थ स्वरूपका जानना नहीं हो सकता; परन्तु छद्मस्थ प्राणी अपनी बुद्धिसे अनेक स्वरूपोंकी कल्पना करके अन्यथा स्वरूप स्थापित करके उनकी प्रवृत्ति करते हैं। और जिनमत सर्वज्ञकी परम्परा से प्रवर्तमान है इसलिये इसमें यथार्थ स्वरूपका प्ररूपण है।

वहाँ धर्मको निश्चय और व्यवहार - ऐसे दो प्रकारसे साधा है। उसकी प्ररूपणा चार प्रकारसे है - प्रथम वस्तुस्वभाव, दूसरे उत्तम क्षमादिक दस प्रकार, तीसरे सम्यग्दर्शन-

ज्ञान-चारित्ररूप और चौथे जीवों की रक्षारूप ऐसे चार प्रकार हैं। वहाँ निश्चयसे सिद्ध किया जाय तब तो सबमें एक ही प्रकार है, इसलिये वस्तुस्वभावका तात्पर्य तो जीव नामक वस्तुकी परमार्थरूप दर्शन-ज्ञान-परिणाममयी चेतना है, और वह चेतना सर्व विकारोंसे रहित शुद्ध-स्वभावरूप परिणमित हो वही जीवका धर्म है। तथा उत्तमक्षमादिक दस प्रकार कहनेका तात्पर्य यह है कि आत्मा क्रोधादि कषायरूप न होकर अपने स्वभाव में स्थिर हो वही धर्म है, यह भी शुद्ध चेतनारूप ही हुआ।

दर्शन-ज्ञान-चारित्र कहने का तात्पर्य यह है कि तीनों एक ज्ञानचेतनाके ही परिणाम हैं, वही ज्ञानस्वभावरूप धर्म है। और जीवोंकी रक्षाका तात्पर्य यह है कि - जीव क्रोधादि कषायोंके वश होकर अपनी या परकी पर्याय के विनाशरूप मरण तथा दुःख संक्लेश परिणाम न करे - ऐसा अपना स्वभाव ही धर्म है। इस प्रकार शुद्ध द्रव्यार्थिकरूप निश्चयसे साधा हुआ धर्म एक ही प्रकार है।

व्यवहारनय पर्यायाश्रित है इसलिये भेदरूप है, व्यवहारनयसे विचार करें तो जीवके पर्यायरूप परिणाम अनेक प्रकार हैं, इसलिये धर्मका भी अनेक प्रकारसे वर्णन किया है। वहाँ (१)- प्रयोजनवश एकदेशका सर्वदेशसे कथन किया जाये सो व्यवहार है, (२)- अन्य वस्तुमें अन्यका आरोपण अन्यके निमित्तसे और प्रयोजनवश किया जाये वह भी व्यवहार है, वहाँ वस्तुस्वभाव कहनेका तात्पर्य तो निर्विकार चेतनाके शुद्धपरिणामके साधकरूप (३) - मंदकषायरूप शुभ-परिणाम हैं तथा जौ बाह्यक्रियाएँ हैं उन सभीको व्यवहारधर्म कहा जाता है। उसीप्रकार रत्नत्रयका तात्पर्य स्वरूपके भेद दर्शन-ज्ञान-चारित्र तथा उनके कारण बाह्य क्रियादिक हैं, उन सभीको व्यवहार धर्म कहा जाता है। उसीप्रकार-(४) जीवोंकी दया कहनेका तात्पर्य यह है कि - क्रोधादि मंदकषाय होनेसे अपने या परके मरण, दुःख, क्लेश आदि न करना; [1]उसके साधक समस्त बाह्यक्रियादिको धर्म कहा जाता है। इस प्रकार जिनमतमें निश्चय-व्यवहारनयसे साधा हुआ धर्म कहा है।

वहाँ एकस्वरूप अनेकस्वरूप कहनेमें स्याद्वादसे विरोध नहीं आता, कथञ्चित् विवक्षासे सब प्रमाणसिद्ध है। ऐसे धर्मका मूल दर्शन कहा है, इसलिये ऐसे धर्मकी श्रद्धा, प्रतीति, रुचिसहित आचरण करना ही दर्शन है, यह धर्मकी मूर्ति है, इसीको मत [दर्शन] कहते हैं और यही धर्मका मूल है। तथा ऐसे धर्मकी प्रथम श्रद्धा, प्रतीति, रुचि न हो तो धर्मका आचरण भी नहीं होता, - जैसे वृक्षके मूल बिना स्कंधादिक नहीं होते। इस प्रकार दर्शनको धर्मका मूल कहना युक्त है। ऐसे दर्शनका सिद्धान्तोंमें जैसा वर्णन है तदनुसार कुछ लिखते हैं।

---

१. साधकरूप-सहचर हेतुरूप निमित्तमात्र; अंतरंग कार्य हो तो बाह्यमें इस प्रकारको निमित्तकारण कहा जाता है।

वहाँ अंतरंग सम्यग्दर्शन तो जीवका भाव है वह निश्चय द्वारा उपाधिरहित शुद्ध जीवका साक्षात् अनुभव होना ऐसा एक प्रकार है। वह ऐसा अनुभव अनादिकालसे मिथ्यादर्शन नामक कर्मके उदयसे अन्यथा हो रहा है। सादि मिथ्यादृष्टिके उस मिथ्यात्वकी तीन प्रकृतियाँ सत्ता में होती हैं- मिथ्यात्व, सम्यग्मिथ्यात्व और सम्यक्प्रकृति। तथा उनकी सहकारिणी अनंतानुबन्धी क्रोध, मान, माया, लोभ के भेदसे चार कषाय नामक प्रकृतियाँ हैं। इस प्रकार यह सात प्रकृतियाँ ही सम्यग्दर्शनका घात करनेवाली है; इसलिये इन सातोंका उपशम होनेसे पहले तो इस जीवके उपशमसम्यक्त्व होता है। इन प्रकृतियोंका उपशम होनेका बाह्य कारण सामान्यतः द्रव्य, क्षेत्र, काल, भाव हैं, उनमें द्रव्यमें तो साक्षात् तीर्थंकरके देखनादि प्रधान हैं, क्षेत्रमें समवसरणादिक प्रधान हैं, कालमें अर्द्धपुद्गलपरावर्तन संसारभ्रमण शेष रहे वह तथा भावमें अधःप्रवृत्तकरण आदिक हैं।

(सम्यक्त्वके बाह्य कारण) विशेषरूपसे तो अनेक हैं। उनमेंसे कुछके तो अरिहंत बिम्बका देखना, कुछके जिनेन्द्रके कल्याणक आदिकी महिमा देखना, कुछके जातिस्मरण, कुछके वेदना का अनुभव, कुछके धर्म-श्रवण तथा कुछके देवोंकी ऋद्धिका देखना- इत्यादि बाह्य कारणों द्वारा मिथ्यात्वकर्मका उपशम होनेसे उपशमसम्यक्त्व होता है। तथा इन सात प्रकृतियोंमेंसे छहका तो उपशम या क्षय हो और एक सम्यक्त्व प्रकृतिका उदय हो तब क्षयोपशम सम्यक्त्व होता है। इस प्रकृतिके उदयसे किंचित् अतिचार-मल लगता है। तथा इन सात प्रकृतियोंका सत्तामेंसे नाश हो तब क्षायिक सम्यक्त्व होता है।

इस प्रकार उपशमादि होने पर जीवके परिणामभेदसे तीन प्रकार होते हैं; वे परिणाम अति सूक्ष्म हैं, केवलज्ञानगम्य हैं, इसलिये इन प्रकृतियोंके द्रव्य पुद्गलपरमाणुओंके स्कंध हैं, वे अतिसूक्ष्म हैं और उनमें फल देनेकी शक्तिरूप अनुभाग है वह अतिसूक्ष्म है वह छद्मस्थके ज्ञानगम्य नहीं है। तथा उनका उपशमादिक होनेसे जीवके परिणाम भी सम्यक्त्वरूप होते हैं वे भी अतिसूक्ष्म हैं, वे भी केवलज्ञानगम्य हैं। तथापि जीवके कुछ परिणाम छद्मस्थके ज्ञानमें आने योग्य होते हैं, वे उसे पहिचाननेके बाह्य-चिह्न हैं, उनकी परीक्षा करके निश्चय करनेका व्यवहार है; ऐसा न हो तो छद्मस्थ व्यवहारी जीवके सम्यक्त्वका निश्चय नहीं होगा और तब आस्तिक्यका अभाव सिद्ध होगा, व्यवहारका लोप होगा - यह महान दोष आयेगा। इसलिये बाह्य चिह्नोंको आगम, अनुमान तथा स्वानुभवसे परीक्षा करके निश्चय करना चाहिये।

वे चिह्न कौनसे हैं सो लिखते हैं :- मुख्य चिह्न तो उपाधिरहित शुद्ध ज्ञान-चेतनास्वरूप आत्माकी अनुभूति है। यद्यपि यह अनुभूति ज्ञानका विशेष है, तथापि वह सम्यकतव होनेपर होती है, इसलिये उसे बाहय चिह्न कहते हैं। ज्ञान तो अपना अपनेको

स्वसंवेदनरूप है; उसका - रागादि विकार रहित शुद्धज्ञानमात्रका अपनेको आस्वाद होता है कि - 'जो यह शुद्ध ज्ञान है सो मैं हूँ और ज्ञान में जो रागादि विकार हैं वे कर्मके निमित्तसे उत्पन्न होते हैं, वह मेरा स्वरूप नहीं है' - इस प्रकार भेदज्ञानसे ज्ञानमात्रके आस्वादनको ज्ञानकी अनुभूति कहते हैं, वही आत्माकी अनुभूति है, तथा वही शुद्धनय का विषय है। ऐसी अनुभति से शुद्धनयके द्वारा ऐसा भी श्रद्धान होता है कि सर्व कर्मजनित रागादिक भावसे रहित अनंत चतुष्टय मेरा स्वरूप है, अन्य सब भाव संयोगजनित हैं; ऐसी आत्माकी अनुभूति सो सम्यक्त्वका मुख्य चिह्न है। यह मिथ्यात्व अनन्तानुबन्धीके अभावसे सम्यक्त्व होता है उसका चिह्न है; उस चिह्नको ही सम्यक्त्व कहना सो व्यवहार है।

उसकी परीक्षा सर्वज्ञके आगम, अनुमान तथा स्वानुभव प्रत्यक्ष प्रमाण इन प्रमाणोंसे की जाती है। इसीको निश्चय तत्त्वार्थश्रद्धान भी कहते हैं। वहाँ अपनी परीक्षा तो अपने स्वसंवेदनकी प्रधानतासे होती है और परकी परीक्षा तो परके अंतरंगमें होनेकी परीक्षा परके वचन, कायकी क्रियाकी परीक्षासे होती है यह व्यवहार है, परमार्थ सर्वज्ञ जानते हैं। व्यवहारी जीवको सर्वज्ञने भी व्यवहारके ही शरण का उपदेश दिया है।

[नोंध :- अनुभूति ज्ञान गुणकी पर्याय है वह श्रद्धा गुणसे भिन्न है इसलिये ज्ञानके द्वारा श्रद्धानका निर्णय करना व्यवहार है, उसका नाम व्यवहारी जीवको व्यवहारका ही शरण अर्थात् आलम्बन समझना।]

अनेक लोग कहते हैं कि - सम्यक्त्व तो केवलीगम्य है, इसलिये अपनेको सम्यक्त्व होनेका निश्चय नहीं होता, इसलिये अपनेको सम्यग्दृष्टि नहीं मान सकते ? परन्तु इस प्रकार सर्वथा एकान्तसे कहना तो मिथ्यादृष्टि है; सर्वथा ऐसा कहने से व्यवहारका लोप होगा, सर्व मुनि-श्रावकोंकी प्रवृत्ति मिथ्यात्वरूप सिद्ध होगी, और सब अपनेको मिथ्यादृष्टि मानेंगे तो व्यवहार कहाँ रहेगा ? इसलिये परीक्षा होने पश्चात् ऐसा श्रद्धान नहीं रखना चाहिये कि मैं मिथ्यादृष्टि ही हूँ। मिथ्यादृष्टि तो अन्यमतीको कहते हैं और उसीके समान स्वयं ही होगा। इसलिये सर्वथा एकान्तपक्ष ग्रहण नहीं करना चाहिये। तथा तत्त्वार्थश्रद्धान तो बाह्य चिह्न है। जीव, अजीव, आस्रव, बंध, संवर, निर्जरा, मोक्ष ऐसे सात तत्त्वार्थ हैं; उनमें पुण्य और पापको जोड़ देनेसे नव पदार्थ होते हैं। उनकी श्रद्धा अर्थात् सन्मुखता, रुचि अर्थात् तद्रूप भाव करना तथा प्रतीति अर्थात् जैसे सर्वज्ञने कहे हैं तदनुसार ही अङ्गीकार करना और उनके आचरणरूप क्रिया, - इसप्रकार श्रद्धानादिक होना सो सम्यक्त्वका बाह्य चिह्न है।

तथा प्रशम, संवेग, अनुकम्पा, आस्तिक्य भी सम्यक्त्व के बाह्य चिह्न हैं। वहाँ (१) प्रशम :- अनंतानुबन्धी क्रोधादिक कषायके उदयका अभाव सो प्रशम है। उसके बाह्य चिह्न जैसे कि-सर्वथा एकान्त तत्त्वार्थका कथन करनेवाले अन्य मतोंका श्रद्धान,

बाह्यवेशमें सत्यार्थपनेका अभिमान करना, पर्यायोंमें एकान्तके कारण आत्मबुद्धिसे अभिमान तथा प्रीति करना वह अनंतानुबन्धीका कार्य है - वह जिसके न हो, तथा किसीने अपना बुरा किया तो उसका घात करना आदि मिथ्यादृष्टिकी भाँति विकारबुद्धि अपनेको उत्पन्न न हो, तथा वह ऐसा विचार करे कि मैंने अपने परिणामोंसे जो कर्म बाँधे थे वे ही बुरा करनेवाले हैं, अन्य तो निमित्तमात्र हैं - ऐसी बुद्धि अपनेको उत्पन्न हो - ऐसे मंदकषाय है। तथा अनंतानुबन्धीके बिना अन्य चारित्रमोहकी प्रकृतियोंके उदयसे आरम्भादिक क्रियामें हिंसादिक होते हैं उनको भी भला नहीं जानता इसलिये उससे प्रशमका अभाव नहीं कहते।

(२) संवेग :- धर्ममें और धर्मके फलमें परम उत्साह हो वह संवेग है। तथा साधर्मियोंसे अनुराग और परमेष्ठियोंमें प्रीति वह भी संवेग ही है। इस धर्ममें तथा धर्मके फलमें अनुरागको अभिलाष नहीं कहना चाहिये, क्योंकि अभिलाष तो उसे कहते हैं जिसे इन्द्रियविषयोंकी चाह हो। अपने स्वरूपकी प्राप्तिमें अनुरागको अभिलाष नहीं कहते। तथा (३) निर्वेद :- इस संवेग ही में निर्वेद भी हुआ समझना, क्योंकि अपने स्वरूपरूप धर्मकी प्राप्तिमें अनुराग हुआ तब अन्यत्र सभी अभिलाषका त्याग हुआ, सर्व परद्रव्योंसे वैराग्य हुआ, वही निर्वेद है। तथा (४) अनुकम्पा :- सर्व प्राणियोंमें उपकारकी बुद्धि और मैत्रीभाव सो अनुकम्पा है। तथा मध्यस्थभाव होनेसे सम्यग्दृष्टिके शल्य नहीं है, किसीसे बैरभाव नहीं होता, सुख-दुःख, जीवन-मरण अपना परके द्वारा और परका अपने द्वारा नहीं मानता है। तथा परमें जो अनुकम्पा है सो अपनेमें ही है, इसलिये परका बुरा करनेका विचार करेगा तो अपने कषायभावसे स्वयं अपना ही बुरा हुआ; परका बुरा नहीं सोचेगा तब अपने कषायभाव नहीं होंगे इसलिये अपनी अनुकम्पा ही हुई। (५) आस्तिक्य :- जीवादि पदार्थोंमें अस्तित्वभाव सो आस्तिक्यभाव है। जीवादि पदार्थोंका स्वरूप सर्वज्ञके आगमसे जानकर उनमें ऐसी बुद्धि हो कि जैसे सर्वज्ञने कहे वैसे ही यह हैं - अन्यथा नहीं है वह आस्तिक्य भाव है। इसप्रकार यह सम्यक्त्वके बाह्य चिह्न हैं।

सम्यक्त्वके आठ गुण है :- संवेग, निर्वेद, निन्दा, गर्हा, उपशम, भक्ति, वात्सल्य और अनुकम्पा। यह सब प्रशमादि चारमें ही आ जाते हैं। संवेगमें निर्वेद, वात्सल्य और भक्ति ये आ गये तथा प्रशममें निन्दा, गर्हा आ गई।

सम्यग्दर्शनके आठ अंग कहे हैं। उन्हें लक्षण भी कहते हैं और गुण भी। उनके नाम हैं - निःशंकित, निःकांक्षित, निर्विचिकित्सा, अमूढ़दृष्टि, उपगूहन, स्थितिकरण, वात्सल्य और प्रभावना।

वहाँ शंका नाम संशयका भी है और भयका भी। वहाँ धर्मद्रव्य, अधर्मद्रव्य, कालाणुद्रव्य, परमाणु इत्यादि तो सूक्ष्मवस्तु हैं, तथा द्वीप, समुद्र, मेरुपर्वत आदि दूरवर्ती पदार्थ हैं, तथा तीर्थंकर, चक्रवर्ती आदि अंतरित पदार्थ हैं; वे सर्वज्ञके आगममें जैसे

कहे हैं वैसे हैं या नहीं हैं ? अथवा सर्वज्ञदेवके वस्तुका स्वरूप अनेकान्तात्मक कहा है सो सत्य है या असत्य ? - ऐसे सन्देहको शङ्का कहते हैं। जिसके यह न हो उसे निःशंकित अंग कहते हैं। तथा यह जो शंका होती है सो मिथ्यात्वकर्मके उदयसे [उदयमें युक्त होनेसे] होती है; परमें आत्मबुद्धि होना उसका कार्य है। जो परमें आत्मबुद्धि है सो पर्यायबुद्धि है, और पर्यायबुद्धि भय भी उत्पन्न करती है। शंका भयको भी कहते हैं, उसके सात भेद है :- इस लोकका भय, परलोकका भय, मृत्युका भय, अरक्षाका भय, अगुप्तिका भय, वेदनाका भय, अकस्मात्का भय। जिसके यह भय हों उसे मिथ्यात्वकर्मका उदय समझना चाहिये; सम्यग्दृष्टि होने पर यह नहीं होते।

प्रश्न :- भय प्रकृतिका उदय तो आठवें गुणस्थान तक है; उसके निमित्तसे सम्यग्दृष्टिको भय होता ही है, फिर भयका अभाव कैसा ? - समाधान :- कि यद्यपि सम्यग्दृष्टिके चारित्रमोहके भेदरूप भयप्रकृतिके उदयसे भय होता है तथापि उसे निर्भय ही कहते हैं, क्योंकि उसके कर्मके उदयका स्वामित्व नहीं है और परद्रव्यके कारण अपने द्रव्यस्वभावका नाश नहीं मानता। पर्यायका स्वभाव विनाशीक मानता है इसलिये भय होनेपर भी उसे निर्भय ही कहते हैं। भय होने पर उसका उपचार भागना इत्यादि करता है; वहाँ वर्तमानकी पीड़ा सहन न होनेसे वह इलाज (-उपचार) करता है वह निर्बलताका दोष है। इस प्रकार सम्यग्दृष्टि सन्देह तथा भयरहित होनेसे उसके निःशंकित अंग होता है।।१।।

कांक्षा अर्थात् भोगोंकी इच्छा-अभिलाषा। वहाँ पूर्वकालमें किये भोगोंकी वांछा तथा उन भोगोंकी मुख्य क्रियामें वांछा तथा कर्म और कर्मके फलकी वांछा तथा मिथ्यादृष्टियोंके भोगोंकी प्राप्ति देखकर उन्हें अपने मनमें भला जानना अथवा जो इन्द्रियोंको न रुचें ऐसे विषयोंमें उद्वेग होना-यह भोगोभिलाषके चिह्न हैं। यह भोगाभिलाष मिथ्यात्वकर्मके उदयसे होता है, और जिसके यह न हो वह निःकांक्षित अंगयुक्त सम्यग्दृष्टि होता है। वह सम्यग्दृष्टि यद्यपि शुभक्रिया-व्रतादिक आचरण करता है और उसका फल शुभकर्मबन्ध है, किन्तु उसको वह वांछा नहीं करता। व्रतादिकको स्वरूपका साधक जानकर उनका आचरण करता है, कर्मके फलकी वांछा नहीं करता। - ऐसा निःकांक्षित अंग है।।२।।

अपनेमें अपने गुणकी महत्ताकी बुद्धिसे अपनेको श्रेष्ठ मानकर परमें हीनताकी बुद्धि हो उसे विचिकित्सा कहते हैं; वह जिसके न हो सो निर्विचिकित्सा अंगयुक्त सम्यग्दृष्टि होता है। उसके चिह्न ऐसे हैं कि - यदि कोई पुरुष पापके उदयसे दुःखी हो, असाताके उदयसे ग्लानियुक्त शरीर हो तो उसमें ग्लानिबुद्धि नहीं करता। ऐसी बुद्धि नहीं करता कि - मैं सम्पदावान हूँ, सुन्दर शरीरवान हूँ, यह दीन, रंक मेरी बराबरी नहीं कर सकता। उलटा ऐसा विचार करता है कि - प्राणियोंके कर्मोदयसे अनेक विचित्र

अवस्थाएँ होती हैं; जब मेरे ऐसे कर्मका उदय आवे तब मैं भी ऐसा ही हो जाऊँ। - ऐसे विचारसे निर्विचिकित्सा अंग होता है।।३।।

अतत्त्वमें तत्त्वपनेका श्रद्धान सो मूढदृष्टि है। ऐसी मूढदृष्टि जिसके न हो सो अमूढदृष्टि है। मिथ्यादृष्टियों द्वारा मिथ्या हेतु एवम् मिथ्या दृष्टान्तसे साधित पदार्थ हैं वह सम्यग्दृष्टिको प्रीति उत्पन्न नहीं कराते हैं तथा लौकिक रूढ़ि अनेक प्रकारकी है, वह निःसार है, निःसार पुरुषों द्वारा ही उसका आचरण होता है, जो अनिष्ट फल देनेवाली है तथा जो निष्फल है, जिसका बुरा फल है तथा उसका कुछ हेतु नहीं है, कुछ अर्थ नहीं है; जो कुछ लोकरूढि चल पड़ती है उसे लोग अपना लेते हैं और फिर उसे छोड़ना कठिन हो जाता है - इत्यादि लोकरूढि है।

अदेवमें देवबुद्धि, अधर्ममें धर्मबुद्धि, अगुरुमें गुरुबुद्धि इत्यादि देवादिक मूढ़ता है वह कल्याणकारी नहीं है। सदोष देवको देव मानना, तथा उनके निमित्त हिंसादि द्वारा अधर्मको धर्म मानना, तथा मिथ्या आचारवान, शल्यवान, परिग्रहवान सम्यक्त्वव्रतरहितको गुरु मानना इत्यादि मूढ़दृष्टिके चिह्न हैं। अब, देव-धर्म-गुरु कैसे होते हैं उनका स्वरूप जानना चाहिये, सो कहेत हैं :-

रागादिक दोष और ज्ञानावरणादिक कर्म ही आवरण है; यह दोनों जिसके नहीं हैं वह देव है। उसके केवलज्ञान, केवलदर्शन, अनन्तसुख, अनन्तवीर्य - ऐसे अनंतचतुष्टय होते हैं। सामान्यरूपसे तो देव एक ही है और विशेषरूपसे अरहंत, सिद्ध ऐसे दो भेद हैं; तथा इनके नामभेदके भेदसे भेद करें तो हजारों नाम हैं। तथा गुणभेद किए जायें तो अनन्त गुण हैं। परमौदारिक देहमें विद्यमान घातियाकर्म रहित अनन्त चतुष्टयसहित धर्मका उपदेश करनेवाले ऐसे तो अरिहंतदेव हैं तथा पुद्गलमयी देहसे रहित लोकके शिखर पर विराजमान सम्यक्त्वादि अष्टगुणमंडित अष्ट कर्मरहित ऐसे सिद्ध देव हैं। इनके अनेकों नाम हैं :- अरहंत, जिन, सिद्ध, परमात्मा, महादेव, शंकर, विष्णु, ब्रह्मा, हरि, बुद्ध, सर्वज्ञ, वीतराग परमात्मा इत्यादि अर्थ सहित अनेक नाम है; - ऐसा देवका स्वरूप जानना।

गुरुका भी अर्थसे विचार करें तो अरिहंतदेव ही है, क्योंकि मोक्षमार्गका उपदेश करनेवाले अरिहंत ही हैं, वे ही साक्षात् मोक्षमार्गका प्रवर्तन कराते हैं; तथा अरिहंतके पश्चात् छद्मस्थ ज्ञानके धारक उन्हींका निर्ग्रन्थ दिगम्बर रूप धारण करनेवाले मुनि हैं सो गुरु हैं, क्योंकि अरिहंतकी सम्यग्दर्शन-ज्ञान-चारित्रकी एकदेश शुद्धता उनके पायी जाती है और वे ही संवर-निर्जरा-मोक्षका कारण हैं, इसलिये अरिहंतकी भाँति एकदेशरूपसे निर्दोष हैं वे मुनि भी गुरु हैं, मोक्षमार्गका उपदेश करनेवाले हैं।

ऐसा मुनिपना सामान्यरूपसे एक प्रकारका है और विशेषरूपसे वही तीन प्रकारका है - आचार्य, उपाध्याय, साधु। इस प्रकार यह पदवीकी विशेषता होने पर भी

उनके मुनिपने की क्रिया समान ही है; बाह्य लिंग भी समान है, पञ्च महाव्रत, पञ्च समिति, तीन गुप्ति - ऐसे तेरह प्रकारका चारित्र भी समान ही है, तप भी शक्ति अनुसार समान ही हैं, साम्यभाव भी समान है, मूलगुण उत्तरगुण भी समान हैं, परिषह उपसर्गोंका सहना भी समान है, आहारादिकी विधि भी समान है, चर्या, स्थान, आसनादि भी समान हैं, मोक्षमार्गकी साधना, सम्यक्त्व, ज्ञान, चारित्र भी समान हैं। ध्याता, ध्यान, ध्येयपना भी समान है, ज्ञाता, ज्ञान, ज्ञेयपना समान हैं, चार आराधनाकी आराधना, क्रोधादिक कषायोंका जीतना इत्यादि मुनियोंकी प्रवृत्ति है वह सब समान है।

विशेष यह है कि - जो आचार्य हैं वे पञ्चाचार अन्यको ग्रहण कराते हैं, तथा अन्यको दोष लगे तो उसके प्रायश्चित्तकी विधि बतलाते हैं, धर्मोपदेश, दीक्षा, शिक्षा देते हैं; - ऐसे आचार्य गुरु वन्दना करने योग्य हैं।

जो उपाध्याय हैं वे वादित्व, वाग्मित्व, कवित्व, गमकत्व - इन चार विद्याओंमें प्रवीण होते हैं; उसमें शास्त्रका अभ्यास प्रधान कारण है। जो स्वयं शास्त्र पढ़ते हैं और अन्यको पढ़ाते हैं ऐसे उपाध्याय गुरु वन्दन योग्य हैं; उनके अन्य मुनिव्रत, मूलगुण, उत्तरगुणकी क्रिया आचार्यसमान ही होती है। तथा साधु रत्नत्रयात्मक मोक्षमार्गकी साधना करते हैं सो साधु हैं; उनके दीक्षा, शिक्षा, उपदेशादि देनेकी प्रधानता नहीं है, वे तो अपने स्वरूपकी साधनामें ही तत्पर होते हैं; जिनागममें जैसी निर्ग्रंन्थ दिगम्बर मुनिकी प्रवृत्ति कही है वैसी प्रवृत्ति उनकी होती है - ऐसे साधु वंदनाके योग्य हैं। अन्यलिंगी - वेषी व्रतादिकसे रहित परिग्रहवान, विषयोंमें आसक्त गुरु नाम धारण करते हैं वे वन्दन योग्य नहीं है।

इस पञ्चमकालमें जिनमतमें भी भेषी हुए हैं। वे श्वेताम्बर, यापनीयसंघ, गोपुच्छपिच्छसंघ, निःपिच्छसंघ, द्राविड़संघ आदि अनेक हुये हैं; यह सब वन्दन योग्य नहीं हैं। मूलसंघ, नग्नदिगम्बर, अट्ठाईस मूलगुणोंके धारक, दयाके और शौचके उपकरण मयूरपिच्छक, कमण्डल धारण करनेवाले, यथोक्त विधि आहार करनेवाले गुरु वन्दन योग्य हैं, क्योंकि जब तीर्थंकर देव दीक्षा लेते हैं तब ऐसा ही रूप धारण करते हैं अन्य भेष धारण नहीं करते; इसीको जिनदर्शन कहते हैं।

धर्म उसे कहते हैं जो जीवको संसारके दुःखरूप नीच पदसे मोक्षके सुखरूप उच्च पदमें धारण करे; - ऐसा धर्म मुनि-श्रावकके भेदसे, दर्शन-ज्ञान-चारित्रात्मक एकदेश - सर्वदेशरूप निश्चय-व्यवहार द्वारा दो प्रकार कहा है; उसका मूल सम्यग्दर्शन है; उसके बिना धर्मकी उत्पत्ति नहीं होती। इसप्रकार देव-गुरु-धर्ममें तथा लोकमें यथार्थ दृष्टि हो और मूढ़ता न हो सो अमूढ़दृष्टि अंग है।।४।।

अपने आत्माकी शक्तिको बढ़ाना सो उपबृहण अंग है। सम्यग्दर्शन-ज्ञान-चारित्र-को अपने पुरुषार्थ द्वारा बढ़ाना ही उपबृंहण है। इसे उपगूहन भी कहते हैं। उसका ऐसा

अर्थ जानना चाहिये कि जिनमार्ग स्वयंसिद्ध है; उसमें बालकके तथा असमर्थ जनके आश्रयसे जो न्यूनता हो उसे अपनी बुद्धिसे गुप्त कर दूर ही करे वह उपगूहन अंग है।।५।।

जो धर्म से च्युत होता हो उसे दृढ़ करना सो स्थितिकरण अंग है। स्वयं कर्मउदयके वश होकर कदाचित् श्रद्धानसे तथा क्रिया - आचारसे च्युत होता हो तो अपनेको पुरुषार्थपूर्वक पुनः श्रद्धानमें दृढ़ करे, उसीप्रकार अन्य कोई धर्मात्मा धर्मसे च्युत होता हो तो उसे उपदेशादिक द्वारा धर्ममें स्थापित करे - वह स्थितिकरण अंग है।।६।।

अरिहंत, सिद्ध, उनके बिम्ब, चैत्यालय चतुर्विध संघ और शास्त्रमें दासत्व हो - जैसे स्वामीका भृत्य दास होता है तदनुसार - वह वात्सल्य अंग है। धर्मके स्थानकों पर उपसर्गादि आयें उन्हें अपनी शक्ति अनुसार दूर करे, अपनी शक्तिको न छिपाये; -यह सब धर्ममें अति प्रीति हो तब होता है।।७।।

धर्मका उद्योत करना सो प्रभावना अंग है। रत्नत्रय द्वारा अपने आत्माका उद्योत करना तथा दान, तप, पूजा-विधान द्वारा एवं विद्या, अतिशय-चमत्कारादि द्वारा जिनधर्मका उद्योत करना वह प्रभावना अंग है।।८।।

- इस प्रकार यह सम्यक्त्वके आठ अंग हैं; जिसके यह प्रगट हों उसके सम्यक्त्व है ऐसा जानना चाहिये। प्रश्न - यदि यह सम्यक्त्वके चिह्न मिथ्यादृष्टिके भी दिखाई दें तो सम्यक्-मिथ्याका विभाग कैसे होगा? समाधान - जैसे सम्यक्त्वीके होते हैं वैसे मिथ्यात्वीके तो कदापि नहीं होते, तथापि अपरीक्षकको समान दिखाई दें तो परीक्षा करके भेद जाना जा सकता है। परीक्षामें अपना स्वानुभव प्रधान है। सर्वज्ञके आगम में जैसा आत्माका अनुभव होना कहा है वैसा स्वयंको हो तो उसके होनेसे अपनी वचन कायकी प्रवृत्ति भी तदनुसार होती है, उस प्रवृत्तिके अनुसार अन्यकी भी वचन कायकी प्रवृत्ति पहचानी जाती है; - इसप्रकार परीक्षा करनेसे विभाग होते हैं। तथा यह व्यवहार मार्ग है, इसलिये व्यवहारी छद्मस्थ जीवोंके अपने ज्ञानके अनुसार प्रवृत्ति है; यथार्थ सर्वज्ञदेव जानते हैं। व्यवहारीको सर्वज्ञदेवने व्यवहारका ही आश्रय बतलाया है।* यह अंतरंग सम्यक्त्वभावरूप सम्यक्त्व है वही सम्यग्दर्शन है, बाह्यदर्शन, व्रत, समिति, गुप्तिरूप चारित्र और तपसहित अट्ठाईस मूलगुण सहित नग्न दिगम्बर मुद्रा उसकी मूर्ति है, उसे जिनदर्शन कहते हैं। इसप्रकार धर्मका मूल सम्यग्दर्शन जानकर जो सम्यग्दर्शनरहित है उनके वंदन-पूजनका निषेध किया है। - ऐसा यह उपदेश भव्य जीवोंको अंगीकार करने योग्य है।।२।।

* स्वात्मानुभूति ज्ञानगुणकी पर्याय है, ज्ञानके द्वारा सम्यक्त्वका निर्णय करना उसका नाम व्यवहारीका व्यवहारका आश्रय समझना, किन्तु भेदरूप व्यवहारके आश्रयसे वीतराग अंशरूप धर्म होगा ऐसा अर्थ कहीं पर नहीं समझना।

## ગાથા-૨ ઉપર પ્રવચન

**'અબ, ધર્મકા મૂલ દર્શન હૈ, ઇસલિયે જો દર્શનસે રહિત હો ઉસકી વંદના નહીં કરના ચાહિયે...'** હવે અહીંથી માર્ગ શરૂ થાય છે. એટલે પહેલા નમસ્કાર, વંદન કર્યા.

**दंसणमूलो धम्मो च्वइट्ठो जिणवरेहिं सिस्साणं।**
**तं सोऊण सकण्णे दंसणहीणो ण वंदिब्बो।।२।।**

**અર્થ :- 'જિનવર જો સર્વજ્ઞદેવ હૈ ઉન્હોંને શિષ્ય જો ગણધર આદિક કો ધર્મકા ઉપદેશ દિયા હૈ;...'** એણે (ભગવાનોએ અને ગણધરોએ) ધર્મનો ઉપદેશ કર્યો. **'કૈસા ઉપદેશ દિયા હૈ? – કિ દર્શન જિસકા મૂલ હૈ.'** એવો ધર્મ ઉપદેશ્યો. લ્યો. જેમાં સમ્યગ્દર્શન મૂળ છે એવો ધર્મ ભગવાને કહ્યો છે. આ 'દર્શનપાહુડ' છે ને? **'કિ દર્શન જિસકા મૂલ હૈ.'** એવો ધર્મ ઉપદેશ્યો. **'મૂલ કહાઁ હોતા હૈ કિ – જૈસે મન્દિર કે નીંવ...'** પાયો. મકાન, મકાનનો પાયો. **'ઔર વૃક્ષકે જડ...'** વૃક્ષનું મૂળ. **'ઉસીપ્રકાર ધર્મકા મૂલ દર્શન હૈ.'** મંદિરનો પાયો અને વૃક્ષનું જેમ મૂળ (હોય) એમ ધર્મનું મૂળ સમ્યગ્દર્શન છે. એ સમ્યગ્દર્શન વિના ધર્મ ત્રણ કાળમાં હોતો નથી.

મુમુક્ષુ :- ચારિત્ર હોય એને દર્શન હોય...

ઉત્તર :- ચારિત્ર હોય એને દર્શન હોય જ. પણ ચારિત્ર જોઈએ ને. ચારિત્ર એટલે શું? વ્રતાદિની ક્રિયા એ ચારિત્ર છે? એય..! 'દેવીચંદજી'! બહાર પંચમહાવ્રત આદિના વિકલ્પ છે એ કાંઈ ચારિત્ર નથી, એ તો અચારિત્ર છે. એ તો ચારિત્રનો દોષ છે. બધું સવારમાં આવ્યું હતું. રાગ વ્યવહાર છે, બંધનું કારણ છે, એ આત્મામાં એ પરિણતિ નથી. જીવની પરિણતિ નથી. આત્માનો એ પર્યાય નથી. આહાહા..!અરે..! કોણે સાંભળ્યું છે? દર્શન વસ્તુ આખી જૈનનું મૂળ, ધર્મનુ મૂળ દર્શન છે. ધર્મનું મૂળ સમ્યગ્દર્શન છે.

**'ઇસલિયે આચાર્ય ઉપદેશ દેતે હૈં કિ...'** તેથી આચાર્ય મહારાજ ઉપદેશ કરે છે. **'હે સકર્ણ...'** પંડિત સત્પુરુષો! એમ. કાન છે અને સાંભળ્યું છે એમ કહે છે. તત્ત્વની વાત જેણે સાંભળી છે, શ્રદ્ધિ છે એવા **'હે સકર્ણ અર્થાત્ સત્પુરુષોં! સર્વજ્ઞકે કહે હુએ ઉસ દર્શનમૂલરૂપ ધર્મકો અપને કાનોંસે સુનકર જો દર્શનસે રહિત હૈ...' 'સર્વજ્ઞકે કહે...'** સર્વજ્ઞ પરમાત્મા, એણે જે સમ્યગ્દર્શન ધર્મ કહ્યો, રાગ ને વિકલ્પ ને મનથી પાર એવું ચૈતન્ય ધ્રુવ સ્વરૂપ. સમજાણું કાંઈ? એ ચૈતન્ય ભગવાન ધ્રુવ સ્વરૂપની અંતર પ્રતીત અને અનુભવમાં શ્રદ્ધા. એવો સર્વજ્ઞે ઉપદેશ કર્યો.

**'દર્શનમૂલરૂપ ધર્મકો અપને કાનોંસે સુનકર...'** સાંભળી કરી **'જો દર્શનસે રહિત હૈં...'** જે સમ્યગ્દર્શન રહિત છે. જેની શ્રદ્ધામાં રાગથી ધર્મ થાય, પુણ્યથી ધર્મ થાય, સર્વજ્ઞ સિવાય

કહેલા તત્ત્વો પણ સાચા છે, બીજાના તીર્થક્ષેત્રે પણ ધર્મ થાય છે, બીજા ધર્મમાં પણ કાંઈક ધર્મ છે, એવી માન્યતાવાળા જીવો છે એ સમ્યગ્દર્શન રહિત છે. સમજાણું? બદ્રિનાથના દેરાસરમાંથી લખાણ આવ્યું છે. આમાં આવ્યું છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :-એને બિચારાને ખબર નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા. બીજે પાપ કર્યા હોય તો આ તીર્થોમાં નાશ થાય છે, એમ લખ્યું છે. ક્યાં તીર્થ હતું. તીર્થ તો આત્મા છે. આનંદમૂર્તિ વીતરાગસ્વરૂપ, એની અંતર જતાં, સ્નાન કરતા તીર્થ થાય છે. એ તીર્થ છે. આ બહારના તીર્થ, વીતરાગના બહારના તીર્થ એ વ્યવહાર છે. તો અન્યના તીર્થમાં તો છે જ ક્યાં? સમજાણું કાંઈ? 'સમ્મેદશિખર', 'શેત્રુંજય' તીર્થો છે, એ પાપનો નાશ કરનારા તીર્થ નથી. એ તો શુભભાવ હોય છે એથી જરી અશુભાદિ ન હોય, એટલી વાત છે. એ તીર્થ. તીર્થ તો આત્મા છે. પૂર્ણાનંદનો નાથ તરણ ઉપાયના સ્વભાવથી જડેલો. સમજાણું કાંઈ? તીર્થ તો એ છે. સ્નાન કરવા લાયક એ છે.

અનંત આનંદ અને જ્ઞાનનો સ્વભાવ એવો જે આત્મા તે સર્વજ્ઞે કહ્યો એ આત્મા. પાછા બીજા આત્મા કહે છે એ આત્મા નહિ. એથી કહ્યું ને? **'સર્વજ્ઞકે કહે હુએ ઉસ દર્શનમૂલરૂપ ધર્મકો અપને કાનોંસે સુનકર...'** સર્વજ્ઞ ભગવાને કહ્યું એ. સર્વજ્ઞ ભગવાને કહેલો માર્ગ તો દિગંબર દર્શનમાં જ છે. બીજે છે નહિ. વાત તો આવશે. આવી ચોખ્ખી વાત આવશે આમાં તો. આમાં તો ઝાટકીને બધું કાઢી નાખ્યું છે. એમ છે. દિગંબર દર્શન અનાદિ સનાતન સર્વજ્ઞ પરમેશ્વરે કહ્યો એ માર્ગનું સ્વરૂપ પરંપરા દિગંબર ધર્મમાં છે. એ સિવાય બીજે ક્યાંય અંશેય છે નહિ. એ માટે આ 'દર્શનપાહુડ' બનાવ્યું છે. જુઓ! દર્શન સર્વજ્ઞનું મૂળ છે. કથનમાં દર્શનપ્રધાન વાત આવી છે. સમ્યગ્દર્શન તો સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર જ્યાં નથી ત્યાં સમ્યગ્દર્શન ક્યાંથી હોય? સમજાણું કાંઈ? એવું છે, ભાઈ! બીજાને ખરાબ લાગે, ખોટું લાગે પણ માર્ગ તો આ છે. ઘણા એવા હોય છે ને અંદરથી કાઢે, કે ભાઈ! આ તો અમારું ખંડન કરે છે, એમ આવ્યું હતું. 'શ્રીમદ્દે' ખંડન નથી કર્યું. ત્યાં ખંડન કરે છે. માટે અમારે સાંભળવું નથી. અરે..! ભગવાન! બાપુ! માર્ગ તો આ છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- થાય જ ને. પણ એવી કઈ ચીજ છે કે બધાને ઠીક પડે? એ તો આપણે હમણા કહ્યું. વચનિકા 'મોક્ષમાર્ગ પ્રકાશક'. એવી કઈ ચીજ છે કે બધાને ઠીક પડે? માર્ગ તો જે વીતરાગે કહ્યો હોય તે આવે. સમજાય છે? પક્ષકાર જે હોય એને ઠીક ન લાગે. સત્‌ની શ્રદ્ધા માટે તો તત્ત્વાર્થ શ્રદ્ધાન થાય શી રીતે? અને વિરુદ્ધ શ્રદ્ધા ટળે શી રીતે? 'મોક્ષમાર્ગ પ્રકાશક' માં આવે છે.

**'દર્શનસે રહિત હૈં વે વંદન યોગ્ય નહીં હૈં;...'** અહીં સિદ્ધાંત છે, લ્યો! જેને સર્વજ્ઞ

પરમાત્માએ દિગંબર ધર્મમાં જે મુનિપણું કહ્યું, દર્શન.. છે ને? ભાવલિંગ અંતર ત્રણ કષાયનો અભાવ. બાહ્યમાં નગ્નદશા અને વ્યવહારે પંચમહાવ્રતાદિના વિકલ્પો એ જૈનદર્શન છે. અથવા દર્શન નક્કી છે. અંદરમાં એવાની શ્રદ્ધા રાગરહિત એવા રહેવાની શ્રદ્ધા અંદરમાં એનું નામ સમ્યગ્દર્શન છે. સ્વભાવ સન્મુખની શ્રદ્ધા. એમ. એવી શ્રદ્ધાથી રહિત છે. પછી ચાહે તો મોટા મહાત્મા, આચાર્ય, ઉપાધ્યાય આદિ નામ ધરાવે. **'વંદન યોગ્ય નહીં હૈં;...'** આમ છે. પહેલેથી આ ઉપાડ્યું છે. કહો, 'શાંતિભાઈ'! આ બધો સત્‌નો આગ્રહ નહિ હોય? સત્ય તો આ છે, ભાઈ! સત્ય કાંઈ બે હોય? 'એક હોય ત્રણ કાળમાં પરમારથનો પંથ.' સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ વીતરાગ, એણે કહેલો પરંપરાનો માર્ગ, એવું સમ્યગ્દર્શન નામ કાને સાંભળ્યું હોય કે આવું સમ્યગ્દર્શન. એવા જીવોએ સમ્યગ્દર્શન રહિત પ્રાણી છે એને વંદવા લાયક છે નહિ. આહાહા..! કહો, સમજાણું કાંઈ? **'ण वंदिब्बो'** ચોખ્ખું છે કે નહિ? આહાહા..! **'દર્શનહીનકો વંદના મત કરો...'** લ્યો. જેને સમ્યગ્દર્શનનું ભાન પણ નથી અને દેવ-ગુરુ-શાસ્ત્રની ઊંધી શ્રદ્ધા છે. અને ભલે વ્રતાદિ બહારમાં ક્રિયા દેખાય, પણ એ તો દર્શનરહિત છે. તે વંદવા લાયક નથી. કહો, સમજાણું કાંઈ? અને એનો આદર કરે તો મિથ્યા શ્રદ્ધાવાળો છે અને એનો આદર કરે તો મિથ્યાશ્રદ્ધાનું પાપ લાગે. કરે, કરાવે અને અનુમોદે ત્રણે પાપના ફળ છે.

**'જિસકે દર્શન નહીં હૈ ઉસકે ધર્મ ભી નહીં હૈ;...'** જેને સમ્યગ્દર્શન નથી. વસ્તુ ભગવાનઆત્મા અનંતગુણનો પિંડ પ્રભુ ચૈતન્ય ધ્રુવ, એની અંતર શ્રદ્ધા નથી, પર્યાયબુદ્ધિ છે, રાગબુદ્ધિ છે, સંયોગબુદ્ધિ છે, એવા જીવો સમ્યગ્દર્શન રહિત છે. તેમાં ધર્મ નથી. **'જિસકે દર્શન નહીં હે ઉસકે ધર્મ ભી નહીં હૈ,..'** મૂળ વિના **'मूलम नास्ति कुता शाखा'** જેનું મૂળ નથી એને શાખા કે ફળ હોય નહિ. સમજાણું? **'જિસકે દર્શન નહીં હૈ ઉસકે ધર્મ ભી નહીં હૈ,...'** ચાહે તો બાર વ્રત અને માસ-માસ ખમણના પારણા, નગ્નમુનિ (થાય). 'મુનિવ્રતધાર અનંત બેર ગ્રૈવેયક ઉપજાયો.' તોપણ એ મિથ્યાદૃષ્ટિ છે, કહે છે. આહાહા..! ભારે કામ આકરું. **'મૂલ રહિત વૃક્ષકે સ્કંધ, શાખા, પુષ્પ, ફ્લાદિક કહાઁસે હોંગે?'** લ્યો. જેનું મૂળ જ નથી. સમ્યગ્દર્શન જ નથી. સમજાણું કાંઈ? પરથી ધર્મ થશે, વ્યવહારથી, પુણ્યથી ક્રિયા કરતાં કરતાં ધર્મ થશે, નિમિત્તથી લાભ થશે, એવી માન્યતા છે એ તો દર્શન રહિત મિથ્યાદૃષ્ટિ છે. ચાહે તો માંધાતા મોટો ત્યાગી હોય તો પણ એ વંદવા લાયક છે નહિ, એમ કહે છે. આહાહા..! ભારે!

મુમુક્ષુ :- કડક સ્વભાવ...

ઉત્તર :- કડક છે, એવી વસ્તુ છે. કડક કહો કે સરળ કહો, માર્ગ આ છે. કહો. હવે મુનિ માનીને આહાર-પાણી લેવાનું (કરે) એમાં વધ્યું ક્યાં? શ્રદ્ધાનું ભાન નથી, સમ્યગ્દર્શનની ખબર નથી.

મુમુક્ષુ :- વેશ દેખીને વેશમાં શું છે?

ઉત્તર :- વેશ દેખીને વેશમાં શું છે? ધૂળ.

મુમુક્ષુ :- એવું માને.

ઉત્તર :- માને છે. શું માને? તેના લક્ષણ છે એ દેખાતું નથી કે આ કર્તાબુદ્ધિ છે, આને હું કરું તો આમ થાય, આને કરું તો આમ થાય. સદોષ આહાર લ્યે છે, વગેરે ભાવ છે અને માને છે કે મુની છે તો મિથ્યાત્વનો ભાવ છે. આવું છે ભાઈ આ 'દર્શનપાહુડ'માં તો.

મુમુક્ષુ :- પહેલેથી ખોટા...

ઉત્તર :- પહેલેથી જ ખોટા છે એ ખોટા ઠરાવ્યા છે. જાહેર કરીને ખોટા ઠરાવ્યા છે. એમ છે, ભાઈ!

**'જિસકે દર્શન નહીં હૈ, ઉસકે ધર્મ ભી નહીં હૈ, ક્યોંકિ મૂલ રહિત વૃક્ષકે સ્કંધ,...'** મૂળ જ ન મળે ત્યાં પછી સ્કંધ ફાલ્યો છે, શાખા-ડાળ નીકળી છે, પુષ્પ થયા છે, ફળ થયા છે, એ ક્યાંથી હોય? આહાહા..! આ વ્રત લીધા અને તપ કરે માટે એને સમ્યગ્દર્શન હોય? કે ના. એ વ્રત-તપ છે જ નહિ. સમ્યક્ મૂળ ન મળે ત્યાં વ્રત-તપ કેવા? આહાહા..! **'ઇસલિયે યહ ઉપદેશ હૈ કિ-જિસકે ધર્મ નહીં હૈ ઉસસે ધર્મકી પ્રાપ્તિ નહીં...'** ભાષા જુઓ! પહેલું એમ કહ્યું કે **'જિસકે દર્શન નહીં હૈ, ઉસકે ધર્મ ભી નહીં હૈ,...'** જેને દર્શન-સમકિત નથી એને ધર્મ પણ નથી. ... .. જેને ધર્મ નથી તેનાથી ધર્મની પ્રાપ્તિ નથી. .. એની પાસે સાંભળીને લાભ મળે એવું છે નહિ. એમ કહે છે. સાંભળવા જાશું, સાંભળશું તો મળશે, એની ના પાડે છે, જુઓ! જેની શ્રદ્ધામાં ખોટ જ છે.

મુમુક્ષુ :- એ તો ભગવાનના શાસ્ત્ર...

ઉત્તર :- ભગવાનના શાસ્ત્ર ક્યાં છે? એને ભાન ક્યાં છે? સમજાણું કાંઈ? આ તો ભાઈ! વીતરાગ ત્રિલોકનાથ પરમાત્મા, એના મુનિમ થઈને વાત કરે અને કરે ખોટી. દીવાળુ કાઢવાની વાત કરે. એનાથી ધર્મની પ્રાપ્તિ નથી. વંદન યોગ્ય નથી. કેમ કે તેનાથી ધર્મની પ્રાપ્તિ નથી. માટે આદર કરવા લાયક છે નહિ. આહાહા..! ભારે કામ!

**'ફિર ધર્મ કે નિમિત્ત ઉસકી વંદના કિસલિયે કરેં?...'** જુઓ! એવા આત્માઓને ધર્મને કારણે આદર કેમ કરીએ? **'ઐસા જાનના.'** એમ અહીંયા 'કુંદકુંદાચાર્ય' કહે છે. એમ અહીંયાં જાણવું. કહો, સમજાણું?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આમાં અર્થ કર્યો છે એણે કર્યો છે ને? એ ક્યાં ઘરનું કર્યું છે? **'दंसणमूलो धम्मो'** આ શબ્દ તો મૂળ પાઠમાં છે. સમ્યગ્દર્શન મૂળ ધર્મ છે. **'च्वइट्ठो जिणवरेहिं सिस्साणं'** જિનવરોએ શિષ્યોને ઉપદેશ કર્યો. **'तं सोऊण सकण्णे'** એ વાત સાંભળીને હે સકર્ણા! હે કાનવાળા સાંભળેલા! એમ કહે છે. **'दंसणीणो ण वंदिब्बो'** પાઠ છે કે નહિ? એય..! 'દેવીચંદજી'! આહાહા..! દુનિયાને તો એવું લાગે. બધા લાખોપતિ-કરોડોપતિ માનતા હોય અને આ બધા માણસો ૫૦-૫૦ હજાર ભેગા થતા હોય. હવે એ કહે કે આ વાંદે નહિ ફટફટ થાય. એને ધર્મની શ્રદ્ધા નથી માટે વાંદતા નથી. આવા મહા મુનિ ત્યાગી થયા. પણ કોણ મુનિ

હતો? સમ્યગ્દર્શનના હજી ઠેકાણા નથી. સમજાણું કાંઈ? આહાહા..! દેહની ક્રિયા જડ, એના કર્તા થાય. દયા, દાન, વ્રતના પરિણામથી મને ધર્મ થાય, એ કરતા કરતા વ્યવહાર કરતા અમારી નિશ્ચયની શુદ્ધિ થાય, આવું માનનારા સમકિતથી રહિત મિથ્યાદૃષ્ટિ છે. એનાથી ધર્મ પમાય નહિ તો એનો આદર કરીને શું કરશો? એમ કહે છે. આ તો જવાબદારી આવી, સેઠી! અત્યાર સુધી બધા ગોટા વાળ્યા છે. અહીં જવાબદારી છે.

મુમુક્ષુ :- આહારશુદ્ધ, મનશુદ્ધ વચનશુદ્ધ...

ઉત્તર :- ભાઈ! ત્યાં મુખ્ય અગ્રેસર માણસ હોય તો આહાર-પાણી દેવા પડે. તિષ્ઠ, તિષ્ઠ કર્યું એને માટે અને (બોલે એમ કે) આહારશુદ્ધ, વચનશુદ્ધ.

મુમુક્ષુ :- આહારશુદ્ધ, મનશુદ્ધ, વચનશુદ્ધ.

ઉત્તર :- કાયશુદ્ધ, વચનશુદ્ધ એ જૂઠું બોલે છે. અને એ જૂઠાને અનુમોદે અને જૂઠા અનુમોદન લે. એવી વાત છે, સેઠી જુઓ! આહાહા..! માર્ગ તો એવો છે, બાપુ!

**'અબ, યહાઁ ધર્મકા તથા દર્શનકા સ્વરૂપ જાનના ચાહિયે.'** હવે પોતે થોડું લખે છે. ધર્મનું અને દર્શનનું. સમ્યગ્દર્શન નહિ અહીંયાં દર્શન સામાન્યની વાત છે. જૈનદર્શન. એનું સ્વરૂપ જાણવું જોઈએ. **'વહ સ્વરૂપ તો સંક્ષેપમેં ગ્રન્થકાર હી આગે કહેંગે,...'** ગ્રંથકાર પોતે એનું સ્વરૂપ કહેશે. **'તથાપિ કુછ અન્ય ગ્રન્થોં કે અનુસાર યહાં ભી દે રહે હૈં :-'** બીજા ગ્રંથને અનુસારે થોડું અહીં કહીએ છીએ. **''ધર્મ' શબ્દકા અર્થ યહ હૈ કિ – જો આત્મા કો સંસારસે ઉબારકર સુખસ્થાનમેં સ્થાપિત કરે સો ધર્મ હૈ.'** લ્યો. ધર્મ એને કહીએ, કે આત્મા, સંસાર નામ દુઃખની દશા, એનાથી ઉદ્ધાર કરી, ઉદયભાવ, સંસાર દુઃખદશા છે, એનાથી ઉદ્ધાર કરી, અભાવ કરી અને સુખસ્થાનમાં સ્થાપે છે. આનંદસ્વરૂપ ભગવાનઆત્મા એમાં સ્થાપે એને ધર્મ કહીએ. લ્યો, આ ધર્મની વ્યાખ્યા.

**''ધર્મ' શબ્દકા અર્થ યહ હૈ કિ -...'** એનો અર્થ એવો છે કે, **'જો આત્માકો સંસારસે ઉબારકર...'** એ સિદ્ધ કરે છે કે આત્માને સંસાર છે. આત્માની પર્યાયમાં રાગ-દ્વેષ, મિથ્યાત્વ એ દુઃખરૂપ દશા છે, એ સંસાર છે. આત્માની વર્તમાન દશામાં અનાદિ અજ્ઞાનીને મિથ્યાત્વ અને રાગ-દ્વેષભાવ છે એ એની સંસારદશા છે. એવા મિથ્યાત્વ અને રાગ-દ્વેષમાંથી ઉદ્ધાર કરી અને સ્વરૂપમાં સ્થાપે. અંતર અનંત જ્ઞાનાદિ સ્વભાવ ભગવાનઆત્માનો, એમાં સ્થાપે એને ધર્મ કહીએ. ધ્રુવને લક્ષે એકનો વ્યય કરીને એકનો ઉત્પાદ કરે એને ધર્મ કહીએ. સમજાણું કાંઈ? ભારે વ્યાખ્યા છે આ તો. એ ધર્મની વ્યાખ્યા (થઈ).

**'ઔર દર્શન અર્થાત્ દેખના.'** દર્શનની વ્યાખ્યા કરે છે. બે વાત કરતા હતા ને? **'યહાઁ ધર્મકા તથા દર્શનકા સ્વરૂપ જાનના ચાહિયે.'** ધર્મની વ્યાખ્યા આ કરી. સંસાર એટલે? આત્માની પર્યાયમાં મિથ્યાત્વ વિપરીત અભિપ્રાય અને રાગ-દ્વેષ (થાય) એ સંસાર. એને ટાળી અને વસ્તુ આનંદસ્વરૂપ ભગવાન એમાં સ્થાપે, એવી દશાને ધર્મ કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ? **'ઔર દર્શન અર્થાત્ દેખના.'** હવે દર્શનની વ્યાખ્યા. **'દર્શન અર્થાત્ દેખના.'**

દેખવાનું નામ દર્શન. **'ઇસપ્રકાર ધર્મકી મૂર્તિ દિખાઈ દે વહ દર્શન હૈ...'** વીતરાગ પ્રતિમા સ્વરૂપ મુનિ, ભાવલિંગી. બાહ્યમાં નગ્ન દશા, અંતરમાં વીતરાગ મુદ્રા. જેને વિકલ્પની વૃત્તિ ઊઠે એનો એ કર્તા નથી. એવો વીતરાગભાવ, એવું જે દર્શન. અભ્યંતર અને બાહ્ય એવું જે દર્શન.

**'ઇસપ્રકાર ધર્મ કી મૂર્તિ દિખાઈ દે વહ દર્શન હૈ તથા પ્રસિદ્ધિમેં જિસમેં ધર્મકા ગ્રહણ હો ઐસે મત કો 'દર્શન' કહા હૈ.'** બહારમાં જૈનદર્શન, જૈનધર્મ એમ પ્રસિદ્ધતામાં ધર્મનું ગ્રહણ હોય એવા મતને દર્શન કહે છે. **'લોકમેં ધર્મ કી તથા દર્શનકી માન્યતા સામાન્યરૂપસે તો સબકે હૈ,...'** સાધારણ ધર્મ-ધર્મ તો સૌ કરે છે ને? અને દર્શન-અમારો મત સાચો.. અમારો મત સાચો.. અમારો મત સાચો... એમ તો બધા કરે છે. કોઈ એમ કહે કે અમારું દર્શન ખોટું? **'લોકમેં ધર્મકી તથા દર્શનકી માન્યતા સામાન્યરૂપસે તો સબકે હૈ, પરન્તુ સર્વજ્ઞકે બિના...'** અહીંથી વાત છે. **'યથાર્થ સ્વરૂપકા જાનના નહીં હો સકતા;...'** પહેલી સર્વજ્ઞની સિદ્ધિ કરે છે. જેણે ત્રણકાળ, ત્રણલોક જ્ઞાનમાં જાણ્યા નથી એવા સર્વજ્ઞ સિવાય, આત્મા અને ધર્મની વાતું કરે, એ બધી વાતું એની કલ્પિત અને ખોટી હોય. જે મતમાં સર્વજ્ઞ કોણ છે એનો એણે નિર્ણય કરવો જોઈએ. સમજાણું કાંઈ?

**'સર્વજ્ઞકે બિના યથાર્થ સ્વરૂપકા જાનના નહીં હો સકતા; પરન્તુ છદ્મસ્થ પ્રાણી અપની બુદ્ધિસે અનેક સ્વરૂપોંકી કલ્પના કરકે...'** જુઓ! એ **'અન્યથા સ્વરૂપ સ્થાપિત કરકે ઉનકી પ્રવૃત્તિ કરતે હૈં.'** જાણ્યું નથી અને કહે આમ હોય, આમ હોય. એ તો અન્યથા પ્રવૃત્તિ કરે અને કરાવે છે. માટે એ ધર્મ છે નહિ. જુઓ! પહેલા સર્વજ્ઞ પરમાત્મા કોણ છે એમ સિદ્ધ કરીને એણે જોયેલું કહ્યું તે માર્ગ સાચો છે. સમજાણું કાંઈ?

**'સર્વજ્ઞકે બિના યથાર્થ સ્વરૂપકા જાનના નહીં હો સકતા;...'** સર્વજ્ઞ વિના યથાર્થ સ્વરૂપમાં જાણવામાં આવી શકે નહિ. **'પરન્તુ છદ્મસ્થ પ્રાણી અપની બુદ્ધિસે અનેક સ્વરૂપોંકી કલ્પના કરકે અન્યથા સ્વરૂપ સ્થાપિત કરકે ઉનકી પ્રવૃત્તિ કરતે હૈં. ઔર જિનમત સર્વજ્ઞકી પરમ્પરા સે પ્રવર્તમાન હૈ...'** વીતરાગમાર્ગ તો સર્વજ્ઞની પરંપરાથી પ્રવર્તે છે. સમજાણું કાંઈ? **'સર્વજ્ઞકી પરમ્પરા સે પ્રવર્તમાન હૈ...'** પરમેશ્વરે કહ્યું એ ગણધરે જાણ્યું, અનુભવ્યું, એની પરંપરાએ જે અનાદિનો માર્ગ છે તે દિગંબર સંપ્રદાયમાં ચાલ્યો આવે છે. બીજે એ માર્ગ છે નહિ. **'ઇસલિયે ઇસમેં યથાર્થ સ્વરૂપકા પ્રરૂપણ હૈ.'** સર્વજ્ઞની પરંપરાએ જે માર્ગ આવ્યો, એમાં દેવનું, ગુરુનું, શાસ્ત્રનું, તત્ત્વનું, ધર્મનું, મોક્ષમાર્ગનું વાસ્તવિક સ્વરૂપનું કથન એમાં છે, બીજે છે નહિ. કહો, સમજાણું કાંઈ?

**'વહાં ધર્મકો નિશ્ચય ઔર વ્યવહાર – ઐસે દો પ્રકારસે સાધા હૈ.'** ધર્મના બે પ્રકાર : નિશ્ચય અને વ્યવહાર. **'ઉસકી પ્રરૂપણા ચાર પ્રકારસે હૈ—'** સર્વજ્ઞના માર્ગમાં ચાર પ્રકારના ધર્મના નામના કથન છે. ચાર પ્રકારથી કથન છે. **'પ્રથમ વસ્તુસ્વભાવ,...'** ચાર પ્રકારમાં પહેલો

વસ્તુસ્વભાવ ધર્મ. ભગવાનઆત્મા... જે વસ્તુ તેનો સ્વભાવ તે ધર્મ. આત્માનો સ્વભાવ વસ્તુ છે એનો સ્વભાવ, જ્ઞાન, દર્શન અને આનંદ. એ જ્ઞાન-દર્શન અને આનંદનું પ્રગટ થવું તે ધર્મ છે. સમજાણું કાંઈ?

**'પ્રથમ વસ્તુસ્વભાવ,...'** ધર્મ. એક. એ સ્વભાવ તો ભગવાને જોયો, જાણ્યો એવો કહ્યો ત્યાં હોય અજ્ઞાનીમાં કોઈ દિ' હોઈ શકે નહિ. **'ઉત્તમ ક્ષમાદિક દસ પ્રકાર,...'** ધર્મ. બીજો. ધર્મની વ્યાખ્યા બીજી. સમ્યગ્દર્શન સહિત સહનશીલતા, ક્ષમા આદિની વીતરાગતા એ દસ પ્રકારનો ધર્મ. એ બીજા ધર્મની વ્યાખ્યા છે. **'સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ...'** ત્રીજી વ્યાખ્યા. ધર્મની ત્રીજી વ્યાખ્યા. જુઓ! આ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ ત્રણ પણ ધર્મ. આત્મા આનંદ અને જ્ઞાનની મૂર્તિ ચૈતન્યપ્રભુ, એની અંતર્મુખ થઈને દર્શન–પ્રતીતિ થવી, અને અંતર્મુખનું જ્ઞાન થવું અને એમાં રમણતા એ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણને ધર્મ કહેવામાં આવે છે. ત્રણેયને ધર્મ કહેવામાં આવે છે. ત્રણેયને ધર્મ કહે છે. આમ તો ચરિતં ખલુ ધમ્મો. અને ધર્મનું મૂળ સમ્યગ્દર્શન. અહીં તો ત્રણેય ધર્મ છે. સમ્યગ્દર્શન સ્વભાવ ધર્મ છે ને? સમ્યક્જ્ઞાન એનો ધર્મ છે અને સમ્યક્ચારિત્ર વીતરાગી પર્યાય પણ ધર્મ છે. ત્રણેય ધર્મ છે. વસ્તુનો સ્વભાવ છે એવી દશા પ્રગટ થઈ છે. કહો, સમજાણું કાંઈ?

**'ઔર ચૌથે જીવોં કી રક્ષારૂપ ઐસે ચાર પ્રકાર હૈં.'** લ્યો. જીવની રક્ષારૂપ એટલે એમાં જીવ પોતે આવ્યો ને?

મુમુક્ષુ :- ... પોતાની રક્ષા..

ઉત્તર :- પોતે. બીજી કોની રક્ષા છે? એય..! પોતાના જીવની રાગથી રક્ષા કરવી એ ધર્મ. રાગ ઉત્પન્ન થવા દેવો નહિ.

મુમુક્ષુ :- બીજા જીવની રક્ષા...

ઉત્તર :- બીજા જીવનો વિકલ્પ એ વ્યવહાર. નિશ્ચય આ. પોતે જીવમાં છે કે નહિ જીવ? તેની રક્ષા એટલે શું? જેનું સ્વરૂપ જ્ઞાન-આનંદ આદિ છે, એની રક્ષા. રાગની રક્ષા નહિ, વ્યવહારની રક્ષા નહિ. દયા, દાન, વ્રત આદિ વિકલ્પ એ તો હિંસા છે. આહા..હા..!

મુમુક્ષુ :- જીવને રાગસ્વરૂપ માને એ રક્ષા નહિ.

ઉત્તર :- રાગસ્વરૂપ. આત્માને રાગસ્વરૂપ માને તો મિથ્યાત્વ થાય.

મુમુક્ષુ :- રક્ષા નહિ.

ઉત્તર :- રક્ષા પાપની થાય છે.

પોતાનો આત્મા જ્ઞાન અને આનંદસ્વરૂપ છે તેવી એની ઉત્પત્તિ થવી અને બીજાનો આત્મા પણ જ્ઞાનમય છે એવી જ્ઞાનમય ઉત્પત્તિ થવી એનું નામ જીવની રક્ષા અને ધર્મ છે. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એક તો ધર્મનો પ્રકાર એ કે વસ્તુનો સ્વભાવ છે તે ધર્મ. એને ને એને દસ

પ્રકાર સમ્યગ્દર્શનસહિત ક્ષમા એ પણ એક ધર્મ, ત્રીજો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર, વીતરાગી પર્યાય સ્વભાવમાં ધ્રુવના આશ્રયે પ્રગટ થવી. ધ્રુવ ચૈતન્યબિંબ ભગવાન, નિત્ય સિદ્ધરૂપ વસ્તુ ત્રિકાળ શાશ્વત. એને આશ્રયે થતું સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ ધર્મ. અને એને આશ્રયે થતી રાગરહિતની અહિંસા સ્વભાવની ઉત્પત્તિ, એનું નામ ધર્મ. કહો, સમજાણું કાંઈ?

**'ઐસે ચાર પ્રકાર હૈ. વહાં નિશ્ચયસે સિદ્ધ કિયા જાય તબ તો સબમેં એક હી પ્રકાર હૈ,...'** જુઓ! ચારેયમાં એક જ પ્રકાર છે. શુદ્ધતા. આહાહા..! નિશ્ચયથી ચાર વસ્તુને સિદ્ધ કરીને **'સબ મેં એક હી પ્રકાર હૈ, ઇસલિયે વસ્તુસ્વભાવકા તાત્પર્ય તો જીવ નામક વસ્તુકી પરમાર્થરૂપ દર્શન-જ્ઞાનપરિણામમયી ચેતના હૈ,..'** જુઓ! જીવ નામનો પદાર્થ એવો ભગવાનઆત્મા, એનો પરમાર્થરૂપ દર્શન-જ્ઞાન એવા પરિણામ, શ્રદ્ધા-જ્ઞાનના એવા પરિણામ, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના પરિણામ, એ પહેલો વસ્તુનો સ્વભાવ તે ધર્મ. રાગ અને પુણ્ય આદિ કાંઈ વસ્તુનો સ્વભાવ નથી. કહો, સમજાણું કાંઈ?

**'નિશ્ચય સે સિદ્ધ કિયા જાય તો સબમેં એક હી પ્રકાર હૈ, ઇસલિયે વસ્તુસ્વભાવકા તાત્પર્ય તો જીવ નામક વસ્તુકી પરમાર્થરૂપ દર્શન-જ્ઞાન-પરિણામમયી ચેતના હૈ,...'** ભગવાનઆત્મા દર્શન-જ્ઞાનનો પિંડ છે. એમાં એકાગ્રતા (થવી), એવી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની ચેતના એ પરિણામ તે ધર્મ. જ્ઞાનચેતના તે ધર્મ છે. સમજાણું કાંઈ? વસ્તુનો સ્વભાવ પરમાર્થ એમ કીધું ને? જુઓ! **'દર્શન-જ્ઞાન-પરિણામમયી ચેતના હૈ,...'** એ વસ્તુનો સ્વભાવ છે. જાણવું, દેખવું એવો જે આત્માનો સ્વભાવ, એને પરિણામમાં પ્રગટ કરવો, જાણવા-દેખવાના પરિણામ, શ્રદ્ધા-જ્ઞાન અને શાંતિ, એ ચેતનાના પરિણામ તે ધર્મ. રાગાદિ તે ચેતનાનું પરિણામ, એ ચેતનાની ક્રિયા આવી, સવારમાં આવ્યું હતું. ચેતનાની ક્રિયા રાગની કે દયા, દાન, પરની દયા, દાનની ક્રિયા એ તો જીવની ક્રિયા જ નથી.

મુમુક્ષુ :- વ્યાપકનું વ્યાપ્ય નહિ?

ઉત્તર :- નહિ. આહાહા..! સમજાણું કાંઈ? આ શ્રુતપંચમીએ 'અષ્ટપાહુડ' શરૂ થાય છે. બધી ચોખવટ થાય છે. કોઈની લાજ રખાય કે કોઈની શરમે બીજું થાય એ આ વસ્તુ નથી. કે દુનિયાના ડરથી ઝાઝા માણસો માને, અને થોડા માને અથવા ન માને એટલે સત્‌ની સંખ્યા ન હોય, માટે સત્ બીજું થઈ જાય એમ છે નહિ. આહાહા..! લોકોને બહારની પ્રવૃત્તિના પરિણામ ઉપર આખા ધર્મનું માપ છે. અહીં તો કહે છે, કે વસ્તુનો સ્વભાવ પરમાર્થરૂપ ચેતના એવું જ્ઞાનમાં ચેતાવું શ્રદ્ધા-જ્ઞાનના પરિણામથી, એવો ચેતના પરિણામ તે ધર્મ છે. એ મોક્ષનો માર્ગ છે.

મુમુક્ષુ :- જ્ઞાન ચેતનાથી...

ઉત્તર :- હા. જ્ઞાનસ્વરૂપ આત્મા છે. એમાં ચેતાવું એટલે એકાગ્ર થવું. એ જ્ઞાનની ચેતના. એમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણેય એમાં આવી ગયા. અહીં તો હજી પહેલી વ્યાખ્યા કરે છે. વસ્તુ સ્વભાવ એ ધર્મની વ્યાખ્યા. પછી બીજી કરશે. એમાં પણ ચેતનાના પરિણામ જ છે

એમ સિદ્ધ કરશે. આહાહા..! સમજાણું કાંઈ?

વસ્તુ સ્વભાવ તેને તો જીવ ભગવાનઆત્મા, એ વસ્તુનો પરમાર્થ દર્શન-જ્ઞાન, દેખવા-જાણવાનો જેનો સ્વભાવ, એમાં એકાગ્ર થતાં જે ચેતના દર્શન-જ્ઞાન પરિણતિ થાય, તે વસ્તુનો સ્વભાવ અને તેને ધર્મ કહેવામાં આવે છે. શરીરની ક્રિયા નહિ, દયા-દાનના વિકલ્પ એ ધર્મ નહિ. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- સહકારી...

ઉત્તર :- સહકારીનો અર્થ હોય તે હોય. સહકારી કારણ અહીં ક્યાં છે? એના ઘરમાં રહ્યું. એકબીજામાં તો અભાવ છે. સહકારી કારણનો તો અભાવ છે.

મુમુક્ષુ :- સાથે હોય છે?

ઉત્તર :- હોય તો બધી આખી દુનિયા હોય. લોકાલોક છે, ત્યાં આવી જાય છે? લોકાલોક છે. કેવળજ્ઞાનમાં જણાય તે લોકાલોક જ્ઞાનમાં આવી ગયા? રાગાદિ બધું છે. હો, એ કાંઈ આત્માનો ધર્મ તો ચેતના અંદર પરિણમવું ચૈતન્ય શુદ્ધથી એ ધર્મ છે. 'શાંતિભાઈ!' આહાહા..!

મુમુક્ષુ :- આવો જૈનનો સ્વભાવ છે.

ઉત્તર :- આવો જૈનનો, વસ્તુનો સ્વભાવ આવો છે, એમ કહે છે. જૈનનું નામ જ ક્યાં લીધું? વસ્તુ જીવ છે, એનો પરમાર્થ સ્વભાવ જ જાણવું, દેખવું એવા ચેતનારૂપે પરિણમવું તે ધર્મ છે. એવું જ એ પરમાર્થ છે. ભગવાને કહ્યું, જાણ્યું અને કહ્યું છે. વસ્તુ જ એવી છે એ. જાણન, દેખન આનંદ પ્રભુ! એની અંતર દૃષ્ટિ કરીને જાણન, દેખન અને આનંદના, ચેતનાના પરિણામ પ્રગટે, એને અહીંયાં વસ્તુનો સ્વભાવ-ધર્મ કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ?

**'ઔર વહ ચેતના સર્વ વિકારોંસે રહિત...' 'વહ ચેતના સર્વ વિકારોંસે રહિત...'** જુઓ! **'શુદ્ધ-સ્વભાવરૂપ પરિણમિત હો વહી જીવકા ધર્મ હૈ.'** લ્યો! રાગ અને વિકલ્પથી રહિત શુદ્ધ ચેતના થાય, એ જીવનો સ્વભાવ અને ધર્મ છે. અસ્તિ-નાસ્તિ કહ્યું. લ્યો! **'દર્શન-જ્ઞાન-પરિણામમયી ચેતના હૈ, ઔર વહ ચેતના સર્વ વિકારોંસે રહિત...'** દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, નામ સ્મરણ વિકલ્પ છે એ તો વિકાર છે. આહાહા..! **'સર્વ વિકારોંસે રહિત શુદ્ધસ્વભાવરૂપ પરિણમિત...'** ભગવાન પવિત્ર શુદ્ધ છે, ત્રિકાળ શુદ્ધ છે. એનું પરિણમન શુદ્ધ થવું, એ ધર્મ છે. બીજી શૈલી આવે છે ને અહીં તો. 'સમયસાર'ની શૈલી ને... વાત તો એ છે પણ બીજી ઢબે વાત છે. આહાહા..! એય..! 'સુજાનમલજી'!

મુમુક્ષુ :- કડક છે.

ઉત્તર :- કડક. કડક નહિ. જેમ છે તેમ છે. કડક તો અતિરેક કહેવાય. આવો સ્વભાવ... આહા..હા..!

મુમુક્ષુ :- માર્ગ બગડી ગયો એટલે.

ઉત્તર :- એટલે લાગે છે. લોકોને ... એવી રીતે માન્યું છે ને, કે આ જાણે ભગવાનની ભક્તિ કરીએ અને જાત્રા કરીએ, પૂજા કરીએ, આ સામાયિક પોષા-પડિક્કમણા કરીએ એટલે

ધર્મ. એ એના માનેલા છે. એ તો વિકલ્પ છે, ભાઈ! એ તો શુભરાગ છે. એ રાગથી, વિકારથી રહિત શુદ્ધ ચેતનાનું પરિણમવું તે ધર્મ છે. આહાહા..! સમજાણું કાંઈ? વીતરાગધર્મની આ વ્યાખ્યા. ભાઈ! ... એને ગોઠશે નહિ એવું. એણે બીજું ગોઠવેલું છે ને. પછી વારંવાર જ્યારે થાય ત્યારે એમ લાગે કે, ભાઈ! માર્ગ તો આ છે. એય..! ભાઈ! જુઓ! આવું છે આ. બૈરાની વાતું! હળવે-હળવે બેસશે. ન ગોઠે તો અહીંથી ચાલ્યા જશે. ગોઠશે તો વળી ત્યાં વળી થોડું થોડું ગોઠી ગયું. આ માર્ગ તો કાંઈક બીજો લાગે છે. આહા..હા..!

આ દેહને ભૂલી જાવ, કહે છે. આ તો માટી-જડ છે. વિકલ્પ ઉઠે એને ભૂલી જાવ. કારણ કે એ તો વિકાર છે. ભૂલ વિનાનો સ્વભાવ જે ત્રિકાળ આનંદ અને જ્ઞાનમૂર્તિ છે, એનું તે રૂપે પરિણમન થવું, વિકારરહિત સ્વભાવ શુદ્ધતા સહિત. શુદ્ધતા સહિત અને વિકાર રહિત, એમ કહ્યું.

મુમુક્ષુ :- મહારાજ ભૂલી જાવ એમ આપ કહો છો.

ઉત્તર :- ભગવાનને અંદર યાદ કરો. અંદર પરમાત્મા આનંદસ્વરૂપ છે એને સ્મરો. આને ભૂલી જાવ, એમ કહે છે.

મુમુક્ષુ :- એ તો વાતે વાતે... ક્રિયા કાંઈ નહિ.

ઉત્તર :- આ ક્રિયા ન આવી? ભગવાન આનંદમૂર્તિ તેને યાદ કરો. જેનું વિસ્મરણ ચાલે છે તેનું સ્મરણ કરો, અને જેનું સ્મરણ ચાલે છે તેનું વિસ્મરણ કરો. પંડિતજી! આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- માંગલિકમાં ઘણી ઠેકાણે કહ્યું છે. સવારે માંગલિક આવે છે ને.

અનાદિ ભગવાનઆત્મા શુદ્ધ ચિદાનંદ આનંદ છે તેનું તેને વિસ્મરણ છે. અને રાગ, દ્વેષ અને મિથ્યા અભિપ્રાય તેનું એને યાદગીરી અને સ્મરણ છે. એ વિસ્મરણ છે ભગવાનઆત્માનું એને સ્મરણમાં લાવવું. સ્મરણ ક્યારે થાય? એને પકડી, અવાય કરી નિર્ણય કરી અને ધારણા કરી હોય તો સ્મરણ થાય. જ્ઞાનાનંદસ્વરૂપ ચિદાનંદ પ્રભુ! ચૈતન્યના સ્વભાવથી એકલો ભરેલો, એનો અવગ્રહ કરી, નિર્ણય કરીને અંદર ધાર્યું હોય કે આવું સ્વરૂપ છે, એનું સ્મરણ કરવું અને અનાદિનું વિકારનું સ્મરણ છે તેને વિસ્મરણ કરવું. કહો, સમજાય છે કાંઈ?

જુઓ! '**જીવ નામક વસ્તુકી પરમાર્થરૂપ દર્શન-જ્ઞાન-પરિણામમયી ચેતના હૈ,...**' એ શુદ્ધ કીધું. એ શુદ્ધનું પરિણમન (છે). રાગ છે એ તો વિકાર છે. એ શુદ્ધનું પરિણમન નથી. આહાહા..! પંચમહાવ્રતના પરિણામ, પરની દયાનો ભાવ એ બધો વિકાર છે. એ વિકાર રહિત શુદ્ધ ચૈતન્યનું પરિણમન, વિકાર રહિત (પરિણમન થાય) એને શુદ્ધચેતના ધર્મ, વસ્તુનો સ્વભાવ કહે છે. આહાહા..! બહુ આકરું કામ. લોકોમાં એટલું બધું બહારનું આમ હો..હો.. હો..હા.. હો..હા.. (થઈ ગઈ છે કે) આ વાત બેસવી કઠણ પડે. આ તો એકાંત છે. પણ કોઈ સાધન-ફાધન ખરું? વિકાર સાધન અને નિર્વિકાર સાધ્ય? એમ હોઈ શકે નહિ. અહીં તો વિકારરહિત જ કહેવું છે ત્યાં વળી વિકાર સાધન ક્યાંથી આવ્યું? એમ કહે છે.

વસ્તુ ચૈતન્યનો સ્વભાવ ભગવાન, ત્રિકાળ, સર્વ કાળે શાશ્વત શુદ્ધ. આપણે ત્રણ બોલ આવ્યા હતા ને? અંતઃ, ચિર, વિશદ, લસત.. ચાર બોલ હતા. અંતઃ. અહીં વળવું છે ને! એમ કહે છે. અહીં આમ વળવું છે ને? આમ વળવું છે તો એ વળેલો અસંખ્યપ્રદેશી અંદર એકરૂપ છે. અને પછી.. સમજાણું? ચિર સર્વકાળે એમ જ છે એ. શાશ્વત. સર્વ કાળે જ્ઞાન આનંદમય વસ્તુ એમ ને એમ છે. પછી વિશદ-સર્વ કાળ શુદ્ધ છે. ભાવ. એ ભાવ આવ્યો. સર્વ કાળ શુદ્ધ છે. લસત. સર્વકાળે પૃથક્ છે. ભારે અર્થ કાઢ્યો છે.

મુમુક્ષુ :- સર્વકાળ અને લસત્-

ઉત્તર :- .. ચારેયમાં સર્વ છે. સમજાણું કાંઈ? એ એનો સ્વભાવ જ એવો છે, કહે છે. ત્રણેય કાળ અંતઃ અસંખ્યપ્રદેશનું એકરૂપ, એમાં એવી ને એવી સ્થિતિ રહે એવી વસ્તુ શાશ્વત છે. કાળ રહી ગયો અંદર ત્રિકાળી. અને એનો શુદ્ધત્વ ભાવ એ એનો ભાવ છે. અને તેનું પ્રત્યક્ષ થવું, એ પ્રત્યક્ષ ત્રિકાળ પ્રત્યક્ષ થાય એવો એનો પ્રત્યક્ષ ગુણ છે, એવો એનો સ્વભાવ છે. એ સ્વભાવનું એ રીતે ચૈતન્યનું શુદ્ધરૂપે પરિણમન થવું, દ્રવ્યના આશ્રયે શુદ્ધનું પરિણમન થવું, પરના આશ્રયે વિકાર રહિત પરિણમન થવું, એને ચેતનારૂપ ધર્મ કહેવામાં આવે છે. આમાં કોઈ શંકાને સ્થાન જ નથી. કેમ હશે અને કેમ હશે? (એમ નથી). આહા..હા..! 'દેવીચંદજી'!

મુમુક્ષુ :- સાધન ન હોય.

ઉત્તર :- સાધન-ફાધન. એ પોતે સાધન છે. એ તો સવારે વાત ચાલે છે. આહાહા..! કર્તાથી સાધન–કરણ–ભિન્ન હોઈ શકે નહિ. એ તો સવારમાં આવે છે. હજી આવશે એમાં. આહાહા..! કરનારો ભગવાનઆત્મા, એના સ્વભાવનું સાધન પણ પોતે જ છે. એને પરની તો અપેક્ષા છે જ ક્યાં? સ્વતંત્રપણે કરે તેનું સાધન, સ્વતંત્રપણે સાધે તે સાધુ. પરની અપેક્ષા રહે એમાં સ્વતંત્ર ક્યાં રહ્યું? આહા..હા..!

મુમુક્ષુ :- સાધે કોણ?

ઉત્તર :- એ અનેકાંત છે. સ્વ સાધનથી થાય અને પર સાધનથી ન થાય. કહ્યું હોય ક્યાંક તો એ વ્યવહારથી કથન છે. માટે પરથી ન થાય એમ અનેકાંત છે. લ્યો. હજી એક વાત લીધી. બીજી લેશે. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## પ્રવચન નં. ૨ ગાથા-૨ બુધવાર, જેઠ સુદ ૬, તા. ૧૦-૦૬-૧૯૭૦

**(આ પ્રવચનમાં જેટલું ન સમજાણું હોય તે લખેલ નથી. મુમુક્ષુઓને સાંભળવામાં ખ્યાલ આવે તો ખાલી જગ્યા પૂરી લેવા વિનંતી.)**

શુદ્ધ જ્ઞાન અને આનંદ સ્વરૂપ છે, એવું જ એનું શુદ્ધ જ્ઞાન અને આનંદની (અવસ્થા પ્રગટ થાય) તેનું નામ શુદ્ધચેતના ધર્મ કહેવામાં આવે છે. કાલે તો આ આવી ગયું હતું. ... કહે છે, ચાર પ્રકાર કહ્યા ને? ભાઈ!

પ્રથમ તો વસ્તુ સ્વભાવ તે ધર્મ. એટલે શું? વસ્તુ સ્વભાવ તે ધર્મ. વત્થુ સહાવો ધમ્મો. એ આવે છે ને? 'સ્વામી કાર્તિક' આદિમાં. એટલે શું? વસ્તુનો સ્વભાવ તે ધર્મ (એટલે શું)? આ આત્મા વસ્તુ છે, એનો જ્ઞાન, આનંદ, આદિ શ્રદ્ધા, શીલ શુદ્ધ ભાવરૂપ ભાવ છે, ત્રિકાળ. આત્મા વસ્તુ છે, એનો ત્રિકાળી શુદ્ધ શ્રદ્ધા, જ્ઞાન, આનંદ, શાંતિ વગેરે શુદ્ધ ભાવ છે, એ શુદ્ધ ભાવનું શુદ્ધપણે પરિણમન થવું. સમજાય છે? એ વસ્તુનો સ્વભાવ.

વસ્તુ-આત્મા. એનો સ્વભાવ કાયમી જ્ઞાન, આનંદ ને શાંતિ વીતરાગભાવ, એનું શુદ્ધપણે પરિણમવું, શુદ્ધ ભાવ છે એવું એનું પરિણમવું, એ રીતે થવું. દ્રવ્યને આશ્રયે સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર આદિના બધા ગુણોનું શુદ્ધ પરિણમન થવું, એનું નામ વસ્તુ સ્વભાવ શુદ્ધ ચેતના પરિણમન ધર્મ કહે છે. 'સેઠી'! સમજાણું કે નહિ? 'કાંતિભાઈ'!

અને તે ચેતના. ભગવાનઆત્મા જ્ઞાનસ્વરૂપમાં ચેતે અંતરમાં. આનંદસ્વરૂપ એનું છે. ચૈતન્ય આનંદમૂર્તિ આત્મા (છે). આનંદનું સ્થાન એ આત્મા છે. એ આનંદનું ધામ સ્વભાવ એ શુદ્ધ છે. એનો આશ્રય લઈને શુદ્ધપણે વર્તમાનમાં વ્યક્તપણે-પ્રગટપણે શુદ્ધ પરિણમનનું થવું એને અહીં ચેતના પરિણામ-ધર્મ કહેવામાં આવે છે. એ 'ચેતના સર્વ વિકારોંસે રહિત...' એ ચેતનાની અસ્તિથી વાત કરી. હવે નાસ્તિથી (કહે છે). એમાં દયા, દાન, વ્રતાદિના વિકલ્પો જે વિકાર છે, એનાથી રહિત એ ચેતના છે. એનું નામ વસ્તુના સ્વભાવનો ધર્મ કહે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ વિકાર રહિતમાંથી કાઢ્યું છે. કાલે બોલ્યા નહોતા? ... દયા, દાન, વ્રતના પરિણામ જુદાં છે માટે જુદાં થઈ શકે છે. આ તમારું બોલે છે સમજાણું કાંઈ? ... તૈયાર તો થાય થોડા થોડા. કંઈક (કાને) તો પડે. અત્યારે નાની ઉંમરમાંથી આવી વાત કાને પડે એટલે ભાગ્યશાળી છે. 'લાલચંદભાઈ' નહોતા કહેતા? શું કહેવાય? 'જામનગર'વાળા લાલન. લાલન કહેતા હતા ત્યાં, ... અમને આટલી ઉંમરે મળે છે અને તમને નાની ઉંમરમાં મળ્યું, એમ કહેતા. ચોમાસુ હતું ને? ... ન્યાં હતા. અમને આટલી ઉંમરે આ વાત મળી, પહેલા અમને મળી નહોતી. નાના નાના બધા હતા. તમને તો આટલી નાની ઉંમરમાં મળી. તમે ભાગ્યશાળી! લાલન હતા, નહિ? ... ત્યાં ઘર હતું.

કહે છે, વસ્તુનો સ્વભાવ તેને ભગવાને ધર્મ કહ્યો. એટલે શું? વસ્તુ એટલે આત્મા. એમાં વસેલી શક્તિઓ એટલે શુદ્ધ ભાવ. ત્રિકાળી. જ્ઞાન, આનંદ, વીતરાગતા, સ્વચ્છતા, પ્રભુતા એવા જે અનંત ગુણો. વસ્તુ શક્તિવાન અને આ બધી શક્તિઓ શુદ્ધ ભાવ એ જ વસ્તુનો ધર્મ છે. પણ એ ધર્મ છે એ પ્રગટપણે ક્યારે થાય? એમ કહે છે. એ તો ત્રિકાળી છે. એ ત્રિકાળી ધર્મનો અંતર આશ્રય લઈને જે શુદ્ધરૂપે દર્શન, જ્ઞાન, ચારિત્ર આદિમાં અનંત ગુણનું શુદ્ધ પરિણમન થાય એ શુદ્ધ ચેતનાને ધર્મ કહેવામાં આવે છે. આ જૈનધર્મ. આ જૈનધર્મ છે.

**'વહ ચેતના સર્વ વિકારોંસે રહિત...'** એમાં આવી ગયું. એ વિકલ્પ જેટલા છે, દયા, દાન, વ્રત, તપ, ભક્તિ, પૂજા આદિ વિકલ્પ એ વિકાર છે. એ વિકાર રહિત અને ચેતનાના સ્વભાવ સહિતનું પરિણમવું, એવી ચેતનાને જૈનધર્મ અથવા મોક્ષનો માર્ગ કહે છે. સમજાય છે કાંઈ? મંદિરો, જાત્રા એ તો એને કારણે હો. એમાં લક્ષ જાય એને શુભભાવ કહે છે. શુભભાવ હોય. શુભભાવ વ્યવહારધર્મ કહેવામાં આવે છે. એ પણ નિશ્ચયધર્મ હોય તો. સમજાણું કાંઈ?

આત્મ વસ્તુ છે, શુદ્ધભાવ સ્વભાવભાવ (છે). વસ્તુ છે એ સ્વભાવવાળી છે અને ભાવ સ્વભાવ છે એ શક્તિઓ, સ્વભાવ, સત્ત્વ, ગુણ એ ત્રિકાળ શુદ્ધ છે. એ શુદ્ધનો ગુણ અને દ્રવ્ય એનો અંતર આશ્રય લઈને પરિણામમાં, વર્તમાન પર્યાયમાં શક્તિમાંથી વ્યક્તનું શુદ્ધ પરિણમન થાય તેને ચેતના શુદ્ધ પરિણામ ધર્મ કહે છે. આ તો સહેલુંસટ થાય એવું છે, સમજાય એવું છે. 'સુજાનમલજી'! આ તો સાદી ભાષા છે. આમાં કાંઈ સંસ્કૃત ને વ્યાકરણ ભણ્યો હોય એવું કાંઈ નથી. આ ધર્મ. જૈનધર્મ અનાદિનો છે. જુઓ! ફલાણા આધારે છે. પણ એ ધર્મ છે ક્યાં એ તો કહે? સમજાણું કાંઈ? પરનો આધાર આપે છે, આત્માનો નહિ. અહીં તો જૈનધર્મ આત્મામાં છે, એમ કહે છે. સમજાણું કાંઈ? ઓલા એમ કહે, અહો! જૈન ધર્મ ઝીણો છે. પણ જૈનધર્મ એટલે શું? એ જૈનધર્મ પર્યાયરૂપ પ્રગટે એને ધર્મ કહે છે. એ પ્રગટે પણ એ જે પ્રગટે છે એ બધી શક્તિરૂપ ગુણ છે અને ગુણનો ધરનાર એકરૂપ દ્રવ્ય છે. એમ નક્કી કરે એને આશ્રયે મતિ-શ્રુત થાય. સમજાણું કાંઈ?

વસ્તુ એમ કીધું ને? વસ્તુ સ્વભાવ. વસ્તુ આત્મા છે તે એક છે. વસ્તુ. એનો સ્વભાવ એટલે ભાવ. જ્ઞાન, દર્શન આદિ અનંતા અનંત ગુણો. એ એનો ભાવ. એ ધર્મ. એટલે કે એનો ત્રિકાળી તો ધર્મ છે પણ જ્યારે પર્યાયમાં તેનું લક્ષ કરીને પ્રગટે ત્યારે તેને શુદ્ધનું ભાન થયું ત્યારે એ શુદ્ધ કહેવામાં આવે છે. શુદ્ધની પરિણતિ થઈ ત્યારે આને ત્રિકાળ શુદ્ધભાવ છે એ એનો સ્વભાવ છે એમ પ્રતીત અને અનુભવમાં આવ્યું એ પરિણામને ધર્મ કહે છે. સમજાણું કાંઈ? ઇ એક વાત થઈ. હવે બીજી. બીજો ધર્મ. કહે છે ઇ ની ઇ વાત, પણ બીજી રીતે.

વળી, બહુરી એટલે અથવા. એમ. અથવા **'ઉત્તમક્ષમાદિક દસ પ્રકાર કહનેકા...'** ઉત્તમ ક્ષમા દસલક્ષણી પર્વમાં આવે છે ને? ઉત્તમ ક્ષમા, ઉત્તમ માર્દવ, સરળતા, નિર્લોભતા, બ્રહ્મચર્ય આદિ ઉત્તમ ધર્મ દશા. એ ઉત્તમ ક્ષમા આદિ દસ ધર્મ. **'કહનેકા તાત્પર્ય યહ હૈ કિ આત્મા ક્રોધાદિ કષાયરૂપ ન હોકર...'** જુઓ! એ અહીં લીધું પાછું. ક્રોધ, માન, માયા આદિ વિકલ્પરૂપે ન

હોય, **'અપને સ્વભાવમેં સ્થિર હો વહી ધર્મ હૈ,...'** બીજી રીતે કહ્યું એની સાથે મેળવે છે. વસ્તુ તો એક જ છે. સમજાણું કાંઈ?

આત્મામાં ક્ષમા આદિ ચારિત્રગુણ તો ત્રિકાળ છે. એ ત્રિકાળ ગુણની પરિણતિ થઈને જે ઉત્તમ ક્ષમા આદિ પર્યાયમાં આવે, એ પર્યાય-પરિણતિ નિર્મળ છે અને ક્રોધાદિના વિકારથી રહિત છે. એ તો નાસ્તિથી સમજાવ્યું. પેલામાં જ્યારે એમ કહ્યું, ચેતના ધર્મ છે તે સર્વ વિકારથી રહિત છે. અહીં ઉત્તમ ક્ષમા આદિ કહ્યું એટલે એની સામે ક્રોધાદિથી રહિત છે, એમ કહીને ઉત્તમ ક્ષમા આદિ પરિણતિ જીવનો ભાવ ચેતના તેને ધર્મ કહે છે. ઉત્તમ ક્ષમા ધર્મ પણ આ જ કહ્યો. બીજો ધર્મ કંઈ બહારની ક્ષમા કરી, એવું છે નહિ. સમજાણું કાંઈ?

ઉત્તમ ક્ષમાદિક. એમાં આવ્યું, આદિ દસ પ્રકાર કહેવાથી. ક્રોધાદિ કષાયરૂપ. સામેસામું લેવું. ક્ષમા સામે ક્રોધ. નિર્માન સામે માન. સંતોષ સામે લોભ. એવા કષાયરૂપ આત્મા ન હોય. વિકારની ક્રોધ, માન, માયા, લોભરૂપે આત્મા ન હોય. પોતાના સ્વભાવમાં સ્થિર હોય. પેલું ન હોય એ તો વિકાર થઈ જશે. ભગવાનઆત્મા અકષાય સ્વભાવ સ્વરૂપ છે, અકષાય સ્વભાવ સ્વરૂપ છે, એવા અકષાય સ્વભાવમાં પોતામાં સ્થિર થાય. પોતામાં સ્થિર થાય એ જ ધર્મ (છે). આ દસલક્ષણી ધર્મ. સમજાણું કાંઈ? આવો જૈનધર્મ. આ જૈનધર્મ છે.

**'યહ ભી શુદ્ધ ચેતનારૂપ હી હુઆ.'** કહે છે, એ પણ શુદ્ધ ચેતના (સ્વરૂપ છે). શુદ્ધ સ્વભાવ ભગવાનઆત્મા, ત્રિકાળ શુદ્ધ ભાવરૂપ, એ શુદ્ધનો આશ્રય લઈને જે શુદ્ધ ચેતનારૂપ પરિણમન થયું, એ પણ દસલક્ષણ ધર્મ શુદ્ધ ચેતનારૂપ થયો. દસલક્ષણ ધર્મ એ શુદ્ધ ચેતનારૂપ જ થયો, એનાથી કોઈ બીજી જાત નથી. સમજાણું કાંઈ? જૈનધર્મ ક્યાં રહેતો હશે? મંદિરમાં? પાલિતાણામાં? કે બીજે? સમેદશિખરે? ક્યાં રહેતો હશે 'દીલીપ'?

મુમુક્ષુ :- અંદર આત્મામાં છે.

ઉત્તર :- આત્મામાં છે. ધડાકા બોલે છે. કહો, સમજાણું કાંઈ?

ભગવાનઆત્મા, એનો દસલક્ષણી ધર્મ-ઉત્તમ ક્ષમા આદિ. એ ધર્મ કંઈ બહારથી આવતો નથી. અંદરમાં સ્વભાવ છે તેને આશ્રયે તેનું પરિણમન થાય છે અને નાસ્તિથી કહીએ તો ક્રોધ, માન, માયા, લોભ પ્રતિકૂળતા આદિનો એમાં અભાવ છે. સમજાણું કાંઈ? આ ધર્મ છે. જૈનધર્મ. આ દસલક્ષણી પર્વ આત્માની પર્યાયમાં રહે છે, કંઈ બહારમાં રહેતો નથી. આહાહા..! સમજાણું કાંઈ?

વળી, હવે ત્રીજો, ત્રીજો ધર્મ. **'દર્શન-જ્ઞાન-ચારિત્ર કહને કા તાત્પર્ય યહ હૈ કિ...'** સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર, જે મોક્ષનો માર્ગ એ ધર્મ. એમ કહ્યું એટલે કે **'તીનોં એક જ્ઞાનચેતનાકે હી પરિણામ હૈં,...'** આહાહા..! પેલી કર્મચેતના જે દયા, દાન, વ્રત, કે દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો વિકલ્પ, રાગ એ તો કર્મચેતના છે, એ કંઈ ધર્મચેતના નથી. આહા..! જ્ઞાનચેતના નથી. શું કહ્યું? **'દર્શન-જ્ઞાન-ચારિત્ર કહને કા...'** સમ્યગ્દર્શન એ શું છે? જ્ઞાનચેતના. જ્ઞાનસ્વરૂપી ભગવાનઆત્મા, એની અંતરની એકાગ્રતા, જ્ઞાનનું ચેતવું, જ્ઞાનમાં એકાગ્ર થવું,

જ્ઞાનનો અનુભવ (થવો) એ સમ્યગ્દર્શન, જ્ઞાનચેતના છે. સમ્યગ્જ્ઞાન એ જ્ઞાનચેતના છે અને ચારિત્ર, સ્વરૂપમાં ઠરવું એ પણ જ્ઞાનની એકાગ્રતારૂપી ચારિત્ર છે. સમજાણું કાંઈ?

**'दर्शन-ज्ञान-चारित्र कहने का तात्पर्य यह है कि तीनों एक ज्ञानचेतनाके ही परिणाम हैं,...'** પરિણામ છે. પર્યાય છે ને? ધર્મ તો પરિણામ લેવા છે ને? છોકરાઓનું પરિણામ આવે ઇ હશે આ? છોકરાઓને નથી આવતા? શું પરિણામ આવ્યું? અહીં તો પરિણામ એટલે એની પર્યાય. એની વર્તમાન દશામાં જે સમ્યક્ શુદ્ધ ચૈતન્યભાવ છે, એની અંતર શ્રદ્ધા, એ પણ જ્ઞાનચેતનાના પરિણામ થયા. રાગ ચેતના ને હરખ ચેતનાના એ પરિણામ નથી. સમજાણું કાંઈ? એટલે કર્મફળ અને કર્મચેતના નથી. **'तीनों एक ज्ञानचेतनाके ही परिणाम हैं,...'** આહાહા..!

ભગવાનઆત્મા એકલો જ્ઞાનસ્વભાવ, અસાધારણ સ્વભાવ એ વસ્તુ પોતે. જ્ઞાન વસ્તુ, ચેતન સ્વભાવ, એની અંતર એકાગ્રતા એ જ્ઞાનચેતના છે. એ સમ્યગ્દર્શન જ્ઞાનચેતના (છે). જ્ઞાનની એકાગ્રતાની પ્રતીતિ. સમ્યગ્જ્ઞાન પણ જ્ઞાનચેતના છે. જ્ઞાનનું સ્વસંવેદનપ્રત્યક્ષ. અને જ્ઞાનમાં રમણતા, એ જ્ઞાનની રમણતા એ પણ જ્ઞાનચેતના (છે). કહો, સમજાણું કાંઈ? **'वही ज्ञानस्वभावरूप धर्म है.'** લ્યો. **'वही...'** પેલામાં ચેતના કહ્યું હતું ને? **'यह भी शुद्ध चेतनारूप ही हुआ.'** એમ કહ્યું હતું. આને કહ્યું, **'यही ज्ञानस्वभावरूप धर्म है.'** જ્ઞાનચેતના છે ને? જ્ઞાનસ્વભાવ છે. ભગવાનઆત્મા જ્ઞાનસ્વભાવ, એમાં એકાગ્ર થાય, સ્વસન્મુખમાં એકાગ્ર થાય તો પરિણતિ પ્રગટે અવસ્થા, એ શુદ્ધ જ્ઞાનચેતના સ્વભાવ છે. ભારે વાત. 'હિંમતભાઈ'! આવું હતું ક્યાંય ન્યાં? નહિ? આહા..હા...!

ત્રણ વાત થઈ. વસ્તુ સ્વભાવ એ ધર્મ. ઉત્તમ ક્ષમા આદિ ધર્મ, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પરિણામ તે ધર્મ. એ ત્રણની વ્યાખ્યા થઈ. હવે એક વ્યાખ્યા, જીવની રક્ષા તે ધર્મ, એ બાકી રહ્યું. આવું છે. કહે છે, જીવની રક્ષા તે ધર્મ. એટલે શું?

જીવની રક્ષા કહેવાથી, **'अपनी या परकी...'** દેખો! પોતામાં અને પરમાં. **'जीव क्रोधादि कषायोंके वश होकर अपनी या परकी पर्यायके विनाशरूप मरण तथा दुःख, संक्लेश परिणाम न करे-ऐसा अपना स्वभाव...'** દેખો! આત્માને આત્મામાં શુભ ને અશુભ વિકલ્પ ન કરવો, એ જીવની રક્ષા છે.

મુમુક્ષુ :- અશુભની વાત છે.

ઉત્તર :- બેયની. **'पर्यायके विनाशरूप मरण...'** કષાયોને વશ થઈને **'पर्यायके विनाशरूप मरण तथा दुःख, संक्लेश परिणाम न करे...'** બેય.. બેય. દુઃખના સંક્લેશ પરિણામ અને પર્યાયના વિનાશરૂપ મરણ કહ્યું ને? પર્યાયમાં શુભ-અશુભ સંકલ્પ છે એ જ પર્યાયનું મરણ છે. સમજાણું કાંઈ?

ભયંકર ભાવમરણ આવ્યું છે ને? 'ક્ષણ ક્ષણ ભયંકર ભાવમરણે કાં અહો રાચી રહો.' આવે છે ને 'શ્રીમદ્'માં. સોળ વર્ષે કહ્યું. 'ક્ષણ ક્ષણ ભયંકર ભાવમરણે...' એટલે? શુદ્ધ ચૈતન્યના આનંદનું જીવન, એવું એનું જીવન છે, એમાં રાગ અને દ્વેષની ઉત્પત્તિ કરવી એ જીવની શાંતિનું

મરણ-વ્યય થાય છે. એનો ઉત્પાદ થવો જોઈએ, આનંદ અને શાંતિનો ઉત્પાદ થવો જોઈએ, એને ઠેકાણે રાગ-દ્વેષના પરિણામથી તેનો વ્યય થાય છે એ એનું મરણ છે. આહાહા..! સમજાણું કાંઈ?

જીવની રક્ષા. ભગવાનઆત્મા પોતાના સ્વભાવની રક્ષા અને પરજીવના સ્વભાવની રક્ષા. એ તો પર પરનું કરે છે અને આત્મા આત્માની કરે. **'ક્રોધાદિ કષાયોંકે વશ હોકર..'** વિકલ્પ જે છે, ચાહે તો શુભ હો કે અશુભ રાગ (હો), એને વશ થવું એ જ ચૈતન્યના શુદ્ધ નિર્મળ પર્યાયનું મરણ છે. 'હિંમતભાઈ'! સમજાણું કાંઈ?

એ વિચાર આવ્યો હતો. ઇન્દ્રોએ દ્વારિકા રચી ને? દ્વારિકા. તીર્થંકર જ્યાં વસે છે, એને રચે છે ત્યારે મણિરત્નના મંદિરો બનાવે. આમાં આવશે. મણિરત્નના મંદિરો બનાવે. મંદિર, ઘર. તીર્થંકર આવવાના છે ને! એટલે દેવો પહેલેથી આવીને દ્વારિકાની રચના કરશે. સોનાના ગઢ, મણિરત્નના કાંગરા. મહેલ અને બીજા મકાનો. ઊંચા ઊંચા. એવા ઊંચા.. આમાં આવશે. તીર્થંકર થાય ને. .... અરિહંત કા નિરૂપણ ચૌદહ ગાથામાં કિયા. નામ, સ્થાપના, દ્રવ્ય, ભાવ. .. વગેરે.

'પ્રથમ તો ગર્ભ કલ્યાણક હોય. ગર્ભ મેં આને સે છ મહિને પહેલે ઇન્દ્ર કા ભેજા હુઆ કુબેર જિસ રાજા કી રાની કે ગર્ભ મેં તીર્થંકર આવશે, તાકા નગર કી શોભા કરે.' છે? કેટલામી ગાથા છે? ૪૧. ૪૧ ગાથા. ઇન્દ્ર આવીને કરે ... અહીં આપણે તો એ લેવું છે. 'રાની કે ગર્ભ મેં આવશે, રતનમયી સુવર્ણમયી મંદિર રચે.' મકાન. દ્વારિકાને ઇન્દ્રોએ રચી, હોં! ભગવાન આવવાના છે. આમાં લખાણ એ રીતે છે. પેલામાં આવ્યું છે, 'બળભદ્ર' પૂછે છે, આમાં એમ લખ્યું છે, બળભદ્ર પૂછે છે. આ દ્વારિકા નગરી ... છે તો એની સ્થિતિ કેટલી? એમ પૂછે છે. .... બળભદ્ર ભગવાનને પૂછે છે, આ નગરી ... સમુદ્રમાં નદી કરી એની સ્થિતિ કેટલી? એવું આવે છે, હોં! ... ક્યાં આવ્યું? 'ભાવપાહુડ'માં આવે છે ને? કેટલામી ગાથા? પચાસ. બરાબર છે. પચાસમી ગાથાનો ભાવાર્થ છે, જુઓ!

**'પહિલે કી તરહ ઇસકી કથા સંક્ષેપસે ઇસપ્રકાર હૈ-નૌંવે બલભદ્રને શ્રીનેમિનાથ તીર્થંકરસે પૂછા કિ હે સ્વામિન્!'** ભાવાર્થની પહેલી લીટી છે ભાવાર્થની, ભાઈ! ત્યાં શ્વેતાંબરમાં એવું આવે છે કે ગજસુકુમાલ શ્રીકૃષ્ણના ભાઈ ... આ દ્વારિકાના સ્મશાનમાં પ્રભુ! આપની હાજરી ... ભગવાન .... એવો પ્રશ્ન કર્યો છે. અહીંયાં આ પૂછ્યું છે, જુઓ! **'બલભદ્રને શ્રીનેમિનાથ તીર્થંકરસે પૂછા કિ હે સ્વામિન્! યહ દ્વારકાપુરી સમુદ્રમેં હૈ ઇસકી સ્થિતિ કિતને કાલ તક હૈ? તબ ભગવાન ને કહા કિ રોહિણી કા ભાઈ દીપાયન તેરા મામા...'** બલભદ્રના મામા થાય. **'બારહ વર્ષ પીછે મદ્યકે નિમિત્તસે ક્રોધ કરકે ઇસ પુરીકો દગ્ધ કરેગા.'** આમાં એમ છે. એમાં એમ લીધું છે, ... વિષય લેતાં મરીને અગ્નિકુમાર થયા એણે બાળી, એમ લખ્યું છે એમાં, જુઓ! અહીં તો ચોખ્ખું લખ્યું છે, દ્વારિકા એને કારણે બળી, એમ લખ્યું છે. ભગવાને બળભદ્રને કહ્યું, આ દ્વારિકા સ્થિતિ બાર વર્ષની. સોનાના ગઢ અને મણિરત્નના કાંગરા. સ્થિતિ બાર વર્ષની.

આહાહા..! ગારાના મકાન નહોતા, પથરાના નહોતા. નાશવાન ચીજ (છે), બાપા! શું થાય? સમજાણું કાંઈ?

અહીં કહે છે, અહો..! જીવની રક્ષા. ભગવાનઆત્મા આનંદ ને જ્ઞાનના સ્વભાવવાળું જીવન જેનું, અસ્તિ ટકવું છે, એવા જ્ઞાન અને આનંદમાં ટકે એ જીવની રક્ષા છે, એમ કહે છે. સમજાણું કાંઈ? આવો માર્ગ છે આ. વીતરાગ પરમાત્મા... શુભભાવ થવો એ પણ જીવમાં શાંતિનું મરણ છે, એમ કહે છે. આહા..! એ જીવની રક્ષા નહિ. આહાહા..! ભગવાનઆત્મા, પુણ્ય-પાપના વિકલ્પ વિનાની આત્મા શુદ્ધ ચૈતન્યને આશ્રયે નિર્મળ પરિણતિ, અરાગી-વીતરાગી કરે એ જીવની અહિંસા અને તેણે જીવની રક્ષા કરી. 'શાંતિભાઈ'! આવો માર્ગ છે. અરે..! દુનિયાને ક્યાં જવું છે?

આ અહિંસા છે. રાગની અનુત્પત્તિ અને વીતરાગ સ્વભાવની ઉત્પત્તિ, એ જીવની રક્ષા (છે). ભગવાનઆત્મા વીતરાગસ્વરૂપ જ છે. વીતરાગ અકષાયસ્વભાવ છે. અકષાય સ્વભાવ કહો કે વીતરાગ સ્વભાવ કહો (બન્ને એકાર્થ છે). તેવો જે આત્મસ્વભાવ, એમાંથી વીતરાગતાની ઉત્પત્તિ થવી, શાંતિની, સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રની વીતરાગી પર્યાયની ઉત્પત્તિ થવી એ જીવનો સ્વભાવ એવો રાખ્યો એનું નામ જીવની રક્ષા. સમજાણું કાંઈ? લોકો એકાંત.. એકાંત કરે છે.... ભગવાન! આહાહા..! છે ઇ ધર્મ સત્ય જ છે, ભાઈ! તને ખબર નથી. બીજે રવેડે ચડી ગયો છે ને. રવેડે સમજ્યા ને? બીજે (રસ્તે). એટલે આ વાત એને એકાંત લાગે છે. બાપુ! વસ્તુ જ આવી છે.

ભગવાનઆત્મા શુદ્ધભાવ, શુદ્ધભાવ, શુદ્ધભાવ એવો જે અંદર સ્વભાવ છે એમાંથી શુદ્ધભાવની પરિણતિ, શક્તિમાંથી વ્યક્તતા પ્રગટ થાય એ જીવની રક્ષા છે. એ પણ શુદ્ધચેતનાના પરિણામ જ આવ્યા. આહાહા..! સમજાણું કાંઈ? ... કોણ કરે છે? એય...! આ ત્યાં બહુ મંદિર, મકાનો કરતા. 'વાંકાનેર'માં દરબારની સાથે બળદની જેમ જોડાતા. ઇ ને તમે બે જણા જાતા ને ન્યાં? મકાન કરવા. પેલો પણ હોંશિયાર હતો અને આ પણ... શું કહેવાય? ઇજનેર ને? ઇજનેર.. ઇજનેર. બેય જણા. પેલો પણ એવો હોંશિયાર હતો, હોં! આમ થાય ને આમ થાય. ... આવા દીન દયાળા ભિખારી જેવા છે.

અહીં તો કહે છે, જીવની રક્ષા કહેવાથી એમ જાણવું કે જીવ પોતાને અને પરને વિકારી કષાયને વશ, પર્યાય-નિજ પર્યાયનો વિનાશ થવો એ મરણ છે અને એનું દુઃખ ક્લેશ પરિણામ, એ ન કરવા એવું પોતાનું સ્વરૂપ. દુઃખ સંક્લેશ પરિણામ એ દુઃખ એટલે એ શુભ-અશુભભાવ બેય દુઃખ છે અને બેય સંક્લેશ પરિણામ જ છે ઇ. સંકલ્પ દુઃખ છે ને. આહાહા..! સમજાણું કાંઈ? અરે..! એને બેસાડ તો ખરો. વાતને અંદરથી બેસાડ કે આ તે આત્મા શું છે? એનો સ્વભાવ અંદર મહાપ્રભુ છે. એવા અનંત અનંત સ્વભાવનો ધરનાર ભગવાન છે. એવા સ્વભાવની રક્ષા રાખવી. એટલે પર્યાયમાં, વસ્તુ તો રક્ષિત છે જ, પણ એની પર્યાયમાં (રક્ષા કરવી). અવસ્થામાં કહ્યું ને? રાગ-દ્વેષથી મરણ ન થવું, અને રાગ-દ્વેષ રહિત થઈને સ્વભાવને

આશ્રયે શાંતિ, આનંદની અવસ્થાનું થવું એ જીવની રક્ષા છે. દુઃખરૂપે ન થવું, આનંદરૂપે થવું એ જીવની રક્ષા છે. કારણ કે જીવનો સ્વભાવ આનંદ છે. આહાહા..! 'રતિભાઈ'! આવો માર્ગ છે.

જીવનો સ્વભાવ જેવો છે એવી પરિણતિમાં-પર્યાયમાં એને કાર્યમાં પર્યાયમાં એને કાર્ય. આ વસ્તુ આવી છે. સમજાણું કાંઈ? આહાહા..! હો, રાગાદિ હો. પણ એ વસ્તુ છે. રાગ થાય ભલે શુભ, પણ એ શાંતિનું તો મરણ છે. પોતાનો અવિકારી–અવિકારી સ્વભાવ.. આહાહા..! જ્ઞાનીને તો રાગ થતાં ઘા વાગે છે. આવે છે ને? 'પંચાધ્યાયી'માં આવે છે. 'પંચાધ્યાયી'માં ઘા વાગે છે. ધર્મીજીવને તો રાગ જ્યાં થાય છે, ત્યાં દુઃખ (લાગે છે). 'પંચાધ્યાયી'માં છે. દુઃખ ... સંધિનો દાખલો આપ્યો છે. સંધિવા થાય છે ને? સાંધે સાંધા દુઃખે. પગના સાંધા, આંગળાના સાંધા. આહાહા..! સાંધા હોય ને? જડના સાંધા. જ્યાં સાધા હોય... હાડકા ગોઠવેલા છે ને. સાંધ છે ત્યાં સાંધેસાંધા દુઃખે એવો પાઠ છે. આહાહા..! ભાન છે છતાં જ્યાં.. આહા...હા...! મચક ખાય જાય છે જ્યાં. રાગ ને શુભ-અશુભ ભાવ. કંપવાની જેમ દુઃખી છે. આહાહા..! સમજાણું કાંઈ?

એવા રાગ ને દુઃખ ને પરલક્ષી વૃત્તિઓનું ઉત્પન્ન થવું એ મરણ છે. એનાથી રક્ષા કરવી એનું નામ જીવન છે. આહા..! કેવી વ્યાખ્યા! આ તમારે ભણવામાં ચોપડામાં આવતું હશે? નિશાળમાં ન આવે? વાડામાં પણ ચાલતું નથી. આહાહા..! આ તો કેવળજ્ઞાનીની નિશાળ છે. સર્વજ્ઞ થવાની નિશાળ છે. સમજાણું? કેમકે એનો સ્વભાવ જ સર્વજ્ઞ સ્વભાવ છે. એ સ્વભાવને પ્રતીત, જ્ઞાનમાં રમણતાએ રાખવો એનું નામ જીવની રક્ષા અને એનું નામ ધર્મ છે. આહાહા..! પેલા કહે, પરની રક્ષા (કરો), પર જીવની દયા પાળો એ તમારો ધર્મ છે. કોણ પાળે? ભગવાન! પરની પર્યાય કોણ કરે? ઘણો ફેર. એટલે માણસને એવું લાગે, હોં! શું કહેવાય? અતડા જેવું લાગે, અતડા. અતડા છે, આ સોનગઢવાળા અતડા છે. કોઈ સાથે મેળ ખાય નહિ. ઇ કહે છે કેટલાક, હોં! અરે..! ભગવાન! આત્માના સ્વભાવની સાથે બીજાને મેળ વિચાર એ હોય જ નહિ. આહાહા..!

એવા પરિણામ ન કરવા, એવા ક્રોધાદિના પરિણામ અને દુઃખના પરિણામ ન કરવા '**ઐસા અપના સ્વભાવ હી ધર્મ હૈ. ઇસ પ્રકાર શુદ્ધ દ્રવ્યાર્થિકરૂપ નિશ્ચયનયસે સાધા હુઆ ધર્મ એક હી પ્રકાર હૈ.**' ચારે પ્રકાર એક જ પ્રકાર છે. સમજાણું કાંઈ? આહાહા..! દ્રવ્યાર્થિકનય કીધું, શુદ્ધ દ્રવ્યાર્થિક. એકલું દ્રવ્ય જે શુદ્ધ ચૈતન્ય, એની દૃષ્ટિ કરીને જે પરિણામ ઉત્પન્ન થાય. આ ચારેય પ્રકાર એક જ રૂપ છે. એમાં કોઈ બીજો પ્રકાર (નથી). પેલા વ્યવહારના અનેકરૂપ સ્થાપવા હતા ને? એટલે એકરૂપ. '**સાધા હુઆ ધર્મ એક હી પ્રકાર હૈ.**' આહાહા..!

વળી, '**વ્યવહારનય પર્યાયાશ્રિત હૈ...**' જુઓ! પહેલામાં દ્રવ્યાર્થિક લીધું. વસ્તુ, વસ્તુ ભગવાન દ્રવ્ય. એક સમયની પર્યાય દ્રવ્યને આશ્રયે થાય. '**વ્યવહારનય પર્યાયાશ્રિત હૈ ઇસલિયે ભેદરૂપ હૈ,...**' ભેદ થયો ને? પર્યાય એક અંશ છે એ ભેદ છે. ત્રિકાળી દ્રવ્ય છે એ અભેદ છે. સમજાણું કાંઈ? '**વ્યવહારનય પર્યાયાશ્રિત હૈ...**' એટલે શું? આત્માનો એક સમયનો જે પર્યાય છે એ વ્યવહાર થયો. ભેદ પડ્યો ને? અને ત્રિકાળી દ્રવ્ય વસ્તુ ધ્રુવ છે એ દ્રવ્યાર્થિકનો વિષય છે.

એટલે જે જ્ઞાનમાં દ્રવ્ય પ્રયોજન છે, ધ્યેયનું, અને આમાં વ્યવહારનયમાં પર્યાયનો વિષય છે. પર્યાય ભેદનો વિષય છે. આહાહા..! **'ઇસલિયે ભેદરૂપ હૈ,...'**

**'વ્યવહારનયસે વિચાર કરેં તો જીવકે પર્યાયરૂપ પરિણામ અનેક પ્રકાર હૈં,...'** આહાહા..! દયા, દાન, વ્રત, ભક્તિ, તપ આદિના વિકલ્પો અનેક પ્રકારે પર્યાયાશ્રિત છે. **'ઇસલિયે ધર્મકા ભી અનેક પ્રકારસે વર્ણન કિયા હૈ.'** લ્યો. વ્યવહારે અનેક પ્રકારના વિકલ્પોનું વર્ણન કર્યું. દયા ને દાન ને વ્રત ને તપ ને ભગવાનની ભક્તિ ને જાત્રા ને એવા વિકલ્પની પર્યાયના અનેક પ્રકાર, એને વ્યવહારધર્મ તરીકે કહ્યો.

**'વહાં (૧) પ્રયોજનવશ એકદેશકા સર્વદેશસે કથન કિયા જાયે તો વ્યવહાર હૈ.'** લ્યો. વ્યવહારની વ્યાખ્યા કરી. એક અંશ છે, નિઃશંક આદિ એક ગુણ આવ્યો. જેમ 'અંજન' ચોર. ભગવાનની શ્રદ્ધા કરીને અહીં કાપ્યું ને? શું કહેવાય? શીકુ.. શીકુ. શીકુ નિઃશંક ભગવાનને નામે .... એ સમકિત નહોતું, હોં! વ્યવહાર સમકિત પણ નહોતું. પણ નિશ્ચય સમ્યક્‌નો આરોપ વ્યવહારમાં આપી અને વ્યવહારમાં સમકિતનો આરોપ એક અંશનો આપીને સર્વ સમકિત છે એમ કહી દીધું. એ એકદેશમાં સર્વદેશનો વ્યવહાર કર્યો. એને એટલો, એટલો છે એમ ત્યાં જાણવું એ નિશ્ચય છે. એકદેશનો આરોપ કરવો કે સમકિતી, તે વ્યવહાર છે. સમજાણું કાંઈ? એ આવશે આગળ.

**'વહાં (૧) પ્રયોજનવશ એકદેશકા સર્વદેશસે કથન કિયા જાયે તો વ્યવહાર હૈ. (૨) અન્ય વસ્તુમેં અન્યકા આરોપણ અન્યકે નિમિત્તસે ઔર પ્રયોજનવશ કિયા જાયે વહ ભી વ્યવહાર હૈ,...'** એનો ખુલાસો આગળ આવે છે, હોં! એનો ખુલાસો કર્યો છે, ૫૫ પાને ખુલાસો છે. ૫૫ પાને, ૫૬ પાને છે. (નવી આવૃત્તિમાં ૪૪ પાનું જુઓ). વ્યવહારના બે અર્થ છે. **'પ્રયોજન સાધનેકો કિસી વસ્તુકો ઘટ કહના વહ તો પ્રયોજનાશ્રિત હૈ...'** ઘટ કહેવો. પછી ચાહે તો પ્યાલો હોય, લાકડું હોય એને ઘટ કહેવો. **'કિસી અન્ય વસ્તુકે નિમિત્તસે ઘટમેં અવસ્થા હુઈ ઉસકો ઘટરૂપ કહના...'** ઘડામાં લાખ ચોપડી હોય, ગારો ચોપડ્યો હોય. એને પણ આખો ઘટ કહેવામાં આવે છે. એ નિમિત્તાશ્રિત છે. **'ઇસપ્રકાર વિવક્ષિત સર્વ જીવ અજીવ વસ્તુઓં પર લગાના.'** સમજાણું?

**'અન્ય વસ્તુમેં અન્યકા આરોપણ અન્યકે નિમિત્તસે ઔર પ્રયોજનવશ કિયા જાયે વહ ભી વ્યવહાર હૈ,...'** અહીં તો ધર્મનું મૂળ સમ્યગ્દર્શન છે એને સિદ્ધ કરવા આ બધી વાત બતાવે છે. સમજાણું કાંઈ? વ્યવહારથી કથન કર્યા હોય તેને તે રીતે જાણવા. નિશ્ચયથી સ્વઆશ્રિત કર્યા હોય તેને તે રીતે જાણવા. બેનો ખીચડો ભેગો ન કરવો, એમ કહે છે. સમજાણું કાંઈ? ઇ કાલે કહ્યું હતું, નહિ? .... સવારમાં. નિશ્ચય અને વ્યવહારનય. નિશ્ચય ને વ્યવહારનય વિનાનો કોઈ સૂત્રનો અર્થ હોઈ શકે નહિ. શાસ્ત્રમાં જેટલા શબ્દો અને એનો અર્થ નય વિના હોઈ શકે નહિ. પણ કઈ નયનું આ કથન છે, એના જ્ઞાન વિના એક જ હાંકે કે આ ભગવાને કહ્યું માટે સાચું. આ

નિશ્ચય છે. એમ નહિ. સમજાણું કાંઈ?

એટલે અહીંયાં કહે છે.. આ વ્યવહાર શું કરવા બતાવે છે? કે એ વ્યવહાર આ રીતે હોય છે માટે સાચો છે એમ નથી. એને આવો વ્યવહાર તરીકે જાણવામાં, કહેવામાં આવે છે. દેવ-ગુરુ-ધર્મની શ્રદ્ધાનો રાગ એને ધર્મ કહે, સમકિત કહે. એ નહિ. પણ નિશ્ચય સ્વભાવના આશ્રયે સમ્યક્દર્શન થયું એની સાથે આવો વિકલ્પ છે એને સમકિત કહે. એમ વ્યવહારથી કહ્યું. એ એમ છે નહિ એમ જાણવું. સમજાણું કાંઈ? આહા..! ભારે વાત આ.

**'વહાં વસ્તુસ્વભાવ કહનેકા તાત્પર્ય તો નિર્વિકાર ચેતનાકે શુદ્ધપરિણામકે સાધકરૂપ (૩) - મંદકષાયરૂપ શુભ-પરિણામ હૈ...'** શુભ જોઈએ. શુભ પરિણામ. શું કહ્યું? જે પહેલા કહ્યું હતું કે વસ્તુ સ્વભાવ (તે) ધર્મ. એ આત્માના શુદ્ધ ચૈતન્યના, જ્ઞાન, દર્શન, આનંદના પરિણામ તે ધર્મ. એવો નિશ્ચય ધર્મ હોય ત્યાં **'નિર્વિકાર ચેતનાકે શુદ્ધપરિણામ...'** બસ. એના સાધકરૂપ તે વ્યવહાર કહ્યો. સાધક એટલે તે પ્રકારનો ત્યાં વિકલ્પ એ જાતનો હોય તેને વ્યવહારે સાધક કહ્યો છે. એમ બતાવે છે કે આવી ચીજ હોય ત્યાં આવું હોય.

**'મંદકષાયરૂપ શુભ-પરિણામ...'** એ શુભભાવને પણ ધર્મ વ્યવહારનયથી કહેવામાં આવે છે. નથી તેને કહેવું એનું નામ વ્યવહાર છે. આહા..! આવી વાત છે. સમજાણું કાંઈ? એક જ લાકડીએ હાંકે એમ ન હોય, કહે છે. ભાઈ! શુદ્ધ દ્રવ્યને આશ્રયે જે દશા થાય એ સાચી શ્રદ્ધા ને સાચું જ્ઞાન અને સાચો ભાવ છે. પણ એને સાથે જોડે આવો (ભાવ) હોય એને વ્યવહારધર્મ કહેવામાં આવે ઇ છે એમ કહેવામાં આવે છે. એનાથી આ થાય અને એ પરમાર્થ ધર્મ છે એમ વ્યવહાર ન કહે. સમજાણું કાંઈ? એવું નિમિત્તપણું ત્યાં હોય છે એનું જ્ઞાન કરાવવા એને સાધક અને એની જોડે આવો ભાવ હોય એનું જ્ઞાન કરાવે છે. અર્થમાં મોટા ફેર છે. વાંધા ઉઠાવે.

**'તથા જો બાહ્યક્રિયાએઁ હૈં ઉન સભીકો વ્યવહારધર્મ કહા જાતા હૈ.'** શુભભાવને વ્યવહારધર્મ કહેવાય અને દેહની ક્રિયા હોય એને વ્યવહારધર્મનું નિમિત્ત છે માટે કહેવાય. એમ કહે છે. સમજાણું કાંઈ? નિશ્ચય તો શુદ્ધ ભગવાનઆત્મા પરમ પવિત્ર આનંદનું ધામ, એને આશ્રયે એમાં દૃષ્ટિ આપીને જે શુદ્ધ પરિણમન થાય એ શુદ્ધચેતના પરિણામ તે એક જ ધર્મ છે. ધર્મ તો એ છે. એની જોડે રાગની મંદતાનો શુભભાવ વ્યવહાર સાધકપણે કહેવામાં આવે એને પણ ધર્મ કહેવાય અને એના દેહની ક્રિયા એવી જ થાય. ભગવાનની ભક્તિ વખતે શુભભાવ છે એને વ્યવહારધર્મ કહેવાય. ઇ વખતે સ્વાહા.. આમ હાથની ક્રિયા થાય. અસદ્ભુત વ્યવહારનય. .... અસદ્ભુત ઉપચાર છે. આ તો તદ્દન અસદ્ભુત બાહ્ય. .... આહા...! .... પણ પેલો નિશ્ચય હોય છે એને આમ કહેવામાં આવે. નિશ્ચય જ્યાં નથી તેને તો આવા વ્યવહાર શુભ ને ક્રિયાને વ્યવહાર કહેવામાં આવતું નથી.

મુમુક્ષુ :- વ્યવહારને વ્યવહાર ન કહેવાય?

ઉત્તર :- જાગ્યા વિના વ્યવહાર કહેવો કોને? સમજાણું કાંઈ? નિશ્ચય કહ્યું ને? સાધક છે એટલે? નિશ્ચય શુદ્ધચેતના પરિણામ છે, એમ કહ્યું ને? **'શુદ્ધપરિણામ કે સાધકરૂપ...'** પરિણામ

છે. એમ બતાવવામાં આ સાધક છે, અહીં તો એમ કહે છે. .. જુઓ! અહીં તો **'નિર્વિકાર શુદ્ધચેતનાકે શુદ્ધપરિણામ....'** છે. છે ને? પંડિતજી! .... 'અષ્ટપાહુડ' રહી ગયું તે રહી ગયું, અત્યાર સુધી. સમજાણું આમાં? વસ્તુ સ્વભાવની સાથે વ્યવહાર મેળવ્યો. વસ્તુ સ્વભાવનો ધર્મ, એની સાથે વ્યવહારની વાત કરી. હવે રત્નત્રયનો ધર્મ, એની સાથે વ્યવહારની વાત કરે છે. સમજાણું કાંઈ?

**'રત્નત્રયકા તાત્પર્ય સ્વરૂપકે ભેદ દર્શન-જ્ઞાન-ચારિત્ર...'** અભેદ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર. ધ્રુવ ચૈતન્ય ભગવાન, એને અવલંબીને થયેલું દર્શન, જ્ઞાન, ચારિત્ર એ તો નિશ્ચય-સાચો ધર્મ, સાચો મોક્ષનો માર્ગ. પણ જોડે **'ભેદ દર્શન-જ્ઞાન-ચારિત્ર...'** ભેદરૂપ દર્શન, જ્ઞાન, ચારિત્ર વિકલ્પ. દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, નવતત્ત્વની શ્રદ્ધા, જીવાદિનું વ્યવહારું જ્ઞાન અને વ્રતાદિના વિકલ્પ. **'દર્શન-જ્ઞાન-ચારિત્ર તથા ઉનકે કારણ બાહ્ય ક્રિયાદિક હૈં,...'** ત્રણ વાત લીધી.

એક તો ભગવાનઆત્મા શુદ્ધ ચૈતન્ય દ્રવ્ય, એની દૃષ્ટિ થઈને સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર થયું તે સાચું. એની જોડે વ્યવહારનો વિકલ્પ ઉઠે તે વ્યવહાર. એની જોડે દેહની ક્રિયા પણ વિનયની દેવ-ગુરુ સાથે વર્તે આદિ, તે ક્રિયાને પણ વ્યવહાર અસદ્‌ભુતનયે ધર્મ કહેવામાં આવે છે. કહો, સેઠી! આમાં કેટલું લખ્યું છે! 'જયચંદ પંડિતે' તમારા ગામના છે આ. સમજાણું કાંઈ? **'બાહ્ય ક્રિયાદિક હૈં, ઉન સભી કો વ્યવહાર ધર્મ કહા જાતા હૈ.'** હવે રહ્યો છેલ્લો.

**'(૪) જીવોંકી દયા કહનેકા તાત્પર્ય યહ હૈ કિ-ક્રોધાદિ મંદકષાય હોનેસે...'** લ્યો, મંદના શુભભાવ છે, હોં! **'અપને યા પરકે મરણ, દુઃખ, ક્લેશ આદિ ન કરના...'** શુભભાવ. એ ન કરવા એ નિશ્ચય. **'જીવોંકી દયા કહનેકા તાત્પર્ય યહ હૈ કિ-ક્રોધાદિ મંદકષાય હોનેસે અપને યા પરકે મરણ, દુઃખ, ક્લેશ આદિ ન કરના; ઉસકે સાધક સમસ્ત બાહ્યક્રિયાદિકકો ધર્મ કહા જાતા હૈ.'** મંદ પણ ધર્મ, એવો શુભરાગ પણ ધર્મ અને બાહ્ય ક્રિયા એ ધર્મ. **'ક્રોધાદિ મંદકષાય હોનેસે...'** શુદ્ધ પરિણામ છે ઇ જીવની દયા, એ નિશ્ચય. આ વ્યવહાર દયા. **'ક્રોધાદિ મંદકષાય હોનેસે અપને યા પરકે મરણ, દુઃખ, ક્લેશ આદિ ન કરના...'** વ્યવહાર, હોં! આ વ્યવહાર. **'ઉસકે સાધક...'** બાહ્ય ક્રિયા આદિ. દેહની ક્રિયા, વાણીની ક્રિયા. એને પણ વ્યવહારથી ધર્મ કહેવામાં આવે છે. કાયા. મનના પરિણામ અને શુદ્ધ પરિણામ ત્રણ સાથે લીધા. સમજાણું કાંઈ?

**'ઇસપ્રકાર જિનમતમેં નિશ્ચય-વ્યવહારનયસે સાધા હુઆ ધર્મ કહા હૈ.'** લ્યો. વીતરાગમાર્ગમાં તો નિશ્ચયથી તો સ્વનું સાધન તે ધર્મ અને જોડે વિકલ્પ, નિમિત્ત અને ક્રિયા (હોય) એને પણ વ્યવહારે ધર્મ આ રીતે જિનમતમાં કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

**'વહાં એકસ્વરૂપ અનેકસ્વરૂપ કહનેમેં સ્યાદ્વાદમેં વિરોધ નહીં આતા,...'** એમ કહે છે. એક કોર કહેવું કે સ્વરૂપ જે શુદ્ધ ચૈતન્ય, એની એકરૂપ શ્રદ્ધા, જ્ઞાન એકરૂપ દશા તે ધર્મ. અને વળી વિકલ્પ અને પ્રકારના (આવે) એ પણ વ્યવહાર ધર્મ. આ શું? અનેકપણું છે તે વ્યવહાર છે, એકપણું તે નિશ્ચય છે. એવું ત્યાં હોય છે એથી ચૈતન્યમાં નિશ્ચયને વિરોધ આવતો નથી. સાથે

હોય છે, રહી શકે છે. મિથ્યાત્વનો ભાવ સાથે રહે અને સમકિતનો ભાવ સાથે રહે એમ આ નથી. આ તો વ્યવહારના એવા વિકલ્પોની મર્યાદા ત્યાં રહી શકે છે. છતાં નિશ્ચયના સ્વરૂપનું ભાન પણ ત્યાં રહી શકે છે. એથી સ્યાદ્વાદમાં બેમાં વિરોધ આવતો નથી. પેલું વ્યવહારે કહ્યું, આ નિશ્ચયે કહ્યું એટલે એમાં વિરોધ છે નહિ.

મુમુક્ષુ :- બેમાં સાચો ધર્મ ક્યો ?

ઉત્તર :- ધર્મ આ નિશ્ચય એક જ સાચો. એ વાત તો પહેલી કરી. સાચો તો એક જ છે પણ આરોપિત નિમિત્તથી કથન વ્યવહારને જણાવવા આ વાત પણ શાસ્ત્રમાં આવે છે. તેથી એ વિરોધ નથી. ધર્મની વિરૂદ્ધ વાત છે એ પર્યાય, પણ એ પર્યાય કાળે નિશ્ચયધર્મ ન હોઈ શકે એમ છે નહિ. એક અને અનેકપણું એકસાથે રહી શકે એમાં વિરોધ નથી, એમ સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ? વિરોધ નથી. **'કથંચિત્ વિવક્ષાસે સબ પ્રમાણસિદ્ધ હૈ.'** લ્યો. **'ઐસે ધર્મકા મૂલ દર્શન કહા હૈ,...'** એવો નિશ્ચય ને વ્યવહાર એ બધા ધર્મનું મૂળ તો સમ્યગ્દર્શન છે. એની વિશેષ વ્યાખ્યા આવશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## પ્રવચન નં. ૩ ગાથા-૨ ગુરુવાર, જેઠ સુદ ૭, તા. ૧૧-૦૬-૧૯૭૦

'અષ્ટ પાહુડ', દર્શન પાહુડનો અધિકાર ચાલે છે. બીજી ગાથાનો ભાવાર્થ ચાલે છે. અહીંથી જુઓ, ફરીને. **'ઐસે ધર્મકા મૂલ દર્શન કહા હૈ,...'** છે? ઉપર આ બીજી ગાથાના અર્થનો ભાવાર્થ છે. આ ગાથામાં ધર્મનું મૂળ દર્શન સમ્યગ્દર્શન અથવા દર્શન, જ્ઞાન, ચારિત્ર સહિતના આચરણની મૂર્તિ તે દર્શન. **'ઐસે ધર્મકા મૂલ દર્શન કહા હૈ, ઇસલિયે ઐસે ધર્મકા શ્રદ્ધા, પ્રતીતિ, રુચિસહિત આચરણ કરના...'** દેખો! સર્વજ્ઞે કહેલો આત્મા આદિનો ધર્મ. એની શ્રદ્ધા, એની પ્રતીતિ, એની રુચિ સહિત **'આચરણ કરના...'** લ્યો. પહેલું તો આ આવ્યું.

મુમુક્ષુ :- આચરણ કરના એટલે...

ઉત્તર :- શ્રદ્ધા, પ્રતીતિ, રુચિ, સહિત આચરણ કરના, એમ. સમજમેં આયા? વજન પેલા ત્રણનું છે. શ્રદ્ધા ધર્મનું મૂળ સમ્યગ્દર્શન અથવા દર્શન, એની શ્રદ્ધા, એની પ્રતીતિ, એની રુચિ સહિત આચરણ કરવું. તે જ **'દર્શન હૈ,...'** લ્યો. એનું નામ દર્શન છે. **'યહ ધર્મકી મૂર્તિ હૈ.'** દેખો! સમ્યગ્દર્શન, જ્ઞાન સહિતનું ચારિત્ર એવો જે આત્મા મૂળ તે ધર્મની મૂર્તિ છે. અંતર આત્માનું સમ્યગ્દર્શન, અનુભવ, એનું જ્ઞાન, એનું આચરણ એવો જે મુનિ તેને અહીંયા દર્શન એટલે ધર્મની મૂર્તિ કરીને એને દર્શન કહ્યું છે. સમજાણું કાંઈ?

**'ઈસીકો મત (દર્શન) કહતે હૈં ઔર યહી ધર્મકા મૂલ હૈ.'** એને મત પણ કહેવામાં આવે છે. જૈનનો મત એટલે કે વીતરાગી સમ્યગ્દર્શન, વીતરાગી સમ્યગ્જ્ઞાન, વીતરાગી આચરણ એ સહિતની નગ્ન મુદ્રા, એને જૈનનો મત કહેવામાં આવે છે. વીતરાગનો મત એટલે જૈન દર્શન. સમજાય છે કાંઈ? વળી **'તથા ઐસે ધર્મકી પ્રથમ શ્રદ્ધા, પ્રતીતિ, રુચિ ન હો...'** દેખો! એવો

આત્મા ભગવાને કહેલો એવો આત્મા, એની રુચિ, શ્રદ્ધા અને પ્રતીતિ ન હોય **'તો ધર્મકા આચરણ ભી નહીં હોતા,...'** બરાબર છે? એવો જે ધર્મ, વીતરાગ જૈનદર્શન, જૈનદર્શન એ અંતર આત્માની સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રવાળી જૈનમૂર્તિ, જૈનનું સ્વરૂપ-મુનિ. એ જૈનદર્શન, એ જૈનનો મત. એવા આત્માની, એવા ધર્મની જેને હજી શ્રદ્ધા, રુચિ, પ્રતીતિ નથી તો એને આચરણ હોઈ શકે નહિ. એમ છે કે નહિ? સેઠી! ક્યાં છે?

**'ઐસે ધર્મકી પ્રથમ શ્રદ્ધા, પ્રતીતિ, રુચિ ન હો તો ધર્મકા આચરણ ભી નહીં હોતા, - જૈસે વૃક્ષકે મૂલ બિના...'** ઝાડના મૂળ વિના **'સ્કંધાદિક નહીં હોતે. ઇસપ્રકાર દર્શનકો ધર્મકા મૂલ કહના યુક્ત હૈ.'** દર્શનને ધર્મનું મૂળ કહેવું બરાબર છે. જે મુનિ છે, જૈન, જેને આત્માનો અનુભવ છે, સમ્યગ્દર્શન છે, જ્ઞાન, આચરણ-ચારિત્ર છે, એને અંદર વ્યવહારનો વિકલ્પ (હોય) અને બાહ્ય નગ્નદશા. એ આખું જૈનદર્શનનું નિશ્ચય અને વ્યવહાર રૂપ છે. એવા સ્વરૂપની જેને શ્રદ્ધા, પ્રતીતિ અને રુચિ નથી એને સાચું આચરણ હોઈ શકે નહિ. **'ઐસે દર્શનકા સિદ્ધાંતોંમેં જૈસા વર્ણન હૈ તદ્નુસાર કુછ લિખતે હૈં.'** શાસ્ત્રમાં એ દર્શનનું સ્વરૂપ છે એ કંઈક અહીંયાં કહેવામાં આવે છે. આગળ શાસ્ત્રકાર પોતે કહેશે. અહીં કહે છે, હું થોડુંક કહીશ. લ્યો!

**'વહાં અંતરંગ સમ્યગ્દર્શન તો જીવકા ભાવ હૈ...'** અહીંથી ઉપાડ્યું. એ અંતરંગ સમ્યગ્દર્શન છે અર્થાત્ શુદ્ધઆત્મા અનંતગુણનો પૂંજ એવો ચેતન. એની સન્મુખની શ્રદ્ધા સમ્યગ્દર્શન એ જીવનો ભાવ છે, જીવની પર્યાય છે. સમ્યગ્દર્શન, અંતરંગ સમ્યગ્દર્શન એ જીવની પર્યાય છે, જીવનો ભાવ છે. **'વહ નિશ્ચય દ્વારા ઉપાધિરહિત...'** દેખો! સમ્યગ્દર્શન સત્ય નિશ્ચય દૃષ્ટિથી જુઓ તો એમાં રાગ ને વિકલ્પની ઉપાધિ નથી. એવું નિરુપાધિ સમ્યગ્દર્શનનું સ્વરૂપ છે. કહો, સમજાય છે કાંઈ?

**'નિશ્ચય દ્વારા ઉપાધિરહિત શુદ્ધ જીવકા સાક્ષાત્ અનુભવ હોના...'** લ્યો. આ સમ્યગ્દર્શન. એની વ્યાખ્યા આ છે. પહેલા ઉપાધિથી રહિત એ નાસ્તિથી કહ્યું. વિકલ્પ આદિ, મન આદિ, રાગની ઉપાધિ એ સમ્યગ્દર્શનમાં છે જ નહિ. ત્યારે છે શું? શુદ્ધ જીવ પરમ વીતરાગ સ્વભાવની મૂર્તિ એવો જીવ, એનો **'સાક્ષાત્ અનુભવ હોના...'** પ્રત્યક્ષ જ્ઞાન અને મતિ-શ્રુતજ્ઞાનમાં વેદન આવવું. સમ્યક્ મતિ-શ્રુતજ્ઞાન સહિતનું અંદર વેદન આવવું. અનુભવ (થવો). **'ઐસા એક પ્રકાર હૈ.'** લ્યો! દર્શનનો એક આ પ્રકાર છે, એમ કહે છે. દર્શનના પ્રકારમાં તો દર્શન, જ્ઞાન, ચારિત્ર સહિત આચરણ બધું લેવું છે. પણ આ એક દર્શનનો પહેલો આ પ્રકાર છે. બરાબર છે? દર્શનનો આ એક પ્રકાર છે. એક જ પ્રકાર છે, એમ કહ્યું છે ને? દર્શન છે. સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર સહિતના આચરણવાળો જે આત્મા, એને જૈનદર્શન અને જૈનમત કહેવામાં આવે છે.

મુમુક્ષુ :-

ઉત્તર :- ના, ના. દર્શનનો એક પ્રકાર આ. એમ. દર્શનનો એક પ્રકાર આ. દર્શન એટલે કે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર આચરણ સહિત જિનમુનિની વીતરાગી દશા, વીતરાગી દર્શન એ જૈનદર્શન. એમાં એનો સમ્યગ્દર્શન એક પ્રકાર છે, એમ કહે છે. સમ્યગ્દર્શનનો બીજો

પ્રકાર છે એમ નહિ. આહાહા..! સમજાણું કાંઈ? પહેલાં તો કહ્યું છે ને માથે? **'ધર્મકા મૂલ દર્શન કહા હૈ, ઇસલિયે ઐસે ધર્મકા શ્રદ્ધા, પ્રતીતિ, રુચિસહિત આચરણ કરના હી દર્શન હૈ,...'** એમ આવ્યું હતું ને? માથે આવ્યું હતું. **'ધર્મકા મૂલ દર્શન કહા હૈ,...'** હવે દર્શન એટલે એકલું સમકિત એમ નહિ. **'ઐસે ધર્મકા શ્રદ્ધા, પ્રતીતિ, રુચિસહિત આચરણ કરના હી દર્શન હૈ,...'** એ દર્શનના પ્રકાર માહ્યલો એ સમ્યગ્દર્શન એક પ્રકાર છે.

મુમુક્ષુ :- ધર્મનું મૂળ દર્શન લીધું છે.

ઉત્તર :- ઇ આખું લીધું છે અહીં. દર્શન, જ્ઞાન ને ચારિત્ર સિદ્ધ કરવા છે ને. ઇ બધો ધર્મ આખો. સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર સહિત છે એ આખું ધર્મનું મૂળ છે. વસ્તુનું સ્વરૂપનું મૂળ છે. અહીં દર્શન એમ લીધું છે. એમાં સમ્યગ્દર્શન એ મૂળ છે એ જુદી વાત પાછી. સમજાણું કાંઈ? અહીં તો દર્શન એને જ કહ્યું ને? આગળ કહેશે અને ઘણે ઠેકાણે (આવે છે). સિદ્ધાંતપણે સમ્યગ્દર્શન કહેવું છે પણ સમ્યગ્દર્શનની પ્રતીતમાં આવું દર્શન હોય છે, એમ કહે છે. ભાઈ! સમ્યગ્દર્શન એ ધર્મનું મૂળ પણ એ સમ્યગ્દર્શન (એ) ક્યા દર્શનની પ્રતીતિ? એવા દર્શનની પ્રતીતિ. સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર સહિતનું જે જૈનદર્શન છે એની પ્રતીતિ તે સમ્યગ્દર્શન. તેનું નામ દર્શન. એમ. એવા દર્શનની પ્રતીતિ-શ્રદ્ધા તે એક સમ્યગ્દર્શન. એ દર્શનનો એક પ્રકાર. એમ. સમજાણું કાંઈ? બોધ પાહુડમાં આવ્યું છે ને.

**'અંતરંગ સમ્યગ્દર્શન તો જીવકા ભાવ હૈ વહ નિશ્ચય દ્વારા ઉપાધિરહિત શુદ્ધ જીવકા સાક્ષાત્ અનુભવ હોના ઐસા એક પ્રકાર હૈ.'** આ દર્શન માહ્યલો એક પ્રકાર આ છે. સમજાણું કાંઈ? જ્ઞાન, ચારિત્ર સહિતનું આખું જૈનદર્શન છે ને. આખું જૈન વીતરાગસ્વરૂપ જ આત્મા છે અને વીતરાગસ્વરૂપ જૈનદર્શન એટલે ખરું વીતરાગસ્વરૂપ, એની પ્રતીતિ, જ્ઞાન અને આચરણ (થવાં) એનું નામ જૈનદર્શન અથવા જૈનમત. સમજાણું કાંઈ? એની પ્રતીતિ અંદરમાં આવવી, સમ્યગ્દર્શન, એનું નામ સમ્યગ્દર્શન નિરૂપાધિ તત્ત્વ. એટલે શું કહ્યું?

સમ્યગ્દર્શન, જ્ઞાન, આચરણ આખી વસ્તુ તે દર્શન. હવે આખું દર્શન અને એની જે પ્રતીતિ. એની પ્રતીતિમાં સ્વભાવની પ્રતીતિ આવી અને સંવર, નિર્જરા કેવા હોય એની પ્રતીતિ આવી. ચારિત્ર કેવું (હોય) એની પ્રતીતિ આવી. અને જૈનનું જ્ઞાન એટલે કે આત્માનું જ્ઞાન કેવું એની પ્રતીતિ આવી. દર્શનની પ્રતીતિ, જ્ઞાનની પ્રતીતિ અને એનું આચરણ-ચારિત્ર એની પ્રતીતિ. ભાઈ! આહાહા..! અહીં લીધું છે ને! પણ ઇ પ્રતીતમાં કોના આશ્રયે પ્રતીત બધી આવી. એને આ જૈનમત કીધું છે ને? માથે જુઓને! **'ઇસીકો મત (દર્શન) કહતે હૈં....'** મત કહો, જૈનદર્શન કહો. પણ એ જૈનદર્શન એટલે અહીં સમ્યગ્દર્શન, આવું જે દર્શન છે એની જે શ્રદ્ધા, એ સમ્યગ્દર્શન. એનું મૂળ છે. સમજાણું કાંઈ? ઇ ધર્મનું મૂળ છે. ચારિત્રધર્મ-આખો ધર્મ ત્યાં ઊભો થાય છે ને. મોક્ષમાર્ગ ચોથે તો ઉપચારથી છે. ઉપચારથી મોક્ષમાર્ગ છે, વ્યવહારથી. આખું જૈનદર્શન એટલે જૈનપણું પ્રગટ્યું છે જ્યાં, વીતરાગ એવો સ્વભાવ જ એનો છે, એવી પ્રતીતિ, જ્ઞાન, વીતરાગતા પર્યાયમાં પ્રગટી છે, એને જૈનદર્શન કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- મુનિની વાત છે.

ઉત્તર :- અહીં તો મુનિની જ વાત મુખ્ય છે. મુનિને જ દર્શન કહ્યું છે. મુનિનું દર્શન તે જૈનદર્શન. આહાહા..! સમજાણું કાંઈ? આ તો અન્ય દર્શનોમાં, જૈનમાં બધા ફાંટા પડ્યા હતા ને? એને જુદા પાડવા આ વાત કરી છે. સમજાણું? વસ્ત્રસહિતના વેશવાળા એ શ્રદ્ધા-જ્ઞાનવાળા છે અને એ જૈનદર્શન છે, એમ નથી. એમ સિદ્ધ કરવા માટે આ વાત લીધી છે. સમજાણું કાંઈ? વસ્ત્રવાળા અને વસ્ત્રસહિત સાધુપણું માનનારા અને એના લિંગ આદિ, એ જૈનદર્શન છે જ નહિ. જૈનદર્શન વસ્તુનો સ્વભાવ છે અને એ સ્વભાવનું ભાન, જ્ઞાન ને વર્તન-આચરણ થયું, એને અહીં દર્શન કહીને એને જૈનનો મત કહેવામાં આવે છે. એનું નામ જૈનદર્શન. એય...! દેવાનુપ્રિયા! જુઓ! આ પંડિતજી પ્રશ્ન કરે છે. આ ચાલે છે દર્શનનો અધિકાર. સમકિતનું મૂળ, વળી આ ... ક્યાંથી કાઢ્યું? એમ કહે છે.

મુમુક્ષુ :-

ઉત્તર :- આખો મત... માથે આવ્યું ને. તેથી ફરીને વાંચ્યું. આ કાલે વંચાઈ ગયું હતું. '**ઐસે ધર્મકા મૂલ દર્શન કહા હૈ, ઇસલિયે ઐસે ધર્મકા શ્રદ્ધા, પ્રતીતિ, રુચિસહિત આચરણ કરના હી દર્શન હૈ,...**' છે કે નહિ માથે? '**યહ ધર્મકી મૂર્તિ હૈ, ઇસીકો મત (દર્શન) કહતે હૈં ઔર યહી ધર્મકા મૂલ હૈ.**'

મુમુક્ષુ :- મત એનાથી જુદો?

ઉત્તર :- ઇ મત એ જ ગુણ છે, એ જ વસ્તુ છે. ગુણીપણું એ જ મૂળ છે, એ જ ધર્મ છે, એ જ જૈનદર્શન છે, દર્શનનું મૂળ એ છે. પંડિતજી તર્ક કરે એમાં થોડી ઊંડપ હોય છે. કહો, સમજાણું કાંઈ? દર્શનની વ્યાખ્યા આગળ ઘણી આવશે. બોધ પાહુડમાં દર્શન આવે છે કે નહિ? .... દર્શનકા સ્વરૂપ, લ્યો, ઇ આવ્યું. બોધપાહુડની ચૌદમી ગાથા. જુઓ!

**दंसइ मोक्खमग्गं सम्मत्तं संयमं सुधम्मं च।**
**णिग्गंथं णाणमयं जिणमग्गे दंसणं भणियं।।१४।।**

હવે તો આમાં સહેલું થાય છે.

મુમુક્ષુ :- જુદા પ્રકાર આવે છે.

ઉત્તર :- ના, ના. જુદા કાંઈ આવતા નથી. ઇ બધી અપેક્ષાઓ. અંદર આત્માના આશ્રયે સમ્યગ્દર્શન થાય એ સમ્યગ્દર્શનમાં આવી બધી પ્રતીતિ એમાં આવી જાય છે. બધી. જ્ઞાનની, ચારિત્રની. આવું ચારિત્ર હોય, આવું જ્ઞાન હોય, આવી વીતરાગતા હોય, એ બધી સમ્યગ્દર્શનમાં પ્રતીતિ (આવી જાય છે) અને એ ત્રણ ભેગું થઈને જૈનદર્શન કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- એની પ્રતીતિ...

ઉત્તર :- એની પ્રતીતિ. જૈનદર્શનનો એક ભાગ થયો. છે ને, જુઓને! અહીં તો દર્શનની વ્યાખ્યા જ એ કરી. જુઓ! બોધ પાહુડની ચૌદમી ગાથા.

**दंसइ मोक्खमग्गं सम्मत्तं संयमं सुधम्मं च।**
**णिग्गंथं णाणमयं जिणमग्गे दंसणं भणियं।।१४।।**

જુઓ! **અર્થ :- 'જો મોક્ષમાર્ગકો દિખાતા હૈ વહ 'દર્શન' હૈ, મોક્ષમાર્ગ કૈસા હૈ? સમ્યક્ત્વ અર્થાત્ તત્ત્વાર્થશ્રદ્ધાનલક્ષણ સમ્યક્ત્વસ્વરૂપ હૈ, સંયમ અર્થાત્ ચારિત્ર-પંચમહાવ્રત, પંચસમિતિ, તીન ગુપ્તિ ઐસે તેરહ પ્રકાર ચારિત્રરૂપ હૈ, સુધર્મ અર્થાત્ ઉત્તમક્ષમાદિક દશલક્ષણ ધર્મરૂપ હૈ, નિર્ગ્રંથરૂપ હૈ-બાહ્ય-અભ્યંતર પરિગ્રહ રહિત હૈ, જ્ઞાનમયી હૈ-જીવ અજીવાદિ પદાર્થોંકો જાનનેવાલા હૈ. યહાં 'નિર્ગ્રંથ' ઔર 'જ્ઞાનમયી' યે દો વિશેષણ દર્શનકે ભી હોતે હૈં ક્યોંકિ દર્શન હૈ સો બાહ્ય તો ઇસકી મૂર્તિ નિર્ગ્રંથ હૈ ઔર અંતરંગ જ્ઞાનમયી હૈ. ઇસપ્રકાર મુનિકે રૂપકો જિનમાર્ગમેં 'દર્શન' કહા હૈ તથા ઇસપ્રકારકે રૂપકે શ્રદ્ધાનરૂપ સમ્યક્ત્વરૂપકો 'દર્શન' કહતે હૈં.'** દેખો! આવાનું શ્રદ્ધાન તેને સમ્યગ્દર્શન કહીએ. સમજાણું કાંઈ? આ તો ઘણા વખતથી વાંચ્યું નહોતું ને. 'ચેતનજી'!

અહીં તો આત્મા.. જૈનદર્શન એ સંપ્રદાય નથી, એમ સિદ્ધ કરવું છે. એ વસ્તુનું સ્વરૂપ છે. આત્મા તદ્દન વીતરાગસ્વરૂપ છે. એનું દ્રવ્ય જ વીતરાગસ્વરૂપ છે. એટલે જિનસ્વરૂપ છે. એવા વીતરાગસ્વરૂપનું સમ્યગ્દર્શન-પ્રતીતિ, એવા વીતરાગસ્વરૂપનું જ્ઞાન, એવા વીતરાગસ્વરૂપનું આચરણ-ચારિત્ર વીતરાગી, એની મૂર્તિ નગ્ન દિગંબર બહારમાં હોય છે. નિમિત્તપણું એને નગ્ન દિગંબર હોય છે. ઉપાદાનપણું આવું સમ્યગ્દર્શન, જ્ઞાન, એને જૈનદર્શન અને જૈનદર્શનની મૂર્તિ કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ?

એવો આત્મા, એનું દર્શન, જ્ઞાન અને ચારિત્ર એવો જે માર્ગ દેખાડે છે કે માર્ગ આવો. એ માર્ગની અંતરમાં સમ્યક્પ્રતીતિ. એમાં આત્માની પ્રતીતિ આવી ગઈ, એનું જ્ઞાન જૈનદર્શનમાં કેવું હોય એની પ્રતીતિ આવી ગઈ, જૈનદર્શનનું ચારિત્ર જે દર્શન છે, એ ચારિત્ર એની પ્રતીતિ આવી ગઈ. અને એવા જૈનદર્શનના ચારિત્રની પ્રતીતિના કાળમાં અઠ્યાવીસ મૂળગુણના વિકલ્પની જ મર્યાદા હોય, એની પ્રતીતિ આવી ગઈ. આચરણની. સંવર, નિર્જરાની આવી ગઈ, આસ્રવની આવી ગઈ. સમજાય છે? અને એને નિમિત્તરૂપે સંયોગ ફક્ત નગ્ન શરીર-અજીવનું જ હોય. એવા અજીવની પણ એમાં પ્રતીત આવી ગઈ.

આ તો આચાર્ય 'કુંદકુંદાચાર્ય' એટલે! આહાહા..! હેં? આહાહા..! ગજબ એની શૈલી! એની જગત પાસે મૂકવાની પદ્ધતિ અલૌકિક છે! 'વનરાવનદાસે' કહ્યું, 'ન હુએ, ન હોંગે, ન હોસિ.' ત્યાં સુધી કહી દીધું. એવા. ઇ પ્રકારના નહિ હશે, એમ. આહાહા..! સમજાય છે કાંઈ?

હવે પહેલી વાત તો ઇ લીધી, કે **'વહાં...'** જૈનદર્શનના સ્વરૂપમાં. સમ્યગ્દર્શન, સંયમ, જ્ઞાન, ચારિત્રની મૂર્તિ અને બાહ્યમાં નગ્નદશા, એવું જે જૈનદર્શન એટલે કે દર્શનની મૂર્તિ, એવા દર્શનની વ્યાખ્યા હવે હું કાંઈક કરીશ. આચાર્ય તો કરશે જ પણ હું થોડી કરીશ. એમાં **'અંતરંગ સમ્યગ્દર્શન તો જીવકા ભાવ હૈ...'** એ ભાવ કેવો છે? **'નિશ્ચય દ્વારા ઉપાધિરહિત...'** જેમાં વિકલ્પ ને રાગ ને મનનો સંગ જેમાં નથી. એવું ચૈતન્યદ્રવ્ય એની અંદર પ્રતીતિ. સમજાય છે કાંઈ? એ

પ્રતીતિમાં જૈનદર્શનની પ્રતીતિ એમાં આવી ગઈ. વીતરાગભાવનું સમ્યક્, વીતરાગનું જ્ઞાન અને વીતરાગી ચારિત્ર એ એમાં આવી ગયું. સમજાણું? હમણાં ચર્ચા આવી હતી. એમ કહે, ચારિત્ર હોય તો સમ્યગ્દર્શન હોય. એમ ન હોય. સમ્યગ્દર્શન, જ્ઞાન ન હોય એને ચારિત્ર કહેશે. એને ન હોય.

મુમુક્ષુ :- મુનિને ન હોય.

ઉત્તર :- ન હોય. સ્વરૂપાચરણ જ હોય. ત્યારે કહે, ચારિત્રની તો વાત પણ નથી પણ ચારિત્રનું જ્ઞાનની વાત પણ નથી, એમાં એણે લખ્યું છે. એમ નહિ. જ્ઞાન હોય છે. ... ચારિત્રની તો ગંધ પણ ત્યાં નથી પણ ચારિત્રના જ્ઞાનની વાત પણ એમાં નથી લીધી. એમ નથી. સમજાણું કાંઈ?

ચારિત્ર એટલે સંવરનું સ્વરૂપ. એની શ્રદ્ધા સમ્યગ્દર્શનમાં આવી જાય છે. એનું જ્ઞાન એમાં આવી જાય છે. જ્ઞાન અને શ્રદ્ધા ન આવે એમ નહિ. સમજાણું કાંઈ? ઇ છે. ભાઈએ લખ્યું છે. ‘જૈનસંદેશ’માં છે. બતાવવું રહી ગયું. કાલે વાત કરી હતી. વસ્તુસ્થિતિ જેમ છે તેમ એણે જાણવી જોઈએ. ઘરનું કાંઈ ન નાખવું જોઈએ. સમજાણું? સિદ્ધમાં ચારિત્ર નથી, એમ કહે છે. સિદ્ધમાં ચારિત્ર નથી. સ્વરૂપાચરણ ચારિત્ર પૂર્ણ સિદ્ધમાં છે. એની સામે ચર્ચા ‘રતનચંદજી’એ (કરી). ‘રતનચંદજી’ કહે, છે. અને આ કહે, નથી. એ... વાંધા. ભાઈ! તત્ત્વ શું છે?

ભગવાનઆત્મા, વસ્તુ એવો આત્મા, એમાં જે સમ્યગ્દર્શન, જ્ઞાન ને ચારિત્ર ત્રણ લીધા ને? એ ત્રણની પર્યાયનો પિંડ અહીંયાં અંદર સમકિત, શ્રદ્ધાની પર્યાયનો પિંડ તો શ્રદ્ધા છે અંદર. જ્ઞાનપર્યાયનો પિંડ તો અંદર જ્ઞાન છે. એ ચારિત્રની પર્યાયનો પિંડ તો અંદર ચારિત્રગુણ છે. સમજાણું કાંઈ? જેણે સમ્યગ્દર્શનની પ્રતીતિ આત્માની કરી એના પ્રતીતમાં જૈનદર્શનનું આખું સ્વરૂપ પ્રતીતમાં આવી જાય છે. ચારિત્ર હોતું નથી પણ ચારિત્ર કેવું હોય એવી એનામાં પ્રતીતિ સમ્યગ્દર્શનમાં આવી જાય છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- અમને બધું આવી જાય?

ઉત્તર :- આચરણ નહિ. આચરણ તો ચારિત્ર. જ્ઞાન આવી જાય છે. ચારિત્ર, જે સમ્યક્ચારિત્રની અહીં વાત નથી. ચારિત્ર, સમ્યગ્દર્શન-જ્ઞાન સહિતનું ચારિત્ર. વીતરાગતા બીજી ચીજ! એમ બધું જૈનદર્શનની પ્રતીતિમાં (આવી જાય છે). માટે દર્શનની પ્રતીતિમાં આ આવી જાય છે. આહા..! જૈનદર્શનનો મત જ એ છે કે આ ત્રણપૂર્વક આખું. દર્શન-જ્ઞાન-ચારિત્ર. કારણ કે વસ્તુ પોતે એવી છે. વસ્તુ પોતે એવી છે, વીતરાગસ્વરૂપી. એની શ્રદ્ધા, જ્ઞાન ને ચારિત્ર જે ગુણ છે એમાં એ બધા આ જ પ્રકારની ચારિત્રની પર્યાયનો પિંડ છે. આ પ્રકારના સમ્યગ્જ્ઞાનની પર્યાયનો પિંડ છે. એ પ્રકારની શ્રદ્ધાપર્યાયનો પિંડ છે. આખા દ્રવ્યની આ રીતે જ્યારે પ્રતીતિ થઈ ત્યારે એમાં જૈનદર્શન આખું કેવું છે એ બધી પ્રતીતિ એમાં આવી જાય છે. શું કહ્યું? ભાઈ! સમજાણું? અંદર દર્શન, જ્ઞાન, ચારિત્રમાં એ બધું છે. આખો પરમાત્મા થવાનો જે ઉપાય છે, મોક્ષમાર્ગ **‘मोक्खमग्गं’** આવ્યું ને? **‘मोक्खमग्गं’**. ઇ મોક્ષમાર્ગ જે છે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન,

સમ્યક્ચારિત્ર એવી અનંતી પર્યાયો, એવી અનંતી પર્યાયો ગુણમાં પડી છે. એના ગુણની, દ્રવ્યની જ્યાં પ્રતીત થઈ તો આ બધા દર્શન, જ્ઞાન, ચારિત્રની જૈનમાર્ગની પ્રતીતિ એમાં આવી જાય છે. એનું ચારિત્ર નથી આવતું. સમ્યગ્દર્શનમાં એનું ચારિત્ર નથી પણ ચારિત્ર કેવું (હોય) એની પ્રતીત આવી જાય છે. એનું જ્ઞાન જે પૂર્ણ જ્ઞાન છે એ આમાં નથી આવતું. પણ એનું જ્ઞાનનું જે જ્ઞાન, એવું જ્ઞાન આવું હોય એનું જ્ઞાન આમાં આવી જાય છે. આહા..! સમજાય છે કાંઈ?

**'ઐસા એક પ્રકાર હૈ.'** એમ આવ્યું ને? એટલે ભાઈને પ્રશ્ન ઉઠ્યો ને. સમ્યગ્દર્શનનો બીજો પ્રકાર છે? એમ નહિ. દર્શનનો માહ્યલો એક આ પ્રકાર. દર્શન છે એ તો દર્શન, જ્ઞાન, ચારિત્રની આખી મૂર્તિ છે તેને આખો મોક્ષમાર્ગ, દર્શન કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? ભારે! આ 'અષ્ટપાહુડ' ચાલ્યું. વાંચે તો ખરા. આવું સ્પષ્ટીકરણ પહેલા નહોતું (આવ્યું). આ માર્ગ એવો છે. બાપુ! મૂળ માર્ગ જ ત્યાંથી શરૂ થાય છે. આખો. વસ્તુનો, હોં! વસ્તુનો. વસ્તુની પૂર્ણ પ્રતીતિ, વસ્તુનું જ્ઞાન ને વસ્તુનું આચરણ-ચારિત્ર ત્રણ થઈને મોક્ષમાર્ગ (છે). મોક્ષમાર્ગ તે દર્શન છે. એની મૂર્તિ વિકલ્પવાળી, વ્યવહાર નગ્ન એ જૈનદર્શન. વ્યવહારમાં નિશ્ચયનો આરોપ છે એના પર. સમજાણું કાંઈ? જેને આવી પ્રતીતિ નથી અને જેને વસ્ત્રસહિતના સંયોગવાળો અજીવનો ભાવ અને અહીં એને રાખવાનો ભાવ (હોય), એને તો જૈનદર્શનની એકેય પ્રતીતિની ખબર નથી. એમ કહે છે.

જેને આવો આત્મા, એક સમયમાં પૂર્ણ નાથ, પૂર્ણ અનંત આમ તો ગુણ અભેદ.. અભેદ.. અભેદ એવી ચીજ. એની અંતરમાં એનો આશ્રય થઈને પ્રતીતિ થઈ, એ પ્રતીતિમાં આખું જૈનદર્શનનું શું રૂપ છે એટલે આત્મદર્શનનું શું રૂપ છે એટલે મોક્ષમાર્ગનું શું સ્વરૂપ છે એ પ્રતીતિ એમાં આવી જાય છે. આખો મોક્ષમાર્ગ પ્રગટ થતો નથી પણ મોક્ષમાર્ગનું સ્વરૂપ શું એની પ્રતીતિ એમાં આવી જાય છે. સમજાણું કાંઈ? આ વખતે એમણે પાહુડ ઉપાડ્યું છે. કહો, સમજાણું કાંઈ?

**'નિશ્ચય દ્વારા ઉપાધિરહિત...'** વસ્તુ પોતે જ દ્રવ્યસ્વભાવ ઉપાધિથી રહિત છે. અને એ દ્રવ્યસ્વભાવની જે પૂર્ણ પ્રતીતિ-સમ્યગ્દર્શન, એનું જ્ઞાન અને એનું ચારિત્ર એ પણ એના પૂર્ણ પૂર્ણ એવું દ્રવ્ય, એની શ્રદ્ધા, જ્ઞાન ને ચારિત્ર, એની યોગ્યતાનું તે ઠેકાણું એના અંદર યોગ્યતાવાળો વિકલ્પ, અઠ્ઠાવીસ મૂળગુણ અને બાહ્ય નગ્નદશા, આ જૈનદર્શનનો અભિપ્રાય અને દર્શન, નિશ્ચય ને વ્યવહાર આ છે. પંડિતજી! આહાહા..! સેઠી!

એવો અનુભવ... હવે સમ્યગ્દર્શનની વ્યાખ્યા કરે છે. મૂળ તો સમ્યગ્દર્શન આમાં મૂળ છે. પણ દર્શન આ, એનું મૂળ સમ્યગ્દર્શન. ઇ દર્શન છે ધર્મનું મૂળ. મૂળ વસ્તુ. પણ એનું મૂળ પાછું સમ્યગ્દર્શન છે. પહેલું સમ્યગ્દર્શન થાય છે ને. અહીં દર્શન તો આખું ત્રણે થઈને (છે). આખું જૈનદર્શન. એનું મૂળ. મૂળ તો એ ત્રણ થઈને છે. પણ એમાં પહેલું આ પ્રગટે છે-સમ્યગ્દર્શન.

**'ઐસા અનુભવ અનાદિકાલસે મિથ્યાદર્શન નામક કર્મકે ઉદયસે અન્યથા હો રહા હૈ.'** ત્યાં ગોટો વાળે. ભગવાનઆત્મા પોતાના સ્વસન્મુખનો સમ્યક્ ને અનુભવ કરતો નથી ત્યારે તેની દશામાં મિથ્યાત્વભાવ હોય છે. અને એ મિથ્યાત્વભાવમાં મિથ્યાત્વકર્મનું નિમિત્તપણું હોય છે.

એટલું સિદ્ધ કરવું છે. એ અનુભવ અનાદિકાળથી '**મિથ્યાદર્શન નામક કર્મકે ઉદયસે અન્યથા હો રહા હૈ.**' રાગનો અનુભવ છે. વીતરાગ સ્વભાવ એનો અનુભવ નથી. અનાદિથી રાગનો અનુભવ છે. એ મિથ્યાશ્રદ્ધા, મિથ્યાજ્ઞાન છે. સમજાણું કાંઈ?

મિથ્યાદર્શન નામના કર્મનો ઉદય એ તો નિમિત્ત. એમાં અહીંયા પરિણતિ અન્યથા થઈ ગઈ છે. નિમિત્તને વશ થઈને, સ્વભાવને વશ થઈને જે દર્શન, અનુભવ થવો જોઈએ, સ્વભાવને વશ થઈને અનુભવ થવો જોઈએ એ નિમિત્તને વશે અનુભવની વિપરીત પર્યાય-રાગના અનુભવની થઈ ગઈ છે, એમ કહે છે. સમજાણું કાંઈ? આત્મા વીતરાગસ્વરૂપ છે. આમાં પંખો-બંખો, હવા ન ખવાય. પુસ્તકથી હવા ખવાય નહિ. આ સાંભળવા જાય ત્યારે ગરમીનો ખ્યાલ પણ ન રહે કે ગરમી છે કે નહિ. સમજાણું? પુસ્તકથી હવા ન ખવાય. પુસ્તક સાંભળવાની ચીજ છે. એનાથી હવા ન ખવાય, અશાતના થાય. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- પ્રતિકૂળતા ગોઠતી નથી.

ઉત્તર :- પ્રતિકૂળતા ગોઠતી નથી તો મિથ્યાત્વનું સેવન કેમ (ચાલે છે)? એના સેવનમાં તો મોટી પ્રતિકૂળતા આવશે. ... ભાઈ! વિપરીત શ્રદ્ધાના ફળમાં તો અનંતી પ્રતિકૂળતા (આવશે). નિગોદ આદિની દશા (આવશે). આહાહા..! થોડી પ્રતિકૂળતા ગોઠતી નથી અને ઘણી પ્રતિકૂળતાના કારણનું સેવન કરે છો, એની તને કાંઈ ખબર પડતી નથી. એમ કહે છે. આહાહા..! અરે..! ક્યાં નિગોદનો અવતાર અને ક્યાં રૌરવ નરકનો નારકીનો અવતાર. બાપુ! એ વાત તરીકે એને ન લેવું જોઈએ, ભાવ તરીકે ખ્યાલમાં (લેવું જોઈએ). ઓહોહો..! ભગવાનઆત્મા ત્યાં ક્યાં હતો? પોતાના સ્વરૂપના અનુભવ વિના, કહે છે કે એ રાગ ને આકુળતાના અનુભવમાં હતો. મિથ્યા અનુભવ એટલે અજ્ઞાનનો અનુભવ હતો. એ પોતે કરેલો છે, કર્મનું તો એમાં નિમિત્ત છે. સમજાણું કાંઈ?

નિગોદના એક શરીરમાં અનંત જીવ. આસ્થા તરીકે ખ્યાલમાં લે તો એને એમ આવી જાય. એ વાત નથી, વસ્તુનું સ્વરૂપ છે. સમજાણું કાંઈ? એક શરીરમાં અનંત જીવ. શ્વાસ એક, આયુષ્ય એક, આહાર એક. કહે છે, કે આત્માના અનુભવ વિના મિથ્યાત્વ કર્મના નિમિત્તને વશ થયેલો અનુભવથી વિપરીત પર્યાયને પામેલો છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**અનાદિકાલસે મિથ્યાદર્શન નામક કર્મકે ઉદયસે અન્યથા હો રહા હૈ. સાદિ મિથ્યાદષ્ટિકે ઉસ મિથ્યાત્વકી તીન પ્રકૃતિયાં સત્તામેં હોતી હૈ...**' '**સાદિ મિથ્યાદષ્ટિકે ઉસ મિથ્યાત્વકી તીન પ્રકૃતિયાં સત્તામેં હોતી હૈ...**' શું કહે છે? એક મિથ્યાત્વ પ્રકૃતિના ત્રણ ટુકડા થઈ જાય છે. સાદિ મિથ્યાદષ્ટિને. આત્માનું જ્ઞાન અને અનુભવ થયા પછી પાછો પડીને રાગનો અનુભવ કરે છે, ત્યારે તે મિથ્યાત્વ પ્રકૃતિના ત્રણ ટુકડા એને હોય છે. સમજાણું કાંઈ? '**સાદિ મિથ્યાદષ્ટિકે ઉસ મિથ્યાત્વકી તીન પ્રકૃતિયાં સત્તામેં હોતી હૈ...**' અનાદિ (મિથ્યાદષ્ટિ)ને એક જ હોય છે. મિથ્યાત્વ. અનાદિ જીવ જે છે અનુભવ વિનાનો અનાદિનો, એને તો એકલી મિથ્યાત્વ પ્રકૃતિ જ છે અને મિથ્યાત્વભાવ છે. પણ જે સાદિ મિથ્યાદષ્ટિ છે, અનુભવથી પડી જાય છે, પડી ગયો છે, આવી

ગયો છે એ પડી ગયો છે, એને ત્રણ પ્રકૃતિ સત્તામાં હોય છે.

**'મિથ્યાત્વ, સમ્યગ્મિથ્યાત્વ ઔર સમ્યક્પ્રકૃતિ.'** ત્રણ. **'તથા ઉનકી સહકારિણી અનંતાનુબંધી ક્રોધ, માન, માયા, લોભ કે ભેદસે...'** લ્યો, ઠીક. એની સહકારિણી. આ ત્રણ પ્રકૃતિની સાથે. ક્રોધ, માન, માયા અનંતાનુબંધીના, હોં! મહાસંસારનું કારણ. સ્વરૂપનું અનાચરણ. એવો અનંતાનુબંધીનો ભાવ, એનો ભેદ કરી **'ચાર કષાય નામક પ્રકૃતિયાં હૈં. ઇસપ્રકાર યહ સાત પ્રકૃતિયાં હી સમ્યગ્દર્શનકા ઘાત કરનેવાલી હૈં;...'** લ્યો. અહીં તો સાત કહે એટલે ... કહે, જુઓ! સાતમાં ચાર છે, ત્રણ છે એ દર્શનની પ્રકૃતિ છે અને ચાર છે એ ચારિત્રમોહની પ્રકૃતિ છે. અનંતાનુબંધી ચાર ચારિત્રમોહની પ્રકૃતિ છે. એનો અભાવ થતાં ચારિત્રનો અંશ ન પ્રગટે તો ચારિત્રની અનંતાનુબંધી ગઈ શી રીતે? સ્વરૂપ આચરણ ચોથે ગુણસ્થાને પ્રગટે છે. આહાહા..! એની મોટી તકરાર. નહિ, એવું માને ઇ આચાર્યને માનતા નથી તે મિથ્યાદૃષ્ટિ છે. અહીંનું લખે. એની સામે, હોં! પેલાની સામે. અમારી સામે કાંઈ નહિ. આ તો 'મખ્ખનલાલજી'ની સામે. 'મખ્ખનલાલજી' કહે, હોય છે. ત્યારે આ કહે, નહિ. શાસ્ત્રનો, આચાર્યનો ક્યાંય આધાર નથી. આચાર્ય કહે છે, આ પ્રકૃતિ દર્શનની છે. તમે કહો છો કે ચારિત્રની છે. .... તમે થતા નથી, જાઓ. અરે..! ભગવાન! એટલું બધું જોર કરે છે. બહુ જોરદાર ભ્રમણા. ભાઈ!

ભગવાનઆત્મા અનુભવમાં તો સમ્યગ્દર્શનની પર્યાય અને ચારિત્રમાં સ્વરૂપના આચરણની પર્યાય અને આનંદની બધી અનુભવમાં ભેગી હોય છે. એ અનુભવથી વિરૂદ્ધમાં અનાદિનું મિથ્યાત્વ અને અનંતાનુબંધી ચાર છે. અને પડેલાને ત્રણ અને ચાર સાત હોય છે. સમજાણું કાંઈ?

**'ઇસલિયે ઇન સાતોંકા ઉપશમ હોનેસે પહલે તો ઇસ જીવકે ઉપશમસમ્યક્ત્વ હોતા હૈ.'** એ જીવ કહે છે. ઇ સાતનો સાદિવાળાને ઉપશમ થાય. અનાદિવાળાને મિથ્યાત્વનો ઉપશમ (થાય). **'ઇસ જીવકે ઉપશમસમ્યક્ત્વ હોતા હૈ.'** પહેલું ઉપશમ થાય છે ને અનાદિનું? પહેલું ક્ષાયિક ન થાય.

**'ઇન પ્રકૃતિયોંકા ઉપશમ હોનેકા બાહ્ય કારણ સામાન્યતઃ...'** હવે બાહ્ય કારણ મૂક્યા. અંતર કારણ તો પુરુષાર્થની જાગૃતિ (છે) અને નિમિત્ત કારણ કર્મ. બાહ્ય કારણ આ. નિમિત્ત કારણ કર્મનો અભાવ થવો. પુરુષાર્થની જાગૃતિ એ અંદર શુદ્ધ ઉપાદાનનું કારણ. અંતરંગ કારણ કર્મની પ્રકૃતિનો અભાવ. બાહ્ય કારણ આવા નિમિત્તો. એને લઈને સમકિત થાય એમ સિદ્ધ કરવું છે.

મુમુક્ષુ :- બાહ્ય કારણ...

ઉત્તર :- આવે છે ને. હવે આવે છે, આવે છે. જુઓ! ચાર બોલ લેશે. જુઓ!

**'બાહ્ય કારણ સામાન્યતઃ દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ભાવ હૈં, ઉનમેં દ્રવ્યમેં તો સાક્ષાત્ તીર્થંકરકે દેખના...'** દ્રવ્યમાં મુખ્ય પાછું પ્રધાન ઇ. બીજું દ્રવ્ય તો નિમિત્તમાં હોય .... **'દ્રવ્યમેં તો સાક્ષાત્ તીર્થંકરકે દેખના...'** અંતરમાં તો પુરુષાર્થ સ્વભાવ સન્મુખ કરે ત્યારે અંતરની પ્રકૃતિનો અભાવ

થાય અને બાહ્ય નિમિત્તો એવા હોય છે. એને કારણે થાય છે એમ કહેવું એ વ્યવહાર છે. સમજાણું કાંઈ?

**'ક્ષેત્રમેં સમવસરણાદિક પ્રધાન હૈં,...'** સમવસરણ, ગણધરો આદિના સ્થાન, તીર્થંકરોના .. સ્થાન, એ બધા ક્ષેત્ર નિમિત્ત છે. જીવ સ્વભાવ સન્મુખ થઈને (પુરુષાર્થ) કરે એ કાળે આ ક્ષેત્ર હતું તેનાથી આ કાંઈ જુદું છે તેથી એને બાહ્ય કારણ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? **'કાલમેં અર્ધપુદ્‌ગલપરાવર્તન સંસાર ભ્રમણ...'** લ્યો. એનો પણ વાંધો છે એને. ખબર છે? શું? આટલા બધા સંસારને માનતા નથી. જ્યારે જ્યારે પુરુષાર્થ કરે ત્યારે ... આખા પુદ્‌ગલમાંથી અર્ધો રહે ત્યારે .... અનાદિ સંસારમાં અર્ધપુદ્‌ગલ રહે ત્યારે સમકિત થઈ શકે, એમ નહિ. .... સમ્યગ્દર્શન પામવાની લાયકાત અર્ધપુદ્‌ગલ સંસાર ભગવાને જો જોયો હોય ત્યારે થાય. એની સ્થિતિ એટલી હોય ત્યારે. ત્યારે એને એટલો કાળ રહે. થાય છે સ્વભાવને આશ્રયે પણ એને અર્ધ પુદ્‌ગલ સંસાર (રહે) ત્યારે એ પામે. એવું એ નિમિત્ત છે. એને નિમિત્ત કહેવામાં આવે છે. ઉપાદાન તો પોતાનું છે. બાહ્ય કારણ કીધું ને? આને બાહ્ય કારણ કીધું. અર્ધ પુદ્‌ગલ થયું એ બાહ્ય કારણ છે. આ સ્વભાવ (સન્મુખનો પુરુષાર્થ) કરે ત્યારે બાહ્ય કારણને નિમિત્ત કહેવામાં આવે, એમ છે. એને કહેવા જાય કે આ અર્ધપુદ્‌ગલ છે કે નહિ? સ્વભાવ સન્મુખ થાય અને સમ્યગ્દર્શન પામે એટલે એને અર્ધપુદ્‌ગલ સંસાર બાકી રહ્યો હોય એમ એને જ્ઞાનમાં આવે. સમજાણું કાંઈ? ત્યાં એને આટલો રહ્યો, એમ. આટલો એટલે હવે એમ નહિ. પણ અર્ધપુદ્‌ગલ આને હતો એટલું. હવે તો એક કે બે ભવમાં જ એનું કલ્યાણ થઈ જાય. સમજાય છે? અને કોઈ પડે તો અર્ધપુદ્‌ગલ રહે. એ જ્ઞાન કરાવ્યું.

**'તથા ભાવમેં અધઃપ્રવૃત્ત કરણ આદિક હૈં.'** લ્યો. ઇ સમ્યગ્દર્શનમાં નિમિત્ત છે એટલું. ઉપાદાન કારણ તો અંદર પોતાના આત્મસ્વભાવ સન્મુખના પરિણામ. આત્મસ્વભાવ સન્મુખ પરિણામ એ જ કારણ યથાર્થ છે. સમજાણું કાંઈ? આવું હોય એને પરિણામ .... પામવા વખતે તો એનો અભાવ કરવાનો છે.

**'(સમ્યક્‌ત્વકે બાહ્ય કારણ) વિશેષરૂપસે તો અનેક હૈં.'** ઘણા પ્રકારે એને નિમિત્તપણું આવે. સમ્યગ્દર્શન થવા કાળમાં .... **'ઉનમેંસે કુછકે તો અરિહંત બિમ્બ કા દેખના,...'** લ્યો. ભગવાનનું બિંબ દેખીને પણ કોઈ સમકિત સ્વસન્મુખ થઈને પામે ત્યારે અરિહંતનું બિંબ હતું એને નિમિત્ત તરીકે કહેવામાં આવે. **'કુછકે જિનેન્દ્ર કલ્યાણક આદિકી મહિમા દેખના,...'** ભગવાનનો જન્મકલ્યાણક, દીક્ષાકલ્યાણક, કેવળકલ્યાણક (દેખીને થાય). **'કુછકે જાતિસ્મરણ,...'** કોઈને જાતિસ્મરણ નિમિત્ત થાય. જાતિસ્મરણ એ માટે થાય એમ નહિ. થાય છે એને કોઈને જાતિસ્મરણ થયું એમાંથી ઓ..હો...! આ અવિનાશી ભગવાન એવો ને એવો છે. જે ત્યાં હતો એ અહીં છું. એવું સ્મરણમાં સ્વભાવ સન્મુખ થઈને અનુભવ કરે ... હોય તો. સમજાણું કાંઈ?

**'કુછકે વેદના કા અનુભવ,...'** નારકી આદિ. બહુ વેદના હોય છે ને. એ વેદનામાં લક્ષ જાય.. આહાહા..! અરે..! આ વેદના! વેદવું ... ભાવ થયો એમ વિચાર થતાં સ્વભાવ સન્મુખ થઈ

જાય તો વેદનને નિમિત્ત કહેવાય. આમ તો વેદના અનંતવાર થઈ પણ છતાં કંઈ થયું નહિ. રૌવ રૌવ નરકે અનંતવાર ગયો. પણ જ્યારે એનું લક્ષ વેદના ઉપર હતું એમ એમાંથી સ્વસન્મુખ થયો એથી જાતિસ્મરણને બાહ્ય નિમિત્ત અને બાહ્ય કારણ કહેવામાં આવે છે.

**'કુછકે ધર્મ શ્રવણ...'** લ્યો. ભગવાનની વાણી કાને પડતાં કેટલાકને એમ થાય ઓહો...! આ માર્ગ! વીતરાગ .... ભાવ. એમ ભગવાને જ્યાં કહ્યું, .. ફડાક દઈને ... ધર્મશ્રવણ નિમિત્ત કહેવામાં આવે. આમ તો અનંતવાર (અરિહંત પાસે ગયો પણ) થાય તો એને નિમિત્ત કહેવામાં આવે. થાય તો એને નિમિત્ત કહેવું એમ અહીંથી લેવું.

મુમુક્ષુ :- ન હોય તો કાર્ય થાય.

ઉત્તર :- એમ કારણ-ફારણ નથી. કારણ તો અહીં છે. કારણપરમાત્મા તો અંદર છે. એ કારણને પકડતાં કાર્ય થાય. ત્યારે આવા બાહ્ય કારણને ત્યાંથી લક્ષ છોડ્યું હતું, એને બાહ્ય કારણ કહેવામાં આવે.

મુમુક્ષુ :- કાર્ય થાય તો કારણ કહેવાય ને.

ઉત્તર :- ... કારણ શેના? કોને મેળવે? કોણ મેળવે? કારણ તો મેળવે અંદરમાં જાય એટલું. ધ્રુવની દૃષ્ટિ કરે એણે કારણને મેળવ્યું, ભગવાનઆત્માને મેળવ્યો. એટલે બહારના નિમિત્ત ઉપરથી લક્ષ છૂટ્યું હતું એની વાતું કરવામાં આવે. .... અહીંથી લક્ષ છૂટ્યું હતું અને અહીં ગયો ત્યારે ... અંતર કારણ કર્મનો અભાવ. અંતરમાં ... મૂળ અભ્યંતર કારણ સ્વ સન્મુખના પરિણામ. ... અંતર સન્મુખ થાય અને ... હતો. આ નરક! આ દુઃખ! શું છે આ? ક્યાંય નજર નાખી પડે નહિ ક્ષેત્રમાં. જાવું ક્યાં? કાળની નજર પડે નહિ. આ વેદનાનો કાળ .... પહેલી નરકમાં દસ હજાર વર્ષની નારકીના સ્થાનમાં (રહે). અહીં એક અઢાર ડિગ્રીનો તડકો આવે ત્યાં ગભરાય છે. આ તો પહેલી નરકના નારકીમાં અનંત ડિગ્રીનો તડકો છે.

મુમુક્ષુ :-

ઉત્તર :- ઇ સન્મુખ થાય ત્યારે આને નિમિત્ત કહેવામાં આવે. ઇ કંઈ નડતું નથી. ઇ વાત નથી અહીં. અનંત ડિગ્રી, હોં! અહીં તો અઢાર થાય ને વીસ થાય ત્યાં રાડ નાખે. માણસો મરી ગયા, આબરૂ મરી ગઈ, ઢોર મરી ગયા. શું કહે છે?

કહે છે, એ તરફની ... હોય, પછી અંતર સન્મુખ થયો હોય એટલે એ બાહ્ય કારણ કહેવામાં આવે. એનાથી અંદરમાં જાય એમ નહિ. પહેલા આ, ત્યારે ઓલાને બાહ્ય કારણ કહેવામાં આવે. હોય એનો અર્થ નિમિત્ત ક્યારે કહેવાય, એમ અહીં કહેવું છે. હોય એ બીજી ચીજ છે. પણ એને બાહ્ય કારણ કહેવામાં ક્યારે આવે? અંતર સન્મુખના પરિણામ થઈને કર્યું ત્યારે એ વખતનું લક્ષ એમાંથી થયું હતું. ... ઉપચાર કરવો, વેદનાનો ઉપચાર કરવો, ... અહીં હોય તો. દ્રવ્ય હોય તો દૃષ્ટિ થાય. પંડિતજી!

ત્રણલોકનો નાથ ચૈતન્ય ભગવાન અનંત અનંત સ્વભાવની શક્તિનો સાગર એકરૂપ છે. એ છે કથંચિત્ થાય. એટલે કે એના ઉપર દૃષ્ટિ જાય તો સમકિત થાય. .... છે ને? એમાંથી પર્યાય

આવે છે ને. થાય છે, નિમિત્ત બીજું હોય, કોઈપણ હોય. અંદરની દૃષ્ટિ કરે ત્યારે થાય. ત્યારે બાહ્ય કારણ એ વખતે કોણ હતું એનું જ્ઞાન કરાવ્યું છે. ... કરેલું કાર્ય દ્રવ્યને આશ્રયે તે કૃતજ્ઞપણું છે. એ કૃતજ્ઞ છે નહિ આવા કારણ અનંતવાર થયા, કેમ ન થયું? એનાથી થાય છે? વેદના અનંત વાર થઈ, જાતિસ્મરણ અનંત વાર થઈ ગયું છે, ભગવાનને અનંત વાર જોયા છે.

મુમુક્ષુ :- પ્રેરક..

ઉત્તર :- પ્રેરક એટલે શું? બેય એ તો નિમિત્તની દશાના પ્રકાર છે. બીજાના કાર્યમાં સહાયક થાય એના કોઈ પ્રકાર છે નહિ.

મુમુક્ષુ :- સહકારી કહેવાય.

ઉત્તર :- સહકારી શબ્દ ન કહેવાય. સહકારી એટલે સાથે હોય ત્યારે. સહ-કારી એટલે સાથે હોય છે. સહકાર, સહકાર કીધું ને? અનંતાનુબંધી ... સહકારી એનો અર્થ શું થયો? મિથ્યાત્વની પ્રકૃતિની સાથે અનંતાનુબંધી ... સાથે રહેનાર, એ કાળે સાથે હોય એનું નામ સહકારી. સહનો અર્થ છે એવો ખ્યાલ છે. ... વસ્તુ એવી છે. એ વસ્તુનો પોકાર એના ઘરનો છે. બહારનો ક્યાં છે આ? સમજાણું કાંઈ?

... સાંભળે તો બધા છે, કેમ પામ્યા નહિ? પામવા કાળે એવું શ્રવણ થઈને વિચાર આવ્યો અને એમાં અંદરમાં ગયો ત્યારે શ્રવણનું નિમિત્ત કહેવામાં આવે. '**કુછકે દેવોંકી ઋદ્ધિકા દેખના,...**' દેવની ઋદ્ધિ દેખે, ઠીક. દેવની ઋદ્ધિ.. પોતે નવમી ગ્રૈવેયક અનંત વાર જઈ આવ્યો છે. દેવની ઋદ્ધિ. એનાથી કેવી ઋદ્ધિ સમજ્યા ને? ઓલા તો દેવલોકમાં છે હેઠે ઉતરતા નથી. એને જોઈ શકતા નથી. દેવની ઋદ્ધિ એટલે શું? એણે આમ જોયું અંદર ... આહાહા..! અંતરમાં ઉતર્યો ત્યારે પેલું બાહ્ય કારણ કહેવામાં આવે.

'**ઇત્યાદિ બાહ્ય કારણોં દ્વારા મિથ્યાત્વકર્મકા ઉપશમ હોનેસે...**' દેખો! આવા નિમિત્તથી અંતરના ઉપાદાન મિથ્યાત્વનો ઉપશમ થવાથી અંતરમાં સમ્યગ્દર્શનના પરિણામ શુદ્ધ ઉપાદાનથી થવાથી એમ લેવું. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## પ્રવચન નં. ૪ ગાથા-૨ શુક્રવાર, જેઠ સુદ ૮, તા. ૧૨-૦૬-૧૯૭૦

'દર્શન પ્રાભૃત' અહીંયા શું કહ્યું? મૂળ તો એમ કહે છે કે 'दंसण मूलो धम्मो'. જિનવરે શિષ્યોને કહ્યું. સમ્યક્ત્વ મૂળ ધર્મ છે. અને એ ધર્મ છે એ જિનવરનો કહેલો (છે). સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર સહિત વીતરાગભાવ અને બાહ્ય નગ્નમુદ્રા, એને અહીં દર્શન-જિનદર્શન કહ્યું છે. એવા જૈનદર્શનની પ્રતીતિ સમ્યગ્દર્શન એ મૂળ છે. આ મૂળ છે જૈનધર્મનું અને એનું મૂળ સમ્યગ્દર્શન. એ સમ્યગ્દર્શનના બાહ્ય કારણો થોડા કહ્યા.

'**ઉપશમસમ્યક્ત્વ હોતા હૈ.**' '**મિથ્યાત્વકર્મકા ઉપશમ હોનેસે ઉપશમસમ્યક્ત્વ હોતા હૈ.**' જાણવાની વાત છે. સાધારણ થોડી લઈ લીધી આ તો. '**તથા ઇન સાત પ્રકૃતિયોંમેંસે છહકા તો**

**ઉપશમ યા ક્ષય હો ઔર એક સમ્યક્ત્વ પ્રકૃતિકા ઉદય હો તબ ક્ષયોપશમ સમ્યક્ત્વ હોતા હૈ.'** સમકિત. જૈનધર્મનું મૂળ પહેલો મોક્ષમાર્ગ, એનું મૂળ સમકિત છે. એ સમ્યક્ આત્માનો અનુભવ. ભગવાન સર્વજ્ઞે પરમાત્માએ કહ્યો એવો આ આત્મા, એવા આત્માની સન્મુખ થઈને અંતરના અનુભવમાં પ્રતીતિ કરવી એનું નામ ધર્મની શરૂઆત-સમ્યગ્દર્શન કહે છે. કહો, સેઠી! આ વીતરાગનો ધર્મ છે.

તીર્થંકરદેવ પરમેશ્વરે જૈનધર્મ જે કહ્યો એ તો ચારિત્ર, દર્શન-જ્ઞાન-ચારિત્રનું આખું રૂપ, એને જૈનધર્મ કહ્યો. એનું મૂળ પાછું સમ્યગ્દર્શન. એ ત્રણમાં મૂળ સમ્યગ્દર્શન. એની પ્રતીતિ થવી. મુનિ આવા, જૈનધર્મ આવો હોય. વીતરાગ પરિણામ જેના, વીતરાગી પરિણામી, એવો મુનિનો ધર્મ એ જૈનધર્મ, એ જૈનદર્શન. એની અંતરમાં પ્રતીતિ થવી. રાગ અને પુણ્ય-પાપના વિકલ્પથી રહિત એ સ્વરૂપ જેનું મોક્ષમાર્ગ છે, એની અહીં અંતરમાં પ્રતીતિ શુદ્ધ ચૈતન્યના આશ્રયે નિરૂપાધિ-રાગ વિનાની સમ્યગ્દર્શન દશા થવી એને પ્રથમ ધર્મનું મૂળ કહે છે. કહો, સમજાય છે કાંઈ? ત્યાંથી ધર્મની શરૂઆત થાય છે. 'દેવચંદજી'! વીતરાગનો માર્ગ ત્યાંથી શરૂ થાય છે. એ સમ્યગ્દર્શન ન હોય તો એને કાંઈ હોતું નથી. એના જ્ઞાન પણ ખોટા, એના વ્રત પણ ખોટા અને (એના) ચારિત્ર પણ ખોટા.

કહે છે કે, પ્રકૃતિ સાત છે. એની એક પ્રકૃતિનો ઉદય રહે અને છ જાય એને ક્ષયોપશમ કહે છે. એમાં અતિચાર લાગે એ જાણવાની વાત છે. સાત પ્રકૃતિનો સત્તામાંથી નાશ થાય એને ક્ષાયિક કહે છે.

**'ઇસપ્રકાર ઉપશમાદિ હોનેપર જીવકે પરિણામભેદસે તીન પ્રકાર હોતે હૈં;...'** ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષાયિક. **'વે પરિણામ અતિ સૂક્ષ્મ હૈં, કેવલજ્ઞાનગમ્ય હૈં, ઇસલિયે ઇન પ્રકૃતિયોંકે દ્રવ્ય પુદ્‌ગલપરમાણુઓંકે સ્કંધ હૈ,...'** એ અતિસૂક્ષ્મ છે એ જાણવાની વાત લીધી છે. **'ઉનમેં ફલ દેનેકી શક્તિરૂપ અનુભાગ હૈ વહ અતિસૂક્ષ્મ હૈ વહ છદ્મસ્થકે જ્ઞાનગમ્ય નહીં હૈ.'** ભગવાનઆત્માના પરિણામ સૂક્ષ્મ કેવળજ્ઞાનગમ્ય અને પોતાને અનુભૂતિગમ્ય થાય છે.

મુમુક્ષુ :- અનુભૂતિગમ્ય થાય એ હવે આવશે.

ઉત્તર :- હવે આવશે, પણ પહેલેથી પાછું (એમ માની લે કે) કેવળીગમ્ય છે એટલે ન જાણી શકાય એમ નથી. **'વે ભી અતિસૂક્ષ્મ કેવલજ્ઞાનગમ્ય હૈ. તથાપિ જીવકે કુછ પરિણામ છદ્મસ્થકે જ્ઞાનમેં આને યોગ્ય હોતે હૈં, વે ઉસે પહિચાનનેકે બાહ્ય-ચિહ્ન...'** હવે બાહ્ય ચિહ્નની વાત કરશે.

મુમુક્ષુ :- હવે ન્યાં જરા સમજાવવા જેવું...

ઉત્તર :- હવે બાહ્ય ચિહ્ન કહેશે. **'ઉનકી પરીક્ષા કરકે નિશ્ચય કરનેકા વ્યવહાર હૈ;...'** શું કહે છે? આત્મા પૂર્ણ જ્ઞાયક આનંદસ્વભાવ, એનો અંતર અનુભવ, પ્રતીત અનુભવમાં થવી એ સમ્યક્ત્વ. પણ એ સમ્યગ્દર્શન સીધું ન જણાય, કહે છે. એની અનુભૂતિ, જે આત્માનું જ્ઞાન થાય, એ અનુભૂતિ એ સમ્યગ્દર્શનનું બાહ્ય ચિહ્ન છે. સેઠી!

મુમુક્ષુ :- કઠણ પડે.

ઉત્તર :- કઠણ પડે પણ.... અંતર સ્વરૂપ ભગવાનઆત્મા, એનું ભાન થઈને પ્રતીતિ થવી, એ પ્રતીતિ થાય એને સમ્યગ્દર્શન (કહેવાય). પણ સમ્યગ્દર્શન સીધું ન જણાય, કહે છે. સૂક્ષ્મ છે ઘણું. એની સાથે બાહ્ય લક્ષણ (હોય છે). બાહ્ય કેમ? કે દર્શન છે અને જ્ઞાન જે છે (તે) દર્શનથી ભિન્ન ચીજ છે. તેથી સમ્યગ્દર્શનને અનુભૂતિ દ્વારા જાણવું એ વ્યવહાર અને બાહ્ય ચિહ્ન થયું તો વ્યવહાર થયો. કહે છે ને, જુઓને!

**'ઉસે પહિચાનનેકે બાહ્ય-ચિહ્ન હૈં, ઉનકી પરીક્ષા કરકે નિશ્ચય કરનેકા વ્યવહાર હૈ; ઐસા ન હો તો છદ્મસ્થ વ્યવહારી જીવકે સમ્યક્ત્વકા નિશ્ચય નહીં હોગા ઔર તબ આસ્તિક્યકા અભાવ સિદ્ધ હોગા...'** આસ્તિક્ શ્રદ્ધાનો અભાવ ઠરે. **'વ્યવહારકા લોપ હોગા-યહ મહાન દોષ આયેગા.'**

મુમુક્ષુ :- વ્યવહારને લોપ કીધો.

ઉત્તર :- વ્યવહાર, ક્યો વ્યવહાર આ? આ વ્યવહાર એટલે આત્મા વસ્તુ છે એનું ભાન થઈને પ્રતીત થાય. એ પ્રતીતની સાથે જ્ઞાન, અનુભૂતિ હોય. વેદન અનુભવ આનંદનો (હોય). એ અનુભૂતિ દ્વારા પ્રતીતને જાણવું એનું નામ વ્યવહાર છે.

મુમુક્ષુ :- અનુભૂતિ પ્રત્યક્ષ છે.

ઉત્તર :- પ્રત્યક્ષ અનુભૂતિ ઇ જ્ઞાનની પર્યાય છે અને દર્શન શ્રદ્ધાની પર્યાય છે. 'દેવચંદજી'! સૂક્ષ્મ વાત છે. એ શ્રદ્ધાની પર્યાયને જ્ઞાનની પર્યાય દ્વારા જાણવું, એક ગુણની દશાને બીજા ગુણની (પર્યાય દ્વારા જાણવી), એનું નામ વ્યવહાર છે અહીં તો.

મુમુક્ષુ :- રાગ નહિ?

ઉત્તર :- રાગ-ફાગની વાત પણ ક્યાં છે અહીં?

ભગવાનઆત્મા સર્વજ્ઞ તીર્થંકરદેવ કેવળજ્ઞાનીએ જેવો કહ્યો એવો અનુભવમાં આવવો. સમજાય છે કાંઈ? હજી આ ધર્મની પહેલી વાતની વાત. ધર્મ, આ ધર્મ. બાકી ધર્મ છે નહિ. બાકી દયા, દાન, વ્રત, પૂજા, ભક્તિ એ શુભભાવ ને પુણ્ય છે, એ ધર્મ નહિ.

મુમુક્ષુ :- કોઈ નહિ કરે.

ઉત્તર :- કરે, ન કરે, ઇ તો આવ્યા વિના રહેશે જ નહિ. જાશે ક્યાં? વીતરાગ ક્યાં થઈ ગયો છે. આવે ઇ જુદી વાત છે, પણ એ ધર્મનું રૂપ નથી. ભગવાને ધર્મ તો એને કહ્યો છે કે રાગરહિત વસ્તુ ચૈતન્યમૂર્તિ પૂર્ણ આનંદ અને જ્ઞાનનો પિંડ પરમાત્માને જે પ્રગટ દશા થઈ, એ બધી શક્તિનો પિંડ આત્મા છે. એવા આત્માની સન્મુખ થઈને પ્રતીતિ, ભાનસહિત અનુભવ સહિત થવી એને ભગવાન પ્રથમ સમ્યગ્દર્શન અને ધર્મ કહે છે. આહાહા..!

કહે છે, **'વ્યવહારકા લોપ હોગા-યહ મહાન દોષ આયેગા. ઇસલિયે બાહ્ય ચિહ્નોંકો આગમ,...'** બાહ્ય ચિહ્ન દ્વારા **'આગમ, અનુમાન તથા સ્વાનુભવસે પરીક્ષા કરકે નિશ્ચય કરના ચાહિયે.'** હવે આપણે અહીં તો બાહ્યથી નથી લેવું કાંઈ. એ તો એક જાણવાની વાત. શું (કહે છે)?

**'મુખ્ય ચિહ્ન તો...'** મુખ્ય ચિહ્ન તો એ છે કે **'ઉપાધિરહિત શુદ્ધ જ્ઞાનચેતનાસ્વરૂપ આત્માકી અનુભૂતિ હૈ.'** લ્યો. ઝીણી વાત છે, ભાઈ! એણે કોઈ દિ' ધર્મનું સ્વરૂપ શું, એને અનુભવ્યું નથી,

માન્યું નથી. એમ ને એમ બહારમાં રખડપટ્ટી કરી કરીને જાણે બહારથી ધર્મ થશે એમ અનાદિથી માન્યું છે. સમજાણું કાંઈ? આ જાત્રા કરવી, ભક્તિ કરવી, પૂજા કરવી, નામસ્મરણ કરવું એ બધો શુભરાગ ને પુણ્ય છે. 'શાંતિભાઈ'! એ પુણ્યથી રહિત અંદર પવિત્રતાનો પિંડ આત્મા છે. એની અંદરમાં જ્ઞાનમાં, અનુભવમાં એની પ્રતીતિ થવી. કહે છે કે પ્રતીત અને અનુભૂતિ પર્યાય, બે ગુણની પર્યાય ભિન્ન છે. માટે પ્રતીતનું અનુભૂતિ તે બાહ્ય લક્ષણ કહેવામાં આવે છે. અરે...! રાગ નહિ, શરીર આદિ બાહ્ય નિમિત્ત પણ નહિ. પંડિતજી! આહાહા..!

મુમુક્ષુ :- આજે વ્યવહારનો દિવસ આવ્યો ખરો.

ઉત્તર :- વ્યવહાર એટલે? વ્યવહારની વ્યાખ્યા શું? એક પર્યાય દ્વારા બીજી પર્યાયને જાણવી એનું નામ વ્યવહાર. અહીં આટલી વાત છે. એ.. 'વજુભાઈ'! વ્યવહારનો વખત આવ્યો ખરો, કહે છે.

મુમુક્ષુ :- વ્યવહારનો દિવસ આવ્યો.

ઉત્તર :- વખત કહો કે દિવસ કહો. ભગવાન! જાણવા માટે...

વસ્તુ છે આખી, એની પ્રતીત-સમ્યગ્દર્શન એ તો અતિસૂક્ષ્મ પરિણામ છે અને તે નિર્વિકલ્પ પરિણામ છે. એ પોતે પોતાને ન જાણે, પોતે પરને ન જાણે. એથી અહીંયાં છદ્મસ્થને એ સમ્યગ્દર્શન ઓળખવાનું ચિહ્ન અનુભૂતિ (કહ્યું). આનંદનો અનુભવ થવો, જ્ઞાનનું વેદન-ચેતના જ્ઞાનની અનુભૂતિ થવી, એ સમ્યગ્દર્શનનું બાહ્ય ચિહ્ન કહેવામાં આવે છે. કારણ કે જ્યાં જ્યાં અનુભૂતિ હોય ત્યાં ત્યાં સમ્યગ્દર્શન હોય. અને જ્યાં જ્યાં સમ્યગ્દર્શન હોય ત્યાં ત્યાં અનુભૂતિ હોય જ. 'ધીરુભાઈ'! બહુ પણ આ વીતરાગનો માર્ગ આખો એવો છે કે લોકોએ સાંભળ્યો પણ નથી. એમ ને એમ માનીને બેસી ગયા કે અમે વીતરાગ માર્ગમાં છીએ. બાપુ! વીતરાગ એટલે?

એનું સમ્યગ્દર્શન એટલે એ કોઈ અલૌકિક ચીજ છે. કહે છે, અલૌકિક! જ્યાં સમ્યક્ થયું, અનંતા જન્મ-મરણ ગયા. ચોર્યાશીના અવતારમાં નરક અને નિગોદના ભવ કરીને રખડે છે. આ શેઠ ને રાજા એ બધા દુઃખી, દુઃખી, દુઃખી પ્રાણી છે બિચારા. કેમકે આત્માના આનંદનો જ્યાં સ્વાદ નથી ત્યાં દુઃખના સ્વાદમાં રખડી રહ્યાં છે. 'જાદવજીભાઈ'! સાચું હશે આ? આ બધા પૈસાવાળા દુઃખી હશે? એ... 'જયંતિભાઈ'!

મુમુક્ષુ :- દુઃખી તો ...

ઉત્તર :- ક્યાં દુઃખી? અહીં તો શરીર મોટા જાડા (હોય), લાડવા ખાય, મોસંબીના પાણી પીવે. જાંબુ ખાય. શું કહેવાય? ગુલાબજાંબુ. ઘીમાં તળેલા લાડુ. ધૂળેય નથી, સાંભળને! એ તો ખાવાની ઇચ્છા છે એ જ રાગ ને દુઃખ છે. બહારની ચીજ ક્યાં.. એ તો જડ છે, માટી-ધૂળ છે. સમજાણું કાંઈ? એ ખાય ક્યાં શકે છે? એ ચીજને દેખીને રાગ કરે છે એ રાગને ખાય-અનુભવે. આકુળતામાં છે. 'દેવચંદજી'! દુનિયા કહે કે, ઓ..હો..! આને પૈસા મળ્યા, હામ, દામ ને ઠામ. ખાય-પીને મજા કરે છે. ધૂળેય મજા નથી, સાંભળને! મૂરખ! બધા મૂર્ખાય, અજ્ઞાનમાં પડ્યા છે.

અહીં તો પરમાત્મા એમ કહે છે કે આત્માનું સુખ તે આત્માની અંદરમાં છે. એ અંતરની

દૃષ્ટિ કરીને જે આનંદનું વેદન થાય એમાં જ્ઞાનનું વેદન (થાય). એ દ્વારા પ્રતીત છે એને ઓળખવી એનું નામ બાહ્ય ચિહ્નથી સમકિતને ઓળખવું એમ કહેવામાં આવે છે. ઝીણું બહુ. આહાહા..! સમજાણું કાંઈ?

**'વે ચિહ્ન કૌનસે હૈ સો લિખતે હૈં...'** એ ચિહ્ન કોને કહેવું? ચિહ્ન કહો, લક્ષણ કહો. બાહ્ય. **'મુખ્ય ચિહ્ન તો...'** મુખ્ય ચિહ્ન એ છે **'ઉપાધિરહિત શુદ્ધ જ્ઞાનચેતનાસ્વરૂપ આત્માકી અનુભૂતિ હૈ.'** આહાહા..! સમ્યગ્દર્શનનું બાહ્ય મુખ્ય ચિહ્ન આ છે કે ઉપાધિરહિત-રાગ જે કાંઈ શુભરાગ (થાય) એ પણ ઉપાધિ છે. દયા, દાન, વ્રત, તપનો વિકલ્પ ઊઠે છે રાગ, એ ઉપાધિ છે. આહાહા..! એ ઉપાધિરહિત. ભગવાનઆત્મા વીતરાગસ્વરૂપે આત્મા છે, એ વીતરાગસ્વરૂપની વીતરાગી પર્યાયની પ્રતીત થવી કે આ આખો આત્મા વીતરાગ છે, એમ પર્યાયમાં પ્રતીત થવી એનું લક્ષણ અનુભૂતિ-અનુભવ (છે). સમજાણું કાંઈ?

કેવો અનુભવ? કે ઉપાધિરહિત. આત્માના અનુભવમાં ઉપાધિ ન હોય. ઉપાધિ-રાગ હોય એ આત્માનો અનુભવ નહિ. શુદ્ધજ્ઞાનચેતના. એ તો આત્માના જ્ઞાનસ્વરૂપ ભગવાનઆત્મા, ચૈતન્યનો પિંડ પ્રભુ આત્મા, એનો અનુભવ, જ્ઞાન ચેતવું એકાગ્ર **'આત્માકી અનુભૂતિ હૈ. યદ્યપિ યહ અનુભૂતિ જ્ઞાનકા વિશેષ હૈ,...'** દેખો! એ અનુભૂતિ જ્ઞાનનો પ્રકાર છે, એ સમકિતનો પ્રકાર નથી. **'તથાપિ વહ સમ્યક્ત્વ હોનેપર હોતી હૈ, ઇસલિયે ઉસે બાહ્ય ચિહ્ન કહતે હૈં.'** દેખો! આહા..! આત્મા વસ્તુ છે મહાપ્રભુ, અનંતગુણનો પિંડ સિદ્ધસ્વરૂપી, જે સિદ્ધ ભગવાન થયા એ તો પર્યાયમાં-અવસ્થામાં પ્રગટ્યા. વસ્તુ તો સિદ્ધસ્વરૂપ જ ભગવાનઆત્મા દરેકનું છે. એવો જે આત્મા એનો અંતર અનુભવ થવો. શુદ્ધ ચેતનાના પરિણામ. જ્ઞાનના ચેતનાના (પરિણામ થવા). રાગ અને રાગનું ફળ એ કર્મ અને કર્મફળ ચેતનાની ઉપાધિથી રહિત (છે), એમ કહ્યું ને? શુભ વિકલ્પ ઊઠે એ તો કર્મચેતના છે, રાગનો અનુભવ (છે). અને એમાં હરખનું વેદન થાય એ કર્મફળ-રાગનું કાર્ય એનું ફળ. વેદન છે દુઃખનું.

ધર્મ-સમ્યગ્દર્શન, ધર્મનું મૂળ, જૈનદર્શનનો જે મત એ ત્રણ. દર્શન-જ્ઞાન-ચારિત્રનું એકરૂપ, એનું મૂળિયું સમ્યગ્દર્શન, એનું બાહ્ય ચિહ્ન અનુભૂતિના પરિણામ છે. કહો, 'વજુભાઈ'! કેટલું યાદ રાખવું આમાં? કહે છે. ઘરના સંસારના વેપારમાં નથી માથા ફોડતા? હજારો વસ્તુનું યાદ રાખે. 'મોહનભાઈ'! ધંધો-વેપાર કરે ત્યાં. બે-પાંચ-દસ લાખનો ધંધો હોય તો કેટલું યાદ રાખે. એમાં શું? આ તો પોતાની ચીજ છે. આને યાદ ક્યાં રાખવી છે? આ તો છે એવું એણે જાણી લીધું. સમજાણું કાંઈ? આહાહા..!

કહે છે, સમકિતના બાહ્ય ચિહ્ન, જોકે એ અનુભૂતિ જ્ઞાનનો પર્યાય છે **'તથાપિ વહ સમ્યક્ત્વ હોનેપર હોતી હૈ,...'** સ્વરૂપની પ્રાપ્તિની પ્રતીતિ, એ અનુભૂતિ થાય એટલે સમકિત હોય છે. **'ઇસલિયે ઉસે બાહ્ય ચિહ્ન કહતે હૈં.'** તેથી તેને બાહ્ય ચિહ્ન કહેવામાં આવે છે. 'ચેતનજી'! અરે! નિજઘર શું છે? આ તો પારકે ઘરે ધણી થઈને ફર્યા કરે છે. શરીર ને વાણી ને ધૂળ ને ધમાહા આ બધા માટી-ધૂળ, આ તો માટી છે, આ તો ધૂળ છે. અને પૈસા ને બાયડી,

છોકરા બધી પરવસ્તુ, પર, એનો સ્વામી થઈને અનાદિથી ફરે છે. જે નથી એનું એનો સ્વામી થઈને ફરે છે. આવો તો મૂઢ છે, કહે છે. 'રામજીભાઈ'! સાચું હશે આ?

મુમુક્ષુ :- બરાબર છે, પ્રભુ! મૂઢ થઈને જ ફરે છે.

ઉત્તર :- પોતાની ચીજ અંદર શું છે? ભગવાન પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવે આત્મા કહ્યો, એ આત્મા શું ચીજ છે? એ આત્મા શરીર નથી, વાણી નથી, કર્મ નથી. એ આત્મા પુણ્ય ને પાપના વિકલ્પો ઊઠે એ આત્મા નથી. એ તો વિકાર છે, આસ્રવતત્ત્વ છે. આહાહા..! ઝીણો સ્વરૂપ ભગવાન, એનું ઝીણું સમકિત ને એનું ઝીણું અનુભૂતિ ચિહ્ન. આહાહા..! કહે છે, **'ઇસલિયે ઉસે બાહ્ય ચિહ્ન કહતે હૈં.'**

**'જ્ઞાન તો અપના અપનેકો સ્વસંવેદનરૂપ હૈ;...'** લ્યો. **'ઉસકા-રાગાદિ વિકારરહિત શુદ્ધજ્ઞાનમાત્રકા અપનેકો આસ્વાદ હોતા હૈ...'** શું કહે છે? જુઓ! સરસ વાત છે. અનાદિથી રાગ ને પુણ્ય-પાપના વિકાર, વિભાવનું એને વેદન છે. એ અધર્મનું વેદન છે. જ્ઞેય... આ પૈસા મારા ને આ શરીર મારું, હું એનો અને પુણ્ય ને પાપના ભાવ, હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગ વાસનાના ભાવ દુઃખરૂપ છે. એ સિવાય દયા, દાન, વ્રત, તપ ને પૂજા, ભક્તિનો વિકલ્પ શુભરાગ છે. એ દુઃખરૂપ છે. અરે! ગજબ વાત છે. એનું એને વેદન છે. અનાદિનું અજ્ઞાનીને વેદન અનુભવમાં આ છે. દુઃખનું વેદન છે, દુઃખી છે ઇ. રાજા દુઃખી, રંક દુઃખી, શેઠિયા કરોડપતિઓ કહેવાય, અબજોપતિઓ બધા દુઃખના દાળિયામાં શેકાઈ ગયા છે બિચારા. આહાહા..! 'ધીરૂભાઈ'!

મુમુક્ષુ :- મોટરમાં બેસીને ..

ઉત્તર :- મોટર એટલે? એ તો જડ છે, ધૂળ. આ મોટરમાં બેસીને, જુઓને, હમણાં ન થયું? લાખ રૂપિયાની મોટર હતી. બાયડી, ભાયડો બે. પચીસ વર્ષની બાયડી ને અઠ્યાવીસ વર્ષનો ધણી ને છોકરો, ત્રણે મરી ગયા. છાપામાં આવ્યું હતું. છોકરાને લાવ્યા હતા. ... ચાર જણ મરી ગયા, લ્યો... ફોટો લાવ્યા હતા. આ છોકરો સવારમાં બે-ત્રણ દિ' પહેલા (લાવ્યો હતો). મોટો અમલદાર. ઇજનેર હતો. મોટો પગાર છે, લાખ રૂપિયાની મોટર. બાયડી પચીસ વર્ષની, અઠ્યાવીસ વર્ષનો ઇ અને એક છોકરો-ત્રણ. અને ચોથો બેઠેલો. તમારી મોટર ત્યાં જાય છે, મારે ત્યાં આવવું છે. ચોથો બીજો બેઠો હતો. કો'ક. બધા ચારેય મરી ગયા. એનો છોકરો નાનો હતો, દોઢ વર્ષનો. એ વળી ઊડીને પડ્યો તો આમ આઘો, એ બચી ગયો. આ દશા જડની. આ મોટર, લ્યો. ઊંચી કહેતા હતા. લાખ રૂપિયાની. એય..! ઇજનેર! ઇ કો'ક કહેતું હતું કે મોટર મોટી (હતી). છાપામાં આવ્યું હતું. મોટો પગારદાર હશે. પંદર હજારનો. એમાં ધૂળમાંય કાંઈ નથી. લાખનો પગાર હોય કે... આહા..હા...!

મુમુક્ષુ :- એ તો મરી ગયા એનો દાખલો આપ્યો. પણ અત્યારે...?

ઉત્તર :- હજારો દુઃખી દેખાય છે. મરી ગયા વિનાના, જીવતા.

મુમુક્ષુ :- હજારો લહેર કરે છે એનું કાંઈ નહિ, આ મરી ગયા એનો દાખલો...

ઉત્તર :- જીવતા કહે છે ને. આ ક્યાં મરી ગયાની (વાત) છે. આ તો દાખલો આપ્યો. પણ

જીવતા બધા દુઃખી છે. એ તો અહીં કહીએ છીએ. અહીં શું કહે છે? જુઓને!

**'જ્ઞાનમાત્રકા અપનેકો આસ્વાદ હોતા હૈ...'** એ વિના અનાદિનો સ્વાદ શેનો છે, એમ કહ્યું અહીં તો. ધર્મ પામે જ્યારે, ધર્મી ધર્મને પામે જ્યારે ત્યારે અંદરમાં આનંદનો, જ્ઞાનના આનંદનો અંતરનો સ્વાદ આવે. કેમકે આત્મામાં અતીન્દ્રિય આનંદ છે. ભગવાન કેવળીને અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત વીતરાગતા અને અનંત આનંદ પ્રગટે છે, કેવળીને, એ ક્યાંથી આવે છે? બહારથી ક્યાંયથી આવે છે? અંતરમાં આનંદપ્રભુ આત્મા નિત્યાનંદ ભગવાન છે. ખબર ન મળે. આ તો રાંકો થઈને ભિખારી થઈને ફરે ચોર્યાશીના અવતારમાં.

કહે છે કે અનાદિનો એને પોતાના જ્ઞાનનો સ્વાદ નથી. એટલે ધર્મ નથી. અનાદિનો એને રાગ ને દ્વેષ ને પુણ્ય ને પાપ, એ મારા એનો એને અજ્ઞાનનો રાગનો સ્વાદ છે. એ સ્વાદથી અજ્ઞાની મૂઢ થઈને ચાર ગતિમાં ફરે છે. કહો, 'વજુભાઈ'! આ બધા મોટરુંવાળા સુખી નહિ હોય? બે-બે કરોડ, ત્રણ-ત્રણ કરોડ રૂપિયાવાળા કહે છે. હમણાં ગયા લાગે છે બાપુ. એય...! આ કહે છે, એનો કાકો બેઠો છે. ... આ એનામાં ડાહ્યા કહેવાય ને જરી. એનું પણ માને નહિ. કોણ માને? અનુકૂળ હોય તો હા પાડે. નહીં તો કાકા વિચારશું. ધૂળમાંય નથી. એ તો પૂર્વના કોઈ પુણ્યનો યોગ હોય તો પાંચ-પચાસ લાખ, કરોડ-બે કરોડનો સંયોગ દેખાય. એમાં એની પાસે ક્યાં આવ્યા હતા? જડ તો જડમાં રહ્યા હતા. પૈસો જડમાં રહ્યો છે કે ચૈતન્યમાં આવ્યો છે? હેં? આહાહા..! કાંઈ ભાન જ ન મળે. પૈસો, મકાન, આબરૂ એ તો જડમાં જડપણે થઈને રહ્યા છે, કે આત્માના થઈને રહ્યા છે? આત્માના થઈને રહે તો એ ચીજ અરૂપી જાય. એ તો બધી રૂપી છે. 'મોહનભાઈ'!

અહીં તો સ્વાદની વાત આત્માની કરતાં એનાથી ઊલટાની વાત અત્યારે પહેલી ચાલે છે. એ અનુભૂતિમાં આત્માનો સ્વાદ આવે, એનાથી ઓળખાય આ આત્માને સમ્યગ્દર્શન થયું. સમજાણું કાંઈ? અનાદિનું વિભાવનું દુઃખ તો વેદે છે. એ જ્યારે જ્ઞાન છે તે પોતામાં પોતાને સ્વસંવેદનરૂપ છે. જ્ઞાન એ પોતાને પોતાનું સ્વસંવેદન (છે). રાગનું, પુણ્યનું વેદન હતું એ તો આકુળતાનું દુઃખરૂપ હતું. એમાં તો મિથ્યાશ્રદ્ધા હતી. મિથ્યાશ્રદ્ધાને ઓળખવાનું એ ચિહ્ન છે. દુઃખનું વેદન, સુખ નથી. અને સમ્યગ્દર્શનનું ચિહ્ન આત્માની અનુભૂતિમાં જ્ઞાનનું-જ્ઞાનનું જાણવું.

જ્ઞાનસ્વરૂપ આત્મા છે, એને પરિણામમાં જ્ઞાનના વેદનમાં લાવવો. જ્ઞાનનું સ્વસંવેદન (થવું). સ્વ નામ પોતાથી, સં - પ્રત્યક્ષ. રાગ ને નિમિત્ત ને મનની અપેક્ષા રાખ્યા વિના આત્મા આત્માના અંતર સીધા જ્ઞાનને પ્રત્યક્ષપણે વેદે એનું નામ અનુભૂતિ કહેવામાં આવે છે. એ અનુભૂતિ સમ્યગ્દર્શનનું બાહ્ય ચિહ્ન છે. 'દેવચંદજી'! આહાહા..! આ તો બહારની ધમાલ મોટી કરે ને માને કે આમાં મને કાંઈક ધર્મ થયો. ધૂળેય નથી, સાંભળને. એક ક્ષણનો ધર્મ તો અનંતા જન્મ-મરણના નાશનો ભણકાર આપે. અલ્પકાળમાં હવે અમે છૂટ્યા. મુક્તિ.. મુક્તિ.. મુક્તિના ભણકાર વાગે. સમજાણું કાંઈ? એને સમ્યગ્દર્શનનો ધર્મ કહેવામાં આવે છે. આહાહા..! ભારે

વાત, ભાઈ!

એ જ્ઞાન છે તે પોતાને પોતાથી સ્વસંવેદનરૂપ (છે). જ્ઞાન જ્ઞાનથી વેદાય. આત્માનું જ્ઞાન આત્માની સન્મુખ થઈને આત્માથી જણાય, આત્માથી વેદાય. જેમાં રાગ, વ્યવહાર વિકલ્પની પણ અપેક્ષા નથી. આહાહા..! સમજાણું કાંઈ? **'ઉસકા-રાગાદિ વિકારરહિત શુદ્ધજ્ઞાનમાત્રકા અપનેકો આસ્વાદ હોતા હૈ કિ 'જો યહ શુદ્ધ જ્ઞાન હૈ સો મૈં હૂઁ...'** દેખો! આહાહા..! એ જ્ઞાનસ્વરૂપ ચૈતન્ય છે આત્મા, એનું ચૈતન્યનું પરથી વિમુખ થઈ, સ્વથી સન્મુખ થઈ અને જ્ઞાનનું જ્ઞાનને (વેદન થાય), પોતે પોતાથી વેદાય. એવો જે જ્ઞાનભાવ તે હું છું. વેદનમાં આવ્યું જાણવાનું અને આનંદનું, તેથી (ખ્યાલ આવ્યો કે) અરે..! આ હું. આ આત્મા તે હું. રાગ ને પુણ્ય ને વિકલ્પ તે હું નહિ, એમ અહીં નથી કહ્યું. આ હું (એમ અસ્તિથી કહ્યું છે). આહાહા..! કહો, સમજાય છે કાંઈ?

ભગવાનઆત્મા વસ્તુ છે ને? પેલામાં આવ્યું છે, 'અમર ભારતી'માં. કો'કે એને પૂછ્યું હશે કે તમારી મૂર્તિ સહેલી બહુ, હોં! એને પૂછ્યું. કારણ કે મરુદેવીને હાથીને હોદ્દે મુક્તિ થઈ. પેલા એલચીને નાચતા થઈ. કો'ક સાધુનું આવે છે, શાસ્ત્રમાં આવે છે. ખાતા-ખાતા ખીચડી, ચોખા ખાતા-ખાતા કેવળજ્ઞાન થયું. કેમ કે સંવત્સરીનો અપવાસ કરી શકતા નહોતા. પછી આહાર લઈ આવ્યા. આહાર લઈ આવ્યા ને સાધુ એમાં થૂક્યા. એ ખાતા ખાતા (કેવળજ્ઞાન થયું, એમ આવે છે). અરે...! કેવળજ્ઞાન (થયું). ત્યારે એનો જવાબ એવો આપ્યો છે કે એ તો અંતરની વાત છે. એને કંઈ બહારની જરૂર નથી. ઠીક! આવી વાત છે અભ્યંતરની. આવો બધો ખીચડો...

મુમુક્ષુ :- ... અંગુઠો રાખ્યો હતો.

ઉત્તર :- અંગુઠો રાખ્યો હતો? શેમાં? બધી વાતું. શું થાય? માર્ગની ખબર ન મળે. વીતરાગ પરમાત્મા આ તો કેવળજ્ઞાની જેને એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોક જાણ્યા. જેને સો સો ઇન્દ્રો વંદનીક, ગણધરો જેના શિષ્યો! આહાહા..! એણે કહેલો માર્ગ બાપુ! કોઈ અપૂર્વ છે. લોકોને સાંભળવા મળે નહિ ને માની લે બહારથી, છેતરાઈ જશે, જિંદગી ચાલી જશે. આહાહા..! ભવ ચાલ્યો જશે. અનંત ગયા એ માહ્યલો આ થશે. જો એનું યથાર્થ જ્ઞાન નહિ કરે કે આ વીતરાગ માર્ગ કોઈ બીજી ચીજ છે. સમજાણું કાંઈ?

કહે છે, **'રાગાદિ વિકારરહિત શુદ્ધજ્ઞાનમાત્રકા અપનેકો આસ્વાદ હોતા હૈ કિ 'જો યહ શુદ્ધ જ્ઞાન હૈ સો મૈં હૂઁ ઔર જ્ઞાનમેં જો રાગાદિ વિકાર હૈં વે કર્મકે નિમિત્તસે ઉત્પન્ન હોતે હૈં, વહ મેરા સ્વરૂપ નહીં હૈ.'** લ્યો. બે વાત કરી. પહેલું અહીં અસ્તિથી લીધું. જ્ઞાનસ્વરૂપ જાણનારનો પ્રવાહ, ચૈતન્ય પ્રવાહ અંદર નિત્ય વહે છે. એનું જ્ઞાન થતાં (ભાન થયું) કે આ આત્મા. અને પુણ્યનો વિકલ્પ ઊઠે શુભરાગ, એ નિમિત્તની ઉપાધિ છે. એ મારું સ્વરૂપ નહિ. એમ રાગ ને આત્મા વચ્ચે ભેદજ્ઞાન થઈને આત્માનું ભાન ને સ્વાદ આવવો, એને અહીંયા અનુભૂતિ ને અનુભવ કહેવામાં આવે છે. તે અનુભૂતિ સમ્યગ્દર્શનની સાથે હોય. શું થાય? અરે..! જગત. કાળ ચાલ્યો જાય છે. જુઓ!

**'ઇસપ્રકાર ભેદજ્ઞાનસે...'** એ રીતે ભેદજ્ઞાન કરી. જ્ઞાનની વાત લેવી છે ને. બાહ્ય ચિહ્ન. **'જ્ઞાનમાત્રકે આસ્વાદનકો જ્ઞાનકી અનુભૂતિ કહતે હૈં,...'** રાગ વિકલ્પ જે છે, ચાહે તો દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા હો પણ એ રાગ છે તે કર્મના નિમિત્તની ઉપાધિ છે, સ્વભાવ નથી. એ સ્વભાવ નથી, એ મારી જાતમાં ભરેલી ચીજ નથી. નિમિત્તની ઉપાધિથી ઉત્પન્ન થયેલો ભાવ, એ ભિન્ન છે અને મારા સ્વભાવથી વેદનનો ભાવ થયો એ મારો સ્વભાવ છે. આહાહા..! સમજાણું કાંઈ? એમ ભેદજ્ઞાન કરી **'જ્ઞાનમાત્રકે આસ્વાદનકો જ્ઞાનકી અનુભૂતિ કહતે હૈં,...'** એ જાણવાના સ્વભાવનો અનુભવ (થવો), એને જ્ઞાનનો અનુભવ-આત્માનો અનુભવ (કહીએ). **'વહી આત્માકી અનુભૂતિ હૈ, તથા વહી શુદ્ધનયકા વિષય હૈ.'** લ્યો. આહાહા..! ભારે વાત.

બહારના અશુભ પરિણામ ઘટી શુભમાં આવવાનો પણ એને વખત નથી. આ તો શુભ હોય તો પણ ઉપાધિ છે. સમજાણું? કરવો, એમ વળી આમાં લખ્યું છે. પહેલું એમ ને એમ શુદ્ધ ન થઈ શકે. માટે અશુભને ટાળવાનો ઉપાય શુભ છે. અને મનને શુભ સંકલ્પથી રોકવું. તેથી અશુભ ટળે. કોણ ટળે? પણ ટળે શું પણ? ટળે શી રીતે? શુભ ને અશુભ બેય જ્યાં પર છે, એમાં અશુભ ટળે અને શુભ રહે, એ વસ્તુ ક્યાં છે? સમજાણું કાંઈ?

આ ભાન આઠ વર્ષની બાળિકાને પણ થાય અને દેડકાને થાય. ભગવાનના સમવસરણમાં તો દેડકાઓ સાંભળવા જાતા. ભાન ન હોય તો મોટા રાજા ને શેઠિયાને ન થાય. ભાન થાય તો દેડકાને થાય, એમ કહે છે. આત્મા છે ને. ઇ ક્યાં પરની અપેક્ષા રાખી છે કે આવું સાધન હોય ને આટલું હોય તો થાય. એમ છે? જ્યાં આત્મા હોય ત્યાં થાય. આહાહા..! સમજાણું કાંઈ? એની રીતની રીત તો પહેલી પકડે કે રીત તો આ છે. આ માર્ગ સિવાય કોઈ બીજો માર્ગ નથી. આહા..હા...!

કહે છે, જ્ઞાનમાત્રનું ભેદજ્ઞાન કરી. અંતર જ્ઞાનમાત્ર એટલે રાગ બિલકુલ નહિ, એવો જ્ઞાન ચૈતન્યનો સ્વભાવ, એની અનુભૂતિ (થાય) **'વહી આત્માકી અનુભૂતિ હૈ.'** એ જ્ઞાનની અનુભૂતિ એ જ આત્માની અનુભૂતિ. એમ. જ્ઞાનનો અનુભવ એ જ આત્માનો અનુભવ થયો. બીજી ચીજ નથી કાંઈ. જ્ઞાનગુણથી વાત કરી. સમજાણું? **'તથા વહી શુદ્ધનયકા વિષય હૈ.'** એ શુદ્ધનયનો વિષય દ્રવ્ય સ્વભાવ, એમાંથી અભેદ પરિણતિ થાય એ શુદ્ધનયનો વિષય કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આવો ધર્મ વીતરાગનો. કહો, 'ધીરૂભાઈ'! તમારા બાપ તે દિ' જાત્રા કરીને આવેલા તાકડે અને અહીં કીધું કે એ પુણ્ય છે, ધર્મ નહિ. હાય.. હાય...! રાડ નાખી ગયા. (સંવત) ૨૦૦૧ની સાલ. ભાઈ! માર્ગ એવો છે, ભાઈ! એને મૂળ ધર્મની ખબર નથી. મૂળ ધર્મ વીતરાગ છે અને વીતરાગ ધર્મમાં રાગની કોઈ અપેક્ષા આવે નહિ. નહીંતર રાગની અપેક્ષા આવે તો એ વીતરાગ ધર્મ નહિ. આ તો વીતરાગ ધર્મ છે. આહા..! સમજાણું કાંઈ?

**'ઐસી અનુભૂતિસે શુદ્ધનયકે દ્વારા ઐસા ભી શ્રદ્ધાન હોતા હૈ...'** દેખો! એ જ્ઞાનના અનુભવના અનુભૂતિથી શુદ્ધનય દ્વારા, એ શુદ્ધનય દ્વારા, એવું પણ શ્રદ્ધાન હોય છે. જો **'સર્વ કર્મજનિત રાગાદિક ભાવસે રહિત...'** સર્વ કર્મ, રાગ અને કર્મના ફળનો ભાવકર્મ. કર્મ જડ,

એનાથી રહિત, જડકર્મથી સંયોગે મળેલી ચીજો પૈસા આદિ, એનાથી રહિત અને સંયોગી કર્મના લક્ષે થયેલો વિકાર, પેલું વચમાં રહ્યું કર્મ, આ બાજુ આવ્યો રાગાદિ અને આ બાજુ બહાર ફળ આવ્યું, ત્રણેયથી રહિત છું. આહાહા..! સમજાણું કાંઈ? **'સર્વ કર્મજનિત રાગાદિક ભાવસે રહિત અનંત ચતુષ્ટય મેરા સ્વરૂપ હૈ,...'** લ્યો. અરૂપી છે ને વળી રૂપ ક્યાંથી આવ્યું? વસ્તુ છે કે અવસ્તુ? વસ્તુ છે. આત્મા પદાર્થ છે, તત્ત્વ છે. આ જેમ જડ છે એ વસ્તુ છે. આવ્યું હતું ને? અવસ્તુ આવ્યું હતું ને? અરૂપી ખરું ને એટલે માણસને અવસ્તુ થઈ જાય. અરૂપી છે ને. અરૂપી પણ પદાર્થ છે કે નહિ? આ જડ તો સ્થૂળ છે. સમજાય છે? આ તો મહાસૂક્ષ્મ. એને પણ જાણનારો અને એને અડ્યા વિના. એવો એ ચૈતન્યપદાર્થ જડને અડ્યા વિના જડને જાણે, ચૈતન્યને અડીને ચૈતન્યને જાણે. આહા..! અડીને સમજો છો? છૂકર. સ્પર્શીને. શું તમારે કહેવાય? છૂકર.

ભગવાનઆત્મા જ્ઞાનનો સ્વભાવ, એ જ્ઞાનમાં રહીને જ્ઞાનને અડીને-સ્પર્શીને જાણે અને જ્ઞાન રાગને અને શરીરને સ્પર્શ્યા વિના જાણે. એવું એ તત્ત્વ મહાન ચૈતન્ય પદાર્થ છે. એ હું અને રાગાદિ ભાવથી જુદો. **'અનંત ચતુષ્ટય મેરા સ્વરૂપ હૈ.'** ઓ..હો..હો..! એ જ્ઞાનનું વેદન આવ્યું એમાંથી જાણ્યું આ તો જ્ઞાન બેહદ છે, આ જ્ઞાનસ્વભાવ તો બેહદ છે. એમ દર્શન બેહદ છે, આનંદ બેહદ છે ને વીર્ય પણ બેહદ છે. આહાહા..! ભારે ભાઈ! આવા શરીરમાં સંતાયેલો, ઢંકાઈ ગયેલો દેખાય. ઢંકાયેલો નથી, એ તો ખુલ્લો છે. સમજાણું કાંઈ?

આ હું, આ જ્ઞાનના અનુભવ દ્વારા જાણવામાં આવ્યો કે રાગાદિ રહિત અને જ્ઞાનની અનુભૂતિમાં જ્ઞાન સહિત. આ જ્ઞાન પ્રગટ્યું તે આખું જ્ઞાન, અનંતજ્ઞાન, અનંતઆનંદ, અનંતવીર્ય ને અનંતદર્શન, એ મારું રૂપ છે. કહો, સમજાણું કાંઈ? રાગાદિ, પુણ્ય, દયા, દાન તો નહિ પણ એક સમયની પર્યાય મારું પૂર્ણ રૂપ નહિ. સમજાણું કાંઈ? પર્યાયમાં એમ ખાત્રી આવી કે હું તો અનંત ચતુષ્ટયરૂપ છે. સમજાણું કાંઈ? પર્યાય એટલે અનુભૂતિના જ્ઞાનની પર્યાયમાં એમ આવ્યું કે આ વસ્તુ આખી અનંત ચૈતન્ય જ્ઞાન, દર્શનનું રૂપ આખું અનંત ચતુષ્ટયરૂપ છે. આહાહા..! ભારે!

**'અન્ય સબ ભાવ સંયોગજનિત હૈં;...'** ધર્મીને સમ્યગ્દર્શન થતાં અનુભૂતિથી એમ જાણવામાં આવે છે કે શ્રદ્ધામાં મારો આત્મા પૂર્ણસ્વરૂપ છે અને આ બધું મારાથી પર છે, એ સંયોગજનિત ભાવ છે. શુભ-અશુભ દયા, દાન, વ્રત, ભક્તિના વિકલ્પ ઉઠે એ પણ સંયોગજનિત છે, સ્વભાવથી ઉત્પન્ન થયેલાં નથી. આહાહા..! કર્મજનિત રાગાદિ, લ્યો. છે ને? અન્ય બધા ભાવ સંયોગજનિત છે. આ કર્મથી ઊપજેલા, નિમિત્તથી ઊપજેલા શરીર, વાણી, કર્મ, ધૂળ, બાયડી, છોકરા બધું કર્મના નિમિત્તથી થયેલી સંયોગી ચીજ છે અને અંદરમાં રાગ ને દ્વેષ, પુણ્ય-પાપના ભાવ એ સંયોગના નિમિત્તથી થયેલો સંયોગી ભાવ છે. સમજાણું કાંઈ? એ મારા સ્વરૂપમાં છે નહિ. ભારે વાત, ભાઈ!

બાયડી, છોકરા, શરીર જુદા છે એ બેસે નહિ, એને કહે છે કે રાગ મારાથી જુદો. એ

રાગથી જુદો અને અનંત ચતુષ્ટયરૂપ એમ જે જ્ઞાનમાં જાણીને પ્રતીત થવી એનું નામ અનુભૂતિ સહિતનું સમ્યગ્દર્શન કહેવાય છે. આહાહા..! આ વિના એને જ્ઞાન સાચા ન હોય, એને ચારિત્ર-ફારિત્ર, વ્રત હોય નહિ. એકડા વિનાના મીંડા હોય. આહહા..! **'અન્ય સબ ભાવ સંયોગજનિત હૈં;...'**

**'ઐસે આત્માકી અનુભૂતિ સો સમ્યક્ત્વકા મુખ્ય ચિહ્ન હૈ.'** લ્યો. સમજાણું કાંઈ? અહીં સમકિતનું લક્ષણ-ચિહ્ન વર્ણવવું છે ને. એ આત્માનું જ્યાં અંતર જ્ઞાનનું જાણવું, અનુભવવું, વેદવું-અનુભૂતિ (થવી) એ સમકિતનું બાહ્ય મુખ્ય ચિહ્ન છે. પહેલું બાહ્ય લીધું હતું. (હવે કહ્યું), મુખ્ય ચિહ્ન તો આ છે. માથે લીધું હતું કે બાહ્ય ચિહ્ન. બાહ્ય ચિહ્નમાં પણ આ મુખ્ય ચિહ્ન. એમ. પ્રશમ, સંવેદ આદિ ઘણા લક્ષણ આવશે, પણ આ એનું મુખ્ય ચિહ્ન. આહાહા..!

**'યહ મિથ્યાત્વ અનંતાનુબંધીકે અભાવસે સમ્યક્ત્વ હોતા હૈ ઉસકા ચિહ્ન હૈ,...'** જ્ઞાનની અનુભૂતિ એ સમકિતનું બાહ્ય ચિહ્ન એટલે મુખ્ય ચિહ્ન અને બાહ્ય ચિહ્ન. બાહ્ય એટલે દર્શનની પર્યાયથી બીજી માટે બાહ્ય અને બધા લક્ષણોમાં અનુભૂતિ તે મુખ્ય ચિહ્ન છે. કારણ કે એ જ્ઞાનના વેદનથી 'આ આત્મા આખો છે' એમ જાણવામાં આવે છે. લખ્યું છે ઘણું. એય..! સેઠી! આ તમારા ગામમાંથી લખ્યું છે. 'જયચંદ્ર' પંડિતે લખ્યું છે. ગૃહસ્થે આ બધા અર્થ ભર્યા છે. આત્મા છે ને! હેં? ન્યાં ગૃહસ્થ ક્યાં આત્મા હતો. ગૃહસ્થપણું એ આત્મા ક્યાં? અને આત્મા એ ગૃહસ્થપણામાં ક્યાં છે? આત્મા તો આત્મામાં છે. ગૃહસ્થપણાનો ભાવ અને ગૃહસ્થાપણાથી રહિત આત્મા છે. આહાહા..!

**'યહ મિથ્યાત્વ અનંતાનુબંધીકે અભાવ...'** વિપરીત શ્રદ્ધા અને અનંતાનુબંધીની અસ્થિરતાનો અભાવ, સમકિત હોય ત્યાં કઠિન હોય. **'સમ્યક્ત્વ હોતા હૈ ઉસકા ચિહ્ન હૈ...'** લ્યો. એ સમકિતનું એ ચિહ્ન છે. **'ઉસ ચિહ્નકો હી સમ્યક્ત્વ કહના સો વ્યવહાર હૈ.'** દેખો! આ વ્યવહાર લેવો બધે. અહીંથી શરૂ કરીને. આહા..! ચિહ્નને સમકિત કહેવું એ વ્યવહાર. અનુભૂતિને સમકિત કહેવું એ વ્યવહાર. કારણ કે સમકિત બીજી પર્યાય છે અને અનુભૂતિ બીજી પર્યાય છે. એનું તેને કહેવું એ નિશ્ચય અને બીજા દ્વારા એને ઓળખવું એ વ્યવહાર. અનુભૂતિ અનુભૂતિથી નિશ્ચય, પણ અનુભૂતિથી સમકિતને ઓળખવું એ વ્યવહાર. સમજાણું કાંઈ? આવો વ્યવહાર, લ્યો હવે. પેલો કહે, અમારે વ્યવહાર કરવો કે નહિ? દવા-બવા રોજ...

મુમુક્ષુ :-

ઉત્તર :- અનુભૂતિની સાથે સમકિત હોય અને સમકિત સાથે જ અનુભૂતિ હોય, એમ કહે છે. આગળપાછળ હોય નહિ. એ માટે તો ચિહ્ન કહે છે.

મુમુક્ષુ :- પ્રતીતિ, શ્રદ્ધા..

ઉત્તર :- એ તો એ શ્રદ્ધાનું નામ છે.

અહીં તો ચિહ્નને સમકિત કહેવું તે વ્યવહાર છે. લ્યો, ઠીક. **'ઉસકી પરીક્ષા સર્વજ્ઞકે આગમ,...'** માથે ત્રણ બોલ લખ્યા હતા ને? **'આગમ, અનુમાન તથા સ્વાનુભવસે પરીક્ષા કરકે**

**નિશ્ચય કરના ચાહિયે.**' માથે હતું. પહેલા પેરેગ્રાફમાં છેલ્લી લીટી. એમાં છેલ્લું હતું. પછી એ ચિહ્ન કોણ, એમ લખ્યું હતું.

હવે કહે છે, સર્વજ્ઞના આગમ. ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવે કહેલા શાસ્ત્ર, એના આગમથી પરીક્ષા કરીને નક્કી કરવું. અનુમાન કરીને નક્કી કરવું. અને સ્વાનુભવ પ્રત્યક્ષ કરી. ઠીક. જ્ઞાનનું વેદન પ્રત્યક્ષ થાય, તેના દ્વારા પ્રમાણ કરવું. એવા પ્રમાણથી એનું નક્કી કરવું. એવા પ્રમાણથી પરીક્ષા કરીને નક્કી કરવું, એમ કહે છે. કહો, સમજાણું કાંઈ? આ બધું થોડા વખતમાં ઝટ દઈને સમજાય એવું નથી, હોં! 'જયંતિભાઈ'! આ બહુ વખત લ્યે ત્યારે માંડ પકડાય એવું છે.

મુમુક્ષુ :-

ઉત્તર :- અરે..! છોકરા લઈને જવાના છે. રહેવાના ક્યાંથી? એ તો ટિકિટ મળી નથી એટલે રહ્યા છે. ઇ કહેતો હતો, ટિકિટ મળી નથી. પેલો ખુશી થયો. અમારે રહેવાનું થશે. આહા..!

'**ઇસીકો નિશ્ચય તત્ત્વાર્થશ્રદ્ધાન ભી કહતે હૈં.**' દેખો! અંદર આત્માના અનુભૂતિથી થયેલી પ્રતીતિ, એવા સમકિતને '**નિશ્ચય તત્ત્વાર્થશ્રદ્ધાન ભી કહતે હૈં.**' સમજાણું? વળી તત્ત્વાર્થશ્રદ્ધાન જુદું અને નિશ્ચય સમકિત જુદું એમ છે નહિ, એમ કહે છે. તત્ત્વાર્થશ્રદ્ધાનં સમ્યગ્દર્શનં. કહે છે, નિશ્ચય ભગવાનઆત્માનું પૂર્ણ રૂપ અનુભૂતિમાં આવ્યું અને એથી પ્રતીતને ઓળખી અને એને નિશ્ચય સમકિત કહેવું તો એને તત્ત્વાર્થશ્રદ્ધાન પણ કહેવામાં આવે છે.

'**વહાં અપની પરીક્ષા તો અપને સ્વસંવેદનકી પ્રધાનતાસે હોતી હૈ...**' લ્યો. પોતાને પોતાની કેમ ખબર પડે? ક્યાં પોતાને સ્વસંવેદનને મુખ્ય કરી જણાય? જ્ઞાનના વેદનની અનુભૂતિથી જણાય કે આ સમકિત છે. સમજાણું કાંઈ? આહા...! ભારે. '**ઔર પરકી પરીક્ષા તો પરકે અંતરંગકે હોનેકી પરીક્ષા પરકે વચન, કાયકી ક્રિયાકી પરીક્ષાસે હોતી હૈ...**' પર પણ એના વચનો, એની ચેષ્ટાથી જણાય કે ઠીક, આને આ દશા છે. એથી ઉલટું હોય તો ઉલટી છે એમ પણ જણાય. આહાહા..! કેટલું ભર્યું છે આ બીજી ગાથામાં! લ્યો. '**યહ વ્યવહાર હૈ,...**' લ્યો, ઠીક. પરને માટે જાણવું અને પોતાનું જ્ઞાનથી જાણવું એ બધો વ્યવહાર છે.

'**પરમાર્થ સર્વજ્ઞ જાનતે હૈં.**' તદ્દન સૂક્ષ્મતા તો કેવળી જાણે. પર્યાય પર્યાયની વિશેષતા એ તો કેવળીગમ્ય છે. '**વ્યવહારી જીવકો સર્વજ્ઞને ભી વ્યવહારકે હી શરણકા ઉપદેશ દિયા હૈ.**' લ્યો, ઇ એક ગુણથી બીજા ગુણને જાણવું એવો વ્યવહારનું શરણ ભગવાને પણ કહ્યું છે.

મુમુક્ષુ :- આત્મ?

ઉત્તર :- પરમાત્મા સીધો જણાય નહિ. સમ્યગ્દર્શનની પર્યાય પ્રતીતરૂપ ઘણી સૂક્ષ્મ અરૂપી (છે). એથી જ્ઞાનનું વેદન છે એ અનુભૂતિથી જણાય. તેથી ભગવાને વ્યવહારથી જાણવાનું કહ્યું, એવું શરણ છે, બીજો કોઈ ઉપાય નથી. સમજાણું કાંઈ? એ જ્ઞાનની અનુભૂતિ એ જ વ્યવહાર. સમકિતનો.

મુમુક્ષુ :-

ઉત્તર :- ઇ વળી જુદી વાત છે. આ તો પરની અપેક્ષાથી પરનું જાણવું કહેવું એ વ્યવહાર, બસ એટલું. એ વ્યવહાર એટલે ખરેખર તો એ અભૂતાર્થ (છે). એ સિવાય પણ બીજો ઉપાય નથી. જ્ઞાનની પર્યાયથી આ છે એટલું એને લક્ષ કરવું. બસ. આટલી વાત છે. બીજાનું પણ સ્વરૂપ શું છે, આત્મા સમકિતદષ્ટિ જ્ઞાની એને પણ એની કાયા, વચનની પ્રવૃત્તિથી જાણે. સમજાય છે?

મુમુક્ષુ :- અનુભૂતિથી...

ઉત્તર :- જ્ઞાનથી સીધા પણ... પ્રતીતને બે-ત્રણ-ચાર વાર કહ્યું. સમ્યગ્દર્શનની પર્યાયથી જ્ઞાનની પર્યાય અનેરી છે. અને એકથી અનેરો તેનાથી જાણવું કહેવું એ વ્યવહાર છે. આહાહા..!

મુમુક્ષુ :- સીધું જાણે છે.

ઉત્તર :- સીધું પણ સૂક્ષ્મ છે ને. જ્ઞાનનો જાણવાનો સ્વપરપ્રકાશક સ્વભાવ છે. શ્રદ્ધાનો જાણવાનો સ્વભાવ છે? શ્રદ્ધા તો એક અસ્તિત્વરૂપે છે, બસ એટલું. એમ સિદ્ધ કરવું છે. સમજાણું?

મુમુક્ષુ :- તત્ત્વાર્થ શ્રદ્ધાન એ જ...

ઉત્તર :- એ તો બધું એક જ છે ને. તત્ત્વાર્થ શ્રદ્ધાન બધી એક જ વાત છે. આ તો એણે વિસ્તાર કર્યો છે. અનુભૂતિથી જણાય અને તત્ત્વાર્થશ્રદ્ધાન પણ એને કહેવામાં આવે છે. નિશ્ચય સમ્યક્‌ને તત્ત્વાર્થશ્રદ્ધાન પણ કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- ... ચાર વર્ષ લગાતાર...

ઉત્તર :- આ નહિ. ચાર-ચાર કલાક. પણ એ બધી વાત બહારની. ગપેગપ. આ પ્રોફેસર છે. આહાહા..! કેટલું સરસ લખ્યું છે!

એક તો એમ કહ્યું હતું કે પ્રકૃતિનો ઉપશમ આદિ સૂક્ષ્મ છે. પુદ્‌ગલના પરિણામ (છે). માટે અતિસૂક્ષ્મ કહ્યાં. પ્રતીતિ-સમ્યગ્દર્શન તે અતિસૂક્ષ્મ છે, એમ કહ્યું. એમ કહીને એના બાહ્ય લક્ષણો (કહ્યા, એમાં) મુખ્ય લક્ષણ બાહ્યમાં અનુભૂતિ છે. બાકી આગમથી, અનુમાનથી, સ્વસંવેદનથી પ્રમાણ કરવું. એમાં આ મુખ્ય અનુભૂતિ. જ્યાં વેદન ફરી ગયું, રાગનું વેદન આકુળતાનું હતું ત્યાં શાંતિનું વેદન થયું. એવું જ્ઞાન દ્વારા જાણ્યું અને એ જ્ઞાન દ્વારા આ સમકિત છે એમ જાણવું એ વ્યવહાર છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- સમ્યગ્દર્શનમાં શાંતિનો અનુભવ આવે?

ઉત્તર :- આનંદની અનુભૂતિ. આનંદાનુભૂતિ. અહીં તો જ્ઞાનની કહી ને. જ્ઞાનની સાથે ભેગો આનંદ છે. અનંત ગુણની પર્યાયનું વેદન છે ત્યાં. બધી શુદ્ધ.

અહીં તો એટલું કહે છે કે એ તો પરમાર્થ સર્વજ્ઞ જાણે. એ તો શું કે સૂક્ષ્મ પર્યાય તદ્દન એક સમયની એ તો કેવળજ્ઞાન જાણે. પણ આ રીતે છદ્મસ્થને અનુભૂતિ દ્વારા સમ્યગ્દર્શનની પ્રતીતિનું ભાન સત્યાર્થ રીતે થાય છે. એટલે સાચું થાય છે, એમ. વ્યવહારથી થયું માટે ખોટું છે એમ નહિ. સમજાણું કાંઈ? પરથી થયું માટે ખોટું છે એમ નહિ. એ તો પરથી કહેવું છે એટલો વ્યવહાર છે. બાકી એનાથી જણાણું છે એ તો બરાબર જણાણું છે, એમ કહે છે. વ્યવહાર

નિશ્ચયને જણાવે છે. આવે છે ને? ભાઈ! વ્યવહાર નિશ્ચયને જણાવે છે, પણ નિશ્ચય જણાવે છે એ યથાર્થ છે. આહાહા..! સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રને પ્રાપ્ત થાય તે આત્મા. ભેદ પાડીને કહ્યું તે વ્યવહાર છે. ખરેખર તો અભૂતાર્થ છે. એનાથી જાણ્યું છે તે ભૂતાર્થ છે. સમજાણું કાંઈ? ભારે ઝીણી વાતું આવી. એવો માર્ગ છે. અનંત જન્મ-મરણના ફેરા ટળે અને અનંત અનંત આનંદ આવે એ માર્ગ જ કોઈ અલૌકિક છે. ઓ..હો...!

દુઃખી થઈને ચોર્યાશીમાં ડોલે છે. દેવના ભવ, નારકીના ભવ, નિગોદના ભવ, બટાકા શકરકંદના ભવ. એક શરીરમાં અનંતા (જીવ). આવા ભવો. જ્યાં સુધી મિથ્યાત્વ છે ત્યાં સુધી એ મિથ્યાત્વમાં આવા ભવ કરવાની તાકાત છે. માણસપણું નહિ રહે. માણસપણું તો પચીસ-પચાસ-સો વર્ષ હોય, જેટલું આયુષ્ય હોય એટલું. ઊડી જશે, ફડાક દઈને અહીંથી નીકળી જશે. સમજાણું કાંઈ? જન્મ-મરણના દુઃખ, હોં! એનો જેને નાશ કરવો છે એને આ આત્માનું સમ્યગ્દર્શન પ્રગટ કર્યે જ નાશ થાય એવું છે. એ બીજી કોઈ ક્રિયાકાંડથી જન્મ-મરણના દુઃખનો નાશ થતો નથી. આનંદસ્વરૂપ આત્મા, આનંદસ્વરૂપ આત્માના અનુભવથી મિથ્યાત્વનો નાશ થાય અને એનાથી સમ્યગ્દર્શનનું ભાન થાય. સમજાણું કાંઈ?

**'અનેક લોગ કહતે હૈં કિ - સમ્યક્ત્વ તો કેવલીગમ્ય હૈ, ઇસલિયે અપનેકો સમ્યક્ત્વ હોનેકા નિશ્ચય નહીં હોતા, ઇસલિયે અપનેકો સમ્યગ્દષ્ટિ નહીં માન સકતે. પરંતુ ઇસ પ્રકાર સર્વથા એકાંતસે કહના તો મિથ્યાદષ્ટિ હૈ,...'** એમ હોય નહિ. જણાય છે. સમજાણું કાંઈ? અમુક દ્વારા જ્ઞાન દ્વારા, અનુભૂતિ દ્વારા, સ્વાદ દ્વારા જણાય છે. **'સર્વથા ઐસા કહને સે વ્યવહારકા લોપ હોગા, સર્વ મુનિ-શ્રાવકોંકી પ્રવૃત્તિ મિથ્યાત્વરૂપ સિદ્ધ હોગી...'** તો બધાની શ્રદ્ધા ખોટી, મિથ્યાત્વવાળા બધા પ્રવૃત્તિ કરે એમ મનાય. સાચા મુનિ, સાચા ધર્માત્મા સમકિતી તો કોઈ રહ્યા નહિ, એ હિસાબે. સમજાણું?

**'સબ અપનેકો મિથ્યાદષ્ટિ માનેંગે તો વ્યવહાર કહાં રહેગા? ઇસલિયે પરીક્ષા હોને પશ્ચાત્ ઐસા શ્રદ્ધાન નહીં રખના ચાહિયે કિ મૈં મિથ્યાદષ્ટિ હૂં. મિથ્યાદષ્ટિ તો અન્યમતિકો કહતે હૈં...'** એ સ્થૂળ વાત. **'ઔર ઉસીકે સમાન સ્વયં ભી હોગા...'**

મુમુક્ષુ :- અન્યમતિ એટલે...

ઉત્તર :- અન્યમતિ એટલે બિલકુલ જ્ઞાન જ નથી ને ભાન જ નથી એવા અન્યમતિ ઠરે, એમ કહેવું છે. અને આ તો ભાન થયું પછી એને અન્યમતપણું રહેતું નથી. જૈનનો મત એને અભિપ્રાયનું ભાન થઈ જાય છે. માટે એણે નક્કી કરીને સમ્યગ્દર્શનનું આવું સ્વરૂપ છે એવું એણે નક્કી કરવું જોઈએ. વિશેષ કહેશે, લ્યો. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## પ્રવચન નં. ૫ ગાથા-૨ શનિવાર, જેઠ સુદ ૯, તા. ૧૩-૦૬-૧૯૭૦

આ 'દર્શન પાહુડ', એની બીજી ગાથાનો ભાવાર્થ. '**दंसणमूलो धम्मो**'. એની આ બધી લાંબી વાત ચાલે છે. આવે છે ને બીજી ગાથા? '**दंसणमूलो धम्मो उवइट्ठो जिणवरेहिं सिस्साणं।**' શિષ્યોને, ગણધરાદિને જિનવરદેવે દર્શન મૂળ ધર્મ. દર્શન-સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર સહિત, વીતરાગતાના ભાવ સહિત, બાહ્યની મુદ્રા પણ વીતરાગતા નિર્ગ્રંથ દિગંબર દશા, એવો એને મોક્ષમાર્ગ અથવા એને જૈનદર્શન અથવા એને જૈનમત કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? એનું મૂળ એ પોતે છે અને એનું મૂળ સમ્યગ્દર્શન છે. સમ્યગ્દર્શન વિના એ હોય નહિ.

અહીંયાં સમ્યગ્દર્શનને ઓળખવું શી રીતે, એ વાત ચાલે છે. સમ્યગ્દર્શન એ આત્મા પૂર્ણ શુદ્ધ આનંદનું ધામ (છે), એવી અંતર્મુખ થઈને અનુભવ થઈને દૃષ્ટિ થવી એનું નામ સમ્યગ્દર્શન (છે). એનું નામ ધર્મની પહેલી સીડી, ધર્મની શરૂઆત. એને ઓળખવાનું મુખ્ય બાહ્ય ચિહ્ન શું? (કેમ કે) એ તો પ્રતીતિ છે. સમ્યગ્દર્શન તો પ્રતીતિ છે. પ્રતીતિને ઓળખવાનું સાધન (શું)? પ્રતીતિ પ્રતીતિને સીધું ન જાણે. પ્રતીતિ તો નિર્વિકલ્પ પ્રતીતિ છે. એને અનુભૂતિ એટલે કે આત્માનું સ્વસંવેદનજ્ઞાન થતાં આત્મા સ્વ, એનું પ્રત્યક્ષ જ્ઞાનનું વેદન થતાં, અનુભૂતિ-આત્માનો અનુભવ થાય, એ અનુભૂતિ સમ્યગ્દર્શનનું મુખ્ય બાહ્ય ચિહ્ન છે. આવી વાત છે, જરી ઝીણી.

વસ્તુ જે છે આખો આત્મા, એ તો અનંત પર્યાયનો પિંડ ગુણ અને એવા અનંતગુણનો પિંડ તે આત્મા (છે). એવો અભેદ આત્મા દ્રવ્યની દૃષ્ટિ. આપણે ત્યાં થયું છે ને ....? દ્રવ્યદૃષ્ટિ. આ કહે કે મારે ... 'કલકત્તા'માં કો'ક એના છે.

મુમુક્ષુ :- દ્રવ્યદૃષ્ટિ તે સમ્યગ્દૃષ્ટિ.

ઉત્તર :- ઇ ક્યાંથી કાઢ્યું? ન્યાં પણ પ્રશ્ન આવ્યો. અહીં આવ્યો પાછો. કાલે કહેતો હતો. ... થાનવાળાએ કર્યો હતો. ત્યાં કો'ક પાડોશી છે. નવા મુમુક્ષુ છે. સમ્યગ્દૃષ્ટિ શું? સ્વભાવ તે દૃષ્ટિ છે.

મુમુક્ષુ :- દ્રવ્યનો અર્થ તો પૈસા થાય.

ઉત્તર :- પૈસા થાય પણ ધૂળેય થાતી નથી. 'રામજીભાઈ'! કો'ક તમારા પાડોશી ન્યાં રહે છે. .... 'દ્રવ્યદૃષ્ટિ તે સમ્યગ્દૃષ્ટિ'. ખબરે ન મળે, દ્રવ્ય એટલે શું?

દ્રવ્ય એટલે આ પરમાણુને પણ દ્રવ્ય કહેવાય, ધર્માસ્તિને દ્રવ્ય કહેવાય. ઇ દ્રવ્યની અહીં વાત નથી. પૈસા તો ઘણા દ્રવ્યનો પિંડ છે. એક એક રજકણને દ્રવ્ય કહેવાય. એવા રજકણનો પિંડ પૈસો વિભાવિક દ્રવ્ય છે. સ્વભાવિક દ્રવ્ય નથી.

અહીં તો આત્મા જે અંદર ચૈતન્યમૂર્તિ શરીરના રજકણ આ માટીથી જુદો અને અંદર કર્મથી જુદો અને પુણ્ય-પાપના વિકલ્પોની ક્રિયાકાંડનો વિભાવ ભાવ, એનાથી જુદો. અને તે એક સમયમાત્રની પર્યાય જેટલો નહિ. એને અહીં દ્રવ્ય કહેવામાં આવે છે. એ દ્રવ્યની અંદર દૃષ્ટિ થવી એનું નામ સમ્યગ્દર્શન. પણ એ સમ્યગ્દર્શનની સાથે જ્ઞાનની અનુભૂતિ (હોય છે). જ્ઞાન છે એમ

વેદનમાં આવે. અનાદિનું રાગનું અને પુણ્યના વિકલ્પનું વેદન, આકુળતાનો અનુભવ હતો એ દ્રવ્ય ઉપર દૃષ્ટિ થતાં જ્ઞાનમાં શાંતિ અને આનંદનું વેદન આવે. અનુભૂતિ (થાય). એ અનુભૂતિ તે સમ્યગ્દર્શન-પ્રતીતિનું બાહ્ય અવિનાભાવી મુખ્ય લક્ષણ છે. કેટલા વિશેષણ આપ્યા? બાહ્ય, મુખ્ય અને અવિનાભાવી. શું હશે આ બધું?

એટલે કે જ્યાં જ્યાં આત્માનું ભાન, સમ્યગ્દર્શન થાય ત્યાં ત્યાં આનંદની અનુભૂતિ હોય. અને આનંદની અનુભૂતિ-વેદન હોય ત્યાં ત્યાં સમ્યગ્દર્શન હોય જ. એમ એકબીજાને અવિનાભાવ એટલે આના વિના આ નહિ અને આના વિના આ નહિ એમ ગણીને અને તે સમ્યગ્દર્શન પ્રતીતિનું લક્ષણ છે એનું આ અનુભૂતિ બાહ્ય મુખ્ય લક્ષણ છે. આહા..! એ.. સેઠી! બધું નવું લાગે એવું છે. આહાહા..! વસ્તુ એવી છે ને. એકદમ ચૈતન્ય સ્વભાવ અસ્તિ જેનું સત્તાપણું-હોવાપણું... એ સમ્યગ્દર્શનની પર્યાય, કેવળજ્ઞાનની પર્યાય, એવી પર્યાયો તો, શ્રદ્ધાગુણમાં એવી પર્યાય અનંતી પડી છે. જ્ઞાનગુણમાં કેવળજ્ઞાનની પર્યાય એવી અનંતી પડી છે. એવું જે આખું દ્રવ્ય, એવા અનંતગુણનું એકરસરૂપ દ્રવ્ય, આ રીતે જ છે ને. વસ્તુ એ રીતે છે. એટલે એ રીતે સત્તાનો સ્વીકાર અંતર્મુખ દૃષ્ટિમાં થાય ત્યારે તેને જ્ઞાનના વેદનમાં પણ અનુભૂતિમાં આનંદનો પણ સ્વાદ આવે. આકુળતાનો જે સ્વાદ અનાદિનો હતો એ દૃષ્ટિ ફરી એટલે અનાકુળનો સ્વાદ પણ સાથે આવ્યો. સમજાય છે કાંઈ? 'વજુભાઈ'! આવું છે. આહાહા..!

એટલે અહીં અનુભૂતિને પ્રતીતના લક્ષણની સાથે આને કહેવું, તે બાહ્ય છે, એથી એક પર્યાય બીજી પર્યાયને જણાવે માટે એને વ્યવહાર કહ્યો. અને મુખ્ય કેમ કહ્યું? કે બધા ગુણ.. ગૌણ ચિહ્ન ઘણા છે, એ કહેશે, એમાં મુખ્ય ચિહ્ન છે તો એ હોય જ. પણ અનુભૂતિ જ્ઞાનની પર્યાય છે એનાથી દર્શનની પર્યાયને ઓળખાવવી એ વ્યવહાર છે. આહા..હા...!

મુમુક્ષુ :- સૂક્ષ્મ વાત છે.

ઉત્તર :- સૂક્ષ્મ વાત છે? લ્યો, પંડિતજીને સૂક્ષ્મ વાત લાગે છે. આ તો 'જયપુર'ના મોટા પંડિત છે. આ પણ આપણા પંડિત છે, પ્રોફેસર. 'સહરાનપુર'. આમાં પંડિતનું કાંઈ કામ નથી, અહીં તો આત્માની અંતર દૃષ્ટિનું કામ છે. આહાહા..!

પરમ પ્રભુ! એની અંતર દૃષ્ટિમાં ભગવાન અનંતગુણની એકરૂપ વસ્તુ, મહાસત્તા ભેદ પાડ્યા વિના દ્રવ્યની દૃષ્ટિ થવી એટલે ધ્રુવમાં દૃષ્ટિનો પ્રસાર થવો તેથી તે દ્રવ્યદૃષ્ટિમાં પ્રતીતિ-આ વસ્તુ અખંડ છે, એવી પ્રતીતિ અભેદ છે, આનંદ છે, શુદ્ધ છે, એવી પ્રતીતિ થઈ એની સાથે જ્ઞાનનો અનુભવ થયો, જ્ઞાનનો ગુણનો અનુભવ (થયો). પ્રતીતિનો અનુભવ પણ એ તો શ્રદ્ધારૂપ થઈ. પણ જ્ઞાનનો આત્મ અનુભવ કે જ્ઞાન આ છે, રાગનો અનુભવ છૂટીને આત્માના જ્ઞાનનો અનુભવ થાય, તે અનુભૂતિને સમકિતનું મુખ્ય બાહ્ય લક્ષણ કહેવામાં આવે છે. કહો, સમજાણું? એના સિવાયના બીજા લક્ષણો કોણ કોણ, એ બધું વર્ણન ચાલે છે. સમજાણું કાંઈ? પેલો આવ્યો છે ને? આવું બીજે ક્યાંય નથી, હોં! જૈન વીતરાગ સિવાય આવો માર્ગ (ક્યાંય નથી). એના ભાઈનો દીકરો આવ્યો છે ને. ક્યાંય બીજે નથી, હોં! 'રજનીશ'માં ને ઢીકણામાં ને ફીકણામાં બધે

ગપેગપ છે.

મુમુક્ષુ :- ગપેગપું થાય છે.

ઉત્તર :- એના માટે તો એને કહ્યું. ધૂળમાં મહા મિથ્યાત્વનું એમાં બધું છે. આહા..! વિપરીત તત્ત્વની માન્યતા, તેને જ અહીં મિથ્યાત્વ કહે છે. એને વિપરીત તત્ત્વની કાંઈ (ખબર નથી). વિપરીત શું છે એની ખબર નથી. વિકલ્પથી શૂન્ય થઈ જાઓ, શૂન્ય થઈ જાઓ. તો જડ થઈ જાઓ, એમ.

અહીં તો કહે છે, પરમેશ્વર ત્રિલોકનાથ સર્વજ્ઞદેવ, ભાઈ! તું પરિપૂર્ણ વસ્તુ છો ને. પણ વસ્તુ ન હોય તો દ્રવ્ય શી રીતે કહેવું? અને વસ્તુમાં શક્તિ ન હોય તો વસ્તુ તો એક છે ને શક્તિ તો અનંત છે. એટલે એને ગુણ કહેવામાં આવે છે. અને એની સાથેનું પરિણમન થાય એને પર્યાય કહેવામાં આવે છે. હવે આ ત્રણ વસ્તુ તો વસ્તુનું સ્વરૂપ એવું છે. આ રીતે વસ્તુ સિવાય કંઈ બીજી રીતે કહે તો તદ્દન વિપરીત શ્રદ્ધા ને વિપરીત માન્યતાનું ત્યાં પોષણ છે. 'દેવચંદજી'! ચાહે તો જૈનનો સાધુ નામ ધરાવીને આનાથી કંઈ ફેરફાર કહે, એ બધી માન્યતા વિપરીત છે.

અહીં કહે છે, **'તત્ત્વાર્થશ્રદ્ધાન તો બાહ્ય ચિહ્ન હૈ.'** ત્યાં મુખ્ય નથી લીધું, ભાઈ! પહેલામાં મુખ્ય લીધું હતું. આ તો હોય અને સમ્યગ્દર્શન ન પણ હોય. અને અનુભૂતિ હોય અને સમ્યગ્દર્શન ન હોય, એમ હોઈ શકે નહિ. આ તો ચિહ્ન હોય અને સમ્યગ્દર્શન ન હોય. અને સમ્યગ્દર્શન હોય અને આ હોય. સમજાણું કાંઈ? ... આમાં તો બધો ફેરફાર છે, હોં! આ 'કાંતિલાલ'માં. મેં કેટલાક ઠેકાણે જોયું, ઘણો ફેરફાર છે. એના પ્રમાણે પણ અર્થ નથી કર્યા. દેવા જેવી સ્થિતિ નથી, રાખવા જેવું નથી.

મુમુક્ષુ :- કચરો ઘરમાં (ન રખાય)

ઉત્તર :- કચરો નાખીને પાછું કો'કના ઘરમાં ગરી જાય. કાંઈકનું કાંઈક. આ તો આ...

કહે છે, કે **'તત્ત્વાર્થશ્રદ્ધાન તો બાહ્ય ચિહ્ન હૈ. જીવ, અજીવ,...'** જીવ છે, એમ અજીવ પણ જગતમાં ચીજ છે. પાંચ પદાર્થ. સમજાણું? જીવ છે એવા અનંત જીવ (છે). એ સિવાય અજીવ પણ અનંત છે. પરમાણુ આદિ. અજીવ છે, આસ્રવ છે. પુણ્ય અને પાપના ભાવ એ આસ્રવ છે. દયા, દાન, વ્રતનો ભાવ એ પુણ્યાસ્રવ છે અને હિંસા, જૂઠું, ચોરીનો ભાવ પાપાસ્રવ છે. એ આસ્રવ છે. એટલે કે વસ્તુમાં નથી અને નવું થાય છે. વિકલ્પો ઉઠે છે એવું તત્ત્વ છે. એ આસ્રવ પણ છે. અને બંધ છે. એ આસ્રવ, એટલો સ્વભાવ ત્યાં અટક્યો છે. આવ્યું એને આસ્રવ કહ્યો અને અટક્યો એને બંધ કહ્યો. તે સમયની અવસ્થા. સમજાણું કાંઈ? આહાહા..! આ વાત! પર્યાયમાં પુણ્ય-પાપના વિકલ્પો ઊઠે છે એને નવતત્ત્વમાં જેમ છે એમ એણે માનવા જોઈએ. સમજાણું?

મુમુક્ષુ :- બહુ મહેનત.

ઉત્તર :- મહેનત કાંઈ ન મળે. સીધી વાત છે. જીવ વસ્તુ છે તો એના સિવાય બીજી અજીવ વસ્તુ છે. આ જીવ છે ત્યારે અજીવ બીજી ચીજ જ છે. જીવ કેમ આને કહ્યો? બીજા અજીવ છે

માટે. એને અજીવ કેમ કહ્યો? કે એનાથી જુદો જીવ છે માટે. અને અનાદિથી એનામાં પુણ્ય ને પાપના ભાવ થાય છે. એવા ન હોય તો ત્યાં આનંદનો અનુભવ હોવો જોઈએ. એ આસ્રવતત્ત્વ છે એમ એને પ્રતીતમાં આવવું જોઈએ. સમજાણું?

બંધ. પુણ્ય-પાપના ભાવો, ચાહે તો દયા, દાન, વ્રતનો, તપનો, અપવાસનો વિકલ્પ હો એ પણ છે પરિણામ બંધ. કારણ કે આત્મા અબંધસ્વરૂપ (છે), એમાં અટકેલી વૃત્તિ છે એટલે એને બંધ કહેવામાં આવે છે. એને એ રીતે બંધ છે એમ જાણવું જોઈએ.

સંવર. શુદ્ધ સ્વરૂપ જે ત્રિકાળ (છે), એને આશ્રયે આસ્રવના પરિણામ રોકાઈને નિર્મળ શુદ્ધ પરિણામ થાય તે પર્યાય છે, શુદ્ધ પર્યાય છે. નવી શુદ્ધતા ઉત્પન્ન થાય છે, અશુદ્ધતા ટળે છે. એવી સંવરદશા પણ છે. ઇ સંવર આ સંવર, હોં! લોકો માની બેસે કે આમ સંવર કરાવ્યા ... એ સંવર-ફંવર નહિ. આહાહા..! સમજાણું કાંઈ? ભગવાનઆત્મા... નવતત્ત્વના ભેદવાળી શ્રદ્ધાની વાત અત્યારે છે ને? એ સંવરતત્ત્વ છે. સ્વરૂપ શુદ્ધ દ્રવ્યસ્વભાવ છે એની પ્રતીત ને એનું જ્ઞાન થતાં નિર્મળ શુદ્ધ પર્યાય (પ્રગટ થાય તે સંવર છે). સમકિત ઇ પણ એક સંવર છે. સમજાય છે કાંઈ? એ સંવર પર્યાય છે.

નિર્જરા છે. પહેલા શુદ્ધિ નહોતી અને શુદ્ધિ થઈ એ શુદ્ધિની અવસ્થાને નિર્જરા કહેવામાં આવે છે. તો એ અવસ્થા છે. અને મોક્ષ પૂર્ણ શુદ્ધ અવસ્થા. શુદ્ધતાની શરૂઆત, શુદ્ધતાની વૃદ્ધિ અને શુદ્ધતાની પરિપૂર્ણતા. આવા તત્ત્વો હોય. ન હોય તો સાધકપણું ને સિદ્ધપણું કોઈ સાબિત થતું નથી. સમજાણું કાંઈ? આ વસ્તુની સ્થિતિ બતાવે છે. આહા..! શું કરે? લોકોને તત્ત્વનો અભ્યાસ ઘટી ગયો ને બહારના થોથાં રહી ગયા. સવારમાં એક ભાઈ આવ્યા હતા ને. (એ કહે), ભગવાનને કેવળજ્ઞાન થયું ઇ આ તપસ્યા ને ક્રિયા કરવાથી થયું. પછી ભલે ... પહેલું તો કરે ત્યારે થાય ને? કહો. તપસ્યા કરી. અરે..! બાપુ! તપસ્યા કોને કહેવી? રોટલા ન ખાધા એ તપસ્યા નહિ. ખબર ન મળે. અંદર આત્માના આનંદમાં એટલા લીન થઈ ગયા કે આનંદના વેદનમાં આહાર લેવાની વૃત્તિ જ ઊઠી નહિ અને તેથી આહારનો સંયોગ પણ એને મળ્યો નહિ. એને લોકો આહાર ન લીધો, ન ખાધો એને તપસ્યા કહે છે. એ તપ નહિ.

અંતર સ્વરૂપમાં ઇચ્છા ઉત્પન્ન થયા વિના, ઇચ્છાનો નિરોધ એટલે ઇચ્છા ઉત્પન્ન ન થઈ અને આનંદની વીતરાગ અવસ્થા ઉત્પન્ન થઈ એને ભગવાન તપ કહેવામાં આવે છે. એ તપ વડે ભગવાનને કેવળજ્ઞાન થયું છે. આહાહા..! સેઠી! પેલા કહે, બાર બાર મહિના હઠે કરીને સૂતા નહિ, આહાર ખાધા નહિ, એમ બોલે. સ્તુતિ બોલે ને પહેલી? સ્તુતિ. શરૂઆતમાં. '...' એવું આવે છે. ભૂલી ગયા. સવારમાં બોલતા. હું તો કોઈ દિ' નહોતો બોલતો. બીજું વાંચતો. સમજાણું કાંઈ? ભગવાન મહાવીર હખે કરીને સુતા નહિ, અન્ન કંઈ એણે ખાધા નહિ, પાણી .. પાણી પીધાં નહિ, હખે કરીને સુતા નહિ. દુઃખ હશે એને બધું. આવી વ્યાખ્યા લોકો ન્યાં સાંભળે. આહાહા..! એ.. 'મકનભાઈ'!

મુમુક્ષુ :- દયા તો ઘણી આવે છે.

ઉત્તર :- એ જ ... હતું? એનો કાકો એ ધુણાવે. આહાર નહોતો કર્યો એ તો બહારની ચીજ નહોતી આવવાની એ તો ત્યાં અટકેલી ચીજ જ હતી. આવવાની હતી જ નહિ. માટે આહાર છોડ્યો એમ કહેવું એ જ મિથ્યાભાવ છે. એને ઇચ્છા ઉત્પન્ન થઈ નહિ. કેમ? ઇચ્છા થઈ હતી ને રોકી એમ નહિ. અતીન્દ્રિય આનંદના અંતરમાં મશગુલને લઈને ઇચ્છા ઉત્પન્ન ન થઈ. એ ઇચ્છાનો નિરોધ થઈને અણઇચ્છક આનંદભાવની ઉત્પત્તિ થઈ, અતીન્દ્રિય આનંદના સ્વાદની ઉત્પત્તિ થઈ તેને ભગવાન 'તપ્યન્તિ ઇતિ તપઃ' - એને તપ કહેવામાં આવે છે. આ તપની ખબર ન મળે. રોટલા ન ખાધા માટે આપણે રોટલા ન ખાવા એ આપણે અપવાસ (થઈ ગયો). 'દેવચંદજી'! એવી ચાલે છે. આહાહા..! ઘેટા ચાલે ને... શું કહે? ઘેટા. ઘેટા ચાલે ને? ઘેટા. એકની પાછળ બીજું ચાલે. પણ આ પડશે કૂવામાં જઈને તો કહે, બધા કૂવામાં પડો. પડે. આહાહા..!

મુમુક્ષુ :- મહાવીરનો હવાલો આપે.

ઉત્તર :- મહાવીરનો હવાલો કીધું ને. સવારમાં કીધું. બાપુ! ઝીણી વાત છે, બાપુ! તમે સાંભળી નથી. આવ્યા હતા. ભગવાનને તપ પહેલું તો કરવું પડે ને. પહેલા વ્રત, નિયમ બધી ક્રિયા કરે ત્યારે કેવળજ્ઞાન થાય ને. કહો, વિકલ્પ કરે ત્યારે કેવળજ્ઞાન (થાય). એ તો રાગ છે.

અહીં તો કહે છે, ભગવાનને મોક્ષ થયો એ સંવર, નિર્જરા દ્વારા થયો. એટલે આત્મા પવિત્રના આશ્રયે શુદ્ધિ થઈ અને શુદ્ધિની વૃદ્ધિ થઈ તે વૃદ્ધિ થતાં પૂર્ણ શુદ્ધિ થઈ એનું નામ મોક્ષ છે. એવી એને શ્રદ્ધામાં આવવું જોઈએ. આહાહા..! સમજાણું કાંઈ? એમ સાત તત્ત્વ છે.

**'ઉનમેં પુણ્ય ઔર પાપકો જોડ દેનેસે નવ પદાર્થ હોતે હૈં.'** આસ્રવના બે ભાગ પાડી દ્યો, શુભ અને અશુભ, તો નવ પદાર્થ થયા. સમજાય છે? **'ઉનકી શ્રદ્ધા અર્થાત્ સન્મુખતા,...'** શ્રદ્ધાનો અર્થ વસ્તુ સ્વરૂપ નવ પ્રકાર છે, એની સન્મુખ કે આ છે એવી બુદ્ધિ. અને **'રુચિ અર્થાત્ તદ્રૂપ ભાવ કરના...'** જેવો ભાવ છે તેવી શ્રદ્ધામાં લેવું. આ બધા શબ્દો છે ત્યાંના- 'પંચાધ્યાયી'ના. સમજાણું કાંઈ? **'તથા પ્રતીતિ અર્થાત્ જૈસે સર્વજ્ઞને કહે હૈં તદ્નુસર હી અંગીકાર કરના...'** ઇ પ્રતીતિ. આ પ્રતીતિ પણ બાહ્ય છે, એય..! ભાઈ! સમ્યગ્દર્શનની પ્રતીતિ એ અંતરનું લક્ષણ અને આ છે એ બાહ્ય લક્ષણ છે. સમજાણું કાંઈ? આ બાહ્ય ચિહ્નની વાત ચાલે છે ને? શું હશે આમાં? એય..! 'મોહનભાઈ'! આવું બધું મહેનત કરીને સમજવાનું. પણ વસ્તુસ્થિતિ છે એમ એના જ્ઞાનમાં તો આવવું જોઈએ ને. નહિતર લાકડા ઊંધા ગર્યા છે અને ઊંધા ઘાલનારા મળે ને રાજી રાજી થઈ જાય કે આ..હા..હા..! ભારે ભાઈ, ભારે ભાઈ! સમજાણું કાંઈ?

જૈન પરમેશ્વર વીતરાગ ત્રિલોકનાથ તીર્થંકરદેવ, એની વાણીમાં આવું સ્વરૂપ આવ્યું, એ સિવાય એ સ્વરૂપ બીજે ક્યાંય હોઈ શકે નહિ. અજ્ઞાનીઓ પોતાની કલ્પનાથી ધર્મની નિર્વિકલ્પતાની સમાધિની વાતું કરે એ બધા જડ થઈ જવાના.

મુમુક્ષુ :- આ કરતા 'સમયસાર' સહેલું છે.

ઉત્તર :- સહેલું કાંઈ નહિ, આ પણ સહેલું છે. આ તો ... જ્ઞાન છે. આવું બધું એણે જાણવું

પડશે કે નહિ? ન જાણે ને ઓઘેઓઘે જાણે તો કાંઈક બીજા લાકડા ગરી જશે. એકલો આત્મા.. આત્મા.. આત્મા. પણ આત્મા તે કેવો? એક જણાને પૂછ્યું હતું, (આત્મા) કેવો? પહેલો દેખાય રાતો, પછી દેખાય ધોળો. આવા ને આવા. રાતું દેખાય ને? લાલ ... લાલ. પછી સફેદ થઈ જાય. એ તો જડ છે. ન્યાં ક્યાં આત્મા હતો. આહા...!

કહે છે, **'પ્રતીતિ અર્થાત્ જૈસે સર્વજ્ઞને કહે હૈં તદ્નુસાર અંગીકાર કરના ઔર ઉનકે આચરણરૂપ ક્રિયા...'** ... આ તો વ્રતાદિની ક્રિયાનો વિકલ્પ છે ને. **'ઇસપ્રકાર શ્રદ્ધાનાદિક હોના સો સમ્યક્ત્વકા બાહ્ય ચિહ્ન હૈ.'** લ્યો. દેખો! શ્રદ્ધા આદિ ત્યાં પ્રતીતિ પણ ભેગી આવી. પણ ઇ જ્ઞાનની પ્રધાનતાની પ્રતીતિ છે. એ પ્રતીતિ સમ્યગ્દર્શનની પ્રતીતિ એ નહિ. સમજાણું કાંઈ? આ તો 'પંચાધ્યાયી'નું કાર્ય છે આ બધું. સીધે સીધું... **'બાહ્ય ચિહ્ન હૈ.'** શું કહ્યું? એ સમકિતનું પ્રતીતિ, રુચિ, શ્રદ્ધા એ બાહ્ય ચિહ્ન છે. કારણ કે જાણવામાં આવ્યું ને? કે આ આમ છે, આ આમ છે, આ આમ છે. જ્ઞાનમાં ખરેખર તો જ્ઞાનની પર્યાય છે. આ પ્રતીતિ શ્રદ્ધાની પર્યાય છે. સમજાણું? અનુભૂતિની પર્યાય તો વેદનની સાથે સ્વાદ આવ્યો ઇ. એટલે એને મુખ્ય કીધું. આને મુખ્ય નહિ પણ આવું બાહ્ય લક્ષણ (હોય છે). આવું થાય એને આવું હોય. એવું હોય ને આ ન હોય એ બીજું, પણ આવું હોય એને તો આવું હોય જ. એટલું.

મુમુક્ષુ :- એક તરફી..

ઉત્તર :- એક તરફી. એટલે એને બાહ્ય લક્ષણમાં ...... મુખ્ય લક્ષણ છે એને મુખ્ય કહ્યું. બેય બાજુ. જ્યાં અનુભૂતિ હોય ત્યાં સમ્યગ્દર્શન હોય જ. સમ્યગ્દર્શન હોય ત્યાં અનુભૂતિ હોય જ. સમજાણું કાંઈ?

**'તથા પ્રશમ, સંવેગ, અનુકમ્પા, આસ્તિક્ય ભી સમ્યક્ત્વ કે બાહ્ય ચિહ્ન હૈં.'** દેખો! એ બાહ્ય ચિહ્ન આવ્યું. પ્રશમ, એની વ્યાખ્યા કરશે. **'અનંતાનુબંધી ક્રોધાદિક કષાયકે ઉદયકા અભાવ સો પ્રશમ હૈ.'** અનંતાનુબંધીના ઉદયનો અભાવ એ પ્રશમ અને સ્વરૂપ આચરણમાં સ્થિરતા. શાંતિની એટલી સ્થિરતા એ પ્રશમ. એને પ્રશમ કહે છે. કહો, આ સ્વરૂપ આચરણ, સ્વરૂપ આચરણના વાંધા ઉઠે છે ને? 'દેવચંદજી'! તમારે ત્યાં કહે છે ને? સ્વરૂપ આચરણ ચોથે ન હોય. મોટો વાંધો ઉઠાવે. અહીં કહે છે, કે અનંતાનુબંધીના અભાવથી પ્રશમ જે થાય, ખરો પ્રશમ થાય એ અંદર સ્થિરતાનું આચરણ છે. આહા..! સમજાણું કાંઈ? પણ છે ઇ સમકિતનું બાહ્ય ચિહ્ન. સમકિતનું મૂળ લક્ષણ તો પ્રતીતિ છે. આ બધા લક્ષણો, બાહ્ય ચિહ્નો કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આ કરતાં 'સમયસાર' સોંઘુ પડે છે, એમ (કોઈએ) કહ્યું. 'સમયસાર'માં તો ઘણી વાત ચાલી. વારંવાર આવી હોય એટલે જરી ટૂંકામાં (આવ્યું હોય). પણ એનો વિસ્તાર કઈ રીતે છે એને સમજ્યા વિના યથાર્થ સમકિતમાં ન એને પકડાય. સમજાણું કાંઈ?

વસ્તુ.. જુઓને! પંચાધ્યાયીકારે કેટલું સ્પષ્ટ કરી નાખ્યું! ઊંધા લાકડા જેટલા છે એની સામે એટલા સવળા ભાવો એને આવવા જોઈએ ને. એ વિના ઊંધા લાકડા નીકળશે શી રીતે? આહાહા..! અત્યારે તો ચારે કોર ધમાધમ ચાલી છે. એકકોર 'અમરચંદજી' કહે છે, એક કોર ...

'રજનીશ'. ધમાધમ ચાલે છે. ઓ..હો...! લોકોને બિચારાને કાંઈ ખબર ન મળે.

મુમુક્ષુ :- લોકો કહે સોનગઢવાળા...

ઉત્તર :- એને બેસે એમ કહે. એને આ સમજાય નહિ તો એમ ન કહે ત્યારે શું કહે ઇ? 'સોનગઢવાળા' ... એમ ન કહે ઇ. એના વસ્તુના સ્વરૂપમાં જે સ્થિતિ છે, જેવું છે એવું એને ખ્યાલમાં ન આવે અને એનાથી આ બીજું આવે એટલે એને એમ જ લાગે કે આ એક નવો માર્ગ કાઢ્યો. પણ માર્ગ ક્યાં? આ તો છે ને શાસ્ત્રમાં પણ છે. 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં કહ્યું છે, નથી કહ્યું? આ મૌનમાર્ગ એને કહેવાય નહિ. સમજાણું? આવે છે કે નહિ? શેમાં? સાતમામાં? સાતમામાં ક્યાંક આવે છે. કેટલામું પાનું છે? (પાનું-૨૨૩).

**પ્રશ્ન :- 'પરંપરા છોડી નવીન માર્ગમાં પ્રવર્તવું યોગ્ય નથી.'** બધી વાત લીધી છે અહીંયાં.

**ઉત્તર :- 'જો પોતાની બુદ્ધિથી નવીન માર્ગ પકડે (પ્રવર્તે) તો યોગ્ય નથી. જે પરંપરા અનાદિનિધન જૈનધર્મનું સ્વરૂપ શાસ્ત્રોમાં પ્રરૂપણ કર્યું છે, તેની પ્રવૃત્તિ છોડી વચ્ચે કોઈ પાપી પુરુષોએ અન્યથા પ્રવૃત્તિ ચલાવી હોય, તેને પરંપરા માર્ગ કેવી રીતે કહેવાય? સમજાણું? તથા તેને છોડી પુરાતન જૈનશાસ્ત્રોમાં જેવો ધર્મ પ્રરૂપ્યો હતો તેમ પ્રવર્તે તો તેને નવીન માર્ગ કેમ કહેવાય?'** બધું ઊંધું ચાલ્યું હોય એને પરંપરા કેમ કહેવાય? કહે છે. અને નવીન કર્યું હોય અને સાચો હોય એને નવીન કેમ કહેવાય? 'ચેતનજી'! બધાની સંભાળ પકડી છે, લ્યો.

મુમુક્ષુ :-

ઉત્તર :- એમ જ હોય ને. 'ચેતનજી' કહે છે, મોક્ષમાર્ગ બે ન માને તે ભ્રમ છે. આ કહે છે કે મોક્ષમાર્ગ બે માને તે ભ્રમ છે. એની સામે ઇ કહે છે. વાતની તુલના જ્યાં પક્ષપાત વિના સત્યના પક્ષથી ન હોય ત્યાં એમ જ થાય. એણે અનંતકાળ એમ જ કર્યું છે ને. તીર્થંકરના જીવે એમ કર્યું છે કે નહિ? તીર્થંકર તો પછી થયા. એ પહેલા એણે બધું એમ કર્યું છે, તીર્થંકરના જીવે પણ. આહા..હા...!

મુમુક્ષુ :- 'મહાવીર'ના જીવે...

ઉત્તર :- 'મહાવીર'ના જીવે પોતે કર્યું છે. 'મરિચી'. 'ઋષભદેવ' ભગવાનના વખતમાં 'ભરત'નો દીકરો બધુ ઊંધું માર્યું હતું. ભગવાનની હયાતીમાં અન્યમત ચલાવ્યો હતો. શું થાય?

મુમુક્ષુ :- ભગવાને અટકાવ્યા નહિ?

ઉત્તર :- કોણ અટકાવે? દેવે આવીને અટકાવ્યું. બીજાને અટકાવ્યા. નગ્નપણું હતું એમાં લીલોતરી ખાતાં (તો કહ્યું), નહિ, આમ નહિ ખવાય. વેષ ફેરવી નાખો પછી ખવાય, એમ કહ્યું. ઊંધો માર્ગ .... એના પાપના ઉદયથી એવું ચાલવું હોય એને શું કહે? આવા બે પંથ પડી ગયા મોટા. કોઈ દેવા આવ્યું નહિ. આહા..હા..!

મુમુક્ષુ :- ભગવાનને આહાર મળતો નહોતો ત્યારે ...

ઉત્તર :- શું કરે પણ? જ્યાં આગળ થવાનું હોય ત્યાં એને રોકે કોણ? ન થવાનું હોય એને બનાવે કોણ? એવી વાત છે.

અહીં કહે છે, અનંતાનુબંધીનો અભાવ. એનો પ્રશમ. **'ઉસકે બાહ્ય ચિહ્ન જૈસે કિ-સર્વથા એકાંત તત્ત્વાર્થકા કથન કરનેવાલે અન્ય મતોંકા શ્રદ્ધાન, બાહ્યવેશમેં સત્યાર્થપનેકા અભિમાન કરના,...'** જુઓ! **'પર્યાયોંમેં એકાન્તકે કારણ આત્મબુદ્ધિસે અભિમાન તથા પ્રીતિ કરના વહ અનંતાનુબંધીકા કાર્ય હૈ.'** શું કહે છે? એક તો સર્વથા એકાન્ત તત્ત્વના કહેવાવાળા. સર્વજ્ઞ સિવાય. દ્રવ્ય જ માને, પર્યાય ન માને. પર્યાય માને, દ્રવ્ય ન માને, વિગેરે. **'અન્ય મતોંકા શ્રદ્ધાન,...'** એ અનંતાનુબંધીનું લક્ષણ છે. અનંત સંસારના કારણ એવા કષાયનું એ લક્ષણ છે. તથા બાહ્યવેષ. વીતરાગ સિવાયનો બાહ્ય નગ્નમુનિનો ભેખ. મુનિનો એ સિવાયનો બીજો બાહ્ય ભેખ. એમાં સત્યાર્થપણાનું અભિમાન કરવું કે એવો જ હોય, એમ જ હોય. અને પર્યાય વિશે એકાંત. આ શરીરમાં. એ જ હું અને એની ક્રિયા કરનારો હું, એવું અભિમાન. તથા શરીરની પ્રીતિ કરવી એ અનંતાનુબંધીનું કાર્ય છે. સમજાણું કાંઈ? અનંત સંસારના કારણરૂપ કષાયનું એ કાર્ય છે, એમ કહે છે.

વીતરાગ સિવાય અન્ય મતે કહેલી તત્ત્વોની શ્રદ્ધા, એને માનવી અને બાહ્ય ભેખ એનો કહેલો માનવો અને એનું અભિમાન કરવું કે નહિ, આવું જ હોય. આવો જ ભેખ, અત્યારે તો આવો જ હોય. અને શરીરમાં એકાંતે આત્મબુદ્ધિ. એ અભિમાન કરવું (કે) આવું શરીર અમારું, રૂપાળું શરીર અમારું, બળવાળું શરીર અમારું. કોઈ દિ' દવાની ઓલી લીધી નથી. એવું જે અભિમાન એ બધો અનંત સંસારનો કારણનો કષાય છે.

અને **'પર્યાયોંમેં એકાન્તકે કારણ આત્મબુદ્ધિસે અભિમાન તથા પ્રીતિ કરના...'** શરીરમાં પ્રેમ કરવો. ભગવાનઆત્માનો પ્રેમ છોડી આ જડ પરમાણુનું જે દળ, એનો પ્રેમ એ અનંતાનુબંધીનું કાર્ય છે. અનંત સંસારના વધવારૂપી કષાયનું એ કાર્ય છે. આહા..! કહો, સમજાણું કાંઈ?

**'વહ જિસકે ન હો, તથા કિસીને અપના બુરા કિયા તો ઉસકા ઘાત કરના આદિ મિથ્યાદૃષ્ટિકી ભાંતિ વિકારબુદ્ધિ અપનેકો ઉત્પન્ન ન હો, તથા વહ ઐસા વિચાર કરે કિ મૈંને અનેક પરિણામોંસે જો કર્મ બાંધે થે વે હી બુહા કરનેવાલે હૈં,...'** પૂર્વે પરિણામથી પાપ બાંધ્યા હતા, પ્રતિકૂળ સંયોગ એ પાપને લઈને આવે છે. કોઈ બીજો (પ્રતિકૂળ નથી), એ તો નિમિત્તમાત્ર છે. એમ વિચારીને પ્રશમભાવ કરે. સમજાણું કાંઈ? **'અન્ય તો નિમિત્તમાત્ર હૈ...'** બીજો તો નિમિત્તમાત્ર છે. પૂર્વે મેં પાપના પરિણામ કરેલા, એનાથી પાપ બંધાયેલું, એને લઈને આ પ્રતિકૂળ સંયોગ છે. બીજો કોઈ આપવા સમર્થ છે નહિ.

મુમુક્ષુ :- અમારા કર્મનું જોર ઘણું.

ઉત્તર :- કર્મના જોરની ક્યાં વાત છે? અહીં તો પાપ પરિણામ થતાં એનાથી પરમાણુ બંધાય, એમાં સંયોગો પ્રતિકૂળ થયા. એટલું નિમિત્ત. એ તો આવવાનું હતું એને આ નિમિત્ત થયું. પ્રતિકૂળ સંયોગને આ પાપ પ્રકૃતિ નિમિત્ત થઈ. પાપ પ્રકૃતિને પરિણામ નિમિત્ત થયા. સમજાણું કાંઈ?

અને **'ઐસી બુદ્ધિ અપનેકો ઉત્પન્ન હો-ઐસે મંદકષાય હૈ. તથા અનંતાનુબંધીકે બિના અન્ય ચારિત્રમોહકી પ્રકૃતિયોંકે ઉદયસે આરંભાદિક ક્રિયામેં હિંસાદિક હોતે હૈં ઉનકો ભી ભલા નહીં જાનતા...'** ધર્મી તો બીજી હિંસા આદિના ભાવ થાય એને ભલો જાણે નહિ. પરિણામ થાય ખરા, સમકિત છે પણ હજી ચારિત્ર છે નહિ. હિંસાના પરિણામ હોય, વિષય વાસનાના પરિણામ હોય. એવા લડાઈના ભાવ આવે. રાજકુમાર સમકિતી હોય. પણ એને ભલા જાણે નહિ. સમજાણું કાંઈ?

**'હિંસાદિક હોતે હૈં ઉનકો ભી ભલા નહીં જાનતા ઇસલિયે ઉસકે પ્રશમકા અભાવ નહીં કહતે.'** લ્યો. એથી સમકિતીને પ્રશમનો અભાવ છે એમ કહેવાય નહિ. લડાઈમાં ઊભો હો, વિષય વાસનાના ભાવ આવ્યા હોય, માટે એને પ્રશમ નથી એમ નહિ. કારણ કે અંદરમાં અનંતાનુબંધીના અભાવનું પ્રશમ પ્રગટ્યું છે અને બાહ્યમાં પણ કોઈ પ્રતિકૂળતા કરે તેની સામે ક્રોધ કરતો નથી. 'આ મને કરે છે' એમ માનીને કરતો નથી. અસ્થિરતાનો ક્રોધ આવે એ જુદો. 'આ મને પ્રતિકૂળ કરે છે' એમ માનતો નથી. પૂર્વના મારા પાપના પરિણામ હતા એ બંધાયા અને એને લઈને પ્રતિકૂળતા છે. પ્રતિકૂળતા શું જ્ઞેય છે. પણ એ આવે છે ને, બોલાય છે ને. એક બોલ પ્રશમ કહ્યો. સમકિતીનું એક બાહ્ય લક્ષણ પ્રશમ પણ છે. ઇ પ્રશમની વ્યાખ્યા કરી.

મુમુક્ષુ :- બધી વ્યાખ્યા લાંબી લાંબી.

ઉત્તર :- લાંબી નથી. એની અંદર વિસ્તારથી સમજાવવાની રીત છે. એ રીતે ન સમજે ને આગળ કાંઈક ગોટ વાળી દ્યે તો ગોટા વળી જશે. સમજાણું કાંઈ? પ્રશમ એમ માને કે, ઠીક! સમકિતી એટલે હવે એને જરીયે વિકલ્પ ક્રોધનો આવે જ નહિ. આવે તો એ સમકિતી નહિ. એમ નથી. સમજાણું કાંઈ? આહા..! આગળ આવે છે એક ઠેકાણે. લ્યો! કોઈ એમ માને કે સમકિત થાય એટલે પછી ચારિત્ર લે જ, ત્યાગ કરે જ. નહિતર સમકિત નથી. આવે છે અંદર, આ બાજુના પાને ક્યાંક છે. નહિ, એમ નથી. અંદર અનંતાનુબંધી, જે અનંત સંસારનું કારણ, નિમિત્તથી આ થાય છે એટલે આ નિમિત્ત મને પ્રતિકૂળ (છે), એ અનંત સંસારના કારણનો કષાય છે. એવો કષાય જ્ઞાનીને હોતો નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- હમકો આગે બઢના ચાહિયે. સમ્યગ્દર્શન કી બાત...

ઉત્તર :- પણ આગળ વધવામાં ક્યાં સુધી વધે? એને સહજ વધે કે એમ ને એમ વધી જાય? હઠથી વ્રત લે? એ તો સ્વરૂપની સ્થિરતાનો પુરુષાર્થ જાગે ત્યારે એને એવો વિકલ્પ હોય કે એ આસ્રવનો વ્રતનો વિકલ્પ હોય. એ આસ્રવને પણ ઝેર તરીકે જાણે. આ વ્રત લઈ લીધા, લ્યો! માટે એને ચારિત્ર (છે). ધૂળેય નથી. મિથ્યાત્વની પુષ્ટિ કરે છે. વ્રતનો વિકલ્પ મિથ્યાત્વ સહિત છે અને એને માને છે કે અમે ચારિત્રવંત છીએ અને અમે આગળ વધ્યા છીએ. હેઠા પડ્યા છીએ એને ઠેકાણે વધ્યા છીએ. શું કહ્યું સમજાણું કાંઈ? આત્મા નિર્વિકલ્પ રાગ રહિતની પ્રતીત ને અનુભવ નથી અને આ વ્રત લઈને બેઠા માટે અમે આગળ વધ્યા છીએ (એમ માની લીધું. એ તો) હમુકનું મિથ્યાત્વનું પોષણ કર્યું છે. નવતત્ત્વની વિરૂદ્ધ શ્રદ્ધાનું પોષણ કર્યું છે. આમ છે. વસ્તુ

એવી છે. જગતની થઈ બીહારી આ બાહ્ય ત્યાગ ને બાહ્ય વ્રત ઉપર જગતનું એટલું વલણ છે એ અનાદિનું છે. આ તો એવુંય ક્યાં છે? નવમી ગ્રૈવેયક ગયો એવું જે ત્યાગ વ્રત. અત્યારે તો એવુંય ક્યાં છે? એની ભૂમિકાને યોગ્ય વ્યવહાર જોઈએ એ વ્યવહાર પણ ક્યાં છે? સમજાણું કાંઈ? મિથ્યાદષ્ટિનો વ્યવહાર, હોં!

અહીં તો કહે છે, ભાઈ! વસ્તુની સ્થિતિ આવી છે. એને એ રીતે બરાબર જાણવું અને માનવું પડશે. આહાહા..! આ તો પોતે 'જયચંદ્રજી' પંડિત લખી ગયા છે. આગળ આવશે. શાસ્ત્રમાં તો બધું આવશે. ... પણ અહીં પોતે સંગ્રહ કર્યો છે, 'दंसणमूलो धम्मो'. માર્ગ જે વીતરાગ છે, દિગંબર દશા અને દિગંબર નામ રાગના કપડાં, વિકલ્પ વિનાની અંતર વીતરાગી દશા, નિર્ગ્રંથ સ્વરૂપ તે દર્શન. તે જૈનમત અને તે જૈનદર્શન. એની પ્રતીતિ તે સ્વરૂપની પ્રતીતિ તે સમ્યગ્દર્શન. એ સમ્યગ્દર્શનને ઓળખવાના ચિહ્નની આ વાત ચાલે છે. સમજાણું કાંઈ? સંસારમાં પણ એક વાતને વિચારે તો માણસ એના કેટલા પડખાંને લક્ષમાં લ્યે છે કે નહિ?

**(૨) સંવેગ :- 'ધર્મમેં ઔર ધર્મકે ફલમેં પરમ ઉત્સાહ હો વહ સંવેગ હૈ.'** પ્રશમ, સંવેગ બોલ આવ્યો છે ને? સમકિતનું બાહ્ય લક્ષણ. ધર્મને વિષે અને ધર્મના ફળ વિષે પરમ ઉત્સાહ. આમ ધર્મમાં ઉત્સાહ નહિ, ફળમાં (નહિ), એમ નહિ. સમ્યગ્દષ્ટિનું આ બાહ્ય ચિહ્ન ઉત્સાહ હોય છે. વીર્ય મંદ પડી ગયેલું હોતું નથી કે અરે..રે...! શું કરીએ? ક્યાંય માર્ગ સૂઝતો નથી. ઉત્સાહભંગ (થાય) એમ ન હોય. ધર્મીનો વીર્યનો ઉત્સાહ અંદર હોય. સમજાણું કાંઈ? **'ધર્મમેં ઔર ધર્મકે ફલમેં પરમ ઉત્સાહ...'** પાછો પરમ ઉત્સાહ હોય. એકલો ઉત્સાહ નહિ. આવે છે ને ઇ? ઉત્સાહ ને એ જાતનું આવે છે. ઉદ્યોગ ને ઉત્સાહ, નથી આવતું?

મુમુક્ષુ :- ઉત્સાહ...

ઉત્તર :- ઇ નહિ, આ તો મૂળ ગાથામાં આવે છે. આમાં ગાથામાં. ક્યાંક આવે છે. કાંઈ યાદ રહે છે ને કાંઈક. આખી ગાથા આવે છે. સમકિતનો ધર્મમાં ઉત્સાહ હોય તો આવો હોય અને મિથ્યાત્વનો ઉત્સાહ આવો હોય. એ છે ગાથામાં. લ્યો, એ જ આવ્યું. 'ચારિત્ર પાહુડ'ની તેરમી ગાથા. ક્યાંક હશે. 'ચારિત્ર પાહુડ' છે કે નહિ? એની તેરમી (ગાથા), જુઓ!

**'ઐસે કારણ સહિત હો તો સમ્યક્ત્વ છોડતા હૈ :-'**

**उच्छाहभावणा संपसंससेवा कुदंसणे सद्धा।**
**अणणाणमोहमग्गे कव्वंतो जहदि जिणसम्मं।।१३।।**

એની સામે ચૌદમી.

**उच्छाहभावणा संपसंससेवा सुदंसणे सद्दा।**
**ण जहदि जिणसम्मत्तं कुव्वंतो णाणमग्गेण।।१४।।**

તેરમી ગાથા. એ.. સેઠી! તેરમી કાઢો તો ઝોલા ઊડી જાય.

**અર્થ :- 'કુદર્શન અર્થાત્ નૈયાયિક, વૈશેષિક,...'** પાંચ મત. તેરમી ગાથા, 'ચારિત્ર પાહુડ'ની. **'સાંખ્યમત, મીમાંસકમત, વેદાન્તમત, બૌદ્ધમત, ચાર્વાકમત, શૂન્યવાદકે મત ઇનકે ભેષ...'** એના

વેશ. **'તથા ઇનકે ભાષિત પદાર્થ ઔર શ્વેતામ્બરાદિક જૈનાભાસ ઇનમેં શ્રદ્ધા, ઉત્સાહ, ભાવના, પ્રશંસા ઔર ઇનકી ઉપાસના વ સેવા જો પુરુષ કરતા હૈ વહ જિનમતકી શ્રદ્ધારૂપ સમ્યક્ત્વ કો છોડતા હૈ,...'** સમજાણું કાંઈ? આ તો વસ્તુનું સ્વરૂપ આવું છે. ભાઈ! કોઈ પક્ષપાતની વાત છે નહિ. આહા..! શું થાય? આનું ઊલટું લઈએ, ચૌદમી જુઓ! **'વહ કુદર્શન અજ્ઞાન ઔર મિથ્યાત્વકા માર્ગ હૈ.'**

**અર્થ :- 'સુદર્શન અર્થાત્ સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્ર સ્વરૂપ સમ્યક્માર્ગ ઉસમેં ઉત્સાહભાવના...'** દેખો! **'અર્થાત્ ગ્રહણ કરનેકા ઉત્સાહ કરકે બારમ્બાર ચિન્તવનરૂપ ભાવ ઔર પ્રશંસા અર્થાત્ મન વચન કાયસે ભલા જાનકર સ્તુતિ કરના, સેવા અર્થાત્ ઉપાસના, પૂજનાદિક કરના ઔર શ્રદ્ધા કરના, ઇસપ્રકાર જ્ઞાનમાર્ગસે યથાર્થ જાનકર કરતા પુરુષ હૈ વહ જિનમતકી શ્રદ્ધારૂપ સમ્યક્ત્વકો નહીં છોડતા હૈ.'** લ્યો, ચારિત્રનું આવ્યું. તેરમી થઈ ગઈ, લ્યો! આ ઉત્સાહનું આવ્યું ને? ઉત્સાહ. પરમ ઉત્સાહ છે ને? શું કહ્યું?

સમકિતીને ધર્મ અને ધર્મના ફળ વિષે પરમ ઉત્સાહ હોય. બરાબર ધર્મ આવો છે અને ધર્મનું ફળ બરાબર કેવળજ્ઞાન અને મોક્ષ થવાનો જ છે. એવો ઉત્સાહ હોય. સમજાણું કાંઈ? 'ન્યાલભાઈ'માં વચ્ચે લખ્યું છે. 'ન્યાલભાઈ'એ. કેવળજ્ઞાન આદિની પર્યાયનો પિંડ જે દ્રવ્ય એને જ્યાં શ્રદ્ધામાં કબ્જે કરી લીધું છે હવે કેવળજ્ઞાન આવ્યે છૂટકો છે.' સમજાણું કાંઈ? ભગવાનઆત્મા કેવળજ્ઞાનની પર્યાય, એવી તો અનંતી પર્યાય જ્ઞાનગુણમાં પડી છે. એવા એ ગુણને જ્યાં તાબે શ્રદ્ધામાં લઈ લીધો છે, શ્રદ્ધાએ કબ્જે કરી લીધો કે આ આત્મા આવો છે. એટલે હવે પર્યાય અંદરમાં છે એ પ્રગટ્યે જ છૂટકો છે. એવો ધર્મીને ઉત્સાહ અંદરમાં ધર્મ અને ધર્મના ફળનો હોય છે. કહો, સમજાણું? એને (એમ ન હોય કે) શું થાશે? એવા રોતલમાવડી ન હોય, એમ કહે છે. એ અમારી કાઠિયાવાડી ભાષા છે. રોતલમાવડી સમજાય છે? કાઠિયાવાડી ભાષા છે. ન સમજ્યા? બાયડી એવી હોય ને? રોતલમાવડી જેવી. એં... થયા જ કરે. પરાધીન. સમકિતી એવો ન હોય, એમ કહે છે. એનો શબ્દ તો હશે તમારે હિન્દી કાંઈક. અમારે રોતલમાવડી કહે છે, તમારા બીજું કાંઈક. હેં? આહાહા..!

**'ધર્મમેં ઔર ધર્મકે ફલમેં પરમ ઉત્સાહ હો વહ સંવેગ હૈ.'** એનું નામ સંવેગ. આહાહા..! ભગવાનઆત્મા આખો સમ્યક્ પ્રતીતિમાં જ્યાં આવ્યો છે, એને ઉત્સાહનું શું કહેવું! એને ઉત્સાહનો ભંગ હોય શેનો? સમજાણું કાંઈ? કીધું ને આ તેર, ચૌદ ગાથા. ઉત્સાહ હોય છે. અન્યમતના ધર્મ આદિમાં ઉત્સાહવાળો સમકિતને છોડે. પોતાનો વાસ્તવિક ધર્મ છે એમાં ધર્મ અને ઉત્સાહ હોય તે સમકિતનું રક્ષણ કરે. સમજાણું કાંઈ? આ બધું સાંભળેલાનો આ બધો વિસ્તાર આવે છે. 'સમયસાર'માં સમકિતનું સાંભળ્યું છે ને. એનું વસ્તુનું સ્વરૂપ આવું છે.

**'તથા સાધર્મિયોંસે અનુરાગ...'** પોતાના જેવા ધર્મી હોય એના પ્રત્યે એને પ્રેમ હોય. એને દ્વેષ હોય નહિ. આ વધી ગયો, મોટા આદમી અને આ એક બાઈ વળી વધી ગઈ, એમ એને ન હોય. સમજાણું કાંઈ? આઠ વર્ષનો છોકરો વધી ગયો, લ્યો. અમે પોણોસો વર્ષના પાછળ રહ્યા,

પચાસ-પચાસ વર્ષના અભ્યાસી તોય. એમ ન હોય. પ્રેમ હોય. ઓ..હો...! ધન્ય માર્ગ.. ધન્ય માર્ગ! આત્માના સ્વભાવને પ્રાપ્ત (થયા), ઓ..હો...! અલૌકિક વાત છે.

એમ ગમે એ બાળક હોય કે સ્ત્રી હો, પોતાની પત્ની હોય અને પોતે ધણી હોય અને પત્ની ધર્મ પામે તો એના પ્રત્યે ઉત્સાહ હોય. એમ નહિ કે આ બાયડી કાંઈ જાણે નહિ, આ વધી ગઈ. સમજાય છે? સાધર્મી હોય એમ એને માને. સમકિતી હોય પોતે અને એની બાયડી સમકિતીને સાધર્મી માને. એને ઉત્સાહ એના પ્રત્યે હોય. સમજાણું? બહારમાં શરમ થશે. કહેશે, એની બાયડી પાસેથી સમજ્યા ને ધર્મ પામ્યા.

'શ્રેણિક' રાજા. નહિ? રાણી પાસે ધર્મ પામ્યા. નહિ? 'ચેલણા'. એને શરમ થાતી હશે? 'ચેલણા'થી ધર્મ પામ્યા ને? 'ચેલણારાણી'. પરણીને આવ્યા તો કહે, અરે..! રાજન! મને ક્યાંય જિનવરના દર્શન, મંદિર, પ્રતિમા દેખાતી નથી. મને ક્યાંય ઉત્સાહ થતો નથી. અરે..! ભગવાન પરમાત્મા ક્યાંય ન દેખું! બહારમાં, મંદિરમાં. ઉદાસીન થઈ જાય છે. રાજાને વાત કરી એણે કે આ કારણે છે. (રાજા કહે), બનાવો મંદિર આદિ બનાવો. દર્શન કરી શકે. સમજાણું કાંઈ? .... ડોકમાં સર્પ નાખ્યો છે ને. તારા મુનિ એવા હોય એને સર્પ નાખી આવ્યો છું. કાઢી નાખ્યો હશે. જા, જા, કાઢ્યા. તમને ખબર નથી, મુનિ અમારા એવા ન હોય. અરે..! સર્પ નાખ્યા હોય અને કીડીઓ લાખો કાઢ્યા વિના રહે? ચાલો, ચાલો.

મુનિ અંતર આનંદમાં ઝુલતા હતા. શરીરમાં લાખો કીડીઓ. ... રાજન! જૈનધર્મના સંતો રાગને જીતીને આવા હોય છે. આહાહા..! સમકિત પામ્યા છે, લો. ઠીક! સમજાણું કાંઈ? એને શરમ આવતી હશે? અરે..! ધર્મ તો આ પહેલી પામી ગયેલી. હું તો પાછળ રહ્યો. પાછળથી તીર્થંકર થશે, લ્યો.

મુમુક્ષુ :- એ તો આગળ વધી ગયા.

ઉત્તર :- વધે ક્યાં? ભલે વધે. એને સંતોષ છે. ઇ વધેલી હોય તો પહેલેથી એને સંતોષ છે. એમ નહિ કે આ બાયડીએ મને સમજાવ્યો બરાબર. અને સાધર્મી તરીકે, સ્ત્રી તરીકે તો સંસારમાં પતિ છે. સાધર્મી તરીકે સાધર્મી આત્મા તું છો. મારો આત્મા સમકિતી છે એવો જ સાધર્મી આત્મા તમે છો. સાધર્મી તરીકે તને રાખીશ. આહાહા..! સમજાણું કાંઈ?

**'પરમેષ્ઠીયોંમેં પ્રીતિ...'** પાંચ પરમેશ્વર. અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ. એના પ્રત્યે જેને પ્રેમ હોય. સમજાણું? બીજે પ્રેમ હોય નહિ. પરમાત્મા પૂર્ણ સ્વરૂપને પ્રાપ્ત અને પૂર્ણ સ્વરૂપને સાધી રહ્યા છે એવા આચાર્ય, ઉપાધ્યાય, સાધુ પ્રત્યે સમકિતીને પ્રેમ છે. સમજાણું કાંઈ? **'વહ ભી સંવેગ હી હૈ.'**

**'ઇસ ધર્મમેં તથા ધર્મકે ફલમેં અનુરાગકો અભિલાષ નહીં કરના ચાહિયે,...'** ખુલાસો કરે છે. એને અનુરાગ ન કહેવો, અભિલાષ ન કહેવો. અનુરાગને અભિલાષ ન કહેવો. **'ક્યોંકિ અભિલાષ તો ઉસે કહતે હૈં જિસે ઇન્દ્રિયવિષયોંકી ચાહ હો. અપને સ્વરૂપકી પ્રાપ્તિમેં અનુરાગકો અભિલાષ નહીં કહતે.'** લ્યો. પોતાનો સ્વભાવ, એની જે અભિલાષા-ભાવના, એને

રાગ ન કહીએ. એવી અભિલાષા તો અજ્ઞાનીને પણ હોય છે. સમજાણું કાંઈ?

(૩) **નિર્વેગ :- 'ઇસ સંવેગ હી મેં નિર્વેદ ભી હુઆ સમજના, ક્યોંકિ અપને સ્વસ્વરૂપમેં ધર્મકી પ્રાપ્તિમેં અનુરાગ હુઆ તબ અન્યત્ર સભી અભિલાષકા ત્યાગ હુઆ,...'** અસ્તિ-નાસ્તિ કરી. **'સર્વ પરદ્રવ્યોંસે વૈરાગ્ય હુઆ,...'** એક નિજદ્રવ્ય પ્રત્યેની દૃષ્ટિ, રુચિ, એ સિવાય બધા પરદ્રવ્ય પ્રત્યેની રુચિનો ત્યાગ થઈ ગયો એ નિર્વેદ. સમજાણું કાંઈ? આમાં આગળ 'મોક્ષ પાહુડ'માં આવે છે ને? 'परदव्वादो दुग्गई सदव्वादो सुग्गई' સ્વદ્રવ્યથી સુગતિ-મુક્તિ આદિ પ્રાપ્ત થાય. આદિ કેમ લખ્યું છે? પદ લખ્યું. મૂક્યો છે. સમજાણું કાંઈ? ... 'कामद् मोक्षदं चैव' અને 'परदव्वादो दुग्गई' પરદ્રવ્યના લક્ષમાં જાઈશ એટલે રાગ જ થશે. એનાથી આત્માની ગતિ સુગતિ નહિ (થાય). સમજાણું કાંઈ? **'સભી અભિલાષકા ત્યાગ હુઆ, સર્વ પરદ્રવ્યોંસે વૈરાગ્ય હુઆ, વહી નિર્વેદ હૈ.'** પોતાના સ્વરૂપની અભિલાષા એ સંવેગ, પરદ્રવ્યની અભિલાષાનો ત્યાગ તે નિર્વેદ. એ સમકિતીના આવા બાહ્ય લક્ષણો હોય છે. સમજાણું કાંઈ?

(૪) **અનુકમ્પા :- 'સર્વ પ્રાણીયોંમેં ઉપકારકી બુદ્ધિ ઔર મૈત્રીભાવ સો અનુકમ્પા હૈ.'** આનું નામ અનુકંપા. બધા પ્રાણી વિષે ઉપકારબુદ્ધિ. એકને ખંડ જુદો પાડીને નહિ. ભાઈ! અનંતાનુબંધીના અભાવના ભાવથી એને અનુકંપા કહી છે ને. સર્વ પ્રાણી વિષે ઉપકારની બુદ્ધિ, મૈત્રીભાવ. **'તથા મધ્યસ્થભાવ...'** તથા મૈત્રીભાવ. ઉપકારની બુદ્ધિ તથા મૈત્રીભાવ. એમ. **'સો અનુકમ્પા હૈ. તથા મધ્યસ્થભાવ હોનેસે સમ્યગ્દષ્ટિકે શલ્ય નહીં હૈ,...'** કોઈનો વિરોધ નહિ. અંદરમાં વિરોધ નહિ, શલ્ય નહિ. અનંતાનુબંધીનો ભાવ ગયો છે, મારનાર માટે અંદર કોઈ ડંખ રહી જાય એમ છે નહિ. દીકરો કોનો? મારે કોણ? .... એને અંદરમાં ડંખ હોતો નથી. અજ્ઞાની તો ડંખ રાખે, આણે આમ કર્યું હતું. એકવાર ખરી સભામાં મારું અપમાન કર્યું હતું. બરાબર એને ખરે ટાણે અપમાન કરું તો ... કહેવાય. એ જ્ઞાનીને હોતું નથી. શલ્ય હોતું નથી. સમજાણું કાંઈ? ... છે. લડાઈનું કારણ આવે ને લડાઈમાં જાય વિકલ્પ આવે પણ ઇ વ્યક્તિ પ્રત્યે દ્વેષ નથી. સમજાય છે કાંઈ? એ તો અસ્થિરતાનો ભાવ આવ્યો હતો. અંદરમાં તો મધ્યસ્થ છે. આહાહા..! વાહ! પરપદાર્થ જ્ઞેય છે, એમાં ઇષ્ટ-અનિષ્ટપણું છે જ નહિ. ઇષ્ટ-આ ઠીક-અઠીક માન્યું એ તો મિથ્યાત્વભાવ છે. સમજાણું કાંઈ? અનુકંપા, મધ્યસ્થભાવ.

**'કિસીસે વૈરભાવ નહીં હોતા,...'** એ બધી 'પંચાધ્યાયી'ની વાત છે. **'સુખ-દુઃખ, જીવન-મરણ અપના પરકે દ્વારા ઔર પરકા અપને દ્વારા નહીં માનતા હૈ.'** દેખો! બંધભાવ. બીજાને સુખના સંયોગ આપું એ હું આપું છું એમ ન માને. એમ બીજાને દુઃખ આપું છું એમ ન માને. તેમ બીજાઓ મને સુખ-દુઃખના સંયોગો આપે છે એમ ન માને. સમજાણું? એ બધી અનુકંપાની વ્યાખ્યા ચાલે છે. આહાહા..! **'સુખ-દુઃખ, જીવન-મરણ...'** હું પરને મારી શકું કે પરથી હું મરું, એમ છે નહિ. દેહ, હોં! દેહ. આત્માને તો મરણ ક્યાં છે? પરનો દેહ હું મારી શકું, છોડી દઉં, મારા દેહને એ છોડાવે, પ્રાણ એમ છે નહિ. એટલી અનુકંપા આત્મામાં સમભાવ વર્તે છે. લ્યો.

**'તથા પરમેં જો અનુકંપા હૈ સો અપનેમેં હી હૈ, ઇસલિયે પરકા બુરા કરનેકા વિચાર કરેગા તો અપને કષાયભાવસે સ્વયં અપના હી બુરા હુઆ;...'** એ તો પોતાની જ નુકસાની થઈ, અનુકંપા પોતાની જ ગઈ. **'પરકા બુરા નહીં સોચેગા તબ અપને કષાયભાવ નહીં હોંગે ઇસલિયે અપની અનુકંપા હી હુઈ.'** લ્યો. પ્રશમ, સંવેગ, નિર્વેદ અને અનુકંપા ચાર બોલ ચાલ્યા. એક રહ્યો-આસ્થા. સમજાણું? એ આખરી વ્યાખ્યા (આવશે). (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## પ્રવચન નં. ૬ ગાથા-૨ રવિવાર, જેઠ સુદ ૧૦, તા. ૧૪-૦૬-૧૯૭૦

ભાવાર્થ ચાલે છે. 'दंसणमूलो धम्मो' એની વ્યાખ્યા ચાલે છે. સમ્યગ્દર્શનનું મૂળ લક્ષણ તો પ્રતીતિ છે. પણ અહીંયાં પ્રતીતિ સીધી જણાય નહિ તેથી એને અનુભૂતિને મુખ્ય ચિહ્ન ગણવામાં આવ્યું છે. સમજાણું કાંઈ? સમ્યગ્દર્શન એ આત્માની અનુભવમાં પ્રતીતિ થવી. શુદ્ધ ચૈતન્યસ્વભાવ એના સન્મુખ થઈને અનુભવ થઈને સ્વસંવેદન થઈને એમાં પ્રતીતિ થવી એ સમ્યગ્દર્શન. એ સમ્યગ્દર્શન ઓળખાય કઈ રીતે? એમ આમાં ચાલે છે. સીધું તો ઓળખાય નહિ. એ પ્રતીતરૂપ છે. એની સાથે સ્વસંવેદન અનુભૂતિ હોય છે. આનંદના સ્વાદનો અનુભવ હોય છે. અને જ્યાં અનુભૂતિ હોય ત્યાં સમ્યગ્દર્શન હોય. સમ્યગ્દર્શન હોય ત્યાં અનુભૂતિ હોય. એમ ગણીને સમ્યગ્દર્શનનું અનુભૂતિ મુખ્ય બાહ્ય ચિહ્ન કહેવામાં આવ્યું છે. એનું પ્રતીત લક્ષણ છે એ આ લક્ષણ નહિ. દર્શનની પર્યાયને અનુભૂતિની પર્યાયથી ઓળખવું એ પ્રતીતના લક્ષણથી આ લક્ષણ બીજા ગુણની પર્યાય છે. માટે એને બાહ્ય લક્ષણ કહેવામાં આવ્યું છે. પણ છે ઇ મુખ્ય. ન્યાંથી ચાલ્યું આવે છે ને? છે ઇ મુખ્ય ચિહ્ન. બાહ્યમાં પણ. કેમ?

જ્યાં આત્માની અનુભૂતિ સ્વસંવેદન હોય ત્યાં સમ્યગ્દર્શન હોય જ. અને જ્યાં સમ્યગ્દર્શન હોય ત્યાં અનુભૂતિ હોય જ. એ સિવાયના બીજા લક્ષણને બાહ્ય ચિહ્ન એકલા કહેવામાં આવ્યા છે.

પ્રશમ. અનંતાનુબંધીના અભાવથી સમભાવ-પ્રશમ દેખાય, તે બાહ્ય ચિહ્ન છે. કેમ? કે એ શ્રદ્ધાનું લક્ષણ પ્રતીત છે અને આ છે ચારિત્રની પર્યાય. ઉપશમ. અને એ ઉપશમ સમ્યગ્દર્શન હોય ત્યારે હોય અને એ ઉપશમ અમસ્તુ હોય અને સમ્યગ્દર્શન ન હોય. સમજાણું કાંઈ? માટે એને બાહ્ય લક્ષણ ગૌણપણે ગણીને લક્ષણ કહેવામાં આવ્યું છે.

મુમુક્ષુ :- આ તો બહુ કઠણ લાગે છે.

ઉત્તર :- કઠણ નથી. આ તો જેમ છે એમ એને સમજવું પડે કે નહિ? સમ્યગ્દર્શન સૂક્ષ્મ છે અને પ્રકૃતિના પરિણામ પણ ઉપશમ અને ક્ષયોપશમ થાય એ પણ પુદ્ગલના પરિણામ સૂક્ષ્મ છે. ત્યારે એને જાણવું શી રીતે? એ પ્રશ્ન છે અહીં તો. સમજાણું કાંઈ? અને ન જણાય ને પ્રતીત, નિર્ધાર ન થાય તો સૌ એમ જ ગણે કે અમારે સમકિત નથી, સમકિત નથી, મિથ્યાદૃષ્ટિ છે. થઈ રહ્યું તો. સમજાય છે કાંઈ?

એથી અહીંયા કહેવામાં આવ્યું કે મુખ્ય ચિહ્ન તો એનું જ્ઞાન છે-અનુભૂતિ, એ જ્ઞાનની પર્યાય દ્વારા સમકિતને ઓળખવું એ વ્યવહાર થયો. એ વ્યવહાર થયો. કારણ કે બીજા ગુણની પર્યાય દ્વારા બીજા ગુણની પર્યાય ઓળખવી એ વ્યવહાર થયો. પણ એ વ્યવહાર એવો હોય છે. સેઠી!

મુમુક્ષુ :- ... ક્યાંક વ્યવહારનું...

ઉત્તર :- વ્યવહાર અભૂતાર્થ હોવા છતાં.. એય..! .. વ્યવહાર તો તમે અભૂતાર્થ કહો છો. એ તો ત્રિકાળની અપેક્ષાએ અભૂતાર્થ છે. આશ્રયની અપેક્ષાએ. પણ એ પર્યાય જે છે, એ જ્ઞાનમાં જ્ઞેય આ આવ્યું આત્મા એ ખ્યાલ આવ્યો તે બરાબર આવ્યો છે. એ જ્ઞાન દ્વારા સમકિતને પ્રતીતને ઓળખવી એનું નામ અહીંયાં વ્યવહાર કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? બીજા ગુણની પર્યાય દ્વારા બીજા ગુણની પર્યાયને ઓળખવી એ જ વ્યવહાર અને એ વ્યવહારને પણ ભગવાને કહ્યું છે. એમ ત્રણ-ચાર ઠેકાણે લખ્યું છે.

મુમુક્ષુ :- વ્યવહાર એટલે સાચું નહિ.

ઉત્તર :- સાચું નહિ એટલે એ પ્રતીતનું લક્ષણ નથી. સમ્યગ્દર્શનનું લક્ષણ નથી માટે સાચું નહિ. પણ સાથે હોય છે માટે એને અવિનાભાવ ગણીને મુખ્ય બાહ્ય લક્ષણ કહેવામાં આવ્યું છે. આમ છે. પંડિતજી!

મુમુક્ષુ :- સમ્યગ્દર્શન થયે આદરણીય...

ઉત્તર :- આદરણીયની વાત અહીં ક્યાં છે? અહીં તો ઓળખવા માટે વ્યવહાર કહ્યો.

આઠમી ગાથામાં કહ્યું કે વ્યવહારથી આ આત્મા દર્શન, જ્ઞાન, ચારિત્રને પ્રાપ્ત થાય એ આત્મા. એમ વ્યવહારથી દ્રવ્યને જણાવ્યું. પણ એ વ્યવહાર આદરણીય છે એમ નહિ. સમજાણું કાંઈ? એ વ્યવહારથી જણાયો કે આ આત્મા, જે દર્શન, જ્ઞાન, ચારિત્રને પ્રાપ્ત થાય તે આત્મા. એવો વ્યવહાર કર્યો. તો વ્યવહાર તો અભૂતાર્થ છે, પણ એ દ્વારા ઓલું જાણ્યું ત્યારે એને વ્યવહાર કહેવામાં આવ્યો. એટલે અભૂતાર્થ હોવા છતાં એને છોડીને જ્યારે જાણે છે, જ્ઞાયકમાત્ર આત્મા (છે), ત્યારે પેલા અભૂતાર્થથી ભૂતાર્થને જાણ્યો એમ વ્યવહારે કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- ઘણું લાંબુ થઈ ગયું.

ઉત્તર :- એવું છે, વસ્તુનું સ્વરૂપ એવું છે. એમાં બીજી રીતે કાંઈ (થાય એવું નથી). સમજાણું કાંઈ? એને માટે તો પાના કેટલા ભર્યા છે.

મુમુક્ષુ :- ઇ કરતાં તો આપ સહેલું કહો છો, આનંદ હોય તો સમકિત હોય..

ઉત્તર :- ના, ના. એમ હોય? આનંદ હોય તો સમકિત હોય પણ એ આનંદની પર્યાય ભિન્ન છે, સમકિતની પર્યાય ભિન્ન છે. એટલે આનંદ હોય તો સમકિત હોય, ઇ બેય એક છે? માટે એને બતાવવું જોઈએ બરાબર કે આ વ્યવહાર છે. એય...! સમજાણું કાંઈ? 'શશીભાઈ'! સમજાય છે કે નહિ? આ બધું ઝીણું આવું આવ્યું છે. 'સમયસાર'માં તો સીધું હતું. આ ઇ જ જાત છે. એને પોતાને ભાન થાય કે નહિ, અને ભાન ન થાય તો સંદેહ રહ્યા કરે કે આ તો સમકિતી નથી. એટલે

થઈ રહ્યું. એ તો બધા મિથ્યાત્વ (છે). મુનિનો વ્યવહાર જ બધો મિથ્યાત્વમાં થાય. સેઠી! આ બધું સમજવું પડશે, એમ કહે છે.

પ્રશમ લક્ષણ છે ઇ બાહ્ય છે, મુખ્ય નહિ. મુખ્ય લક્ષણ અનુભૂતિ. કેમકે એ હોય જ ત્યાં, માટે. અને પ્રશમ હોય ત્યાં સમકિત હોય પણ ખરું અને સમકિત ન હોય અને પ્રશમ હોય. માટે તે પ્રશમને બાહ્ય, મુખ્ય નહિ પણ ગૌણ બાહ્ય ચિહ્ન ગણવામાં આવ્યું છે. લ્યો! એને પોતાને ખાત્રી થવી જોઈએ ને. કઈ રીતે ખાત્રી થાય? સમજાણું કાંઈ? આમ તો સમ્યગ્દર્શનના પરિણામ તો સૂક્ષ્મ કેવળીગમ્ય છે, એમ કહ્યું. ત્યારે એને ગમ્ય શી રીતે થાય? સેઠી!

મુમુક્ષુ :- મુખ્ય કારણ શું?

ઉત્તર :- મુખ્ય કારણ નહિ, મુખ્ય ચિહ્ન. અહીંયાં શબ્દ ફરવો ન જોઈએ.

આત્મા વસ્તુ સ્વભાવનો પિંડ ચૈતન્યપ્રભુ, એની સાવધાની અંતરમાં થઈને જે પ્રતીતિ થઈ એ પ્રતીત તે ખરું સમ્યગ્દર્શનનું લક્ષણ. પણ એ પ્રતીત છે એ તો નિર્વિકલ્પ છે. એ નથી જાણતી પોતાને, નથી જાણતી પરને. ત્યારે હવે એને પ્રતીતને જ્ઞાનમાં જાણવું શી રીતે? સમજાણું કાંઈ?

એ આત્મા રાગની એકતામાં હતો ત્યારે તે દુઃખનું વેદન હતું. મિથ્યાત્વમાં. સમજાણું કાંઈ? આનંદસ્વરૂપ હોવા છતાં રાગનો વિકલ્પ છે, સૂક્ષ્મમાં સૂક્ષ્મ વિકલ્પ, એ હું છું. કે આ અસ્તિત્વ આખું છે એ પ્રતીતમાં ન આવ્યું, એટલે એની પ્રતીતમાં એ રાગ હું છું, એવું પ્રતીતમાં આવ્યું. એ મિથ્યાત્વભાવમાં રાગનું વેદન તે દુઃખનું છે. હવે કહે છે કે મિથ્યાત્વ જઈને સમકિત થયું એનું લક્ષણ શું? શી રીતે ઓળખવું?

તો કહે છે કે, રાગની એકતા જ્યાં ગઈ ત્યાં સ્વભાવની એકતા થઈ, તો રાગ વિનાનો જે શુદ્ધ આનંદ સ્વભાવ એમાં એકતા થતાં પ્રતીત થઈ, પણ પ્રતીત સીધી જણાય નહિ. માટે આનંદના વેદનથી (જાણ્યું કે) આ આનંદ થયો. એ પર્યાય છે પ્રતીતથી જુદી, પણ આ આનંદ છે, એમ પ્રતીતિ થઈ એને એનું જ્ઞાન વ્યવહારે મુખ્ય બાહ્ય ચિહ્નથી જાણવામાં આવે. આટલી વાત છે. એ.. 'અમરચંદભાઈ'! આવું ઝીણું બહુ. સમજાણું કાંઈ? હેં?

માથે આવ્યું ને? જુઓને! પેલી બાજુ આવ્યું, આઠમે પાને. **'ઉસ ચિહ્નકો હી સમ્યક્ત્વ કહના સો વ્યવહાર હૈ.'** આઠમે પાને હેઠે આવ્યું હતું. ઇ જુદું હશે કાંઈક. આ જૂનાની વાત છે. કહે છે, જુઓ! **'મિથ્યાત્વ અનંતાનુબંધીકે અભાવસે સમ્યક્ત્વ હોતા હૈ ઉસકા ચિહ્ન હૈ; ઉસ ચિહ્નકો હી સમ્યક્ત્વ કહના સો વ્યવહાર હૈ. ઉસકી પરીક્ષા સર્વજ્ઞકે આગમ, અનુમાન તથા સ્વાનુભવ પ્રત્યક્ષ પ્રમાણ ઇન પ્રમાણોંસે કી જાતી હૈ.'** ત્રણ પ્રકાર લીધા. એ વાત આપણે આવી ગઈ છે.

**'ઇસીકો નિશ્ચય તત્ત્વાર્થશ્રદ્ધાન ભી કહતે હૈં.'** સ્વરૂપનો અનુભવ થઈને પ્રતીત થઈ, તે નિશ્ચય તત્ત્વાર્થશ્રદ્ધાન પણ એને કહેવામાં આવે છે. હવે વ્યવહાર તત્ત્વાર્થશ્રદ્ધાન છે ઇ બાહ્ય ચિહ્ન છે, એમ કહ્યું પાછું. આ નિશ્ચય તત્ત્વાર્થશ્રદ્ધાન. સમજાણું કાંઈ? અને આ બાજુ કહ્યું, જુઓ! **'વહાં અપની પરીક્ષા તો અપને સ્વસંવેદનકી પ્રધાનતાસે હોતી હૈ ઔર પરકી પરીક્ષા તો પરકે**

**અંતરંગમેં હોનેકી પરીક્ષા પરકે વચન, કાયકી ક્રિયાકી પરીક્ષાસે હોતી હૈ યહ વ્યવહાર હૈ,...'** દેખો! જ્ઞાનથી પરને જાણવું અને જ્ઞાનથી સમકિતને જાણવું એ વ્યવહાર છે. બહુ સરસ સ્પષ્ટ લખ્યું છે. એને પોતાને ખાત્રી થાય એનો કાંઈ ઉપાય છે કે નહિ? કહે છે. સમજાણું?

**'પરમાર્થ સર્વજ્ઞ જાનતે હૈં.'** કારણ કે પૂર્ણ પર્યાયનું લક્ષણ તો તદ્દન સર્વજ્ઞ જાણે. **'અનેક લોગ કહતે હૈં કિ-સમ્યક્ત્વ તો કેવલીગમ્ય હૈ, ઇસલિયે અપનેકો સમ્યક્ત્વ હોનેકા નિશ્ચય નહીં હોતા, ઇસલિયે અપનેકો સમ્યગ્દષ્ટિ નહીં માન સકતે. પરંતુ ઇસ પ્રકાર સર્વથા એકાંતસે કહના તો મિથ્યાદષ્ટિ હૈ,...'** એમ ન હોઈ શકે. એના પછી છે ને? એ માટે અહીં પરીક્ષા અનુભૂતિથી કરવી અને બીજા બાહ્ય લક્ષણો છે એનાથી પણ સમકિતને જાણવું, એમ કહે છે. સમજાણું કાંઈ? આ તો મૂળ ચીજ છે. 'दंसणमूलो धम्मो'. એનાથી આ વાત ચાલે છે.

મુમુક્ષુ :- એટલે અનુભૂતિ તત્કાલ હો જાતા હૈ.

ઉત્તર :- તત્કાલ હો જાતા હૈ. પણ ઇ અનુભૂતિથી સમકિતને જાણવું એ પણ વ્યવહાર થયો. આહાહા..! બીજી પર્યાયથી બીજી પર્યાયને જાણવી એ જ વ્યવહાર. એને સ્વથી જાણવું એ નિશ્ચય.

મુમુક્ષુ :- સવિકલ્પ અવસ્થામાં જણાય.

ઉત્તર :- સવિકલ્પ નહિ. એ કાળે અનુભૂતિ છે તે વખતે એને આનંદનો સ્વાદ છે માટે સમકિત છે એમ વિચાર કરતાં જણાય. બાકી તો પ્રતીતમાં આવ્યું જ છે ને કે આ તો વસ્તુ આનંદ જ છે. આહાહા..! ઝીણી વાત બહુ. સમજાણું કાંઈ? રાગની એકતામાં જે દુઃખ હતું, આકુળતા હતી, મિથ્યાત્વમાં, એ ટળીને સ્વભાવ સન્મુખ થઈને સમ્યક્ થતાં એ આકુળતા એકતાની તો ગઈ. ત્યારે એના સ્થાનમાં અનાકુળતા આનંદનો આશ્રય આવે કે નહિ અંદરથી? મૂળ એ જ લક્ષણ છે ખરું, અનુભવ એ જ વસ્તુ છે. આહાહા..! સમજાણું કાંઈ?

પછી તો કહ્યું, **'તત્ત્વાર્થશ્રદ્ધાન તો બાહ્ય ચિહ્ન હૈ.'** જુઓ! **'તથા તત્ત્વાર્થશ્રદ્ધાન તો બાહ્ય ચિહ્ન હૈ.'** ઇ તત્ત્વાર્થશ્રદ્ધાન કોણ? ભેદરૂપ. પહેલું તત્ત્વાર્થશ્રદ્ધાન હતું એ નિશ્ચય. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- નિશ્ચયનું ચિહ્ન વ્યવહાર.

ઉત્તર :- નિશ્ચયનું ચિહ્ન વ્યવહાર એટલે શું? પરપર્યાય ઇ અપેક્ષાએ વ્યવહાર. પર્યાય છે ઇ તો એની જ્ઞાનની નિશ્ચય (પર્યાય છે), પણ એ જ્ઞાનની પર્યાય દ્વારા પ્રતીત ઓળખવું એ વ્યવહાર (છે). સમજાણું કાંઈ? એનાથી એને જાણવું એ તો નિશ્ચય (છે). એનાથી પ્રતીતને જાણવું તે વ્યવહાર. ભારે વાત! 'દાસ'! એવો માર્ગ છે, ભાઈ! ધીરેથી સમજવા જેવી વાત છે. સમજાણું કાંઈ? કેટલા વાક્ય ભર્યા છે, જુઓ!

મુમુક્ષુ :- ... સો નિશ્ચય ઔર પ્રતીતકો જાનના વ્યવહાર.

ઉત્તર :- જ્ઞાનકો, જ્ઞાનકો જાનના વહ તો નિશ્ચય હુઆ. પણ જ્ઞાનની પર્યાય દ્વારા પ્રતીતને જાણવી એ વ્યવહાર થયો. આનંદને જાણવો એ જ્ઞાનની પર્યાયથી જણાય છે. પણ આનંદમાં જાણવાનો ભાવ-સ્વભાવ ક્યાં છે? સ્વપરપ્રકાશક્તિ એક જ્ઞાન જ છે. બાકી બીજી બધી

શક્તિઓ-ગુણ છે એ તો અસ્તિપણે અસ્તિત્વપણે રહેલી છે. સત્તાપણે. પણ પોતે અને પરને જાણવું એ એનો સ્વભાવ નથી. એથી અહીં જ્ઞાનપ્રધાનથી જ્ઞાનને જ્ઞાનથી જાણવું એ નિશ્ચય થયું. વેદન. જ્ઞાનથી પ્રતીતને જાણવું એ વ્યવહાર થયો અહીં તો.

ભાઈ કહે છે, આ બહારનો વ્યવહાર નથી. આ ક્રિયા, દયા, દાનનો વ્યવહાર ઇ નહિ. દયા, દાનના પરિણામ એ વ્યવહાર, એ નહિ. આ તો અંદર ઓળખવાની અપેક્ષાનો વ્યવહાર થયો. શું કીધું વળી? એમ કે, દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ જે છે એનાથી ઓળખવું એમ રહ્યું નથી, એ તો વસ્તુ જ નથી એનામાં. આ તો એનામાં છે. જ્ઞાનની અનુભૂતિ અને દર્શનની પ્રતીત છે. સમજાણું કાંઈ? ઝીણું બહુ આવ્યું. એ.. 'પ્રવીણભાઈ'! માર્ગ તો જુઓને..

બાપુ! વસ્તુ છે કે નહિ? અને વસ્તુનું સ્વરૂપનું જ્યાં અંદર ભાન થઈને પ્રતીતિ થઈ એ પ્રતીતિ તો સીધી જણાય એવી નથી. કારણ કે પ્રતીતિમાં જાણવાનો સ્વભાવ નથી. તે પ્રતીતિ સ્વને ન જાણે, તે પ્રતીતિ પરને ન જાણે. કોઈપણ જાણવાની વાત છે એ જ્ઞાન દ્વારા જ જણાય. 'પંચાધ્યાયી'માં લીધું છે એક ઠેકાણે. કોઈપણ ગુણની વ્યાખ્યા કરવી હોય (એ) જ્ઞાન દ્વારા (કરાય છે). એનું કારણ છે જ્ઞાન. આ પ્રતીત, આ આનંદ એ બધું જ્ઞાન દ્વારા જ જણાય, કહેવાય. બીજી શી રીતે થાય? 'પંચાધ્યાયી'એ બહુ સરસ વાત લીધી છે. 'પંચાધ્યાયી'નું જ આ બધું થોડું લીધું છે. આ બાહ્ય ચિહ્ન, આ 'પંચાધ્યાયી'માં વાત છે. પહેલું સમજાય એવું છે એમ મગજમાં રાખવું.

મુમુક્ષુ :-

ઉત્તર :- વ્યવહાર કહ્યો ને. સમજાણું કાંઈ? એ વ્યવહાર સિવાય બીજો કોઈ આશરો નથી. એટલે ઇ કહે છે, સર્વજ્ઞે પણ વ્યવહારનો આશ્રય કીધો છે. એટલે શું? એક ગુણની પર્યાય બીજાને જાણે ઇ.

મુમુક્ષુ :- એ સવિકલ્પ દશામાં આવે કે નિર્વિકલ્પમાં?

ઉત્તર :- એ તો સવિકલ્પ હોય તોપણ જ્ઞાનથી પ્રતીતને જાણે છે, વિકલ્પને નહિ. નિર્વિકલ્પમાં તો ખબરેય નથી, એ તો પોતે વેદનમાં છે. સમજાણું કાંઈ? પણ સવિકલ્પતા આવી ત્યારે પણ જાણવાથી જ્ઞાનની પર્યાયથી પ્રતીત જણાય છે. વિકલ્પથી તો છે જ નહિ. એ પશ્ન છે જ નહિ અહીં. સમજાણું કાંઈ? આવું ઝીણું છે. આહા..!

તત્ત્વાર્થશ્રદ્ધાન બાહ્ય છે. કહ્યું ને? રુચિ, શ્રદ્ધા અને પ્રતીતિ. પ્રતીતિ પણ લીધી, જુઓ! ઇ. અંદર. ઇ પ્રતીતિ બાહ્ય લક્ષણ છે. એની જે મૂળ પ્રતીતિ છે એ નહિ અહીં. શ્રદ્ધા, રુચિ, પ્રતીતિ. **'જૈસે સર્વજ્ઞને કહે હૈં તદ્નુસાર અંગીકાર કરના ઔર ઉનકે આચરણરૂપ ક્રિયા,..'** શુભ વિકલ્પ. **'ઇસ પ્રકાર શ્રદ્ધાનાદિક હોના સો સમ્યક્ત્વકા બાહ્ય ચિહ્ન હૈ.'** 'પંચાધ્યાયી'ની શૈલી છે. સીધુ 'પંચાધ્યાયી' આખું વાંચવું કઠણ પડે. થોડું આમાં આવ્યું. આ જાતની શૈલીમાં. હવે અહીં તો આપણે અહીં આવ્યું છે, જુઓ!

**'જીવાદિ પદાર્થોંમેં અસ્તિત્વભાવ સો આસ્તિક્યભાવ હૈ.'** આ બાહ્ય લક્ષણ છે. પ્રતીતિ

અંદરની છે ઇ તો નિશ્ચય લક્ષણ છે. આ આખી વસ્તુ અખંડ આવી છે, એવી પ્રતીતિ તેનું નિશ્ચય લક્ષણ છે. પણ આ આસ્થા થવી કે આ છે, જીવ છે, અજીવ છે, જ્ઞાનપર્યાય છે વગેરે. **'જીવાદિ પદાર્થોમેં અસ્તિત્વભાવ સો આસ્તિક્યભાવ હૈ.'** અસ્તિત્વભાવ છે તે આસ્તિક્યભાવ છે.

**'જીવાદિ પદાર્થોંકા સ્વરૂપ સર્વજ્ઞકે આગમસે જાનકર ઉનમેં ઐસી બુદ્ધિ હો કિ-જૈસે સર્વજ્ઞને કહે વૈસે હી યહ હૈ-અન્યથા નહીં હૈ વહ આસ્તિક્ય ભાવ હૈ. ઇસપ્રકાર યહ સમ્યક્ત્વકે બાહ્ય ચિહ્ન હૈં.'** તત્ત્વાર્થશ્રદ્ધાન, પ્રશમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા, આસ્થા એ બધા બાહ્ય લક્ષણ છે. કારણ કે પર્યાય ભિન્ન છે. આ પર્યાય ચારિત્રની પર્યાય લીધી. સમજાણું કાંઈ? પણ પ્રશમ આદિમાં સમ્યગ્દર્શન હોય પણ ખરું અને ન હોય ત્યાં આવા ભાવ હોય છે. અજ્ઞાનીને પણ, બાહ્ય. તેથી એને બાહ્ય લક્ષણ કહેવામાં આવ્યું અને અનુભૂતિને અભ્યંતરનું મુખ્ય ચિહ્ન કહેવામાં આવ્યું. સમજાણું કાંઈ?

આ કંઈ મોટી સભાનો વિષય નથી. મોટી સભા જાજી હોય. 'રાજકોટ'માં આ માંડે તો કહે, આ બધું શું છે? ત્યાં તો અમુક શૈલી ચાલે. સ્થૂળમાં પકડે નહિ ત્યાં વળી આ... એક તત્ત્વાર્થશ્રદ્ધાન નિશ્ચય છે અને એક તત્ત્વાર્થશ્રદ્ધાન વ્યવહાર છે. એક આસ્થા અંદર પ્રતીતિ તે નિશ્ચય છે અને નવની પ્રતીતિનું લક્ષણ એનું બાહ્ય લક્ષણ કીધું છે. શું કહે છે આ પણ?

મુમુક્ષુ :- ઘડીકમાં આમ, ઘડીકમાં આમ.

ઉત્તર :- ના, ઘડીકમાં એમ નહિ. આ વળી ઠીક કહે છે. જે અપેક્ષાએ પહેલું કહ્યું હતું એથી બીજી અપેક્ષા છે, એમ એનું ઘડીકમાં આમ ને ઘડીકમાં આમ. ખ્યાલ આવે ને જોવે છે ને. ભાઈ બોલે તો આ પણ બોલે ને. કહો, સમજાણું કાંઈ? એનો પહેલો ખ્યાલ તો કરે કે આ એની વિધિ અને આ એની રીત છે. બીજી રીત થઈ શકતી નથી.

વળી **'સમ્યક્ત્વકે આઠ ગુણ હૈં :- સંવેગ,...'** મોક્ષની અભિલાષ. કારણ કે સ્વભાવની અભિલાષા તે સંવેગ. **'નિર્વેદ,...'** બાહ્યથી હઠી જવું, રાગ આદિથી હઠી જવું એ નિર્વેદ. **'નિંદા,...'** એવો એક બાહ્ય ભાવ છે. જે રાગાદિ થાય અંદરમાં.. આહા..! વિષયવાસના, લડાઈનો ભાવ ધર્મીને પણ હોય. એની એને નિંદા આવે. એવો એક બાહ્ય ભાવ, સમકિતીનું બાહ્ય લક્ષણ કહેવામાં આવે છે. **'ગર્હા,...'** ગુરુની સાથે ગર્હણા કરવી. ઓહો...! આવા નિર્વિકલ્પ આનંદનું ભાન હોવા છતાં આ એક વૃત્તિ ઉઠે છે, જે સાધારણ માણસને કહેતાં માણસને શંકા પડી જાય. આ? એવો એક ભાવ સમકિતની દશામાં પણ આવે છે. એય..! એને જાતે નિંદવો એ નિંદામાં જાય છે અને ગુરુ પાસે નિંદવો એ ગર્હામાં જાય છે. એવો એક ભાવ હોય છે.

મુમુક્ષુ :- એને ગુણ કીધો.

ઉત્તર :- ગુણ શબ્દે એ પર્યાયનો આવો એક ભાગ છે, એને ગુણ (કીધો). ગુણ એટલે એ ત્રિકાળી ગુણ ક્યાં છે? સાચો ગુણ પણ ક્યાં છે? એવી એક સ્થિતિ ઊભી હોય છે એવું એને એનાથી જણાય તેથી એને ગુણ કહ્યો. એનાથી બાહ્ય લક્ષણ જણાય કે આ સમકિત છે, માટે એને ગુણ કહ્યો. ગુણતે ઇતિ ગુણ. પૃથક્ કરવું, પરથી પૃથક્ કરવા માટે ગુણ કહેવામાં આવે છે. એમ

છે. ગુણનો અર્થ આવે છે કે નહિ? આવે છે, 'પ્રવચનસાર'માં આવે છે, 'તત્ત્વાર્થસાર'માં આવે છે. 'તત્ત્વાર્થસાર'માં લીધું છે. ગુણ કેમ? કે ઇ બીજાથી પૃથક્ કરે છે, પૃથક્ કરે છે. આત્માને જ્ઞાન દ્વારા રાગથી, પરથી પૃથક્ કરે છે માટે એને ગુણ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

એમ આ પણ બાહ્ય લક્ષણો કહ્યા ને? આઠ ગુણ. એ જાતનું પરથી મિથ્યાત્વભાવથી પૃથકપણું બતાવે છે એટલે એને ગુણ કહ્યા. ગુણ (એટલે) મૂળ ગુણ નથી તેમ પર્યાય તદ્દન નિર્મળ છે એમ નથી. પણ આ જાતનો એક ભાગ હોય છે.

**'ઉપશમ,...'** ઇ પ્રશમમાં આવી ગયું. **'ભક્તિ,...'** એમાં આગળ લેશે. સંવેગમાં સમાઈ જશે. **'વાત્સલ્ય,...'** સંવેગમાં સમાઈ જશે. **'અનુકમ્પા.'** એ પણ પ્રશમભાવ છે ને એની સાથે અકષાયભાવ હોય છે એને અહીં અનુકંપા કહેવામાં આવે છે. એ પણ પ્રશમમાં સમાય જશે. **'યહ સબ પ્રશમાદિ ચારમેં હી આ જાતે હૈં.'** આ આઠેય, હોં! **'સંવેગમેં નિર્વેદ, વાત્સલ્ય ઔર ભક્તિ યે આ ગયે તથા પ્રશમમેં નિન્દા, ગર્હા આ ગઈ.'** એમાં છે, એક ગાથા છે. 'પંચાધ્યાયી'ની ગાથા છે.

હવે આ ચાલતી ખ્યાલમાં આવે એવી વાત. ખ્યાલમાં આવે એવી ઓલી હતી પણ જરી સૂક્ષ્મ (હતી). કોઈવાર વાંચન આવે ને. આ વાંચન કંઈ હર વખતે હોય છે. 'સમયસાર'નું વાંચન તો ઘણી વાર ઘણા પ્રકારે (આવ્યું હોય). ઇ ચાલતું હોય તો પૂર્વે ચાલી ગયું હોય એ માહ્યલી વાત પણ એમની સાથે મેળ આવે એટલે એને જરી ઠીક લાગે. આ તો કોઈ વાર આવે. એટલે સમજવા માટે ધ્યાન રાખવું પડે.

**'સમ્યગ્દર્શનકે આઠ અંગ કહે હૈં.'** હવે સમ્યગ્દર્શન છે તો પ્રતીત પર્યાય, એના આઠ પ્રકાર, એના લક્ષણના (કહે છે). **'ઉન્હેં લક્ષણ ભી કહતે હૈં ઔર ગુણ ભી.'** લ્યો. અંગ, લક્ષણ અને ગુણ ત્રણ પ્રકારે કહ્યા. સમકિતના નિઃશંક આદિ આઠ (અંગ) આવે છે ને? **'નિઃશંકિત, નિઃકાંક્ષિત, નિર્વિચિકિત્સા, અમૂઢદષ્ટિ, ઉપગૂહન, સ્થિતિકરણ, વાત્સલ્ય, પ્રભાવના.'**

**'વહાં શંકા નામ સંશયકા ભી હૈ ઔર ભયકા ભી.'** શંકા નામ સંશય અને ભય, બેય શંકાના અર્થમાં આવે છે. **'વહાં ધર્મદ્રવ્ય, અધર્મદ્રવ્ય, કાલાણુદ્રવ્ય, પરમાણુ ઇત્યાદિ તો સૂક્ષ્મવસ્તુ હૈં, તથા દ્વીપ, સમુદ્ર, મેરુપર્વત આદિ દૂરવર્તી પદાર્થ હૈં,...'** નજીક ક્ષેત્રમાં નથી. એમ. પરમાણુ પણ જરી છે નજીકમાં પણ દૂર છે ને ? પોતાને ન જણાય એવા. **'તથા તીર્થંકર, ચક્રવર્તી આદિ અંતરિત પદાર્થ હૈં; વે સર્વજ્ઞકે આગમમેં જૈસે કહે હૈં વૈસે હૈં યા નહીં હૈ?'** એવો સંશય (થાય) એને શંકા કહે છે. અને એમાં ભય થાવો કે આવું ન હોય, આવું ન હોય. શંકાને ભય પણ કહે છે. **'અથવા સર્વજ્ઞદેવને વસ્તુકા સ્વરૂપ અનેકાન્તાત્મક કહા હૈ સો સત્ય હૈ યા અસત્ય? ઐસે સન્દેહકો શંકા કહતે હૈં.'**

મુમુક્ષુ :- ભગવાને કીધું એ તો સાચું જ હોય ને.

ઉત્તર :- સાચું હોય પણ એ સાચું શી રીતે એ એના ખ્યાલમાં આવવું જોઈએ ને. ઊંડે ઊંડે

સંશય રહે અને આમ કહે, સર્વજ્ઞ ભગવાને કીધું ઇ સાચું. સમજાણું? ભગવાન જ્ઞાનમાં એક સમયની પર્યાયમાં ત્રણકાળ ત્રણલોક પૃથક્ પૃથક્ અનંતના અનંત ભેદને પૃથકપણે જાણ્યું છે. એવો જ પર્યાયનો એનો સ્વભાવ છે. એણે જાણ્યું તે સત્ય છે એવું અંદરમાં નિઃસંદેહપણે બેસવું. અને સંદેહ રહેવો તે સંસાર છે. સમજાણું કાંઈ?

**'જિસકે યહ ન હો ઉસે નિઃશંકિત અંગ કહતે હૈં.'** એ શંકા ન હોય એને નિઃશંક કહેવામાં આવે છે. નિઃશંકતા, સ્વરૂપની નિઃશંકતા. એ નિઃશંક આવે છે ને? 'નિયમસાર'માં (આવે છે). ૩૮. ૩૮ ને? પાંચમી ગાથા. **'આપ્ત એટલે શંકારહિત. શંકા એટલે સકળ મોહરાગદ્વેષાદિક (દોષો).'** સકળ રાગ, દ્વેષ, મોહ બધો દોષ. સમજાય છે? અને એ દોષને શંકા કીધું અને શંકારહિત તે આપ્તપુરુષ હોય છે. આપ્તની શ્રદ્ધા કરનારો પણ એવી શંકારહિત હોય છે. સમજાણું કાંઈ? ઇ પાંચમી છે, હોં!

**'સંદેહકો શંકા કહતે હૈં. જિસકે યહ ન હો ઉસે નિઃશંકિત અંગ કહતે હૈં. તથા યહ જો શંકા હોતી હૈ સો મિથ્યાત્વકર્મકે ઉદયસે (ઉદયમેં યુક્ત હોનેસે) હોતી હૈ;...'** સંદેહ સ્વભાવથી વિરૂદ્ધ ભાવ છે એ અજ્ઞાનને કારણે હોય છે. મિથ્યાત્વ કર્મનું નિમિત્ત છે, એમ કહે છે. **'પરમેં આત્મબુદ્ધિ હોના ઉસકા કાર્ય હૈ.'** શંકાનું કાર્ય શું છે? પર વિષે આત્મબુદ્ધિ થવી. સત્‌ની શ્રદ્ધામાં શંકા એટલે અસત્‌ની શ્રદ્ધા છે. ઇ પરમાં આત્મબુદ્ધિ છે. એને શંકા કહેવામાં આવે છે.

**'જો પરમેં આત્મબુદ્ધિ હૈ સો પર્યાયબુદ્ધિ હૈ...'** એ રાગાદિમાં સર્વજ્ઞ સ્વભાવે કહેલો જે આત્મા, એની જેને શંકા છે, એ શંકાવાળો... શું કીધું? એને પરમાં આત્મબુદ્ધિ છે. સ્વમાં સ્વબુદ્ધિ જો હોય તો એને શંકા હોઈ શકે નહિ. બધા 'રાજકોટ'ના આવી ગયા? પુસ્તકો આવી ગયા છે? કાલે? આવી ગયા? શું કીધું?

શંકા તે મિથ્યાત્વકર્મના ઉદયથી. અને તેમાં આત્મબુદ્ધિ થવી એ કાર્ય છે. શંકામાં પરમાં આત્મબુદ્ધિ (હોય). સ્વની આત્મબુદ્ધિ હોય તો નિઃશંકપણે ત્યાં હોય. શંકામાં કંઈ પણ વિકલ્પ આદિમાં ભગવાને એમ કહ્યું નથી કે વિકલ્પ એનો છે. સમજાણું? એવા સર્વજ્ઞે કહેલી વાતમાં ઊંડે ઊંડે એને શંકા એટલે પરને પોતાના માનવાનો ભાવ (રહેવો), એ શંકાનું કાર્ય (છે). સમજાણું કાંઈ?

અને એનો અર્થ **'જો પરમેં આત્મબુદ્ધિ હૈ સો પર્યાયબુદ્ધિ હૈ...'** શેમાં? પર વિષે. સ્વ વસ્તુ અખંડ આત્મદ્રવ્ય, એની જે પ્રતીતિ એ તો નિઃશંક થયો. એ તો નિઃશંક પર્યાય થઈ અને આ શંકા-પરમાં પોતાની બુદ્ધિ, એ પર્યાયબુદ્ધિવાળાને એ પર્યાય હોય છે. રાગ આદિ હું, શરીર આદિ હું. સર્વજ્ઞ સ્વભાવી આત્મા એવું સર્વજ્ઞે કહેલું તત્ત્વ, એમાં જેને શંકા છે, એને કહે છે કે પરબુદ્ધિ પરમાં જ પોતાપણું માનવાનો ભાવ છે. અને એનું નામ જ પર્યાયબુદ્ધિ કહેવામાં આવે છે. ભારે વાત કરી છે. એય..! આ થઈ રહ્યા છે, પુસ્તક મળતાં નથી. નહિતર તો અત્યારે ઘણા ખપે. વાંચતા હોય ત્યારે ઘણા ખપે. આ 'હિંમતભાઈ'એ તો તૈયાર કર્યા નથી. આવે ત્યારે થાય ને.

અહીં કહે છે, અહીં શું નાખવું છે પાછું? ભય નાખવો છે. શંકામાંથી ભય કાઢવો છે. શંકાનું

નામ ભય પણ છે. એમ કેમ છે? કહે છે કે શંકાવાળાને પરમાં પોતાની બુદ્ધિ છે એનું નામ શંકા. અને પરમાં પોતાની બુદ્ધિ છે એ પર્યાયબુદ્ધિવાળાને હોય છે. પર્યાયબુદ્ધિ એટલે રાગ અને શરીર મારું, એને ભય હોય છે. ભયની વ્યાખ્યા આ. સમજાણું કાંઈ? અરે..! ભારે વાતું, ભાઈ! ...સાંભળવું તો જોઈએ કે નહિ? ઘણા વર્ષ થઈ ગયા ને. (સંવત) ૨૦૧૮ની સાલમાં કારતકે પૂરું થયું હતું. સાડા સાત વર્ષ થયા.

કહે છે, શંકા એટલે સર્વજ્ઞે કહેલા તત્ત્વોની શંકા એટલે એને સ્વનું સ્વ અને પરની બુદ્ધિની ભિન્નતાનું ભાન નથી. એથી પરને પોતાનું માને એને અહીં શંકા (કહે છે). ઇ શંકાનું એ કાર્ય છે. અને એ શંકા પર્યાયબુદ્ધિ એટલે શરીર આદિ મારું, રાગ મારો એને હોય છે અને તેથી શરીર ને રાગ મારો, એને ભય થયા વિના રહેતો નથી. આ રહેશે તો? આ જાશે તો? સમજાણું કાંઈ?

**'ઔર પર્યાયબુદ્ધિ ભય ભી ઉત્પન્ન કરતી હૈ.'** દેખો! આમ અસ્તિત્વનું નિઃશંકપણું નથી એટલે આમ શંકા થઈ. શંકામાં તો પરબુદ્ધિ થઈ. પરબુદ્ધિ એ પર્યાયબુદ્ધિ. પર્યાય એટલે શરીર મારું. એવી બુદ્ધિ એની શંકાવાળાને થાય છે. નિઃશંકવાળાને તો આખો આત્મા અખંડ આનંદ છું, એ નિઃશંકતા છે. સમજાણું કાંઈ? શંકામાં અખંડ દ્રવ્ય સ્વભાવ છે એ પ્રતીતમાં નથી. નિઃશંકતામાં એ નથી એટલે એ શંકામાં આવ્યો છે. સ્વદ્રવ્યના પરિપૂર્ણની પ્રતીતિ વિનાનો પરવસ્તુ મારી, એવી શંકાના ભાવમાં આવ્યો છે. એનું કાર્ય-શંકાનું કાર્ય આ છે. અને એ પર્યાયબુદ્ધિવાળાને (હોય છે). પર્યાયબુદ્ધિવાળાને ભય હોયા વિના હોતો નથી. શરીર મારું જાશે તો? આમ થાશે તો? સમજાણું કાંઈ? **'પર્યાયબુદ્ધિ ભય ભી ઉત્પન્ન કરતી હૈ.'**

**'શંકા ભયકો ભી કહતે હૈં,...'** બહુ સારી વ્યાખ્યા કરી. સમજાણું કાંઈ? આમ વસ્તુ ભગવાને કહેલી, આત્મા આદિ બધી, લ્યો ને. નિઃશંક વસ્તુ પોતે પરમાનંદ ને અનંતગુણનો પિંડ (છે), એવું ભાન હોય તો નિઃશંક છે. પણ એવી નિઃશંકતા નથી ત્યાં શંકા છે. એટલે સ્વને જ પોતાનું માનવું નહિ, પણ પરને પોતાનું માનવું એવી શંકા છે. એ શંકાનું કાર્ય પરને (પોતાનું) માનવું એ ભાવ છે. અને પરને પોતાનું માને ત્યાં પર્યાયબુદ્ધિ હોય. હું છું એ બુદ્ધિ નથી અને શરીર હું છું એ બુદ્ધિ છે. અને શરીર હું છું, એવી બુદ્ધિવાળાને ભય ઉપજ્યા વિના રહેતો નથી. આહાહા..!

**'ઉસકે સાત ભેદ હૈં...'** લ્યો, એના સાત ભેદ પાડ્યા હવે. શંકાને ભય કઈ રીતે એની વ્યાખ્યા કરીને હવે એના સાત ભેદ પાડે છે.

મુમુક્ષુ :- આ ભય છે એમ તો ખ્યાલ...

ઉત્તર :- નક્કી કરીને કર્યું કે ભય આ રીતે છે. ભય કેમ છે શંકાના અર્થમાં? શંકાના સ્થાનને ભય પણ કેમ કહેવો? એમ જેને આત્મબુદ્ધિ નથી તેને પર્યાયબુદ્ધિ છે. અને શંકાનું કાર્ય જ એ કે પરને પોતાનું માનવું અને સ્વને પોતાનું માનવું નહિ. સમજાણું કાંઈ? સમજાય એવી ભાષા છે, હોં! સમજાય છે ને ગુજરાતી? આહાહા..!

એ સાત ભય છે. **'ઇસ લોકકા ભય,...'** જ્યાં પર્યાયબુદ્ધિ છે, શરીરબુદ્ધિ છે, અજીવબુદ્ધિ

છે, જીવબુદ્ધિ નથી. સમજાણું કાંઈ? પોતાનો ભગવાનઆત્મા અખંડાનંદ પરિપૂર્ણની અસ્તિ છે એની તો બુદ્ધિ નથી એટલે પરબુદ્ધિ થઈ. પરબુદ્ધિ થઈ એમાં આલોકનો ભય, પરલોકનો ભય, મરણનો ભય, અરક્ષાનો ભય, અગુપ્તિનો ભય, વેદનાનો ભય, અકસ્તામનો ભય. **'જિસકે યહ ભય હો ઉસે મિથ્યાત્વકર્મકા ઉદય સમજના ચાહિયે.'** કેમકે ઇ ચીજ એની નથી અને એની માની છે અને ત્યારે એને ભય ઊપજે છે. સમજાણું કાંઈ? ભય હોય તો. જાણીએ ત્યારે મિથ્યાત્વ હોય છે. **'સમ્યગ્દષ્ટિ હોને પર યહ નહીં હોતે.'** સમ્યગ્દષ્ટિ દ્રવ્ય સ્વભાવનું અસ્તિપણાનું ભાન થયે પરવસ્તુ મારી છે, એવું રહેતું નથી. તેથી તેને ભય રહેતો નથી.

**'પ્રશ્ન :- ભયપ્રકૃતિકા ઉદય તો આઠવેં ગુણસ્થાન તક હૈ;...'** મહારાજ! સમ્યગ્દર્શન થયું ત્યાં ભય નથી (એમ તમે) પાધરું બેસાડી દીધું. ભય અસ્થિરતા તો આઠમા ગુણસ્થાન સુધી હોય છે. અમે શાસ્ત્ર વાંચ્યા છે. શાસ્ત્રમાં એમ છે. તમે કહો છો, ચોથે ભય નથી. સમ્યગ્દષ્ટિને ભય નથી. અમે વાંચ્યું છે શાસ્ત્રમાં કે આઠમા સુધી ભય છે. કહો, સમજાણું કાંઈ? **'ઉસકે નિમિત્તસે સમ્યગ્દષ્ટિકો ભય હોતા હી હૈ, ફિર ભયકા અભાવ કૈસે?'** આપ ભયનો અભાવ કેમ કહો છો?

એનું **'સમાધાન :- યદ્યપિ સમ્યગ્દષ્ટિકે ચારિત્રમોહકે ભેદરૂપ...'** ચારિત્રમોહકે ભેદરૂપ **'ભયપ્રકૃતિકે ઉદયસે ભય હોતા હૈ.'** અસ્થિરતા થોડી હોય છે. **'તથાપિ ઉસે નિર્ભય હી કહતે હૈં, ક્યોંકિ ઉસકે કર્મકે ઉદયકા સ્વામિત્વ નહીં હૈ...'** એ ભયનો વિકલ્પ ઉઠ્યો એનું સ્વામીપણું નથી. એ એનામાં છે નહિ. એનામાં એ માનતો નથી એટલે એને ભય છે નહિ. સમજાણું કાંઈ?

'જયચંદભાઈ'! ભયભાવ થાય છે એને. પ્રકૃતિ હજી છેને માટે. એના નિમિત્તમાં જોડાય છે. પણ એ ભયભાવનો સ્વામી નથી એટલે પોતાનું નથી. એટલું. અને સ્વામી છે ચૈતન્ય શુદ્ધ એનો. એનો સ્વામી નથી માટે એને ભય છે એમ કહેવામાં આવતું નથી. આહાહા..! 'જયંતિભાઈ'! ભારે વાતું, ભાઈ! આહાહા..!

**'કર્મકે ઉદયકા સ્વામિત્વ નહીં હૈ...'** એટલે? ઉદય અને રાગ, બેયથી જ્યાં સ્વભાવ ભિન્ન છે એમ જ્યાં અનુભવમાં, પ્રતીતમાં આવ્યું છે, હવે એને ભય આવ્યો પણ અંદર એ મારો છે એમ તો થાતું નથી. એટલે એને ભય છે નહિ, એમ કહે છે.

મુમુક્ષુ :- ભય હોવા છતાં ભય નથી?

ઉત્તર :- હોય તો આખો લોકાલોક છે. કેવળજ્ઞાનમાં લોકાલોક આવી ગયો? અહીં આવી જાય છે?

મુમુક્ષુ :- લોકાલોક નહિ, આ તો ભયની વાત છે.

ઉત્તર :- ઇ ઇ જ છે. ઇ બધું લોકાલોકમાં ગયું. સમજાણું કાંઈ? ભયનું જ્ઞાન તે પોતાનું છે. ભયનો ભાવ પોતાનો નથી. ભયનો ભાવ પોતાનો હોય તો સમ્યગ્દર્શન રહેતું નથી ત્યાં. કારણ કે વસ્તુમાં ભય નથી. ભય તો વિકૃતભાવ છે, મેલ છે, દોષ છે. એ દોષ વિનાની ચીજ આત્મા છે. એવા આત્માની જેને પ્રતીત અને ભાન થયું, એ ભયને પોતામાં માનતો નથી. માટે એ અભય છે.

પંડિતજી!

મુમુક્ષુ :-

ઉત્તર :- હા. આહાહા..! સર્પ નીકળે ને બીજા ભાગે એમ ઇ પણ જરી આઘો ભાગે. કાળો નાગ નીકળે તો.

મુમુક્ષુ :- ઉંદરડી સૌથી પહેલા ભાગે.

ઉત્તર :- ખ્યાલમાં આવી જાય તો ભાગે. એનો અર્થ એમ. પેલામાં ખ્યાલમાં ન હોય. એમ આપણે એનો અર્થ લેવો ને. જુઓને! 'રામજીભાઈ' બેઠા હતા ને? 'રામજી પાનાચંદ' ને? આમ હેઠે મોટો સર્પ નીકળ્યો હતો. ચોપડો આમ હતો. આમ નીકળ્યો તોય ખબર નથી. પછી કહે, મોટો સર્પ છે. ક્યાંથી નીકળ્યો? અહીં રસ્તો નથી. તમારે અહીંથી વચ્ચેથી નીકળ્યો. ત્યારે એને ખબર પડી.

એમ જ્ઞાનીને ભયનો ભાવ, એને છે એમ કહેવાતું નથી. કારણ કે ભયના ભાવથી પૃથક્પણું જેનું જ્ઞાન છે, એનો ઇ છે, એમાં છે. સમજાણું કાંઈ? બીજી રીતે કહીએ તો એ ભયનું જ્ઞાન અને જ્ઞાનવાળો જે આત્મા, એના અસ્તિત્વમાં તો છે એવી નિઃશંકતા જ છે. સમજાણું કાંઈ?

**'ઔર પરદ્રવ્યકે કારણ અપને દ્રવ્યસ્વભાવકા નાશ નહીં માનતા.'** શું કહે છે? પરદ્રવ્યથી પોતાનો દ્રવ્યસ્વભાવ. કોઈ સર્પ નીકળ્યો, કોઈ ભીંત પડી, વાઘ આવ્યો. પણ એનાથી આત્મદ્રવ્યનો નાશ થાય એમ માને છે? નિર્ભય છે એની બે વાત કરી. એક તો ભયનો ભાવ હોવા છતાં તેનો સ્વામી નથી. એટલે પૃથક્ વર્તે માટે નિર્ભય છે. અને પરદ્રવ્યથી મારો નાશ થાય, એવું જ્ઞાનીને છે નહિ. માટે તે નિર્ભય છે. આહાહા..! સમજાણું કાંઈ? બહુ સ્પષ્ટ ઘણું કર્યું છે. 'જયચંદ્ર પંડિતે.'

**'પરદ્રવ્યકે કારણ અપને દ્રવ્યસ્વભાવકા...'** દ્રવ્યત્વભાવ, દ્રવ્યનો ભાવ જે આનંદ, જ્ઞાન ભાવ, અવિનાશી ભાવ, એની જે પર્યાય એનો પણ નાશ પરથી તો માનતો નથી. માટે પણ જ્ઞાની નિર્ભય છે. આહાહા..! **'પર્યાયકા સ્વભાવ વિનાશીક માનતા હૈ ઇસલિયે ભય હોનેપર ભી ઉસે નિર્ભય હી કહતે હૈં.'** શરીરનો નાશવાન સ્વભાવ જાણે છે. સમજાણું? અને ભય આવ્યો એ પણ મારો નથી એમ જાણે છે. એટલે એનાથી ભય છે નહિ. આહાહા..!

**'ભય હોનેપર ઉસકા ઉપચાર ભાગના ઇત્યાદિ કરતા હૈ;...'** જુઓ! આ ન કીધું? ભાગે પહેલો. ખ્યાલ આવી ગયો. બીજાને ખ્યાલ ન આવ્યો. દોડે. એય..! ખ્યાલમાં પહેલું આવી ગયું. ભાવ છે એ મારો નથી અને પરથી દ્રવ્યનો નાશ થાય, દ્રવ્ય-ગુણ-પર્યાયનો નાશ થાય (એમ માનતો નથી). અવિનાશી પર્યાય છે. ભયનું જ્ઞાન છે એ જ્ઞાનનો પરને લઈને નાશ થાય, એમ જ્ઞાની માનતો નથી. સમજાણું કાંઈ? **'ભાગના ઇત્યાદિ કરતા હૈ;...'** ઇત્યાદિ એટલે? જરી રાડ પણ પડે. એ..! .... પેલો બીજો મિથ્યાદૃષ્ટિ હોય ઇ શાંતિથી બેસે પણ ખરો. અંદર વસ્તુ અખંડાનંદ પ્રભુ છે, એનું અજ્ઞાનીને પ્રતીત ને ભાન નથી. અને જ્ઞાનીને ભાન છે કે હું તો અખંડાનંદ પ્રભુ ચૈતન્ય છું. મારા દ્રવ્ય-ગુણનો તો નાશ નથી, પણ ભયના ભાવથી અને

સંયોગથી મારી નિર્મળ પર્યાયનો પણ નાશ નથી. આહાહા..! સમજાણું કાંઈ? ઇ વર્તમાનનું કહે છે. ભાગના ઇત્યાદિની વ્યાખ્યા. ભાગવું, બોલે, રાડ નાખે. એ..! એ તો બોલવાની ક્રિયા હોય એનો સ્વામી ક્યાં છે ઇ. દુનિયાને ભારે આકરું પડે. ગંભીર ભાવ છે. આકરાનો અર્થ વસ્તુનો સ્વભાવ ગંભીર છે. જ્ઞાની વર્તમાનમાં ભાગના ઇત્યાદિ કરે. **'વહાં વર્તમાનકી પીડા સહન ન હોનેસે વહ ઇલાજ (-ઉપચાર) કરતા હૈ...'** ગરી જાય ગોદડીમાં, ક્યાંક આમ થઈ જાય.

મુમુક્ષુ :- ભાગી જવું એ ઇલાજ છે?

ઉત્તર :- ઇ ભાગી જવું ઇત્યાદિ હોય છે, એટલું. એનો ઇલાજ પછી કહેશે. આ તો ભાગી જવું છે ઇત્યાદિ કરે. અને વર્તમાન પીડા સહન થતી નથી એટલે ભાગે, સંતાઈ જાય. લોઢાના ઓલામાં ગરી જાય.

મુમુક્ષુ :- ઇ એનો ઇલાજ છે ને?

ઉત્તર :- ઇલાજ એટલે એવું થઈ જાય છે, એમ કહે છે.

મુમુક્ષુ :- ઈલાજ તો આત્મામાં રહેવાનું છે.

ઉત્તર :- આત્મામાં જ છે ઇ. પરમાં છે જ ક્યાં? બહારની ક્રિયામાં એ છે જ નહિ. પણ લોકો ભાળે છે કે નહિ? જુઓ! આણે કર્યું કે નહિ? લોઢાના તાકા નખાવ્યા. સર્પ ગરે નહિ એવું કર્યું, આમ કર્યું. સિંહ આવે નહિ એવું કર્યું. લોઢાના પાકા સળિયા નાખ્યા. લોઢાના સળિયા. એવું થવા છતાં, એવું દેખાવા છતાં તેનો એ સ્વામી નથી. એનું પૃથક્પણું એને વર્તે છે. આહાહા..! 'ચંદુભાઈ'! દવા કરવા આવે ઝટ દઈને.

મુમુક્ષુ :- .. રાડ પાડે.

ઉત્તર :- બોલે ઇ બીજો. રાડ જડની. ભય આવ્યો ઇ બીજો, પછી વળી બોલવાની વાત ક્યાં રહી? આહાહા..! ભગવાનઆત્મા પરિપૂર્ણ સ્વભાવે અસ્તિપણે જ્યાં પ્રતીતમાં, અનુભવમાં, ભાનમાં આવ્યું, હવે કહે છે કે એ ભાગવાની ક્રિયા અને ભય, બે એનામાં ક્યાં હતા? સમજાણું કાંઈ? ભારે. **'ઇલાજ (-ઉપચાર) કરતા હૈ વહ નિર્બલતાકા દોષ હૈ.'** 'અમરચંદભાઈ'! આહાહા..!

મુમુક્ષુ :- ચારિત્રનો દોષ છે.

ઉત્તર :- દોષ છે, નબળાઈનો દોષ છે, ઇ શ્રદ્ધાનો દોષ નથી. એની પોતાની નિઃશંકતા સ્વભાવ પ્રત્યે વર્તે એમાં ક્યાંય શંકાની ગંધ નથી. આહાહા..! સમજાણું?

'શ્રેણિકરાજા' લ્યો. નાખ્યા કેદખાને. હવે એ આવ્યો હતો છોડાવવા. એની માએ કહ્યું, અરે.. બેટા! તું જ્યારે જન્મ્યો ત્યારે તને ઉકરડે નાખી દીધો હતો. હેં! કારણ કે તારી ક્રૂર દૃષ્ટિ મેં દેખી હતી. જન્મતા. અને પેટમાં હતો ત્યારે માંસ માગ્યું હતું તારા બાપનું. ઇ ન આવ્યું એટલે મેં તને ઉકરડે નાખી દીધો હતો. ઉકરડો સમજ્યા? કુડા કા ઢેર. ઉકરડો. ત્યાં નાખી દીધો હતો. કૂકડો હતો. એણે તને ચાંચ મારી. કૂણું હોય એટલે. એની પીડા ને તું રોતો હતો. મારી પાસે તારા બાપ આવ્યા. બાળ જીવ ક્યાં? જન્મ્યો ત્યારે એની દૃષ્ટિ મેં ક્રૂર દેખી. અરે..! પહેલા પેટનો આમ ન નખાય. આમ શું કર્યું તેં આ? સમજાણું કાંઈ?

'શ્રેણિકરાજા' ઉકરડે ગયા. આમ ઉપાડ્યો. ભાઈ! તારે માટે આમ (કર્યું હતું). હેં..! અરે..! મારા પિતા આમ હતા? ઇ હાથમાં ખંજર લઈ અને જેલમાં નાખ્યા હતા ને? તોડવા જાય છે. ત્યાં આને એમ થાય છે કે આટલું કર્યું ને એમાં ખંજર લઈને આવે છે તો શું કરશે? હીરો ચૂસ્યો કે માથું ફોડ્યું, ગમે એમ. પણ અંદરમાં ભય નથી, હોં! ક્ષાયિક સમકિત છે. પંડિતજી! અસ્થિરતાના ભાગને જ્યાં સ્વભાવમાં ખતવતો નથી અને બાહ્યની ક્રિયાને જ્યાં અંતરમાં ખતવતો નથી, એને ભય-ફય છે ક્યાં? કોણે કીધું? નિર્ભય છે. આમ થાય છે ને? થાય છે એ જડની ક્રિયામાં. જરી ભયનો ભાવ આવ્યો એ તો ચારિત્રદોષમાં જાય છે. ઇલાજ કરે એટલે આમ મરવાનો ભાવ કર્યો. હીરો ચૂસ્યો ને? 'શ્રેણિકરાજા'. માથું પછાડ્યું. આ તો ક્ષાયિક સમકિત છે. એ વખતે જરી આમ કાંઈક ડંખ થઈ ગયો. શ્રદ્ધામાં એમ છે કાંઈ? ઇ વસ્તુ જ જ્યાં ભિન્ન પડીને ભાન થયા એ ભિન્નનો ભાવ અને એની ક્રિયા બહારની અજીવમાં રહી જાય, અંદરમાં વિભાવમાં રહી જાય, સ્વભાવમાં એને આવતી નથી. આહાહા..! સમજાણું કાંઈ?

**'ઇસપ્રકાર સમ્યગ્દષ્ટિ સન્દેહ તથા ભયરહિત હોનેસે ઉસકે નિઃશંકિત અંગ હોતા હૈ.'** આ રીતે સમ્યગ્દષ્ટિ ભયરહિત અને શંકારહિત (હોય છે). એને નિઃશંકિત (અંગ હોય છે). આ નિઃશંક અંગની વ્યાખ્યા. સમ્યગ્દર્શનના નિઃશંક કિરણના અંગની આ વ્યાખ્યા. કહો, સમજાણું કાંઈ? સ્પષ્ટ ઘણું કર્યું છે. ઓહો..! વસ્તુ તો આવી છે. આહાહા..! એ નિઃશંકની વ્યાખ્યા થઈ. હવે કાંક્ષાની વ્યાખ્યા કરશે. કાંક્ષા કોને કહેવી? લ્યો! વખત થઈ ગયો.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## પ્રવચન નં. ૭ ગાથા-૨ સોમવાર, જેઠ સુદ ૧૧, તા. ૧૫-૦૬-૧૯૭૦

(સમ્યગ્દર્શનના) આઠ ગુણ અથવા લક્ષણ, એની વ્યાખ્યા ચાલે છે. સમ્યગ્દર્શન એટલે ધર્મની પહેલી શરૂઆત. ધર્મની શરૂઆત એટલે આ આત્મા અનંત શુદ્ધ આનંદ ગુણનો પિંડ છે, એની અંતર્મુખ થઈને વિકલ્પ એટલે રાગના અવલંબન વિના સ્વભાવના અવલંબનથી અનુભવ થઈને પ્રતીત થઈ એનું નામ સમ્યગ્દર્શન-ધર્મની પહેલી સીડી અને એ ધર્મની શરૂઆત ત્યાંથી થાય છે. ત્યાં સુધી અજ્ઞાન જ્યાં છે, રાગ, પુણ્ય-પાપના ભાવ, એના ફળ આ સંયોગ, એની જ્યાં સુધી એને રુચિ છે એને આનંદસ્વરૂપ આત્માની રુચિ ને દૃષ્ટિ નથી. ત્યાં સુધી મિથ્યાદૃષ્ટિ દુઃખની દૃષ્ટિ છે અને દુઃખસાગરમાં ડૂબવા માગે છે. સમજાણું કાંઈ?

એ સમ્યગ્દૃષ્ટિની નિઃશંકતાની વાત આવી ગઈ. આજે નિઃકાંક્ષ (અંગ) છે. ધર્મીજીવ, જેને આત્માના પવિત્ર અનંત સ્વભાવની જ્યાં જ્ઞાન થઈને પ્રતીતિ વર્તે છે એને આત્મા સિવાય રાગ ને રાગના ફળ એની એને વાંછા હોતી નથી. સમજાણું કાંઈ? એને ભગવાન ધર્મ કહે છે. જુઓ!

**'કાંક્ષા અર્થાત્ ભોગોંકી ઇચ્છા-અભિલાષા.'** હૈ. જેને પાંચ ઇન્દ્રિયના વિષયોમાં અભિલાષ છે કે એમાં ઠીક છે, સુખબુદ્ધિ છે, એ કાંક્ષા એટલે મિથ્યાત્વના નિમિત્તે મિથ્યાત્વભાવ છે.

સમજાણું કાંઈ? ભોગની ઇચ્છા. ભગવાનઆત્મા જ્ઞાન ને આનંદની મૂર્તિ છે એને અનુભવવાની ભાવના નથી અને પાંચ ઇન્દ્રિયના વિષયોમાં પ્રેમ વર્તે છે, કાંક્ષા-ઇચ્છા વર્તે છે, એને અહીંયાં કાંક્ષા એટલે મિથ્યાદૃષ્ટિનું લક્ષણ કહે છે. સમજાણું કાંઈ?

કાંક્ષા એટલે ભોગની ઇચ્છા. સમ્યગ્દૃષ્ટિને ભોગની ઇચ્છા હોતી નથી. સમજાણું કાંઈ? ધર્મીજીવને સર્વજ્ઞ પરમેશ્વરે આ આત્મા આનંદમૂર્તિ જોયો, કહ્યો છે, એવી દૃષ્ટિ ધર્મીની થઈ ગઈ છે. એથી પોતાના આનંદની ભાવના સિવાય કોઈપણ ઇન્દ્રના, ઇન્દ્રિયના, ઇન્દ્રના અને ઇન્દ્રિયના ભોગમાં એની રુચિ હોતી નથી. સમજાણું કાંઈ? 'દેવચંદજી'! આહા..હા...!

**'કાંક્ષા નામ ભોગોંકી ઇચ્છા-અભિલાષ. વહાં પૂર્વકાલમેં કિયે ભોગોંકી વાંછા...'** પૂર્વે જે ભોગ કર્યા હોય પાંચ ઇન્દ્રિયના વિષયના, એ ઠીક છે, એમ એની વાંછા રહે એને આત્માના જ્ઞાનાનંદની પ્રતીત અને રુચિ નથી. એને ધર્મની રુચિ નથી. આહાહા..! ભગવાનઆત્માના આનંદસ્વરૂપ પ્રભુ, અતીન્દ્રિય આનંદની મૂર્તિ આત્મા છે, એનો જેને પ્રેમથી રુચિ અને દૃષ્ટિ વર્તી છે, એને ભોગની ઇચ્છા હોતી નથી. પંડિતજી! આહાહા..! ભારે. પૂર્વે ભોગ કર્યા હોય એની વાંછા ન હોય. સમ્યગ્દર્શન આત્માનું ભાન થયું છે એથી પૂર્વે કોઈ મિથ્યાત્વમાં ભોગની વાંછા આદિ થયા હોય એની એને ઇચ્છા હોય નહિ. ઝેર છે, વિષયના સુખ તો ઝેર છે. સમજાય છે કાંઈ? ધર્મની દૃષ્ટિવંતને વિષયના સુખમાં જે કલ્પના છે એમાં સુખબુદ્ધિ હોતી નથી. અજ્ઞાનીને એમાં સુખબુદ્ધિથી પૂર્વના ભોગવ્યાને પણ સ્મરે-યાદ કરે (કે) આ..હા...! ભારે. ઇન્દ્રાણીઓ હતી, દેવીઓ હતી, અપ્સરા જેવી સ્ત્રી રૂપાળી સુંદર હતી, એની સાથે ભોગ લીધા. આહાહા..! મૂઢ જીવને અજ્ઞાનભાવમાં એવા પૂર્વના ભોગવેલા સુખની બુદ્ધિની વાંછા રહે કે ઠીક હતું. એ મિથ્યાદૃષ્ટિનું કર્તવ્ય છે. આહાહા..!

**'તથા ઉન ભોગોંકી મુખ્ય ક્રિયામેં વાંછા...'** (અર્થાત્) આ શરીરની ક્રિયા. થઈ હોય ને. ઇન્દ્રિયથી એની વાંછા ઊંડે રહે, એ અજીવની ક્રિયાની વાંછા. અને ભોગમાં વાંછા સુખપણું જે પૂર્વે કલ્પ્યું હતું, એની વાંછા, બેય અજ્ઞાનભાવ છે. સમજાણું કાંઈ? એને ભગવાન મિથ્યાદૃષ્ટિ કહે છે. એને ધર્મ હોતો નથી.

ધર્મીને પોતાનો આત્મા શુદ્ધ પવિત્ર ને આનંદનું મહાધામ, ખાણ (છે) એવી અંતર દૃષ્ટિ થઈ છે. એ આનંદની આગળ બીજા કોઈ પણ પૂર્વે ભોગ ભોગવ્યા કે વર્તમાન એની ક્રિયા દેહની થઈ, એની એને ઇચ્છા હોતી નથી. સમજાણું કાંઈ?

**'તથા કર્મ ઔર કર્મકે ફલકી વાંછા...'** હોતી નથી. કર્મ બંધાણું એ ઠીક અથવા શુભભાવ મને થયા એ ઠીક અને એના ફળ તરીકે પુણ્ય બંધાશે, એના ફળ તરીકે સંયોગ મળશે, એવી જે વાંછા એ મિથ્યાદૃષ્ટિની વાંછા છે, ધર્મીને એ હોતી નથી. આહાહા..! સમજાય છે કાંઈ?

કહે છે, **'તથા મિથ્યાદૃષ્ટિયોંકે ભોગોંકી પ્રાપ્તિ દેખકર ઉન્હેં અપને મનમેં ભલા જાનના...'** અજ્ઞાની જીવો છે એને કરોડો, અબજો રૂપિયાની સામગ્રી અને બહાર વૈભવ દેખાય, મોટરુંમાં ફરતા (હોય), મોટરું તે દિ' ક્યાં હતી, પણ આ તો અત્યારે થઈ ગઈ ને હવે. તે દિ' ઘોડાગાડીમાં

અને હાથી, હાથી ઉપર ફરતા દેખે. આહાહા..! બહુ સુખી છે. એમ જેના હૃદયમાં એવા અજ્ઞાનીઓના સુખની સામગ્રી અને એની કલ્પનાને ભલી માને એ મિથ્યાદૃષ્ટિ છે, કહે છે. એને જૈનપણાની ખબર નથી. આહાહા..! સમજાણું કાંઈ?

**'મિથ્યાદૃષ્ટિયોંકે ભોગોંકી પ્રાપ્તિ દેખકર...'** ઓહો...! (એને) દિવસની લાખો રૂપિયાની પેદાશ (છે) ને, બહુ સુખી છે, એમ જે મૂઢ માને એ પોતે મૂઢ છે. સમજાણું કાંઈ? એને ધર્મની દૃષ્ટિ અને રુચિ નથી. **'ઉન્હેં અપને મનમેં ભલા જાનના...'** મનમાં ખુશી થાય કે આહાહા..! શું પણ એને સાહ્યબી! ૨૫-૨૫ વર્ષના જુવાન છોકરા, ૨૨, ૨૪, ૨૬, ૨૮, ૩૦, ૩૨ એવા નંબરવાળા. નંબરવાળા એટલે ઓલા શું કહેવાય? આયુષ્યવાળા. આહાહા..! ઠીક છે પણ આ. ધૂળેય ઠીક નથી, સાંભળને. એ તો ઝેરના પીણા પીવે છે. આહાહા..! સમજાય છે કાંઈ?

ધર્મીજીવ તો એને કહીએ કે જેને એવા મિથ્યાદૃષ્ટિના ભોગની પ્રાપ્તિને પણ માનતો નથી, ભલા જાણતો નથી. એમાં ભલાપણું છે ક્યાં પણ? સમજાણું કાંઈ? **'અથવા જો ઇન્દ્રિયોંકો ન રુચે ઐસે વિષયોંમેં ઉદ્વેગ હોના...'** આ લક્ષણ બતાવ્યું. જુઓ! પેલું રાગનું (હતું), હવે દ્વેષનું (કહે છે). પ્રતિકુળતા, જે ઇન્દ્રિયને ઠીક નથી પડતા એવી સૂવા-બેસવાના સાધનો, ખાવા-પીવાના સાધનો એવી પ્રતિકુળતા પ્રત્યે જેને દ્વેષ છે, રુચતું નથી, એને ઇન્દ્રિયના વિષય રુચે છે. કહો, 'સુજાનમલજી'!

મુમુક્ષુ :- ઘણી બારીક વાત છે.

ઉત્તર :- બારીક નહિ, આ વસ્તુ જ એવી છે. બારીક વસ્તુનો સ્વભાવ જ એવો છે. ભાઈ! અહીં તો આત્મા ધર્મી થયો એનું સ્વરૂપ શું છે એ વર્ણવ્યું છે. એનાથી અધર્મીનું સ્વરૂપ આવું હોય એમ વર્ણવે છે. આમ વાત છે. વીતરાગ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવ, એના જ્ઞાનમાં આવ્યું કે આ રીતે જે છે, વાંછાવાળો જીવ, પરમાં સુખબુદ્ધિ (રાખનારો) મિથ્યાદૃષ્ટિ છે. એ ધર્મી છે નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

ઇન્દ્રિયના નહિ રુચે એવા (વિષયો). આમ અગ્નિ અડે ને ઠીક ન લાગે. એનો અર્થ કે વિષયની અનુકૂળ સામગ્રી મળે, સ્પર્શે તો ઠીક લાગે, એમ છે. જેટલો પ્રતિકુળતામાં દ્વેષ છે એટલો અનુકૂળતામાં એને રાગ છે. આહાહા..! એ.. 'મગનભાઈ'! ભારે આકરું આવું કામ. આ 'પંચાધ્યાયી'માંથી. પેલું 'પંચાધ્યાયી'માંથી લીધું છે. ઓલી ગાથા નહોતી? સવારે. ૪૯૫ મી ગાથા છે. પર્યાયબુદ્ધિ. પરમાં આત્મબુદ્ધિ. ... એણે અર્થ કર્યો છે, એ બરાબર લાગ્યો. ... આહા..હા..!

ધર્મીજીવ પોતાનો ભગવાનઆત્મા, જેની દશામાં પંચપરમેષ્ઠી વર્તે છે, જેની શક્તિમાં પરમાત્મા વસે છે. એવો આત્મા જેને અંતર દૃષ્ટિમાં ધર્મીને સમ્યક્ દૃષ્ટિમાં બેઠો, એને નિઃશંકપણે આત્મામાં વર્તે છે. અને જેને એ નિઃશંકતા નથી અને જેને શંકા છે એટલે કે આત્માના સ્વભાવ ઉપર દૃષ્ટિ નથી અને રાગ ને શરીરને જે પોતાના માને છે, એને શંકા છે. એટલે મિથ્યાત્વભાવ છે. શરીર ને રાગને પોતાના માની પરપર્યાયમાં એની પોતાની દૃષ્ટિ હોય છે.

આહા...! સમજાણું કાંઈ? બહુ સરસ અર્થ કર્યો છે. વસ્તુસ્થિતિ જ એવી છે.

અહીં એમ કહ્યું, કે આ શબ્દો પ્રતિકુળ ગાળ આદિ પડે અને ન રુચે તો એણે સમજવું કે એને પ્રશંસા એની રુચે છે. 'દેવચંદજી'! બરાબર હૈ? પંડિતજી! જેને આંખનું કુરૂપ દેખતાં નથી રુચતું એને સુરૂપનો વિષય રુચે છે. જેને કુગંધ-દુર્ગંધ નાકમાં રુચતી નથી, એને સુગંધ રુચે છે. જેટલો પરપદાર્થમાં પ્રતિકૂળતા નથી ગોઠતી એનો (અર્થ કે) એને અનુકૂળતા ગોઠે છે. આહાહા..! સમજાણું કાંઈ? એમ રસ, કડવો ઝેર જેવો રસ અંદર જીભમાં અડે તેટલો જ એને અનુકૂળ શેરડીનો અને કેરીનો રસ હોય છે તે ગોઠે છે એટલે એને વિષયની રુચિ છે. આ કેરીનું ટાણું છે ને, હવે થોડા દિ' પછી. કેરીયું ઊંચી હોય આમ ફર્સ્ટ ક્લાસ રસ (હોય). આહા..! અને પૂરી ઘીમાં તળેલી (હોય). પતરવેલિયાના ભજીયા (હોય), કહે છે, જેને એવું ઝેર આવે ને ન રુચે એને આ બધું રુચે છે, એની વાંછા એને છે. બરાબર છે? એમ સ્પર્શમાં. અગ્નિ ને વીંછી પ્રતિકુળતા (આપે એની) અનરુચિ છે, રુચી નથી, એને એનો અભાવ ને અનુકૂળતાના વિષયો રુચે છે. 'લલીતભાઈ'! કહો, આ સમજાય છે કે નહિ? આવી વાત છે.

**'ઇન્દ્રિયોંકો ન રુચે ઐસે વિષયોંમેં ઉદ્વેગ હોના...'** પાંચ ઇન્દ્રિયો, આ માટી જડ અને ખંડ ખંડ અંદર, એને ન ગોઠે એવા વિષયો (પ્રત્યે ઉદ્વેગ થવો). લાકડી પડે, છરી પડે માથે અને ન ગોઠે તો એનો અર્થ કે એને અનુકૂળતા માખણ ચોપડે તો ગોઠે છે. સમજાણું કાંઈ? વીતરાગનો માર્ગ આવો છે, ભાઈ! વીતરાગના માર્ગને સમજવો હજી એને મહામુશ્કેલ પડે, ઇ રુચિ કરીને પરિણમાવે કે દિ'? સમજાણું કાંઈ?

ત્યારે કોઈ કહે કે, સમ્યગ્દષ્ટિ તો પરણે છે ને? તીર્થંકર જેવા છન્નું હજાર સ્ત્રીને પરણ્યા. ત્રણ જ્ઞાન હતા, ક્ષાયિક સમકિત હતું. શું એને અભિલાષા નહિ હોય? અહીં તો એની વાંછાને તો મિથ્યાત્વભાવ કહ્યો. એ વાંછાની વાંછા છે જ નહિ. ઇચ્છાની ઇચ્છા જ્ઞાનીને (હોતી) નથી. આહાહા..! ઇચ્છાને ઝેર તરીકે દેખે છે. સમજાણું? એને જ્ઞેય તરીકે જ્ઞાનમાં જાણે છે. એમાં મને ઠીક પડશે એવી ભાવના સમકિતીને એવી ઇચ્છા હોતી નથી. આહાહા..! અરે..! ભારે વાત, ભાઈ! લગ્ન કરે અને ઠીક પડશે એમ નહિ માને, એમ કહે છે. સમજાણું કે નહિ? બૈરા થશે તો વિષય થશે. આમ ખાવા-પીવાનું સાધન બનશે એવી ઇચ્છા સમકિતીને હોતી નથી. આહાહા..! કેમકે બાહ્ય સાધનો અને બાહ્ય સાધન પ્રત્યેનો થતો રાગ, બેય વિભાવ અને વિભાવની ક્રિયા, એને કાંઈક ઠીક માને તો આત્માનો સ્વભાવ ઠીક છે એમ એને રુચ્યો નથી. 'વજુભાઈ'! આહા..હા...!

કહે છે, બાપુ! સમ્યગ્દર્શન એટલે શું ચીજ? અને મિથ્યાદર્શન એટલે એના શું દોષો? સમ્યગ્દર્શનમાં શું ગુણ? અને મિથ્યાત્વમાં શું દોષ? એની વ્યાખ્યા ચાલે છે. સમજાણું કાંઈ? આહા..! ઇન્દ્રિયના નહિ રુચે એવા વિષયને વિષે દ્વેષ હોવો. ઉદ્વેગ એટલે (દ્વેષ). એનો અર્થ કે એનાથી વિરુદ્ધની અનુકૂળતા એને ગમે છે. સમજાય છે કાંઈ? આહાહા..! ગજબ વાત છે. વીતરાગની શૈલી તો જુઓ! એને વીંછી કરડે એ ન ગોઠે, ઉદ્વેગ થાય તો એને ઠેકાણે વિષયની

અનુકૂળતા કોઈક આપે, માખણ ચોપડે, ઇ ઠીક લાગે. ઇ તો વિષયની ઇચ્છા થઈ ગઈ. 'દેવચંદજી'! આવું ઝીણું તત્ત્વ હશે? આહાહા..! ભગવાન સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથ તીર્થંકરની ધર્મની સ્થિતિ તો આ છે. લોકો પોતાની કલ્પનાએ માની બેસે એ કંઈ વીતરાગના માર્ગનું તત્ત્વ છે નહિ. આહાહા..! કહો, સમજાય છે કાંઈ?

**'યહ ભોગાભિલાષ મિથ્યાત્વકર્મકે ઉદયસે હોતા હૈ,...'** ગોઠવ્યું છે કેવું! આ પ્રકાર જે કીધા, એવી જે અભિલાષ મિથ્યાત્વના કર્મના નિમિત્તે પોતામાં થાય (છે). આહાહા..! સમજાણું કાંઈ? મિથ્યાત્વકર્મનો ઉદય એટલે? એ તો નિમિત્ત છે. પણ અહીં મિથ્યાત્વભાવ થાય છે એ કર્મનું નિમિત્ત છે એના લક્ષે આ થાય (છે). એને આત્માનું લક્ષ નથી. અરે...! આવો માર્ગ હજી સમજવા માગે નહિ અને સાંભળવા મળે નહિ, એ રુચે કે દિ'? આહાહા..! જન્મ-મરણના અંત ક્યારે આવે એને? સમજાણું કાંઈ? **'ઔર જિસકે યહ ન હો...'** લ્યો. આ જેને ન હોય. **'વહ નિઃકાંક્ષિત અંગયુક્ત સમ્યગ્દષ્ટિ હોતા હૈ.'** સમજાય છે કાંઈ?

**'વહ સમ્યગ્દષ્ટિ યદ્યપિ શુભક્રિયા-વ્રતાદિક આચરણ કરતા હૈ...'** હવે આવ્યું કે શુભભાવની પણ વાંછા નથી તો વ્રતાદિકની ક્રિયામાં શુભભાવ થાય એ તો કરે છે. એ વાત લીધી, જોયું? અશુભનું ન લીધું. શુભક્રિયા વ્રત આદિ, ભક્તિ આદિ, પૂજા આદિમાં શુભભાવ છે, એવું તો આચરણ સમકિતીને (હોય છે), શુભભાવ આવે છે. **'ઔર ઉસકા ફલ શુભકર્મબન્ધ હૈ,...'** વ્રતનો ભાવ, અહિંસાનો, સત્ય, દત્તનો, સત્‌નો ભાવ, ભગવાનનું નામ સ્મરણ કરવું વગેરે, અપવાસનો ભાવ વગેરે શુભભાવ અને એ શુભભાવનું ફળ તો પુણ્યબંધ છે. સમજાય છે? **'કિન્તુ ઉસકી વહ વાંછા નહીં કરતા.'** એને ધર્મી વાંછતો નથી. આહાહા..! ભારે વાત, ભાઈ! એ વ્રતનો ભાવ હોય છતાં વાંછતો નથી અને વ્રતના ફળ તરીકેનું પુણ્ય બંધાય, થાય એની પણ એને વાંછા નથી. આનું નામ ભગવાને સમ્યગ્દષ્ટિનો ધર્મ કહ્યો છે. સ્વરૂપ તે આ. પાછી ભાષા જુઓ!

**'વ્રતાદિકકો સ્વરૂપકા સાધક જાનકર ઉનકા આચરણ કરતા હૈ,...'** એવું નિમિત્તપણું પાંચમા કે છઠ્ઠે ગુણસ્થાને રાગની મંદતાનો ભાવ નિમિત્ત તરીકે, વ્યવહાર સાધક તરીકે કહેવામાં આવે છે. ખરેખર સાધક નથી, એની વાંછા નથી. એ સાધન છે નહિ. આહાહા..! સમજાણું કાંઈ? વ્રતાદિક ભક્તિ આદિના પરિણામને સ્વરૂપના સાધક એટલે વ્યવહાર નિમિત્ત તરીકે જાણી એને આચરે. આચરે એટલે હોય છે. વ્યવહારનયથી આચરે એમ કહેવામાં આવે છે.

**'કર્મકે ફલકી વાંછા નહીં કરતા.'** પણ એના ફળ મને મળજો, પુણ્ય બંધાજો, એનો સંયોગ (મળજો), એવી વાંછા ધર્મીને હોતી નથી. એ નિઃકાંક્ષિત અંગ કહ્યું, લ્યો! બીજો બોલ થયો. સમ્યગ્દષ્ટિનો બીજો (બોલ). સૂર્યનું જેમ હજાર કિરણ જેમ હોય એમ સમ્યગ્દર્શનનું આ બીજું કિરણ (છે). આઠ કિરણ માહ્યલું બીજું કિરણ (છે). લક્ષણ કહો, આચરણ કહો, ચિહ્ન કહો, એ જાતનો એ પર્યાયનો ગુણ કહો. એ સમ્યગ્દર્શનનો નિઃકાંક્ષ (ગુણ છે). આહા..હા..!

ધર્મી તો રાગની વાંછાથી મરી ગયેલા હોય છે, એમ કહે છે. સમજાણું કાંઈ? જેમ આયુષ્ય પૂરું થાય ને દેહ છૂટી જાય, એમ રાગની વાંછા જેની મરી ગઈ છે. આ તે વાત! એ ઇચ્છા હોવા

છતાં મરી ગઈ છે, કહે છે. એની રુચિ હોતી નથી. આહા..! રાગની જેને રુચિ છે એને રાગરહિત ભગવાનઆત્મા શુદ્ધ ચિદાનંદની રુચિ છે નહિ. સમજાણું કાંઈ? કહે છે, જેને પોતાની નિંદા સાંભળવી ગોઠતી નથી, એને એની પ્રશંસા ગોઠે છે અંદર. ભારે વાત છે! હેં? ભગવાનઆત્મા જ્ઞાતા-દૃષ્ટા આનંદસ્વરૂપ છે, એની જેને રુચિ અને દૃષ્ટિનો અનુભવ થયો, એને નિંદા અને પ્રશંસા બેય જ્ઞાતા તરીકે, જ્ઞેય તરીકે જાણે છે. સમજાણું કાંઈ? અજ્ઞાનીને એ નિંદા ન ગોઠે, એનું હિનપણું જો કહો તો ન ગોઠે. એનો અર્થ કે એનું અધિકપણું અને પ્રશંસા કરે તો એને ગોઠે છે. સમજાણું કાંઈ? એ મિથ્યાત્વનું લક્ષણ છે. એ સમ્યગ્દૃષ્ટિનું લક્ષણ નથી. આહાહા..! ભારે! એ નિઃકાંક્ષ અંગની બીજી વ્યાખ્યા (થઈ). બીજા અંગની થઈ. પહેલી નિઃશંકની કીધી, બીજી નિઃકાંક્ષની કીધી. હવે ત્રીજો ગુણ. સમ્યગ્દૃષ્ટિ-ધર્મીનો ચોથે ગુણસ્થાને (આ ગુણ) છે, હોં! શ્રાવકનું પાંચમું ગુણસ્થાન. ઇ તો પણ આવું હોય પછી એની ઊંચી દશા થાય. આ વાડાના શ્રાવક એ શ્રાવક નથી કાંઈ. એ તો કોથળીમાં કડુ કરિયાતા ભર્યા હોય અને ઉપર લખે સાકર, એવું છે આ તો. સમજાણું કાંઈ? અરે..! ભારે વાત, ભાઈ!

હવે ત્રીજો બોલ, નિર્વિચિકિત્સા. સમ્યગ્દૃષ્ટિનો દુગંછા રહિતનો એક ત્રીજો ગુણ છે. એના વિરૂદ્ધનું વિચિકિત્સા છે. **'અપનેમેં અપને ગુણકી મહત્તાકી બુદ્ધિસે અપનેકો શ્રેષ્ઠ માનકર...'** આહાહા..! કંઈક શરીર સુંદર હોય, કંઠમાં કંઈક જરી ઝીણપ અને ઊંચો હોય, તાર જેવો વાગતો હોય, ઘંટડી જેવો, શરીરની નમણાઈ હોય, બહારની સામગ્રી, નોકરો-ચાકરો આદિ બધા ઠીક હોય, એને લઈને **'અપને ગુણકી મહત્તાકી બુદ્ધિસે અપનેકો શ્રેષ્ઠ માનકર પરમેં હીનતાકી બુદ્ધિ હો...'** આ શું બિચારા પામર પ્રાણી. જેને આબરૂ પણ નથી, જેને બુદ્ધિ પણ નથી, જેને હામ, દામ ને ઠામ પણ નથી. આહાહા..! એમ જે અજ્ઞાની પોતાની અધિકતા દેખીને, બીજાની હિનતા દેખીને દ્વેષ કરે છે, એ મિથ્યાદૃષ્ટિ છે. બરાબર છે?

**'અપનેમેં અપને ગુણકી મહત્તાકી બુદ્ધિસે...'** અંદરમાં જો ગુણ સાચો હોય તો.. આ તો એક બહારમાં સામગ્રી આદિ પુણ્યના ફળ, એમાં **'અપનેકો શ્રેષ્ઠ માનકર પરમેં હીનતાકી બુદ્ધિ હો...'** શું આ પામર પ્રાણી બિચારા. બોલતા પણ નથી આવડતું, ખાતા-પીતાં પણ નથી આવડતું, ખાવા-પીવાના સાધન પણ બિચારાને નથી. એમ બીજાને આવી હલકાવાળાને હલકી બુદ્ધિએ દેખે અને પોતાની અધિક બુદ્ધિએ પોતાને ભાખે. પુણ્યની સામગ્રી ને આ. મૂઢ છે, કહે છે. સમજાણું કાંઈ? આહાહા..! એ તો બધી કર્મની સામગ્રી છે. એમાં મોટપ ક્યાં આવી ને એમાં ભલપ ક્યાં આવી? કર્મની સામગ્રી હિણી આવી એમાં દોષ ક્યાં આવ્યો? સમજાણું કાંઈ? બહારની સામગ્રી અનુકૂળ (હોય) એમાં ગુણ ક્યાં આવ્યો? અને પ્રતિકુળતા હોય એમાં દોષ ક્યાં આવ્યો? સમજાણું કાંઈ? **'યહ જિસકે ન હો સો નિર્વિચિકિત્સા અંગયુક્ત સમ્યગ્દૃષ્ટિ હોતા હૈ.'** આવી બુદ્ધિ ન હોય એને નિર્વિચિકિત્સા, દુગંછારહિતનો સમભાવ સમ્યગ્દૃષ્ટિને હોય છે. આહાહા..!

મુમુક્ષુ :-

ઉત્તર :- હોય જ. ... ઠીક કહે છે. ... સમકિતનું અંગ છે ને. એ હોય તો કીધું છે ને? ભાઈ! ... 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં છેલ્લે. ... છે ને? હોય જ આવું. ... ફેર પડે તો વસ્તુ ક્યાં રહી? પુણ્ય-પાપના ભાવો, જે બાહ્ય કર્મની સામગ્રી છે એથી એ હિણો છે અને કર્મની સામગ્રી મને અનુકૂળ (છે) માટે અધિક છે, એ તો જડની બુદ્ધિ છે. જડથી અધિક છું, એમ માન્યું અને જડથી હિણો છું એમ માન્યું. એય..!

વાંદરાના આઠ અંગની વાર્તા નહોતી? ... માણસના અંગ જેવા વાંદરાના અંગ હોય નહિ, એમ વાત છે. એમ છે ને? 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં છેલ્લે.. છેલ્લે (આવે છે). અહીં તો આ તો હોય જ નહિ. આ તો મૂળમાં જાત છે આ તો કોઈ સહેજ પ્રભાવના આદિમાં મંદતાથી દેખાય તો પણ સમ્યક્દૃષ્ટિની દૃષ્ટિ જતી નથી, એમ. સમજાણું કાંઈ? ઇ આવે ત્યારે વાત.

મુમુક્ષુ :- હોય જ.

ઉત્તર :- હોય જ. આહા..! કારણ કે પહેલામાં નિઃશંકતા અખંડતા બતાવી. બીજામાં પરની ઇચ્છા વિનાનો ભાવ, પરની ઇચ્છા ન હોય એ બતાવ્યું અને ત્રીજામાં પરની દ્વેષતા ન હોય એમ બતાવ્યું. બીજામાં પરમાં રાગ ન હોય એ બતાવ્યું, ત્રીજામાં પરમાં દ્વેષ ન હોય એ બતાવ્યું. વસ્તુની સ્થિતિ આવી છે, એવી વર્ણવી છે. સમજાણું કાંઈ?

**'ઉસકે ચિહ્ન ઐસે હૈં કિ-યદિ કોઈ પુરુષ પાપકે ઉદયસે દુઃખી હો,...'** હવે ખુલાસો કરે છે. પૂર્વના પાપને લઈને પ્રતિકુળતા હોય. પાંચ રૂપિયાનો પગાર પણ મળતો ન હોય. શરીર પણ કાળું હોય, બોલતા પણ એં..એં.. કાગડા જેવી ભાષા હોય. દુઃખી હોય. **'અસાતાકે ઉદયસે ગ્લાનિયુક્ત શરીર હો...'** શરીરમાં રોગ વકરતો હોય. જલંધર. એમ કરીને પણ બફમ કરતો... એ તો બહારની સામગ્રી છે. ધમધોકાર ચાલે. એવી સામગ્રીના જેને અભિમાન છે અને એની સામગ્રીનો અભાવ (હોય) એની જેને ગ્લાનિ છે, એ સમકિતીનું લક્ષણ નહિ. સમજાણું કાંઈ? ગ્લાનિયુક્ત શરીર હોય. સમજાય છે? એવું શરીર (હોય) કે રોગથી (ગ્રસિત હોય). સાતમી નરકના નારકીનું કેવું શરીર છે? દસ માણસ આવી ન દેખે - નહિ. નારકી નારકી દેખે. સમકિતી જે નારકી છે એને તો બધાને બહારમાં સરખું છે. સમજાણું કાંઈ?

એવી કર્મના નિમિત્તની સામગ્રીની હિણપ છે, એમાં આત્માની હિણપ શું આવી? આત્મામાં ઓછપ શું આવી? બહારની સામગ્રીની ઓછપે આત્માની ઓછપ શું આવી? બહારની સામગ્રીની ઓછપે આત્માને હિણો કલ્પે એ મૂઢ છે, મિથ્યાદૃષ્ટિ છે, એની વિપરીત સલાહ માનવી દોષ છે, એમ કહે છે. એ સમકિતીને જુગુપ્સા એવો ભાવ હોતો નથી. આહાહા..! ભારે!

**'અસાતાકે ઉદયસે ગ્લાનિયુક્ત શરીર હો...'** શરીર એવું હોય, કાળુકૂબડું હોય, શીતળા નીકળ્યા હોય તો આમ થાય. નાક એવું હોય, કાનબાન બધા તૂટલા ફૂટલા હોય. સમજાણું કાંઈ? કહે છે, **'ઉસમેં ગ્લાનિબુદ્ધિ નહીં કરતા. ઐસી બુદ્ધિ નહીં કરતા કિ-મૈં સંપદાવાન હૂં,...'** દેખો! આહાહા..! મારે તો પાંચ ઇન્દ્રિય ને શરીર અને સામગ્રી કેવી! હુકમ કરે ત્યાં હાજર, માણસો. આને બિચારાને ઉં.. ઉં.. કર્યા કરે, પાણી પીવું છે, પાણી પીવું છે. તોય કોઈ સાંભળતું નથી. એ

તો બહારની સામગ્રી છે, એને લઈને શું છે? આત્મજન્ય જે સંપદા છે એ સિવાયની કર્મની સંપદાથી જે કંઈ અંતર ને બાહ્ય સામગ્રી આવે એનાથી બીજાને હિણો માને એ વાત સાચી છે નહિ, એમ કહે છે. સેઠી! આ તો સમજાય એવું છે. જુઓ! શું કહે છે?

**'ऐसी बुद्धि नहीं करता कि-मैं संपदावान हूं...'** પાંચ-પાંચ, દસ-દસ કરોડ રૂપિયા મારી પાસે છે અને પાંચ-પાંચ લાખની પેદાશ, દસ-દસ લાખની તો પેદાશ છે. શું છે પણ હવે એમાં? ધૂળમાં આવ્યું શું પણ એમાં તારે? સમજાણું કાંઈ? અમે તો શેર બજારમાં જઈએ તો પાંચ હજાર એક-એક દિ'માં રળી આવીએ. તમારા ગજા છે ઇ? એય...! સટ્ટા.. સટ્ટા. તમારે નહોતું? 'લક્ષ્મીચંદભાઈ'એ કર્યું હતું. (સંવત) ૧૯૯૦માં. 'મુંબઈ'. બેઠા હતા ન્યાં. જા! આમ કર્યું ત્યાં ત્રણ હજાર પેદા કર્યા. ત્રણ હજાર કે એવું કાંઈક હતું. એવું સાંભળ્યું હતું. જાવ! ત્રણ હજાર, લ્યો. આહાહા..! 'લક્ષ્મીચંદ પીતાંબર' હતો. ત્યાં બેઠા હતા. મારે તો જાવું હતું, 'મુંબઈ'. એ પણ અભિમાન (કરે કે) આ ભાવ કરજો. ન્યાં જઈને ઇ ભાઈએ કર્યું તો ત્રણ હજાર પેદા થયા. ત્રણ હજાર શું ત્રણ લાખ પેદા કરે. એય...! આ 'જયંતિભાઈ'ના ભાણેજ છે, કોઈક, કામદાર. દસ રૂપિયા છે, સાડા બાર લાખ આવ્યા, લોટરીમાં. આમ ને આમ. બે મહિના પહેલા. એણે કીધું, આપણને ક્યાં ખબર હોય? કહે, એના શબ્દો હોય. ઇ કાલે કહેતા હતા. દસ રૂપિયાની લોટરી. આપણને .... કોઈક હશે. લોટરીમાં દસ રૂપિયા ભર્યા હશે તો સાડા બાર લાખ (આવ્યા). આહાહા..! શું છે પણ એમાં? ધૂળમાં શું થયું પણ હવે? સાડા બાર લાખ આવ્યા તો એમાં રાજી થયો શેનો? ધૂળ મળી એમાં રાજી? અને એવું માંગે ને બિચારાને રોટલા મળે નહિ માટે હિન છે, એમ નથી, ભાઈ! બહારની સંપદાથી અધિક અને હિણપ-ઓછું છે, એમ છે નહિ. આહાહા..! 'દેવચંદજી'! આવું આત્મદેવનું સ્વરૂપ છે, કહે છે.

**'सुन्दर शरीरवाला हूं,...'** નમણાઈ જુઓ તો એક એક અંગ, એકે એક અંગ સારા. **'यह दीन, रंक मेरी बराबरी नहीं कर सकता.'** દાંત પડી ગયેલા, આંખ એક ફૂટલી હોય, નાક અહીં તૂટી ગયેલું હોય, કાન તૂટી ગયા હોય, બૂટી-બૂટી (હોય). આ બિચારા શું અમારી સાથે બેસી શકે? અમારી હોડમાં રહી શકે ઇ? શું છે પણ તારે હવે? 'પ્રવીણભાઈ'! તમારા ભાઈ ન્યાં બહુ પેદા કરે છે. દસ-દસ, વીસ-વીસ લાખ રૂપિયાની મૂડી, વીસ-વીસ લાખની પેદાશ કરે છે. ધૂળમાંય નથી, હવે એમાં છે શું પણ? સમજાણું કાંઈ? પોતાનું લેશે પાછું, જુઓ! અમારે કર્મનો ઉદય આવે તો અમારે પણ થઈ જાય, એ તો બહારની સામગ્રી છે. એમાં આત્માને શું? સમજાણું કાંઈ? જુઓ!

**'यह दीन, रंक मेरी बराबरी नहीं कर सकता.'** અમારી સાથે ઇ બેસી શકે નહિ, અમારી સાથે ઊભો રહી શકે નહિ. એટલા અમારા પુણ્ય છે, શરીરની સુંદરતા ને વાણીની અનુકૂળતા, નોકર કેટલાય, બધાની અનુકૂળતા (છે). સેઠી! 'નરેન્દ્રભાઈ' જેવા દીકરા. આને તો દીકરો પણ નથી, વાંઝિયા, કાંઈ બોલવાના પુણ્યના પણ ઠેકાણા નથી, માટે દીન છે એમ નથી, કહે છે. બહારની સામગ્રી હિણી માટે દોષવાળો છે અને બાહ્ય સામગ્રી વધારે માટે હું અધિક છું. એ

મિથ્યાદૃષ્ટિનું લક્ષણ છે. સમજાણું કાંઈ?

જુઓ. '**ઊલટા ઐસા વિચાર કરતા હૈ...**' જુઓ! હવે. '**પ્રાણિયોંકે કર્મોદયસે અનેક વિચિત્ર અવસ્થાએં હોતી હૈં.**' પરદ્રવ્યના કારણે. અહીં તો સ્વદ્રવ્યને ભૂલીને વાત ચાલે છે ને? વિચિકિત્સા જે અજ્ઞાનીને થાય ઇ. પરદ્રવ્યને કારણે વિચિત્ર અનેક અવસ્થા તો હોય છે. એમાં આત્માને શું દોષ અને અધિકતા આવી? '**જબ મેરે ઐસે કર્મકા ઉદય આવે તબ મૈં ભી ઐસા હી હો જાઉં.**' થઈ જાય. હું પણ એટલે? વાણી કરી શું કરે? સમજાવવું હોય તો. આત્મા એવો થાય છે? પણ એને બહારની સામગ્રી એવી આવે. એમાં એથી હિણપ શું છે? અને અનુકૂળતામાં અધિકતા શું છે? 'મગનભાઈ'! સટ્ટામાં હમણા સરખાઈ છે, મોટા જબરા...

એક ફેરી જોવા ગયા હતા. ઘણા વખતની વાત છે. ... શું તમારો કેવો? કોલાબા. 'મુંબઈ.. મુંબઈ'. કોલાબા. સટ્ટો (ચાલતો). રૂનો મોટો મારવાડી (વેપારી). રાડે રાડ પાડતા હતા. જોવા તો જઈએ, કીધું. શું છે ન્યાં? દરિયાને કાંઠે છે ને? તારની જ્યાં મોટી ઑફિસ છે. વિલાયતી તાર આવે. ધમાધમ ઊડાવે બધા. કીધું, આ શું કરે છે? પેલો તો જાણે.. ઓ..હો..હો..! દીધી, લીધી, ફલાણું, ઢીકણું.. એ તો તમારે ગાંડા જોઈ લ્યો. હોય, પચીસ-પચાસ લાખના આસામી, હોં! મોટા મારવાડી દેખાય સાધારણ. શું છે પણ હવે? ધૂળ છે સાંભળને. એથી કરીને અધિક શું થયું? અને પુણ્યનો યોગ ન હોય અને પ્રતિકુળતા હોય તો એમાં હિણપ, આત્માને દોષ શું આવ્યો? આ વસ્તુ છે, દૃષ્ટિની, અહીં તો સમ્યગ્દૃષ્ટિની વ્યાખ્યા ચાલે છે.

ધર્મી જ્યાં પહેલે શરૂઆતનો થયો, એની દૃષ્ટિમાં બહારની સામગ્રીની હિણપ અને અધિકતા માનતો નથી. આહાહા..! '**જબ મેરે ઐસે કર્મકા ઉદય આવે તબ મૈં ભી ઐસા હી હો જાઉં.**' પણ મૈં ભી, એમ કેમ કહ્યું? એય..! 'દિલીપ'! આત્મા એવો થઈ જાય?

મુમુક્ષુ :- ના, આત્મા ન થાય, પણ આ વ્યવહારથી કથન લીધું છે.

ઉત્તર :- વ્યવહારથી કથન લીધું છે? જુઓ! વ્યવહારથી સમજાવવું હોય તો શી રીતે સમજાવવું એને? મારી પાસે અત્યારે આવી સામગ્રી નથી. તેથી અનુકૂળતા છે. આવો કર્મનો ઉદય છે. હિતની અવસ્થા પણ આવી જાય નજીકમાં. એમ લેવાય. સમજાવાની ભાષા જુદી પડી જાય. સમજાણું કાંઈ? એને લઈને હિણપ છું ને એને લઈને અધિક છું (એમ છે નહિ).

ભગવાનઆત્મા અનંત અનંત ગુણે બિરાજમાન પાંચ પદનું જેમાં-સ્વરૂપમાં ધામ છે. એવો ભગવાન જ્યાં મારી પાસે છે એની પાસે બહારની કિંમત છે નહિ. ઇન્દ્રનું પદ મળે તોય અધિક નથી. અને કદાચિત્ કોઈ પૂર્વનું આયુષ્ય નરકમાં બંધાઈ ગયું અને નરકમાં ગયો તોય હિણો નથી. આજે આવ્યું નહોતું? ભજનમાં આવ્યું હતું. સમકિતી નરકમાં જાય તોપણ (સુખી છે). મિથ્યાદૃષ્ટિ સ્વર્ગમાં જાય તોય દુઃખી છે. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- હજી આ સ્વીકાર્યું...

ઉત્તર :- નક્કી કર્યું જ નથી. સ્વીકાર્યું છે ક્યાં? ઇ તો બહારની ધારણા તરીકે (છે). 'ચંદુભાઈ'! અંતરમાં દૃષ્ટિ થઈને એ રૂપે થઈ જવું, એ રૂપે થઈ જવું. થઈ જાય ક્યારે? કે

પરિણમન થાય ત્યારે એ રૂપે થઈ જવું. સમજાણું કાંઈ? ખ્યાલમાં વાત આવે પણ એ રૂપે થયો નથી. તેથી એને આવું થયા વિના રહે નહિ. આવી વાત છે. ભારે માર્ગ, ભાઈ!

બસ! સમ્યગ્દષ્ટિ થયો એટલે પછી શું રાજપાટમાં નહિ રહેતો હોય? રહેતો જ નથી, સાંભળને. એને રાગ આવે તો એ રાગમાં નથી રહ્યો, તો ઇ રાજપાટ તો ક્યાંય રહી ગયા. સાંભળને. ભગવાનઆત્મા અનંત ગુણનું ધામ, આનંદની મૂર્તિ (છે) એવી જ્યાં દૃષ્ટિ થઈ એમાં ઇ છે. રાગમાં નથી, વ્યવહારમાં નથી અને પરમાં છે નહિ. સમજાણું કાંઈ? છતાં લગ્નમાં દેખાય, બોલવામાં એમ બોલે, આ મારી ઘરની ધણિયાણી છે, ઘરનું માણસ છે. એમ બોલે, લ્યો. હરામ અંદર ઘરનું માણસ માનતો હોય તો. અરે.. અરે...! એય..! અમારા ઘરના તો આનંદ ને શાંતિની પ્રજા છે. અમારા ઘરમાં બીજું છે નહિ. કહો, 'મલૂકચંદભાઈ'!

મુમુક્ષુ :-

ઉત્તર :- ઉઠી ગઈ બધી. ભગવાનઆત્મા શુદ્ધ આનંદનું ધામ પ્રભુ, એના ઉપર દૃષ્ટિ થઈ એટલે બધી ...

મુમુક્ષુ :-

ઉત્તર :- .. ઇ છે એમ દેખે છે. આ છે, એમ. બીજું શું? તું ક્યાં ઇ આત્મા થઈ ગયો? ને અધિક વધ્યું તો અધિક ક્યાં થઈ ગયો ઇ?

ઇ ત્રીજો બોલ થયો. નિઃશંક, નિઃકાંક્ષ, નિર્વિચિકિત્સા. સમકિતના આઠ ગુણો, લક્ષણો, આચરણ. એના ત્રણની વ્યાખ્યા થઈ. આરે.. આરે...! આ તો ભારે ઝીણું છે. **'ઐસે વિચારસે નિર્વિચિકિત્સા અંગ હોતા હૈ.'** લ્યો. આવા વિચારને લઈને ધર્મીને પરની હિનતા, દુઃખ ને ગ્લાની આવતી નથી અથવા એને હીન, પામર દેખતો નથી. એની પ્રભુતાનું ભાન સમ્યગ્દષ્ટિને હોય. મુનિ હોય લ્યો. અને બહારમાં સામગ્રી આવી સાધારણ હોય તોપણ એને પ્રભુ દેખે છે. ઓહોહો..! ધન્ય અવતાર તારા! સમજાય છે કાંઈ? એ પરદ્રવ્યના સામગ્રીના સંયોગમાં હિનાધિકપણું માનતો નથી. પોતા માટે પણ માનતો નથી અને પર માટે પણ માનતો નથી. આહાહા..! એ વાત નથી, એ તો વસ્તુનું સ્વરૂપ છે. 'દેવચંદજી'! આહાહા..!

ચોથો બોલ. અમૂઢદૃષ્ટિ. સમ્યગ્દષ્ટિ અમૂઢ હોય છે. કોઈપણ ભાવમાં મૂંઝાતો નથી. **'અતત્ત્વમેં તત્ત્વપનેકા શ્રદ્ધાન સો મૂઢદૃષ્ટિ હૈ.'** અતત્ત્વમાં તત્ત્વપણું, સત્ય નથી તેમાં અસત્યપણું, અસત્યપણું છે તેમાં સત્યપણું માનવું એ મૂઢ દૃષ્ટિ છે. **'ઐસી મૂઢદૃષ્ટિ જિસકે ન હો સો અમૂઢદૃષ્ટિ હૈ.'** એ મૂઢપણું નથી એવો સમ્યગ્દષ્ટિ તે અમૂઢદૃષ્ટિ છે. **'મિથ્યાદૃષ્ટિયોં દ્વારા મિથ્યા હેતુ...'** હવે ન્યાય આપે છે. અજ્ઞાનીના આત્માને માનવાના કોઈ ખોટા હેતુ હોય, છ દ્રવ્યને ઊડાડવાના, એક જ દ્રવ્યને માનવાના અથવા આત્મા ને પુદ્‌ગલ બેને માનવાના વગેરે. કે પર્યાય વિનાનો માનવામાં, એકલો પર્યાયવાળો માનવામાં. એવા મિથ્યાદૃષ્ટિના ખોટા હેતુ **'એવં મિથ્યા દૃષ્ટાંતમેં સાધિત પદાર્થ હૈ વહ સમ્યગ્દષ્ટિકો પ્રીતિ ઉત્પન્ન નહીં કરતા હૈં...'** કોઈ અજ્ઞાનીએ, એકાંત વીતરાગે કહેલા તત્ત્વો સિવાય કુયુક્તિથી સિદ્ધ કરે. આ વેદાંત (કહે એમ).

જુઓ! આમ જ છે. નામ, રૂપ ને... શું કહે છે? આ બધા નામ રૂપ છે, વસ્તુ ક્યાં છે? એમ કહે. શું કીધું? ત્રીજો બોલ કહે છે. નામ, રૂપ ને? અસ્તિ, ભાતિ ને ક્રિયા છે ને? છે-અસ્તિ, ભાતિ-જ્ઞાન, અસ્તિ શ્રદ્ધા. એમ કરીને આ બધું છે પણ એ બધું નામ, રૂપ છે. સમજ્યા ને? ત્રીજો બોલ છે કાંઈક. ભૂલી ગયા. એય...! શું છે નામ...? એ બધા નામ, રૂપ છે, બાકી વસ્તુ છે નહિ. એ વસ્તુ તો એકલી ચિદાનંદ સ્વરૂપ છે. એમ ખોટી યુક્તિથી સિદ્ધ કરવા જાય તો જ્ઞાની સમ્યગ્દષ્ટિને તેનાથી કાંઈ શંકા પડતી નથી. એમાં મૂંઝાતો નથી. '**પ્રીતિ ઉત્પન્ન નહીં કરાતે હૈં...**' ઓહોહો..! ભારે વાત કહી છે આણે, (એમ પ્રીતિ ન થાય). સમજાણું?

'**લૌકિક રૂઢિ અનેક પ્રકારકી હૈ, વહ નિઃસાર હૈ, નિઃસાર પુરુષોં દ્વારા હી ઉસકા આચરણ હોતા હૈ, જો અનિષ્ટ ફલ દેનેવાલી હૈ...**' આ પીપળે પાણી નાખવાના.. શું કહેવાય આ? શ્રાદ્ધ.. શ્રાદ્ધ. શ્રાદ્ધ નાખવા ને ઇ બધી ક્રિયા લૌકિક રૂઢિ. એમાં ધૂળમાંય કાંઈ નથી, કહે છે. અને અજ્ઞાની એમાં એવું માને. લોકમાં પ્રચલિત થઈ ગયું તો એણે માન્યું. થઈ રહ્યું, જાઓ. સમજાણું? આ માને છે ને? કોઈ વ્યંતરીને, કોઈ વ્યંતરને, કોઈ બળદને. તમારા છે ને બળદ? બળદ નથી બહાર? દેવ. એને પણ ખબર નથી. એણે મને કીધેલું. એને ખબર નથી. ન્યાં બહાર નથી કોઈક પેલાની આસપાસ કોઈ બળદ? દેરી એવું છે એનું ખાતું.

મુમુક્ષુ :-

ઉત્તર :- એનું ક્યાં અહીં કામ છે? અહીં છે કે નહિ કાંઈક? એટલું તમે કહ્યું. અહીં મને ક્યાં ખબર જ છે. એને પણ યાદ નથી. બળદ. દેવ તરીકે એને માનવા જાય. બળદ છે ને પ્રજા કેવી થાય. ગાયથી આ થાય ને આ થાય.

મુમુક્ષુ :- ગાયને માતા માને.

ઉત્તર :- ગાયને માતા માને. પૂંછડામાં દેવ માને. ગાયના પૂંછડામાં તેંત્રીસ.. કેટલા કાંઈક તેંત્રીસ કરોડ કહે છે? ત્યાં દેવ વસે. અને ગાયમાતાનો પેશાબ પણ પવિત્ર છે. આવી મૂઢતા અજ્ઞાનીઓની લોકપ્રચલિત હાલી તે હાલી. સમ્યગ્દષ્ટિ એને માને નહિ. સમજાણું કાંઈ? આ સૂરધન. નહિ? બાપ એનો ત્રીજી પેઢીનો હતો. મરીને આ થયો. હંમેશા બાર મહિને મરીને સરાદ આ શું કહેવાય? પાલિતાણા. ન્યાં એનું ચાલે. પહેલા ઇ ચોપડામાં લખતા. 'હૈદરશાહ હાજરાહજૂર.' મેં કીધું, બાપ તમારો કોથળો છે? એને કાંઈક ઠીક નહોતું. ત્યારે ઇ ક્યાં ગયા હતા? હૈદરશાહ. ઇ માને, ચોપડામાં લખે, હૈદરશાહ હાજરાહજૂર. આવા ને આવા. ભ્રમણા અજ્ઞાનીની. ફલાણો.. ઢીકણો.

કહે છે, લૌકિક રૂઢિ. પહેલી બીજી વાત કરી, ધર્મની પહેલી કરી. કુયુક્તિથી કોઈ પદાર્થ સિદ્ધ કરે, એક જ હોય, બીજું હોય નહિ. સમજાય છે? જડ ને ચેતન બે જ હોય. ધર્માસ્તિ, અધર્માસ્તિકાય હોય જ નહિ. એ બધું જૈનનું કલ્પિત ઊભું કર્યું છે. એમ નથી. વસ્તુની સ્થિતિ એવી છે. સમજાણું કાંઈ? અને આ તો લૌકિકની વાત છે. '**વહ નિઃસાર હૈ....**' લૌકિક નિઃસાર વાતું છે. અંબાજીને માને તો આમ થાય. છે ને તમારે 'કાંપ'માં? અંબાજીનું બહુ મોટું છે ન્યાં

કાંપમાં. અરે..! ગાંડા તે પણ... વીસાશ્રીમાળી ને દશાશ્રીમાળી. લ્યો. વીસાશ્રીમાળી માને દેવી અંબાજી. સિંહ ઉપર ચડી ને આવે. કેટલું જોર એનું! જુઓ! શું છે પણ? જોર પર ચઢીને આવી એમાં શું? એમાં દેવી ને ચમત્કાર વસ્તુ ક્યાં આવી? અજ્ઞાનીઓ આવા લોક રૂઢિના માનનારા જ્ઞાની એને માને નહિ. દેવમાં ... વગેરે વિશેષ કહેશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## પ્રવચન નં. ૮, ગાથા-૨, ૩. મંગળવાર, જેઠ સુદ ૧૨, તા. ૧૬-૦૬-૧૯૭૦

'અષ્ટ પાહુડ'. તેરમું પાનું છે. સમ્યગ્દષ્ટિનું અમૂઢદૃષ્ટિ (નામનું અંગ ચાલે છે). ધર્મી જીવ હોય છે એને આત્માનું શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ અનુભવમાં આવીને પ્રતીતિરૂપે થયું હોય છે. એને આઠ ગુણ હોય છે. છે તો પર્યાયના ભેદો. આઠ કિરણો. સૂર્યને જેમ કિરણો હોય એમ સમકિતના કિરણો, આઠ લક્ષણ-ગુણ છે. એમાં અમૂઢદૃષ્ટિની વ્યાખ્યા ચાલે છે.

લોકરૂઢી. **'અદેવમેં દેવબુદ્ધિ,...'** ધર્મીને અદેવમાં દેવબુદ્ધિ હોય નહિ. **'અધર્મમેં ધર્મબુદ્ધિ, અગુરુમેં ગુરુબુદ્ધિ ઇત્યાદિ દેવાદિક મૂઢતા હૈ,...'** એ ત્રણે દેવમૂઢતા કહેવાય. એ કલ્યાણકારી નથી. એ ભાવ કલ્યાણકારી આત્માના નથી. માટે તે ભાવ સમકિતી-ધર્મીને હોઈ શકે નહિ.

**'સદોષ દેવકો દેવ માનના,...'** હથિયાર રાખે, સ્ત્રી રાખે, આહાર-પાણી હોય, રોગ હોય એવા દેવને દેવ માનવા એ ભ્રમ છે, મૂઢતા છે. એ મૂઢતા સમકિતીને હોતી નથી. **'તથા ઉનકે નિમિત્ત હિંસાદિ દ્વારા અધર્મકો ધર્મ માનના,...'** સામાન્ય વ્યાખ્યા કરે છે. દેવ અને ધર્મની. દેવ માટે હિંસા કરીને (ધર્મ માને). આ યજ્ઞ આદિમાં કરે છે. એમાં ધર્મ માનવો. બકરા ચડાવે.

**'તથા મિથ્યા આચારવાન, શલ્યવાન, પરિગ્રહવાન સમ્યક્ત્વ-વ્રત રહિતકો ગુરુ માનના...'** જેનો આચાર જૂઠો છે, શલ્યવાન-ત્રણ શલ્ય છે. (માયા) મિથ્યાત્વ, નિદાન આદિ ત્રણ શલ્ય જેને હોય છે અને પરિગ્રહસહિત હોય છે. વસ્ત્ર, પાત્ર આદિ સહિત હોય તેને ચારિત્રવંત ગુરુ માનવા એ ગુરુમૂઢતા છે. સમ્યક્ત્વ અને વ્રત રહિત. આત્માનું ભાન નથી અને વ્રત નથી. ચારિત્રને લેવું છે ને અહીં તો? એને **'ગુરુ માનના ઇત્યાદિ મૂઢદૃષ્ટિકે ચિહ્ન હૈં.'** એ મૂઢદૃષ્ટિનું લક્ષણ છે. **'અબ, દેવ-ધર્મ-ગુરુ કૈસે હોતે હૈં ઉનકા સ્વરૂપ જાનના ચાહિયે, સો કહતે હૈં :-'**

**'રાગાદિક દોષ ઔર જ્ઞાનાવરણાદિક કર્મ હી આવરણ હૈં, વહ દોનોં જિસકે નહીં હૈ વહ દેવ હૈ.'** વીતરાગતા હોય અને જ્ઞાનની પરિપૂર્ણતા પ્રગટ થઈ હોય. રાગાદિ ન હોય એટલે વીતરાગતા હોય. આવરણ ન હોય એટલે કેવળજ્ઞાન ને કેવળદર્શન આદિ અનંત ચતુષ્ટયરૂપ હોય એને દેવ કહીએ. સમજાણું કાંઈ? **'ઉસકે કેવલજ્ઞાન, કેવલદર્શન, અનન્તસુખ, અનન્તવીર્ય-ઐસે અનંતચતુષ્ટય હોતે હૈં.'** આ બધી 'પંચાધ્યાયી'ની વ્યાખ્યા છે. 'પંચાધ્યાયી'માં આ બધું લીધું છે. દેવને તો એક સમયમાં ત્રણકાળનું જ્ઞાન હોય, એ દેવ કહેવાય. સમજાણું કાંઈ? ભગવાન પ્રભુ! સ્વામીનારાયણ કહેતા હતા ને? અમે પ્રભુ છીએ ભગવાન છીએ. હોદે બેસે. ... આવ્યા હતા. .. સાધુએ પૂછ્યું, તમે હજી ..છો? તો કહે, હા. કેમ? કે પ્રભુનું પેટ મોટું છે.

મુમુક્ષુ :-

ઉત્તર :- ન્યાં ક્યાં એના હતા? ... એના પણ શ્રદ્ધાના ઠેકાણા ક્યાં હતા? એ વાતું છે. વાડાના વેશમાં હતા. ત્યાં ક્યાં શ્રદ્ધાના ઠેકાણા હતા? બધાય એવા હતા. એ પ્રભુ કહેવો કોને? જેની પ્રભુત્વશક્તિ અનંત જ્ઞાન, દર્શન, આનંદ અને સુખની પ્રગટ થઈ ગઈ છે. જેને આહાર નહિ, પાણી નહિ, રોગ નહિ, ક્ષુધા નહિ, તૃષા નહિ એવા દેવ (હોય). એનું શરીર પરમ ઔદારિક થઈ ગયું હોય. સમજાણું કાંઈ? એને દેવ કહેવામાં આવે છે. બીજાને દેવ માનવા એ તો મૂઢતા છે. કહો, આ તો સમજાય એવું છે ને? 'રમણીકભાઈ'!

એમ ગુરુ. ખોટા આચારવાન, શલ્યવંત. પરિગ્રહવંત એ મૂઢ દષ્ટિના ચિહ્ન છે. **'અબ દેવ-ધર્મ-ગુરુ કૈસે હોતે હૈં ઉનકા સ્વરૂપ જાનના ચાહિયે, સો કહતે હૈં :-'**

**'સામાન્યરૂપસે તો દેવ એક હી હૈ...'** 'પંચાધ્યાયી'માં લીધું છે ને ત્યાં છે ક્યાંક. દેવ એક જ. દિવ્યશક્તિ જેને અંતરમાં આત્મા કેવળજ્ઞાન, દર્શન, આનંદની મૂર્તિ છે એવી જેની પર્યાયમાં અનંત જ્ઞાન, દર્શન, આનંદ આદિ પ્રગટ છે. એને દિવ્યશક્તિ પ્રગટ થઈ તેને દેવ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

**'ઔર વિશેષરૂપસે અરહંત, સિદ્ધ ઐસે દો ભેદ હૈં,...'** બે ભેદ. અરિહંત પણ દેવ કહેવાય અને સિદ્ધ પણ દેવ કહેવાય. **'તથા ઇનકે નામભેદકે ભેદસે ભેદ કરેં તો હજારોં નામ હૈં. તથા ગુણભેદ કિયે જાયેં તો અનન્ત ગુણ હૈં.'** જ્ઞાન પૂર્ણ જ્ઞાન તે દેવ, પૂર્ણ આનંદ તે દેવ, પૂર્ણ દર્શન તે દેવ. પૂર્ણ સ્વચ્છતા તે દેવ, પૂર્ણ પ્રભુતા તે દેવ. પૂર્ણ કર્તૃત્વશક્તિ પરિણમી ગઈ માટે દેવ. એમ અનંત ગુણથી અનંત ગુણ પરમાત્માના કહેવાય.

**'પરમૌદારિક દેહમેં વિદ્યમાન...'** દેખો! દેવ એને કહીએ કે જેનું શરીર પરમ ઔદારિક થઈ ગયું હોય. એને રોગ ન હોય, ક્ષુધા ન હોય, તૃષા ન હોય. સમજાણું કાંઈ? આ તો ભગવાનને રોગ થયો, છ મહિના સુધી ... આહાર લાવ્યા. આહાર લીધો ને પછી શરીર થઈ ગયું નિરોગી. ખુશી થાય બધા દેવ દેવીઓ. એવો પાઠ છે એમાં. એ દેવનું સ્વરૂપ જ નથી. કૃત્રિમ કલ્પિત કર્યું છે. દેવના સ્વરૂપનો એને (ખ્યાલ નથી). પરમ ઔદારિક શરીર હોય. જુઓ! શરીર જ સ્ફટિક જેવું થઈ જાય. ...

મુમુક્ષુ :-

ઉત્તર :- ઇ પ્રકૃતિ ઔદારિક છે એની પ્રકૃતિ પરમ ઔદારિક. એમાં શું છે? રજકણો ઔદારિક છે એની જ પરમ ઔદારિક વિશેષતા થઈ. બીજું શું? સ્ફટિક જેવું શરીર થઈ જાય. એના શરીરમાં નજર કરે તો પોતાનું શરીર દેખાય. અને ભવ દેખાય. ભામંડળ હોય ને ભેગું. એવું પરમ ઔદારિક શરીર. એવો ડાબલો જ જુદી જાતનો હોય. કાંઈક વાત થઈ હતીને. 'જયપુર', 'જયપુર' માં છે. 'સુધીર', એનો દીકરો. મેં કીધું, જુઓ! હીરા કંઈ.. કેસર કોથળે ન રહે. કોથળા સમજ્યા ને? બારદાન. એમાં કેસર ન રહી શકે. કેસર તો ડબ્બા અને બરણી હોય. એમ અરિહંતનું કેવળજ્ઞાન, દર્શન આદિ પરમ ઔદારિક શરીર હોય. એ સાધારણ હોય નહિ.

અને તીર્થંકરનું શરીર તો જન્મે ત્યારથી પરમ ઔદારિક હોય. એને હજારો કળશા માથે ઢોળે તોય મરે નહિ. અહીં તો એક પાણીનો કળશો નાખે તો મરી જાય. પહેલા દિવસનું બાળક હોય તો. આવું તો પ્રભુનું સ્વરૂપ અને એવો તો એના ડાબલો શરીરનો હોય. ડાબલો સમજો છો? પેટી. રત્ન ઉંચા હોય એની પેટી જુદી જાતની હોય.

ઘરે આવ્યા હતા, બતાવવા લાવ્યા હતા. બે લાખનો હતો. બે લાખનો ને? બે લાખનો હાર હતો એના ઘરે. સોનાનો. ડાબલી એવી લાંબી, પહોળી, સુંવાળી. બે લાખનો પન્નાનો હાર હતો. તમે દાખલો આપ્યો હતો ઇ છે આ. આમ પહોળી. બે લાખનો પન્નાનો હાર હતો. 'પૂનમચંદ ગોદિકા'ના ઘરે. એનો છોકરો 'સુધીર' છે ને? ઇ બતાવવા લાવ્યો હતો. જુઓ! આ ... છે. ... હીરો લાવ્યા હતા. .. એંસી હજારનો એક હીરો. આટલી ડાબલી હતી. .... ઇ ડાબલી પણ જુદી જાતની હોય. હીરાને કાંઈ કોથળામાં રખાય નહિ. કોથળા સમજો છો? ઠેલા. સૂતળી.. સૂતળીના ઠેલા. એમાં હીરા ને કેસર રખાતા હશે? લ્યો! આ ઝવેરી રહ્યા, લ્યો. .... સોનાનો એક ઓલો હતો. ઊંચો હતો, બે લાખનો હાર હતો. એવા તો ઘણા જોયા.

અહીં તો કહે છે, હીરો અને કેસર કોથળે ન રહે. એમ કેવળજ્ઞાન ને કેવળદર્શન થાય એના શરીર સ્ફટિક જેવા થઈ જાય. એવા (હોય) એને દેવ કહેવામાં આવે. અરિહંત એને કહેવામાં આવે. આમ અરિહંતને માને ને વળી રોગ માને, ક્ષુધા લાગે માને, આહાર લે ત્યારે તૃપ્તિ (થાય), એ અરિહંત નહિ. એ અરિહંતના સ્વરૂપને જાણતા નથી. સમજાણું કાંઈ?

**'ઘાતિયાકર્મ રહિત,...'** પરમ ઔદારિક શરીર હોય અને ચાર ઘાતિકર્મનો નાશ હોય. **'અનંત ચતુષ્ટય સહિત ધર્મકા ઉપદેશ કરનેવાલે...'** વીતરાગ સ્વરૂપનો ઉપદેશ કહેનારા હોય. **'ઐસે તો અરિહંતદેવ હૈં...'** એને અરિહંતદેવ કહેવાય. એ સિવાય બીજી રીતે માને તો એ મૂઢ જીવ છે. એને મૂઢતા છે, એને મિથ્યાત્વ છે. સમજાણું કાંઈ?

વળી **'તથા પુદ્‌ગલમયી દેહસે રહિત...'** સિદ્ધની વાત કરે છે. આ પુદ્‌ગલમય દેહ, જે માટી, એનાથી રહિત **'લોકકે શિખર પર બિરાજમાન...'** લોકને શિખરે સિદ્ધ ભગવાન સ્થિત છે. સમ્યક્ત્વ આદિ **'અષ્ટગુણમંડિત અષ્ટકર્મરહિત...'** આઠ ગુણ સહિત અને આઠ કર્મ રહિત. આઠ ગુણ સહિત અને આઠ કર્મ રહિત. **'ઐસે સિદ્ધ દેવ હૈં.'** એને દેવ કહેવાય, એને અશરીરી સિદ્ધ કહેવામાં આવે. સમજાણું કાંઈ?

એના નામ છે. એને અરિહંત કહીએ. કર્મને હણ્યા માટે અરિહંત, જિન કહીએ. જીત્યા- અજ્ઞાન ને રાગને માટે જિન, સિદ્ધ કહીએ. એની વ્યાખ્યા છે, હોં! આ બધા ગાથાઓ છે. 'પંચાધ્યાયી'માં બધી ગાથાઓ છે. પરમાત્મા કહીએ. એને મહાદેવ (કહીએ). મોટામાં મોટી બધી શક્તિ પ્રગટ થઈ ગઈ માટે એને મહાદેવ કહીએ. આવા અરિહંત, હોં! બીજા મહાદેવ એ મહાદેવ નથી.

મુમુક્ષુ :- વ્યવહારમાં લાભ ન કરે

ઉત્તર :- શું લાભ? લાભ શું કરે? લાભ કોઈ કોઈને કરે છે? એવું સ્વરૂપ છે એવું જે જાણે

એને પોતાના જ્ઞાન તરફનો નમૂનો મળે. ઓ..હો...! આવો આત્મા! એ એટલો એવો હું છું.

મુમુક્ષુ :- વ્યવહારમાં લાભ...

ઉત્તર :- વ્યવહારમાં લાભ કોણ કરતું હતું? ધૂળેય કરતું નથી. લાભની વ્યાખ્યા શું? આ પૈસા મળે ને ધૂળ મળે, ઇ લાભ છે? એ તો પૂર્વના પુણ્ય હોય તો આવે છે. એની સાથે સંબંધ શું છે? પાપી મિથ્યાદૃષ્ટિ કસાઈ હોય. કીધું ને? સોનાની ખુરશીએ બેસે છે. 'મુંબઈ'. શું કહેવાય 'વાંદરા'ના..? વાંદરા કતલખાના. એમાં શું છે? પેલો મોટો આવ્યો નહોતો? ખ્રિસ્તીનો. 'મુંબઈ'માં પોપ (આવ્યો હતો). કેટલાય કરોડો રૂપિયા એણે કબજે કરી મૂક્યા. કેટલાય કરોડની બધી આગબોટ લઈ ગયો. માલ એ તો માંસ ખાતો હોય. એને જાવાનું છે નરકે. સેઠી! એવા અજ્ઞાનીઓ દેવ ને ગુરુ માને. ભાન ન મળે. મોટા ટોપાવાળા–રૂપાળા શરીર હોય. આ અમારા ગુરુ છે. સમજાણું? ભાન ન મળે. મૂઢ જીવો છે બધા. બહારના પુણ્ય હોય. એની સાથે શું સંબંધ છે? અબજોપતિ હોય. છે ને 'અમેરિકા' ને...?

**'શંકર,...'** એને શંકર કહીએ. આવું પરમાત્મસ્વરૂપ, જેને પૂર્ણ સુખ પ્રગટ્યું છે. આનંદ પૂર્ણ પ્રગટ્યો છે. એને પરમાત્મા ને અરિહંત ને સિદ્ધ ને શંકર કહીએ. આને શંકર કહીએ. **'વિષ્ણુ,...'** સર્વવ્યાપક. જ્ઞાન લોકાલોક જાણે એ અપેક્ષાએ વ્યાપક પણ કહેવાય છે. એને વિષ્ણુ કહેવામાં આવે છે. **'બ્રહ્મા,...'** પોતે પોતાના પૂર્ણ આનંદની ઉત્પત્તિને કારણે એ બ્રહ્મા પોતે છે. આનંદની પ્રજાને ઉત્પન્ન કરે એ બ્રહ્મા. સમજાણું કાંઈ? **'હરિ,...'** દુઃખને હરે તે હરિ. આવો આત્મા પણ, હોં! રાગને, દુઃખને હણે તે હરિ. એવો ભગવાનઆત્મા રાગ-દ્વેષ ને અજ્ઞાન જે દુઃખમય છે એને હરે-નાશ કરે અને વીતરાગને, આનંદને પ્રગટ કરે એને દેવ ને હરિ કહેવામાં આવે છે. **'બુદ્ધ,...'** આ બુદ્ધ. પૂર્ણ જ્ઞાનમયને બુદ્ધ કહીએ. પેલા બૌદ્ધ છે ઇ બુદ્ધ છે નહિ. ક્ષણિક સમયની પર્યાયને માને આત્માને, એ બુદ્ધ નહિ. **'સર્વજ્ઞ,...'** એક સમયમાં ત્રણ કાળને જાણે. **'વીતરાગ,...'** રાગરહિત હોય. પરમાત્મા પરમસ્વરૂપ પ્રગટ્યું હોય. **'ઇત્યાદિ અર્થ સહિત અનેક નામ હૈં; ઐસા દેવકા સ્વરૂપ જાનના.'** એને દેવ માનવા. એ દેવ સિવાય માને ઇ મૂઢ જીવ મિથ્યાદૃષ્ટિ છે. એ આંગણે મિથ્યાત્વને નોતરે છે, એમ કહે છે.

વળી **'ગુરુકા ભી અર્થસે વિચાર કરેં તો...'** હવે કહે છે, ગુરુ પણ એ જ કહેવાય ખરેખર તો, એમ કહે છે. **'અરિહંતદેવ હી હૈ,...'** પરમગુરુ, સર્વજ્ઞદેવ પરમગુરુ. મહા મોટામાં મોટી શક્તિનો વિકાસ જેને થઈ ગયો એ પરમગુરુ છે. **'ક્યોંકિ મોક્ષમાર્ગકા ઉપદેશ કરનેવાલે અરિહંત હી હૈં,...'** ગુરુ તો મોક્ષમાર્ગનો ઉપદેશ દેનારા પરમાત્મા અરિહંત જ ગુરુ-પરમગુરુ છે. **'વે હી સાક્ષાત્ મોક્ષમાર્ગકા પ્રવર્તન કરાતે હૈં;...'** લ્યો. સર્વજ્ઞ પરમાત્મા, એમની વાણીમાં સાક્ષાત્ મોક્ષનો માર્ગ આવે છે.

**'તથા અરિહંતકે પશ્ચાત્ છદ્મસ્થ જ્ઞાનકે ધારક...'** અરિહંત પછી આચાર્ય, ઉપાધ્યાય, સાધુ. **'ઉન્હીકા નિર્ગ્રંથ દિગમ્બર રૂપ ધારણ કરનેવાલે મુનિ હૈં...'** આચાર્ય, ઉપાધ્યાય, સાધુ ત્રણેય દિગંબર હોય છે. વસ્ત્રનો એક્કેય તાણો હોય નહિ. જેવા માતાએ જન્મ્યા એવા હોય.

**'દિગમ્બર રૂપ ધારણ કરનેવાલે મુનિ હૈં સો ગુરુ હૈં,...'** એ ગુરુ કહેવાય. સમજાણું કાંઈ? વસ્ત્ર, પાત્ર રાખે ને અમે ગુરુ છીએ ને સાધુ છીએ (એમ માને) એ તો મિથ્યાદષ્ટિ છે પણ એને માનનારા પણ મિથ્યાદષ્ટિ છે, એમ કહે છે. પંડિતજી! ભારે ભાઈ! તમારો માર્ગ ખોટો છે, કહે છે. એય! વસ્તુનું સ્વરૂપ એવું છે, ભાઈ! માર્ગનો પ્રશ્ન નથી. વસ્તુની સ્થિત જ એવી છે.

સાધુ હોય એને અંતરમાં વીતરાગતા પ્રગટી હોય, વીતરાગનો પરમ આનંદનો આલ્હાદ હોય, એની બાહ્ય દશા તદ્દન નગ્ન દિગંબર વસ્ત્રના તાણા વિનાની એને હોય. સમજાણું કાંઈ? એને ચારિત્રવંત ગુરુ મનાય. એ વિના ચારિત્રવંત ગુરુ બીજાને માને એ મૂઢ છે. સમજાણું કાંઈ?

**'ક્યોંકિ અરિહંતકી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રકી એકદેશ શુદ્ધતા...'** અરિહંતને પૂર્ણ શુદ્ધ છે, આને એકદેશ શુદ્ધપણું સમ્યક્‌દર્શન, જ્ઞાન, ચારિત્ર ત્રણેય એને હોય છે. તિન્હીકે એટલે તેને. સાધુ છે એને સમ્યક્ અનુભવ હોય છે, સમ્યક્ પ્રતીતિ હોય છે અને સમ્યક્ સ્વરૂપનું આનંદનું આચરણ હોય છે. સમજાણું કાંઈ? **'વે હી સંવર, નિર્જરા, મોક્ષકા કારણ હૈં,...'** એ અંતરની સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રની નિર્મળ શુદ્ધ ઉજ્જવળ દશા, એ જ સંવર, નિર્જરા અને મોક્ષનું કારણ છે. બહારની ક્રિયાકાંડ કોઈ સંવર, નિર્જરા ને મોક્ષનું કારણ છે નહિ. સમજાણું કાંઈ?

**'ઇસલિયે અરિહંતકી ભાંતિ એકદેશરૂપસે નિર્દોષ હૈં...'** અરિહંત જેમ પૂર્ણ નિર્દોષ છે એમ આ ગુરુ પણ એક ભાગમાં-એકદેશે પૂર્ણ નિર્દોષ છે. **'વે મુનિ ભી ગુરુ હૈં,...'** અરિહંત તો ગુરુ છે જ પણ આ પણ એક ગુરુ કહેવામાં આવે છે. **'મોક્ષમાર્ગકા ઉપદેશ કરનેવાલે હૈં.'** પેલામાં આવ્યું હતું ને? મોક્ષમાર્ગનો ઉપદેશ કરનારા અરિહંત સાક્ષાત્ મોક્ષમાર્ગ પ્રવર્તાવે છે.

**'ઐસા મુનિપના સામાન્યરૂપસે એક પ્રકારકા હૈ...'** મુનિપણું એક જ પ્રકારે સામાન્ય (છે). **'વિશેષરૂપસે વહ તીન...'** આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ. **'ઇસપ્રકાર વહ પદવીકી વિશેષતા...'** હૈ. ત્રણની પદવી વિશેષ છે. અંતર તો વીતરાગ આનંદના ઉપયોગી, શુદ્ધઉપયોગી (છે). પેલામાં આવે છે, હોં! સમજાણું?

મુમુક્ષુ :- 'મોક્ષમાર્ગ પ્રકાશક'.

ઉત્તર :- 'મોક્ષમાર્ગ પ્રકાશક' નહિ. આ તો 'પંચાધ્યાયી'માં વાત છે. મુનિની વ્યાખ્યા ત્યાં છે. શુદ્ધઉપયોગીની, ભાઈ! શુદ્ધઉપયોગી લીધા છે...

**अथ सूरिरूपाध्यायो द्वावेतौ हेतुतः समौ।**
**साधु साधुरिवात्मज्ञौ शुद्धौ शुद्धोपयोगिनौ।।६९४।।**

૬૯૪ ગાથા છે, કહે છે, **'અંતરંગ કારણ કી અપેક્ષા વિચાર કરને પર આચાર્ય, ઉપાધ્યાય દોનોં હી સમાન હૈં, સાધુ હૈં, સાધુ કે સમાન આત્મજ્ઞ હૈં, સાધુ કે સમાન શુદ્ધ હૈં ઔર શુદ્ધ ઉપયોગવાલે હૈં.'** શુદ્ધઉપયોગી એ સાધુ કહીએ, એમ અહીંયાં કહે છે. સમજાણું કાંઈ? ... ઇ ગૃહસ્થનું લખાણ છે. આહા...હા...! શુદ્ધઉપયોગી. શુદ્ધઉપયોગ ઇ જ મુનિપણું છે. 'પ્રવચનસાર'માં ઇ છે, 'મોક્ષમાર્ગ પ્રકાશક' માં લીધું છે. સાધુ એટલે નગ્ન દિગંબર. અંતરમાં શુદ્ધઉપયોગ. મહાવ્રતાદિ શુભભાવ વિકલ્પ. 'છબીલભાઈ'! મહાવ્રતને લઈને મિથ્યાદષ્ટિ ઊંચો

ગયો. એ કંઈ ઊંચો નથી ગયો. એમ એને કાંઈ નવમી ગ્રૈવેયક જવું છે. ... એટલે કંઈ માણસ ઊંચો થઈ ગયો? એમ શુભભાવ...

મુમુક્ષુ :- શુભભાવ...

ઉત્તર :- દેવ ને નારકી બેય સરખા છે. ઢોર જેવી વૃત્તિ છે, બધા સરખા છે. પશુ કહ્યા છે. પશુ મિથ્યાદૃષ્ટિ. આહાહા..! સમજાણું કાંઈ? ભાન નથી કે આત્મા અંદર સ્વરૂપ શુદ્ધ ભાવના... શુભ દયા, દાન, વ્રતના પરિણામથી ભિન્ન ચૈતન્ય છે. એનું અંતરમાં ભાન અને અનુભવ (થાય) તે ધર્મ ને સમકિત ને જ્ઞાન ને ચારિત્ર છે. બહારની ક્રિયા-ફ્રિયા એ કાંઈ ચારિત્ર છે નહિ. આવું લખી ગયા છે. છટ્ઠા ગુણસ્થાન સુધી શુભભાવ જ હોય. અને શુભભાવવાળો જ સમકિતી ને જ્ઞાની .... શુભભાવમાં જ આમ... લ્યો!

મુમુક્ષુ :- છટ્ઠા ગુણસ્થાન સુધી વ્યવહાર...

ઉત્તર :- ... અહીં તો વ્યવહાર હોય છે એમ જણાવે છે. આરાધના તો એની સ્વરૂપમાં હોય. સાધુ ઇતિ સાધે. આવે છે ને? સાધુ આત્માના સ્વરૂપને સાધે તે સાધુ. એમ આવે છે. 'પંચાધ્યાયી'માં આવે છે. સાધુની વ્યાખ્યા. સમજાણું? સાધુ છે, જુઓ! 'રત્નત્રયાત્મક મોક્ષમાર્ગકો સાધે સો સાધુ.' એ પંદરમેં પાને છે. ત્રીજી લીટી. સાધુ હૈ સો રત્નત્રયાત્મક મોક્ષમાર્ગકો સાધે સો સાધુ. સમ્યક્ આત્મા પૂર્ણ સ્વરૂપ અખંડ આનંદનો કંદ છે એવી પ્રતીતિ, અનુભવ, જ્ઞાન ને રમણતા (થઈ છે) એવા દર્શન, જ્ઞાન, ચારિત્રને સાધે તે સાધુ. મહાવ્રતને સાધે ને નગ્નપણાને સાધે, એની વાત અહીં છે ક્યાં? હોય ખરું એને. સમજાણું કાંઈ? બહુ આકરું કામ. વાડાવાળાને બહાર નીકળવું, એમાંથી છોડવું ભારે કઠણ પડે.

આત્માનો અંતર શુદ્ધ પવિત્ર સ્વભાવ (છે). પુણ્ય-પાપ એ કંઈ પવિત્ર સ્વભાવ નથી. એથી અહીં કહે છે કે આત્મા... અહીં તો સંવર, નિર્જરાનું કારણ કહેવું છે. એને કેમ સંવર, નિર્જરાનું કારણ કહ્યું? એને શુદ્ધતાનો ભાવ પ્રગટ્યો છે. આચાર્ય, ઉપાધ્યાય, સાધુને શુદ્ધ સ્વરૂપ પવિત્ર એવું શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્ર એવો ભાવ પ્રગટ્યો છે. એ ભાવ સંવર, નિર્જરા ને મોક્ષનું કારણ છે. જુઓ! છે ને અંદર? જુઓ!

મુમુક્ષુ :-

ઉત્તર :- ધૂળેય નથી ત્યાં. જુઓ! ..... મુનિપનાકી ક્રિયા એક હી હૈ. માથે આવી ગયું છે ને? **'સંવર, નિર્જરા, મોક્ષકા કારણ...'**. લ્યો. **'એકદેશ શુદ્ધતા ઉનકે પાયી જાતી હૈ ઔર વે હી સંવર, નિર્જરા, મોક્ષકા કારણ હૈ, ઇસલિયે અરિહંતકી ભાંતિ એકદેશરૂપસે નિર્દોષ હૈં...'**

**'ઐસા મુનિપના સામાન્યરૂપસે એક પ્રકારકા હૈ ઔર વિશેષરૂપસે વહી તીન પ્રકારકા હૈ...'** **'ઉનકે મુનિપનેકી ક્રિયા સમાન હી હૈં;...'** ત્રણેયને. આચાર્ય હો, ઉપાધ્યાય હો (કે સાધુ હો), ત્રણેયને મુનિપણાની ક્રિયા એક જ હોય છે. **'બાહ્ય લિંગ ભી સમાન હી હૈ,...'** દિગંબર જ હોય. કોઈને વળી કપડાને કટકો હોય ને કોઈને ન હોય, એવું હોઈ શકે નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- બે પ્રકારના થયા ને.

ઉત્તર :- જિનકલ્પી મુનિ એટલે એકલા રહે અને એની સાથે ... વસ્ત્રવાળો એ સ્થવિરકલ્પી અને વસ્ત્ર વિનાનો જિનકલ્પી એમ નથી.

મુમુક્ષુ :- વસ્ત્રવાળો...

ઉત્તર :- ખોટી વાત છે. ઇ કહેતા હતા. અમે જ્યારે 'ભાવનગર' ગયા હતા ને? એણે માખણ ચોપડ્યું. વસ્ત્ર હોય ઇ સ્થવિરકલ્પી કહેવાય અને પેલા (જિનકલ્પી) ભાન વિનાનો છે. સ્થવિરકલ્પી અને જિનકલ્પી સાધુ બેય નગ્ન જ હોય છે. જંગલમાં જ બેય વસે છે. સ્થવિરકલ્પી હોય, જાજા સાધુ હોય. જિનકલ્પી એકલા હોય. બાકી બીજો કાંઈ ફેર નથી. બીજો ફેર માને એને સાધુપણાના ગુરુપણાનું ભાન નથી.

મુમુક્ષુ :-

ઉત્તર :- .. કીધું ને? સ્થાપ્યું. (વસ્ત્રવાળા) જિનકલ્પી, સ્થવિરકલ્પી છે જ નહિ. બેય ખોટી વાત છે, અજ્ઞાન છે. આ જ હોય. બેય નગ્ન દિગંબર હોય, અંતર વીતરાગતા હોય, શુદ્ધતા હોય. અહીં સિદ્ધ કરવું છે ને? પુણ્ય-પાપના પરિણામ નહિ. શુદ્ધતા. શુદ્ધતા તો દર્શન, જ્ઞાન ને ચારિત્ર એ શુદ્ધતા હોય. શુદ્ધ વસ્તુ સ્વભાવ, એની પ્રતીતિ શક્તિમાંથી વ્યક્તિ આવી, એનું જ્ઞાન આવ્યું અને એમાંથી વીતરાગતા આવી. શુદ્ધમાંથી શુદ્ધતા આવી એ સંવર, નિર્જરા, મોક્ષનું કારણ છે. એમ અહીં કહેવું છે. સમજાણું કાંઈ? આહા! બહારના લક્ષે ઉત્પન્ન થયેલા વિકલ્પો તો આસ્રવ ને બંધનું જ કારણ છે. આહાહા..! ભારે કઠણ જગતને. વાડામાંથી નીકળીને આ માનવું (કઠણ પડે). સમજાણું કાંઈ?

**'પંચમહાવ્રત, પાંચ સમિતિ, તીન ગુપ્તિ-ઐસે તેરહ પ્રકારકા ચારિત્ર ભી સમાન હી હૈં,...'** વ્યવહાર. ઠીક. **'તબ ભી શક્તિ અનુસાર સમાન હી હૈં,...'** એમ. શક્તિ .. આચાર્ય, ઉપાધ્યાય, ... **'સામ્યભાવ ભી સમાન હૈં,...'** બીજા બધાના સરખા છે. **'મૂલગુણ ઉત્તરગુણ ભી સમાન હૈં,...'** આચાર્ય, ઉપાધ્યાય, સાધુ ત્રણેયને સરખા છે. **'પરિષહ ઉપસર્ગોંકા સહના ભી સમાન હૈ, આહારાદિકી વિધિ ભી સમાન હૈ,...'** આચાર્ય, ઉપાધ્યાય બહુ ઊંચા થઈ ગયા માટે એને માટે કરેલો આહાર લે અને સાધુ ન લ્યે, એમ નથી. ત્રણેયને માટે આહારની વિધિ નિર્દોષ (હોય). એને માટે કરેલી ન હોય, એમ લીધું છે. સમજાણું કાંઈ? અત્યારે કેટલાક એમ કહે છે, દ્રવ્યાનુયોગનું જ્ઞાન હોય અને સાધુ આચાર્ય ને ઉપાધ્યાય થઈ જાય એટલે પછી એને માટે સવારથી સાંજ....

મુમુક્ષુ :- આ તો દ્રવ્યાનુયોગ...

ઉત્તર :- દ્રવ્યાનુયોગ શું? સમિતિ વિના સાધુ શેનો પણ? દ્રવ્યાનુયોગનું જ્ઞાન નહિ પણ દ્રવ્યાનુયોગનો અનુભવ. દ્રવ્ય એટલે આત્માનો અનુભવ ન હોય તો સમકિત શેનું? આહાહા..! એમાં વળી આહાર-પાણી પાછા એને માટે કરેલા હોય. ચા, દૂધ, સવાર-સાંજ, રગડા ચાલે. આ તો બધું મોટા મહારાજને જોવે. ધર્મની પ્રભાવનાનો હેતુ છે. બધી મૂઢતા છે, અહીં તો એમ કહે છે. સમજાણું કાંઈ? એવા સાધુને ગુરુ માનવા એ મિથ્યાદષ્ટિ છે, મૂઢ છે. એને મિથ્યાત્વનો ઉદય

છે. સમજાણું કાંઈ? માર્ગ તો આવો છે.

**'ચર્યા, સ્થાન, આસનાદિ ભી સમાન હૈ,...'** વિહાર, ઊભા રહેવું, બેસવું આદિ એ બધાની ક્રિયા સરખી છે. **'મોક્ષમાર્ગી સાધના, સમ્યક્ત્વ, જ્ઞાન, ચારિત્ર ભી સમાન હૈં.'** ત્રણેય આચાર્ય, ઉપાધ્યાય, સાધુને સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર ત્રણેય હોય છે. વીતરાગી. શુદ્ધ.. શુદ્ધ. અહીં શુદ્ધની વ્યાખ્યા છે ને?

**'ધ્યાતા, ધ્યાન, ધ્યેયપના ભી સમાન હૈ,...'** ધ્યાતા આત્મા, ધ્યાન વીતરાગી, ધ્યેય આત્માનું એ બધું ત્રણેયને સમાન છે. **'જ્ઞાતા, જ્ઞાન, જ્ઞેયપના ભી સમાન હૈં, ચાર આરાધનાકી આરાધના,...'** જ્ઞાન, દર્શન, ચારિત્ર ને તપની આરાધના એ સમાન છે. **'ક્રોધાદિક કષાયોંકા જીતના ઇત્યાદિ મુનિયોંકી પ્રવૃત્તિ હૈ વહ સબ સમાન હૈ.'**

**'વિશેષ યહ હૈ કિ-જો આચાર્ય હૈં વે પંચાચાર અન્યકો ગ્રહણ કરાતે હૈં.'** એટલો ફેર, બસ. **'તથા અન્યકો દોષ લગે તો ઉસકે પ્રાયશ્ચિત્તકી વિધિ બતલાતે હૈં,...'** એટલો ફેર. **'ધર્મોપદેશ, દીક્ષા, શિક્ષા દેતે હૈં; -ઐસે આચાર્ય ગુરુવન્દના યોગ્ય હૈં.'** આવા આચાર્ય વંદવા યોગ્ય છે. આચાર્ય માનીને. સમજાણું કાંઈ?

**'જો ઉપાધ્યાય હૈં વાદિત્વ, વાગ્મિત્વ,...'** વચનકળામાં અથવા વાદમાં કાં **'કવિત્વ, ગમકત્વ...'** અર્થ કરવામાં. **'ઇન ચાર વિદ્યાઓંમેં પ્રવીણ હોતે હૈં; ઉસમેં શાસ્ત્રકા અભ્યાસ પ્રધાન કારણ હૈ.'** એને ઉપાધ્યાયને શાસ્ત્રની પ્રધાનતા (છે). **'જો સ્વયં શાસ્ત્ર પઢતે હૈં ઔર અન્યકો પઢાતે હૈં ઐસે ઉપાધ્યાય ગુરુ વન્દન યોગ્ય હૈ;...'** એકલા શાસ્ત્ર ભણે એમ નહિ. સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર સહિત હોય. એ સહિતની વાત છે. આહાહા..! **'ઉનકે અન્ય મુનિવ્રત, મૂલગુણ, ઉત્તરગુણકી ક્રિયા આચાર્યસમાન હી હોતી હૈ.'** લ્યો! હવે સાધુ. જુઓ!

**'તથા સાધુ રત્નત્રયાત્મક મોક્ષમાર્ગકી સાધના કરતે હૈં...'** કહો.

મુમુક્ષુ :- નિશ્ચય-વ્યવહાર...

ઉત્તર :- ભલે ... હોય. નિશ્ચય હોય અને વ્યવહાર હોય એ જાણવું. એમ જ લખાય, નિશ્ચય-વ્યવહારના આરાધક છે, એમાં શું છે? વ્યવહાર હોય છે ખરો ને. સમજાણું કાંઈ? **'ઉનકે દીક્ષા, શિક્ષા, ઉપદેશાદિ દેનેકી પ્રધાનતા નહીં હૈ,...'** સાધુ દીક્ષા, શિક્ષાને આપી શકે નહિ. ઉપદેશ ... સાધુ આપે. પહેલા પોતાનું કામ કરે છે. **'અપને સ્વરૂપકી સાધનામેં હી તત્પર હોતે હૈં;...'** પોતાના સ્વરૂપનું સાધન. સાધુ દિગંબર મુનિ તો પોતાના આનંદસ્વરૂપમાં તત્પર હોય છે. આહાહા..! શુદ્ધઉપયોગની રમણતામાં તત્પર છે. એને સાધુ કહેવામાં આવે છે. આહાહા..! આવું બધું બદલાઈ ગયું આખું. દિગંબર સંપ્રદાયમાં બધું બદલાઈ ગયું. આખી લાઈન ફરી ગઈ. બીજાએ તો ફેરવી નાખી છે. (આ લોકોએ) રહેવા દીધું નામમાત્ર.

**'જિનાગમમેં જૈસી નિર્ગ્રંથ દિગમ્બર મુનિકી પ્રવૃત્તિ કહી હૈ વૈસી સભી પ્રવૃત્તિ ઉનકે હોતી હૈં-ઐસે સાધુ વંદનાકે યોગ્ય હૈ. અન્યલિંગી-વેષી વ્રતાદિકકસે રહિત પરિગ્રહવાન, વિષયોંમેં**

**આસક્ત ગુરુ નામ ધારણ કરતે હૈં વે વન્દન યોગ્ય નહીં હૈ.'** સમજાણું કાંઈ?

**'ઇસ પંચમકાલમેં જિનમતમેં ભી ભેષી હુએ હૈં.'** 'સુજાનમલજી'! અહીં તો માર્ગ હોય ઇ આવે. **'શ્વેતામ્બર,...'** શ્વેતાંબર પણ ભેખી છે. દ્રવ્યલિંગી પણ નથી. મિથ્યાદૃષ્ટિનો એને ભેખ છે. આહાહા..! એય..! 'ચંદુભાઈ'! આવો માર્ગ છે. શ્વેતાંબર છે એણે જૈનધર્મને બગાડ્યો છે. અનાદિ સનાતન દિગંબર ધર્મ હતો એમાંથી નીકળીને કલ્પિત શાસ્ત્રો અને કલ્પિત દેવ-ગુરુ .. બનાવ્યું છે. લોકોને ખરાબ તો લાગે. ... શ્વેતાંબર દીકરી-દીકરા આપે નહિ. કોણ દીકરા-દીકરી આપે? મૂકને. આહાહા..! શ્વેતાંબર એ સર્વ વંદને યોગ્ય નહીં હૈ. એના આચાર્ય, ઉપાધ્યાય, સાધુ આચાર્ય, ઉપાધ્યાય, સાધુ છે જ નહિ. મિથ્યાદૃષ્ટિ અને કુલિંગી છે. આહાહા..! એય..! 'જયંતિભાઈ'! ભારે કામ આકરું આવું. અતડા થઈને રહેવું પડે. અતડો જ છે ને એકલો જ છે. કોણ છે બીજું એને? આહા..! અન્યલિંગી ભેખી વ્રતાદિનો પણ સંયમ નહીં. એક યાપનીસંઘ થયો છે. નગ્ન રહે પણ માને બધા શ્વેતાંબર. **'ગોપુચ્છપિચ્છસંઘ,...'** ગાયનું પૂંછડું રાખે. **'નિઃપિચ્છસંઘ,...'** પીંછી વિનાનો એક સાધુ હોય. **'દ્રાવિડસંઘ આદિ અનેક હુએ હૈં, વહ સબ વંદન યોગ્ય નહીં હૈ.'**

**'મૂલસંઘ, નગ્નદિગમ્બર, અટ્ઠાઇસ મૂલગુણોંકે ધારક, દયાકે ઔર શૌચકે ઉપકરણ મયૂરપિચ્છક, કમણ્ડલ ધારણ કરનેવાલે...'** મોરની પીંછી અને કમંડલ જે દયાનું ઉપકરણ રાખે. **'યથોક્ત વિધિ આહાર કરનેવાલે ગુરુ...'** નિર્દોષ વિધિથી આહાર (લે) અને દર્શન, જ્ઞાન, ચારિત્ર ત્રણનું આરાધન (કરનારા હોય). એ **'વંદન યોગ્ય હૈં, ક્યોંકિ જબ તીર્થંકર દેવ દીક્ષા લેતે હૈં તબ ઐસા હી રૂપ ધારણ કરતે હૈં...'** એમ દાખલો આપ્યો. તીર્થંકરદેવ પરમાત્મા ત્રિલોકનાથ જ્યારે દીક્ષા ધારણ કરે છે ત્યારે આવું નગ્ન દિગંબર રૂપ જ ધારે છે. સમજાણું કાંઈ? ઇન્દ્રએ એક વસ્ત્ર આપ્યું બાર મહિને, એ બધું ખોટું, કલ્પિત વાતું છે. એ વીતરાગમાર્ગની છે નહિ. બધી કલ્પિત આચાર્યોએ પોતાનો મત પોષવા, મિથ્યાત્વને પોષવા એ બધું બનાવ્યું છે. એ 'લક્ષ્મીચંદભાઈ'!

મુમુક્ષુ :-

ઉત્તર :- ... ઇ પછી વાત. એનું કાંઈ નહિ. .....

**'તીર્થંકર દેવ દીક્ષા લેતે હૈં તબ ઐસા હી રૂપ ધારણ કરતે હૈં અન્ય ભેષ ધારણ નહીં કરતે;...'** હવે આવ્યું, લ્યો. **'ઇસીકો જિનદર્શન કહતે હૈં.'** પેલું આવ્યું. 'दंसणमग्गह वोच्छामि'. એને જૈનદર્શન કહીએ, દેખો! જૈનદર્શન અંતરના સ્વરૂપનું સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર અને વીતરાગી શુદ્ધત્વ પરિણમન, અઠ્યાવીસ મૂળગુણ આદિ, નગ્ન દશા, દિગંબર એને જૈનદર્શન કહેવામાં આવે છે. અને એ જૈનદર્શનની આ વાળાની તત્ત્વાર્થશ્રદ્ધા તેને સમ્યગ્દર્શન કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? છેલ્લામાં લીધું છે. .... ૪૧૫ પાને છેલ્લે લીધું છે ને.

જિનદર્શન નિર્ગ્રંથરૂપ તત્ત્વાર્થ ધારણ. પહેલા દર્શનપાહુડનું ટૂંકું કરી નાખ્યું. ૪૧૫ પાનું મારે જૂનામાં છે. જિનદર્શન નિર્ગ્રંથરૂપ તત્ત્વાર્થ ધારણ. એ દર્શનપાહુડની વ્યાખ્યા એટલા

શબ્દોમાં મૂકી દીધી. છે? જિનદર્શન નિર્ગ્રંથરૂપ. એ પહેલા પાહુડનું ટૂંકું કર્યું. અને તત્ત્વાર્થ શ્રદ્ધાન. તેવાની બરાબર શ્રદ્ધા એ સમ્યગ્દર્શન. એ બે એમાં વર્ણવ્યું છે. સૂત્રમાં આ આવ્યું. આઠે પાહુડનું ટૂંકું કર્યું છે. આઠેના નામ આપ્યા છે. સમજાણું કાંઈ? અરે...! ભારે ભાઈ!

**'ઇસીકો જિનદર્શન કહતે હૈં.'** એને જૈનદર્શન વીતરાગમાર્ગમાં ત્રિલોકનાથ કેવળજ્ઞાનીના પંથમાં અંતરના સ્વરૂપનું સમ્યગ્દર્શન, જ્ઞાન અને વીતરાગી દશા, બાહ્યમાં નગ્ન ભેખ દિગંબર, એને જૈનદર્શન કહેવામાં આવે છે. એ જૈનદર્શનનો એ મત ને અભિપ્રાય છે. સમજાણું કાંઈ? માળાએ મેળવીને કર્યું છે, હોં! ઓલા અર્થમાં ભાઈએ નથી કર્યું. 'અષ્ટપાહુડ'ની ટીકા મેળવીને, ગાથાઓને ન્યાય આપવા મેળવીને (કર્યું છે). ... છે પણ એ પ્રમાણે મેં નથી કર્યું. દંસણ મગ્ગં દર્શનનો માર્ગ, દર્શનનો અભિપ્રાય, દર્શનનો મત. એની મૂળ શ્રદ્ધા સમ્યગ્દર્શન છે. 'दंसणमूलो धम्मो' એવું જે દર્શન, તેનો મૂળ અભિપ્રાય. શ્રદ્ધા, સમ્યગ્જ્ઞાન, ચારિત્ર આદિ એનું મૂળ છે. સમજાણું કાંઈ?

**'ધર્મ ઉસે કહતે હૈં જો જીવકો સંસારકે દુઃખરૂપ નીચ પદસે મોક્ષકે સુખરૂપ ઉચ્ચ પદમેં ધારણ કરે;...'** એને ધર્મ કહીએ. એ પુણ્ય-પાપથી ઉદ્ધારીને સ્વભાવમાં લાવે એને ધર્મ કહીએ. આહાહા..! આવે છે ને? 'રત્નકરંડ શ્રાવકાચાર'માં. સંસાર દુઃખરૂપ નીચપદથી (ઊંચે લાવે). એ ભાષા એણે એ જ કરી છે. ... તે ધર્મ. દુઃખથી ઉગારે અને સુખમાં વાળે તે ધર્મ. **'મોક્ષકે સુખરૂપ ઉચ્ચ પદમેં ધારણ કરે; - ઐસા ધર્મ મુનિ-શ્રાવકકે ભેદસે, દર્શન-જ્ઞાન-ચારિત્રાત્મક એકદેશ..'** શ્રાવકનો અને સર્વદેશ મુનિનો. **'નિશ્ચય-વ્યવહાર દ્વારા દો પ્રકાર કહા હૈ;...'** છે ને? બે છે ને? **'ઉસકા મૂલ સમ્યગ્દર્શન હૈ.'** દેખો! આ બધાનું મૂળિયું સમ્યગ્દર્શન છે. સમ્યગ્દર્શન ન હોય તો કોઈ ચીજ હોતી નથી.

**'ઉસકે બિના ધર્મકી ઉત્પત્તિ નહીં હોતી.'** સમ્યગ્દર્શન વિના ધર્મની ઉત્પત્તિ નથી. **'ઇસપ્રકાર દેવ-ગુરુ-ધર્મમેં તથા લોકમેં યથાર્થ દૃષ્ટિ હો ઔર મૂઢતા ન હો સો અમૂઢદૃષ્ટિ અંગ હૈ.'** એ ધર્મીનો ચોથો પ્રકાર-અંગ કહેવામાં આવે છે.

**'અપને આત્માકી શક્તિકો બઢાના સો ઉપબૃંહણ અંગ હૈ.'** પાંચમો બોલ. **'સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રકો અપને પુરુષાર્થ દ્વારા બઢાના હી ઉપબૃંહણ હૈ.'** પોતાનું સ્વરૂપ જ્ઞાન, દર્શન, આનંદ, વીર્યથી-પુરુષાર્થથી વધારવું એનું નામ સમકિતીનો પાંચમો ગુણ છે. ... **'ઇસે ઉપગૂહન ભી કહતે હૈં. ઉસકા ઐસા અર્થ જાનના ચાહિયે કિ-જિનમાર્ગ સ્વયંસિદ્ધ હૈ; ઉસમેં બાલકકે તથા અસમર્થ જનકે આશ્રયસે જો ન્યૂનતા હો....'** કોઈ બાળક કે વૃદ્ધ છે કે સાધારણમાં ફેરફાર હોય. પણ અનુભવ, સમકિતી, જ્ઞાની, ધર્મી (હોય). .... બીજા એ દોષને ધર્માત્મા ગોપવે. બહાર પાડવા એ તો વ્યવહારની વાત છે. પોતાના રાગને ગોપવે એટલે રાગ થવા દે નહિ, એ ઉપગૂહન છે. એ પાંચમો આચાર થયો.

**'જો ધર્મસે ચ્યૂત હોતા હો ઉસે દઢ કરના સો સ્થિતિકરણ અંગ હૈ.'** એ સમકિતીનું છઠ્ઠું

કિરણ અથવા ગુણ અથવા લક્ષણ અથવા આચરણ (છે). **'સ્વયં કર્મઉદયકે વશ હોકર કદાચિત્ શ્રદ્ધાનસે તથા ક્રિયા-આચારસે ચ્યુત હોતા હો તો અપનેકો પુરુષાર્થપૂર્વક પુનઃ શ્રદ્ધાનમેં દઢ કરેં,...'** પોતાને પણ પુરુષાર્થ વડે સમકિતમાં, ચારિત્રમાં ફેર થતો હોય તો દઢ કરવું એ સ્થિતિકરણ પોતાને માટે છે. **'ઉસીપ્રકાર અન્ય કોઈ ધર્માત્મા ધર્મસે ચ્યૂત હોતા હો તો ઉસે ઉપદેશાદિક દ્વારા ધર્મમેં સ્થાપિત કરે-વહ સ્થિતિકરણ અંગ હૈ.'** લ્યો.

વળી **'અરિહંત, સિદ્ધ, ઉનકે બિમ્બ, ચૈત્યાલય,...'** એટલે મંદિર **'ચતુર્વિધ સંઘ ઔર શાસ્ત્રમેં દાસત્વ હો-જૈસે સ્વામીકા ભૃત્ય દાસ હોતા હૈ તદ્નુસાર-વહાં વાત્સલ્ય અંગ હૈ.'** આનું નામ વાત્સલ્ય અંગ છે. ધર્મીજીવ અરિહંત, સિદ્ધના દાસ છે. વાત્સલ્ય છે ને? પ્રેમ છે. એના બિંબ, પ્રતિમાના દાસ હોય છે. ચૈત્યાલય-મંદિર અને ચતુર્વિધ સંઘ-સાધુ, આર્જિકા, શ્રાવક અને શ્રાવિકા. સમકિતી ધર્મીજીવ તેનો દાસ હોય છે. એની પાસે એની ઉદ્ધતાઈ હોય નહિ, એમ કહે છે.

**'ધર્મકે સ્થાનકો પર ઉપસર્ગાદિ આયેં ઉન્હેં અપની શક્તિ અનુસાર દૂર કરે,...'** લ્યો. ધર્મના સ્થાનમાં ઉપસર્ગ આદિ હોય તો પોતાની શક્તિ પ્રમાણે મટાડે. **'અપની શક્તિકો ન છિપાયે; - યહ સબ ધર્મમેં પ્રીતિ હો તબ હોતા હૈ.'** ધર્મમાં જેને પ્રેમ હોય એને આવા ભાવ આવે છે. કહો, સમજાણું? હવે રહ્યું પ્રભાવના. આઠમો બોલ.

**'ધર્મકા ઉદ્યોત કરના સો પ્રભાવના અંગ હૈ. રત્નત્રય દ્વારા અપને આત્માકા ઉદ્યોત કરના તથા દાન, તપ, પૂજા-વિધાન દ્વારા એવં વિદ્યા, અતિશય-ચમત્કારાદિ દ્વારા જિનધર્મકા ઉદ્યોત કરના...'** વ્યવહાર અને નિશ્ચય, બેય. પોતાનો શુદ્ધ સ્વભાવ પવિત્ર ધર્મની ખાણ (છે), એમાં એકાગ્રતાની વૃદ્ધિ કરવી. સમજાણું કાંઈ? પ્ર-ભાવના. પ્ર-વિશેષે, ભાવના-એકાગ્રતા. **'અપને આત્માકા ઉદ્યોત કરના...'** આત્માનો પ્રકાશ વિશેષ કરવો. ભગવાનઆત્મા ઝળહળ જ્યોતિ ચૈતન્ય, આનંદ એની પરિણતિમાં ઉદ્યોત પ્રકાશ વધારવો એ પ્રભાવના છે. બહારમાં દાન, તપ, પૂજા એવા વિધાન કરી (ઉદ્યોત કરવો). એ બહારનું રહી ગયું, પેલું પડ્યું રહ્યું. **'વિદ્યા, અતિશય-ચમત્કારાદિ દ્વારા જિનધર્મકા ઉદ્યોત કરના વહ પ્રભાવના અંગ હૈ.'**

**'ઇસપ્રકાર યહ સમ્યક્ત્વકે આઠ અંગ હૈં; જિસકે યહ પ્રગટ હોં ઉસકે સમ્યક્ત્વ હૈ ઐસા સમજના ચાહિયે.'** સમજાણું કાંઈ?

**'પ્રશ્ન :- યદિ યહ સમ્યક્ત્વકે ચિન્હ મિથ્યાદષ્ટિકે ભી દિખાઈ દેં તો સમ્યક્-મિથ્યાકા વિભાગ કૈસે હોગા?'** પ્રશ્ન છે. મિથ્યાદષ્ટિમાં પણ આવું હોય અને સમકિતમાં પણ આવું હોય તો અમારે એની જુદાઈ શી રીતે કરવી? જુદા શી રીતે પાડવા? વિભાગ શી રીતે કરવો?

**'સમાધાન :- જૈસે સમ્યક્ત્વીકે હોતે હૈં વૈસે મિથ્યાત્વીકે તો કદાપિ નહીં હોતે, તથાપિ અપરીક્ષકકો સમાન દિખાઈ દેં...'** પરીક્ષા નથી આવડતી એને બધા સરખા લાગે. મિથ્યાદષ્ટિ દાન, પ્રભાવના ... સમ્યગ્દષ્ટિ બેયની સરખી લાગે. **'પરીક્ષા કરકે ભેદ જાના જા સકતા હૈ.'** પરીક્ષા કરે તો બેયની જુદાઈ જણાય.

**'પરીક્ષામેં અપના સ્વાનુભવ પ્રધાન હૈ.'** પોતાનો અનુભવ એ મુખ્ય છે. આહા..! **'સર્વજ્ઞકે આગમમેં જૈસા આત્માકા અનુભવ હોના કહા હૈ વૈસા સ્વયંકો હો તો ઉસકે હોનેસે અપની વચન કાયકી પ્રવૃત્તિ ભી તદ્નુસાર હોતી હૈ, ઉસ પ્રવૃત્તિ અનુસાર અન્યકી ભી વચન કાયકી પ્રવૃત્તિ પહચાની જાતી હૈ; - ઇસપ્રકાર પરીક્ષા કરનેસે વિભાગ હોતે હૈં.'** એવી પરીક્ષાથી બેની જુદાઈનું ભાન થાય. કહો, સમજાણું કાંઈ?

**'તથા યહ વ્યવહાર માર્ગ હૈ,...'** જ્ઞાનથી નિર્ણય કરવો એ વ્યવહાર માર્ગ છે. **'ઇસલિયે વ્યવહારી છદ્મસ્થ જીવોંકે અપને જ્ઞાનકે અનુસાર પ્રવૃત્તિ હૈ;...'** જ્ઞાનમાં આવે ઇ પ્રમાણે પ્રવૃત્તિ છે. **'યથાર્થ સર્વજ્ઞદેવ જાનતે હૈં.'** ક્ષણ ક્ષણમાં કોઈ પલટો ખાઈ જાય તો એનું જ્ઞાન કંઈ છદ્મસ્થને હોતું નથી. સમજાણું કાંઈ? અજ્ઞાનીની બહારમાં એવી ને એવી શ્રદ્ધા દેખાય અને અંદરમાં મિથ્યાત્વના ભાવ-પરને પોતાનું માનવાનું થઈ જાય, સૂક્ષ્મ એક સમયમાત્ર, એ તો સર્વજ્ઞ જાણે. સાધારણ છદ્મસ્થને જાણી શકે નહિ. એનું કંઈ કામ નથી, એમ કહે છે. **'વ્યવહારીકો સર્વજ્ઞદેવને વ્યવહારકા હી આશ્રય બતલાયા હૈ.'** જ્ઞાનમાં પ્રમાણમાં એને આવે એ પ્રમાણે એણે નિર્ણય કરવો.

**'યહ અંતરંગ સમ્યક્ત્વભાવરૂપ સમ્યક્ત્વ હૈ વહી સમ્યગ્દર્શન હૈ,...'** અંતરંગ તો સમ્યક્ત્વભાવરૂપ સમ્યક્ત્વ એ સમ્યગ્દર્શન છે. શુદ્ધ ભગવાન પવિત્રની પ્રતીતિનું જ્ઞાન ને ભાન (થાય) એમાં એને સમ્યગ્દર્શન કહેવામાં આવે છે. **'બાહ્યદર્શન,...'** લ્યો, હવે બાહ્યદર્શન. આવે છે ને? ... **'વ્રત, સમિતિ, ગુપ્તિરૂપ ચારિત્ર ઔર તપસહિત અઠ્ઠાઈસ મૂલગુણ સહિત નગ્ન દિગમ્બર મુદ્રા ઉસકી મૂર્તિ હૈ, ઉસે જિનદર્શન કહતે હૈં.'** સમજાણું કાંઈ?

**'ઇસપ્રકાર ધર્મકા મૂલ સમ્યગ્દર્શન જાનકર...'** લ્યો. ધર્મનું મૂળ સમ્યગ્દર્શન જાણવું. **'સમ્યગ્દર્શનરહિત હૈં ઉનકે વંદન-પૂજનકા નિષેધ કિયા હૈ. -ઐસા યહ ઉપદેશ ભવ્ય જીવોંકો અંગીકાર કરને યોગ્ય હૈ.'** લ્યો! બીજી ગાથાનો અર્થ ઘણા દિ' ચાલ્યો. પાંચમથી શરૂ થયું છે. પહેલી ગાથાથી. આઠ દિ' થયા. ... કહો, સમજાણું કાંઈ?

બધી સમજવાની વાત છે. મૂઢતા છોડવાની. મૂળ સમ્યગ્દર્શનના જ જ્યાં ઠેકાણા નથી ત્યાં એકેય ધર્મ હોતો નથી. તેથી મૂળ લીધો છે એને. ભલે બહારના આચરણમાં વિશેષ હોય. અપવાસમાં વિશેષ હોય, ઓળી ને આંબેલ બહુ કરતા હોય. સમજાણું? એક ઠેકાણે રહેતા ન હોય, વિહાર બહુ કરતા હોય, એની કંઈ વિશેષતા નથી. વસ્તુની સ્થિતિની પ્રતીત ને અનુભવ કેવો છે એ ઉપર આખું જૈનદર્શનનું મૂળિયું છે. સમજાણું કાંઈ?

अब कहते हैं कि – अंतरंगसम्यग्दर्शन बिना बाह्यचारित्रसे निर्वाण नहीं होता–

## ગાથા-૩

दंसणभट्ठा भट्ठा दंसणभट्ठस्स णत्थि णिव्वाणं।
सिज्झंति चरियभट्ठा दंसणभट्ठा ण सिज्झंति।।३।।

दर्शनभ्रष्टाः भ्रष्टाः दर्शनभ्रष्टस्य नास्ति निर्वाणम्।
सिध्यन्ति चारित्रभ्रष्टाः दर्शनभ्रष्टा न सिध्यन्ति।।३।।

દગ્ભ્રષ્ટ જીવો ભ્રષ્ટ છે, દૃગ્ભ્રષ્ટનો નહિ મોક્ષ છે;
ચારિત્રભ્રષ્ટ મુકાય છે, દગ્ભ્રષ્ટ નહિ મુક્તિ લહે. ૩.

अर्थ :– जो पुरुष दर्शनसे भ्रष्ट हैं वे भ्रष्ट हैं; जो दर्शनसे भ्रष्ट हैं उनको निर्वाण नहीं होता; क्योंकि यह प्रसिद्ध है कि जो चारित्रसे भ्रष्ट हैं वे तो सिद्धिको प्राप्त होते हैं परन्तु जो दर्शनभ्रष्ट हैं वे सिद्धिको प्राप्त नहीं होते।

भावार्थ :– जो जिनमतकी श्रद्धासे भ्रष्ट हैं उन्हें भ्रष्ट कहते हैं; और जो श्रद्धासे भ्रष्ट नहीं है, किन्तु कदाचित् कर्मके उदयसे चारित्रभ्रष्ट हुये हैं उन्हें भ्रष्ट नहीं कहते; क्योंकि जो दर्शनसे भ्रष्ट हैं उनहें निर्वाणकी प्राप्ति नहीं होती; जो चारित्रसे भ्रष्ट होते हैं और श्रद्धानदृढ़ रहते हैं उनके तो शीघ्र ही पुनः चारित्रका ग्रहण होता है और मोक्ष होता है। तथा दर्शन – श्रद्धासे भ्रष्ट होय उसके फिर चारित्रका ग्रहण कठिन होता है इसलिये निर्वाणकी प्राप्ति दुर्लभ होती है। जैसे – वृक्षकी शाखा आदि कट जायें और जड़ बनी रहे तो शाखा आदि शीघ्र ही पुनः उग आयेंगे और फल लगेंगे, किन्तु जड़ उखड़ जाने पर शाखा आदि कैसे होंगे? उसीप्रकार धर्मका मूल दर्शन जानना।।३।।

---

## ગાથા-૩ ઉપર પ્રવચન

'અબ કહતે હૈં કિ-અંતરંગસમ્યગ્દર્શન બિના બાહ્યચારિત્રસે નિર્વાણ નહીં હોતા :-' જ્યાં અંતર ભગવાનઆત્મા શુદ્ધનું શુદ્ધપણું પ્રગટ થયું નથી. સમ્યગ્દર્શનમાં શુદ્ધતાની પ્રગટ દશા થાય છે, મિથ્યાત્વમાં શુદ્ધતાની પ્રગટ દશા હોતી નથી. અશુદ્ધતાનો પ્રગટ અનુભવ અને અશુદ્ધતા હોય છે. એ સમ્યક્ શુદ્ધતા વિના બાહ્ય ચારિત્ર એટલે ક્રિયાકાંડના શુભભાવ આદિ એનાથી 'નિર્વાણ નહીં હોતા.' એનાથી કંઈ મુક્તિ થતી નથી.

'दंसणभट्टा भट्टा' લ્યો! એ ગાથા શેની આવી?

**दंसणभट्ठा भट्ठा दंसणभट्ठस्स णत्थि णिव्वाणं।**
**सिज्झंति चरियभट्ठा दंसणभट्ठा ण सिज्झंति।।३।।**

**આ 'કુંદકુંદાચાર્ય'ની ગાથા (છે).**

અર્થ :- 'જો પુરુષ દર્શનસે ભ્રષ્ટ હૈં...' આવું જે જૈનદર્શન, એની શ્રદ્ધાથી જે ભ્રષ્ટ છે... સમજાણું કાંઈ? વીતરાગી અંતર ભાવ દર્શન, જ્ઞાન, ચારિત્રનો વીતરાગી લિંગ નગ્ન દિગંબર જૈનદર્શન. એવા દર્શનથી ભ્રષ્ટ છે તે સમ્યગ્દર્શનથી ભ્રષ્ટ છે. સમજાણું કાંઈ? **'જો દર્શનસે ભ્રષ્ટ હૈં ઉનકો નિર્વાણ નહીં હોતા;...'** દર્શનથી ભ્રષ્ટ છે તે ભ્રષ્ટ છે. તે જ ખરો ભ્રષ્ટ છે. જે દર્શનથી ભ્રષ્ટ છે તેને મુક્તિ નથી.

**'ક્યોંકિ યહ પ્રસિદ્ધ હૈ કિ જો ચારિત્રસે ભ્રષ્ટ હૈ વે તો સિદ્ધિકો પ્રાપ્ત હોતે હૈં...'** ચારિત્રથી ભ્રષ્ટ છે એ તો સમકિતીને ખ્યાલમાં હોય છે કે ચારિત્ર નથી, અચારિત્ર છે. એટલે એના શ્રદ્ધા, જ્ઞાનમાં ચારિત્રથી ભ્રષ્ટ ભલે માને, ચારિત્ર નથી, પણ એની શ્રદ્ધાથી ભ્રષ્ટ થયો નથી. એ ચારિત્રથી ભ્રષ્ટને ખરેખર ભ્રષ્ટ કહેવામાં આવતો નથી. આહાહા..! લોકોનું આખું વલણ બહારનું. વ્રતની ક્રિયાથી ભ્રષ્ટ હોય એટલે થઈ રહ્યું, ભ્રષ્ટ થઈ ગયો, જાઓ! અહીં કહે છે કે ચારિત્રથી ભ્રષ્ટ હોય પણ દર્શનથી ભ્રષ્ટ ન હોય તો એ '**सिज्झंति**' અલ્પકાળમાં કેવળજ્ઞાન લેશે. સમજાણું કાંઈ?

**'જો દર્શનભ્રષ્ટ હોતે હૈં વે સિદ્ધિકો પ્રાપ્ત નહીં હોતે.'** ભગવાન 'કુંદકુંદાચાર્ય'ની આ ત્રીજી ગાથા, લ્યો. જો જિનમતકી શ્રદ્ધાસે ભ્રષ્ટ હૈં, છે ને? પહેલામાં કહ્યું હતું ને? મત, ધર્મનો મત. ધર્મની મૂર્તિ ને ધર્મનો મત. જિનમત એટલે આ. મોક્ષમાર્ગી જીવ સાધુ અને એનો ભેખ અને પંચમહાવ્રતના વિકલ્પ, એ જિનવ્યવહાર એ .. દર્શન છે.

**ભાવાર્થ :- 'જો જિનમતકી શ્રદ્ધાસે ભ્રષ્ટ હૈં ઉન્હેં ભ્રષ્ટ કહતે હૈં;...' એને ભ્રષ્ટ કહેવામાં આવે છે. 'ઔર શ્રદ્ધાસે ભ્રષ્ટ નહીં હૈ, કિન્તુ કદાચિત્ કર્મકે ઉદયસે ચારિત્રભ્રષ્ટ હુએ હૈં...'** ઉદયથી એટલે પુરુષાર્થની (નબળાઈથી). સમજાણું કાંઈ? 'માધવમુનિ' હતા ને? 'માધવ' ને? 'માઘનંદી.. માઘનંદી'. મહા ભાવલિંગી સાધુ. એક ઠેકાણે ગયા ને ઊભા રહ્યા. .. બાઈ કુંભારની છોડી હતી. કુંવારી. એ એના વાસણ પલ્લે એટલે આમ ઓલી થતી હતી. ... એ પછી કુંભારને પરણ્યા. સાધુ ચારિત્રથી ભ્રષ્ટ થયા પણ શ્રદ્ધાથી ભ્રષ્ટ નહોતા. સમજાણું કાંઈ? સંઘમાં કોઈ સૂક્ષ્મ પ્રશ્ન ઉઠ્યો. એનો ખુલાસો આવડ્યો નહિ. માણસને મોકલ્યો, જાવ ત્યાં. કુંભારને ઘરે એના વાસણ સાજા રહી ગયા. છે ને? વાસણ કરે છે. જાય છે જ્યાં પૂછે છે, હેં! સંઘમાં હજી મારી શ્રદ્ધા-જ્ઞાનની કિંમત છે! વસ્તુસ્થિતિ છે એ તો એમ રહેશે. એકદમ.. મોર પીંછી, કમંડળ પડ્યા હતા. પાછા મુનિ થઈ ગયા. સમજાણું કાંઈ?

દર્શનથી ભ્રષ્ટ હોય તેને ભ્રષ્ટ કહીએ, ચારિત્રથી ભ્રષ્ટ હોય એને ભ્રષ્ટ ન કહીએ. એમ છે ને? '**सिज्झंति चरियभट्ठा**'. ખુલાસો એવો કર્યો. ચારિત્રથી ભ્રષ્ટને ભ્રષ્ટ નહિ કહીએ. એનો

અર્થ ભ્રષ્ટ તો છે પણ એને ઠેકાણે પડી જશે, એમ છે. પાઠમાં તો આટલું છે ને? '**दंसणभट्टा भट्टा दंसणभट्टस्स... सिज्झंति चरियभट्टा**' ભ્રષ્ટનું આમાંથી કાઢ્યું. ભ્રષ્ટ નથી, એમ કહે છે. પણ ચારિત્રથી ભ્રષ્ટ થયા છતાં એ ભ્રષ્ટ નથી એટલે? શ્રદ્ધાથી ભ્રષ્ટ નથી એટલે એને ચારિત્રથી ભ્રષ્ટ થતાં એને ખરેખર ભ્રષ્ટ કહેવામાં આવતા નથી. એમ ખુલાસો છે. '**दंसणभट्टा भट्टा**' એમ છે ને? સમકિતથી ભ્રષ્ટ તે ભ્રષ્ટ (છે). એનો અર્થ ચારિત્રથી ભ્રષ્ટ તે ભ્રષ્ટ નહિ, એમ અર્થ કાઢ્યો. એમાંથી કાઢ્યો. બાકી ભ્રષ્ટ તો ચારિત્રથી તો છે પણ એની દૃષ્ટિમાં-શ્રદ્ધામાં ખ્યાલ છે કે હું ચારિત્રથી ભ્રષ્ટ છું, એટલે એની દૃષ્ટિમાં બચાવ નથી કરતો કે ના, ના, એમાં શું છે? ચારિત્ર નથી, મારામાં દોષ છે. એને શ્રદ્ધા ભ્રષ્ટ નથી. એને સુધરવાનો અવસર છે પણ શ્રદ્ધાભ્રષ્ટ છે એને સુધરવાનો અવસર નથી. વિશેષ કહેશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## પ્રવચન નં. ૯, ગાથા-૩, બુધવાર, જેઠ સુદ ૧૩, તા. ૧૭-૦૬-૧૯૭૦

'અષ્ટ પાહુડ'. 'દર્શન પાહુડ'ની ત્રીજી ગાથા. ત્રીજી. ત્રીજી.

**ભાવાર્થ :- 'जो जिनमतकी श्रद्धासे भ्रष्ट हैं उन्हें भ्रष्ट कहते हैं;...'** આ સમ્યગ્દર્શનનું જોર બતાવવું છે. જિનમતની શ્રદ્ધા અથવા... જિનમતનું આવ્યું છે ને? જેની મુદ્રા નિર્ગ્રંથ... બાહ્યમાં દિગંબર છે. અંદરમાં પણ દર્શન, જ્ઞાન, ચારિત્રની વીતરાગ મુદ્રા અંદર પ્રગટી છે. એને અહીં જૈનમત કહેવામાં આવે છે. એ જૈનદર્શન છે. અંતર સ્વરૂપ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર અને પંચમહાવ્રતના વિકલ્પો આદિ હોય, નગ્ન દિગંબર દશા (હોય) એ જૈનદર્શન (છે). એનાથી જે ભ્રષ્ટ છે તે ભ્રષ્ટ છે. બે વાર લીધું છે ને ? '**दंसणभट्टा भट्टा**'. જોર તો ત્યાં દેવું છે.

**'और जो श्रद्धासे भ्रष्ट नहीं है,...'** સમ્યગ્દર્શનથી ભ્રષ્ટ નથી. એટલે? કે આત્માની ઉપલબ્ધિ અનુભવ છે. સમજાય છે કાંઈ? વિષયમાં સુખબુદ્ધિ નથી. બ્રહ્મચર્ય ઘણું કરે છે પણ એમાં એને હિતબુદ્ધિ કે સુખબુદ્ધિ નથી. **'जो श्रद्धासे भ्रष्ट नहीं है, किन्तु कदाचित् कर्मके उदयसे चारित्रभ्रष्ट हुए हैं...'** કદાચિત્ ચારિત્ર હો અને એ રીતે ચારિત્રની દશા મુનિની વીતરાગી દશા દિગંબર મુદ્રા એ રીતની ન રહી શકે. કર્મનો ઉદય તો નિમિત્ત લીધું છે પણ પુરુષાર્થની નબળાઈને લઈને ચારિત્રમાં ન રહી શકે. **'उन्हें भ्रष्ट नहीं कहते;...'** એ તો તપશ્ચર્યા-બપશ્ચર્યાની બાકી ખરેખર '**सिज्झंति चरियभट्टा**' એમ લીધું છે ને? ચારિત્ર ભ્રષ્ટ છે પણ દર્શન (ભ્રષ્ટ) છે ઇ ભ્રષ્ટમાં ભ્રષ્ટ છે. સમજાય છે કાંઈ? વીતરાગસ્વરૂપી આત્મા, એની દૃષ્ટિ, જ્ઞાન ને રમણતા એ તો યથાર્થ એ તો એ જાતની અંદર પ્રતીતિ, અનુભવ તો યથાર્થ છે. સમજાય છે કાંઈ? પણ ચારિત્રની દશા (ન રહી). (આવા માર્ગની) શ્રદ્ધા યથાર્થ કહેવામાં આવી. દર્શન, જ્ઞાન, ચારિત્ર વીતરાગી પર્યાય હોય એવા માર્ગની શ્રદ્ધા સમ્યગ્દર્શનના અનુભવમાં છે. અને સ્વરૂપ આચરણનો આનંદ અને સ્વરૂપ આચરણનું ચારિત્ર પણ છે. એ અહીં ચારિત્ર ગણવું નથી.

સમજાય છે કાંઈ?

સમ્યગ્દર્શનથી કદાચિત્ ભ્રષ્ટ થયો નથી એટલે કે અનુભવમાં આનંદ સ્વરૂપ છે, આત્મા ધ્યેય દૃષ્ટિમાં છે, એને સ્વરૂપનું આચરણ સમ્યગ્દર્શન ને સ્વસંવેદનજ્ઞાન વર્તે છે તો એ સમ્યક્થી ભ્રષ્ટ નથી. ભલે ચારિત્રભ્રષ્ટ હો. સમજાણું કાંઈ? બ્રહ્મચર્ય આદિમાં દોષ લાગતો હોય, ચારિત્ર ન હોય. તો કહે છે કે એને ભ્રષ્ટ કહીએ નહિ. એમ અહીં તો છે. વધારે તો ઇ ચાલતું હતું.

અહીં તો '**भ्रष्ट नहीं कहते;...**' એમ છે ને? મૂળ ભ્રષ્ટ નથી. મૂળ તો આમ ભ્રષ્ટ તો છે પણ '**सिज्झंति चरियभट्टा**' પાછું બીજા પદમાં લીધું છે ને? ચારિત્ર ભ્રષ્ટ છે, પણ મૂળ ભ્રષ્ટ નથી. મૂળ એટલે? ચારિત્ર આવું જ હોય, સમ્યગ્દર્શનનો અનુભવ, આત્માના અનુભવની દશા, આનંદના સ્વસંવેદનની પ્રાપ્તિ, એનાથી ભ્રષ્ટ નથી. 'દેવચંદજી'! સમજાય છે કાંઈ? '**उन्हें भ्रष्ट नहीं कहते;...**' કહે છે. બ્રહ્મચર્યનો .. અને ચારિત્રનો નાશ થાય. સમજાણું કાંઈ? પણ સમ્યગ્દર્શનથી ભ્રષ્ટ નથી તો અહીં કહે છે કે એને ખરેખર ભ્રષ્ટ કહેવાય નહિ. ભ્રષ્ટ છે ખરો, પણ ખરેખર એટલે મૂળમાં ભ્રષ્ટ થઈ ગયો છે એમ નથી. એના અંતરમાં અનુભવમાં પ્રતીતિ વર્તે છે કે ચારિત્ર તો આવું હોય. વીતરાગી ચારિત્ર દિગંબર મુદ્રા- દશા, સમજાય છે કાંઈ? ત્રણ કષાયનો અભાવ એ ચારિત્ર છે. એવી પ્રતીતિ અને અનુભવમાં અંતર વર્તે છે. અને જેનું ધ્યેય વિષય નથી. છતાં વિષયથી પડી ગયો છે, ચારિત્રથી. સમજાણું કાંઈ? ધ્યેય વિષય નથી. ધ્યેય તો દ્રવ્ય સ્વભાવ આનંદ છે તે ધ્યેય છે. એ ધ્યેય છૂટતું નથી. પંડિતજી!

કહે છે, '**जो श्रद्धासे भ्रष्ट नहीं है, किन्तु कदाचित् कर्मके उदयसे चारित्रभ्रष्ट हुए हैं उन्हें भ्रष्ट नहीं कहते;...**' અંદર અસ્થિરતા થઈ ગઈ છે પણ છતાં એ ખરેખર પ્રતીત અને સમ્યક્ અનુભવમાં આત્માની પ્રાપ્તિ છે એમાં એને સંદેહ નથી કે હું ચારિત્રવંત છું. એવો સંદેહ નથી. સંદેહ નીકળી ગયો છે. નિઃસંદેહ હું ચારિત્રરહિત છું. સમજાણું કાંઈ? નીચે આવું લખાણ છે, જુઓ!

મુમુક્ષુ :- અહીંયાં તો આવું છે.

ઉત્તર :- એમને પણ ક્યાં ખબર છે?

અહીં કહે છે, મૂળ સાજુ છે ને? ઝાડના પાંદડા-બાંદડા તૂટી ગયા છે. પણ મૂળ સાજુ છે તો પાછા પાંદડા ઊગવાના, પાંગરી જશે. પણ જેના પાંદડા રહ્યા અને મૂળ નાશ થયું એ તો પાંદડા સૂકાઈ જશે. એમ જેનું મૂળ ચૈતન્યદ્રવ્ય જ્યાં ધ્યેયમાં છે, પૂર્ણ આનંદની નિર્વિકલ્પ પ્રતીતિ અને અનુભવ છે, એવી અનુભવદશાનું મૂળિયું સમ્યગ્દર્શન સાચું છે. સમજાય છે કાંઈ? એમાં વિષયનો ત્યાગ કર્યો હતો, ચારિત્ર હતું અને ચારિત્રથી કદાચિત્ ભ્રષ્ટ થાય. 'શ્રેણિકરાજા' જેવાને ચારિત્ર નહોતું. અહીં સમકિત હતું. તોપણ કહે છે કે એ દર્શનભ્રષ્ટ નથી માટે ભ્રષ્ટ નથી. ચારિત્રભ્રષ્ટ કદાચિત્ થાય એથી એને ભ્રષ્ટમાં ભ્રષ્ટ છે એમ ન કહેવાય. સમજાણું કાંઈ? લોકોનું આખું વલણ બીજું છે. બાહ્યના વ્રત ને ત્યાગનું આખું વજન છે. એ વજન ખોટું છે એમ બતાવવું છે.

'પંચાધ્યાયી'માં લીધું છે. નહિ? સમકિતના અધિકારમાં બહુ લીધું છે. દર્શનમોહનો ઉદય નથી, જ્યાં સમ્યગ્દર્શન છે એ ચારિત્રમોહનો ઉદય હોય અને સમકિતને દોષ કરે એ એક ગુણનું બીજો ગુણ કાર્ય કરે એમ બની શકે નહિ. બહુ લાંબી વાત છે. આંખનો દાખલો આપ્યો છે. એક આંખ બગડી માટે બીજી આંખમાં બગાડો થાય જ અને બગડે છે એમ હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? એક આંખ બગડી તેથી બીજી આંખ બગડી છે એમ છે? એમ ચારિત્રમાં સ્વરૂપની રમણતા ઉગ્રપણે જે સ્થિરતાની, આનંદદશાની ઉગ્રતા હતી એનાથી ખસી ગયો છે, પણ સમ્યગ્દર્શનમાંથી ખસ્યો નથી, તો એને ભ્રષ્ટ ખરેખર કહેવામાં આવતો નથી. આવું છે. મૂળ માર્ગ હાથમાં રાખીને મૂળિયું હાથમાં રાખ્યું છે. આહાહા..! અંતર-બાહ્ય પડ્યા. કહે છે કે, ઇ જૈનદર્શનથી ભ્રષ્ટ થયા. પછી ભલે એ મહાવ્રત અને બહારની ક્રિયા હોય પણ એ ભ્રષ્ટમાં ભ્રષ્ટ છે, એમ કહે છે.

અહીં બાહ્ય ક્રિયાનું લીધું ને? અંતરંગ સમ્યગ્દર્શન વિના બાહ્ય ચારિત્ર પંચમહાવ્રતના પરિણામની ક્રિયા તો કરતા હતા. સંપ્રદાયમાંથી છૂટ્યા.. સમજાણું કાંઈ? અનાદિ સનાતન દિગંબર દર્શન જે હતું એમાંથી છૂટ્યા અને બીજો સંપ્રદાય ઊભો કર્યો. બહારની ક્રિયાકાંડ અને વ્યવહારના વ્રતાદિ એ જાતના હતા પણ સાચી શ્રદ્ધાથી ભ્રષ્ટ થયા, એ ભ્રષ્ટમાં ભ્રષ્ટ છે, કહે છે. સમજાણું કાંઈ? અને જેને એ દૃષ્ટિ, દિગંબર દર્શન યથાર્થ ત્રણ કષાયનો અભાવ એ મુનિપણું, એ જ દર્શન છે, એ જ જૈનદર્શનનું મૂળિયું છે એવી જેને અંતર સમ્યગ્દર્શનની શ્રદ્ધા અનુભવ પ્રાપ્ત થઈ છે, આનંદના અનુભવનું વેદન પણ ચાલુ છે, એમ કહે છે. છતાં એ ચારિત્રની દશા જે ઉગ્ર હતી એમાંથી નીચે આવી ગયા તો એને ભ્રષ્ટમાં ભ્રષ્ટ છે એમ ન કહીએ, એમ કહે છે. સમજાણું કાંઈ? અને બહારમાં પાંચ મહાવ્રત ને ક્રિયાકાંડ બરાબર રાખતા હોય, નગ્ન મુનિ થઈ, દિગંબર થઈને પંચમહાવ્રત, અઠ્યાવીસ મૂળગુણ (પાળતા હોય) પણ અંદર સમ્યગ્દર્શનથી ભ્રષ્ટ છે. એ રાગના પરિણામથી ધર્મ થાય, રાગની એકતા છે અને એનાથી ધર્મ થાય એવી માન્યતા છે, કહે છે કે એ દર્શનભ્રષ્ટ છે પછી ચારિત્રના બહારના વ્રતના વ્યવહાર ભલે હો પણ એ દર્શનથી ભ્રષ્ટ છે ઇ ભ્રષ્ટમાં ભ્રષ્ટ છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'ક્યોંકિ જો દર્શનસે ભ્રષ્ટ હૈં ઉન્હેં નિર્વાણકી પ્રાપ્તિ નહીં હોતી;...'** સમ્યગ્દર્શનથી ભ્રષ્ટ છે એની મુક્તિ થતી નથી. સમજાણું કાંઈ? '**सिज्झंति चरियभट्ठा**' ભાષા જુઓને. ચારિત્રભ્રષ્ટ સિદ્ધ થશે. કારણ કે એની દૃષ્ટિમાં, અનુભવમાં ચારિત્ર આવું હોય એ ચારિત્ર મારી પાસે નથી પણ સમ્યગ્દર્શનની ભૂમિકામાં દૃઢ ચારિત્રની આવી દશા હોય એવી શ્રદ્ધા ને જ્ઞાન એને વર્તે છે. અને અનુભવ આત્માના પૂર્ણ સ્વરૂપની પ્રતીત ને દૃઢતા સમ્યક્‌ની પાકી વર્તે છે.

તો કહે છે, **'જો ચારિત્રસે ભ્રષ્ટ હોતે હૈં ઔર શ્રદ્ધાન દૃઢ રહતે હૈં...'** શ્રદ્ધા એટલે આની, હોં! પાછી પેલી શ્રદ્ધા એકલી એમ નહિ. સ્વરૂપની પ્રાપ્તિની પ્રતીતિ અને સ્વરૂપનો અનુભવ (છે) એમાં વિષયના સુખની બુદ્ધિ (તથા) પ્રેમ જરીયે નથી. સમજાણું કાંઈ? વિષયનો અશુભરાગ, ભોગ એમાં પ્રેમ નથી, રુચિ નથી પણ એ પરિણામ આવ્યા તેથી એ ચારિત્રથી ભ્રષ્ટ થયો. પણ

છતાં એ ચારિત્રથી ભ્રષ્ટ થયો એ સિઝશે, એની મુક્તિ થશે. કેમકે એના પ્રતીત અને અનુભવમાં છે કે અરે..! આ વાત આમ ન હોય. હેં? કંઈ બચાવ કરે કે એમાં વાંધો શું છે? ચારિત્ર ન હોય તો. સમજાય છે? એમ નથી. બચાવ કરતો નથી. પુરુષાર્થની નબળાઈને લઈને ચારિત્રની દશા કરી શકતો નથી કે ચારિત્રની દશા હતી એનાથી ખસી ગયો છે. બેય.

'શ્રેણિકરાજા' એ નાખ્યો હતો. શું કહેવાય? 'શ્રેણિકરાજા'ને ચારિત્ર નહોતું. સમ્યગ્દર્શન દઢ પાકું હતું. તીર્થંકર થશે. અત્યારે નરકમાં ગયા છે, ભવિષ્યમાં થશે. મિથ્યાદષ્ટિ દર્શનથી ભ્રષ્ટ છે એ પંચમહાવ્રતઆદિ પાળતો હોય પણ ક્રમે ક્રમે નરક ને નિગોદમાં જવાના છે. સમજાણું કાંઈ? .... દર્શનપાહુડમાં.

**'ચારિત્રસે ભ્રષ્ટ હોતે હૈં...'** અંદર ચારિત્રથી ભ્રષ્ટ હોય. સ્વરૂપની સ્થિરતાથી. ત્યાં તો બાહ્યથી ચારિત્ર ભ્રષ્ટ હોય તેમ લીધું છે પણ અંતરથી ભ્રષ્ટ હોય **'ઔર શ્રદ્ધાનદઢ રહતે હૈં...'** પાકી પ્રતીતિ અનુભવમાં (રહે). ઓ..હો...! આત્મા તો પૂર્ણાનંદ પૂર્ણ કેવળજ્ઞાન ને કેવળઆનંદને પ્રગટ કરવાની ખાણ છે. એમાંથી આનંદ અને શાંતિ પ્રગટ થશે. વિષયસુખમાં શાંતિ છે નહિ. સમજાણું કાંઈ? આહાહા..! જગતને આ સમજવું...

'માધવ' શું કીધું ઇ? 'માઘનંદી'ની વાત નથી? જ્ઞાન પાકું હતું એટલે સમ્યગ્દર્શન હતું, હોં! જ્ઞાન એટલે એકલું જ્ઞાન એમેય નહિ. એકલું જ્ઞાન તો.. આગળ કહેશે, ચોથામાં જ કહે છે, જુઓને. ... એકલું જ્ઞાન એટલે સમ્યગ્દર્શનવાળું જ્ઞાન નહિ. એકલું જ્ઞાન. પણ જેને સમ્યગ્દર્શન સહિતનું જ્ઞાન છે એ ચારિત્રથી કદાચિત્ ભ્રષ્ટ થયો છે તો પણ એ ચારિત્રમાં આવી જશે. સમજાણું કાંઈ? જ્ઞાનસહિતની વાત ત્યાં લીધી છે ને? જ્ઞાનમાં શીલ ન હોય. શીલ એટલે? મિથ્યાત્વ ને રાગ-દ્વેષના અભાવરૂપી અંદર આચરણ ન હોય. એ જ્ઞાન જ્ઞાન જ નથી. એની સાથે સમ્યગ્દર્શન છે. સમજાણું કાંઈ? એકલું જ્ઞાન.. દાખલો આપ્યો છે ને એનો? રુદ્ર-શંકર. નવ પૂર્વનો ભણેલો, અગિયાર અંગનો ભણેલો. જ્ઞાન હતું. પણ એ જ્ઞાન કેવું? સમકિત સહિતનું નહિ. આહાહા...! સમજાણું કાંઈ? વિષયમાં ભ્રષ્ટ થઈને ગતિ બદલી ગઈ.

જેને જ્ઞાન સમ્યગ્દર્શન સહિતનું ભાન છે, આત્મા નિર્વિકલ્પ અનુભવ આનંદનો કંદ છે, એમાં રાગની અંશની ગંધ નથી. અને આત્મા સિવાય સુખ અને શાંતિ ત્રણકાળ ત્રણલોકમાં પુણ્યના ભાવમાં પણ સુખ ને શાંતિ નથી. એવી દઢ અનુભવદષ્ટિ હો, વર્તતી હોય એને અહીંયાં શ્રદ્ધ દઢ રહે એમ કહેવામાં આવે છે.

**'ઉનેક તો શીઘ્ર હી પુનઃ ચારિત્રકા ગ્રહણ હોતા હૈ...'** જેની શ્રદ્ધામાં દઢતા છે કે ચારિત્ર તો આવું હોય પણ મારી પાસે ચારિત્ર નથી. હું સમ્યગ્દર્શન ને જ્ઞાનમાં પાકો દઢ છું. એવો જેને અનુભવ વર્તે છે એ ચારિત્રથી કહે છે, પડી ગયો હોય કે ચારિત્ર વર્તમાનમાં હોય નહિ. તો પણ સિદ્ધ નથી, ચારિત્ર છે, પુનઃ શબ્દ પડ્યો છે ને? પુનઃ એટલે જાણે ચારિત્ર હતું અને પડ્યો એટલે પુનઃ એમ લીધું છે. અર્થમાં તો ભાઈએ લીધું છે. સમજાણું કાંઈ? આહાહા..! આત્માના આનંદની રમતું એમાંથી છૂટી ગયો, કહે છે. રમતમાંથી. પણ છતાં એની રમતની પ્રીતિ, રુચિ જે આનંદમાં

છે એ વૃત્તિ અને એ શ્રદ્ધા છૂટી નથી. સમજાણું કાંઈ? આહાહા..! દર્શન પાહુડની ત્રીજી ગાથા. **'પુનઃ ચારિત્રકા ગ્રહણ હોતા હૈ ઔર મોક્ષ હોતા હૈ...'** ચારિત્ર હતું અને ચારિત્રથી પડી ગયા, ચારિત્રથી રહિત થઈ ગયા. પણ સમ્યગ્દર્શન દઢ રહ્યું. સમ્યગ્દર્શન એટલે આમ એકલી શ્રદ્ધા એમ નહિ. વસ્તુ અખંડ આનંદની મૂર્તિ છે એની સ્વસંવેદનજ્ઞાન સહિત સ્વરૂપની પ્રતીતિ વેદન સહિત, એ દઢ શ્રદ્ધા જો રહી **'તો શીઘ્ર હી પુનઃ ચારિત્રકા ગ્રહણ હોતા હૈ...'** ફરીને ચારિત્ર લેશે અને મોક્ષ જશે. સમજાણું કાંઈ? આચાર્ય પોતે અહીં કહે છે, જુઓ!

'મૂલાચાર'માં કહ્યું છે ને? 'મૂલાચાર'માં. નહિ? ધર્મી કુસંગીનો સંગ કરીશ નહિ. એ તને લાકડા ઊંધા બેસાડી દેશે. એનો તું સંગ કરીશ નહિ. એ કરતાં તો એકલા ન ગોઠે તો લગ્ન કરજે. ત્યાં એમ કહ્યું છે. મુનિ લગ્ન કરવાનું કહે? કહ્યું છે ઇ કઈ અપેક્ષાએ? કુસંગથી જે મિથ્યાશ્રદ્ધાના લાકડા ગરી જશે એ કરતાં આ દોષ થોડો છે. એવડો આ દોષ છે નહિ. એટલો પરથી લિપ્ત રહેજે એ વાત કરજે. મિથ્યાશ્રદ્ધાના લાકડા ખોસી દેશે કે આમ હોય, ફલાણું હોય, ઢીકણું હોય. થોડું વસ્ત્ર હોય તો મુનિને શું નડે છે? પરદ્રવ્ય ક્યાં નડે છે? એ તો પોતે શાસ્ત્રકાર નથી કહેતા? એક દ્રવ્ય બીજા દ્રવ્યને કાંઈ નુકસાન કરે નહિ. એય...! 'દેવચંદજી'! વસ્ત્ર હોય તોય વસ્ત્ર પરદ્રવ્ય છે, એમાં મુનિપણાને નુકસાન શું કરે ઇ? ... ઇ કહેતા હતા બ્રાહ્મણ. ઘરે લઈ ગયો હતો ને!

મહારાજ! એક બાજુ કહે કે વસ્ત્રનો કટકો હોય તોય નુકસાન લાગે. બીજી કોર કહે કે પરદ્રવ્ય નુકસાન કરે નહિ. વસ્ત્ર ક્યાં નુકસાન કરે છે? વસ્ત્ર રાખવાનો ભાવ છે તે અચારિત્ર છે. આહા..! વસ્ત્ર રાખવાનો ભાવ છે, તિલતુષ માત્ર પણ.. આચાર્ય તો એમ કહે છે ને? એક તલતુષમાત્ર પણ પરિગ્રહ રાખવાનો ભાવ છે અને મુનિપણું મનાવે છે એ નિગોદમાં જાશે. સમજાણું કાંઈ?

અહીં ઇ જ કહે છે કે ચારિત્રભ્રષ્ટ હોય પણ દર્શનભ્રષ્ટ નથી એ જીવ સિઝશે. પણ પેલો શ્રદ્ધામાં ભ્રષ્ટ છે. સમજાણું કાંઈ? વસ્ત્ર-પાત્ર રાખે અને મુનિપણું માને એ તો શ્રદ્ધામાં ભ્રષ્ટ છે. નવે તત્ત્વની શ્રદ્ધાથી ભ્રષ્ટ છે. આહાહા..! ભારે કામ આકરું. એવો માર્ગ છે. એ વસ્તુનો સ્વભાવ છે. દિગંબર એટલે વસ્ત્રરહિત મુનિપણું માને એ દિગંબર અને વસ્ત્રસહિત માને એ પણ સાધુ, એમ નથી. સમજાણું કાંઈ? વસ્ત્ર રાખવાનો ભાવ છે ત્યાં મુનિપણું હોતું નથી. એમ વાત છે ત્યાં. સમજાણું કાંઈ? અને તેને મુનિપણું માને એ મહા મિથ્યાત્વનો દોષ છે. અહીંયાં ચારિત્ર છે અને ચારિત્રથી ભ્રષ્ટ થાય છે છતાં સમકિતનો દોષ જરીયે નથી. એય...! સમજાણું કાંઈ? માર્ગ એવો છે, ભાઈ! અંતર વસ્તુ..

કહે છે, **'ચારિત્રકા ગ્રહણ હોતા હૈ ઔર મોક્ષ હોતા હૈ...'** **'सिज्झंति चरियभट्टा'** ની વ્યાખ્યા કરી. **'તથા દર્શન શ્રદ્ધાસે ભ્રષ્ટ હોય ઉસીકે ફિર ચારિત્રકા ગ્રહણ કઠિન હોતા હૈ,...'** ચારિત્રનું ગ્રહણ કેમ થાય? હજી સમ્યક્‌ના ઠેકાણા નથી એ ચારિત્રને કેમ અનુમોદન શ્રદ્ધાન કરશે? સમજાણું કાંઈ? દર્શન શ્રદ્ધાથી ભ્રષ્ટ છે, સમ્યક્ શ્રદ્ધાના જેના ઠેકાણા નથી, કહે છે,

ચારિત્રનું ગ્રહણ એને કઠણ છે. **'ઇસલિયે નિર્વાણકી પ્રાપ્તિ દુર્લભ હોતી હૈ.'** ના પાડી છે ને? આમ દુર્લભ છે મૂકો. એમ થયું ને? '**सिज्झंति**' '**दंसणभट्टा ण सिज्झंति**' '**सिज्झंति चरियभट्टा**'. નિર્વાણની પ્રાપ્તિ દુર્લભ છે.

**'જૈસે-વૃક્ષકી શાખા આદિ કટ જાયેં...'** વૃક્ષનો સ્કંધ. ઉપરથી સ્કંધ કાપે, ડાળિયો કાપે, પાંદડા તૂટે, બધું તોડી નાખે. **'ઔર જડ બની રહે...'** એને મૂળિયું સાજું રહે. **'તો શાખા આદિ શીઘ્ર હી પુનઃ ઉગ જાયેંગે...'** પછી ડાળી, ડાખળા પાછા પાકશે અને ફળ બધું લાવશે. **'કિન્તુ જડ ઉખડ જાનેપર...'** પણ જો મૂળ ઊખડી જાય. મૂળ. પછી ભલે લીલું રહ્યું હોય. પણ પંદર દિ', મહિને (સૂકાઈ જશે). આહાહા..! અહીં તો સમ્યગ્દર્શનની કિંમત શું છે (એ સમજાવે છે). અને જે શ્રદ્ધાથી ભ્રષ્ટ છે એમાં એને દોષ કેટલો છે, એ બેનો વિવેક રાખવો. સમજાણું કાંઈ? ચારિત્રભ્રષ્ટ થયો એનો પક્ષ કરતા નથી, હોં! પાછું કોઈ એમ કહે, ચારિત્રભ્રષ્ટનો પક્ષ કરે છે. પોતાના પક્ષવાળા હોય અને ચારિત્રભ્રષ્ટ થાય અને સમકિત હોય તો એને વાંધો નહિ. એમ નથી. આ તો વસ્તુનું સ્વરૂપ એમ છે. સમજાણું કાંઈ? એ.. 'રમણિકભાઈ'! લ્યો! કાલે સાંભળવામાં આવ્યું હતું ને! જૈનધર્મને અને અન્યદર્શન. ભગવાન આવા હોય અને ... કહેવાય. અંતર પરમાત્મદશા પ્રગટ થઈ છે. સર્વજ્ઞ અને પૂર્ણ આનંદની દશા પ્રાપ્ત છે એને કોઈ પણ અપેક્ષાએ કોઈ પણ શબ્દ લાગુ પડતો હોય તો પાડો. પણ એવી દશા જ્યાં નથી એને કોઈ બીજું કહી દે કે આ બ્રહ્મા, વિષ્ણુ એમ છે નહિ.

એમ અહીંયાં સમ્યગ્દર્શન વિના ચારિત્ર હોય, ક્રિયાકાંડનું બહાર. પેલું ચારિત્ર તો હોય નહિ. છતાં એને ચારિત્રવંત કહેવું, સાધન કીધું છે, કે આનાથી હળવે હળવે બધું પ્રાપ્ત થશે. એ તો મૂળમાંથી ભ્રષ્ટ છે, એમ કહે છે. મૂળ જ એનું ખવાઈ ગયું છે. મૂળમાં કીડા પડ્યા છે. સમજાય છે કાંઈ? પાકો ભ્રષ્ટ છે. કહો, સમજાણું આમાં?

**'જડ ઉખડ જાનેપર શાખા આદિ કૈસે હોંગે? ઉસીપ્રકાર ધર્મકા મૂલ દર્શન જાનના.'** જૈનદર્શનનો વીતરાગી ભાવ મુનિપણાનો આખો, .... એનું બધાનું મૂળ તો સમ્યગ્દર્શન છે. સમ્યગ્દર્શન વિના જ્ઞાન, ચારિત્ર કાંઈ હોઈ શકે નહિ. ઓહો...! પાછા આમાં કોઈ પોતાના દોષનો બચાવ કરે કે અમારી શ્રદ્ધા તો પાકી છે, પણ દોષ જરીક લાગે. એ તો સ્વચ્છંદી છે. સમજાણું કાંઈ? અહીં તો સમ્યગ્દર્શન છે એનો ગુણ કેટલો છે? અને એકલા ક્રિયાકાંડના વ્રત પાળે તેમાં નુકસાન કેટલું છે, શ્રદ્ધાથી ભ્રષ્ટ છે માટે, એનો આંતરો બતાવ્યો છે. સમજાણું કાંઈ? ઇ કહ્યું છે ને નહિ! 'પ્રવચનસાર' માં ટીકામાં...

આપણે સમકિત તો છે બીજા ભલે દોષ લાગે. આધાર કોઈ બીજો હોય આવે છે. બીજા બધા દોષ હોય તો શું વાંધો? એમ નહિ માનવું. માનવું તો બરાબર માનવું પડશે. જેટલા દોષ છે ઇ દોષ જ છે. સમજાણું કાંઈ? એવા દોષને દોષ તરીકે સ્વીકારશે નહિ તો એનું સમકિત પણ રહેશે નહિ. આવે છે, ભાઈ એમાં. 'પ્રવચનસાર'માં, નહિ? આવે છે. ટીકામાં આવે છે. એમ ન

માનવું કે અમારે આ સમકિત તો છે. ચારિત્ર ભલે ન હોય અને ચારિત્રમાં ભલે દોષ લાગે. સમજાય છે? .... ચરણાનુયોગમાં છે. સંસ્કૃત ટીકામાં છે. ... ખબર નથી? 'પ્રવચનસાર' છે કે નહિ? આ 'જયસેનાચાર્ય'ની ટીકા. એમાં અંદરમાં ક્યાંક છે. ચારિત્ર નામ ધરાવે અને કહે છે કે અમારે દોષ હોય તો .. આધાકર્મી આદિનું શું? એટલું શું છે? એમ નહિ. સમજાણું કાંઈ? અત્યારે હાથ નહિ આવે. મોટો દરિયો છે. આ બાજુના પાને છે. આ બાજુ. ચરણાનુયોગમાં છે. 'જયસેનાચાર્ય'ની ટીકામાં. વાંચ્યું હતું. ....

અહીં તો આચાર્ય મહારાજ સમ્યગ્દર્શનનું જોર છે જ્યાં, ત્યાં કદાચિત્ ચારિત્ર વર્તમાનમાં ન પાળતો હોય અને ચારિત્ર હોય ને છૂટી ગયું હોય છતાં એ ચારિત્રવંત છે એમ માનતો નથી. ત્યારે સમ્યગ્દર્શન રહ્યું ને? સમજાણું કાંઈ? ચારિત્ર નથી અને ચારિત્ર માને તો તો સમકિત પણ ક્યાં રહ્યું? એ ધર્મનું મૂળ તો સમ્યગ્દર્શન છે. એ મૂળ સાજું હોય પછી ભલે કહે છે, પાંદડા-બાંદડા લીલા રહે, એ સૂકાઈ જશે. અહીં તો આમ લેવું છે ને. સમ્યગ્દર્શન,..

**अब, जो सम्यग्दर्शनसे भ्रष्ट हैं और शास्त्रोंको अनेक प्रकारसे जानते हैं तथापि संसारमें भटकते हैं; – ऐसे ज्ञानसे भी दर्शनको अधिक कहते हैं**

## ગાથા-૪

**सम्मत्तरयणभट्ठा जाणंता बहुविहाइं सत्थाइं।**
**आराहणाविरहिया भमंति तत्थेव तत्थेव।।४।।**

सम्यक्त्वरत्नभ्रष्टाः जानंतो बहुविधानि शास्त्राणि।
आराधना विरहिताः भ्रमंति तत्रैव तत्रैव।।४।।

**સમ્યક્ત્વરત્નવિહીન જાણે શાસ્ત્ર બહુવિધને ભલે,**
**પણ શૂન્ય છે આરાધનાથી તેથી ત્યાં ને ત્યાં ભમે. ૪.**

**अर्थ :– जो पुरुष सम्यक्त्वरूप रत्नसे भ्रष्ट हैं तथा अनेक प्रकारके शास्त्रोंको जानते हैं, तथापि वह आराधनासे रहित होते हुए संसारमें ही भ्रमण करते हैं। दो बार कहकर बहुत परिभ्रमण बतलाया है।**

**भावार्थ :– जो जिनमतकी श्रद्धासे भ्रष्ट हैं और शब्द, न्याय, छन्द, अलंकार आदि अनेक प्रकारके शास्त्रोंको जानते हैं तथापि सम्यग्दर्शन, ज्ञान, चारित्र, तपरूप आराधना उनके नहीं होती; इसलिये कुमरणसे चतुर्गतिरूप संसारमें ही भ्रमण करते हैं – मोक्ष प्राप्त नहीं कर पाते; इसलिये सम्यक्त्वरहित ज्ञानको आराधना नाम नहीं देते।**

## ગાથા-૪ ઉપર પ્રવચન

**'આગે, જો સમ્યગ્દર્શનસે ભ્રષ્ટ હૈં ઔર શાસ્ત્રોંકો અનેક પ્રકારસે જાનતે હૈં...'** જુઓ! હવે જ્ઞાન લીધું. પહેલા ચારિત્રનું લીધું. **'તથાપિ સંસારમેં ભટકતે હૈં; - ઐસે જ્ઞાનસે ભી દર્શનકો અધિક કહતે હૈં :-'**

**सम्मत्तरयणभट्टा जाणंता बहुविहाइं सत्थाइं।**
**आराहणाविरहिया भमंति तत्थेव तत्थेव।।४।।**

**અર્થ :- 'જો પુરુષ સમ્યક્ત્વરૂપ રત્નસે ભ્રષ્ટ હૈ....'** અંતરના સ્વરૂપની છે! ચિહ્ન કર્યું છે. નીચે લક્ષ કહે છે ... ચારિત્ર નથી અને ચારિત્ર માને કે અમારે ચારિત્ર નથી પણ અમારે શ્રદ્ધામાં તો વાંધો નથી ને. પણ ચારિત્ર માન્યું ક્યાં કે શ્રદ્ધામાં વાંધો છે (એમ આવે) ? સમજાય છે? ચારિત્ર નથી અને ચારિત્ર માને. પછી કહે કે અમારે સમ્યગ્દર્શન તો પાકું છે ને. આધાકર્મી આદિ દોષ ગમે એવા હોય એમાં અમારે શું વાંધો? પણ તેં ચારિત્ર માન્યું છે એ દોષ વધારે છે. એટલે સમ્યગ્દર્શન પણ નથી. આવી વાત.

અહીંયાં તો આત્માના દર્શન ને ભાન છે અને ચારિત્ર વર્તમાન નથી. અને હતું તો એ પડી ગયું છે. તો એ ફરીથી ગ્રહણ કરશે. ભાન છે ને, હાથમાં છે ને સદાય. સમજાણું કાંઈ? ચારિત્રથી ભ્રષ્ટ થયો માટે દર્શનથી ભ્રષ્ટ થાય એમ નથી. બેના ગુણની દશા જુદી છે એમ બતાવે છે અહીં. આહાહા..! ઝીણી વાત છે જરી. ચારિત્રથી ભ્રષ્ટ થાય માટે દર્શનથી ભ્રષ્ટ થઈ જાય એમ નથી. રાગ-દ્વેષ કરે છે ચારિત્રનો, એ કંઈ સમ્યગ્દર્શનને દોષ કરતો નથી. સમજાણું કાંઈ? ઇ 'પંચાધ્યાયી'માં ખુબ લીધું છે. બે આંખનો દાખલો દીધો છે. એક આંખ બગડી માટે બીજી આંખ બગડી જાય ને ન દેખાય એમ છે? એમ ચારિત્ર બગડી ગયું એટલે સમકિત બગડી ગયું એમ છે? હેં? મૂળ અંતર દૃષ્ટિ અને સમ્યગ્દર્શનનો વિષય, એનું જે જોર, એનું જે મૂળિયું જોઈએ એ નથી એના માટે આ બધું જોર આપ્યું છે. બહારના આચરણ અને બહારની પ્રવૃત્તિના જોરે તમે એમ માની બેસો કે અમે જૈનદર્શનમાં કાંઈક છીએ, એમ નથી. મૂળમાંથી ભ્રષ્ટ થયા અને પછી કહે, છીએ. એમ છે નહિ. સમજાણું કાંઈ?

**'જે પુરુષ સમ્યક્ત્વરૂપ રત્નસે ભ્રષ્ટ હૈ...'** જુઓ! અહીં **'रयण'** આવ્યું. **'सम्मत्तरयणभट्टा'** પહેલામાં સમુચ્ચય હતું. **'दंसणभट्टा'**. સમકિતરૂપી રત્ન. ભગવાનઆત્મા પૂર્ણ શુદ્ધ આનંદ, એના સન્મુખની અનુભવ સહિતની નિર્વિકલ્પ પ્રતીતિ, એવું સમ્યગ્દર્શન રત્ન, એનાથી જે ભ્રષ્ટ છે એને કાંકરા હાથમાં છે, એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? **'તથા અનેક પ્રકારકે શાસ્ત્રોંકો જાનતે હૈં,...'** ઘણા શાસ્ત્ર. પહેલામાં ચારિત્રનું હતું, અહીં જ્ઞાનની વાત છે. ઘણા શાસ્ત્રો ભણે. નવ પૂર્વ સુધી ભણી જાય, લ્યોને. નવ પૂર્વ ભણે છે ને? નવ પૂર્વ ભણે. તો

શું થયું? નવ પૂર્વમાં કેટલું (આવે)? ઓહોહો..! એક આચારાંગમાં અઢાર હજાર પદ, એક એક પદમાં એકાવન કરોડ ઝાઝેરા શ્લોક. ... પૂર્વનો ભાગ. .. અભવિ પણ નવ પૂર્વ ભણે છે, અભવિ પણ નવ પૂર્વ ભણે છે. કેટલું ભણતર એમાં! ઓહોહો..! પણ ઇ શું? અંતર આત્મા એ જ્ઞાન-પરલક્ષી જ્ઞાનથી પણ ભિન્ન છે. સમજાણું કાંઈ? રાગથી ભિન્ન છે, પણ આવું જે પરલક્ષીજ્ઞાન એનાથી ચૈતન્ય ભિન્ન છે. એવી શ્રદ્ધા નથી ને એકલું આ જ્ઞાન વર્તે છે, એ કહે છે કે, બહુ પ્રકારે શાસ્ત્રને જાણે, તર્ક-વિતર્ક આદિ ઘણા પ્રકારના શાસ્ત્રમાં પ્રવીણ હોય '**તથાપિ વહ આરાધનાસે રહિત હોતે હુએ સંસારમેં હી ભ્રમણ કરતે હૈં.**' આરાધના નથી એને આત્માની. આરાધના તો આત્માનું સમ્યગ્દર્શન ને અનુભવ કરે ત્યારે આરાધના શરૂ થાય. સમજાણું કાંઈ? ... જેવી હોય એવી વાત આચાર્ય કહે છે. એમાં કંઈ પક્ષપાત છે નહિ. અમારા દિગંબરના પણ શાસ્ત્રના બહુ ભણનારા હોય, સમકિત ભલે ન હોય તો પણ એને જ્ઞાન થાશે. ના, (નહિ થાય).

સ્વદ્રવ્યનો આશ્રય લઈ અને જેણે અંતરમાં સમ્યગ્દર્શન પ્રગટ કર્યું નથી અને પ્રગટ કરવાનો અંતર્મુખનો પ્રયત્ન પણ નથી અને એકલા શાસ્ત્ર ભણ્યો હોય તો એ આરાધના રહિત છે, આરાધક નથી ઇ. આહાહા..! ભગવાન જ્ઞાનસ્વરૂપ ચૈતન્ય છે. સમજાણું કાંઈ? પુણ્ય ન કરવા, પાપ ન કરવા તો કરવું શું? એમ કહે છે, લ્યો. એય...! .. પુણ્ય પણ ન કરવું અને પાપ પણ ન કરવું તો કરવું શું અમારે? સ્વભાવ સન્મુખ દૃષ્ટિ કરવી. શુભભાવ જ્યાં આવે ત્યાં કહે, શુભભાવ નહિ, ધર્મ નહિ, ધર્મ નહિ. તેથી એમ કહે, હોય ઇ જુદી વાત છે પણ એના ઉપરની દૃષ્ટિ અને એ ધર્મ, એ વસ્તુ કરવા જેવી નથી. શુભભાવ તો રહે જ્યાં સુધી પૂર્ણ ન થાય (ત્યાં સુધી). સમજાણું કાંઈ?

સ્વભાવ, સ્વભાવમાંથી રાગ જે હતો તે ચારિત્રગુણના વિપરીતનો અંશ હતો. અને સ્વભાવ તો અનંત અનંત ગુણનો સ્વભાવ, એવો મારો સ્વભાવ છે. સમજાણું કાંઈ? આ ન કરવું એટલે પણ જાવું ક્યાં? મહા અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત શાંતિ, અનંત વીતરાગતા વગેરે મહાસ્વભાવ (છે). એકલો જ્ઞાનસ્વભાવ છે એમેય ક્યાં છે? સમજાણું કાંઈ? અનંત સ્વભાવ, જેનો સ્વભાવ છે, જેની શક્તિ છે એની હદ કેમ હોય? એવો જે બેહદ એક એક ગુણનો સ્વભાવ, એવા અનંત ગુણના સ્વભાવનું રૂપ તે દ્રવ્ય સ્વભાવ. એમાં દૃષ્ટિ કરવી એનું નામ સમ્યગ્દર્શન અને જ્ઞાન છે. આહાહા..! સમજાણું કાંઈ? અહીં તો કહે કે અન્યમતના ઘણા શાસ્ત્ર ભણ્યો હોય, જૈનના ઘણા શાસ્ત્ર ભણ્યો હોય, લ્યો. એમાં આવ્યું હતું કે નહિ ઇ? આ તો અન્યમતના બહુ ભણ્યો હોય ને એનામાં આમ છે, જૈનમાં આમ છે, ઢીકણામાં આમ છે. બહુ ભગવાનનો માર્ગ જૂનો છે. જૈનશાસ્ત્રમાં શું પણ અન્યમાં પણ કહ્યો છે. સમજાણું?

પ્રશ્ન :-

ઉત્તર :- પણ જૈનધર્મ કહેવો કોને?

પ્રશ્ન :- શ્રદ્ધા તો હોય.

ઉત્તર :- ધૂળેય નથી. શ્રદ્ધાનું ભાન ક્યાં છે? તેથી તો અહીં કહે છે, બહુ શાસ્ત્ર ભણવામાં

એ પણ ભેગા આવી ગયા. અંદર લખ્યું છે, જુઓ! અર્થમાં શબ્દ લખશે. '**बहुविहाइं सत्थाइं**'. ઘણા પ્રકારના કહ્યા ને? જૈનશાસ્ત્રો, બીજા શબ્દશાસ્ત્ર, ન્યાયશાસ્ત્ર, છંદ, અલંકાર આદિ. અન્યમતિના પણ ફલાણામાં આમ કહ્યું છે, ફલાણામાં આમ કહ્યું છે, ઢીકણામાં આમ કહ્યું છે. છે અંદર શબ્દ છે, જુઓ!

'**વહ આરાધનાસે રહિત હોતે હુએ સંસારમેં હી ભ્રમણ કરતે હૈં.**' શાસ્ત્રના જાણપણાનો ક્ષયોપશમ ભાવ, મહા વ્યાકરણના પૂરા.. એ.. પંડિતજી! આ મોટા વ્યાકરણના કેવા? ખાં. કેવા કહેવાય? વ્યાકરણ આચાર્ય. પ્રોફેસર. એમ જૈનશાસ્ત્રોના શબ્દો કરવામાં પણ વ્યાકરણ લગાડીને બરાબર આવા શબ્દો (કરે), આવા અર્થ કરે. પણ કહે છે કે એ જ્ઞાનથી રહિત, એવું જે જ્ઞાન છે એનાથી રહિત. એકલો ચૈતન્ય ભગવાન એની પ્રતીત ને અનુભવમાં શ્રદ્ધા નથી તો એ બધા શાસ્ત્રના ભણવાવાળા રખડવાના છે, એમ કહે છે. સમજાણું કાંઈ?

'**દો બાર કહકર બહુ પરિભ્રમણ બતલાયા હૈ.**' દેખો! છે ને? '**भमंति तत्थेव तत्थेव**' '**तत्थेव**' નામ જ્યાં છે સંસારમાં ત્યાં ને ત્યાં. ત્યાં ને ત્યાં. ચાર ગતિ, નરક ને નિગોદ. આત્માના સમ્યક્ તત્ત્વના ભાન વિના એકલા શાસ્ત્ર ભણે તો પણ કહે છે કે નરક ને નિગોદમાં '**तत्थेव तत्थेव**'. સમજાણું કાંઈ? જુદી વાત છે, ભાઈ! ... એ બધાનું ફળ બતાવે, અહીં છે, અહીં છે. ... શું છે પણ આ? ભગવાનનું સ્મરણ કર્યું, ભક્તિ કરી, પૂજા કરી, દયા કરી, દાન કર્યું, છ પરબી બ્રહ્મચર્ય પાળવું એનું બધું ફળ અહીં છે. કીધું, એનું ફળ અહીં એટલે આ રખડવાના રખડશે. જ્યાં રખડે છે ત્યાં રખડશે. ત્યાં ને ત્યાં રહેશે. '**तत्थेव तत्थेव**' આવ્યું ને? '**तत्थेव तत्थेव**' ત્યાં ને ત્યાં, જ્યાં છે ત્યાં ને ત્યાં. મિથ્યાત્વમાં છે અને આ બધા શાસ્ત્ર ભણ્યો પણ સમ્યગ્દર્શન શું છે એનું ભાન ન મળે અને શ્રદ્ધાથી ભ્રષ્ટ છે, '**सम्मत्तरयणभट्टा**'. આહાહા..! સમજાણું કાંઈ? પહેલામાં ચારિત્રભ્રષ્ટની વાત કરી, અહીં શાસ્ત્ર ભણ્યો છતાં સમકિત રત્નથી ભ્રષ્ટ છે, એ પણ આરાધના '**विरहिया**'. ભગવાનઆત્મા આરાધક એ જ્ઞાનની પર્યાયનું લક્ષ છોડી, સ્વરૂપનું અંતર સન્મુખમાં આરાધન નામ સેવન કરવું, એનાથી જે '**विरहिया**' રહિત છે, તે '**भमंति तत्थेव तत्थेव**'. એ ચાર ગતિમાં રખડશે. આવી વાત છે, ભાઈ! કહો, સમજાણું કાંઈ?

**ભાવાર્થ :-** '**જો જિનમતકી શ્રદ્ધાસે ભ્રષ્ટ હૈં....**' લ્યો, એમાં ઇ આવ્યું, પહેલામાં પણ એમ આવ્યું હતું, '**જો જિનમતકી શ્રદ્ધાસે ભ્રષ્ટ હૈં...**' જિનમતકી શ્રદ્ધાસે ભ્રષ્ટ હૈં. .. છે ને આખું? સમજાણું? વીતરાગ પરમાત્માએ કહેલું દર્શન-જૈનદર્શન, એણે જોઈને જાણેલો સર્વજ્ઞ માર્ગ, એવા માર્ગથી જે ભ્રષ્ટ છે. '**ઔર શબ્દ,...**' એવા વ્યાકરણ ને વ્યાકરણ.. અમે તો જોયું સંસ્કૃત પાણીના પૂર જેવું આવડે. પાણીનું પૂર ચાલતું હોય ને? એવી વાણી વ્યાકરણની બોલે. એમાં ધર્મ શું આવ્યો? સમજાણું કાંઈ? દેડકાને વ્યાકરણ ને સંસ્કૃતનું કાંઈ જ્ઞાનેય નહોતું છતાં સમ્યગ્દર્શન

ને સમ્યગ્જ્ઞાન થાય છે. એ આત્માથી થાય છે, કંઈ બહારથી થતું નથી, એમ કહે છે. ઇ શબ્દનું જ્ઞાન.

**'ન્યાય,...'** લ્યો. એ.. 'કસ્તુરચંદજી'! ન્યાય.. ન્યાય. શું કહેવાય? અષ્ટસહસ્ત્રી, પ્રમેયકમલ માર્તંડ, શ્લોકવાર્તિક. એ બધા ન્યાયના (શાસ્ત્ર) ભણે પણ આ આત્માનો સ્વભાવ, એમાં સન્મુખની દૃષ્ટિ નથી. આહાહા..!

મુમુક્ષુ :-

ઉત્તર :- એ ન્યાયે વાત એ છે. ન્યાયનો સાગર ભગવાનઆત્મા એકલા સમ્યગ્જ્ઞાનનો સાગર. એની દૃષ્ટિ અને સમ્યગ્દર્શન નથી, એને આરાધતો નથી અને આવામાં રોકાઈ ગયો અને એમાં જ્ઞાન માને છે. કેટલાક તો એમાં ને એમાં રોકાઈ ગયા. 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં. ... વીસ વર્ષ સુધી સંસ્કૃત ને વ્યાકરણ ભણ્યો. .... .. વાત બધી પડી રહી. વીસ વીસ વર્ષ સુધી ભણે. સંસ્કૃત ને વ્યાકરણ ને આ ને આ. .... આત્મા અંતર એ જાણપણાના ભાવથી પણ જુદી ચીજ છે. એ જાણપણું ઇ જાતનું. એવું જેને આત્મદર્શન, આત્માનું અંતર આરાધન, સેવન નથી અને એનાથી વિરહીત છે એ આવા ન્યાય ભણે (તો પણ તે સંસારમાં ભટકે છે). છંદ. છંદ.

**'છંદ, અલંકાર...'** આવે છે ને? ... **'અલંકાર આદિ...'** આદિમાં બધું આવે. જુઓ! જૈનના શાસ્ત્રો અને અન્યના શાસ્ત્રો. **'અનેક પ્રકારકે શાસ્ત્રોંકો...'** જુઓ! પાઠમાં અનેક પ્રકાર છે ને? **'बहुविहाइं'**. ઘણા પ્રકારના શાસ્ત્રો ભણે પણ મૂળ આત્મા રહી ગયો. 'જયધવલ'... ધવલ વાંચે. સોળ-સોળ, અઢાર. બાર બાર પુસ્તકનું એક પુસ્તક. સોળ ભાગ વાંચી વાંચીને વાંચે પણ ઇ શું? એમાં ક્યાં જ્ઞાન હતું? આહાહા..! આત્મા અંતર અખંડાનંદ પ્રભુ, પૂર્ણ શુદ્ધ ચૈતન્યનું જ્ઞાન નથી ને પ્રતીત ને અનુભવ નથી તે જ્ઞાન બાહ્યમાં તો ભ્રષ્ટ છે. આહાહા..!

**'અનેક પ્રકારકે શાસ્ત્રોંકો જાનતે હૈં તથાપિ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર, તપરૂપ આરાધના ઉનકે નહીં હોતી.'** લ્યો. આવું કરે તોય જ્ઞાનનું આરાધન નથી, એમ કહે છે. જ્ઞાનનું આરાધન તો આત્મા જ્ઞાનની મૂર્તિ પ્રભુ, એકલો જ્ઞાનસ્વભાવી પરમાત્મા, એની સન્મુખનું જ્ઞાન થાય તે જ્ઞાનનું આરાધન છે. સમજાણું કાંઈ? જ્ઞાનાચાર, આવે છે ને આઠ? વ્યવહાર. પાળો ને આ કરો ને આ કરો. **'ઇસલિયે કુમરણસે ચતુર્ગતિરૂપ સંસારમેં હી ભ્રમણ કરતે હૈં...'** એ બહારના શાસ્ત્ર આદિના જાણપણા. બહુ લીધા, અનેક પ્રકારના. અંતર સ્વભાવ ચૈતન્ય ભગવાન એની પ્રતીત ને અનુભવનું જ્ઞાન નથી એ સ્વને આરાધતો નથી એથી એવા જ્ઞાનવાળો પણ મરીને, કુમરણ કરી, બાળમરણે મરી ચતુર્ગતિ સંસારમાં (ભ્રમણ કરે છે). દેખો! અહીં તો ચારેય ગતિ લીધી. નરક પણ લીધી. ચતુર્ગતિ નરકમાં અને એમ દેવમાં, પણ છે તો ચારેય દુઃખ ને? **'કુમરણસે ચતુર્ગતિરૂપ સંસારમેં હી ભ્રમણ કરતે હૈં...'** ચાર ગતિના દુઃખોમાં પરિભ્રમણ કરશે. સમજાણું કાંઈ?

જેને સ્વ દૃષ્ટિ થઈ નથી, સ્વ દૃષ્ટિનું ભાન, અનુભવ સમ્યગ્દર્શન નથી અને આવા એકલા

શાસ્ત્ર ભણી ભણીને કાળ ગુમાવે છે, કહે છે, એ કુમરણથી મરીને જાશે હેઠે. ચાર ગતિમાં જશે. ભલે પછી કોઈ દેવ થાય. એનું આવ્યું ને આમાં? દેવ થાય એ પણ બાળમરણ છે. અજ્ઞાનમાં મરીને જાશે દેવમાં, ન્યાંથી ફરીને જાશે ઢોરમાં, ન્યાંથી ફરીને જાશે નિગોદમાં. આવું છે. સમજાણું? આણે પાંચ હજાર ને પાંચ લાખ શ્લોકનું પુસ્તક બનાવ્યું. આટલા અક્ષર ને એના વખાણ કરે છે લોકો. ... પુસ્તક બનાવ્યું. નથી કહેતા? અમારા ગુરુએ પાંચ લાખના ફલાણા બનાવ્યા, ફલાણા આટલા લાખના બનાવ્યા, એમ કહે છે. પુસ્તક બનાવે છે કે નહિ? વ્યાકરણના શબ્દોના આ ... કરી, ઢીકણી કરી. એના શિષ્યો વખાણ કરે. આટલા પુસ્તકના આટલા શ્લોક. એમાં શું થયું પણ? આહાહા..! .... સિદ્ધાંતને મારનારો. .... આહા..હા...!

અરે..! ભગવાન! તારો પત્તો ન લીધો અને તારા સ્વરૂપની દૃષ્ટિનો અનુભવ નહિ, એ કહે છે, બહારના જ્ઞાનના અહંકાર કરીને જાશે હેઠે. એમ કહે છે મૂળ તો. સમજાણું કાંઈ? એવા બહારના ભણતરના વ્યાકરણના ને સંસ્કૃતના, મોટા મોટા પુસ્તકો બનાવે, પાંચ-પાંચ લાખના, સાત-સાત લાખના, દસ-દસ લાખ શ્લોકો. એણે તો સાત લાખના શ્લોકનો ગ્રંથ બનાવ્યો. પણ શું છે? ધૂળ બનાવ્યો. કરોડનો બનાવે તો એમાં આત્માને શું છે? રજકણ રજકણથી બન્યા એમાં વિકલ્પ, રાગ હતો એ વિભાવ હતો. એમાં આત્માને લાભ શું થયો? પંડિતજી! આટલા શાસ્ત્ર બનાવે તો? સમયસાર બનાવે. લ્યો.

મુમુક્ષુ :-

ઉત્તર :- કાંઈ થયું નથી, એ તો વિકલ્પ હતો.

મુમુક્ષુ :-

ઉત્તર :- એનાથી નથી. એ તો સ્વભાવના આશ્રયથી પામ્યા, એમ કીધું. અમારી અશુદ્ધતા ટળી જાઓ. એ કાળમાં અમારું લક્ષ (સ્વરૂપ ઉપર) છે. વિકલ્પ ને પર ઉપર નથી. આની ટીકા કરતાં અશુદ્ધતા ટળી જાઓ. શુદ્ધતાની પ્રાપ્તિ થાઓ. એમ એ કરતાં કરતાં વિકલ્પથી એમ નહિ. એ કાળમાં અમારું દર્શનનું જોર દ્રવ્ય ઉપર વર્તે છે એથી તે કાળમાં અસ્થિરતા ટળી શુદ્ધતા થાઓ. આહાહા..! એમાંય વાંધા ઉઠાવે છે. જુઓ! એનાથી લાભ માને છે. આચાર્ય પણ કહે છે, ટીકા કરતાં કરતાં ધર્મ (થાય). અરે..! ભગવાન! આહાહા..! આવું આ ભણતર કઈ જાતનું?

આનંદના સમ્યક્‌નું ભાન ન મળે તો એની ગતિ ક્યાં રહેશે? રાગ ને ભણતરના અહંકારમાં રહેશે. બાળમરણ કરીને જાશે ગતિમાં ક્યાંય. મોક્ષ નહિ થાય, એમ કીધું છે ને. '**भमंति तत्थेव तत्थेव**'. ત્યાં ને ત્યાં સંસારમાં રહેશે. મુક્તિ થશે નહિ. '**मोक्ष प्राप्त नहीं कर पाते;...**' મોક્ષ થશે નહિ. '**इसलिये सम्यक्त्वरहित ज्ञानको आराधना नाम नहीं देते.**' લ્યો. સમ્યગ્દર્શન, અંતરની અનુભવ પ્રતીતિ. ભગવાનઆત્માની શ્રદ્ધા, એની શ્રદ્ધા વિના જ્ઞાનની આરાધના નામ ન કહીએ. એવા એકલા જાણપણાને આરાધન કહીએ, એમ છે નહિ. પંડિતજી! આવી વાત છે. આહાહા..! 'કુંદકુંદાચાર્ય'ની શૈલી ગજબ શૈલી છે!

મુમુક્ષુ :- આકરી છે.

ઉત્તર :- વસ્તુ એવી છે. આકરી ક્યાં? જે છે એમ છે. વસ્તુ જ વીતરાગમૂર્તિ પ્રભુ, એનું શ્રદ્ધા ને જ્ઞાન નથી અને આ બધા એકલા જ્ઞાનના જાણપણા કર્યા, કહે છે, તું શરણ ક્યાં લઈશ? મરતાં શરણ ક્યાં લઈશ તું? શરણ તો અંતર છે. ત્યાં તો દૃષ્ટિ કરી નથી અને અહીં ને અહીં શરણ લઈને પડ્યો છો. કુમરણ થશે, બાળમરણ થશે. આવ્યું ને અંદર? કીધું ને. કુમરણ કરીશ. કુમરણ થશે, એમ કહે છે. ચાર ગતિમાં જઈશ. ભલે દેવમાં જાય તોય કુમરણ, બાળમરણ છે. આહાહા..!

મુમુક્ષુ :- સમાધિમરણ નથી.

ઉત્તર :- નથી. .. સમાધિમરણ થઈ ગયું છે, ફલાણું, ઢીકણું ને.... જુઓ! આ બધા માનતા નથી. .... ઈશ્વરનો અવતાર થયો, જુઓ આ! ગપેગપ માર્યા હોય. ઈશ્વરના ક્યાં અવતાર હતા ત્યાં? હવે ગામેગામ ગપ મારે છે. આ 'સુરેન્દ્રનગર' ધૂળેય નથી. કહે છે, મારી હતી. ઘણે ઠેકાણે એ લોકો મારે છે. આવો ભગવાનઆત્મા આનંદ છે એનો વરસાદ આવ્યો એને? બહારમાં ધૂળમાં શું? દેવ થયો અનંત વાર. અને દેવ એવા કેસર પણ વરસાવ્યા. એમાં આત્માને શું થયું? આ તો ખોટું છે. કોઈ વ્યંતર આવીને એવું કરે પણ ખરો, લ્યોને. હોય. ... એમાં ધર્મ શું? એમાં ધર્મની મોટપ શું આવી? ધૂળેય નથી.

અહીં તો કહે છે, **'ઇસલિયે સમ્યક્ત્વરહિત જ્ઞાનકો આરાધના નામ નહીં દેતે.'** આહાહા..! વીતરાગનો માર્ગ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રની વીતરાગ દશા અને જિનમુદ્રા નગ્ન દશા, એવા માર્ગની શ્રદ્ધા વિના, એવા માર્ગની શ્રદ્ધા એટલે આત્માની શ્રદ્ધા, એમ. ... આત્માની પર્યાય નિર્મળ વીતરાગી ... સમજાણું કાંઈ? એવા માર્ગની અંતર શ્રદ્ધા વિના **'આરાધના નામ નહીં દેતે.'** જ્ઞાનને આરાધે છે ને? અભિક્ષણજ્ઞાનોપયોગ. એમ છે. આવે છે ને? ભાઈ! .. પણ સમ્યગ્દર્શન વિના અભિક્ષણ ઉપયોગ કોને કહેવો? સાંભળને હવે. સમજાણું કાંઈ? અમારામાં આવે છે, અભિક્ષણઉપયોગ. આખો દિ... પણ મૂળ ચીજ છે એની તો ખબર નથી. સમજાણું કાંઈ? એ અભિક્ષણઉપયોગ કહેવાય જ નહિ. અભિક્ષણ ઉપયોગ તો એને કહીએ કે જે વિકલ્પથી ભિન્ન પડી આત્માનું ભાન છે, જોર છે સ્વભાવ સન્મુખ છે, એમાં આ વિકલ્પ વારંવાર સમજવા તરફનો હોય છે. એમાંથી પુણ્ય બંધાય જાય. પણ એમાં એ વિકલ્પથી બંધ નથી. સમજાણું કાંઈ? એમાં લોકો વખાણ કરે. **'આરાધના નામ નહીં દેતે.'** બે ગાથામાં બે વાત કીધી. સમ્યગ્દર્શન વિના ચારિત્રથી મુક્તિ નથી, .... તેથી તે .... અહીં સમ્યક્થી ભ્રષ્ટ છે એને રત્ન કીધો. એમ કીધું. અને આવા જ્ઞાનનું એકલું સેવન કરે છે એ આરાધક નથી, વિરાધક છે. તેથી કુમરણ કરી ચાર ગતિમાં રખડશે. એ કહેશે.. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

अब कहते हैं कि – जो तप भी करते हैं और सम्यक्त्वरहित होते हैं उन्हें स्वरूपका लाभ नहीं होता :–

## ગાથા-૫

सम्मत्तविरहिया णं सुट्ठु वि उग्गं तवं चरंता णं।
ण लहंति बोहिलाहं अवि वाससहस्सकोडीहिं।।५।।

सम्यक्त्वविरहिता णं सुष्ठु अपि उग्रं तपः चरंतो णं।
न लभन्ते बोधिलाभं अपि वर्षसहस्रकोटिभिः।।५।।

સમ્યક્ત્વ વિણ જીવો ભલે તપ ઉગ્ર સુષ્ઠુ આચરે,
પણ લક્ષ કોટિ વર્ષમાંય બોધિલાભ નહીં લહે. ૫.

अर्थ :– जो पुरुष सम्यक्त्वसे रहित हैं वे सुष्ठु अर्थात् भलीभाँति उग्र तपका आचरण करते हैं तथापि वे बोधि अर्थात् सम्यग्दर्शन–ज्ञान–चारित्रमय जो अपना स्वरूप है उसका लाभ प्राप्त नहीं करते; यदि हजार कोटि वर्ष तक तप करते रहें तब भी स्वरूपकी प्राप्ति नहीं होती। यहाँ गाथामें दो स्थानों पर 'णं' शब्द है वह प्राकृतमें अव्यय है, उसका अर्थ वाक्यका अलंकार है।

भावार्थ :– सम्यक्त्वके बिना हजार कोटि वर्ष तप करने पर भी मोक्षमार्गकी प्राप्ति नहीं होती। यहाँ हजार कोटि कहनेका तात्पर्य उतने ही वर्ष नहीं समझना, किन्तु कालका बहुतपना बतलाया है। तप मनुष्य पर्यायमें ही होता है, इसलिये मनुष्यकाल भी थोड़ा है, इसलिये तपका तात्पर्य यह वर्ष भी बहुत कहे हैं।।५।।

**પ્રવચન નં. ૧૦, ગાથા-૫ થી ૭ ગુરુવાર, જેઠ સુદ ૧૪, તા. ૧૮-૦૬-૧૯૭૦**

**'અબ કહતે હૈં કિ-જો તપ ભી કરતે હૈં...'** તપ એટલે મુનિપણું પાળે. પંચમહાવ્રત, અઠ્યાવીસ મૂળગુણ (પાળે) પણ **'સમ્યક્ત્વરહિત હોતે હૈં ઉન્હેં સ્વરૂપકા લાભ નહીં હોતા.'** આત્માના સ્વરૂપનો અનુભવ, સ્વરૂપનો લાભ નથી તો ઇ તપની ક્રિયાથી પણ આત્માને કંઈ લાભ નથી. અનંતવાર કર્યું. આવે છે ને?

सम्मत्तविरहिया णं सुट्ठु वि उग्गं तवं चरंता णं।
ण लहंति बोहिलाहं अवि वाससहस्सकोडीहिं।।५।।

**અર્થ :- 'જો પુરુષ સમ્યક્ત્વસે રહિત હૈં...'** શુદ્ધ જૈનદર્શન એવું નિર્ગ્રંથપણું, એની અંતરમાં સ્વસન્મુખની શ્રદ્ધાનો જ્યાં અભાવ છે, સમકિત રહિત છે, એ ભલે **'સુષ્ઠુ અર્થાત્**

**ભલીભાંતિ ઉગ્ર તપકા આચરણ કરતે હૈં...**' જૈન સંપ્રદાયમાં રહીને, દિગંબર સંપ્રદાયમાં રહીને. સુષ્ઠુ કહ્યું ને? એની તો વાત શું પણ જૈન સંપ્રદાયમાં રહીને એનું આચરણ પંચમહાવ્રત, અઠ્યાવીસ મૂળગુણ બરાબર કરે, નિરતિચાર એવા વ્રત, તપને પાળે. '**ઉગ્ર તપકા આચરણ કરતે હૈં...**' માસ-માસ ખમણના અપવાસ, છ-છ મહિનાના અપવાસ (કરે). એવી ક્રિયા કરે તોય '**વે બોધિ અર્થાત્ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રમય જો અપના સ્વરૂપ હૈ ઉસકા લાભ પ્રાપ્ત નહીં કરતે;...**' એ ક્રિયા તો વિકલ્પ છે.

'**સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રમય જો અપના સ્વરૂપ...**' દેખો! ભગવાનઆત્માનું સ્વરૂપ જ એવું છે, કહે છે. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર એવી જે પર્યાય છે એનો પિંડ પોતે આત્મસ્વરૂપ છે. એવા વિકલ્પની આટલી હજાર, લાખ, અનંત વાર ક્રિયા કરે તો પણ તે આત્માના સ્વરૂપ દર્શન, જ્ઞાન, ચારિત્રને (પ્રાપ્ત કરી શકે નહિ). બોધિ શબ્દ છે ને? ત્રણેય ભેગા લીધા. '**સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રમય જો અપના સ્વરૂપ...**' એમ. આત્મા યથાર્થ વસ્તુ કહીએ તો સમ્યગ્દર્શનની પર્યાય શ્રદ્ધાગુણમાં અનંતી પડી છે. જ્ઞાનમાં સમ્યગ્જ્ઞાનની પર્યાય અનંતી છે. ચારિત્રગુણમાં શાંતિ, સ્થિરતા આદિની પર્યાય અનંતી છે. એવું જે નિજ સ્વરૂપ, એમાંથી પ્રાપ્ત થયેલ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પ્રાપ્તિ, એમાંથી થઈ, એ આવી ક્રિયાકાંડથી થાય નહિ. એ સાધન છે ને. સાધન છે ને, એમ કહે છે ને? પહેલા એ આવે ને? ના પાડે છે. પહેલા આવું સાધન અનંત વાર કર્યું તો પણ કાંઈ સાધ્ય તો થયું નહિ.

મુમુક્ષુ :- આવે..

ઉત્તર :- ઇ તો થાય તો એને વ્યવહાર સાધનનો ઉપચાર અપાય. નિશ્ચય સ્વરૂપનું સાધન શુદ્ધ ચૈતન્યની દૃષ્ટિ, ચૈતન્યનું જ્ઞાન ને ચૈતન્યની લીનતા-રમત, એવી પ્રગટ કરે તો એને આવા વિકલ્પ હોય એને વ્યવહાર સાધનનો આરોપ ઉપચારથી કરે. (બાકી) સાધન-ફાધન છે જ નહિ. સેઠી! કથન છે કે નહિ એમાં? હજારો, કરોડ વર્ષથી... પેલામાં પણ એમ આવે છે. અજ્ઞાની ગમે એટલા વર્ષ કરે તો પણ જ્ઞાની .... અંતર્મુહૂર્તમાં એને કપાય. આવે છે ને? એમાંથી ઊંધો અર્થ કરે છે. એટલો પણ ખપે છે ને! માટે એ જ્ઞાની છે. એમ. આ તો ત્રણ ગુપ્તિ સહિતની સ્થિરતાવાળો છે, એટલું કહી એ ન ખપાવી શકે એમ (કહ્યું). એવો અર્થ કરે છે ને?

કહે છે, કરોડ, અબજો વર્ષ સુધી, અરે...! અનંત ભવ સુધી. અનંત મનુષ્યપણાના ભવમાં મુનિપણું લે ભલે અનંતે કાળે, એમાં પણ અનંતે કાળે મનુષ્યપણામાં બહાર નીકળે. સમજાણું? અને તે પણ સુષ્ઠુ-બરાબર. એમ. નિરતિચાર. કપટથી જગતને દેખાડવા માટે નહિ. માટે સુષ્ઠુ શબ્દ વાપર્યો. જૈન સંપ્રદાયમાં દિગંબર સંપ્રદાયમાં જન્મી એને અનંત કાળે ભલે મળે પણ અનંત વાર એવી પંચમહાવ્રતને અઠ્યાવીસ મૂળગુણની ક્રિયા, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ, એવી ક્રિયા અનંત વાર કરે તો પણ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પોતાનું નિજ સ્વરૂપ (પ્રાપ્ત કરી શકે નહિ). કારણ કે રાગ તો પર સ્વરૂપ છે, એમ કહે છે. સમજાણું કાંઈ?

પેલા કહે, વ્યવહાર સાધન છે, વ્યવહાર સાધન છે. નિમિત્ત અકિંચિત્કર માને એ જૈનદર્શનના શત્રુ છે, એવું આવ્યું છે. નિમિત્ત અકિંચિત્કર માને..

આચાર્ય તો કહે છે કે ઘડો કરવામાં અમે કંઈ કુંભારને દેખતા નથી. માટીથી ઘડો થાય છે. નિમિત્તથી થતું નથી એમ અમે દેખીએ છીએ એમ તો કહે છે. (કુંભારથી ઘડો થતો) દેખતા નથી, અમે તો માટીથી ઘડો થાય છે એમ દેખીએ છીએ. દરેક દ્રવ્યના પર્યાય ઉત્પન્ન.... ૩૭૨ ગાથા, ૮૬મી ગાથા. લ્યોને. દરેક દ્રવ્યની પર્યાયનો ઉત્પાદ પરથી અમે જોતા નથી. ઉત્પન્ન થતું નથી ત્રણકાળમાં. પોતાનો પર્યાય, દરેક દ્રવ્યનો. દાખલો આપ્યો છે. સમય સમયનો દરેક દ્રવ્યનો પર્યાય પરથી ઉત્પન્ન થાય એમ અમે દેખતા નથી. પોતાથી ઉત્પન્ન થાય છે. એમાં શું બાકી રાખ્યું? આહાહા..!

ક્યાંથી નીકળીને આવ્યો? વનસ્પતિમાંથી નીકળીને જૈન ... અનંતે કાળે માણસ થાય. એમાંય કહે છે કે કોઈ કોઈવાર આવું ચારિત્ર એટલે પંચમહાવ્રતઆદિ લ્યે, તોય અનંત વાર એણે એવું કર્યું. છતાં એનાથી સ્વરૂપની પ્રાપ્તિ ન થઈ. આહાહા..! સમજાણું કાંઈ?

**'સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રમય જો અપના સ્વરૂપ...'** ચારિત્રમય એટલે પોતાના નિજ સ્વરૂપનો આશ્રય અને એની જે પરિણતિ, **'ઉસકા લાભ પ્રાપ્ત નહીં કરતે;...'** આવી ક્રિયાકાંડ અનંત વાર કરે તો પણ સ્વરૂપના આશ્રયના લાભની પ્રાપ્તિ ન થાય, એમ આમાં કહ્યું છે. ભેદનું આવ્યું ને? ભેદ સાધ્ય-સાધક. એમાં પણ એ આવ્યું. રાગ સાધન ભેદ છે અને સાધ્ય નિર્મળ શુદ્ધ પૂર્ણ, એ વાત જ ખોટી છે. એથી મળે નહિ અનંત વાર, કહે છે. આહાહા..!

અરે..! માંડ નીકળ્યો. નિગોદથી એકેન્દ્રિયથી. પાછો જ્યાં જન્મ્યો અને જે ધર્મની બાહ્ય પ્રવૃત્તિમાં આવ્યો એને કુળ નભાવવા ત્યાં આગળ મથી, મથી ગયો, પણ કહે છે કે એવી ક્રિયા તો અનંત વાર (કરી). મનુષ્યપણું ઘણે કાળે મળે. એમાં આવું ચારિત્ર આવા વ્રતાદિ વ્યવહાર, એ પણ ઘણે કાળે ચારિત્ર લીધું. કંઈ બધાને એવું ચારિત્ર થાય? એવા એવા અનંત કાળમાં એવા વ્રતાદિ લીધા. બ્રહ્મચર્ય બહારના પાળ્યા, પણ અંદર બ્રહ્મસ્વરૂપ આત્માના સ્વરૂપનો લાભ થયો નહિ. આહાહા..! કહો, સમજાણું કાંઈ? દિશાફેરની વાત છે ને! પંચમહાવ્રત, અઠ્યાવીસ (મૂળગુણ પાળવા) એ તો પરના લક્ષવાળી દશા છે. દિશા પણ વિદિશા છે. આખી વાત જ ફેર છે. જુઓ! આ દર્શન-સમ્યગ્દર્શનની મહિમા!! આહા..!

**'યદિ હજાર કોટિ વર્ષ તક તપ કરતે રહે...'** એટલે કે અનંત કાળ એવું તપ કરે એમ. **'તબ ભી સ્વરૂપકી પ્રાપ્તિ નહીં હોતી.'** પણ જે સાધન નથી એનાથી પ્રાપ્તિ કેમ થાય? સાધન તો સવારમાં આવ્યું હતું ને? વસ્તુ ચૈતન્ય ભગવાન આનંદસ્વરૂપની પર્યાયમાં પ્રાપ્તિ, એ સાધન છે. એ પર્યાય નિર્મળ એ સાધન છે. સવારમાં આવ્યું હતું ને? સંસિદ્ધિ, સિદ્ધિ, રાધ આ સાધનથી તો અનંત ભવ કર્યા, કહે છે. આહાહા..! મનુષ્યપણા ઘણે કાળે મળ્યા, એવા અનંતા, એમાં ઘણે કાળે પંચમહાવ્રત લીધા એવા અનંતા પાછા. સમજાણું કાંઈ? તો પણ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રમય એવું પોતાનું નિજ સ્વરૂપ, એના લાભની પ્રાપ્તિ એના વડે તો થઈ નહિ.

**'યહાં ગાથામેં દો સ્થાનોંપર 'ણં' શબ્દ હૈં...'** બે ઠેકાણે આવ્યું છે ને? **'णं'** **'चरंता णं'** **'सम्मत्तविरहिया णं'** **'चरंता णं'**. 'ણં' આવ્યો છે ને? સંસ્કૃતમાં ... **'ઉસકા અર્થ વાક્યકા અલંકાર હૈ.'** એ વાક્યનો અલંકાર છે. શબ્દોનો એ અલંકાર છે.

**ભાવાર્થ :- 'સમ્યક્ત્વકે બિના હજાર કોટિ વર્ષ તપ કરનેપર ભી..'** હજાર, કરોડ વર્ષ તપ કરે તોભી **'મોક્ષમાર્ગકી પ્રાપ્તિ નહીં હોતી.'** સમજાણું? .. ઇ તો સાધારણ છે. ... 'જો પુરુષ સમકિત રહિત હૈ, ભલી પ્રકાર હજાર, કોટિ વર્ષ તક કઠિન તપસ્યા કરે તો ભી ઉન્હેં રત્નત્રય પ્રાપ્ત નહીં હોતા.' એટલું. સમકિત વિના હજાર, કરોડ વર્ષ તપ કરે. પણ જે વસ્તુનું સ્વરૂપ જ નથી એ દ્વારા કરે તો એમાં વસ્તુની ક્યાંથી પ્રાપ્તિ થાય? એમ કહે છે. એ ક્રિયાકાંડના શુભભાવો વસ્તુનું સ્વરૂપ જ નથી. અને સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર તે વસ્તુના સ્વરૂપમાં પડ્યા છે. સમજાય છે કાંઈ? આહા..! આ ક્યાં એનામાં છે? આ તો મફતનો વિકલ્પ ઊભો કરીને બધું કરે છે. એમાંથી ક્યાંથી પ્રાપ્ત થાય? સમજાણું કાંઈ?

**'મોક્ષમાર્ગકી પ્રાપ્તિ નહીં હોતી.'** મોક્ષમાર્ગ. **'યહાં હજાર કોટિ કહનેકા તાત્પર્ય ઉતને હી વર્ષ નહીં સમજના, કિન્તુ કાલકા બહુતપના બતલાયા હૈ.'** એ તો કાળનું ઘણાપણું જણાવ્યું છે. આ જરી પાછળનો શબ્દ મળતો નથી બરાબર. પંડિતજી મેળવી શકતા નથી. અમે તો, અમારે શબ્દનો ખ્યાલ નથી.

**'તપ મનુષ્ય પર્યાયમેં હી હોતા હૈ, ઇસલિયે મનુષ્યકાલ ભી થોડા હૈ,...'** મનુષ્યકાળ થોડો અને તપસ્યા ઘણી વાર કરી એવા મનુષ્યપણામાં પણ. **'ઇસલિયે તપકા તાત્પર્ય યહ વર્ષ ભી બહુત કહે હૈં.'** એમ કાંઈક છે પણ બહુ મેળ ખાતો નથી. તમે તો આમાં મેળવી દ્યો. એય..! મનુષ્યપણું મળે છે ઘણે કાળે, તો પણ બીજાની અપેક્ષાએ થોડું છે. અને એમાં પણ અનંત અનંત વાર એવું કરે તો પણ આત્માનો લાભ મળતો નથી. ઘણા ભવ તો બીજામાં જાય છે. મનુષ્યપણાનો કાળ થોડો. માંડ મનુષ્યપણું ઘણે કાળે મળે અને તે પણ મનુષ્ય.... એવામાં આવા અનંતવાર કરે તો પણ સ્વના આશ્રયની દૃષ્ટિ વિના એને આ ત્રણનો લાભ દર્શન, જ્ઞાન, ચારિત્ર થાય નહિ. લ્યો.

---

**ऐसे पूर्वोक्त प्रकार सम्यक्त्वके बिना चारित्र, तपको निष्फल कहा है। अब सम्यक्त्व सहित सभी प्रवृत्ति सफल है – ऐसा कहते हैं :–**

## ગાથા-૬

**सम्मत्तणाणदंसणबलवीरियवड्ढमाण जे सव्वे।**
**कलिकलुसपावरहिया वरणाणी होंति अइरेण।।६।।**

सम्यक्त्वज्ञानदर्शनबलवीर्य वर्धमानाः ये सर्वे।
कलिकलुषपापरहिताः वरज्ञानिनः भवंति अचिरेण।।६।।

સમ્યક્ત્વ-દર્શન-જ્ઞાન-બલ-વીર્યે અહો! વધતા રહે;
કલિમસરહિત જે જીવ, વરજ્ઞાનનો અચિરે લહે. ૬.

अर्थ :– जो पुरुष सम्यक्त्व ज्ञान, दर्शन, बल, वीर्यसे वर्धमान हैं, तथा कलिकलुषपाप अर्थात् इस पञ्चमकालमें मलिन पापसे रहित हैं वे सभी अल्पकालमें वरज्ञानी अर्थात् केवलज्ञानी होते हैं।

भावार्थ :– इस पंचमकालमें जड़–वक्र जीवोंके निमित्तसे यथार्थ मार्ग अपभ्रंश हुआ है। उसकी वासनासे जो जीव रहित हुए वे यथार्थ जिनमार्गके श्रद्धानरूप सम्यक्त्वसहित ज्ञान–दर्शनके अपने पराक्रम – बलको न छिपाकर तथा अपने वीर्य अर्थात् शक्तिसे वर्धमान होते हुए प्रवर्तते हैं, वे अल्पकालमें ही केवलज्ञानी होकर मोक्ष प्राप्त करते हैं।।६।।

## ગાથા-૬ ઉપર પ્રવચન

**'ऐसे पूर्वोक्त प्रकार सम्यक्त्वके बिना चारित्र, तपको निष्फल कहा है.'** અત્યાર સુધી બેયને નિષ્ફળ કીધું ને? ચોથામાં, પાંચમામાં અને ત્રીજામાં. ત્રીજામાં કહ્યું ને? **'दंसणमूलो धम्मो'** માં. **'अब सम्यक्त्व सहित सभी प्रवृत्ति सफल है...'**

**सम्मत्तणाणदंसणबलवीरियवड्ढमाण जे सव्वे।**
**कलिकलुसपावरहिया वरणाणी होंति अइरेण।।६।।**

**अर्थ :- 'जो पुरुष...'** જે કોઈ આત્મા **'सम्यक्त्व, ज्ञान, दर्शन, बल, वीर्यसे वर्धमान है,...'** દેખો! જે કોઈ પુરુષ ભગવાનઆત્મા, એની પ્રતીતિ-સમ્યગ્દર્શન, જ્ઞાનમાં પણ વધારે જાય છે, વર્ધમાન છે. દર્શનમાં દેખવામાં પણ વર્ધમાન ઉપયોગ છે. બળ, વીર્ય. બે લીધા છે. બળ, વીર્ય. બળ, વીર્ય મૂળ તો અંદરનો પુરુષાર્થ છે. બળ, વીર્યનો અર્થ થાય છે જુદો જુદો. એ બહાર ... **'तथा कलिकलुषपाप...'** કહીએ. બળવીર્ય શું કર્યો... છઠ્ઠી ગાથા છે ને? ... દર્શન સત્તા અવલોકન માત્ર. એમ કહે છે. નિજ વીર્ય બળ એ નિજ વીર્ય ... એમ બળનો અર્થ નીચે ગોપવતો નથી. ... બસ, એટલું. વીર્ય આત્મશક્તિ, કીધું. પેલું બળને ગોપવતો નથી અને આત્મશક્તિ ફોરવે છે. બેને જુદા પાડ્યા છે. 'वीर्येनात्मशक्तिया पुरुषार्थः वर्धमानाः' વર્તમાન પુરુષાર્થ વર્તે છે. ....

જે પુરુષ આત્માનું સમકિત-દર્શનશુદ્ધિ, આત્માનું જ્ઞાન, આત્માનો દર્શનઉપયોગ, બળ, વીર્ય જે મળ્યું છે તેને ગોપવતો નથી અને વીર્ય ફોરવે છે. અસ્તિ-નાસ્તિ કરી છે. અસ્તિ-નાસ્તિ કરીને બે અર્થ જુદા પાડ્યા છે. આત્મવીર્ય ફોરવે છે. ડીગ્રી વર્ધમાન હૈં ચડતી એણે કરી. માણસ

કહે છે ને બહારમાં? પૈસા સરખા હોય (તો એમ કહે), આ તો ચડતી ડિગ્રી છે. નથી કહેતા? સંસારમાં નથી તમને? છોકરા સારા હોય, ફલાણું હોય, પૈસા હોય તો ચડતી ડિગ્રી એમાં કોઈ સારી કન્યા દેવા આવ્યા હોય ને ના પાડે, તો કહે, આ તો... એ.. 'ધીરૂભાઈ'! એમ કહે છે કે નહિ? કહે છે, એવું સાંભળેલું હોય લોકોમાં. ચડતી ... અહીં તો ચડતી ડિગ્રીમાં વૃદ્ધિ કરી એમ કહે છે. આત્માના સમ્યગ્દર્શનની નિર્મળતા વધારે, જ્ઞાનની સ્વસંવેદનની (નિર્મળતા વધારે). સમજાણું? ચારિત્ર ન આવ્યું. એમાં આ આવ્યું. બળ ને વીર્ય, એમાં ચારિત્ર આવ્યું. સમજાણું કાંઈ? વીર્યને ફોરવે છે, અંતર સ્વરૂપમાં, હોં! વીર્યનો ઉઘાડ છે એને ગોપવતો નથી. એ ચારિત્ર એમાં આવી ગયું. એમ કરી વર્ધમાન છે. અંદરમાં પુરુષાર્થની, અંતર દ્રવ્ય સ્વભાવની જાગૃતિ વર્ધમાન છે.

**'કલિકલુષપાપ...'** કહીએ. કલિકલુષપાપ **'અર્થાત્ ઇસ પંચમકાલકે મલિન પાપ...'** કળિકાળ છે ને? કળિકાળ. કળિકાળ કલુષપાપ. પંચમકાળમાં મલિન પાપથી **'રહિત હૈ...'** મહા અટપટો પંચમકાળ એવો છે, જુઓને! મિથ્યાશ્રદ્ધાના જોર, મિથ્યાત્વના ભાવના જોર, અહીં ચમત્કાર થયો ને ઢીકણું થયું, એવા બધા મિથ્યાત્વના જોર છે. **'વે સભી અલ્પકાલમેં વરજ્ઞાની અર્થાત્ કેવલજ્ઞાની હોતે હૈં.'** આવા જીવ જે સ્વરૂપની અંતર શ્રદ્ધા, જ્ઞાન, બળ, વીર્ય ફોરવે છે તે પંચમકાળના મહા મિથ્યાત્વના આગ્રહના પાપ, એનાથી રહિત થયેલો થકો. પંચમકાળનું એ મોટું મહાપાપ કહ્યું છે. ધર્મ દુર્લભ થઈ પડ્યો પંચમકાળમાં. જૈનમાં જન્મ્યાને પણ મિથ્યાત્વના લાકડા એટલા આકરા (છે). એવા ભાવને છોડીને **'સભી અલ્પકાલમેં વરજ્ઞાની અર્થાત્ કેવલજ્ઞાની હોતે હૈં.'** લ્યો. વર જ્ઞાની થાય, કેવળજ્ઞાન ઇ પામશે. પંચમકાળમાં આવા મિથ્યાત્વ આદિના આગ્રહનો (અભાવ કરી) અને પોતાના દર્શન, જ્ઞાન ને બળ, વીર્યની સ્ફુરણાથી સ્વરૂપનું સાધન કરે છે એ અલ્પકાળમાં મોક્ષને પામશે, લ્યો. સમજાણું? ટીકાકારે આ 'વર' શબ્દ છે ને? તીર્થંકર થઈને કેવળ પામશે, એમ કરીને નાખ્યું છે. વર ઘણીવાર નાખે છે. વરજ્ઞાન છે ને? વરજ્ઞાન. કેવળજ્ઞાન તો પામશે પણ તીર્થંકર થઈને કેવળજ્ઞાન પામશે. સંસ્કૃત ટીકામાં છે. નાખે છે, ઘણી વાર નાખે છે. **'વરજ્ઞાની અર્થાત્ કેવલજ્ઞાની હોતે હૈં.'**

**ભાવાર્થ :- 'ઇસ પંચમકાલમેં જડ-વક્ર જીવોંકે...'** સત્યને સમજવા માટે એટલી વિરાધના, એટલો વિરોધ (કરે). જ્ઞાનીઓની વાતમાં સૂક્ષ્મમાં પણ.. આહાહા..! **'જડ-વક્ર જીવોંકે નિમિત્તસે યથાર્થ માર્ગ અપભ્રંશ હુઆ હૈ.'** ખરો માર્ગ જૈનના સંપ્રદાયમાં (અપભ્રંશ થયો છે). શ્વેતાંબર, સ્થાનકવાસી, તેરાપંથી જુઓને! એમાંય કેટલાય પેટા ભેદો હશે અંદર. બધાએ યથાર્થ માર્ગને અપભ્રંશ કરી નાખ્યો. એમાંથી આ તત્ત્વનું વાસ્તવિક સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર, બળને પામવું મહાદુર્લભ છે. સમજાણું કાંઈ?

આ .. રસ્તામાં કહેતો હતો, પેલો વિષય ચાલતો હતો એમાં સાથે હતો. લીલોતરી હતી ને? ઇ કહે, આના ઉપર પગ મૂકીએ તો શું થાય? ઘણું દુઃખ થાય ને મરી જાય. વનસ્પતિના જીવો. ત્યારે કહે, આમાંથી માણસ કે દિ' થાય? માણસ તો કો'ક વખતે, કો'ક શુભભાવ એવા આવે

(તો થાય). આમ તો શુભભાવ ક્ષણે ક્ષણે એને થાય છે. શુભ-અશુભ, શુભ-અશુભ (થાય છે) પણ એવો શુભભાવ મનુષ્યપણાનો આવે ત્યારે (થાય). એ તો મહાદુર્લભ છે. માણસપણું (દુર્લભ છે). ત્યારે કહે, આવું દુર્લભપણું મનુષ્ય માટે (છે) તો આત્માનું કામ કરી લેવું જોઈએ. નહિતર આવો દુર્લભ (ભવ ચાલ્યો જશે). અહીં તો તારો બાપ ભણવાનું કહેશે, પછી પરણવાનું કહેશે. કેમ કરીશ તું? એય..!

મુમુક્ષુ :- હમ તો આત્માકા કલ્યાણ કરેંગે.

ઉત્તર :- કરેંગે! આહાહા..! ઇ વનસ્પતિ હેઠે દબાય. હવે જેને હજી જીવ છે એની એને ખબર નથી, બીજાઓ માને ને અંદર અસંખ્ય પડ્યા છે. આ ઊગે છે ને રસ્તામાં? લીલોતરી, ખડ. કેટલા જીવો છે! ઓ..હો..હો...! એમાંથી નીકળીને માણસ થાવું અનંતે કાળે દુર્લભ છે. કેટલાક તો એમાં ને એમાં (જન્મે-મરે). વનસ્પતિમાંથી નિગોદમાં ને નિગોદમાંથી પ્રત્યેકમાં ને પ્રત્યેકમાંથી નિગોદમાં (જાય). આહાહા..! સમજાય છે? અઢી પુદ્ગલ પરાવર્તન કીધું છે. એકેન્દ્રિયમાંથી નિગોદમાં, નિગોદમાંથી પ્રત્યેકમાં, અઢી પુદ્ગલ પરાવર્તન. ઓહોહો..! અઢી પુદ્ગલ પરાવર્તન. એકલા નિગોદમાં રહે તો સીત્તેર ક્રોડાક્રોડી સાગર. નિગોદમાં સ્થૂળ ને સૂક્ષ્મ, સ્થૂળ ને સૂક્ષ્મમાં રહે તો અર્ધપુદ્ગલ. અને નિગોદ અને પ્રત્યેક વનસ્પતિ, પૃથ્વી આદિમાં રહે, એકેન્દ્રિયાદિમાં તો અઢી પુદ્ગલપરાવર્તન (રહે). એમાં આગળ જઈને પૃથ્વી, પાણી, અસંખ્ય ... એમાં ને એમાં. વનસ્પતિ ને પ્રત્યેકમાં, નિગોદમાં, પ્રત્યેકમાં. અને આ પૃથ્વી, પાણી, અગ્નિ ને વાયુ એમાં આવે ને ન્યાં જાય, એમાં આવે ને જાય, તો અસંખ્ય પુદ્ગલપરાવર્તન (ફરે). એવી કાયસ્થિતિ છે. અસંખ્ય પુદ્ગલ પરાવર્તન એકસાથે, હોં! કે દિ' માણસ થાય? અહીં જ્યાં આવ્યો ત્યાં થઈ રહ્યું. બહારના સાચવવામાં, એ ધર્મને નામે આવ્યો ત્યાં પણ બહારની જે અમારી માન્યતા અને અમારા ગુરુ મળ્યા, એમાં ને એમાં બરાબર છે, એને રાખવું. જીવન ગયા એળે એવા.

એવા તો ગયા પણ અહીં તો કહે છે કે પાંચ મહાવ્રતને પાળ્યા. સમજાણું કાંઈ? અઠ્યાવીસ મૂળગુણને પાળ્યા. છતાં આત્માના અંતર દર્શન, જ્ઞાન ને ચારિત્ર વિના એ બધું નિષ્ફળ ગયું. આ જીવો તો પોતાના સ્વરૂપનો આશ્રય લઈ અને જેણે પંચમકાળના આવા યથાર્થ માર્ગના અપભ્રંશ જે થયેલા છે એને છોડીને પોતાના સ્વરૂપનું આરાધન કરે છે એ તો વિરલ પ્રાણી કેવળજ્ઞાનને પામનારા છે, એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? કેટલા અટકવાના કારણો? ઓ..હો..હો...! બધાને છોડી. આ પંચમકાળની વાત ચાલે છે ને. કલિકલુષ. કળિકાળના કલુષ ભાવ, મિથ્યા આગ્રહના. મોટા મોટા મુનિ નામ ધરાવે, આચાર્ય નામ ધરાવે. આહાહા..! અને વિપરીત માન્યતાના ઢગલા પોષણ કરે. એવો પંચમકાળ, કળિકાળ (છે). આહાહા..! હારી ગયા જીવતર મનુષ્યપણું. એમાંથી કહે છે, એના ભાવ રહિત થયો, એમ કહે છે. સમજાણું કાંઈ?

પંચમકાળમાં જડ-વક્ર જીવને કારણે, બુદ્ધિ થોડી ને વાંકા ઘણા, પાછા આડા. પોતે જ્યાં છે એનો બચાવ કરીને પોતાની સ્થિતિને સ્થાપે કે બરાબર, અમારો માર્ગ છે, બરાબર માર્ગ છે. હોય

ઊંધા. **'અપભ્રંશ હુઆ હૈ. ઉસકી વાસનાસે જો જીવ રહિત હુએ...'** એવી જેને ગંધ નથી બેઠી એવા ધર્માત્મા પોતાના દર્શન, જ્ઞાન, ચારિત્ર અથવા બળને ફોરવીને જે જીવ **'યથાર્થ જિનમાર્ગકે શ્રદ્ધાનરૂપ...'** પેલામાં યથાર્થ માર્ગથી અપભ્રંશ થયા હતા એમ કીધું હતું. હવે અહીં (કહ્યું) **'યથાર્થ જિનમાર્ગકે શ્રદ્ધાનરૂપ...'** સમકિત સહિત, શ્રદ્ધાન સહિત **'જ્ઞાન-દર્શનકે અપને પરાક્રમ-બલકો ન છિપાકર...'** લ્યો, થોડું નાખ્યું ખરું, હોં! **'અપને પરાક્રમ-બલકો ન છિપાકર તથા અપને વીર્ય અર્થાત્ શક્તિસે...'** લ્યો, નાખ્યું, હોં! ટીકામાંથી થોડું લીધું છે. પોતાનો આત્મા નિર્વિકલ્પ સમ્યગ્દર્શન અને સ્વનું આત્માનું જ્ઞાન અને સ્વનું દર્શન, સત્તાઅવલોકન ઉપયોગ, એવું અને પોતાનું પરાક્રમ-બળ. એને **'ન છિપાકર...'** પોતાનો પુરુષાર્થ છે એને ગોપવે નહિ. કરવાને કાળે તો આ છે, એ વીર્યને કેમ ગોપવે? પ્રમાદ કેમ થવા દે? એમ કહે છે. સમજાણું કાંઈ? અનંત કાળે આવી જોગવાઈ અંદરમાં, મળી, હવે કહે છે કે એ વીર્યને કેમ ગોપવે?

**'તથા અપને વીર્ય અર્થાત્ શક્તિસે વર્ધમાન હોતે હુએ...'** લ્યો, મેળવ્યું હવે. પોતાનું વીર્ય, જે શક્તિ વર્ધમાન પુરુષાર્થથી. સ્વભાવ સન્મુખનો પુરુષાર્થ વધારતો જાય છે, એમ કહે છે. આહાહા..! **'વર્ધમાન હોતે હુએ પ્રવર્તતે હૈં, વે અલ્પકાલમેં હી કેવલજ્ઞાની હોકર મોક્ષ પ્રાપ્ત કરતે હૈં.'** લ્યો. એ જીવ પંચમકાળને ઓળંગી આવા કાળમાં જઈ અને અલ્પકાળે કેવળજ્ઞાન પામશે, એમ કહે છે. સમજાણું?

'બનારસીદાસ'ને જુઓને! મરતાં બરાબર ભાન હતું. પણ જીવ ક્યાંક અટક્યો થોડો કાળ. નીકળતાં નીકળતાં વાર લાગી. લોકો વાત કરવા મંડ્યા. પંડિતજીનો જીવ ક્યાંક અટક્યો છે? લોકો કહે છે ને ક્યાંક જીવ ભરાણો છે, નથી કહેતા અહીં? ક્યાંક જીવ રહ્યો છે, ક્યાંક જીવ રહી ગયો છે. નીકળતો નથી. આમને ભાષા બંધ થઈ ગઈ હતી. અને આ વેદન. અંદર દેહ છૂટવાની તૈયારી. માળા! ભાષા ન મળે. મોહને જ્ઞાનના ... ચલે બનારસીદાસ ફેર નહિ આવના. આવા કાળમાં હવે નહિ (આવીએ). ચલે બનારસીદાસ, ફેર નહિ આવના. આવી સ્થિતિમાં હવે અમારો અવતાર હોઈ શકે નહિ. જ્યાં દેહ છૂટતા જરી વાર લાગી, એને ત્યાં આવા કુતર્ક કરે છે, આ તે કેવો સંયોગ? એમ કહે છે. જીવ ક્યાંક ભરાણો લાગે છે. ભરાણો ક્યાં? ધૂળમાં? સાંભળને હવે. અંતર દર્શનમાં છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'અલ્પકાલમેં હી કેવલજ્ઞાની હોકર મોક્ષ પ્રાપ્ત કરતે હૈં.'** પરમાત્મપદને પામશે. પેલો ઘણો કાળ મૂક્યો ને? એની સામે અહીં થોડો કાળ મૂક્યો. લાંબે કાળે આવા મહાવ્રત ને ક્રિયાકાંડ કરતા થકા તે સમ્યગ્દર્શનને પામતા નથી, સ્વરૂપની પ્રાપ્તિ કરતા નથી. એમ. આ થોડા કાળમાં પોતાના કેવળજ્ઞાનને પામે છે. આહાહા..! સમજાણું કાંઈ? છ ગાથા થઈ.

अब कहते हैं कि – सम्यक्त्वरूपी जलका प्रवाह आत्माको कर्मरज नहीं लगने देता :–

## ગાથા-૭

सम्मत्तसलिलपवहो णिच्चं हिया ए पवट्टए जस्स।
कम्मं वालुयवरणं बन्धुच्चिय णासए तस्स।।७।।

सम्यक्त्वसलिलप्रवाहः नित्यं हृदये प्रवर्त्तते यस्य।
कर्म वालुकावरणं बद्धमपि नश्यति तस्य।।७।।

સમ્યક્ત્વનીરપ્રવાહ જેના હૃદયમાં નિત્યે વહે,
તસ બદ્ધકર્મો વાલુકા-આવરણ સમ ક્ષયને લહે. ૭

अर्थ :– जिस पुरुषके हृदयमें सम्यक्त्वरूपी जलका प्रवाह निरन्तर प्रवर्तमान है उसके कर्मरूपी रज – धूलका आवरण नहीं लगता, तथा पूर्वकालमें जो कर्मबंध हुआ हो वह भी नाशको प्राप्त होता है।

भावार्थ :– सम्यक्त्वसहित पुरुषको (निरन्तर ज्ञानचेतनाके स्वामित्वरूप परिणमन है इसलिये) कर्मके उदयसे हुए रागादिक भावोंका स्वामित्व नहीं होता, इसलिये कषायों की तीव्र कलुषतासे रहित परिणाम उज्ज्वल होते हैं; उसे जलकी उपमा है। जैसे – जहाँ निरन्तर जलका प्रवाह बहता है वहां बालू – रेत – रज नहीं लगती; वैसे ही सम्यक्त्वी जीव कर्मके उदयको भोगता हुआ भी कर्मसे लिप्त नहीं होता। तथा बाह्य व्यवहारकी अपेक्षासे ऐसा भी तात्पर्य जानना चाहिये कि – जिसके हृदयमें निरन्तर सम्यक्त्वरूपी जलका प्रवाह बहता है वह सम्यक्त्वी पुरुष इस कलिकाल सम्बन्धी वासना अर्थात् कुदेव – कुशास्त्र – कुगुरुको नमस्कारादिरूप अतिचाररूप रज भी नहीं लगाता, तथा उसके मिथ्यात्व सम्बन्धी प्रकृतियोंका आगामी बंध भी नहीं होता।।७।।

## ગાથા-૭ ઉપર પ્રવચન

**'આગે કહતે હૈં કિ-સમ્યક્ત્વરૂપી જલકા પ્રવાહ આત્માકો કર્મરજ નહીં લગને દેતા :-'** **'નહીં લગને દેતા.'** આહાહા..! જ્યાં નદીનું પૂર હોય ત્યાં રજ ચોંટે ક્યાં? એમાં દાખલો આપ્યો છે. કોરા ઘડાનો. કોરો ઘડો હોય એને કંઈ રજ ચોંટે નહિ. કોરા ઘડા નવા હોય એને ચોંટે છે ક્યાં? ચીકણું હોય, તેલવાળું હોય તો રજ ચોંટે. કોરો ઘડો સમજતે હૈં? એ દાખલો એમાં

આપ્યો છે.

**'સમ્યક્ત્વરૂપી જલકા પ્રવાહ...'** એટલે કહે છે કે સમ્યગ્દર્શનનો પ્રવાહ નિત્ય રહ્યો અને એ પ્રવાહના પરિણમનને કારણે આત્માને કર્મરજ **'નહીં લગને દેતા.'** એને કર્મની રજ લાગતી નથી. જુઓ! અહીં એકલા સમકિતનું જોર આપ્યું છે. સમજાણું કાંઈ?

**सम्मत्तसलिलपवह्यो णिच्चं हिया ए पवट्टए जस्स।**

**कम्मं वालुयवरणं बन्धुच्चिय णासए तस्स।।७।।**

.. બંધાયેલા છે.

**અર્થ :- 'જિસ પુરુષકે હૃદયમેં...'** પુરુષ શબ્દે આત્મા. જે કોઈ આત્માના હૃદયને વિષે એટલે અંતર આત્મામાં **'સમ્યક્ત્વરૂપી જલકા પ્રવાહ નિરન્તર પ્રવર્તમાન હૈ...'** સમ્યગ્દર્શનની શ્રદ્ધાનો પ્રવાહ-પરિણમન નિરંતર વહે છે. પૂર્ણ શુદ્ધ દ્રવ્ય ધ્રુવ ચૈતન્યમૂર્તિ (છું), એવું અંતરમાં જ્ઞાનનું ભાન થઈને સમકિતરૂપી જળનો પ્રવાહ નિરંતર પ્રવર્તે છે. એમ છે ને? **'णिच्च हियए पवट्टए'** **'ઉસકે કર્મરૂપી રજ-ધૂલકા આવરણ...'** તે પુરુષને કર્મ થયું, જે વાળુ-રજનું આવરણ **'નહીં લગતા,...'** એને વેળુ લાગતી નથી. કોરા ઘડાને વેળુ ચોંટતી નથી. એમ કોરો રાગની ચીકાશ વિનાનો છે, કહે છે. આહાહા..! સમ્યગ્દર્શનનો પ્રવાહ **'सलिल'** નદી અંદર ચાલે છે. એ પ્રવાહમાં રાગની ચીકાશ છે નહિ. તેથી એને કર્મ લાગતું નથી. આહાહા..! સમજાણું કાંઈ? જુઓ! આ સમ્યગ્દર્શનનું સ્વરૂપ અને એનું આ માહાત્મ્ય છે. **'કર્મરૂપી રજ-ધૂલકા આવરણ નહીં લગતા,...'** એને આવરણ થતું નથી.

વળી **'તથા પૂર્વકાલમેં જો કર્મબંધ હુઆ હૈ...'** એમ થયું ને? **'कम्मं वालुयवरणं'** નથી ચોંટતી અને **'बन्धुच्चिय णासए तस्स'** બંધાયેલા કર્મનો નાશ થાય છે. બે વાત કરી. સમજાણું કાંઈ? **'તથા પૂર્વકાલમેં જો કર્મબંધ હુઆ હો વહ ભી નાશકો પ્રાપ્ત હોતા હૈ.'** એ બધું ખરતું જાય છે. સ્વરૂપ તરફનો અનુભવ, દૃષ્ટિ છે (તો) પૂર્વનો ઉદય આવે એ બધું ખરી જાય છે. હવે બંધન છે નહિ. આહાહા..! જુઓ! આ સમ્યગ્દર્શનના નિત્ય પરિણમનના પ્રવાહનું ફળ! પેલો એટલું એટલું કરે તો કહે, કંઈ લાભ નહિ. પંચમહાવ્રત (એટલે) પોતાની જાતથી વિરૂદ્ધ ભાવ-વિભાવ. આહાહા..! અહિંસા પાળે, દયા પાળે, દયા તે ધર્મની સિદ્ધિ શું કીધું? સુખની.. દયા તે સુખની વેલડી. દયા તે સુખની ખાણ. પણ કઈ દયા ઇ? તો કહે, પરની દયા તે સુખની ખાણ. ધૂળેય નથી, સાંભળને! ઇ પરદયા એ તો રાગ છે. એ રાગ તો અનંત વાર કર્યો. પેલા કહે, અનુકંપા. સસલાની દયા પાળી ત્યાં પરિત સંસાર (કર્યો). શ્વેતાંબરમાં (આવે છે). સસલું.. સસલું છે ને? ખરગોશ. ખરગોશકો હાથીકે ભવમેં બચા લિયા. પરિત સંસાર.. પરિત સંસાર. ધૂળમાંય પરિત સંસાર થાય નહિ. એ તો રાગ છે. રાગ પોતે સંસાર છે. આહાહા..! આ ભગવાનના શાસ્ત્રના નામે આવી વાતું.

મુમુક્ષુ :-

ઉત્તર :- .. પણ ત્યાં તમે બધા સાંભળતા ને. 'રંગનાથભાઈ' પાસે. ઇ પૈસાવાળા કહેવાતા ગામમાં વધારે. સૌથી (મોટા) પૈસાવાળા. આ 'છોટાભાઈ' કરતાં પણ વધારે પૈસાવાળા કહેવાતા. તે દિ' આવતા ત્યારે સાંભળતા ને. આ લોકો પાસે પાંત્રીસ-ચાલીસ હજાર કહેવાય, એની પાસે ત્રીસ હજાર કહેતા. તે દિ' સાંભળેલી વાત છે. કોઈ કહે ઇ સાંભળ્યું હોય. આપણે ન્યાં ક્યાં ગણવા ગયા હતા. ખબર છે કે નહિ? એક ઘરમાં રહેતા. ખબર છે? (સંવત) ૧૯૭૧માં. પહેલા ત્યાં રહેતા. તમારા ઘરની અંદર. ઝાડની સામે. છાશ લેવા આવતા ને? છાશ. બહાર ઊભા રહે.

મુમુક્ષુ :-

ઉત્તર :- હા, કહેતા. પહેલું ઘર. ત્યાં તમે રહેતા. આ તો ૧૯૭૧ની વાત છે.

અહીં તો કહે છે, પરની દયાનો વિકલ્પ છે એ તો રાગ છે. એ પોતે સંસાર છે. એનાથી સંસાર છૂટે?

મુમુક્ષુ :- ક્યા ભવમાં?

ઉત્તર :- આ કીધું ને, હાથીના ભવમાં. ઇ વળી બીજું. ઇ 'શાંતિનાથ'નો ભવ. ઈ બીજાની વાત. આ તો એક મેઘકુમારની વાત આવે છે. ભગવાન પાસે દીક્ષા લીધી. પછી છેલ્લે પથારી મળી. સૌના ઠેબા ખાય છે, પથારીમાં સૂતા. બધા ગપેગપ. ઠેબા ખાય તે ઊંઘ ન આવી.

મુમુક્ષુ :- મુનિને ઊંઘ સિદ્ધ કરી.

ઉત્તર :- બધું સિદ્ધ કર્યું. અમુક ન હોય એટલે પછી સવારે ભગવાનને આ બધું સોંપી આપણે ઘરે ચાલ્યું જાવું. એમ. .... એય! મેઘા! શું થયું? આ હાથીના ભવમાં આવી દયા પાળીને સંસાર પરિત કર્યો. ... કરી ને? અહીં તને ...? એમ સંબોધન કર્યું છે. એય..! 'ચીમનભાઈ'! સાંભળ્યું છે કે નહિ? સાંભળ્યું છે ને? સાંભળ્યું જ હોય ને. કેમ 'ગુલાબચંદભાઈ'! સાંભળ્યું છે કે નહિ બધું? અરે...! શું તું આવ્યો? હાથીના ભવમાં તેં સંસાર પરિત કર્યો. એના અર્થમાં પણ ફેરવાળા બે-પાંચ. ઓલા પ્રાણલાલ સંસાર પરિત કર્યો નથી, સમકિત હતું માટે પરિત કર્યો છે. એવો શબ્દાર્થ છે. એમ. સમજ્યા ને? એનો અર્થ પેલો કહે, સમકિત વિના પરિત સંસાર થાય નહિ. અર્થ કહે છે એવો છે જ નહિ એનો. તેરાપંથી બધા અર્થ કરે છે એ. સમકિત વિના સંસાર પરિત કર્યો. એ બેયના અર્થમાં ફેર પાછો. 'હીરાલાલજી' હતા ને મારવાડી? એણે શબ્દાર્થમાંથી કાઢ્યું. 'અલભેણ લભેણ' સમકિતનો લાભ હતો તે તને થયો. એનો અર્થ કે સમકિતરત્નનો લાભ ત્યાં તેને નહોતો. એમ હતું. ત્યાં પણ તેં પરિત સંસાર કર્યો તો આ મારી પાસે મુનિપણું લીધું ને આ થયું. એકદમ પાછું... મુનિપણું રાખ્યું ને પછી જાઓ. બધી કલ્પિત વાતું ગોઠવી. પરની દયાથી સંસાર તૂટતા હશે કોઈ દિ'? અહીં શું કહે છે?

સમકિત સલિલ પ્રવાહ વડે. એ તો પરની દયાનો રાગ છે અને રાગની એકતાબુદ્ધિ તે તો મિથ્યાત્વ છે. 'જાદવજીભાઈ'! સાંભળ્યું છે કે નહિ? મેઘકુમારનું. બેને તો બધું બહુ સાંભળ્યું હતું. સ્થાનકવાસીમાં મોઢા આગળ હતા ને? અગ્રેસર. આવું બધું ત્યાં હોય. અરે...! માર્ગ એ નથી,

ભાઈ! એ બધી કલ્પિત કરેલી વાતું છે. આ તો વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર એમ કહે છે કે જેને અંદરમાં આવી અનંત વાર ક્રિયા કરવા છતાં શુભભાવની ક્રિયા દયા, દાન ને વ્રત (કર્યા), અંતર સમ્યગ્દર્શન વિના એનો એક ભવ ઘટે નહિ. સમજાણું કાંઈ? એ.. 'શાંતિભાઈ'! એ બધું કર્યું હતું કે નહિ? ઇ પણ શાસ્ત્રો વાંચતા હતા. સાધુ, સાધ્વીને વંચાવતા હતા. 'કલકત્તા'માં.

અહીં તો કહે છે કે એવા વિકલ્પથી તો પુણ્યબંધન થાય અને ધર્મ માને, રાગને મારો સ્વભાવ માને, એ તો મિથ્યાત્વનું પંચમકાળનું કળિકલુષ પાપ છે એકલું. પંડિતજી! આહાહા..! સાધુને આહાર આપવાથી પરિત સંસાર થાય. ... વિપાકમાં છે. આહાર-પાણી દેનારો મિથ્યાદૃષ્ટિ હોય, લેનાર હોય સમકિત જ્ઞાની. એને આહાર-પાણી આપે તો પરિત સંસાર થાય. પણ પરદ્રવ્યને આહાર-પાણી આપે એમાં શુભભાવ થાય, પરિત સંસાર ક્યાંથી કરતો હતો? પંડિતજી! સ્વદ્રવ્યના આશ્રય વિના પરિત સંસાર ઘટે નહિ. આહાહા..! આ પંચમકાળમાં આવા પાક્યા છે, એમ કહે છે, હોં! આમાં. જૈનાભાસ છે ને? દર્શનથી ભ્રષ્ટ થયેલા આ પંચમકાળમાં આવા બધા ભાવો કરીને ... એનાથી રહિત થઈને જે સમકિતનો પ્રવાહ જેને દૃષ્ટિમાં અંતરમાં નિરંતર વહે છે, (એને) વર્તમાન કર્મનું બંધન નથી અને પૂર્વે બાંધ્યા તે રહેતા નથી. સમજાણું કાંઈ? વસ્તુનું સ્વરૂપ આવું હોય એમાં શું કરવું? એમાં સમન્વય કઈ રીતે કરવો? એમાં પણ કાંઈક છે અને આમાં પણ કાંઈક છે. ક્યાં ગયા, 'શિવલાલભાઈ'? નથી આવ્યા 'શિવલાલભાઈ'! ... ઇ બધા જૂના માણસ છે ને. ગયા હોય ને અંદર. અપાસરે. આહા..! અરે..! અહીં ભાષા શું છે? જુઓને!

'**कलिकलुसपावरहिया**' અરે..! પંચમકાળના આવા જૈનાભાસો, એના આગ્રહ છોડીને જેણે આત્માનું જ્ઞાન ને દર્શન પ્રગટ કર્યું છે, એમ કહે છે. સમજાય છે કાંઈ? જુઓને! છઠ્ઠી ગાથામાં કહ્યું. ઇ પંચમકાળમાં પાક્યા છે ને બધા? આહાહા..! શું થાય? બાપુ! એમાં આત્માને નુકસાન છે, ભાઈ! તને ખરાબ લાગે પણ વસ્તુનું સ્વરૂપ એમ નથી. બહારના આવા શુભભાવો તો અનંતવાર કર્યા, છતાં સ્વના આશ્રયના સમ્યગ્દર્શન વિના એક પણ ભવ ઘટ્યો નહિ.

'**सम्मत्तसलिलपवहो**' કહે છે, જ્યાં અંદર એવા આગ્રહ છૂટી ગયા, સમ્યક્ આત્મા ચિદાનંદ પ્રભુ, એનું ભાન થઈને અંદરમાં પ્રતીત થઈ છે એવો સમ્યગ્દર્શનનો પ્રવાહ નિરંતર વહે છે. ... લીધું છે. સમજાણું? પડી જાય છે ને .. એવી વાત અહીં નથી લીધી. સમજાણું કાંઈ? પ્રવાહ નિરંતર પ્રવર્તે. આહા..! ... સંપ્રદાય મૂકચા પછી આવ્યા હતા ને? ...

**'ઉસકે કર્મરૂપી રજ-ધૂલકા આવરણ નહીં આતા, તથા પૂર્વકાલમેં જો કર્મબંધ હુઆ હો વહ ભી નાશકો પ્રાપ્ત હોતા હૈ.'**

**ભાવાર્થ :- 'સમ્યક્ત્વસહિત પુરુષકો (નિરન્તર જ્ઞાનચેતનાકે સ્વામિત્વરૂપ પરિણમન હૈ ઇસલિયે) કર્મકે ઉદયસે હુએ રાગાદિક ભાવોંકા સ્વામિત્વ નહીં હોતા,...'** લ્યો. ભગવાનઆત્મા શુદ્ધ સ્વભાવનું જ્યાં સમ્યગ્દર્શન અનુભવથી પ્રગટ્યું એવા સમકિતીને **'કર્મકે ઉદયસે હુએ**

**રાગાદિક...**' આત્મામાં તો રાગ થવાનો સ્વભાવ નથી. નિમિત્તના લક્ષે ઉપાધિનો ભાવ ઉત્પન્ન થયો. એ આવે છે ને? નિમિત્ત-નૈમિત્તિક. ઉપાધિને અનુરૂપ આવે છે ને? નિમિત્ત ઉદયને અનુરૂપ પુણ્ય-પાપના વિકલ્પો થાય. તેનું સ્વામિત્વ નથી. ધર્મીને એનું ધણીપતું નથી. આહાહા..! ધર્મીને સ્વામીપણું તો શુદ્ધ ચૈતન્ય દ્રવ્ય, ગુણ ને પર્યાય, શુદ્ધ દ્રવ્ય, ગુણ ને પર્યાય એ એનું સ્વ અને એનો એ સ્વામી. આહાહા..! છ ખંડના રાજનો સ્વામી નહિ, છ ખંડ એણે સાધ્યા નહોતા.

'નિહાલભાઈ' કહે છે ને? એ તો અખંડ સાધતા હતા. ચક્રવર્તીએ છ ખંડ સાધ્યા ને? ના. એણે તો અખંડ આત્માને સાધ્યો છે. સમજાણું કાંઈ? 'ભરત' ચક્રવર્તી વગેરે સમકિતી. (છ ખંડ) સાધ્યા જ નથી. એ રાગ આવ્યો છે એના સ્વામી નથી પછી કોને સાધે એ? આહાહા..! છ ખંડ છે ને? એની સામે અખંડ આત્મા (લીધો). ભગવાનઆત્મા પૂર્ણ અખંડ ધ્રુવ, એને આરાધ્યો અને એને એણે સેવ્યો છે. ધર્મી ચક્રવર્તી એના સ્વામી છે. રાગના સ્વામી નથી. સમજાણું કાંઈ?

**'ઇસલિયે કષાયોં કી તીવ્ર કલુષતાસે રહિત પરિણામ ઉજ્જવલ હોતે હૈં;...**' લ્યો! તેથી કલુષતાથી રહિત એવા પરિણામ ઉજ્જવળ રહે છે. રાગનું સ્વામીપણું નથી માટે, એમ કહે છે. શુદ્ધ ચૈતન્યદ્રવ્યના ગુણ, પર્યાયનું સ્વામીપણું છે માટે પરિણામ ઉજ્જવળ રહે છે, એમ કહે છે. સમજાણું કાંઈ? **'ઉસે જલકી ઉપમા હૈ...**' એને જળની ઉપમા આપી.

**'જૈસે-જહાં નિરન્તર જલકા પ્રવાહ બહતા હૈ વહાં બાલૂ-રેત-રજ નહીં લગતી;...**' પાણીનો ધોધ પડતો હોય માથે ઘડા ઉપર, ત્યાં રજ ક્યાં આવે ચોંટવા? **'વૈસે હી...**' તૈસે જોઈએ. જૈસે છે એમાં? તૈસે જોઈએ. નવું છે? નવામાં પણ ચિહ્ન ન રાખ્યું? કોણ સુધારે પણ? જૈસે તો પહેલા આવી ગયું છે. **'જૈસે-જહાં નિરન્તર જલકા પ્રવાહ બહતા હૈ વહાં બાલૂ-રેત-રજ નહીં લગતી; વૈસે હી સમ્યક્ત્વી જીવ કર્મકે ઉદયકો ભોગતા હુઆ ભી...**' ધર્મી કર્મના ઉદયને જાણતો હોવા છતાં. ભોગવે શું ત્યાં? ભોગવે તો બહાર દેખાય ને. લોકોની ભાષા છે. સમકિતી જીવ કર્મના ઉદયની સામગ્રી ને ઉદય, રાગાદિ ભાવ, એને ભોગતા છતાં **'કર્મસે લિપ્ત નહીં હોતા.**' ભોગતાનો અર્થ એને પર્યાયમાં રાગ થાય છે એમ કહેવું એ ભોગવે છે એમ કહેવામાં આવે છે. ભોગવતો નથી. જેનો સ્વામી નથી એને ભોગવે શું?

**'સમ્યક્ત્વી જીવ કર્મકે ઉદયકો ભોગતા હુઆ ભી કર્મસે લિપ્ત નહીં હોતા. તથા બાહ્ય વ્યવહારકી અપેક્ષાસે ઐસા ભી તાત્પર્ય જાનના...**' શું કહે છે? જુઓ! બાહ્ય વ્યવહાર અપેક્ષાએ એવો પણ ભાવાર્થ જાણવો **'જિસકે હૃદયમેં નિરન્તર સમ્યક્ત્વરૂપી જલકા પ્રવાહ બહતા હૈ વહ સમ્યક્ત્વી પુરુષ ઇસ કલિકાલ સમ્બન્ધી વાસના અર્થાત્ કુદેવ-કુગુરુ...**' દેખો! જેની અંતર નિર્મળ સમ્યગ્દર્શન શ્રદ્ધા થઈ છે એ જીવને સમકિતરૂપી જલ પ્રવાહ વહે, ત્યાં **'સમ્યક્ત્વી પુરુષ કલિકાલ સમ્બન્ધી વાસના અર્થાત્ કુદેવ-કુશાસ્ત્ર-કુગુરુકો નમસ્કારાદિરૂપ અતિચારરૂપ રજ ભી નહીં લગાતા,...**' કુદેવ, કુગુરુ ને કુશાસ્ત્ર કલ્પિત થઈને જૈનને નામે આવ્યા એને એ નમસ્કાર કરતો નથી. આહાહા..! સમજાણું કાંઈ? અત્યારે તો હો-હા થઈ છે. સમન્વય કરો, સમન્વય કરો.

પચીસો વર્ષ ભગવાનના આવવાના છે. માટે કોઈ એવો બોલ કાઢશો નહિ કે જેમાં સંપ્રદાયમાં વિરોધ થાય. એવું આવે છે. વસ્તુનું સ્વરૂપ હોય એમાં બીજું શું થાય? સમજાણું? એમાં એ બધો વીતરાગનો માર્ગ એક છે. નવકારના તો ગણનારા છે બધાય. અરે..! ભાઈ! વીતરાગને નમે ઇ તો કેવો હોય? અંદર દૃષ્ટિ વીતરાગી થઈ એને વીતરાગનો આદર હોય, એ વીતરાગને વ્યવહારે નમે છે, (એમ) કહેવાય છે. આ વ્યવહારને નમે એ તો રાગને નમે છે. આહાહા..! એનું રાગમાં બહુમાન છે. અને વીતરાગને પણ એવા સ્વીકારે છે કે એની ભક્તિ કરવી, એનાથી લાભ થાય એમ ભગવાને કહ્યું છે. ઇ એમ માને છે. ભગવાનને પણ એવા માન્યા. સમજાણું કાંઈ? અમારી ભક્તિથી તમારું કલ્યાણ થશે, એમ ભગવાને કહ્યું છે. એમ કહ્યું છે નહિ, એમ માનનારા રાજી થાય. આહાહા..!

**'કુદેવ-કુશાસ્ત્ર-કુગુરુ...'** એમ લીધું, જોયું? દેવ, શાસ્ત્ર, ગુરુ તીન, એમ આવે છે ને? દેવ, શાસ્ત્ર, ગુરુ તીન. એટલે સામે અવળામાં આમ નાખ્યું. કુદેવને નમસ્કાર, વિનય, સાધુ માનીને આહાર-પાણી દેવા વગેરે એ **'અતિચારરૂપ રજ ભી નહીં લગાતા,...'** સેઠી! આવી જવાબદારી છે. જવાબદારી છે કે વસ્તુનું સ્વરૂપ છે એવું. જવાબદારી નહિ વસ્તુની સ્થિતિ એવી છે. એને પરનો આદર કરવાનો ભાવ (હોય નહિ). ખોટા ગુરુ, ખોટા શાસ્ત્ર, કુગુરુ ને કુદેવ. નમસ્કાર, વિનય વગેરે. **'અતિચારરૂપ રજ ભી નહીં લગાતા,...'** એવો દોષ કરતા નથી.

**'તથા ઉસકે મિથ્યાત્વ સમ્બન્ધી પ્રકૃતિયોંકા આગામી બંધ ભી નહીં હોતા.'** લ્યો! તેથી એને મિથ્યાત્વ સંબંધી પ્રકૃતિનો ભવિષ્યમાં બંધ પડે એવો બંધ પડતો નથી. બંધ પડતો જ નથી, એમ કહે છે. પેલા સાધારણ પરિણામ કાઢી નાખે. **'મિથ્યાત્વ સંબંધી પ્રકૃતિયોંકા આગામી બંધ ભી નહીં હોતા.'** એમ લીધું છે. પહેલા સાધારણ રાગ કીધો પણ એનો સ્વામી નથી એટલે મિથ્યાત્વનો બંધ એને ભવિષ્યમાં નથી. અસ્થિરતાનો બંધ ઇ બંધ ... વાત છે. કહો, સમજાણું કાંઈ?

---

**अब कहते हैं कि – जो दर्शनभ्रष्ट हैं तथा ज्ञान चारित्रसे भ्रष्ट हैं वे स्वयं तो भ्रष्ट हैं ही परन्तु दूसरोंको भी भ्रष्ट करते हैं, – यह अनर्थ है :–**

## ગાથા-૮

**जे दंसणेसु भट्ठा णाणे भट्ठा चरित्तभट्ठा य।**
**एदे भट्ठ वि भट्ठा सेसं पि जणं विणासंति।।८।।**

**ये दर्शनेषु भ्रष्टाः ज्ञाने भ्रष्टाः चारित्र भ्रष्टाः च।**
**एते भ्रष्टात् अपि भ्रष्टाः शेषं अपि जनं विनाशयंति।।८।।**

દગ્ભ્રષ્ટ, જ્ઞાને ભ્રષ્ટ ને ચારિત્રમાં છે ભ્રષ્ટ જે,
તે ભ્રષ્ટથી પણ ભ્રષ્ટ છે ને નાશ અન્ય તણો કરે. ૮.

अर्थ :– जो पुरुष दर्शनमें भ्रष्ट हैं तथा ज्ञान – चारित्रमें भी भ्रष्ट हैं वे पुरुष भ्रष्टों में भी विशेष भ्रष्ट हैं। कई तो दर्शन सहित हैं किन्तु ज्ञान – चारित्र उनके नहीं हे, तथा कई अंतरंग दर्शनसे भ्रष्ट हैं तथापि ज्ञान – चारित्रका भलीभाँति पालन करते हैं; और जो दर्शन – ज्ञान – चारित्र इन तीनोंसे भ्रष्ट हैं वे तो अत्यन्त भ्रष्ट हैं; वे स्वयं तो भ्रष्ट हैं ही परन्तु शेष अर्थात् अपने अतिरिक्त अन्य जनोंको भी नष्ट करते हैं।

भावार्थ :– यहाँ सामान्य वचन है इसलिये ऐसा भी आशय सूचित करता है कि सत्यार्थ श्रद्धान, ज्ञान, चारित्र तो दूर ही रहा, जो अपने मतकी श्रद्धा, ज्ञान, आचरणसे भी भ्रष्ट हैं वे तो निरर्गल स्वेच्छाचारी हैं। वे स्वयं भ्रष्ट हैं उसी प्रकार अन्य लोगोंको उपदेशादिक द्वारा भ्रष्ट करते हैं, तथा उनकी प्रवृत्ति देखकर लोग स्वयमेव भ्रष्ट होते हैं, इसलिये ऐसे तीव्रकषायी निषिद्ध हैं; उनकी संगति करना भी उचित नहीं है।।८।।

## ગાથા-૮ ઉપર પ્રવચન

**'આગે કહતે હૈં કિ-જો દર્શનભ્રષ્ટ હૈ તથા જ્ઞાનચારિત્રસે ભી ભ્રષ્ટ હૈ...'** જે કોઈ સમકિતથી ભ્રષ્ટ છે એ તો જ્ઞાન ને ચારિત્રથી પણ ભ્રષ્ટ છે. જૈનશાસન સર્વજ્ઞ પરમાત્માએ કહેલો નિર્ગ્રંથ માર્ગ, દિગંબર મુદ્રા, વીતરાગભાવવાળું નિર્ગ્રંથ તત્ત્વ, એનાથી જે ભ્રષ્ટ છે એ તો જ્ઞાન ને ચારિત્ર ને બધાથી ભ્રષ્ટ છે. એનું જ્ઞાન પણ સાચું હોય નહિ, એનું ચારિત્ર પણ સાચું હોય નહિ. ભારે કામ પાકું છે. **'વે સ્વયં તો ભ્રષ્ટ હૈં હી પરન્તુ દૂસરોંકો ભી ભ્રષ્ટ કરતે હૈં...'** ઊંધી શ્રદ્ધા, ઊંધી પ્રરૂપણા કરી બીજાને પણ એ લગાવી દે. આ માર્ગ છે, આવો માર્ગ છે, પંચમકાળમાં પણ આવો માર્ગ છે. ચોથા કાળની વાતું કરવી પંચમકાળમાં? વળી એમ કહે. પંચમ, ચોથાની વાત જ ક્યાં છે? આ તો આત્માની વાત છે. એને કાળ-બાળ ક્યાં નડતો હતો? શુદ્ધઉપયોગીની જ વાત કરે છે. ચોથા આરાની. એમ કહે છે. શુભભાવની વાત પંચમકાળમાં જે કરે એ તો કરતા જ નથી. એનાથી લાભ થાય, એમ. આહાહા..!

અહીં તો કહે છે, જે કોઈ દર્શનથી ભ્રષ્ટ છે એ જ્ઞાન, ચારિત્રથી પણ ભ્રષ્ટ જ છે. એનું જ્ઞાન પણ ભ્રષ્ટ છે અને એનું ચારિત્ર પણ જૂઠું છે. **'વે સ્વયં તો ભ્રષ્ટ હોતે હૈં હી પરન્તુ દૂસરોંકો ભી ભ્રષ્ટ કરતે હૈં-યહ અનર્થ હૈ :-'** આહા..! એ વિશેષ કહેશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**નોંધ :- ગાથા-૮ થી ૧૦ ઉપરના પ્રવચન ૧૯૭૦-૭૧ ની સાલમાં ઉપલબ્ધ નહિ હોવાથી આ પ્રવચન ૧૯૭૩ની સાલમાંથી લેવામાં આવેલ છે. ત્યાંના સળંગ પ્રવચન નંબર ૧૭ તથા ૧૮ છે.**

## પ્રવચન નં. ૧૧ A, ગાથા-૮, બુધવાર, આસો સુદ ૭, તા. ૩-૧૦-૧૯૭૩

આ 'અષ્ટ પાહુડ', એમાં દર્શનપાહુડ, પહેલો અધિકાર. **'અબ કહતે હૈં કિ-જો દર્શનભ્રષ્ટ હૈં...'** ઉપોદ્‌ઘાત છે ને ઉપર? **'જ્ઞાનચારિત્રસે ભ્રષ્ટ હૈં વે સ્વયં તો ભ્રષ્ટ હૈં હી પરન્તુ દૂસરોંકો ભી ભ્રષ્ટ કરતે હૈં, - યહ અનર્થ હૈ :-** ' પહેલી તો એ વાત છે આ 'અષ્ટ પાહુડ'માં, દર્શન પાહુડ. એટલે તો આત્મા સમ્યગ્દર્શન સહિત આત્મા શુદ્ધ અખંડ અભેદ, એની અનુભૂતિ સહિત પ્રતીતિ અને એનું સ્વરૂપનું ચારિત્ર-આચરણ, એટલે દર્શન, જ્ઞાન ને ચારિત્ર ત્રણ, એની ભૂમિકાને યોગ્ય એને અઠ્યાવીસ મૂળગુણ, પંચમહાવ્રત, અચૈવ આદિ, અઠ્યાવીસ મૂળગુણનો વિકલ્પ-રાગ અને નગ્નપણું એ ત્રણ થઈને જૈનદર્શન કહેવાય છે. ભગવાનનો અભિપ્રાય આ છે. જે સમ્યગ્દર્શન આત્માનું, અને એનું જ્ઞાન અને એનું ચારિત્ર અને એની સાથે અઠ્યાવીસ મૂળગુણ વ્યવહારે જે વીતરાગે કહ્યા એવો એને વિકલ્પ હોય. અને શરીરની નગ્નદશા (હોય), એને જૈનદર્શન કહે છે. 'સોમચંદભાઈ'!

મુમુક્ષુ :- સમ્યગ્દર્શન એ જીવ નહિ?

ઉત્તર :- એ જીવ, જીવની દશા. જીવ, એની દશા ને રાગ ને નગ્નપણું, એને જૈનદર્શન કહે છે, એને જૈનમત કહે છે. 'મણીભાઈ'!

જેને મોક્ષમાર્ગ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર ત્રણેય જેને પ્રગટ્યા છે અને જેને અઠ્યાવીસ મૂળગુણનો, પાંચ મહાવ્રત આદિનો વિકલ્પ છે, એ ભૂમિકાને યોગ્ય, અને નગ્નમુદ્રા એ ધર્મની મૂર્તિ છે. અને એ જૈનદર્શન છે અને એ જૈનનો મત છે. 'મણીભાઈ'!

મુમુક્ષુ :- મત એટલે?

ઉત્તર :- અભિપ્રાય. વીતરાગનો અભિપ્રાય આ ત્રણ વસ્તુ થઈને જૈનદર્શન છે. સમજાય છે કાંઈ? કેમકે મૂળ તો આવું જે સ્વરૂપ અનાદિનું હતું એમાંથી દુકાળમાં ભ્રષ્ટ થયા, એની સામે આ વાત છે. 'બાબુભાઈ'! આહાહા..!

જેને આત્મા અખંડ પૂર્ણાનંદ પ્રભુ, જે સર્વજ્ઞ પરમેશ્વરે કહ્યો એવો આત્મા, અન્યમતિએ કહ્યો એ આત્મા એવો નહિ, એવો જે આત્મા અંદરમાં સ્વસન્મુખમાં થઈને નિર્વિકલ્પ સમ્યગ્દર્શનની દશા (થાય), અને એ આત્મા આવો, તેનું જ્ઞાન અને એ આત્મામાં રમણતાની વીતરાગ ચારિત્રદશા, એ જૈનદર્શન અથવા એ નિશ્ચય મોક્ષમાર્ગ અથવા એ જિનમત, એને જૈનમત કહ્યું. એની સાથે વ્યવહાર એને અઠ્યાવીસ મૂળગુણ આદિ હોય એવો પણ વ્યવહાર

હોય અને જેની નગ્નદશા હોય. અભ્યંતર ત્યાગ, બાહ્ય ત્યાગ અને અશુભનો ત્યાગ અને નગ્નદશા, આને અહીં જૈનદર્શન કહે છે. 'મણિભાઈ'! એકલા સમકિતને નહિ. અહીં તો જૈનદર્શન એટલે આ. એની શ્રદ્ધાથી જે ભ્રષ્ટ થયા, આવો જે માર્ગ અનાદિનો સનાતન સત્ય, એનાથી ભ્રષ્ટ થયા અને વસ્ત્ર આદિ રાખીને મુનિપણું મનાવવા લાગ્યા એ દર્શનથી ભ્રષ્ટ, જ્ઞાનથી ભ્રષ્ટ, ચારિત્રથી ભ્રષ્ટ બધાથી ભ્રષ્ટ છે. 'નવનીતભાઈ'! આવું છે. આકરું લાગે માણસને. એ કહે છે,

**जे दंसणेसु भट्ठा णाणे भट्ठा चरित्तभट्ठा य।**
**एदे भट्ठ वि भट्ठा सेसं पि जणं विणासंति।।८।।**

**અર્થ :- 'जो पुरुष दर्शनसे भ्रष्ट हैं...'** એના બે અર્થ. આવો જે જૈનમત અનાદિનો મોક્ષનો માર્ગ અને વ્યવહાર ને નિમિત્ત આવું હોય, એવા માર્ગથી જે ભ્રષ્ટ થયા અને અંદરના સ્વભાવને આશ્રયે સમ્યગ્દર્શન (થાય), એનાથી જે ભ્રષ્ટ છે, ઇ ભ્રષ્ટ છે. સમજાણું કાંઈ? **'तथा ज्ञान चारित्रमें भी भ्रष्ट हैं वे पुरुष भ्रष्टों में भी विशेष भ्रष्ट हैं.'** અર્થમાં થોડું લેશે. આવું જે જૈનદર્શન છે એનાથી તો શ્રદ્ધામાં ભ્રષ્ટ થયા પણ પોતાના માનેલા શાસ્ત્ર પ્રમાણે પણ જ્ઞાન ને ચારિત્ર નથી, એનું માનેલું, ભાઈ! અર્થમાં ઇ લખ્યું છે. અર્થમાં છે ને? **'सत्यार्थ श्रद्धान, ज्ञान, चारित्र तो दूर रहो, जो अपने मतकी श्रद्धा, ज्ञान,...'** સામાન્ય વાત છે ને એટલે એમાંથી કાઢ્યું છે. એમના મત પ્રમાણે એમનું જે ચારિત્ર કહેવાય, એથી પણ જે ભ્રષ્ટ છે. ઠેકાણું નહોતું, એમ કહે છે. સમજાણું કાંઈ? આહાહા..! ભગવાન 'કુંદકુંદાચાર્ય' થયા એ પહેલા શ્વેતાંબર મત નીકળી ગયેલો. એની સામે આ વાત છે.

મુમુક્ષુ :- એની ચોખવટ છે.

ઉત્તર :- એની ચોખવટ છે. એ વીતરાગનો માર્ગ સનાતન મોક્ષનો માર્ગ. અનાદિ જૈનદર્શન અનાદિ કહો કે દિગંબર દર્શન કહો કે મોક્ષમાર્ગ કહો, નિશ્ચય અને વ્યવહાર અને નિમિત્તપણું નગ્નનું કહો, એ જૈનદર્શનની રીત છે. 'સોમચંદભાઈ'! એને જૈનદર્શન કહ્યું છે. એકલા સમકિત સહિતને નહિ.

મુમુક્ષુ :- અંતરમાંથી ને બાહ્યથી બેય.

ઉત્તર :- છે. હા. અંતરમાં પણ સમ્યગ્દર્શન, જ્ઞાન સહિત વીતરાગતા પ્રગટી છે અને બાહ્યમાં એના અઠ્યાવીસ મૂળગુણ અને નગ્નદશા, એવું જેનું આચરણ વ્યવહારે છે. એવો સનાતન જૈનદર્શન એટલે કે વસ્તુનું દર્શન એટલે કે પદાર્થની મર્યાદાની દશા આ હતી. એમાંથી જે ભ્રષ્ટ થયા અને પોતાની કલ્પનાએ પંથ ચલાવ્યો એ જૈનદર્શનથી ભ્રષ્ટ છે. આકરું (લાગે) માણસને. બધાની સાથે એકતા રાખો (કહે છે). પણ એકતા શી રીતે કરવી?

મુમુક્ષુ :- અન્યમતિ તો જૈનમાંથી પણ ભ્રષ્ટ છે.

ઉત્તર :- આ તો જૈનમાંથી ભ્રષ્ટ, અન્યની તો વાત પણ ક્યાં છે? આહાહા..! આ તો

સનાતન સર્વજ્ઞ પરમેશ્વર, એણે કહેલો જે સંતનો મોક્ષનો માર્ગ, એનામાં રહેલો વ્યવહારનો વિકલ્પ અને એનામાં અજીવની નગ્નદશાનું નિમિત્ત, એ આવું જૈનદર્શન હોય. એ ધર્મની મૂર્તિ, એ ધર્મની મૂર્તિ, એ જૈનદર્શનની મૂર્તિ! આહાહા..! એ જૈનદર્શનની આવી પ્રણાલિકા અનાદિની હતી એમાંથી જે ભ્રષ્ટ થઈ પોતાની કલ્પનાએ વસ્ત્ર, પાત્ર સહિત સાધુપણું માન્યું, મનાવ્યું, પોતાની માન્યતાએ આત્માની શ્રદ્ધા વિના વ્યવહારુ શ્રદ્ધાને સમ્યક્ મનાવી, વ્યવહારુ દેવ, ગુરુ, શાસ્ત્ર, એ બધા સત્ય ધર્મથી ભ્રષ્ટ છે. આહાહા..! આવો માર્ગ અનાદિનો છે. આ કાંઈ (નવો નથી).

એ અહીંયાં કહે છે, જે આવા જૈનદર્શન અને સમ્યગ્દર્શનથી ભ્રષ્ટ છે એ તો જ્ઞાન ને ચારિત્રથી પણ ભ્રષ્ટ છે. કેમ કે શાસ્ત્રની વાતું... માથે આવી ગઈ હતી વાત, શાસ્ત્રની વાતો ભણેલા હોય એટલે વાત તો કરે, નવ તત્ત્વ આમ છે ને તેમ છે. પણ એ જ્ઞાન એનું સાચું જૈનદર્શનનું સ્વરૂપ આ હતું, એમાંથી ભ્રષ્ટ થયા એનું જ્ઞાન પણ બધું ખોટું. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- બધું જ્ઞાન ખોટું.

ઉત્તર :- બધું ખોટું. એકે એક.

મુમુક્ષુ :- અગિયાર અંગ ને નવ પૂર્વ.

ઉત્તર :- અગિયાર અંગ ને નવ પૂર્વનું ભણતર ખોટું. એ તો એ વખતે અત્યારે હતું ક્યાં? એ વખતે હતું પણ ક્યાં? આ તો ગૃહીત મિથ્યાત્વની વાત છે. એની પાસે તો હતું જ ક્યાં ત્યારે? 'કુંદકુંદાચાર્ય' વખતે. આહાહા..! 'કુંદકુંદાચાર્ય' પહેલા સો વર્ષે આ મત પડી ગયા. સનાતન જૈનદર્શન સર્વજ્ઞ વીતરાગ પરમાત્માએ પ્રવાહરૂપે જે કહ્યો હતો એ માર્ગથી ત્યાં બાર વર્ષના દુકાળમાં ભ્રષ્ટ થયા. ભગવાન 'કુંદકુંદાચાર્ય' પોકારે છે, ભાઈ! આવો માર્ગ તો વીતરાગનો છે અને એને અમે જૈનદર્શન કહીએ છીએ. એને અમે ધર્મની મૂર્તિ કહીએ છીએ. આહાહા..! એકલી નગ્નદશા ને અઠ્યાવીસ મૂળગુણ એમ નહિ. તેમ એકલો નિશ્ચય અને આવો વ્યવહાર ન હોય એમ પણ નહિ. આહાહા..! આને અહીં જૈનદર્શન (કહે છે). આ દર્શનપાહુડ ઇ છે. દર્શનપાહુડ એટલે આ દર્શન. પછી એના પેટામાં સમ્યગ્દર્શન આવે છે.

આવું જૈનદર્શન છે, અનાદિનું સનાતન વસ્તુનું સ્વરૂપ (છે). એવી જેને શ્રદ્ધા સહિત સ્વનો આશ્રય લઈને જેને સમ્યગ્દર્શન થયું છે એ સમ્યગ્દૃષ્ટિ છે. ભલે એને જ્ઞાન વિશેષ ન હોય, ચારિત્ર ન હો, તો પણ એ દર્શનથી ભ્રષ્ટ નથી. સમજાય છે કાંઈ ? આહાહા..! આવો માર્ગ વીતરાગનો. જૈન દિગંબરમાં જન્મ્યા એને પણ ખબર નથી. આહાહા..! અહીં તો સનાતન અનંત કેવળીઓ મહાવિદેહમાં કે અહીંયાં ભરત, ઐરાવતમાં અનંતા કેવળીઓ આવું જૈનદર્શનનું, જૈનમતનું (સ્વરૂપ વર્ણવે છે). પહેલી ગાથામાં એ હતું ને? 'दंसणमग्गं'. પહેલી ગાથા. દર્શનનો માર્ગ. દર્શનનો માર્ગ આ. સમકિત માર્ગ એમ નહિ ત્યાં. પહેલી ગાથામાં. છે. પહેલી ગાથા, જુઓ! પહેલી ગાથા છે ને? 'दंसणमग्गं' છે ને? 'दंसणमग्गं वोच्छामि' ત્રીજું પદ છે. ઇ દર્શન (એટલે) માર્ગની વાત છે, એકલા સમકિતની નહિ. દર્શનનો માર્ગ એને કહેશું. જૈનદર્શનનો અભિપ્રાય અને મત જે છે તે અમે કહીશું. સમજાણું કાંઈ? બીજીમાં એ લીધું, 'दंसणमूलो धम्मो'

ધર્મનું મૂળ દર્શન છે. આવું દર્શન નિશ્ચય અને વ્યવહારવાળું તે ધર્મનું મૂળ છે. એવી જેને શ્રદ્ધા હોય અને એ શ્રદ્ધા હોવા છતાં વિશેષ જ્ઞાન ન હોય, ચારિત્ર ન હોય તો પણ એ સમ્યગ્દૃષ્ટિ છે. એ સમ્યગ્દૃષ્ટિ છે. એ ધર્મને પંથે છે. સમજાણું કાંઈ? આવા ધર્મથી બાહ્યથી પણ જે ભ્રષ્ટ થયા અને એવા મતને ન કબુલતા પોતાના મતની વાતું ચલાવી એ બધા જૈનદર્શનથી વિરૂદ્ધ છે. 'સોમચંદભાઈ'! આવો માર્ગ છે. આહાહા..! ઇ અહીં કહે છે, જુઓ!

**'કઈ તો દર્શન સહિત હૈં...'** છે? બીજી લીટી. સમ્યગ્દર્શન સહિત છે. આવો જૈનમત છે એવી શ્રદ્ધા છે અને આત્માને આશ્રયે દર્શન થયું છે. એવા દર્શન સહિત છે **'કિન્તુ જ્ઞાન-ચારિત્ર ઉનકે નહીં હૈ,...'** વિશેષ જ્ઞાન આમ સમજાવવાની શક્તિ, એવું ન હોય. ક્ષયોપશમજ્ઞાન વિશેષ ન હો, પણ એ સમ્યગ્દર્શન સહિત છે. આવો જે જૈનમત અનાદિનો (છે) એને માને છે અને એનું જ્ઞાન રાખીને સ્વનો આશ્રય કરીને જે સમ્યગ્દર્શન થયું છે એ જીવ ભલે દર્શન સહિત હો અને જ્ઞાન રહિત હો. જ્ઞાન રહિતનો અર્થ વિશેષ જ્ઞાન ન હો. અને ચારિત્ર પણ ન હો, તો પણ એ દર્શન સહિત તો છે. 'બાબુભાઈ'! એણે એમ લીધું છે ને. આખી શૈલી (એવી છે).

આમ તો દર્શનપાહુડ એટલે સમકિતપાહુડ, સૂત્રપાહુડ એટલે જ્ઞાનપાહુડ, એમ ચારિત્ર લ્યે પણ અહીં. 'કુંદકુંદાચાર્ય'નું હૃદય આ છે. ભગવાન 'કુંદકુંદાચાર્ય' જે ધર્મના સ્તંભ ત્રીજે નંબરે આવ્યા. મંગલં ભગવાન વીરો, મંગલં ગૌતમો ગણી... આવ્યું ને? મંગલં કુંદકુંદાર્યો. એ પોતે ફરમાવે છે, ઓ..હો...! આવો જે જૈનનો અભિપ્રાય અને મત હતો કે ચૈતન્ય ભગવાનને આશ્રયે દર્શન, એને આશ્રયે જ્ઞાન અને એને આશ્રયે લીનતા અને અહીંયાં પૂર્ણ વીતરાગ સર્વજ્ઞ નથી તેથી સાધક જીવને....'રમણીકભાઈ'!

એ અઠ્યાવીસ મૂળગુણ કર્મચેતના છે. એમનો સવારમાં પ્રશ્ન હતો. જ્ઞાનચેતના છે અને જેટલો રાગ છે તે કર્મચેતના છે. અને જેટલો રાગ છે તેટલું કર્મફળચેતના-દુઃખનું વેદન પણ છે. સવારમાં પ્રશ્ન હતો રસ્તામાં, ભાઈ! એમ કહે, જ્ઞાનચેતના અને કર્મચેતના...? દૃષ્ટિની પ્રધાનતાના જ્યાં કથન હોય ત્યાં કર્મ અને કર્મફળચેતના ધર્મીને ન હોય, એ સ્વભાવની દૃષ્ટિની અપેક્ષાએ કથન છે અને એના જ્ઞાનનો પર્યાય જોતાં, પર્યાયનયથી જોતાં મુનિને છટ્ઠે ગુણસ્થાને પણ પંચમહાવ્રતના વિકલ્પ છે એટલી કર્મચેતના છે. અને એને દુઃખ વેદે છે એટલી કર્મફળચેતના છે. આહાહા..!

કર્મચેતના અને કર્મફળચેતનાના પણ બે પ્રકાર (છે). એક તો આનંદમૂર્તિ પરમાત્મા પોતે છે એનો જે શુદ્ધઉપયોગ થયો એ શુદ્ધકર્મચેતના. એ શુદ્ધકર્મચેતના છે. શુદ્ધ પરિણામ થયા ને? સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રની વીતરાગ પરિણતિ થઈ તે શુદ્ધકર્મચેતના, શુદ્ધકર્મચેતના (છે). વીતરાગી પરિણામરૂપી કાર્ય તેમાં ચેત્યો છે. અને તે વખતે આનંદનું વેદન છે તેટલી શુદ્ધ કર્મફળચેતના છે. 'ધીરૂભાઈ'!

મુમુક્ષુ :- કાર્ય છે કર્મચેતના?

ઉત્તર :- કાર્ય-કર્મ છે ને એટલો રાગ છે ને. અને આ પણ શુદ્ધ કાર્ય છે ને. આ તો વીતરાગ

માર્ગ, બાપુ! આ તે કંઈ સાધારણની વાત નથી. દિગંબર દર્શન એ કાંઈ કલ્પિત નથી, એ કોઈ પક્ષ નથી. વસ્તુની સ્થિતિ આ છે. સમજાય છે કાંઈ? વસ્તુની જાત જ આવી છે. એને અહીંયાં દિગંબર દર્શન કહે છે, એને અહીં જૈનદર્શન કહે છે. સમજાણું કાંઈ? શું આવ્યું?

આ આત્મા પોતાની શ્રદ્ધા, જ્ઞાન ને શાંતિનું પરિણમન જે છે એ પરિણમનનું કાર્ય છે. કાર્ય છે માટે એને શુદ્ધ કર્મચેતના કહેવામાં આવે છે. અને તે કર્મચેતના કાળે તે શુદ્ધના આનંદનું વેદન છે. એથી શુદ્ધ કાર્યચેતનાનું ફળ શુદ્ધ આનંદનું વેદન પણ એને છે. એ કર્મફળચેતનાવંત છે. હવે એ વખતે જે પંચમહાવ્રત આદિના પરિણામ થાય કે સમકિતીને નીચે રાગાદિ તીવ્ર હોય તો એ એને કર્મચેતના અશુદ્ધ છે. અને જેટલી અશુદ્ધતા છે તેટલું એને વેદન છે, દુઃખ છે.

મુમુક્ષુ :- શુભભાવ છે એટલે

ઉત્તર :- શુભભાવ એ અશુદ્ધચેતના છે અને એનું ફળ દુઃખ છે. સમજાણું કાંઈ? જેટલો શુભભાવ છે એટલી અશુદ્ધચેતના છે. અશુદ્ધચેતના કર્મચેતના. અને તેટલું એને દુઃખનું વેદન છે.

મુમુક્ષુ :- દુઃખનું વેદન ભાસે છે?

ઉત્તર :- બેય સાથે જ છે. જ્ઞાન બેય જાણે છે. દર્શનની મુખ્યતાથી કથન હોય ત્યારે તો સ્વભાવનું સાધન છે એમ બતાવે. ત્યારે તેને કર્મ અને કર્મફળચેતના નથી એમ બતાવે. પણ પાછું જ્ઞાનનયથી પર્યાયનયથી બતાવે ત્યારે જેટલે અંશે રાગ (છે) અને જેટલે અંશે રાગનું ફળ દુઃખ એ એનામાં છે. આહાહા...! આવો વીતરાગ માર્ગ બહુ સૂક્ષ્મ. લોકોને હાથ આવ્યો નથી ને બહારમાં ભટક્યા ભટક (કરે છે). આહાહા..! 'શાંતિભાઈ'! આ તો તમારો પ્રશ્ન હતો એની ઉપરથી આ બધું ચાલ્યું. 'કપિલ કોટડિયા' સાથે એમને ચર્ચા થઈ હશે. એમ કે જ્ઞાનચેતના ન હોય ત્યારે તો વિકલ્પ છે. એ બધી કર્મચેતના જ હોય, સમકિતીને. ખોટી વાત છે. ધર્મીને જ્ઞાનચેતના ઉપયોગરૂપ હોય ન હોય જુદી વાત છે પણ જ્ઞાનનું અંદર વેદન છે એવી જ્ઞાનચેતના તો નિરંતર હોય છે. આહાહા...! ધર્મી લડાઈમાં ઊભો હોય કે વિષયની વાસનાના કાળમાં ઊભો હોય છતાં એને જ્ઞાનચેતના તો નિરંતર છે.

મુમુક્ષુ :-

ઉત્તર :- નહિ, નહિ. જૂઠી વાત છે, ખોટી વાત છે. એને ક્યાં ખબર છે. નિર્વિકલ્પ દશા વખતે તો ઉપયોગરૂપી જ્ઞાનચેતના છે અને સવિકલ્પે આવ્યો ત્યારે લબ્ધરૂપ જ્ઞાનચેતના છે. સમજાણું કાંઈ? આવો માર્ગ છે, બાપુ! આહાહા...! દિગંબર સંતોએ તો સત્ જેવું કેવળીનું કહેલું હતું એ જગતને જાહેર કર્યું છે. દુનિયાને બેસે, ન બેસે સ્વતંત્ર ચીજ છે. આહાહા...! અરે...! આવા મનુષ્યકાળના ભવમાં આવી વાત એને સવળી નહિ બેસે તો ક્યાં બેસાડશે? ક્યાં જશે? ક્યા કાળે (જશે)? ભાઈ! આહાહા..!

એક ડબ્બામાં કાલે જોયું, ભાઈ! એક કણી રહી ગઈ હતી. પેંડાની કણ અંદર (રહી ગઈ હશે). એમાં બે-ત્રણ ઇયળ પડી. ખૂણામાં પડી રહી. .. હવે ઉપર બધું હતું.. ટીકડી કહેવાય છે ને? પીપરમેંટ. ટીકડી નથી આવતી? પીપર. આટલી આટલી ધોળી, લાલ. એવી સો-દોઢસો ટીકડી

ઉપર પડી હતી. ઇ આમ બહાર કાઢી ત્યાં ખૂણામાં એક પાતળી ઇયળ, પાતળી દોરા જેવી. .. ઓહોહો...! માથે ડબ્બો બંધ. ક્યાં યોનિમાં ઊપજ્યો! આહાહા..! એને શ્વાસ લેવાનું શું સ્થાન? કેવી રીતે ....? આહાહા..! ડબ્બો આવડો આવે છે ને? કાલે ડબ્બા વહેંચ્યા હતા ને? ત્યાં બે-ત્રણ પડ્યા હશે. એમાં છોકરા માટે આપી જાય છે ને, અંદર સાફ નહિ થયું હોય, ખૂણામાં પડ્યા રહ્યા એટલે. એમાં આવડી પાતળી પાતળી દોરા જેવી લાલ ઇયળ. ઝીણી બીસેલી. આહાહા..! ક્યાંથી આત્મા ત્યાં આવ્યો? અને એટલી ઇયળમાં પણ પૂર્ણાનંદ પ્રભુ વસ્તુ સ્વભાવે તો પૂર્ણ છે, હોં! એની પર્યાયમાં આટલી હીનતા કે ત્યાં ખૂણામાં આટલી કટકી રહી ગઈ હશે, એની ઉપર બીજી ચીજ આવી ગઈ, ન્યાં ઊપજી. આહાહા..! જુઓને! કુદરતી. કોણ ઈશ્વર કોણ કરે ને ક્યાં છે? આહાહા..! આમ જ્યાં લીધું ત્યાં અંદર સળવળ કર્યું. ભાઈએ કીધું, નહિ? ... કીધું ને? બીજાએ કીધું, ઇયળ છે. ઓ..હો..હો...! ભગવાન! તારી ક્યાં અવસ્થા? ક્યે ઠેકાણે ઊપજ્યો ઇ? માથે આટલો બોજો. એને નહિ દબાણો હોય. માથે આટલી (જગ્યા) હોય ને? એટલે એની વચ્ચે પોલ રહી ગઈ હોય એક ખૂણામાં. આહા..! કોના આમાં અભિમાન કરવા? આહા..! આવી દશાઓમાં અનંત વાર ગયો, ભગવાન! આવી સ્થિતિએ અનંત વાર ગયો. મિથ્યાત્વના ફળ એ છે. મિથ્યાત્વના આ બધા ફળ છે.

એ અહીં પરમાત્મા 'કુંદકુંદાચાર્ય' કહે છે, ભગવાન! જે કોઈ દર્શનથી ભ્રષ્ટ છે એ તો જ્ઞાન ને ચારિત્ર બેયથી ભ્રષ્ટ છે. પણ કોઈ દર્શનથી ભ્રષ્ટ નથી, એથી સહિત છે અને જૈનદર્શનનું જે આ સ્વરૂપ છે, આવો મોક્ષમાર્ગ, એને એ માને છે. ભલે એને જ્ઞાન ને ચારિત્ર વિશેષ ન હોય તો એ દર્શનભ્રષ્ટ નથી. એ માર્ગમાં છે. આહાહા..! 'નવરંગભાઈ'! 'આવો માર્ગ વીતરાગનો ભાખ્યો શ્રી વીતરાગ.' ત્રણ લોકના નાથના મુખેથી આવું નીકળ્યું, ભાઈ! આહાહા..! અરે..! એને ખબર પણ ન મળે કે વીતરાગનો માર્ગ શું છે. ખબર વિના એની શ્રદ્ધા ક્યાંથી આવશે? સમજાણું કાંઈ?

આહાહા..! દેહ તો જુઓ! ત્રણ લોકનો નાથ અંદર પરમાત્મસ્વરૂપે શક્તિ (છે). ક્ષેત્ર ભલે નાનું હોય, એની સાથે સંબંધ નથી. એનો અંતર ભાવ અનંત આનંદ ને અનંત જ્ઞાનનું સત્ત્વ છે. એ જીવનું સત્‌નું એ સત્ત્વ છે પૂર્ણ. આહાહા..! એની પર્યાયમાં એટલી હિનતા કે આમ ઇયળ જેવી યોનિમાં ક્યાં જઈને ઊપજ્યો! આહાહા..! એ ચોર્યાશીમાં ઊપજવું અનંત વાર મિથ્યાત્વને લઈને થયું છે. શાસ્ત્રના જ્ઞાન પણ કર્યા. વ્રત ને નિયમ ને એવા પાળ્યા કે ચામડા ઉતરડીને ખાર છાંટે (તો પણ) ક્રોધ ન કરે. એથી શું થયું? એ કંઈ મૂળ ચીજ નથી. આહાહા..!

એ અહીં કહે છે. પહેલા તો એ કીધું, દર્શનથી ભ્રષ્ટ છે એ તો જ્ઞાન ને ચારિત્ર ત્રણેયથી ભ્રષ્ટ છે. હવે **'કઈ તો દર્શન સહિત હૈં...'** આવો જૈનદર્શનનો માર્ગ છે એવી એને શ્રદ્ધા છે અને એ ઉપરાંત સ્વને આશ્રયે સમકિત પ્રગટ્યું છે. સમજાણું કાંઈ? આહાહા..! **'જ્ઞાન-ચારિત્ર ઉનકે નહીં હૈ,...'** જ્ઞાન એવું વિશેષ ન હોય કે બધાને સમજાવી શકે કે વિસ્તાર કરી શકે, ન હોય. અંતર આત્માનું દર્શન થયું છે. આહાહા..! અને ચારિત્ર ન હોય. હજી ચારિત્ર વીતરાગતા જે જોઈએ, છટ્ઠાની મુનિની, એવી દશા ન હોય. સ્વરૂપાચરણ હોય. સમજાય છે કાંઈ?

**'તથા કઈ તો અંતરંગ દર્શનસે ભ્રષ્ટ હૈં...'** કેટલાક તો અંતર શ્રદ્ધાથી ભ્રષ્ટ છે. આવો જૈનમત છે અને આવું સમ્યગ્દર્શન આત્માના આશ્રયે થાય, એનાથી ભ્રષ્ટ છે. **'તથાપિ જ્ઞાન-ચારિત્રકા ભલીભાંતિ પાલન કરતે હૈં;...'** શાસ્ત્રનું જ્ઞાન અને વ્રતાદિના નિયમો બરાબર પાળતા હોય છે. સમજાય છે કાંઈ? આહાહા..! એ દર્શનની મહિમા તો જુઓ! એ દર્શન ન હોય, ભ્રષ્ટ થયેલા હોય, જૈનમતમાં રહેલાઓ પણ અંદર ભ્રષ્ટ થયા હોય. એ જ્ઞાન, ચારિત્ર પાળતા હોય. વ્રત ને નિયમ ને શાસ્ત્રનું જ્ઞાન (હોય) તો પણ તે ભ્રષ્ટ જ છે.

**'ઔર જો દર્શન-જ્ઞાન-ચારિત્ર ઇન તીનોંસે ભ્રષ્ટ હૈં...'** દર્શનથી ભ્રષ્ટ, જ્ઞાનથી ભ્રષ્ટ, ચારિત્રથી ભ્રષ્ટ. આહાહા..! **'વે તો અત્યંત ભ્રષ્ટ હૈં;...'** ભારે વાત, ભાઈ! આહાહા..!

મુમુક્ષુ :- અમારા માટે શું?

ઉત્તર :- આ ઓળખાણ કરીને શ્રદ્ધા કરવી. તમારે માટે ઇ.

મુમુક્ષુ :- આપની શ્રદ્ધા તો છે અમને.

ઉત્તર :- ઇ શ્રદ્ધા નહિ, અંતરની શ્રદ્ધા. આ શું કીધું? કીધું ને? **'અંતરંગ દર્શનસે ભ્રષ્ટ હૈં...'** એમ કહ્યું ને? આહાહા..! મૂંઝાવાની વાત નથી આ. આ તો આવો માર્ગ છે (એમ વર્ણવે છે). પૂર્ણાનંદ પ્રભુ પર્યાયમાં આવું હોય છે. અશુદ્ધતા, અશુદ્ધ રાગ, અશુદ્ધનું વેદન એ તો જ્ઞાનીને પણ હોય છે પણ જ્ઞાનીને આત્માના ભાનસહિત જ્ઞાનચેતનામાં આવું હોય છે. અજ્ઞાનીને એકલા રાગ ને રાગના દુઃખનું ફળનું વેદન છે. એકલું રાગનું કાર્ય અને રાગનું વેદન અજ્ઞાનીને છે. કેવળજ્ઞાનીને એકલું જ્ઞાન ને આનંદનું વેદન (છે), અશુદ્ધતાનું કાર્ય અને અશુદ્ધતાનું વેદન કેવળીને નથી. એ થોડુંક અશુદ્ધ છે એ જુદી વાત છે. જ્ઞાન તો જાણે છે. હજી કેવળીને પણ યોગ, કંપનની થોડીક અશુદ્ધતા રહી છે ને? એ જ્ઞાન જાણે ખરું. બીજાની વાત. એ તો કેવળી છે. બીજાને એટલી અશુદ્ધતા છે. આહાહા..! અને ચૌદમે ગુણસ્થાને પણ હજી અશુદ્ધતાનો અંશ છે તેથી તેને અસિદ્ધ કહ્યા છે. અસિદ્ધ સંસારી કહ્યા. આહાહા..! એટલો અશુદ્ધ અંશ છે ને. આ તો ત્રિકાળ સર્વજ્ઞથી કહેલો માર્ગ છે. એક સમય સમયના પડખાની નાડ પકડી છે. આહાહા..! અરે..! એવી વાતું સાંભળવામાં ક્યાં છે? આહાહા..! આવો માર્ગ ભગવાનનો. ભગવાનનો એટલે કે તારો. તારો માર્ગ જ આવો છે. આહા..હા..!

**'વે સ્વયં તો ભ્રષ્ટ હૈં હી પરન્તુ શેષ અર્થાત્ અપને અતિરિક્ત અન્ય જનોંકો ભી નષ્ટ કરતે હૈં.'** એવી પ્રરૂપણા કરી, શ્રદ્ધા કરી બીજા જીવોને ભ્રષ્ટ કરે છે. ભ્રષ્ટ તો એને લઈને ઓલો થાય છે, (પણ) વ્યવહારથી કહેવાય ને? આહાહા..! પોતાનો વેશ ખોટો, નગ્નપણું ન હોય, સમ્યગ્દર્શન, જ્ઞાન ન હોય અને આ પણ એક માર્ગ છે. પંચમકાળમાં ઉગ્ર પાળી ન શકે તો આ પણ એક માર્ગ છે, એમ કરીને પોતે ભ્રષ્ટ (થયા છે) અને બીજાને ભ્રષ્ટ કરે છે. આહાહા..!

**'જનોંકો ભી નષ્ટ કરતે હૈં.'** મોટી વિદ્વત્તા શીખ્યા હોય, શાસ્ત્ર તો ભણ્યા હોય, ક્ષયોપશમ હોય. (એટલે કહે), આવો પણ માર્ગ છે, આ પણ માર્ગ છે. એ શુભરાગ પણ શુદ્ધતાનું કારણ છે. ક્ષયોપશમ જ્ઞાન એ ક્ષાયિકનું કારણ છે. એનાથી ક્ષાયિક થાય, એમ કહે છે. શ્વેતાંબરમાં એમ

કહે છે. શુભભાવ આદિ ક્ષયોપશમ ભાવ છે એનાથી ક્ષાયિક થાય. અરે..રે...! સમજાણું કાંઈ? આ દિગંબર જૈનમાં પણ એમ માને છે ત્યાં (બીજાનો) પ્રશ્ન શું? આહાહા..! જે રાગ પૃથક્ છે, દોષ છે એનાથી નિર્દોષતા થાય એ જૈનદર્શન નહિ. હોય ખરું, જ્યાં સુધી વીતરાગતા ન હોય ત્યાં સુધી સંતોને, ધર્મીને, જ્ઞાનીને પણ ભક્તિનો ભાવ, પૂજાનો ભાવ, દયાનો ભાવ, વ્રતનો ભાવ હોય ખરો.

મુમુક્ષુ :- એને પરંપરા કારણ કીધું છે.

ઉત્તર :- પરંપરા કારણ એ તો એને અશુભ ટળ્યું છે અને આને ટાળશે. એ કારણ ન હોય. આહાહા..! આવો માર્ગ છે, ભાઈ! સમ્યગ્દૃષ્ટિને શુભભાવમાં અશુભ ટળ્યો છે અને હવે એ શુભને ટાળીને શુદ્ધમાં જશે તે પરંપરા કહ્યું છે. એકલા મિથ્યાદૃષ્ટિને શુભ પરંપરા ક્યાં હતું? એ તો ન્યાં જ પડ્યો છે. આહાહા..! વીતરાગ માર્ગ પરમેશ્વર જિનેન્દ્રદેવના ભાવો એ સમજવા બહુ કઠણ છે. બહુ પુરુષાર્થ છે ત્યાં. એ કાંઈ સાધારણ વાત નથી. બહારના પૈસા-બૈસા કરોડો ને લાખો પૂર્વના પુણ્યને લઈને દેખાય. ન્યાં કાંઈ ડહાપણ કામ કરતું નથી. એમ હશે કે નહિ? 'મણિભાઈ'! બાહ્ય પૈસામાં ડહાપણ કામ કરે?

મુમુક્ષુ :- કાંઈ કરે નહિ.

ઉત્તર :- કાંઈ ધૂળેય કરે નહિ. એના સાસરાનું મળ્યું તો ત્યાં ક્યાં ડહાપણ હતું?

મુમુક્ષુ :- લોકોમાં તો ડહાપણની છાપ પડે.

ઉત્તર :- લોકો તો ગાંડા પાગલ છે. ડાહ્યા કહેવાય. 'સોમચંદભાઈ'ના જાંબુડીના ધણી. લ્યો! એમ કોઈક કાલે કહેતું હતું. જેમ પેલા 'બામણવાડા'વાળા. 'ચંદુભાઈ'! એમ કોઈક કાલે કહેતું હતું. બામણવાળા નહિ? 'ચંદુભાઈ'. નરમ માણસ છે. ગામમાં 'સોમચંદભાઈ'ની છાપ એવી છે.

મુમુક્ષુ :- દસ ગામના..

ઉત્તર :- જુઓ! આ કહે છે. ઇ કંઈ મોટપ પણ નથી અને એ કંઈ અધિકતા નથી. આહા..હા...!

મુમુક્ષુ :- ઇ સાધન હોય તો અહીં અવાય ને.

ઉત્તર :- ધૂળેય સાધન નથી. અવાય શું? સાધન તો અંતરના સ્વભાવની શુદ્ધ પર્યાય પ્રગટે એ સાધન છે. આહાહા..! એની શ્રદ્ધામાં તો નક્કી કરે. આહાહા..! પહેલાં આવા બીજડાં તો વાવે. આહાહા..!

મુમુક્ષુ :- ઇ બીજડાના ઝાડ કેટલા વધે?

ઉત્તર :- ઝાડ ઇ તો એની દૃષ્ટિના પ્રમાણમાં (ભળે). એની દૃષ્ટિનું કેવુંક ક્યાં સન્મુખનું જોર કેટલું છે. પણ એ તો બીજ વાવ્યા એ ફળે જ, અહીં તો એક જ વાત છે. આહાહા..!

મુમુક્ષુ :- કેટલે વર્ષે?

ઉત્તર :- ઇ કંઈ વર્ષ-બર્ષ નહિ. એ તો ફળે જ. જેને ચૈતન્ય શુદ્ધ આનંદ, એની જ્યાં રુચિ

થઈ, ફળ્યા વિના રહે જ નહિ, એને અનુભવ થાય, કેવળજ્ઞાન લ્યે. અલ્પકાળમાં લેશે જ. આહાહા..! સમજાણું કાંઈ? એની પોતાની સાક્ષી આવવી જોઈએ ને! સમજાણું કાંઈ? અહો..! આવો નિર્મળ પ્રભુનો માર્ગ એને લોકોએ આ ક્રિયા કરો ને આ ક્રિયા કરો, એનાથી થાય (એમ પ્રરૂપણા કરીને) વીતરાગ માર્ગને ભ્રષ્ટ કરી દીધો. જોકે માર્ગ છે ઇ માર્ગ છે, એને કાંઈ કલંક લાગતું નથી. પણ માનનારાઓ પોતાને કલંક લગાડ્યું. આહાહા..!

**ભાવાર્થ :-** **'યહાં સામાન્ય વચન હૈ...'** સામાન્ય વચન એટલે સમજ્યા ને? દર્શન, જ્ઞાન, ચારિત્રથી ભ્રષ્ટ. **'ઇસલિયે ઐસા ભી આશય સૂચિત કરતા હૈ કિ સત્યાર્થ શ્રદ્ધાન,...'** સાચી શ્રદ્ધા, સાચું જ્ઞાન, સાચું ચારિત્ર **'તો દૂર હી રહો,...'** સાચું સમ્યગ્દર્શન, સાચું સમ્યગ્જ્ઞાન, સાચું ચારિત્ર. એ તો એક બાજુ રહો પણ **'જો અપને મતકી શ્રદ્ધા, જ્ઞાન, આચરણસે ભી ભ્રષ્ટ હૈં...'** પણ એમણે માનેલો ભાવ છે એના ચારિત્રના વર્તનનું એમાં જે લખાણ છે, એનાથી પણ એ ભ્રષ્ટ છે. ત્યારે બહુ પોકળ ચાલતું હતું. એમાં પણ. કરણાનુયોગનું જ્ઞાન હોય તો આધાકર્મી દોષ લાગે નહિ. આ શું કહે છે?

મુમુક્ષુ :- એ તો મૂળ ગાથા છે.

ઉત્તર :- છે ને પણ ઇ વસ્તુ છે. આવું ભ્રષ્ટ ક્યાંથી લાવ્યા? એટલે ઇ કહે છે, એમણે માનેલો. જૈનદર્શનથી આઘા નીકળી ગયા, ભ્રષ્ટ થયા એમણે માનેલું પ્રમાણજ્ઞાન ને ચારિત્રના પણ ઠેકાણા નથી. એવા પણ હતાને ત્યારે. એય..! ભાઈએ નથી લખ્યું?

'મોક્ષમાર્ગ પ્રકાશક'માં પાંચમા અધ્યયનમાં આવે છે. એમનામાં કહેલા શાસ્ત્ર પ્રમાણે એનું વર્તન ક્યાં છે? ઇ આવે છે, ભાઈ! પાંચમા અધ્યયનમાં આવે છે. સ્થાનકવાસી, દેરાવાસી જૈનનું જ્યાં લીધું છે. એમનામાં કહેલા પ્રમાણે વર્તન ક્યાં છે? ઇ આ વાત કહેવા માગે છે. સમજાણું કાંઈ? આવું જૈનદર્શન, વીતરાગ માર્ગ, દિગંબર માર્ગ, એનાથી તો ભ્રષ્ટ થયા પણ એનામાં કહેલા એના પ્રમાણમાં પણ વ્રતથી ભ્રષ્ટ છે. એના પણ ક્યાં ઠેકાણા છે? આહાહા..! એને માટે કરેલા આહાર લે, આધાકર્મી લે, ઉદ્દેશિક લે અને..

મુમુક્ષુ :- એ પ્રકારનું દ્રવ્યાનુંયોગનું જ્ઞાન છે ને?

ઉત્તર :- જ્ઞાન ધૂળમાંય (નથી). સમકિતીને દ્રવ્યાનુયોગનું જ્ઞાન નથી? મુનિ હોય એને તત્ત્વનું જ્ઞાન નથી? તત્ત્વ જ્ઞાન વિનાનો કોણ જીવ હોય? ચોથે, પાંચમે, છઠ્ઠે. ખપે નહિ એને. એને માટે કણ પણ કર્યો હોય, ચોકો કરીને, બિલકુલ માર્ગ નથી. જૈન નથી. 'હરજીવનભાઈ'!

મુમુક્ષુ :- શ્રાવક જેવા મુનિ હોય ને?

ઉત્તર :- એમ હોય? નહિ, નહિ, નહિ. શ્રાવક તો પોતાની શ્રદ્ધા-દૃષ્ટિ રાખી શકે છે. ઇ કહ્યું છે ત્યાં 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં. ઇ આ જ પ્રશ્ન છે. પણ શ્રાવક તો હોઈ શકે છે. ચારિત્ર ન હોય, વ્રત ન હોય, અષ્ટ મૂળગુણ હોય ને સમકિત હોય તો શ્રાવક હોઈ શકે છે. આહાહા..! મુનિપણું આવું ન હોઈ શકે. આહાહા..! છે ને, એમાં ઇ તો એમાં લખ્યું છે ને. 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં લખ્યું છે. 'ટોડરમલે' બધાની નાડું પકડી છે.

મુમુક્ષુ :- અધ્યાત્મની...

ઉત્તર :- હા, બહુ જબ્બર કામ કર્યું છે! ઓહોહો..! આખું થયું હોત તો તો.. પણ આમાં પણ મૂળ રકમ તો બધી આવી ગઈ છે. નાડી પકડી છે બધાની. તારી નાડી આમ મંદ ચાલે છે. આહાહા..! દિગંબર સનાતન સત્યમાં આવેલા અને સંસ્કારી જીવ (હતા). સત્ય શ્રદ્ધા, વીતરાગનો સર્વજ્ઞનો જે માર્ગ, આત્માનો માર્ગ છે ઇ સર્વજ્ઞનો માર્ગ છે. આહાહા..! એવા માર્ગથી તો ભ્રષ્ટ થયા પણ એમના પોતાના માનેલા શાસ્ત્રો ને એને આધારે ઇ ભ્રષ્ટ છે. એના વ્રતના પાલનના પણ ક્યાં ઠેકાણા છે, એમ કહે છે. એય..! 'ચેતનજી'! આહા..! કોઈને માટે નથી, બાપુ! કોઈના પક્ષનો વિરોધ કરીને નિંદા કરવી એમ નહિ. વસ્તુનું સ્વરૂપ આ છે. સમજાય છે કાંઈ? માર્ગ જ આવો છે ત્યાં બીજું શું થાય?

મુમુક્ષુ :- ઉદય સુખનું કારણ છે? પંચમકાળ છે ને પ્રભુ?

ઉત્તર :- સુખદુઃખ કાંઈ નહિ. પંચમકાળ એટલે શું? શેરામાં લોટને ઠેકાણે કોઈએ ધૂળ નાખી? ઇ પંચમકાળ છે. ઘીને ઠેકાણે પેશાબ નાખ્યો કોઈએ? ગોળને ઠેકાણે કાદવ નાખ્યો કોઈએ? પાંચમા આરાનો ઇ શેરો છે. ચોથા આરાના શેરામાં મીઠાશમાં ફેર હોય પણ વસ્તુમાં ફેર ન હોય. માર્ગ એવો છે. આહાહા..! કહ્યું હતું ને?

એક જણાએ પૂછ્યું હતું કે આ ઉદ્દેશિક આહારનો ખુલાસો થાય તો બહુ સારું થાય. એમ ખુલાસો પૂછ્યો. ઉદ્દેશિક આહાર. એનો કહેવાનો આશય એવો હતો કે શ્રાવક કરે ને એમાં કંઈ કહેવાનું નથી તો એને દોષ ન લાગે. એવું હોય તો સંપ બહુ થાય. મેં કીધું, પરમાત્માના અત્યારે વિરહ પડ્યા અને એની પાછળ આવું કર્યું, બાપુ! ઇ ન શોભે, ભાઈ! શ્રાવકો, ક્ષુલ્લક માટે, સાધુ માટે આ ચોકા કરે છે ને? એમાં કંઈ આમ થાય તો બહુ સારું થઈ જાય. એ દોષ એને ન લાગે. કારણ કે એ તો ગૃહસ્થ કરે છે ને. બિલકુલ ખોટી વાત, બાપુ! આહાહા..! દ્રવ્યલિંગી ક્ષુલ્લક પણ નથી, બાપુ! દ્રવ્યલિંગી સાધુ તો નથી પણ દ્રવ્યલિંગી ક્ષુલ્લક પણ હું માનતો નથી. ક્ષુલ્લક હતા તે ત્યાં સાંભળતા હતા. કોઈના માટે વ્યક્તિને માટે અમારું કાંઈ નથી. વસ્તુની સ્થિતિ આ છે. ભગવાનના વિરહે કેવળી પરમાત્માના વિરહે એને બદલી નાખવું, બીજું રૂપ દેવું એમ ન હોય, ભાઈ! સમજાણું કાંઈ? ચારિત્ર ન પળાય તો ચારિત્ર નથી એમ માનવું. પણ ચારિત્ર ન પળાય અને ચારિત્ર છે એમ માનવું (એ તો મિથ્યાત્વ છે). આહાહા..! સમજાણું કાંઈ?

અહીં તો ઇ કહે છે, **'સત્યાર્થ શ્રદ્ધાન, જ્ઞાન, ચારિત્ર તો દૂર હી રહો, પરન્તુ અપને મતકી શ્રદ્ધા, જ્ઞાન, આચરણસે ભી ભ્રષ્ટ હૈં વે તો નિરર્ગલ સ્વેચ્છાચારી હૈં.'** દેખો! પોતાને ગમે તે રીતે ચાલે છે, એમ કહે છે. ઘણું એવું ચાલે છે, હોં! **'વે સ્વયં ભ્રષ્ટ હૈં ઉસીપ્રકાર અન્ય જીવોંકો ઉપદેશાદિક દ્વારા ભ્રષ્ટ કરતે હૈં,...'** આચરણ પણ બહારમાં એવું લાગે, ઓ..હો...! ત્યાગી થયા, હજારો રાણી છોડી, આ છોડ્યું અને ઉપદેશમાં પણ ઇ આવે. એ દ્વારા બીજાને ભ્રષ્ટ કરી નાખે. મોટા કરોડોપતિ હતા, અબજોપતિ હતા એ સાધુ થયા છે. શું થયું થયા એમાં? શ્રદ્ધા, જ્ઞાન ને ચારિત્રના તો ઠેકાણા નથી. શું છોડ્યું એણે? આહાહા..! પહેલું મિથ્યાત્વ છોડવું જોઈએ એ તો

છોડ્યું નથી. એની તો એને ખબર પણ નથી કે મિથ્યાત્વ છૂટે તો શું થાય? આહાહા..! અને રાગ છૂટે તો ચારિત્રની આનંદદશા કેવી આવે? એવી તો ખબર નથી. સમજાણું કાંઈ? એ પોતાના બાહ્ય આચરણ અને ઉપદેશ દ્વારા પોતે તો ભ્રષ્ટ છે પણ બીજાને ભ્રષ્ટ કરે છે. આહા..હા..!

મુમુક્ષુ :- ગૃહીત મિથ્યાત્વ...

ઉત્તર :- ગૃહીત મિથ્યાત્વ જ છે ઇ.

મુમુક્ષુ :- એમ કહે છે, સાચા દેવને, સાચા ગુરુને, સાચી મૂર્તિને માને છે ને.

ઉત્તર :- નથી માનતો. ઇ તો માનતો જ નથી એને. આ તો સાચા છે એનાથી વિપરીત થઈને નીકળ્યા એમાં કહેલું પણ ઇ માનતા નથી અને આચરણ કરતા નથી, એમ કહે છે. સાચા દેવ તો અરિહંત ત્રિલોકનાથ સર્વજ્ઞ પરમાત્મા, જેને આહાર ન હોય, પાણી ન હોય, રોગ ન હોય. ત્યાં તો રોગ ઠરાવ્યો છે. કેવળીને ક્ષુધા, આહાર-પાણી ઠરાવ્યા. અરે..! આવું સ્વરૂપ હોય દેવનું?

મુમુક્ષુ :- નવકાર મંત્ર તો બેયનો એક જ છે.

ઉત્તર :- નવકાર મંત્ર સરખા હોય, શબ્દમાં સરખા (હોય) એમાં શું થયું? ભાવમાં મોટો ઉગમણો-આથમણો જેટલો ફેર છે. એ તો બૌદ્ધમાં પણ આવતું નથી? 'રામજીભાઈ' તો ઘણી વાર કહે છે. જ્ઞાન ને સમાધિ, શબ્દો એ આવે. તો શું છે પણ? હો. ભાવમાં ફેર (છે). શબ્દ આવે એમાં શું થયું? આહાહા..!

આ તો નમો અરિહંતાણં. જેણે કર્મરૂપી વેરીને જીત્યા અને જેને જૈનપણું કેવળજ્ઞાન પ્રગટ થયું. જેના શરીર પરમ ઔદારિક થઈ ગયા. જેને રોગ ગંધમાં-નખે ન હોય, એને આહાર, પાણી ને ઔષધ કોઈ દિ' ન હોય. એને આહાર, પાણી ને ઔષધ ઠરાવવા અને આહાર ઠરાવવા, (એમાં તો) વ્યવહારની શ્રદ્ધાના ઠેકાણા નથી.

મુમુક્ષુ :- વેદનીય કર્મનો ઉદય..

ઉત્તર :- બિલકુલ ન હોય. વેદનીય કર્મને બાળી બાળીને, ફેરવી ફેરવીને અહીં આવ્યા છે. અશાતાને ટાળતા ટાળતા ટાળતા કેટલી ધારાવાહી કરતા કરતા અહીં આવ્યા છે. એવી અશાતા એને હોય નહિ. ભાઈ! માર્ગ તો આ છે. એને પરિષહ કહ્યા છે ને? પરિષહ તો એક ઉદય છે એટલી અપેક્ષાએ કહ્યા છે. શરીરમાં રોગ થાય, આહાર લેવા જાય ને ઔષધ આવીને ખાય. બિલકુલ કેવળીનું સ્વરૂપ જાણતા નથી.

મુમુક્ષુ :- પરમ ઔદારિક શરીર કહાં રહા?

ઉત્તર :- ઇ તો કહેતા નથી. પરમ ઔદારિક કહેતા નથી. એ લોકોમાં પરમ ઔદારિક નથી, ઔદારિક છે. ઇ બધું લખ્યું છે અંદર. સાંભળને.

મુમુક્ષુ :- અડધું અંગ .. હોય.

ઉત્તર :- અડધું પણ હોય નહિ. ઇ છે ને, ખબર છે ને. અરે..! બાપા! આ મારગડા જુદા, બાપુ! તારા તર્ક ત્યાં કામ ન આવે. વસ્તુનો સ્વભાવ હોય ત્યાં તર્ક શું કામ આવે? આહાહા..!

પરમ ઔદારિક શરીર. તીર્થંકર તો જન્મે ત્યારથી એને આહાર હોય, દિશા ન હોય. દિશા

ન હોય. આહાહા..! તીર્થંકર કોને કહે! જેને જન્મથી આહાર હોય, દિશા-પાણીમાત્ર ન હોય. મહાપવિત્રતા લઈને આવ્યા છે, પુણ્ય પ્રકૃતિ લઈને આવ્યા છે.

મુમુક્ષુ :- એને શરીરનો ગંદાપો..

ઉત્તર :- હોય શેનો? આહાહા..! ત્રણ જ્ઞાન લઈને, ક્ષાયિક સમકિત લઈને આવ્યા છે. અને પરમ ઔદારિક શરીર તો પહેલેથી માતાના પેટમાંથી છે. બાપા! આ તો વસ્તુની મર્યાદા છે. આ કોઈ પક્ષની વાત છે એમ છે નહિ. દિગંબર આમ કહે છે અને અમે આમ કહીએ છીએ, એમ નથી. આહા..હા...!

મુમુક્ષુ :- એના શાસ્ત્રમાં લખ્યું છે.

ઉત્તર :- લખ્યું હોય તો બધું કલ્પિત લખ્યું છે, કલ્પિત બનાવ્યું છે. શું થાય? ભગવાનને નામે ચડાવ્યા. શંકા લોકો કરી શકે નહિ. શંકા કરે તો ભગવાનમાં શંકા કરી કહેવાય. અરે...! બાંધીને માર્યા જગતને.

વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર પોતે છે. અમારો માર્ગ તો આવો છે અનાદિનો. એનાથી તો ભ્રષ્ટ થયા પણ એમાં કહેલા એના વ્રત ને ચારિત્રના ઠેકાણા ન મળે. એ તો પોતાને ભ્રષ્ટ કર્યા છે, બીજા જીવોનો પોતાનો દેખાવ પુણ્ય આદિનો વધારે હોય તો ઉપદેશાદિક કહીને ભ્રષ્ટ કરે છે. આહાહા..! અરે..રે..! ક્યાં ભાઈ! કાલે ભાઈ ઇયળ જોઈને એવું થયું.. આહાહા..! અરે..રે...! ક્યાંક ખૂણે એક કટકી આટલી હશે. સાફ નહિ થયું હોય. એમાં ખૂણામાં ઇયળ પડી. આહાહા..! ક્યાં એની ઉત્પત્તિ સ્થાન? ક્યાંથી આવ્યો?

મુમુક્ષુ :- ઇ તો રૂપિયામાં ઇયળ આવે છે.

ઉત્તર :- હા, એ તો ઇયળ કહે છે. પણ ઇ કાંઈક અંદર હોય એમાં આવે. કચરો હોય એમાં આવે. કાટ-બાટ હોય ને જરીક તો ઉત્પત્તિ સ્થાન થાય. આ તો કાલે નજરે જોયું. ડબ્બામાં ખૂણામાં હેઠે હોય ને? કણી પડી રહી હશે સાફ કરતાં કરતાં. આહાહા..! અરે..રે...! આવા અવતાર! આવા જન્મ ને આવા ફળ! બાપુ! એનાથી ઉગરવાનો માર્ગ તો આ છે. સમજાણું કાંઈ? કંઈક શરીર ઠીક મળ્યું ને પૈસા ઠીક મળ્યા એટલે અમે કંઈક આગળ વધ્યા. એમ માને છે ઇ આત્માને હિણો કરી નાખે છે. બહારની અધિકતાથી આત્મા અધિક થયો એમ માનનારા આત્માને હિણો મારી નાખે છે. આહાહા..!

શરીર સુંદર, વાણી કંઠ સુંદર, કુટુંબ સુંદર, સ્ત્રી સુંદર, પૈસા સુંદર, મહેલ મકાન સુંદર. એથી શું? એ તો જડની પર ચીજ છે, ભગવાન! એનાથી હું કાંઈક વધ્યો છું ને ઠીક છું (એમ માનનાર) આત્માને હણી નાખે છે. એનાથી ભિન્ન ભગવાનઆત્મા આનંદનો કંદ એ અધિક છે. આહાહા..! આવું અધિકપણું ન માનતા બહારની ચીજે અધિકપણું માને ઇ ભ્રમમાં પડ્યો છે. આહાહા..!

અરે..! એના અવતારની વાતું વીતરાગ કહે. એણે દુઃખને વેઠ્યા. આહાહા..! તું મરી ગયો (ત્યાં) તારી માને રોવા આવ્યા. એ રોવાના આંસુએ સમુદ્ર ભરાય. સ્વયંભુરમણ સમુદ્ર અનંતા

ભરાય, ભગવાન! એવા તારા મૃત્યુની પાછળ રોદણા થયા હતા. ભાઈ! તું એવા અવતારમાં જન્મ્યો ને મર્યો. આહાહા..! એ જન્મ-મરણના દુઃખો ટાળવાનો તો આ એક જ ઉપાય છે. સર્વજ્ઞે કહેલો માર્ગ અને સર્વજ્ઞે કહેલું સમ્યગ્દર્શન. આહાહા..! બાકી દુનિયાના ડહાપણ ને સમજાવતા આવડે, ન આવડે એની સાથે કાંઈ સંબંધ નથી. આહાહા..!

અહીં તો ઇ કહ્યું, **'ઉનકી પ્રવૃત્તિ દેખકર લોગ સ્વયમેવ ભ્રષ્ટ હોતે હૈં,...'** આવો પણ ત્યાગ છે, પંચમકાળમાં આવું પણ ચારિત્ર હોય છે.

મુમુક્ષુ :- શરીર તો જુઓ.

ઉત્તર :- હા. શું કરવું હતું? આહાહા..! એવી ક્રિયાઓ તો અનેક વર્ષોમાં એવી કરી હતી કે લોકો સાંભળતા ધ્રુજતા. એવી બહારની ક્રિયા હતી. વ્હોરવા જઈએ ત્યાં પાણીના બિંદુને હાથ અડી જાય (તો આહાર લેતા નહિ). નિર્દોષ આહાર. મોટા ગૃહસ્થ લોકો, 'રાયચંદ ગાંધી' પચાસ-પચાસ હજારની ઉપજ, તે દિ', હોં! પેદાશ મોટી, મોટા વેપાર. શું કહેવાય? દિનશાનો ધંધો. દિનશાના આડતિયા હતા. ઘરે આડતિયા પડ્યા જ હોય. અને મોટો વેપાર. અને ચૂરમાના લાડવા કરીને અધમણ રસ પડ્યો હોય. મણનો. પણ ભિક્ષા માટે જઈએ.. બેન! આમાં ગોટલું છે? ગોટલું સમજ્યા? ગોટલી.. ગોટલી. કેરીની ગોટલી. અધમણ રસ પડ્યો હોય. વ્હોરાવા આપે ઊભા થઈને. બેન! આમાં ગોટલી છે? ગોટલી નહિ? ગોટલું. તો ઇ એમ કહે, મહારાજ! ખબર નથી. અડશો નહિ. ખબર ન હોય તો અડશો નહિ. રસ નહિ લઈએ. આવું તો વર્ષોના વર્ષ કર્યું છે, હોં! ઇ વખતે તો માન્યું હતું ને. આહાહા..!

**'ઇસલિયે ઐસે તીવ્રકષાયી નિષિદ્ધ હૈં;...'** માટે અજ્ઞાનીનો તીવ્ર કષાય અને આવું વર્તન, એનો નિષેધ કરવામાં આવ્યો છે. **'ઉનકી સંગિત કરના ભી ઉચિત નહીં હૈ.'** એવાઓનો પરિચય કરવો નહિ. વિશેષ કહેશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

**अब कहते हैं कि–ऐसे भ्रष्ट पुरुष स्वयं भ्रष्ट हैं, वे धर्मात्मा पुरुषोंको दोष लगाकर भ्रष्ट बतलाते हैं :–**

## ગાથા-૯

**जो कोवि धम्मसीलो संजमतवणियमजोगगुणधारी।**
**तस्स य दोस कहंता भग्गा भग्गत्तणं दिंति।।९।।**

यः कोऽपि धर्मशीलः संयमतपोनियमयोगगुणधारी।
तस्य च दोषान् कथयंतः भग्ना भग्नत्वं ददति।।९।।

જે ધર્મશીલ, સંયમ-નિયમ-તપ-યોગ-ગુણ ધરનાર છે,
તેનાય ભાખી દોષ, ભ્રષ્ટ મનુષ્ય દે ભ્રષ્ટત્વને. ૯.

अर्थ :– जो पुरुष धर्मशील अर्थात् अपने स्वरूपरूप धर्मको साधनेका जिसका स्वभाव है, तथा संयम अर्थात् इन्द्रिय – मनका निग्रह और षट्कायके जीवोंकी रक्षा, तप अर्थात् बाह्याभ्यंतर भेदकी अपेक्षासे बारह प्रकारके तप, नियम अर्थात् आवश्यकादि नित्यकर्म, योग अर्थात् समाधि, ध्यान तथा वर्षाकाल आदि कालयोग, गुण अर्थात् मूल गुण, उत्तरगुण – इनका धारण करनेवाला है उसे कोई मतभ्रष्ट जीव दोषोंका आरोपण करके कहते हैं कि – यह भ्रष्ट है, दोष युक्त है, वे पापात्मा जीव स्वयं भ्रष्ट हैं इसलिये अपने अभिमानकी पुष्टिके लिये अन्य धर्मात्मा पुरुषोंको भ्रष्टपना देते हैं।

भावार्थ :– पापियोंका ऐसा ही स्वभाव होता है कि स्वयं पापी हैं उसीप्रकार धर्मात्मामें दोष बतलाकर अपने समान बनाना चाहते हैं। ऐसे पापियोंकी संगति नहीं करना चाहिये।।९।।

**પ્રવચન નં. ૧૧ B, ગાથા-૯ થી ૧૧, શુક્રવાર, આસો સુદ ૯, તા. ૫-૧૦-૧૯૭૩**

આ 'અષ્ટપાહુડ', એની નવમી ગાથા ચાલે છે. આઠ પૂરી થઈ. **'અબ કહતે હૈં કિ-ઐસે ભ્રષ્ટ પુરુષ સ્વયં ભ્રષ્ટ હૈં, વે ધર્માત્મા પુરુષોંકો દોષ લગાકર ભ્રષ્ટ બતલાતે હૈં :-'**

**जो कोवि धम्मसीलो संजमतवणियमजोगगुणधारी।**
**तस्स य दोस कहंता भग्गा भग्गत्तणं दिंति।।९।।**

મૂળ સનાતન વીતરાગનો ધર્મ, એનું મુનિપણું બાહ્ય નગ્નદશા, અંતરમાં ત્રણ કષાયના અભાવની દશા અને અઠ્યાવીસ મૂળગુણ હતા, ઇ જૈનદર્શન હતું. અનાદિનો સર્વજ્ઞનો કહેલો આ માર્ગ હતો. એમાં ફેરફાર થઈ ગયો એની અંદર વાત કરે છે. જે કોઈ ધર્માત્મા છે, વીતરાગના માર્ગ પ્રમાણે, એનાથી ભ્રષ્ટ થયેલાઓ એવા ધર્માત્માને દોષ બતાવે છે. એ વાત 'કુંદકુંદાચાર્ય' કરે છે.

**અર્થ :- 'જો પુરુષ ધર્મશીલ અર્થાત્ અપને સ્વરૂપરૂપ ધર્મકો સાધનેકા જિસકા સ્વભાવ હૈ,...'** કેવા છે ધર્મપુરુષો? કે પોતાનો સ્વરૂપધર્મ-જ્ઞાન, આનંદ ને શાંતિ એવો જે પોતાનો આત્મધર્મ, એને સાધવાનો જેનો સ્વભાવ છે. રાગને સાધે કે એને અહીં કહ્યું નથી. પછી વ્યવહાર હોય ઇ જણાવશે. આ વસ્તુ આનંદ ને જ્ઞાનની મૂર્તિ આત્મા (છે), એને સાધવાનો જેનો સ્વભાવ છે. દિગંબર ધર્મ, મુનિધર્મ, જૈનધર્મ, વાસ્તવિક ધર્મ, વીતરાગનો કહેલો માર્ગ આ (છે). અનાદિથી ઇ માર્ગ હતો અને ભગવાન 'કુંદકુંદાચાર્ય' હતા ત્યારે પણ હતો. સંપ્રદાયમાંથી જુદા પડી ગયા એ એની નિંદા (કરવા) દોષ કાઢે. પોતાનું અભિમાન પોષવા માટે. એની વાત જરી કરે છે.

**'ધર્મકો સાધનેકા જિસકા સ્વભાવ હૈ,...'** એક વાત. **'તથા સંયમ અર્થાત્ ઇન્દ્રિય-મનકા નિગ્રહ...'** પાંચેય ઇન્દ્રિય અને મનનો નિગ્રહ. અનીન્દ્રિય આત્મા ભગવાનમાં રમણતા (થવી) એ સંયમ (છે). **'ઔર ષટ્કાયકે જીવોંકી રક્ષા,...'** છ કાયના જીવો ભગવાને કહ્યા છે. પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ ને ત્રસ, છ જીવ છે, છ પ્રકારના. એકેન્દ્રિય અનંત છે, બીજા અસંખ્ય છે. એ બધા જીવોની દયા પાળવાનો ભાવ જેનો છે. એટલે કે જેને નહિ મારવાનો ભાવ છે. આ છ કાયના જીવ છે. એક જ પંચેન્દ્રિય જ છે કે એક જ આત્મા છે, એમ નથી. અનંત આત્માઓ છે. એમાં પણ એની મર્યાદા કોઈની એકેન્દ્રિય જીવ તરીકે, બેઇન્દ્રિય, ત્રણઇન્દ્રિય, ચૌઇન્દ્રિય, પંચેન્દ્રિય. પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ ને વનસ્પતિ. એવા જીવો ભગવાન સર્વજ્ઞે જોયા છે. એની એને પ્રતીત અને શ્રદ્ધા હોય છે. એથી એની દયા પાળે છે. મુનિ છ કાયના રક્ષક છે. આહાહા..! એક પાણીના બિંદુમાં પણ અસંખ્ય જીવ છે. એને ન હણે. એક લીલોતરીનો કટકો હોય એમાં અસંખ્ય જીવ આવા પીપળા આદિમાં છે. એને પણ એ ન હણે, અડે નહિ. ગતિ-ગમન કરવામાં પણ નીચે એકેન્દ્રિય આદિ જીવ હોય એને સ્પર્શે નહિ. એવો તો એનો દયાનો ભાવ હોય છે. છ કાયની દયા હોય છે, એમ કહે છે. એકેન્દ્રિય, બેઇન્દ્રિય ત્રણઇન્દ્રિય, ચૌઇન્દ્રિય. સર્વજ્ઞ સિવાય કોઈએ એ જીવો જોયા નથી. સમજાણું કાંઈ? ત્રણ બોલ થયા.

**'તપ અર્થાત્ બાહ્યાભ્યંતર ભેદકી અપેક્ષાસે બારહ પ્રકારકે તપ,...'** હોય છે. જેને બાહ્ય અનશન, ઉણોદરી, વૃત્તિસંક્ષેપ વગેરે અભ્યંતર પ્રાયશ્ચિત, વિનય, વૈયાવચ્ચ વગેરે., એવું જેને તપ હોય. મુનિ છે ને! નગ્ન મુનિ જંગલમાં વસનારા હોય છે. એ મુનિ, એ ચારિત્રવંત, એ સંયમી. ગૃહસ્થાશ્રમમાં હોય તો એને સંયમ ને એવું ચારિત્ર હોય નહિ. સમજાય છે કાંઈ? ગમે એવો ક્ષાયિક સમકિતી જીવ હોય છતાં ગૃહસ્થાશ્રમમાં આવો સંયમ ને છ કાયની દયા, એ ન હોય. આ તો વિશ્વદર્શન (છે). જૈનદર્શન એટલે વિશ્વદર્શન (છે). એમાં આ ચીજ છે (એમાં) એને છ કાયની દયાના ભાવ હોય છે. તપ હોય છે.

**'નિયમ, અર્થાત્ આવશ્યકાદિ નિત્યકર્મ,...'** સામાયિક, સમતા, ચૌવિસંથો અનંત તીર્થંકરોનું વંદન, સ્તુતિ, ગુરુની સ્તુતિ કે તીર્થંકરાદિની. પ્રત્યાખ્યાન, કાયોત્સર્ગ આદિ હંમેશાનું કર્તવ્ય (હોય છે). નગ્નમુનિ મોક્ષનો માર્ગ જુઓ ત્યાં. એને આ આવશ્યક ક્રિયા હોય છે. **'યોગ અર્થાત્ સમાધિ...'** હોય છે. છઠ્ઠા ગુણસ્થાનમાં બિરાજમાન મુનિને આત્માના આનંદની શાંતિ, વાસ્તવિક શાંતિ ઘણી પ્રગટી હોય છે. કૃત્રિમ શાંતિ જેવું અનાદિથી અજ્ઞાનમાં દેખાય એ શાંતિ નહિ. આત્મા અનંત આનંદનો સાગર! આહાહા..! અતીન્દ્રિય આનંદના સાગરમાંથી આનંદ જેની દશામાં ઉછળતો હોય છે. એને અહીંયાં સમાધિ કહેવામાં આવે છે. આહા..હા...!

**'ધ્યાન...'** એને આત્માના સ્વભાવનું ધ્યાન હોય છે. અસંખ્ય પ્રદેશી પ્રભુ આત્મા, અનંત ગુણનું ધામ, એનું જેને ધ્યાન હોય છે. ચોથે, પાંચમે હોય છે (પણ) થોડું (હોય છે), મુનિને વિશેષ હોય છે. અહીં મુનિની વ્યાખ્યા છે ને? દિગંબર સંત જે મોક્ષમાર્ગી, જે વીતરાગના માર્ગમાં ધોખરૂપે ઉત્સર્ગ પંથ ચાલતો, એમાં એ સંતો હતા. એટલે આવા સંતોને દેખીને દર્શનથી ભ્રષ્ટ

થયેલાઓ દોષ કાઢે. શ્રદ્ધા રાખવી. ભ્રષ્ટ થયેલાઓ બીજાને ભ્રષ્ટપણું બતાવે. સમજાણું કાંઈ?

**'વર્ષાકાલ આદિ કાલયોગ,...'** યોગની વ્યાખ્યા કરે છે. વર્ષાકાળ. ચાર મહિના ચોમાસું એક સ્થાને રહે. જંગલમાં ઝાડની નીચે (રહે) કે કોઈ એવા ખાલી મકાન બહાર જંગલમાં ખાલી પડ્યા હોય એમાં પડ્યા રહે. એવા વર્ષાકાળના ચાર મહિના એકાંત વર્ષાકાળમાં ગાળે. આહાહા..! **'ગુણ અર્થાત્ મૂલ ગુણ,...'** અઠ્યાવીસ. પંચમહાવ્રત, છ આવશ્યક, ઊભા ઊભા આહાર, અદંતધોવન, લોંચ એવા અઠ્યાવીસ ગુણ હોય છે. છે એ બધા વિકલ્પ. એવું જેને પાલન હોય છે. આહાહા..! આવો ધર્મ અને મુનિમાર્ગ આવો હોય છે. એ પાળી શક્યા નહિ માટે ભ્રષ્ટ થઈને બીજું મનાવ્યું, એની અહીં વાત કરે છે. સમજાણું કાંઈ? આહાહા..!

'કુંદકુંદાચાર્ય' છે, મહાવીતરાગી સંત છે. આનંદમાં ઝુલતા છઠ્ઠે-સાતમે ગુણસ્થાને. એક દિવસમાં હજારો વાર પ્રમત્ત-અપ્રમત્ત દશાઓ જેને આવે છે. એ કહે છે કે આવા સંતોની જે કોઈ દોષ અને નિંદા કરે, એ કાળમાં આવું થઈ પડ્યું છે, શું થાય? પોતે ભ્રષ્ટ થયા. નગ્નપણે રહી શક્યા નહિ. પછી શાસ્ત્ર નવા બનાવ્યા, કલ્પિત વાતું એમાં મૂકાવી. અને સાચા સંતનો પછી વિરોધ કર્યો. બે હજાર વર્ષ પહેલાથી એમ ને એમ ચાલ્યું આવે છે.

**'ઉત્તરગુણ...'** પાંચ સમિતિ, ગુપ્તિ બહારના અથવા અનેક પ્રકારના ક્ષમા, નિર્માનતા એવા જે ઉત્તરગુણો, **'ઇનકા ધારણ કરનેવાલા હૈ ઉસે કોઈ મતભ્રષ્ટ...'** લ્યો, આ અહીં આવ્યું. જૈનધર્મનો દિગંબર માર્ગ અનાદિનો સંતોનો એ હતો અને એ છે. મહાવિદેહક્ષેત્રમાં વર્તમાન ભગવાન કેવળી બિરાજે છે ત્યાં આ માર્ગ છે. હજારો સંતો દિગંબર મુનિઓ અત્યારે આનંદકંદમાં ઝુલતા (વિચરી રહ્યા છે). એવો માર્ગ અનાદિનો (ચાલે છે) એમાંથી જે ભ્રષ્ટ થયા (તે) **'દોષોંકા આરોપણ કરકે કહતે હૈં કિ-યહ ભ્રષ્ટ હૈ,...'** એવા મતભ્રષ્ટ થયેલા મતમાં રહેલાઓની નિંદા કરે છે, એમ કહે છે. આહાહા..! **'યહ ભ્રષ્ટ હૈ, દોષ યુક્ત હૈ,...'**

**'વે પાપાત્મા જીવ સ્વયં ભ્રષ્ટ હૈં ઇસલિયે અપને અભિમાનકી પુષ્ટિકે લિયે અન્ય ધર્માત્મા પુરુષોંકો ભ્રષ્ટપના દેતે હૈં.'** આહાહા..! જીવે કર્યું છે ને એવું. માણસપણું મળ્યું, જૈનના સંપ્રદાયમાં આવ્યા ત્યાં પણ પાછું અભિમાન પોષ્યું. આહાહા..! અનંત કાળમાં જેને હજી નિગોદમાંથી નીકળીને માણસ થવું મુશ્કેલ, એમાં અહીં સુધી આવ્યા, એમાં આ દશા પાછી. જ્યાં ભવના અભાવના કાળમાં મુનિપણાઓ થયા એવા મુનિઓને પોતાના ધર્મથી ભ્રષ્ટ થઈને એણે પણ દોષ કર્યા છે. પોતાના અભિમાનની પુષ્ટિને લઈને. અમે સાધુ છીએ, અમે આવા છીએ, અમારો માર્ગ આવો છે, આ બધા ભ્રષ્ટ નાગા સાધુ (છે), એમ કરીને કહે. બિચારા જગતને... ત્યાં શું થાય?

બે હજાર વર્ષ પહેલાં આ વાત હતી. અહીં ભગવાન 'કુંદકુંદાચાર્ય' થયા એ પહેલા શ્વેતાંબર પંથ જૈનમાંથી નીકળી ચૂક્યો હતો. આહાહા..! એ સંબંધીની આ વાત છે. આ માર્ગ બેસવો જગતને કઠણ. અનેક પ્રકાર જગતના ધર્મના નામના અનેક પ્રકાર ને પંથ ને માર્ગ ને.. આહાહા..! બધાથી આ સર્વજ્ઞનો માર્ગ આખો જુદો છે. આહાહા..! સર્વજ્ઞ સ્વરૂપ જ પ્રભુ છે.

એમાંથી જેણે સર્વજ્ઞપણું પ્રગટ કર્યું એમણે ત્રણકાળ ત્રણલોક હસ્તાકમલની પેઠે જોયા. આમળું જેમ હોય એમ જોયું. એ બરાબર ન જોવાય, એણે તો પ્રત્યક્ષ જોયું. આહાહા..! એવો જે ભગવાને કહેલો મુનિનો ધર્મ અને સંતોની ધર્મની ક્રિયા અંતર ને બાહ્ય, એ ન પાળી શક્યા તે ભ્રષ્ટ થયા. એ પાળનારાઓની નિંદા ને દોષ લગાવ્યા. આમાં 'કુંદકુંદાચાર્ય' તો આમ કહે છે, લ્યો.

**ભાવાર્થ :- 'પાપિયોંકા ઐસા હી સ્વભાવ હોતા હૈ...'** આહાહા..!

મુમુક્ષુ :- આ ધર્મીનો સ્વભાવ, આ પાપીનો સ્વભાવ.

ઉત્તર :- પેલો ધર્મશીલ છે ને. મિથ્યાદૃષ્ટિની શ્રદ્ધા જ્યાં મિથ્યાત્વ છે એમાં આવો જ એનો સ્વભાવ હોય છે. સત્યને અડવા દ્યે નહિ. સત્યને સ્પર્શવા ન દે. સત્યની વાણી કાને આવે તો ઇ (વિરોધ કરે).

**'ઉસીપ્રકાર ધર્માત્મામેં દોષ બતલાકર અપને સમાન બનાના ચાહતે હૈં. ઐસે પાપિયોંકી સંગતિ નહીં કરના ચાહિયે.'** આહાહા..!

---

अब कहते हैं कि – जो दर्शनभ्रष्ट है वह मूलभ्रष्ट है, उसको फलकी प्राप्ति नहीं होती :–

## ગાથા-૧૦

**जह मूलम्मि विणट्ठे दुमस्स परिवार णत्थि परवड्ढी।**
**तह जिणदंसणभट्ठा मूलविणट्ठा ण सिज्झंति।।१०।।**

यथा मूले विनष्टे द्रुमस्य परिवारस्य नास्ति परिवृद्धि ।
तथा जिनदर्शनभ्रष्टाः मूलविनष्टाः न सिद्ध्यन्ति।।१०।।

જ્યમ મૂળનાશે વૃક્ષના પરિવારની વૃદ્ધિ નહીં,
જિનદર્શનાત્મક મૂળ હોય વિનષ્ટ તો સિદ્ધિ નહીં. ૧૦.

**अर्थ :– जिसप्रकार वृक्षका मूल विनष्ट होने पर उसके परिवार अर्थात् स्कंध, शाखा, पत्र, पुष्प, फलकी वृद्धि नहीं होती, उसी प्रकार जो दर्शनभ्रष्ट हैं – बाह्यमें तो नग्न–दिगम्बर यथाजातरूप निर्ग्रन्थ लिंग, मूलगुणका धारण, मयूर पिच्छिका की पींछी तथा कमंडल धारण करना, यथाविधि दोष टालकर खड़े खड़े आहार लेना – इत्यादि बाह्य शुद्ध वेष धारण करते हैं, तथा अन्तरंगमें जीवादि छह द्रव्य, नव पदार्थ, सात तत्त्वोंका यथार्थ श्रद्धान एवं भेदविज्ञानसे आत्मस्वरूपका अनुभवन – ऐसे दर्शन – मतसे बाह्य हैं वे मूलविनष्ट हैं, उनके सिद्धि नहीं होती, वे मोक्षफलको प्राप्त नहीं करते।**

## ગાથા-૧૦ ઉપર પ્રવચન

**'અબ કહતે હૈં કિ-જો દર્શનભ્રષ્ટ હૈ વહ મૂલભ્રષ્ટ હૈ, ઉસકો ફલકી પ્રાપ્તિ નહીં હોતી :-'**

**जह मूलम्मि विणट्ठे दुमस्स परिवार णत्थि परवड्ढी।**
**तह जिणदंसणभट्ठा मूलविणट्ठा ण सिज्झंति।।१०।।**

**અર્થ :- 'જિસપ્રકાર વૃક્ષકા મૂલ વિનષ્ટ હોને પર...'** ઝાડનું મૂળિયું જ્યાં નાશ થયું, **'ઉસકે પરિવાર અર્થાત્ સ્કંધ, શાખા, પત્ર, પુષ્પ, ફલકી વૃદ્ધિ નહીં હોતી,...'** મૂળ જ નથી. 'मूलं नास्ति कुतोः शाखा' આવે છે ને? જેનું મૂળ જ નથી એને સ્કંધ ને પત્ર ને ફળ-ફૂલ હોય જ નહિ. **'ઉસી પ્રકાર જો જિનદર્શનસે ભ્રષ્ટ હૈં...'** આહાહા..! જૈનદર્શન એટલે દિગંબર દર્શન. મુનિપણાનો ભાવ, અંતર અનુભવ સમ્યગ્દર્શન, જ્ઞાન ને ચારિત્ર. અંતરના આનંદની ઉગ્ર લહેર જેને પ્રગટી હોય છે અને વ્યવહારમાં એને પંચમહાવ્રત, અહિંસા, સત્ય, દત્ત, બ્રહ્મચર્યના ભાવ પ્રગટ્યા હોય છે. વ્યવહાર. છ આવશ્યક હોય, ઊભા ઊભા આહાર હોય છે. એવું જે જૈનદર્શન, એવું જે આત્મદર્શન, એવો જે મોક્ષનો માર્ગ, એનાથી ભ્રષ્ટ થયા.

**'બાહ્યમેં તો નગ્ન દિગમ્બર યથાજાતરૂપ નિર્ગ્રંથ લિંગ,...'** છે ને? અનાદિ સનાતન નગ્ન દિગંબર અને અંતરમાં આનંદ અને શાંતિ ને સ્વચ્છતા ને પવિત્રતાનો પોકાર હતો. સમતાના રસમાં ઝુલતા હતા. આહાહા..! ઘડીકમાં છઠ્ઠું ગુણસ્થાન, ઘડીકમાં સાતમું. ક્ષણમાં છઠ્ઠું, ક્ષણમાં સાતમું. કારણ કે નિર્વિકલ્પ તો એક સેકંડની અંદર રહી શકે. મુનિ, હોં! નીચેના ગુણસ્થાનમાં તો થોડું (રહે). આહાહા..! ચોથે ગૃહસ્થાશ્રમમાં સમકિતી હોય અને પાંચમે હોય એ તો બહુ થોડું (રહી શકે). નિર્વિકલ્પની દશા તો એક સેકંડના અંદરના ભાગમાં હોય છે. એવું જ વસ્તુનું સ્વરૂપ છે. નથી ખબર એને એમ થાય કે આ જાણે કલાક કલાક, બે-બે કલાક સમાધિ રહે છે. એ તો એને વસ્તુની ખબર નથી. શ્રદ્ધાની ખબર નથી, આત્માની ખબર નથી. સમજાણું કાંઈ? આ તો મુનિ જે હોય છે, નગ્ન, અંતર આત્મદર્શન, અનુભવ ઉપરાંત જેને ચારિત્રની આનંદની લહેર આવી છે. એવા મુનિઓને પણ નિર્વિકલ્પ દશા તો એક સેકંડની અંદરમાં આવે. સાતમું આવે ત્યારે. આહાહા..! સમજાય છે? એવી જ વસ્તુની સ્થિતિ છે. એવો જે ભાવ,...

**'બાહ્યમેં તો નગ્ન દિગમ્બર યથાજાતરૂપ નિર્ગ્રન્થ...'** જેવો માતાએ જન્મ આપ્યો એવી વૈરાગ્યની મૂર્તિ! જેને ઉપશમરસના ઢાળા ઢળી ગયા છે! આહાહા..! જેના શરીરમાં ઉપશમ અકષાયરસ બહાર દેખાય. ઠરીને શાંત બિંબ અંદર પડ્યું છે ને! અંદરમાં ચારિત્રવંત છે ને! આહાહા..! એવા ધર્માત્માનું શરીર પણ શાંત.. શાંત ઠરી ગયેલું (હોય છે). માતાએ જેવો જન્મ આપ્યો એવું જેનું સરળ સીધું નગ્ન શરીર હોય છે. આહાહા..! એને ચારિત્રવંત અને એને મોક્ષમાર્ગી કહીએ. પૂર્ણ મોક્ષમાર્ગી. ચોથે મોક્ષમાર્ગ છે પણ આ ત્રણેયની એકતાનો મોક્ષમાર્ગ

છે. આહાહા..!

મુમુક્ષુ :- ધર્મમૂર્તિ.

ઉત્તર :- ધર્મમૂર્તિ! ઓ..હો..હો...! એકલો ભગવાનઆત્માનો આનંદ ને જ્ઞાન ને શાંતિનો સ્વભાવ, એને પર્યાયમાં વર્તમાન અવસ્થામાં પર્યાયમાં પ્રગટ્યો છે. વસ્તુમાં તો છે અનાદિનો. પણ જેની વૈભવદશા વર્તમાન પર્યાયમાં પ્રગટી છે. આહાહા..!

મુમુક્ષુ :- એને જ સાચો વૈભવ..

ઉત્તર :- એ જ વૈભવ (સાચો છે). આ ધૂળમાં શું છે? ચાલ્યા ગયા, જુઓને! અબજોપતિ. આજે નહોતું આવ્યું? ભાઈ! 'નવનીતભાઈ' એ 'ધાર'નો તમે કીધું ને. 'વિષ્ણુ' કીધું હતું ને? 'ધાર'નો ઘડીકમાં લ્યો આમ. મોટરમાં જાતા હતા તો મોટરવાળાએ ... આમ જુએ ત્યાં ડોકું ઢળી ગયું, મરી ગયો. મોટરમાં. એ આપણે અહીં આવી ગયા હતા. સાત-આઠ દિ' રહ્યા હતા. અમે ત્યાં એના ઘરે દૂધ પીધું હતું. કુંડી પાસે. આ ક્ષણમાં દેહની સ્થિતિ પૂરી થાય ત્યાં.. હજી જાય છે આમ મોટરમાં. ઓલો ડ્રાયવર પાછળ વળીને પૂછે છે, કેની કોર છે સાહેબ? આમ જુએ ત્યાં તો મરી ગયેલા. ભાઈએ કીધું સવારમાં. આહાહા..!

આવો નાશવાન મૃતક કલેવર છે. આ (શરીર) મડદું.. મડદું (છે). અમૃતનો સાગર પરમાત્મા મૃતક કલેવરમાં અનાદિથી મૂર્છાઈ ગયો. આહાહા..! એની શોભાએ શોભા. એને ખવરાવવું ને ધોવરાવવું ને ભોગ દેવા ને.. આહાહા..! આવે છે ને? ('સમયસાર') ૯૬ ગાથા. મૃતક કલેવર. મડદું, આ શરીર તો જડ છે. એની ક્રિયા પણ જડની જડથી થાય, આત્માથી નહિ. આત્મા કારણ અને શરીર ચાલે ઇ કાર્ય (એમ) ત્રણકાળમાં નથી. મિથ્યાદૃષ્ટિ એમ માને છે. કેમ કે બે જુદી ચીજ છે. એને જુદી ચીજ કાંઈ કરી શકે નહિ. આહાહા..! એ પણ ખબરું ન મળે અને ધર્મ થઈ જાય. મૃતક કલેવરમાં અમૃતનો સાગર, સ્વભાવનો દરિયો પ્રભુ (બિરાજે છે). એને ભૂલીને મૃતક કલેવરની સંભાળમાં પડ્યો એને સરવાળે શું હાથ આવે? મડદાં મરતા વખતે મૂર્છામાં મરી જાય. અસાધ્ય થઈને મૂર્છા થઈને.. જાઓ, એકેન્દ્રિય, ઇયળ ને કીડા આહાહા..!

આવો જે વીતરાગનો ધર્મ હતો એનાથી જે ભ્રષ્ટ થયા... અહીં તો કહે છે, યથાજાત નિર્ગ્રંથ લિંગ હતું. મૂળગુણના ધારણ (કરનાર હતા). અઠ્યાવીસ મૂળગુણ જિનવર તીર્થંકરોએ કહેલા વિકલ્પો અઠ્યાવીસ જાતના, હોં! એને હોય છે. વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર જ્યાં સુધી ન થાય ત્યાં એવા એના અઠ્યાવીસ મૂળગુણ, અહિંસા, સત્ય, દત્ત, છ આવશ્યક, ઊભા ઊભા આહાર (લેવો), નિર્ગ્રંથ વગેરે. અઠ્યાવીસ મૂળગુણ. એવી વસ્તુસ્થિતિ (હોય).

**'મયૂર પિચ્છિકા...'** મોરપીંછી મુનિઓ રાખતા. કોઈ જીવ, જંતુ (હોય તો કાઢવા). આ રજોવરણો અને આ બધુ વસ્તુ કૃત્રિમ ગરી ગઈ. એ મુનિપણું જ નથી ત્યાં કૃત્રિમ એટલે શું કહેવું? આહાહા..! એક મોરપીંછી **'તથા કમણ્ડલ ધારણ કરના, યથાવિધિ દોષ ટાલકર ખડે ખડે શુદ્ધ આહાર લેના...'** એને માટે ન કરેલો આહાર. ગૃહસ્થે પોતાને માટે કરેલો હોય. ભિક્ષા માટે જાય (ત્યાં) હાથમાં લઈ લ્યે. ઊભા ઊભા. આ માર્ગ છે. મુનિનો મોક્ષનો માર્ગ જૈનદર્શનમાં આ

છે. કહો, 'સુજાનમલજી'! એવું ન પાળી શકે એથી કરીને એનો બચાવ ન કરવો કે આવો પણ અત્યારે માર્ગ છે. આહાહા..! **'ખડે ખડે શુદ્ધ આહાર...'** જોયું? શુદ્ધ આહાર. નિર્દોષ પાણી અને આહાર ઊભા ઊભા લે. વૈરાગ્યની મૂર્તિ, શાંત મુદ્રા. એવી જે મુનિની દશા હોય છે. **'ઇત્યાદિ બાહ્ય શુદ્ધ વેશ ધારણ કરતે હૈં,...'** ઇત્યાદિ બાહ્ય શુદ્ધ વેશ. બધું કીધું ને? દોષ ટાળવા ને ઇ બધું.

**'તથા અંતરંગમેં જીવાદિ છહ દ્રવ્ય,...'** ભગવાન સર્વજ્ઞ પરમેશ્વરે છ દ્રવ્ય કહ્યા છે. છ વસ્તુ. એમાં એક આત્મા, એક પરમાણુ, એક કાળ, આકાશ, ધર્માસ્તિ અને અધર્માસ્તિ. એવા છ દ્રવ્ય ભગવાને અનાદિ જોયા છે. એ છ દ્રવ્યની એને શ્રદ્ધા હોય છે. આહાહા..! અનંત અનંત આત્માઓ હોય છે, અનંત અનંત એથી અનંતગુણા રજકણો, ધૂળ માટી હોય છે. એની એને શ્રદ્ધા હોય છે. એનું એને જ્ઞાન હોય છે. સમજાણું કાંઈ?

**'છ દ્રવ્ય, નવ પદાર્થ...'** નવતત્ત્વ. જીવ, અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ. જીવ અને અજીવ બે દ્રવ્ય (છે). એને સાત પર્યાય હોય છે. એની મુનિઓને ધર્માત્માને શ્રદ્ધા ને જ્ઞાન હોય છે. આહાહા..! અહીં તો ખબર ન મળે કાંઈ ને અમારે સમ્યગ્દર્શન છે (એમ કહે). બફમ્ છે. આહા..! સમજાણું કાંઈ? **'નવ પદાર્થ, સાત તત્ત્વોં...'** સાતમાં પેલા પુણ્ય ને પાપ બેય આસ્રવમાં નાખી દીધા. એ સાત તત્ત્વોનું યથાર્થ શ્રદ્ધાન હોય છે. બરાબર સર્વજ્ઞ પરમેશ્વરે કેવળજ્ઞાની ત્રિલોકનાથે જ્ઞાનમાં જેવું જાણ્યું અને કહ્યું એવી એને શ્રદ્ધા હોય છે. ઓછી, અધિક, વિપરીત શ્રદ્ધા હોતી નથી. આહાહા..!

**'એવં ભેદવિજ્ઞાનસે...'** અને રાગ ને શરીરથી, રાગનો વિકલ્પ ને શરીર અને કર્મ આદિ બધી ચીજ છે, એનાથી ભેદ કરીને **'ભેદવિજ્ઞાનસે આત્મસ્વરૂપકા અનુભવન...'** ભેદવિજ્ઞાન ક્યારે કહેવાય? કે બીજી ચીજ છે. શરીર છે, કર્મ છે, રાગ છે, પુણ્ય-પાપના ભાવ છે, એ છે એનાથી આત્મા ભિન્ન (છે). એવો ભેદવિજ્ઞાનનો આત્મ-અનુભવ. **'આત્મસ્વરૂપકા અનુભવન-ઐસે દર્શન-મતસે બાહ્ય હૈં...'** આવા દર્શન-મતથી જે બાહ્ય છે. ભાષા જોઈ? આહાહા..! પહેલી (ગાથામાં કહ્યું), 'दंसणमग्गं' કીધું છે. એ પહેલી વાત લીધી છે. આવું જે દર્શન અને મત અને ધર્મમૂર્તિ, એવા જે માર્ગથી બાહ્ય છે **'વે મૂલવિનષ્ટ હૈં,...'** મૂળમાં ભ્રષ્ટ થઈ ગયા છે. આવું જે જૈનદર્શન એટલે જૈનદર્શન કોઈ સંપ્રદાય નથી. વસ્તુ 'જિન સો હી આત્મા' અને રાગાદિ વિકલ્પ, શરીરાદિ અજીવ, પુણ્ય-પાપના આસ્રવ એનાથી ભગવાનઆત્મા ભિન્ન (છે), એ જૈનનું સ્વરૂપ જ છે. એવા સ્વરૂપના ભાન સહિતના આવા તત્ત્વની એને શ્રદ્ધા હોય છે. આવાથી જે ભ્રષ્ટ થયા એ મૂળમાં ભ્રષ્ટ થઈ ગયા છે. 'ભગવાનજીભાઈ'! આવી વાત છે.

'શ્રીમદ્'માં આવો ખુલાસો એ લોકો કરી ન શકે. કારણ કે ત્યાં તો બધો ગોટો ભેગો (છે). આ તો માર્ગ આવો છે, બાપુ! સમજાણું કાંઈ? આ તો ચોખ્ખી વાત છે. આહાહા..! કોઈના વિરોધને માટે વાત નથી, વસ્તુનું સ્વરૂપ જ આવું છે. એમાં બીજું શું થાય? એ બાહ્યથી મૂળવિનષ્ટ છે. પાઠ છે ને? ગાથા. '**मूलम्मि विणट्ठे**' પહેલું પદ છે. '**मूलम्मि विणट्ठे तह जिणदंसणभट्ठा**'

એની સાથે મેળવ્યું છે. મૂળ જેનું નાસ્તિ છે એને શાખા આદિ હોતી નથી. એમ આવો જે વીતરાગ માર્ગ જૈનદર્શનનો, ધર્મમૂર્તિનો એનાથી-એની શ્રદ્ધાથી જે ભ્રષ્ટ થયા (એનો) મૂળમાં નાશ છે. આહાહા..! એ.. 'જાદવજીભાઈ'! આવું છે આ. તમારો છોકરો ઇ કહે છે, હોં! હા પાડે છે.

મુમુક્ષુ :- છોકરો નથી.

ઉત્તર :- છોકરો નથી, ભાઈ કહે છે. એના બાપા પણ સાંભળવા બેસે. ચૌદ વર્ષનો છે ને? શું કીધું? 'દિલીપ'. એના દીકરાનો દીકરો બેસે છે. સંસ્કાર લઈને આવ્યો છે ને પૂર્વભવમાંથી. અમારા 'વજુભાઈ' તો એમ કહે છે, આપણામાંથી જ મરીને આવ્યો છે. આપણામાંથી મરીને આવ્યો લાગે છે. ચૌદ વર્ષની ઉંમરમાં આવું! માર્ગ આ છે. આ કર્યાથી બીજો માર્ગ હોઈ શકે નહિ, એવું જોર મારે છે. ત્યાં પાઠશાળા ભણાવે છે. 'કલકત્તા'માં પાઠશાળા ભણાવે છે. એ તો ગૃહસ્થ માણસ છે. ઇ શાસ્ત્ર મફત વેચે છે. છોકરાઓને ભેગા કરીને. ઘણા લાખોપતિ છતાં... એમના દીકરાનો દીકરો એટલે એને પૈસા .. હતા. એ પાઠશાળા ભણાવે એના પૈસા લે નહિ. છોકરાઓને ભણાવે, આ માર્ગ છે, સાંભળો! મોટા પણ બેસે છે, કોઈકને પૂછ્યું હતું. કેટલાક મોટા પણ સાંભળવા બેસી જાય છે.

મુમુક્ષુ :- મોટાને રુચિ થઈ..

ઉત્તર :- એને એ જાતનો રસ હતો ને. .. માર્ગ તો આ છે. સમજાણું કાંઈ? આહા..હા...!

અહીં કહ્યું, નહિ? '**जह मूलम्मि विणट्ठे**' એમ અહીં '**जिणदंसणभट्ठा**'. એ '**मूलम्मि विणट्ठे**' એની સાથે મેળવ્યું ને? ગાથામાં. '**जह मूलम्मि विणट्ठे**' ઇ પહેલું પદ. પછી '**तह जिणदंसणभट्ठा मूलविणट्ठा**'. એમ. સમજાણું કાંઈ? આ વાડા બાંધીને મારી નાખ્યા લોકોને.

પરમ દિ' એક આવ્યા હતા. પેલો છે ને? તમારે ત્યાં 'ધીયા', નહિ? 'ચંદુભાઈ'ના આપણા 'મોહનભાઈ' નહિ? 'કરાંચીવાળા'. એનો 'ચંદુભાઈ' ત્યાં 'રાજકોટ' પરણ્યો છે ને? છોકરો કહે, હું 'ચંદુભાઈ'નો સાળો છું. 'મોહનભાઈ' અમારા વેવાઈ થાય. 'ધીયા' ને? મેં કીધું, જાણીએ છીએ. પણ અમે શ્વેતાંબર છીએ. બે છોકરાઓ હતા. પરમ દિ' આવ્યા હતા. 'ચંદુભાઈ'નો સાળો છું. મને તો ખબર હતી, કે આ 'ધીયા' છે. મને કીધું, 'ધીયા' છું. પણ અમે શ્વેતાંબર છીએ. અમને ખબર નથી? આ વાડાની જુદાઈ માટે મારી નાખ્યા. તેં કીધું, 'ચંદુભાઈ'નો સાળો છું ત્યારથી (ખબર હતી), તમે 'ધીયા' છો અને શ્વેતાંબર છો (ખબર છે). જુવાન માણસ, વીસ-પચીસ વર્ષનો. આહાહા..! ઘીના વેપારી. ચોકમાં જ છે ને. જોયું છે, જોયું છું. ઘીકાંટા નામ હતું. ઇ સાચું. પણ મારે તો ઇ કહેવું છે, વાત આ ચાલતી હતી એમાં ઇ આ બોલ્યો, અમે શ્વેતાંબર છીએ. પણ અમે ક્યાં અહીં પક્ષ.... એય..! 'મોહનભાઈ'! આ બધા શ્વેતાંબર છે. 'ભગવાનજીભાઈ' શ્વેતાંબર છે. હતા, લ્યોને. આહાહા..!

જેને આવો મોક્ષમાર્ગ ને આવું બાહ્ય લિંગ અને અઠ્ઠાવીસ મૂળગુણ જેને રુચતું નથી ઇ ભ્રષ્ટ થઈ ગયા છે. એવો માર્ગ છે. '**मूलविणट्ठा ण सिज्झंति**' એમ છેલ્લો શબ્દ છે ને?

'કુંદકુંદાચાર્ય'નો. '**जह मूलम्मि विणट्ठे**' જે ઝાડનું મૂળ નાશ થયું એને પરિવાર નથી. એટલે શાખા, ફળ, ફૂલ, પત્ર નથી. એમ જે આવા માર્ગથી ભ્રષ્ટ થયા, એનું મૂળ નાશ થઈ ગયું. એને કોઈ મોક્ષ ને સમ્યગ્દર્શન ને જ્ઞાન હોતું નથી. આહાહા..! આવો માર્ગ છે. વાડા બાંધ્યા ને... તમે દિગંબર. ભાઈ! રહેવા દે એવું. સત્ય શું છે એ લે ને. આહાહા..!

આંખ્યું વીંચીને ચાલ્યા જાય છે, આ જુઓને! આહાહા..! અબજો રૂપિયા. ક્ષણમાં આંખ વીંચાઈ ગઈ. ભાઈ કહેતા હતા. એનો ભાણેજ. મામાને બે વાગે હુમલો આવ્યો અને આવ્યા ભેગો ખલાસ થઈ ગયા. અબજો રૂપિયા. આહાહા..! શું કરે રૂપિયો તારો? ધૂળ ને શરીર આ તો માટી છે. શ્વાસની ક્રિયા આત્મા કરી શકે નહિ. આ શ્વાસની ક્રિયા ઇ જડ છે, એને આત્મા કરી શકે? ઇ તો જડ છે. આરે..આરે..! જગતને ભ્રમ પડે, તત્ત્વની ખબર નથી ને. આત્માથી શ્વાસ ચાલે અને આત્માથી શરીર ચાલે. આત્મા કારણ છે અને દેહના કામ કાર્ય છે, એ દૃષ્ટિ મિથ્યાત્વ અને અજ્ઞાન છે. સમજાણું કાંઈ? આહાહા..! ભારે ગાથા! દસમી. અહીં આવ્યું.

'**ऐसे दर्शन-मतसे बाह्य हैं वे मूलविनष्ट हैं,...**' છેલ્લો શબ્દ છે ને? '**उनके सिद्धि नहीं होती,...**' '**ण सिज्झंति**' એવા જીવોને મોક્ષ નહિ થાય. આહાહા..! આવો માર્ગ છે. એ.. 'ઝાંઝરી'! તમારે ત્યાં તકરારો ઘણી છે. માર્ગ તો આ છે અનાદિનો. દિગંબર દર્શન એ કોઈ સંપ્રદાય નથી. વસ્તુનું સ્વરૂપ જ એવું અનાદિનું છે. મુનિપણું આવું જ હોય એ પણ વસ્તુનું સ્વરૂપ છે. આહાહા..! એમાં કરીને કર્યું છે ને કલ્પના (કરી છે) એમ આ નથી. આહા..હા...!

જેવો ભગવાનઆત્મા નિર્વિકલ્પ આનંદનો નાથ (છે) એની પર્યાયમાં ભૂલ છે એનું પણ જ્ઞાનીને ભાન હોય છે અને એ આત્મા અરૂપી છે. એને રૂપ ન હોય. અજ્ઞાનીને અંદર કાંઈક ભાસે ને, લાલ ને ધોળું ને પીળું ને ઝબક ને, એ બધું જડ છે. આંખ્યું વીંચે પછી અંદર દેખાય, લાલ, પીળું. એ તો બધું જડ છે. આત્મા ક્યાં (છે)? એવો રંગ ન હોય. એ તો અરૂપી છે. સમજાણું કાંઈ? આહા..!

'**वे मोक्षफलको प्राप्त नहीं करते.**' (હવે) ૧૧. એક ફેરી આ વાંચતા હતા ને ભાઈ હતા. 'નરસિંહભાઈ'. તાકડે આવ્યા ત્યાં વ્યાખ્યાનમાં આ ચાલતું હતું. આપણે હતા ને? 'નરસિંહભાઈ', નહિ? મુનિમ હતા ને. ત્યાં બેસતા. એ વખતે આવતા એ વખતે આ ચાલતું હતું. પજોસણ ને પડિકમણું ન્યાં કરવા જાતા. કુદરતી એવા મેળ ખાઈ જાય છે ને. કુદરતે ત્યારે એને આવવાનો મોખ જ હતો અને એમાં આ 'અષ્ટપાહુડ' વંચાતું હતું. ન્યાં ઇ બેસતા. માણસને આકરું લાગે. સત્ય છે.

મુમુક્ષુ :- એવા જ સંસ્કાર લઈને આવ્યા.

ઉત્તર :- સંસ્કાર લઈને આવ્યા, બસ. આહા..! એને એ જ પોષાણું હોય. એને બીજો કોઈ વિચારનો અવકાશ જ ન હોય.

મુમુક્ષુ :- એ તો એમ જ કહે છે, આપણે જૈન..

ઉત્તર :- આ અમે જિન છીએ, એ લોકો એમ કહે છે ને. જૈનધર્મ અમારો જ છે. સ્થાનકવાસીનો. અમે જૈન છીએ, એમ કહે છે. એય.. 'નવલચંદભાઈ'! અહીં કહે છે કે એ જૈન નથી, જૈનથી ભ્રષ્ટ થયા છે. એમ કહે છે. તેથી તો 'ટોડરમલે' પાંચમાં અધ્યયનમાં લખ્યું. શ્વેતાંબર, સ્થાનકવાસીને, જૈનમતમાં નાખ્યા જ નથી. અન્યમતમાં નાખ્યા છે. આ જુઓને, આ શું કહ્યું આ? 'કુંદકુંદાચાર્ય' ઇ કહે છે, શ્વેતાંબર અને સ્થાનકવાસી જૈનદર્શન જ નથી.

મુમુક્ષુ :- 'કુંદકુંદાચાર્ય' હતા ત્યારે સ્થાનકવાસી હતા જ નહિ.

ઉત્તર :- આ તો હતા, દેરાવાસી હતા ને પણ. શ્વેતાંબર નીકળી ગયેલા. એ.. 'સુજાનમલજી'! ઇ પણ શ્વેતાંબર છે ને.

મુમુક્ષુ :- પાકા.

ઉત્તર :- પાકા. ઇ તો હોય ઇ પાકા જ હોય ને. એમાં શું? આહાહા..!

મુમુક્ષુ :- આપની કૃપા આવી.

ઉત્તર :- આ તો આત્મધર્મની ચીજ આ છે. આહાહા..!

એમાં આત્માનું જે ચારિત્ર છે એ અલૌકિક દશા!! એને તો નગ્ન દશા જ થઈ જાય. ચારિત્રવંત હોય એ તો નગ્નદશા અને જંગલમાં જ વસે. એવો જ મુનિપણાનો માર્ગ અનાદિનો સનાતન વીતરાગમાર્ગનો હતો. આહાહા..! એનાથી ભ્રષ્ટ થયા એને મુક્તિ તો નથી, મોક્ષનું ફળ ક્યાંથી હોય?

---

**अब कहते हैं कि–जिनदर्शन ही मूल मोक्षमार्ग है :–**

## ગાથા-૧૧

**जह मूलाओ खंधो साहापरिवार बहुगुणो होइ।**
**तह जिणदंसण मूलो णिद्दिट्ठो मोक्खमग्गस्स।।११।।**

**यथा मूलात् स्कंधः शाखापरिवारः बहुगुणः भवति।**
**तथा जिनदर्शनं मूलं निर्दिष्टं मोक्षमार्गस्य।।११।।**

**જ્યમ મૂળ દ્વારા સ્કંધ ને શાખાદિ બહુગુણ થાય છે,**
**ત્યમ મોક્ષપથનું મૂળ જિનદર્શન કહ્યું જિનશાસને. ૧૧.**

**अर्थ :–** जिसप्रकार वृक्षके मूलसे स्कंध होते हैं; कैसे स्कंध होते हैं कि–जिनके शाखा आदि परिवार बहुत गुण हैं। यहाँ गुण शब्द बहुतका वाचक है; उसीप्रकार गणधर देवादिकने जिनदर्शनको मोक्षमार्गका मूल कहा है।

**भावार्थ :–** यहाँ जिनदर्शन अर्थात् तीर्थंकर परमदेवने जो दर्शन ग्रहण किया उसीका

उपदेश दिया है वह मूलसंघ है; वह अट्ठाईस मूलगुण सहित कहा है। पांच महाव्रत, पांच समिति, छह आवश्यक, पांच इन्द्रियोंको वशमें करना, स्नान नहीं करना, भूमिशयन, वस्त्रादिकका त्याग अर्थात् दिगम्बर मुद्रा, केशलोंच करना, एकबार भोजन करना, खड़े खड़े आहार लेना, दंतधावन न करना – यह अट्ठाईस मूलगुण हैं। तथा छियालीस दोष टालकर आहार करना वह एषणा समितिमें आ गया। ईर्यापथ – देखकर चलना वह ईर्या समितिमें आ गया। तथा दयाका उपकरण मोरपुच्छ की पींछी और शोचका उपकरण कमंडल धारण करना – ऐसा बाह्य वेष है। तथा अन्तरंगमें जीवादिक षट्द्रव्य, पंचास्तिकाय, सात तत्त्व, नव पदार्थोंको यथोक्त जानकर श्रद्धान करना और भेदविज्ञान द्वारा अपने आत्मस्वरूपका चिंतवन करना, अनुभव करना ऐसा दर्शन अर्थात् मत वह मूलसंघका है। ऐसा जिनदर्शन है वह मोक्षमार्गका मूल है; इस मूलसे मोक्षमार्गकी सर्व प्रवृत्ति सफल होती है। तथा जो इससे भ्रष्ट हुए हैं वे इस पंचमकालके दोषसे जैनाभास हुए हैं वे श्वेताम्बर, द्राविड, यापनीय, गोपुच्छपिच्छ, निपिच्छ – पाँच संघ हुए हैं; उन्होंने सूत्र सिद्धान्त अपभ्रंश किये हैं। जिन्होंने बाह्य वेषको बदलकर आचरणको बिगाड़ा है वे जिनमतके मूलसंघसे भ्रष्ट हैं, उनको मोक्षमार्गकी प्राप्ति नहीं है। मोक्षमार्गकी प्राप्ति मूलसंघके श्रद्धान – ज्ञान – आचरण ही से है ऐसा नियम जानना।।११।।

## ગાથા-૧૧ ઉપર પ્રવચન

**'અબ કહતે હૈં કિ-જિનદર્શન હી મૂલ મોક્ષમાર્ગ હૈ :-'** જોયું? ભારે મેળવ્યું છે. પેલામાં દાખલો આપ્યો હતો ને? વૃક્ષનો આપ્યો હતો ને?

**जह मूलाओ खंधो साहापरिवार बहुगुणो होइ।**
**तह जिणदंसण मूलो णिद्दिट्ठो मोक्खमग्गस्स।।११।।**

**અર્થ :- 'જિસપ્રકાર વૃક્ષકે મૂલસે સ્કંધ હોતે હૈં,...'** વૃક્ષનું મૂળ હોય તો સ્કંધ આવે. સ્કંધ હોય તો શાખા આવે. સ્કંધ સમજ્યા ને? પછી ડાળ. પણ મૂળ ન હોય ત્યાં સ્કંધ કેવું? ને ડાળ કેવી? આ તો મૂળ હોય ત્યાં **'જિનકે શાખા આદિ પરિવાર બહુત ગુણ હૈં. યહાં ગુણ શબ્દ બહુતકા વાચક હૈ;...'** એમ કહે છે. બહુ ગુણ હોય. એમ.

મુમુક્ષુ :- ઘણા ગુણો.

ઉત્તર :- ઘણા ગુણો. પણ એણે કહ્યું છે કે **'ગુણ શબ્દ બહુત કા વાચક હૈ...'** એ બહુ ગુણ શબ્દ તો પડ્યો જ છે. બહુ ગુણો તો છે. એમ કહે છે, બહુ શબ્દ છે ને. ગુણનો અર્થ એમ કેમ કર્યો?

મુમુક્ષુ :- ગુણોને થયું ને એટલે બહુના અર્થમાં લીધું.

ઉત્તર :- ગુણને બહુવાચક છે. પેલો બહુ શબ્દ તો પડ્યો છે.

**'ગુણ શબ્દ બહુતકા વાચક હૈ; ઉસીપ્રકાર ગણધર દેવાદિકને...'** ગણધરો એ ધર્મના તીર્થંકરો, ધર્મરાજા એના ગણધર દિવાન-ધર્મદિવાન. આહાહા..! ચારજ્ઞાન, ચૌદપૂર્વના ધરનાર,

અંતર્મુહૂર્તમાં બાર અંગની રચના કરનાર એવા સંત, ગણધર સંત આદિકે **'ગણધર દેવાદિકને જિનદર્શનકો મોક્ષમાર્ગકા મૂલ કહા હૈ.'** આવા ગણધરોએ, મુનિઓએ, સાચા સંતોએ **'જિનદર્શનકો મોક્ષમાર્ગકા મૂલ...'** આવું જૈનદર્શન. સમજાણું કાંઈ? જેને આત્મદર્શન સાક્ષાત્કાર ઉપરાંત જ્ઞાન ને આનંદનું ચારિત્ર જેને નિર્મળ પ્રગટ થયું છે. એવી ત્રણ તો નિર્વિકલ્પ વીતરાગ દશા છે અને અઠ્યાવીસ મૂળગુણ વીતરાગે જિનેશ્વરે કહ્યા એવા છે અને જેની નગ્ન દશા છે. આહાહા..! એવો જૈનદર્શનનો માર્ગ ગણધરોએ કહેલો છે. તીર્થંકરોએ કહેલો એમાંથી શાસ્ત્રમાં ગણધર સંતોએ રચ્યો છે. આહાહા..! કહો, આ શાસ્ત્રની રચનામાં આ આવ્યું છે, એમ કહે છે.

જેની શાસ્ત્રની રચનામાં એમ આવ્યું હોય કે વસ્ત્ર રાખે ને પાત્ર રાખે (એ) મુનિપણું. એ શાસ્ત્ર ગણધરના રચેલા નહિ, એમ કહે છે. આહાહા..! આકરું ભારે કામ. અતડા જેવું લાગે માણસને.

મુમુક્ષુ :- અતડો જ છે ને.

ઉત્તર :- અતડો જ છે. શું થાય? ભાઈ! માર્ગ આવો છે ત્યાં શું થાય? આહાહા..! કહો, 'બાબુભાઈ'! આવો માર્ગ છે. જૈનદર્શન જ એને કહીએ. આહાહા..! પહેલું આવ્યું છે ને? એવું ગણધરોએ કહેલું. ગણધર આદિ સંતોએ (કહેલું). આહાહા..! મોક્ષના થાંભલા, કેવળજ્ઞાનના કેડાયતો એવા સંતોએ તો આવું જૈનદર્શન કીધું છે. આહાહા..! દુનિયાની મૂકી દે પરવા. દુનિયા શું કહેશે? કેમ માનશે? એ રહેવા દે. ભગવાનનો માર્ગ તો આ છે. 'ભગવાનજીભાઈ'! આહાહા..! આહાહા..! લોકો એમાંથી આધાર આપે છે ને? 'શ્રીમદ્'માંથી. જુઓ! એમાં ઇ કહે છે. બાપુ! જૈનધર્મનો આશય શ્વેતાંબર-દિગંબરના આચાર્યનો આશય આત્માને શમાવવાનો છે. આમાં તો ના પાડે છે. આહાહા..!

અહીંયાં તો કહે છે કે આવો જે માર્ગ, જેનું જૈનદર્શન ધર્મની શ્રદ્ધામાં મૂળ છે અને એ ઉપરાંત પછી જ્ઞાન ને ચારિત્ર આદિ ને નગ્નદશા જેની છે અને અઠ્યાવીસ મૂળગુણ વીતરાગે કહેલો એનો વ્યવહારમાં એવા વિકલ્પો હોય છે. મુનિને એવો રાગ હોય છે. આહાહા..! એથી રાગ હોય છે એમ જણાવ્યું પણ એ ધર્મ છે એમ નથી. એનો વ્યવહાર જૈનદર્શનનો કીધો. નિશ્ચય જૈનદર્શનની સાથે આવો વ્યવહાર જૈનદર્શનનો હોય છે. એથી એ આદરણીય છે અને એનાથી કાંઈ (ધર્મ છે) એમ અહીં પ્રશ્ન નથી. પંડિતજી! માર્ગ તો આવો છે. આહાહા..! એકલા નગ્ન ફરે એ કંઈ ધર્મ નથી.

મુમુક્ષુ :- ધર્મ તો અંતરમાં હોય ત્યારે એને બાહ્ય કહેવાય.

ઉત્તર :- આ તો બાહ્ય પહેલું કહ્યું પણ આવું અંતરમાં હોય તો આવું બાહ્યને કહેવાય. પણ અંતરમાં જ્યાં જૈનદર્શનની વસ્તુ શું છે, સમ્યક્ શું છે, સમ્યગ્જ્ઞાન શું, એની ખબર પણ નથી અને (મુનિ) મનાય, એને અહીં મુનિપણામાં ગણ્યા નથી. જૈનદર્શનમાં એને ગણવામાં નથી આવ્યા. આહાહા..! બહુ માર્ગ ...

જિનદર્શનને મોક્ષમાર્ગનું મૂળ કહ્યું છે. સમજાય છે કાંઈ? આવું જે જૈનદર્શન, એ જૈનધર્મનું

મૂળ છે. '**જિનદર્શનકો મોક્ષમાર્ગકા મૂલ કહા હૈ.**' આહાહા..! એમ જેની આ શ્રદ્ધા, વ્યવહાર આવો હોય એવી શ્રદ્ધા સહિત સ્વનો આશ્રય લઈને દર્શન થાય એને સમકિત કહેવાય. સમજાણું કાંઈ? એમ કહે છે. આવો જે માર્ગ છે એની જેને શ્રદ્ધા હોય એટલે એનું જ્ઞાન હોય, અને એનું જ્ઞાન રાખીને પછી સ્વનો આશ્રય લઈને સમ્યગ્દર્શન થાય એને સમકિતી અને ધર્મની શરૂઆતવાળો જીવ કહેવામાં આવે છે. આહાહા..! ઘણા તો આમાં આપણે પૂર્વના શ્વેતાબંર જ હોય. કોઈ સ્થાનકવાસી, કોઈ દેરાવાસી. નહિ? માર્ગ તો આ છે. એમાંથી ફેરફાર કાંઈ પણ ઓછુંવત્તું કરે, વસ્ત્રનો ધાગો રાખવો એમાં શું વાંધો છે? કાળ એવો નબળો છે. એ બધા ભ્રષ્ટ છે. આહાહા..! ઝાઝો ભાગ હોય એમાં આવું વાંચે તો તોફાન કરે, હોં! અહીં તો જંગલ છે અને જંગલનો માર્ગ આ છે. બેસે એને બેસાડવું.

મુમુક્ષુ :- જંગલમાં મંગલ અને મંગલનો માર્ગ આ છે.

ઉત્તર :- આ છે.

મુમુક્ષુ :-

ઉત્તર :- સાચી વાત છે.

**ભાવાર્થ :- 'યહાં જિનદર્શન અર્થાત્ તીર્થંકર પરમદેવને જો દર્શન ગ્રહણ કિયા...'** દેખો! અર્થ કર્યો. જિનદર્શન. જિન એટલે તીર્થંકર. એણે જે દર્શન-મુનિપણું, નગ્નપણું અંગીકાર કર્યું. ભારે વાત, ભાઈ! જિનદર્શન. જિન એટલે '**તીર્થંકર પરમદેવને જો દર્શન ગ્રહણ કિયા ઉસીકા ઉપદેશ દિયા હૈ...**' દર્શન ગ્રહણ કિયા ઔર ઉસીકા ઉપદેશ દિયા. '**યહ મૂલસંઘ હૈ;...**' આહાહા..! વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વરનો મૂળ સંઘ આ (છે) કે જેણે જિન તીર્થંકર પરમદેવે જે નગ્નપણું ને મોક્ષમાર્ગ ને વ્યવહાર વિકલ્પ આદિ જે છે એ અંગીકાર-ગ્રહણ કર્યું અને એવો ઉપદેશ કર્યો, એમ કહે છે. સમજાણું કાંઈ? આહાહા..! ભારે ખુલાસો કર્યો છે!

ચૌદમી ગાથામાં ચોખ્ખું આવે છે ને? કે દર્શન આને કહેવું. આહાહા..! વસ્તુનું દર્શન જે વાસ્તવિક જ્ઞાન, દર્શન, ચારિત્ર ને વિકલ્પ ને નગ્ન(પણું). ત્યારે કોઈ કહે કે વિકલ્પને, નગ્નપણાને પણ જૈનદર્શન કીધું ને? પણ એટલો વ્યવહાર નથી? એને વ્યવહાર કીધો. વસ્તુના દર્શન, જ્ઞાન, ચારિત્રને નિશ્ચય કહ્યો. બેયને બે કહ્યું. આહાહા..! પૂર્ણ વીતરાગ નથી તો બે હોય જ. આહાહા..! સમજાણું કાંઈ? જેના હજી શ્રદ્ધાના ઠેકાણા નથી, એના જ્ઞાનમાં યથાર્થતા નથી, એને સમ્યગ્દર્શન થાય જ નહિ. સમજાણું કાંઈ? આહા..હા...!

જિનદર્શન. જિનદર્શનની વ્યાખ્યા કરી. '**जिणदंसण मूलो**' છે ને? એમાંથી કર્યું, જિનદર્શન. જિન એટલે તીર્થંકર પરમદેવ. અને દર્શન એટલે જેણે દર્શન ગ્રહણ કર્યું. એટલે મોક્ષનો માર્ગ વિકલ્પ અને નગ્નપણું અંગીકાર કર્યું. આહાહા..! તીર્થંકરદેવ, જેના સો ઇન્દ્રો તળિયાં ચાંટે. જેના જન્મે માતાના પેટમાં આવે ત્યારે ઇન્દ્રો આવીને સેવા કરે. આહાહા..! એવા જિને જ્યારે મુનિપણું અંગીકાર કર્યું, તીર્થંકર પરમદેવે.. આહાહા..! જ્યારથી સર્વજ્ઞદેવ.. સર્વજ્ઞસ્વભાવી આત્મા

અનાદિથી છે. તેમ સર્વજ્ઞપર્યાય પ્રગટેલી સર્વજ્ઞો પણ અનાદિના છે. આહાહા..! એમ આવો માર્ગ પણ અનાદિનો છે. સમજાણું કાંઈ? આહાહા..! સર્વજ્ઞસ્વભાવી સ્વરૂપ આત્મા વસ્તુ અનાદિઅનંત (છે). એવા અનંત આત્માઓ (છે). અને સર્વજ્ઞ સ્વભાવ છે એના જાણનારા પ્રગટપણે પણ અનાદિના છે અને એનો માર્ગ જેણે અંગીકાર કર્યો એ પણ અનાદિનો આ જ માર્ગ છે. શક્તિરૂપ, વ્યક્તરૂપ અને એનો માર્ગ આ. આહાહા..! સમજાણું કાંઈ? વિશેષ એનો ખુલાસો આવશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## પ્રવચન નં. ૧૨, ગાથા-૧૧ થી ૧૩, શનિવાર, જેઠ વદ ૧, તા. ૨૦-૬-૧૯૭૦

સમજાણું કાંઈ? નગ્ન મુદ્રા હતી, અઠ્યાવીસ મૂળગુણ હતા. વગેરે. એવો જ માર્ગ જૈનદર્શનનો અનાદિનો છે. એમાં મોરપીંછી આદિ હોય. શૌચનું ઉપકરણ કમંડલ હોય. પાત્રા-બાત્રા ન હોય, એમ કહે છે. '**ઐસા બાહ્ય વેષ હૈ.**' આવો તો બાહ્ય વેષ જૈનદર્શનમાં અનાદિનો પરમાત્માનો કહેલો માર્ગ (હતો).

'**તથા અન્તરંગમેં જીવાદિક ષટ્દ્રવ્ય,...**' કહો, 'મૂળચંદજી'! આમાં વૈષ્ણવ ને જૈનમાં શી રીતે ભેગું (કરવું)? .... 'કુંદકુંદાચાર્યે'. પોતાનો માર્ગ જુદો પાડવા માટે આવું લખ્યું હશે? આ તો માર્ગ એવો છે. તીર્થંકરે ધારણ કર્યો છે. આહાહા..! કાયરના કાળજા કંપે કે અર..ર..ર..! આ બધા ભેખ છે ને? એ બધા ભેખ વીતરાગ માર્ગથી બાહ્ય છે. વસ્તુ એવી છે. બાપુ! એ વ્યક્તિ પ્રત્યે દ્વેષની વાત નથી. વસ્તુનું સ્વરૂપ જ આવું છે. સમજાણું કાંઈ? કહો, 'વલ્લભભાઈ'! જેટલા વસ્ત્ર આદિના ભેખ છે એ જૈનદર્શનનો ભેખ જ નથી, એમ કહે છે. એ તો કુલિંગ છે. આહાહા..! એવો માર્ગ છે. જૈનમાં આવા છે એને પણ જૈન ગણતા નથી તો બીજા મતમાં જૈનની સાથે કાંઈ મેળ ખાય એવી વાત જરીયે છે નહિ. વસ્તુસ્થિતિ છે એમાં શું બને?

જૈનદર્શન અંતર સ્વરૂપ, વસ્તુનું સ્વરૂપ અખંડ આનંદ આદિ અનંતગુણોનો પિંડ, એની શ્રદ્ધા, ષટ્દ્રવ્યની શ્રદ્ધા, પંચાસ્તિકાયની શ્રદ્ધા. છે ને? સાત તત્ત્વની શ્રદ્ધા, નવ પદાર્થની (શ્રદ્ધા) '**યથોક્ત જાનકર...**' જેવા છે યથા-ઉક્ત. જેવા ભગવાને પરમેશ્વરે કહ્યા એવા યથા-ઉક્ત જાણી '**શ્રદ્ધાન કરના...**' એ તો હજી બાહ્ય આવ્યું. હવે '**ભેદવિજ્ઞાન દ્વારા અપને આત્મસ્વરૂપકા ચિંતવન કરના, અનુભવ કરના...**' આહાહા..! સમજાણું કાંઈ? અને એ વિકલ્પ જે છે, અઠ્યાવીસ મૂળગુણ આદિ કે ષટ્દ્રવ્યની શ્રદ્ધા, સાત તત્ત્વની શ્રદ્ધાનો વિકલ્પ, એવો હોય, કહે છે પણ એનાથી ભિન્ન પાડીને આત્માનો અનુભવ કરવો એ સમ્યગ્દર્શન છે. એ જૈનદર્શનનું મૂળ છે. સમજાણું કાંઈ? હવે આમાં બીજા સાથે મેળ ન ખાય. બીજાને એમ કહે.. એમાં શું થાય? કહો. કાં તો કહે પોતાનો પક્ષ તાણે છે. પક્ષ (નહિ). વસ્તુનું સ્વરૂપ આવું છે એમાં પક્ષની વાતેય ક્યાં છે? તીર્થંકરોએ એ માર્ગ ગ્રહણ કર્યો છે એ જ માર્ગ જૈનશાસનમાં અનાદિથી ચાલ્યો આવે છે. પરંપરાએ ચાલ્યો આવે છે. શું થાય? એ છોડી નાખે એટલે સત્ય કાંઈ અન્ય થઈ જાય?

'**ભેદવિજ્ઞાન દ્વારા અપને આત્મસ્વરૂપકા ચિંતવન કરના, અનુભવ કરના...**' આવી શ્રદ્ધા,

આવો ભેખ બધું હોય ખરું. છતાં એનાથી ભિન્ન પડીને સ્વરૂપનો અનુભવ કરવો એ ખરું નિશ્ચય સ્વરૂપ છે. એ વસ્તુ છે. પણ એનો વ્યવહાર હોય આવો. સમજાય છે? છ દ્રવ્યની શ્રદ્ધા, નવ તત્ત્વની, સાત તત્ત્વની, પંચાસ્તિકાયની (શ્રદ્ધા હોય). ભેખ નગ્નપણું, પંચમહાવ્રતના વિકલ્પો આદિ હો. હોય તો ઇ બાહ્યમાં હોય. બાહ્ય, એ બધું બાહ્ય છે. બાહ્ય બીજી જાતનું હોય અને અંતરમાં આવું હોય એમ બની શકે નહિ, એમ કહે છે. બાહ્યમાં બીજું હોય, વસ્ત્ર-પાત્ર રાખતા હોય અને અંદરમાં અનુભવ, સમ્યગ્દર્શન હોય એમ હોઈ શકે નહિ, એમ કહે છે. સમજાણું કાંઈ?

**'ઐસા જિનદર્શન...'** લ્યો! **'ઐસા દર્શન અર્થાત્ મત વહ મૂલસંઘકા હૈ...'** અનાદિ મૂળસંઘ જે જૈનદર્શનનો આ મત છે, આ દર્શન છે. લ્યો! અહીં મત લીધોને. પહેલું કીધું હતું ને? 'दंसणमग्गं', ત્યાં પણ લીધું હતું ને? 'दंसणमग्गं'માં મત ને ધર્મ લીધો. આ ધર્મ છે અને મત છે, એમ જ લીધું હતું. આહાહા..! સમજાણું કાંઈ? **'ઐસા દર્શન...'** અભ્યંતર અને બાહ્ય. આવી જે ચીજ, એવું જે દર્શન મત એ મૂળસંઘનો છે. અનાદિ જૈનદર્શનનો મૂળસંઘ આ છે. **'ઐસા જિનદર્શન હૈ વહ મોક્ષમાર્ગકા મૂલ હૈ;...'** આ જૈનદર્શન છે એ મોક્ષમાર્ગનું મૂળિયું છે, મોક્ષમાર્ગ એ છે. સમજાણું કાંઈ? **'ઇસ મૂલસે મોક્ષમાર્ગકી સર્વ પ્રવૃત્તિ સફલ હોતી હૈ.'** આવો નિશ્ચય ભેદજ્ઞાનનો અનુભવ અને વિકલ્પ આદિ છે એની સ્થિતિ, ષટ્ દ્રવ્યની શ્રદ્ધા, નગ્નમુદ્રા આવી સ્થિતિ જ્યાં હોય ત્યાં એની બધી પ્રવૃત્તિ સફળ છે. વ્યવહાર વ્યવહાર તરીકે અને નિશ્ચય નિશ્ચય તરીકે. સમજાણું કાંઈ? હવે ભાઈ! 'અષ્ટપાહુડ' તો આઠ વર્ષ પહેલાં વંચાણું હતું. હવે પાંત્રીસ વર્ષ થયા, છત્રીસમું વર્ષ ચાલે છે. બધું સ્પષ્ટ તો થવું જોઈએ ને. સ્પષ્ટ થવું જોઈએ ને? સ્પષ્ટ આ છે. આઠ વર્ષ પહેલા આ વંચાઈ ગયું છે.

**'તથા જો ઇસસે ભ્રષ્ટ હુએ હૈં...'** આવા માર્ગથી જે કોઈ ખસી ગયા છે, ભ્રષ્ટ થયા છે **'વે ઇસ પંચમકાલકે દોષસે જૈનાભાસ હુએ હૈં...'** એ કાળનો દોષ છે. આહાહા..! આવો વીતરાગ માર્ગ એમાં આ કાળ એવો છે કે ભ્રષ્ટ થયા, એમ. (કહે છે.) મૂળ તો કાળ ભ્રષ્ટ થયા એ પોતાને કારણે. આવા કાળમાં આવું થયું એમ કહે છે. નહિતર વીતરાગ માર્ગ અનાદિનો ઇન્દ્રોએ સ્વીકાર્યો, ગણધરોએ પાળ્યો, તીર્થંકરોએ ગ્રહણ કર્યો, એણે પ્રરૂપ્યો એવો અનાદિ વીતરાગમાર્ગ, એમાંથી આ કાળ એવો હલકો એટલે એમાંથી જીવો ભ્રષ્ટ થયા. સમજાણું કાંઈ? **'જૈનાભાસ હુએ...'** દેખો! જૈન નહિ પણ જૈન જેવો દેખાવ. આ તો 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં ચોખ્ખું કહ્યું ઇ આ વાત છે. અન્યમતમાં નાખ્યા છે ઇ વાત છે. અહીં 'જયચંદ્રજી' પંડિતે ખુલાસો કર્યો. મૂળ પાઠમાં એ આવે છે. સમજાણું કાંઈ? શ્વેતાંબર, તપગચ્છ અને સ્થાનકવાસી એ બધા જૈનાભાસ છે. જૈન નથી. એ.. 'રતિભાઈ'! આ તમે બધા આખી જિંદગી એમાં (રહ્યા). એ શેઠીયા આમ છે. પુસ્તક છે? પુસ્તક નહિ હોય. પુસ્તક નથી? છે. વાંચવું એમાંથી. અગિયારમી ગાથા. સમજાણું કાંઈ?

સંપ્રદાયના આગ્રહવાળાને તો એવું લાગે કે આ તો અમને જૈનાભાસ કહે છે. જૈન નથી

કહેતા. આમ કહે છે, પણ શું થાય? વસ્તુ તો આવી છે, બાપા! અનાદિની વસ્તુની સ્થિતિ જ એવી છે. આ તો વસ્તુના સ્વરૂપની મર્યાદા (છે). મુનિપણાની મર્યાદા, જૈનશાસનની હદ, મોક્ષમાર્ગની અભ્યંતર અને બાહ્ય દશા, વિકલ્પ આદિ બાહ્ય અને નગ્નદશા બાહ્ય, એવું જ એનું અનાદિનું સ્વરૂપ છે. એ વાત... ભગવાન તીર્થંકરોએ, કેવળીઓએ કહ્યું છે, મહાવિદેહ ક્ષેત્રમાં ભગવાન પણ એ જ રીતે કહેતા આવે છે. આમાં પક્ષ-બક્ષ નહિ હોય? 'લક્ષ્મીચંદભાઈ'! આ બધા ઇ બેઠા છે. 'રામજીભાઈ'! ઇ સ્થાનકવાસી હતા. તમે દેરાવાસી હતા. 'રતિલાલ' સ્થાનકવાસી હતા, આ પણ સ્થાનકવાસી હતા, બધા 'ઝોબાળિયા'. 'છબીલભાઈ' સ્થાનકવાસી હતા. માર્ગ આ છે, કહે છે. આહાહા..! આ કોઈ વ્યક્તિ પ્રત્યેની વાત નથી, દ્વેષની વાત નથી, વસ્તુનું સ્વરૂપ આવું છે, ભાઈ! એવા સત્યનો સ્વીકાર નહિ કરતાં બીજો સ્વીકાર કરશે તો ભ્રમણામાં પડીને રખડશે. સત્ય હાથ આવશે નહિ.

પહેલા શ્વેતાંબરને લીધા. શ્વેત-અંબર. જેના ધોળા લુગડાં છે. પીળા તો પછી થયા પાછળથી આ લોકોના. એમાં પેટા ભેદે આ સ્થાનકવાસી ઢુંઢિયા નીકળ્યા. એ બધા જૈનાભાસ (છે), જૈન નથી. અજૈન છે. એ.. 'મગનભાઈ'! આ બધા એમાં જન્મેલા. શ્રદ્ધા ઇ છે ને. માર્ગ તો આ છે, ભાઈ! હવે તો ઘણા વખત પછી બહુ ઉઘાડું આવતા ચોખ્ખું આવે ને. કેમ, 'ચીમનભાઈ'? શું આ? 'વઢવાણ'માં તો રાડ નાખતાં. પહેલાવહેલા આવ્યા ને. (સંવત) ૧૯૯૯માં. કેટલાક ઇ બોલતા. તમારા 'ફાવલભાઈ'નો ડેલો. એમાંથી કેટલાક બોલતા, કેટલાને ભ્રષ્ટ કર્યા! એમ બોલતા. ૧૯૯૯માં પહેલા ગયેલા ને. કેટલાક કહેતા હતા. કોઈક કહેતું હતું. આપણને નામ (ન ખબર હોય). અવાજ આવ્યો હતો. લોકો આમ કહે છે, ગામમાં આવીને કેટલાયને ભ્રષ્ટ કર્યા. અરે.. ભગવાન! માર્ગ તો બાપા આ છે, ભાઈ! એને બેઠું હોય એ રીતે, બીજું શું થાય? જિંદગીમાં સાંભળ્યું ન હોય કે આ શું છે? 'જાદવજીભાઈ'! તમારા બૈરા ત્યાં ઢુંઢિયામાં અગ્રેસર હતા. શેઠિયા માણસ મોઢા આગળ હોય એટલે બૈરા પણ પછી મોઢા આગળ પડે. ઇ તો અહીં આવતા માંડ માંડ આવ્યા. .. નહિતર હું વઈ જઈશ. તમારું કહેતા હતા. ઈ બધું. શું કહેવાય? 'દિલીપ.. દિલીપ'. દાદી આમ કહેતા હતા. આવ્યા પછી તો એમ થઈ ગયું કે ઓય..! આ તો માર્ગ બીજો લાગે છે.

શ્વેતાંબર, એમાં મૂર્તિપૂજક અને ઢુંઢિયા બેય આવ્યા. શ્વેતાંબર નીકળેલા એણે તો વસ્ત્ર-પાત્ર આદિ ભેખ ફેરવ્યો અને આણે તો પાછી મૂર્તિને ઊડાવી. અનાદિની મૂર્તિ જૈનદર્શનમાં હતી. સમજાણું કાંઈ? .. છે કે નહિ? માર્ગ આ છે. એ.. 'નાગરભાઈ'!

મુમુક્ષુ :- એટલે તો સૌએ આ સ્વીકાર કર્યો છે.

ઉત્તર :- આ તો હવે સ્પષ્ટ થાય છે કે આમાંથી કંઈ ફેરફાર બીજો હોય ઇ જૈનમાર્ગ નથી. 'નાગરભાઈ'! બરાબર છે? આ 'ચીમનભાઈ' ઇ .. હતા. આહાહા..! એય! મારગડા જુદા! પ્રભુનો માર્ગ નિશ્ચય અને વ્યવહાર અને ભેખ, ત્રણેય જુદી જાત (છે), એમ કહે છે. નિશ્ચયમાં ત્રણ. દર્શન, જ્ઞાન અને ચારિત્રની પરિણતિ. વ્યવહારમાં અઠ્યાવીસ મૂળગુણ આદિના વિકલ્પો,

ભેખ દિગંબર મુદ્રા. આવો માર્ગ અનાદિનો વીતરાગનો હતો. અનાદિનો આ માર્ગ છે.

**'શ્વેતાંબર, દ્રાવિડ,...'** એમાં કોઈ પંથ હશે. **'યાપનીય,...'** પાપનીયસંઘ દિગંબરમાંથી નીકળેલો યાપનીય સંઘ છે. રહેતા નગ્ન, માનતા સ્ત્રીને મોક્ષ. શ્વેતાંબરના શાસ્ત્રને માનતા. યાપનીય સંઘ. પણ રહેતા પાછા નગ્ન. માને સ્ત્રીને મુક્તિ, ભગવાનને રોગ, એ બધું માને. શાસ્ત્ર શ્વેતાંબરના માને. એ બધા ભ્રષ્ટ થઈને નીકળેલા. **'ગોપુચ્છપિચ્છ,...'** કોઈ ગાયનું પૂંછડુ રાખતા હશે, મોરપીંછી છોડીને. **'નિપિચ્છ...'** પીંછા વિના કોઈ સાધુ નીકળે. ભગવાનના માર્ગમાં અનાદિનું મોરપીંછ હતું. સમજાણું કાંઈ? આ ઊનના શું કહેવાય? રજોણા ને વોચ્છા એ કાંઈ નહોતું. એ.. 'હેમાણી'! 'ગુલાબચંદભાઈ'! હવે તો બધા જૂના થઈ ગયા એટલે બહુ ભડકે નહિ. આહાહા..!

**'પાંચ સંઘ હુએ હૈં; ઉન્હોંને સૂત્ર સિદ્ધાંત અપભ્રંશ કિયે હૈં.'** ભગવાનના કહેલા અનાદિ સનાતન શાસ્ત્રોને અપભ્રંશ કર્યાં. સૂત્ર અને એના નિયમો. **'જિન્હોંને બાહ્ય વેશકો બદલકર આચરણકો જિન્હોંને બિગાડા હૈ...'** મૂળ તો અંદર બગાડ્યું અને ભેખ બગાડ્યો. **'વેશકો બદલકર આચરણકો જિન્હોને બિગાડા હૈ...'** આખો ભેખ પલટીને બધું આચરણ બગાડ્યું. આહાહા..! ઘણા ઇ બધા છે ને એક? 'અમરચંદ' સ્થાનકવાસીમાં છે. હવે બધાને ભેગું થવું છે. પણ ભેગું શી રીતે થાય આમાં? એક 'આગ્રા'માં છે, 'અમરચંદ' સ્થાનકવાસી. બહુ વાંચેલું, ઘણું વાંચીને ખીચડો કરે છે. બધાનો સમન્વય કરે છે. પણ આમાં સમન્વય કોની સાથે કરવો? ભાઈ! માર્ગ આવો છે, બાપુ! કેવળી તીર્થંકરોએ પરમેશ્વરોએ આ આદર્યો હતો એ માર્ગ એ રીતે ભગવાને કહ્યો. સમજાણું કાંઈ?

**'વે જિનમતકે મૂલસંઘસે ભ્રષ્ટ હૈં,...'** આ બધાઓ જિનમતનો મૂળસંઘ જે અનાદિનો હતો એનાથી જુદા પડીને ભ્રષ્ટ થયેલા. એ જૈનમાર્ગ છે નહિ. સમજાણું કાંઈ? ભારે કામ ભાઈ આકરું. આવું ઉઘાડું! આ તો આચાર્યએ ઉઘાડું કરીને મૂક્યું છે. 'કુંદકુંદાચાર્યે' વસ્તુની સ્થિતિ જગત પાસે જાહેર કરી છે. એ.. 'દામોદરભાઈ'! ઇ પહેલા પાકા છે. આવો માર્ગ છે આ. અનાદિકાળનો આ માર્ગ છે, કાંઈ નવો નથી. નવા તો આ બધા નીકળેલા છે. ભ્રષ્ટ થઈને નીકળેલા માર્ગ છે. આહાહા..!

**'જિનમતકે મૂલસંઘસે ભ્રષ્ટ હૈં, ઉનકો મોક્ષમાર્ગકી પ્રાપ્તિ નહીં હૈ.'** એને સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર થાય જ નહિ, એમ કહે છે. પંડિતજી! ભ્રષ્ટ થયેલા. એમાં જન્મ્યા હોય અને સાધુ થાય, તો કહે છે એને સમ્યગ્દર્શન, જ્ઞાન થાય નહિ. એને મોક્ષમાર્ગ થાય જ નહિ. 'છબીલભાઈ'! તમે પણ આમાં આવ્યા બરાબર. સવારે 'સમયસાર'માં વખત મળે નહિ. 'નરસિંહભાઈ' હતા. આપણા 'નરસિંહભાઈ', નહિ? કોઠારી. શું થાય? ભાઈ! સત્ય વાત તો જે છે ઇ છે. કોઈ વ્યક્તિ પ્રત્યેના અનાદર માટે છે એમેય નથી, એમ એના પ્રત્યે દ્વેષ છે એમેય નથી. વસ્તુની સ્થિતિ જ આવી છે ત્યાં શું થાય? બીજી રીતે એનો શી રીતે માર્ગ કાઢવો? 'દેવીચંદજી'! અહીં તો વૈષ્ણવ ને જૈનને .. જુદા પાડ્યા. મૂળમાં ફેર (છે.) અર..ર..! ગજબ વાત! આવો કોણ જાણે

કાળ જ એવો છે. કોઈ દેવ પણ આવતો નથી. કારણ કે સૌના ભાવ એવા પાપના પોષવાના વધે છે ને. દેવ પણ ક્યાંથી આવે? આહા..!

આવો ભગવાનનો માર્ગ, કહે છે, એની શ્રદ્ધા-સમ્યગ્દર્શન તો પ્રગટ કર. માર્ગ તો આવો છે. વ્યવહારમાં દિગંબર મુદ્રા, પંચમહાવ્રતના પરિણામ, અઠ્યાવીસ મૂળગુણ ... આદિ. અને નિશ્ચયમાં ત્રણ રત્નત્રયનું પરિણમન. એવા માર્ગની, વિકલ્પથી ભિન્ન પાડીને સ્વભાવનો અનુભવ, શ્રદ્ધા કર તો એને સમ્યગ્દર્શન થાય, નહિતર સમ્યગ્દર્શન થાય નહિ. સમજાણું કાંઈ?

**'મોક્ષમાર્ગકી પ્રાપ્તિ મૂલસંઘકે શ્રદ્ધાન-જ્ઞાન-આચરણ હી સે હૈ...'** મોક્ષમાર્ગ. સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર. એની પ્રાપ્તિ તો મૂળસંઘમાં અનાદિનો માર્ગ છે એનું શ્રદ્ધાન. મૂળસંઘનું શ્રદ્ધાન, મૂળસંઘનું જ્ઞાન અને એના આચરણથી છે. **'ઐસા નિયમ જાનના.'** એ નિયમ છે. કાયદો છે. 'રામજીભાઈ' કહ્યું હતું ને? નિયમમાં. નિયમ બાવ્યો હતો ને. 'સમયસાર'. આવો કાયદો અનાદિનો છે, આવો નિયમ કોઈએ કરેલો છે એમ છે નહિ, વસ્તુનું સ્વરૂપ જ આવું છે. આહાહા..!

---

**आगे कहते हैं कि जो यथार्थ दर्शनसे भ्रष्ट हैं और दर्शनके धारकोंसे अपनी विनय कराना चाहते हैं वे दुर्गति प्राप्त करते हैं :-**

## ગાથા-૧૨

**[१]जे दंसणेसु भट्ठा पाए पाडंति दंसणधराणं।**
**ते होंति लल्लमूआ बोही पुण दुल्लहा तेसिं।।१२।।**

ये दर्शनेषु भ्रष्टाः पादयोः पातयंति दर्शनधरान्।
ते भयंति लल्लमूकाः बोधिः पुनः दुर्लभा तेषाम्।।१२।।

**દગ્ભ્રષ્ટ જે નિજ પાયપાડે દષ્ટિના ધરનારને,**
**તે થાય મૂંગા, ખંડભાષી, બોધિ દુર્લભ તેમને. ૧૨.**

**अर्थ :- जो पुरुष दर्शनमें भ्रष्ट हैं तथा अन्य जो दर्शनके धारक हैं उन्हें अपने पैरों पड़ाते हैं, नमस्कारादि कराते है वे परभवमें लूले, मूक होते हैं, और उनके बोधि अर्थात् सम्यग्दर्शन-ज्ञान-चारित्रकी प्राप्ति दुर्लभ होती है।**

---

१. मुद्रित संस्कृत सटीक प्रतिमें गाथाका पूर्वार्द्ध इसप्रकार है जिसका यह अर्थ है कि-'जो दर्शनभ्रष्ट पुरुष दर्शनधारियोंके चरणोंमें नहीं गिरते हैं।'
'जे दंसणेसु भट्ठा पाए न पंडति दंसणधराण'
उत्तरार्ध समान है।

**भावार्थ :– जो दर्शनभ्रष्ट हैं वे मिथ्यादृष्टि हैं और दर्शनके धारक हैं वे सम्यग्दृष्टि हैं; जो मिथ्यादृष्टि होकर सम्यग्दृष्टियोंसे नमस्कार चाहते हैं वे तीव्र मिथ्यात्वके उदय सहित हैं, वे परभवमें लूले, मूक होते हैं अर्थात् एकेन्द्रिय होते हैं, उनके पैर नहीं होते, वे परमार्थतः लूले मूक हैं; इस प्रकार एकेन्द्रिय – स्थावर होकर निगोदमें वास करते हैं वहाँ अनन्तकाल रहते हैं; उनके दर्शन–ज्ञान–चारित्रकी प्राप्ति दुर्लभ होती है; मिथ्यात्वका फल निगोद ही कहा है। इस पंचम कालमें मिथ्यामतके आचार्य बनकर लोगोंसे विनयादिक पूजा चाहते हैं उनके लिये मालूम होता है कि त्रसराशिका काल पूरा हुआ, अब एकेन्द्रिय होकर निगोदमें वास करेंगे–इस प्रकार जाना जाता है।**

## ગાથા-૧૨ ઉપર પ્રવચન

'**આગે કહતે હૈં કિ...**' હવે કહે છે કે '**જો યથાર્થ દર્શનસે ભ્રષ્ટ હૈ ઔર દર્શનકે ધારકોંસે અપની વિનય કરાના ચાહતે હૈં વે દુર્ગતિ પ્રાપ્ત કરતે હૈં :**'

**जे दंसणेसु भट्ठा पाए पाडंति दंसणधराणं।**
**ते होंति लल्लमूआ बोही पुण दुल्लहा तेसिं।।१२।।**

નીચે ટીકાની ગાથામાં એક અડધું પદ ફેર છે. '**જો દર્શનભ્રષ્ટ પુરુષ દર્શનધારિયોંકે ચરણોંમેં નહીં ગિરતે હૈં :-**' અસ્તિથી લીધું છે. દર્શનભ્રષ્ટ પુરુષ જે છે એ '**દર્શનધારિયોંકે ચરણોંમેં નહીં ગિરતે હૈં.**' એ અજ્ઞાની છે, એમ કહે છે. સમ્યગ્દષ્ટિ પુરુષો ધર્માત્મા છે એને સમ્યગ્દર્શનથી ભ્રષ્ટ પુરુષો પગે લાગતા નથી. એ એકેન્દ્રિય નિગોદમાં જવાના છે, કહે છે. એ.. 'સુજાનમલજી'! આ 'સાદડી'માં કહે તો રાડ નાખે ન્યાં.

**અર્થ :- 'જો પુરુષ દર્શનસે ભ્રષ્ટ હૈં તથા અન્ય જો દર્શનકે ધારક હૈં ઉન્હેં અપને પૈરોં પડાતે હૈં, નમસ્કારાદિ કરાતે હૈં વે પરભવમેં લૂલે, મૂક હોતે હૈં,...'** લૂલા નામ પગ નહિ અને મુંગા નામ જીભ નહિ. એટલે એકેન્દ્રિય થાય. એમ. મૂળ તો નિગોદનો અર્થ છે. એનું ફળ નિગોદ જ છે. સમજાણું? લૂલા અને મૂંગા. આહાહા..!

એક જણ કહેતો હતો, આહા..! જિન વાણીથી જ્ઞાન ન થાય? જિનવાણી એ પરવસ્તુ? આહા..! એને જીભ નહિ મળે. વાત તો સાચી. વાસ્તવિક વીતરાગતા પ્રાપ્ત થાય એને જીભ શું શરીર મળે નહિ, પછી જીભ ક્યાંથી મળે? જિનવાણી એ પરવસ્તુ છે. સ્વનો આશ્રય કરીને સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર થાય ત્યારે આવા નિમિત્તો હોય છે. જિનવાણી, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો વિકલ્પ આદિ હોય છે. સમજાણું કાંઈ?

'**દર્શનકે ધારક હૈં ઉન્હેં અપને પૈરોં પડાતે હૈં,...**' ભાવ એવા કરે, હોં! પેલા કાંઈ પડે નહિ. '**વે પરભવમેં લૂલે, મૂક હોતે હૈં, ઔર ઉનકે બોધિ અર્થાત્ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રકી પ્રાપ્તિ દુર્લભ**

**હોતી હૈ.'** જેને સમ્યગ્દર્શન થયું છે એ જીવો પાસે, (જે) સમ્યગ્દર્શનથી ભ્રષ્ટ છે એની પાસે બહુમાન કરાવવા માગે છે. કેમ બહુમાન કરતા નથી? અમે દીક્ષામાં મોટા છીએ તારાથી. પચાસ વર્ષની દીક્ષા છે, અમારી સાંઈઠ વર્ષની દીક્ષા છે. કહે છે કે એવા અજ્ઞાની જીવો લૂલા, મૂંગા થશે. પગ નહિ મળે અને જીભ નહિ મળે. **'ઉનકે બોધિ અર્થાત્ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રકી પ્રાપ્તિ દુર્લભ હોતી હૈ.'** આવો પંચમકાળમાં આવા ઉત્તમ તત્ત્વનું શ્રવણ, એવો જોગ મળ્યો છતાં કહે છે કે આમ જે કરે.. સમજાણું? એને બોધિ પામવી દુર્લભ થશે.

**ભાવાર્થ :- 'જો દર્શનભ્રષ્ટ હૈં વે મિથ્યાદૃષ્ટિ હૈં...'** મૂળસંઘની માન્યતાથી વિરૂદ્ધ થઈ ગયા તે મિથ્યાદૃષ્ટિ છે, એમ કહે છે. સમજાણું કાંઈ? ચાહે તો શ્વેતાંબરના સંઘને માને, શ્વેતાંબરના સૂત્રને માને, સ્થાનકવાસીના સાધુ આરજાને માને, સ્થાનકવાસી સૂત્રને માને, એ બધા મૂળસંઘથી ભ્રષ્ટ થયેલાઓ મિથ્યાદૃષ્ટિ છે. એ.. 'છબીલભાઈ'! ઘરે બાયડીને આ બધું બેસવું કઠણ પડે. કોઈ દિ' સાંભળ્યું ન હોય બિચારાએ, વાડામાં જન્મ્યા હોય. આહાહા..! બે હજાર વર્ષ પહેલા પંથ નીકળ્યો. એની ખબર પણ ન હોય. એમાંથી આ સ્થાનકવાસી પાંચસો વર્ષ પહેલા નીકળ્યા. એમાંથી આ તેરાપંથી નીકળ્યા. બધા મૂળસંઘથી ભ્રષ્ટ મિથ્યાદૃષ્ટિઓ છે. સમજાણું કાંઈ? 'જાદવજીભાઈ'! પુસ્તક નથી તમારે? પુસ્તક નથી? 'અષ્ટપાહુડ' છે કે નહિ? એક્કેય નથી? 'અષ્ટપાહુડ' પુસ્તક જ નથી ઘરે? .. બૈરાં પાસે નથી? નહિ હોય. મળતા નથી. હવે મળતા નથી, ખલાસ થઈ ગયા. હવે સેઠી કાંઈક છપાવવાનો ભાવ કરે છે.

જે કોઈ દર્શનભ્રષ્ટ છે એટલે મૂળસંઘના સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર અને મૂળસંઘના અઠ્યાવીસ મૂળગુણના વિકલ્પ અને મૂળસંઘની દિગંબર નગ્ન દશા, એને ન માનતા બીજા માનનારા થયા એ બધા મિથ્યાદૃષ્ટિ છે. પહેલા આવું નીકળ્યું હોય તો તો માળા ભાગે. પણ હવે તો ઘણા વર્ષ થયા. હવે ન ભાગે. માર્ગ તો આ છે, ભાઈ! આહાહા..!

**'ઔર દર્શનકે ધારક હૈં વે સમ્યગ્દૃષ્ટિ હૈં;....'** એવા દર્શનને જે અંતરથી માને છે, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એવો વીતરાગી પર્યાય તે મોક્ષમાર્ગ છે, અઠ્યાવીસ મૂળગુણના વિકલ્પ તે વ્યવહાર છે. નગ્ન દિગંબર તે નિમિત્તપણે અજીવની દશા છે. એ અજીવને, આસ્રવને, સંવર-નિર્જરાને અને જીવને (માને છે). આ રીતે જીવનું સ્વરૂપ છે. સમજાણું કાંઈ? જીવદ્રવ્યને જીવદ્રવ્ય તરીકે. મોક્ષમાર્ગની પર્યાય સંવર, નિર્જરા તરીકે અને વિકલ્પ એને એ જાતનો હોય એવો જે અઠ્યાવીસ મૂળગુણનો (વિકલ્પ) તે આસ્રવતત્ત્વ તરીકે (માને), અજીવનો સંયોગ નગ્નદશા હોય, બીજી (દશા) એને હોઈ શકે નહિ. અજીવ, આસ્રવ, સંવર, નિર્જરા અને આત્મા બધું આવી ગયું એની અંદર. આહાહા..! એમાં એકમાં (પણ) કાંઈ ફેર પાડે તો નવે તત્ત્વની વિરૂદ્ધ શ્રદ્ધા છે. બરાબર છે?

**'દર્શનકે ધારક હૈં વે સમ્યગ્દૃષ્ટિ હૈં;...'** સ્વરૂપ, એવા અઠ્યાવીસ મૂળગુણના વિકલ્પ અને નગ્નદશા. એનાથી ભિન્ન પાડીને સ્વરૂપની દૃષ્ટિ (થવી) તે સમ્યગ્દર્શન (છે). પણ શ્રદ્ધામાં પહેલાં એ બધું લીધેલું કે આવો મોક્ષનો માર્ગ ત્રણ રત્નવાળો અને અઠ્યાવીસ મૂળગુણના વિકલ્પ અને

નગ્નમુદ્રા (હોય), એવી શ્રદ્ધા કરીને સ્વભાવનું ભેદજ્ઞાન કર્યું એવા જીવો દર્શનના ધારક છે, સમ્યગ્દૃષ્ટિ છે.

**'જો મિથ્યાદૃષ્ટિ હોકર સમ્યગ્દૃષ્ટિયોંસે નમસ્કાર ચાહતે હૈં...'** કેમ અમને નમતા નથી? કેમ અમારો આદર કરતા નથી? કહો. સમજાણું કાંઈ? કેમ અમને આહાર-પાણી આપતા નથી? હજી વાંધા ઉઠે છે ને? અહીં તો કેટલાક કહે છે, કેમ અમારો આદર કરતા નથી? શેનો તને આદર કરે, સાંભળને!

મુમુક્ષુ :- આદર કરાવવા..

ઉત્તર :- ઇ વળી જુદી વાત છે. પણ એમ કે મોટપ છે શાસ્ત્રમાં મોટા હોય, જે જાણપણામાં હોય, ચારિત્રની પચાસ વર્ષ પહેલા લીધેલી હોય અને આજકાલના હોય એ એને નમે નહિ?

મુમુક્ષુ :-

ઉત્તર :- બધું ખોટેખોટું હંબગ છે. એવું છે, ભાઈ! શું થાય? એ.. 'શાંતિભાઈ'! જુઓ! આવું નીકળ્યું આમાં.

મુમુક્ષુ :- બરાબર છે.

ઉત્તર :- બરાબર છે?

મુમુક્ષુ :- આ તો થોડું દઢ થઈ ગયેલું છે ને.

ઉત્તર :- હા, ઇ કહે છે. .. અને જાત્રા-બાત્રા થઈ ગયું ... પછી પુણ્ય થાય. બાપુ! માર્ગ તો પહેલેથી આ છે, ઠેઠથી. સમજાણું કાંઈ? એકલું પુણ્ય એટલેથી નહિ, પુણ્યથી પૃથક્ પડીને પોતાની શ્રદ્ધા, અનુભવ કરે એનું નામ સમ્યગ્દર્શન છે. સમજાણું કાંઈ? એ સમ્યગ્દર્શનમાં આવો માર્ગ વીતરાગનો હોય એ એની પ્રતીતમાં આવી જાય છે. અનાદિ સનાતન માર્ગ છે. આહાહા..! સમજાણું કાંઈ? 'જયંતિભાઈ'! હજી એને મંદિર કરાવવું છે ને. 'ગઢડા'વાળા પાછળ રહી ગયા. આહાહા..! એકલા શું કરે? પૈસા પાછા જોઈએ ને. કહો, સમજાણું?

**'જો મિથ્યાદૃષ્ટિ હોકર સમ્યગ્દૃષ્ટિયોંસે નમસ્કાર ચાહતે હૈં વે તીવ્ર મિથ્યાત્વકે ઉદય સહિત હૈં, વે પરભવમેં લૂલે, મૂક હોતે હૈં અર્થાત્ એકેન્દ્રિય હોતે હૈં, ઉનકે પૈર નહીં હોતે, વે પરમાર્થતઃ લૂલે મૂક હૈં;...'** દેખો! ખુલાસો જ કર્યો છે. આહાહા..! વીતરાગ પરમેશ્વરનો અનાદિ માર્ગ, એનાથી ભ્રષ્ટ થયેલાઓ સમ્યગ્દૃષ્ટિ પાસે બહુમાન કરાવે, કરાવવાનો ભાવ રાખે. સમજાણું કાંઈ? એ એકેન્દ્રિય થવાના છે.

**'ઇસપ્રકાર એકેન્દ્રિય-સ્થાવર હોકર નિગોદમેં વાસ કરતે હૈં...'** ઇ એકેન્દ્રિય થવાના. એકેન્દ્રિય, સ્થાવર થઈ નિગોદમાં ટકી રહેશે. અવતાર... આહાહા..! તત્ત્વના અનારાધક અથવા વિરાધક એ નિગોદ અને તત્ત્વના આરાધક એ સિદ્ધ. આ મૂળ સ્થિતિ છે, વચલી સ્થિતિ તો પછી ગતિ છે. સમજાણું કાંઈ? **'વહાં અનન્તકાલ રહતે હૈં;...'** આહાહા..! એકેન્દ્રિય અને નિગોદ બે થઈને અનંતકાળ. નિગોદનો અર્ધ પુદ્ગલ છે. સૂક્ષ્મ અને બાદર નિગોદ છે ને? સૂક્ષ્મનિગોદ અને બાદરનિગોદ, બેમાં થઈને અર્ધ પુદ્ગલ (પરાવર્તન). સમજાણું? અને પૃથ્વી, પાણી, અગ્નિ આદિ

એકેન્દ્રિય અને સૂક્ષ્મ ને બાદરનિગોદ એ બધા થઈને અસંખ્ય પુદ્ગલ પરાવર્તન થાય. આહા...હા...! આનું તો સમુચ્ચય રાખ્યું હશે ને? અર્ધ પુદ્ગલ પણ અનંતકાળ કહેવાય.

**'ઉનકે દર્શન-જ્ઞાન-ચારિત્રકી પ્રાપ્તિ દુર્લભ હોતી હૈ;....'** એવા જીવોને સમ્યગ્દર્શન પામવાનો જોગ અનંતે કાળે દુર્લભ થશે. માણસપણું ન પામે ત્યારે એને શ્રવણ મળવું તો ક્યારે મળે? મહાદુર્લભ છે. આખો ફેરફાર થઈ ગયો. ખબર નથી, ખબર નથી. આહાહા..! માર્ગ આવો છે. આ તો અનાદિનો તીર્થંકરનો ભરતમાં, ઐરાવતમાં અને મહાવિદેહમાં આવો જ માર્ગ છે, બીજો હોઈ શકે જ નહિ.

મુમુક્ષુ :- દિગંબર નામ ધારક...

ઉત્તર :- નથી, સાચી વાત છે. શું થાય પણ હવે? આવી વાત કરે ત્યાં (એમ કહે), આવી બહારની ક્રિયા જોઈએ, બહારની ક્રિયા ફલાણી, ઢીંકણી ક્રિયા (જોઈએ). સાંભળને હવે બહારની ક્રિયા. આહાહા..! બહારના ત્યાગ ને વ્રત ને ક્રિયાની આડે કર્તાબુદ્ધિમાં ગુંચાઈ ગયા અને માને કે અમે કંઈક અધિક થઈ ગયા. દિગંબરમાં એમ થઈ ગયું. આહાહા..!

**'મિથ્યાત્વકા ફ્લ નિગોદ હી કહા હૈ.'** જાહેર થાઓ કે મિથ્યાત્વ જ સંસાર છે, એમ નથી આવતું આપણે? ભાઈ! 'સમયસાર નાટક'માં ભાવાર્થમાં. મિથ્યાત્વ એ જ સંસાર છે. વિપરીત માન્યતા-વીતરાગમાર્ગની શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્ર વિકલ્પ અને ભેખ એવો માર્ગથી વિપરીતતા એવો જે મિથ્યાત્વભાવ, એ સંસાર છે. બાયડી, છોકરા છોડ્યા ને નગ્ન થયા ને લુગડા છોડીને સાધુ થયા, તો કહે છે, બધા મિથ્યાત્વ થયા. આવી બધી વાતું. આહા..! મિથ્યાત્વની પુષ્ટિ કરનારા નીકળ્યા. શાસનના વેરી. ભણ્યા છે. બી.એ., બી.એ. ભણ્યા હોય કે ઈકોનોમીનું ભણ્યા હોય. રખડવાનું. આ માર્ગની અંતર શ્રદ્ધા જેને નથી બધાય લિંગમાં સાધુ, સાધ્વીપણું માને છે, પંચમહાવ્રતના વિકલ્પના પણ ઠેકાણા એના કહેલા શાસ્ત્રમાં કહ્યા એવા પણ છે નહિ. અહીં તો ભગવાને કહેલા, એવી સમ્યગ્દર્શન, જ્ઞાનની પરિણતિ અને એના પંચમહાવ્રત આદિના વિકલ્પ, વ્યવહાર બંધના કારણરૂપે અને મુદ્રા, એ સિવાય બધો માર્ગ જૈનથી ભ્રષ્ટ છે. સેઠી! તમે તો દિગંબરમાં જન્મ્યા હતા. બાહ્ય. બોલે નહિ ઝટ ઇ. એણે પણ જવાબ આપ્યો, જન્મ્યા તો શું થયું?

**'મિથ્યાત્વકા ફ્લ નિગોદ હી કહા હૈ.'** સમજાણું કાંઈ? આમાં છે, હોં! 'સમયસાર નાટક'માં. મોક્ષ અધિકાર. નવમા અધિકારનો સાર લખ્યો છે ને? **'પ્રસિદ્ધ છે કે મિથ્યાત્વ જ આસ્રવ બંધ છે...'** પ્રગટ છે કે મિથ્યાત્વ જ આસ્રવ બંધ છે **'મિથ્યાત્વનો અભાવ અર્થાત્ સમ્યક્ત્વ તે સંવર, નિર્જરા તથા મોક્ષ છે...'** સમજાણું કાંઈ? મોક્ષ અધિકાર પૂરો કર્યો ને. ફરીને...

**'ઇસ પંચમ કાલમેં મિથ્યાત્વકે આચાર્ય બનકર...'** આવા પંચમકાળમાં એવી મિથ્યાશ્રદ્ધાના અગ્રેસરો બની **'લોગોંસે વિનયાદિક પૂજા ચાહતે હૈં...'** લોકમાં આચાર્ય, ઉપાધ્યાય ને સાધુ (તરીકેનો) વિનય આદિ એની પાસે ચાહે છે. **'ઉનકે લિયે માલૂમ હોતા હૈ ત્રસરાશિકા કાલ પૂરા હુઆ,...'** આહાહા..! એ.. 'મગનભાઈ'! કોઈ ગોટા અહીં ન ચાલે. અહીં કહે છે. ત્રસની સ્થિતિ બે હજાર સાગરની છે. આવા મિથ્યા મત અને એના વળી આચાર્ય થયા, એમ કહે છે, અગ્રેસર. સાધુ,

આચાર્ય, ઉપાધ્યાય એના મોટા સેઠિયા (થયા). શું કહેવાય? સંઘના નાયક. ગૃહસ્થો પણ, હોં! સંઘના મુખ્ય શેઠિયા હોય ને?

**'ઇસ પંચમ કાલમેં મિથ્યાત્વકે આચાર્ય બનકર લોગોંસે વિનયાદિક...'** બહુમાન સંઘપતિ વગેરે માગે છે. **'પૂજા ચાહતે હૈં ઉનકે લિયે માલૂમ હોતા હૈ કિ ત્રસરાશિકા કાલ પૂરા હુઆ,...'** આહાહા..! ત્રસની સ્થિતિ બે હજાર (સાગર)ની પૂરી થઈ ગઈ લાગે છે. મરીને એકેન્દ્રિય નિગોદમાં જાશે. આહાહા..! માથું તોડી નાખે... '..ભાઈ'! અહીં લોકમાં મોટા ત્યાગી, સાધુ ને ઉપાધ્યાય ને પંડિત ને શું કહેવાય? વિદ્યા વાચસ્પતિ, ગણાધિપતિ એવા નામ ધરાવીને પૂજા ચાહે છે (એની) ત્રસની સ્થિતિ પૂરી થઈ. **'અબ એકેન્દ્રિય હોકર નિગોદમેં વાસ કરેંગે...'** ત્રસની સ્થિતિ પૂરી થઈ લાગે છે. એ એકેન્દ્રિયમાં જઈ ત્યાં નિરાંતે વાસ કરશે. **'ઇસ પ્રકાર જાના જાતા હૈ.'** આવું જાણવામાં આવે છે. આહાહા..! ખોટી શ્રદ્ધાના નાયકો, અગ્રેસરો, શેઠિયાઓ, શેઠાણીઓ. શેઠાણી ઇ છે ને? મોઢા આગળ... પોષા, સામાયિક, એમાં આમ હોય, એનું આમ હોય. ખોટા મતના અગ્રેસરો બાઈયું થાય. કહે છે, એની ત્રસ સ્થિતિ પૂરી થવા આવી છે.

એક ફેરી કહ્યું હતું ને? 'મોહનલાલજી' હતા ને? 'મોહનલાલજી'. 'વઢવાણ'ના. નહિ? 'મોહનલાલજી મણિલાલજી'. એક પેલા હતા ને? તે દિ' નહોતા ... 'વઢવાણ'ના. 'મલૂપચંદ'. પગે ન લાગે, તો કોણ છે? એમ કહેતા. ચરમશરીરી લાગે છે, એમ બોલે. એટલે કે તમારે છેલ્લું શરીર લાગે છે. એમ કહે. અમને પગે નથી લાગતા? આહાહા..! તારે ... એ તો લે. એમ એક ફેરી બોલ્યા હતા. આ 'સુંદરવોરા'ના અપાસરે. 'સુંદરવોરા'નો અપાસરો છે ને? ત્યાં 'મોહનલાલજી' હતા. હું આવીને પગે ન લાગ્યો. એ બધા 'ગુલાબચંદજી'ના ભગત હતા. 'મલૂપચંદ' ને ઇ નહિ? 'મલૂપચંદ'નો સાળો. નહિ? 'બૂટમાતા'નો ભુવો. માણસ બે-બે હજાર આવતા. (સંવત) ૧૯૮૨. અમારું ચોમાસુ હતું. બધા આવે. ઘણા આપણા જૈન પણ આવતા, હોં! સ્થાનકવાસી. મહારાજ, આ કેમ? કીધું, આ ગપ્પા છે. ગપેગપ છે. સાચું જરીયે હોય તો પણ આ માન્યતા એ તો વ્યંતરી, કોઈ ભૂતડી ... ઇ મારા ન માને. 'બૂટદેવી.. બૂટદેવી'નું હતું ને? ૧૯૮૨માં બહુ માને. 'લાઠી' પહેલું ગામ આવે. લાલપર.. લાલપર ને? કરોડપતિ આવે છે. તે દિ' આવતા. દર્શન કરવા આવે. કોના માટે આવ્યા છે? 'બૂટમાતા'. અરે..! પણ આ? સામાયિક કરવાવાળા જૈનને આ બૂટમાતા કેવી? આહાહા..! ભ્રમણા.

અહીં તો તીર્થંકર એ બૂટમાતાને માને નહિ. પણ તીર્થંકરે કહેલા આવા માર્ગથી ભ્રષ્ટ થયેલાઓ, એ બધા ત્રસની સ્થિતિ પૂરી થયેલા અગ્રેસરની વાત છે, હોં! સાધારણ મનુષ્ય નિગોદ આદિમાં જાય. સમજાણું કાંઈ? હવે આમાં સમન્વય કે દિ' કરવો? આહાહા..! મલમલનો એક-બે હાથનો એક લાંબો, પહોળો કટકો અને એક સાંધેલો કોથળો, બેને સાંધે અને પછી ઓઢે તો મૂરખો કહે. બે શું કરવા? રાખે. ... ઉનાળામાં પાતળું ઓઢે ને જાડું હેઠે રાખે, શિયાળામાં જાડું ઉપર ઓઢીને પાતળું હેઠે રાખે. બે રાખવી મટે. ... પાતળું અને જાડું. નીચે રાખે. બે પાટ રાખે. આ તો એકલો મલમલનો, એકલો શરબતનો કટકો પાંચ હાથનો લાંબો અને એની સાથે હેઠે કોથળો. કોથળાનો

કટકો સાંધેલો. કોથળો સમજો છો? બારદાન. સૂતળી... સૂતળીનું. મૂરખ કહે. એમ વીતરાગ માર્ગ આવો છે એની સાથે વિપરીત માર્ગ છે, એનો બેનો મેળ કરે તો એનાથી પણ મહા ઊંધું છે. આહાહા..!

आगे कहते हैं कि जो दर्शनभ्रष्ट हैं उनके लज्जादिकसे भी पैरों पड़ते हैं वे भी उन्हीं जैसे ही हैं :–

## ગાથા-૧૩

जे वि पंडित य तेसिं जाणंता लज्जागारवभयेण।
तेसिं पि णत्थि बोहि पावं अणुमोयमाणाणं।।१३।।

येऽपि पतन्ति च तेषां जानंतः लज्जागारवभयेन।
तेषामपि नास्ति बोधिः पापं अनुमन्यमानानाम्।।१३।।

વળી જાણીને પણ તેમને ગારવ-શરમ-ભયથી નમે,
તેનેય બોધિ-અભાવ છે પાપનુમોદન હોઈને. ૧૩.

अर्थ :– जो पुरुष दर्शन सहित हैं वे भी, जो दर्शन भ्रष्ट हैं उन्हें मिथ्यादृष्टि जानते हुए भी उनके पैरों पड़ते हैं, उनकी लज्जा, भय, गारवसे विनयादि करते हैं उनके भी बोधि अर्थात् दर्शन–ज्ञान–चारित्रकी प्राप्ति नहीं है, क्योंकि वे भी मिथ्यात्व जो कि पाप है उसका अनुमोदन करते हैं। करना, कराना, अनुमोदन करना समान कहे हैं। यहाँ लज्जा तो इस प्रकार है कि – हम किसीकी विनय नहीं करेंगे तो लोग कहेंगे यह उद्धत है, मानी हैं, इसलये हमें तो सर्वका साधन करना है। इसप्रकार लज्जासे दर्शनभ्रष्टके भी विनयादिक करते हैं। तथा भय इसप्रकार है कि – यह राज्यमान्य है और मंत्रविद्यादिककी सामर्थ्ययुक्त है, इसकी विनय नहीं करेंगे तो कुछ हमारे ऊपर उपद्रव करेगा; इसप्रकार भयसे विनय करते हैं। तथा गारव तीन प्रकार कहा है; – रसगारव, ऋद्धिगारव, सातगारव। वहाँ रसगारव तो ऐसा है कि – मिष्ट, इष्ट, पुष्ट, भोजनादि मिलता रहे तब उससे प्रमादी रहता है; तथा ऋद्धिगारव ऐसा है कि कुछ तपके प्रभाव आदि से ऋद्धिकी प्राप्ति हो उसका गौरव आ जाता है, उससे उद्धत, प्रमादी रहता है। तथा सातगारव ऐसा कि शरीर निरोग हो, कुछ क्लेशका कारण न आये तब सुखीपना आ जाता है, उससे मग्न रहते हैं – इत्यादिक गारवभावकी मस्तीसे भले–बुरेका कुछ विचार नहीं करता तब दर्शनभ्रष्टकी भी विनय करने लग जाता है। इत्यादि निमित्तसे दर्शनभ्रष्टकी विनय करे तो उसमें मिथ्यात्वका अनुमोदन आता है; उसे भला जाने तो आप भी उसी समान हुआ, तब उसके बोधि कैसे कही जाये? ऐसा जानना।।१३।।

## ગાથા-૧૩ ઉપર પ્રવચન

**'આગે કહતે હૈં કિ જો દર્શનભ્રષ્ટ હૈં ઉનકે લજ્જાદિકસે ભી પૈરોં પડતે હૈં વે ભી ઉન્હીં જૈસે હી હૈં :-'** જે કોઈ જૈનસંઘથી આ બધા ભ્રષ્ટ થયા છે સ્થાનકવાસી, દેરાવાસી, શ્વેતાંબર લોકો, એને કોઈ લજ્જાથી પગે લાગે. શું કરીએ? કુટુંબ આખું માને છે. કેટલા ગામના નગરશેઠ એને માને છે. એના અમે કુટુંબના છીએ. એ માને તો અમારે લાજથી પણ માનવું પડે. લજ્જાદિકથી પગે લાગે. ભય આવશે, હોં! **'વે ભી ઉનકે જૈસે હી હૈં :-'** કરે, કરાવે અને અનુમોદે ત્રણેય સરખા છે. આવશે આમાં. 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં આવે છે ને? આમાં આવશે. સમજાણું કાંઈ? નીચે છે, જુઓ! **'ઉસમેં મિથ્યાત્વકા અનુમોદન આતા હૈ, ઉસે ભલા જાને તો આપ ભી ઉસી સમાન હુઆ,...'** આહાહા..! વીતરાગ સર્વજ્ઞ પરમાત્માએ કહેલો માર્ગ, એનાથી વિરૂદ્ધ શ્રદ્ધાવાળાનો વિનય કરવો, કહે છે કે, લજ્જાથી, આવા અનુકૂળ હશે તો આપણને ખાવા-પીવાના મળશે. ચાલો, માનો. 'લાડવાને! જીસકે તલમેં લડ્ડુ ઉસકે તલમેં હમ.' એમ કંઈક બોલે છે ને? ... બોલતા. જીસકે તલમેં લડ્ડુ એમ. એય..! કાંઈ ખબર નહોતી. જેમાં અનુકૂળતા ને લડ્ડુ મળે એમાં ભળી જઈએ. શ્રદ્ધા, જ્ઞાનના કાંઈ ભાન ન મળે. આહાહા..! સમજાણું કાંઈ?

**जे वि पंडित य तेसिं जाणंता लज्जागारवभयेण।**
**तेसिं पि णत्थि बोहि पावं अणुमोयमाणाणं।।१३।।**

'**जाणंता**' હોં! ખબર છે કે આ વાસ્તવિક મૂળમાર્ગથી ભ્રષ્ટ છે એમ તો જાણે છે. નથી ખબર? આ બધું સાંભળવું કઠણ પડે, હોં! તમારે 'મોહનભાઈ' ને અગ્રેસર ને... ક્યાં ગયા? 'મોહનભાઈ' ગયા? એમના મોટાભાઈ છે. આમ લૌકિક રીતે ઓલા પણ આ વસ્તુની ખબર ન મળે, માર્ગની ખબર ન મળે એટલે શું થાય? લૌકિક ખાનદાની આમાં શું કામ આવે? લોકોત્તર વસ્તુ છે એ વસ્તુ હોવી જોઈએ. આહાહા..!

**અર્થ :- 'જો પુરુષ દર્શન સહિત હૈં વે ભી, જો દર્શન ભ્રષ્ટ હૈં ઉન્હેં મિથ્યાદૃષ્ટિ જાનતે હુએ ભી...'** ખ્યાલમાં છે કે આ મૂળ શ્રદ્ધાથી ભ્રષ્ટ છે, ચારિત્રથી ભ્રષ્ટ છે, જ્ઞાનથી ભ્રષ્ટ છે એવું જાણતા છતાં પણ **'ઉન્હેં પૈરોં પડતે હૈં, ઉનકી લજ્જા, ભય, ગારવસે વિનયાદિ કરતે હૈં ઉનકે ભી બોધિ અર્થાત્ દર્શન-જ્ઞાન-ચારિત્રકી પ્રાપ્તિ નહીં હૈ,...'** સમજાણું કાંઈ? **'ઉનકે ભી બોધિ અર્થાત્ દર્શન-જ્ઞાન-ચારિત્રકી પ્રાપ્તિ નહીં હૈ, ક્યોંકિ વે ભી મિથ્યાત્વ જો કિ પાપ હૈ ઉસકા અનુમોદન કરતે હૈં.'** પાઠ છે ને અંદર? '**पावं अणुमोयमाणाणं**'. એવા મિથ્યાદૃષ્ટિને અનુમોદે છે. જુઓ! આ અનુમોદનની વ્યાખ્યા આવી. આમ ઠીક છે ભલે ન બોલે પણ આદર કરે છે એ જ અનુમોદે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :-

ઉત્તર :- જય જય શેના કરે છે? .... શેના કરે? એ કંઈ બારોટ છે?

મુમુક્ષુ :- .. જૂના જાણીતો

ઉત્તર :- જૂના હોય તો શું ઝેર ખાવું? જૂના હોય તો. જૂના જાણીતા હોય તો આપણે બે ભેગા થઈને ઝેર પીવો, એમ હશે? આવો માર્ગ, બાપા! આહા..હા...!

આ તો પરમાત્મા ત્રિલોકનાથ સર્વજ્ઞદેવ તીર્થંકરનો આવો માર્ગ છે. એવા માર્ગથી જેણે કંઈ પણ ફેરફાર કરીને નીકળ્યા એવાઓને વંદન, વિનય સાધુ માની, ધર્મી માનીને આહાર-પાણી દેવા એ બધા પાપને અનુમોદે છે. સમજાણું કાંઈ? આહા..હા...!

મુમુક્ષુ :- અનુકંપા..

ઉત્તર :- અનુકંપાબુદ્ધિથી આપો છો કે મોટપ માનીને આપો છો?

મુમુક્ષુ :- જૂના છે એમ જાણી.

ઉત્તર :- ઇ જુદું. આવે એને આપે એ તો એક સાધારણ (વાત થઈ) પણ એને ધર્મ તરીકે માન્યું કે પધારો, પધારો મહારાજ, અમને બહુ લાભ થયો. એવી ચેષ્ટા થાય એ અનુમોદન છે. આવે સાધારણ બીજી વાત છે. સમજાણું કાંઈ? આહા..હા..!

**'ઉસકા અનુમોદન કરતે હૈં. કરના, કરાના, અનુમોદન કરના સમાન કહે હૈં.'** ચાહે તો જૈનદર્શનથી ભ્રષ્ટ થયેલાઓને પાપી મિથ્યાદૃષ્ટિ છે એને કરે છે, એને કોઈ કરાવે. થાઓ સાધુ તમે. અને વિનયાદિથી અનુમોદે, ત્રણેયને સરખું પાપ છે. સમજાણું કાંઈ? માર્ગ આવો છે, બાપા! હવે એની વ્યાખ્યા કરશે. લજ્જા કોને કહેવી ને ઇ.... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## પ્રવચન નં. ૧૩, ગાથા-૧૩ થી ૧૫, રવિવાર, જેઠ વદ ૨, તા. ૨૧-૬-૧૯૭૦

'દર્શન પાહુડ'ની ૧૩મી ગાથા ચાલે છે. જે કોઈ ધર્મીજીવ હોવા છતાં બીજા મિથ્યાદૃષ્ટિ છે એમ જાણતાં છતાં એને લજ્જા, ગારવ અને ભયથી વંદન કરે, આદર કરે તો તે પણ સમ્યગ્દર્શન રહિત જ છે. એને બોધિ રીત છે નહિ. છે ને? બોધિ શબ્દ છે. **'तेसिं पि णत्थि बोहि'**. અહીં અધિકાર એ ચાલે છે કે મૂળસંઘ જે અનાદિનો દિગંબર પંથ છે મોક્ષનો માર્ગ (છે. એ) મુનિ વીતરાગી દશા હોય, બાહ્યમાં અઠ્યાવીસ મૂળગુણના વિકલ્પ હોય, શરીરની અવસ્થા નગ્ન હોય. એવી મુદ્રાને જૈનદર્શન, જૈનધર્મનો મત, જૈનધર્મનું સ્વરૂપ કહેવામાં આવે છે. એમાંથી ભ્રષ્ટ થયેલા, એ સંપ્રદાયને છોડીને પોતાની દૃષ્ટિએ ભ્રષ્ટ થઈને નવો પંથ કાઢ્યો. 'જયંતિભાઈ'! એવાઓને વંદન ને આદર ને આહાર-પાણી દેવા, લજ્જા, ભય ને અભિમાન ગારવ આદિ આવશે, એ પણ બોધિરહિત જ થઈ જાય. કારણ કે પાપ કરે, કરાવે અને એને સંમત થાય (એ) ત્રણેય સરખા છે. સમજાણું કાંઈ? 'મનસુખભાઈ'! આવી જવાબદારી મોટી આકરી છે.

આખો માર્ગ વીતરાગનો સર્વજ્ઞ પરમેશ્વર, એનો સનાતન ધર્મ, એ અંતરમાં વીતરાગ દશા અને બાહ્યમાં નગ્ન દિગંબર મુદ્રા, બહુ તો બાહ્યમાં અઠ્યાવીસ મૂળગુણના વિકલ્પો (હોય). આ

સ્થિતિ જૈનધર્મની, જૈનદર્શનની અનાદિની (છે). અનંતકાળ એવો માર્ગ અનાદિઅનંત છે. સમજાણું કાંઈ? એવા ધર્મથી ભ્રષ્ટ થઈ શ્વેતાંબર આદિ. સ્થાનકવાસી .. હોં! 'જયંતિભાઈ'! આવ્યા? એવાઓને વિનય, આદર આદિ કરે, પગે લાગે, ધર્મબુદ્ધિએ આહાર-પાણી આદિ આપે તો એ બધા જેવા ઇ છે, વિનય કરનારા એવા જ ગણવામાં આવે છે. લ્યો, અહીં સુધી આવ્યું. **'અનુમોદન કરતે હૈં. કરના, કરાવના, અનુમોદન કરના સમાન કહે હૈં.'** સેઠી! ક્યા (કહતે હૈં)?

મુમુક્ષુ :- જવાબદારી હૈ.

ઉત્તર :- ઉસમેં જવાબદારી ક્યા? વસ્તુસ્થિતિ ઐસી હૈ.

હવે કહે છે, **'યહાં લજ્જા તો ઇસ પ્રકાર હૈ કિ-હમ કિસીકિ વિનય નહીં કરેંગે તો લોગ કહેંગે યહ ઉદ્ધત હૈ,...'** તેથી તો આ છોકરાઓ ને બધા ઉદ્ધત થઈ ગયા. કહે ને? ન્યાં સરખું ન માને તો. સેઠીનો દાખલો લીધો. લ્યો, સેઠી! એમ જો નહિ કરીએ તો **'લોગ કહેંગે યહ ઉદ્ધત હૈ, માની હૈં, ઇસલિયે હમેં તો સર્વકા સાધન કરના હૈ.'** આપણે તો બધાનું મન રાખવું. સમજાણું કાંઈ? 'જાદવજીભાઈ'!

મુમુક્ષુ :- જૂના હોય એની વાત...

ઉત્તર :- જૂનાને શું કરવું? 'ચીમનભાઈ' એ 'ચીમનભાઈ'ને કહે છે. જૂના ઓળખીતા કોને કહેવા? આહાહા..! જ્યાં ભ્રષ્ટ છે, શ્રદ્ધાથી ભ્રષ્ટ, માર્ગથી ભ્રષ્ટ, જ્ઞાનથી ભ્રષ્ટ, વીતરાગ ચારિત્રથી ભ્રષ્ટ (છે). ભલે એ સાધુ નામ ધરાવતા હોય. આચાર્ય, ઉપાધ્યાય (કહેવાતા હોય). એ તો કાલે કહ્યું ને? એવા મતના અગ્રેસરોની ત્રસની સ્થિતિ પૂરી થવા આવી છે. જૂઠા મતના અગ્રેસરો, એના શેઠિયા, સંઘના સંઘવી, શેઠ તરીકે મોઢા આગળ બેસે, એને આધારે બધો સંઘ માને, એવા બધા શેઠિયા પણ કહે છે, સત્ય ધર્મથી ભ્રષ્ટના અગ્રેસરો થાય એ બધાની ત્રસની સ્થિતિ પૂરી થવા આવી છે. એવી વાત છે, બાપુ! શું થાય? માર્ગ તો આવો છે. એ.. 'રવિભાઈ'! ઇ શ્વેતાંબર છે ને. ... અહીં આવ્યા છે? 'હિંમતભાઈ' આવ્યા છે? ઠીક, આજ રજા છે, રવિવાર છે.

**'ઇસપ્રકાર લજ્જાસે દર્શનભ્રષ્ટકે ભી વિનય...'** વંદન, આદર કરે તો એ પણ એના જેવા છે. આપણે બધાનું મન રાખવું, કોઈને એવું ન થાય. આપણે જાળવવું. અને બધા ધર્મી છે ને. એ લોકો પણ ધર્મ કરે છે ને. એમ માનીને એવા અજ્ઞાનીઓ ધર્મથી ભ્રષ્ટ છે એનો આદર કરે, વિનય કરે એ બધા મિથ્યાદૃષ્ટિ, બોધિ નામ વીતરાગના માર્ગથી વેગળા છે. અહીં બધી વ્યાખ્યા સ્પષ્ટ ચાલે, હોં! 'સોનગઢ'માં. બહાર ન ચાલે. કાલે 'રામજીભાઈ' કહેતા હતા. 'અમદાવાદ'માં ને 'ભાવનગર'માં ને 'મુંબઈ'માં (આવું ન ચાલે).

મુમુક્ષુ :- ત્યાં મર્યાદામાં ચાલે.

ઉત્તર :- બસ, બસ. વાત ઇ. ત્યાં એની મર્યાદામાં એવી વાત આવે. જે સમજે ઇ જે. અહીં તો સ્પષ્ટ વાત (ચાલે). સેઠીનું ઉદાહરણ દઈને અહીં તો કહેવાય. સેઠિયા મોઢા આગળના માણસ. પછી કહેશે, તમે તો પહેલેથી માનતા આવ્યા છો. તમારું ઘર મોટું કહેવાય. તમારા ગામમાં સાધુ આવે તો તમારે આહાર-પાણી દેવા પડે. એકવાર, બે વાર કો'ક દિ' એકવાર તો

કહો. એ.. 'સેઠી'! લજ્જાથી પણ કરે તો દર્શનભ્રષ્ટ એના સરખો છે.

**'તથા ભય ઇસપ્રકાર હૈ કિ-યહ રાજ્યમાન્ય હૈ...'** મોટા સાધુ, કોઈ એવા આચાર્ય હોય. રાજા એને માને છે, ભાઈ! અને એને કંઈક મંત્ર, તંત્ર આવડે છે. **'મંત્રવિદ્યાદિકકી સામર્થ્યયુક્ત હૈ, ઇસકી વિનય નહીં કરેંગે તો કુછ હમારે ઉપર ઉપદ્રવ કરેગા,...'** એમ કરીને એનો વિનય અને આદર કરે તો પણ એ ભ્રષ્ટ છે. આહાહા..! પંડિતજી! માર્ગ તો આ છે, ભગવાન! જાણે છે કે આ તો શ્રદ્ધા ભ્રષ્ટ છે, તત્ત્વથી વિરૂદ્ધ છે, માર્ગ સનાતન વીતરાગ દિગંબર ધર્મ કેવળીએ કહેલો, પ્રરૂપેલો અને જાણેલો, અનુભવેલો એ માર્ગથી વેગળા થઈને, ભ્રષ્ટ થઈને બધું નવું ઊભું કર્યું. સમજાણું કાંઈ? એવાઓને ભયથી પણ. લજ્જાથી અને પછી ભયથી વિનય આદિ કરે. **'હમારે ઉપર ઉપદ્રવ કરેગા, ઇસપ્રકાર ભયસે વિનય કરતે હૈં.'** તો પણ એ બધા એના જેવા છે. કારણ કે પાપી છે તેનું અનુમોદન કરે છે માટે અનુમોદન કરનારા એવા જ મિથ્યાદૃષ્ટિ બોધિ રહિત છે. માર્ગ આવો છે. કહો, 'સુજાનમલજી'! ગારવ. હવે રસગારવ ગારવ.

**'ગારવ તીન પ્રકાર કહા હૈ,-રસગારવ, ઋદ્ધિગારવ, સાતાગારવ.'** રસગારવ એટલે? મીઠા મીઠા આહાર મળે, ઇષ્ટ મળે, પુષ્ટ ભોજન, પાણી, મકાન એવા મળે **'તબ ઉસસે પ્રમાદી રહતા હૈ,...'** અને દરકાર ન કરે કે હું કોનો વિનય કરું છું ને કોને માનું છું, એની દરકાર કરે નહિ. સમજાણું? જેના તડમાં લડ્ડુ, એમ કહેતા હતા ને? અમારે એક હતા. એમાં અમે તો ભળીએ. એય.. 'વાસુદેવ'! ત્યાંથી કાંઈક મળે, જમણ મળે, ફલાણું મળે, પહેરામણ મળે. અને જ્યાં **'મિષ્ટ, ઇષ્ટ, પુષ્ટ,...'** શબ્દ કેવા વાપર્યા છે, જુઓ! મિષ્ટ, ઇષ્ટ, પુષ્ટ. મીઠો આહાર, ઇષ્ટ આહાર-પ્રિયકર અને પુષ્ટ. એવું ભોજન ને પાણી ને મોસંબી મળતા હોય તો આહા..! એવા ગારવમાં, અભિમાનમાં એની અંદરમાં પ્રમાદી રહી અને દરકાર નહિ કે હું કોનો વિનય કરું છું ને કોનો નથી કરતો, ભાન વિનાના બધા જીવો બોધિ રહિત છે. ભગવાનના માર્ગથી રહિત છે. 'રીખવદાસજી'! તમારા ગામમાં તો ઘણી મોટી ગડબડ આવી છે.

**'તથા ઋદ્ધિગારવ ઐસા હૈ કિ કુછ તપકે પ્રભાવ આદિ સે ઋદ્ધિકી પ્રાપ્તિ હો...'** કોઈ એવું થઈ ગયું હોય. રાજ માને, કરે, પેલા માને, કોઈ લબ્ધિ હોય એ જાતના પુણ્યને કારણે થઈ ગઈ હોય **'ઋદ્ધિકી પ્રાપ્તિ હો ઉસકા ગૌરવ આ જાતા હૈ,...'** અભિમાન થઈ જાય. **'ઉદ્ધત, પ્રમાદી રહતા હૈ.'** દરકાર નહિ, અમે તો આવા છીએ. અમને માનનારા ઘણા છે, અમે તપસ્યા કરીએ છીએ. બાર-બાર મહિનાના આંબેલ કરીએ છીએ, એવા આંબેલ અમે તો વર્ષમાં છન્નું વાર કર્યા. અમુક જિંદગીમાં ને ફલાણા ને ઢીકણા. એને લઈને લોકોનેં માન વધી જાય અને બહારના તપને લઈને કોઈ ઋદ્ધિ પણ થઈ જાય છે. એ ઋદ્ધિની પ્રાપ્તિને લઈને ગૌરવ (થઈ જાય). ઉદ્ધત, પ્રમાદી રહે અને દરકાર કરે નહિ.

**'તથા સાતાગારવ,...'** શરીર નીરોગ હોય. કોઈ દિ' રોગ આવ્યો ન હોય. દરકાર ન હોય. **'કુછ ક્લેશકા કારણ ન આવે...'** શરીરમાં કોઈ દિ' દુઃખ જ ન આવ્યું હોય, સૂંઠ પણ ચોપડી ન હોય એવું નીરોગ શરીર (હોય) **'તબ સુખીપના આ જાતા હૈ,...'** શાતાશીલિયા. આપણી

ભાષામાં સમજ્યા ને? શાતાશિલિયા. અનુકૂળતામાં બસ ખાવા-પીવા ને લહેર. ગાદી તકીયે સૂવા (મળે). એમ જાણી '**મગ્ન રહતે હૈં-ઇત્યાદિક ગારવભાવકી મસ્તીસે...**' મસ્તી આવી જાય. રસની અંદર મસ્તાઈ આવી જાય. કોઈને ગણે નહીં. બીજાને શું હવે ગણે. આપણે તો બધાને માનીએ. આપણે તો સમભાવ છે, ભાઈ! આપણે જય નારાયણ, બધે ચોખા મૂકવા. સાંજ ને સવારમાં વર્ષ બેસે ત્યારે જાય છે ને? લક્ષ્મી પૂજવા. મૂઢ જીવો છે બધા. ક્યાં છે લક્ષ્મીમંદિર? 'બોટાદ'માં લક્ષ્મીનું મંદિર છે ત્યાં જાય. ઘણા જાય. આવા મૂઢ જીવો, જેને હજી વ્યવહારની ખબર ન મળે. એ સામાયિક ને પોષા ને તપસ્યા કરે. એકડા વિનાના મીંડા, મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ? ગારવની મસ્તી થઈ જાય.

'**ભલે-બૂરેકા કુછ વિચાર નહીં રહતા...**' આ તે શું કરું છું? ... ખબર નહિ. '**તબ દર્શનભ્રષ્ટકી ભી વિનય કરને લગ જાતા હૈ. ઇત્યાદિ નિમિત્તસે દર્શનભ્રષ્ટકી વિનય કરે તો ઉસમેં મિથ્યાત્વકા અનુમોદન આતા હૈ;...**' 'જયંતિભાઈ'! સત્ય માર્ગ હતો એવો જાહેર કર્યો છે. સમજાણું કાંઈ? '**તો ઉસમેં મિથ્યાત્વકા અનુમોદન હોતા હૈ;...**' '**पावं अणुमोयमाणाणं**'. છે ને પાઠમાં? '**ઉસે ભલા જાને તો આપ ભી ઉસી સમાન હુઆ,...**' એને ભલા જાણે તો પોતે એના જેવો થયો. કેટલાક તો વળી એમ કહે, આપણાથી તો સારા છે. વાત સાચી. ...

અહીં તો વીતરાગ જૈન સ્વરૂપ તીર્થંકરોએ કહેલો જૈનમાર્ગ એ દિગંબર માર્ગ. એટલે દિગંબર મુનિની દશા એ જૈનધર્મ, એ જૈનદર્શન, એ જૈનદર્શનનો મત. સમજાણું? એવા મતથી ખસીને વિરૂદ્ધ શ્રદ્ધા (થઈને) નવા શાસ્ત્રો બનાવ્યા અને નવા ભેખ બનાવ્યા અને એને માર્ગ માન્યો. એવાઓનો કોઈ વિનયાદિ કરે તો એ પણ પાપી છે. કહો, 'મોહનભાઈ'! 'ન્યાલભાઈ'! છે કે નહિ? ન્યાં શેઠિયા હતા ને? શેઠિયા મોઢા આગળ બેસે. પાટના પાયા પાસે. આવું સ્વરૂપ છે. વડિયા... વડિયા. વડિયા શું કહેવાય? વડા. વડાના શેઠ, નગરશેઠ. સમજાણું કાંઈ? જય નારાયણ કરવું પડે. સંઘ મુકાય નહિ. શેઠિયા મૂકે તો કહે, આ નહિ માનતા હોય આને? ગામમાં ચર્ચા થાય. ચાલો, ભાઈ! સાંભળવા તો જાઓ આપણે. એટલે એ પણ એનો આદર કર્યો, એમ કહે છે. એ પણ મિથ્યાત્વને જ પોષણ આપ્યું. એ પણ મિથ્યાદૃષ્ટિ છે. ઊંધી શ્રદ્ધાને પોષે છે, એમ કહે છે. લ્યો!

'**આપ ભી ઉસી સમાન હુઆ, તબ ઉસકે બોધિ કૈસે કહી જાયે?**' મૂળ છેલ્લો શબ્દ ઇ છે ને? '**तेसिं पि णत्थि बोहि पावं अणुमोयमाणाणं**'. 'કુંદકુંદાચાર્યદેવ' સર્વજ્ઞ પરમેશ્વર તીર્થંકરોએ કહેલું એ પ્રસિદ્ધ કરે છે. કહો, સમજાણું કાંઈ? 'ભગવાનદાસ' અત્યારે અહીં નથી. એને જ્યાં હોય ત્યાં બેસાડે. બાવો હોય તો પણ મોટો ગૃહસ્થ માણસ એટલે મોઢા આગળ (બેસાડે). આહા..હા...!

હવે બીજી વાત કરે છે. કેવો માર્ગ હોય એ વાત કરે છે. જૈનદર્શન, જૈનધર્મ, જૈનભાવ અને દ્રવ્યમુદ્રા, જૈનની ભાવમુદ્રા અને દ્રવ્યમુદ્રા કેવી હોય? અહીં જે સાચું-સત્ય મુનિપણું છે એને અહીંયાં જૈનદર્શન અને જૈનધર્મ કહેવામાં આવે છે. કારણ કે ત્યાં મોક્ષમાર્ગ શરૂ થયો છે ને.

## ગાથા-૧૪

दुविहं पि गंथचायं तीसु वि जोएसु संजमो ठादि।
णाणम्मि करणसुद्धे उब्भसणे दंसणं होदि।।१४।।

द्विविधः अपि ग्रन्थत्यागः त्रिषु अपि योगेषु संयमः तिष्ठति।
ज्ञाने करणशुद्धे उद्भभोजने दर्शनं भवति।।१४।।

જ્યાં જ્ઞાન ને સંયમ ત્રિયોગે, ઉભયપરિગ્રહત્યાગ છે,
જે શુદ્ધ સ્થિતિભોજન કરે, દર્શન તદાશ્રિત હોય છે. ૧૪.

अर्थ :– जहाँ बाह्याभ्यंतर भेदसे दोनों प्रकारके परिग्रहका त्याग हो और मन–वचन–काय ऐसे तीनों योगोंमें संयम हो तथा कृत–कारित–अनुमोदना ऐसे तीन करण जिसमें शुद्ध हों वह ज्ञान हो, तथा निर्दोष जिसमें कृत, कारित, अनुमोदना अपनेको न लगे ऐसा, खड़े रहकर पाणिपात्रमें आहार करे, इसप्रकार मूर्तिमन्त दर्शन होता है।

भावार्थ :– यहाँ दर्शन अर्थात् मत है; वहाँ बाह्य वेश शुद्ध दिखाई दे वह दर्शन; वही उसके अंतरंगभावको बतलाता है। वहाँ बाह्य परिग्रह अर्थात् धन–धान्यादिक और अंतरंग परिग्रह मिथ्यात्व – कषायादिक, वे जहाँ नहीं हों, यथाजात दिगम्बर मूर्ति हो, तथा इन्द्रिय–मनको वशमें करना, त्रस – स्थावर जीवोंकी दया करना, ऐसे संयमका मन–वचन–काय द्वारा शुद्ध पालन हो और ज्ञानमें विकार करना, कराना, अनुमोदन करना – ऐसे तीन कारणोंसे विकार न हो और निर्दोष पाणिपात्रमें खड़े रहकर आहार लेना इस प्रकार दर्शनकी मूर्ति है वह जिनदेवका मत है, वही वंदन–पूजन योग्य है, अन्य पाखंड वेष वंदना–पूजा योग्य नहीं है।।१४।।

### ગાથા-૧૪ ઉપર પ્રવચન

दुविहं पि गंथचायं तीसु वि जोएसु संजमो ठादि।
णाणम्मि करणसुद्धे उब्भसणे दंसणं होदि।।१४।।

**અર્થ** :- **'જહાં બાહ્યાભ્યંતર ભેદસે દોનોં પ્રકારકે પરિગ્રહકા ત્યાગ હો...'** જુઓ! આ મુનિપણું આવું હોય. બાહ્ય અને અભ્યંતર બેય. એકલા બાહ્ય નગ્ન થઈ ગયા એ કાંઈ મુનિ છે નહિ. એકલા અઠ્યાવીસ મૂળગુણ પાળે એ પણ મુનિ છે નહિ. એ તો પહેલા આવી ગયું છે. ભેદજ્ઞાનથી બાહ્ય, નથી આવ્યું? (ગાથા-૧૧) **'ભેદવિજ્ઞાન દ્વારા અપને આત્મસ્વરૂપકા ચિંતવન**

**કરના, અનુભવ કરના...**' માને આવું બધું. અઠ્યાવીશ મૂળગુણ હોય, નગ્નમુનિ હોય, છ દ્રવ્ય માને પણ એ બધા વિકલ્પ અને નિમિત્તથી ભેદજ્ઞાન કરીને આત્માનો અનુભવ કરે એને સમ્યગ્દર્શન કહેવામાં આવે છે. એને અંદર ભલે ક્રિયા એ હોય રાગની, મુનિને નિમિત્ત નગ્ન હોય પણ અંદરમાં તો એનાથી ભિન્ન ભેદજ્ઞાનના કારણે અંદર ઠર્યા હોય છે. સ્વરૂપમાં એની દૃષ્ટિ અને શુદ્ધઉપયોગમાં હોય છે.

**'દોનોં પ્રકારકે પરિગ્રહકા ત્યાગ હો...**' વસ્ત્ર-પાત્રનો (એક) કટકો પણ ન હોય, નગ્ન દિગંબર મુદ્રા. આહાહા..! આ જ અનાદિનું સનાતન જૈનધર્મનું સ્વરૂપ, જૈનધર્મનો મત, જૈનધર્મનો સ્વભાવ આવો હોય. સમજાણું કાંઈ? આ પણ સાચા અને આ પણ સાચા, એમ બેય નહિ ચાલે, એમ કહે છે. એય..!

**'મન-વચન-કાય ઐસે તીનોં યોગોંમેં સંયમ હો...**' મન, વચન અને કાયાથી અંદર સંયમની સ્થિરતા હોય. વસ્તુના સ્વભાવમાં મન, વચન, કાયા સહિત નવ નવ કોટિએ રાગથી ભિન્ન કરીને પોતાના સ્વરૂપમાં સંયમમાં હોય. એને જૈનમુનિ, જૈનદર્શન, જૈનનો મત અને જૈનની મુદ્રા કહેવામાં આવે છે. આહાહા..! ભારે કામ! **'તથા કૃત-કારિત-અનુમોદના ઐસે તીન કરણ જિસમેં શુદ્ધ હોં વહ જ્ઞાન હો,...**' દેખો! જ્ઞાન કેવું સાચું હોય? કે એનું સમ્યગ્જ્ઞાન પોતાને હોય. કરાવે એને પણ સાચું જ્ઞાન હોય અને જેનું જ્ઞાન સાચું હોય એને અનુમોદે. ખોટા જ્ઞાનને અનુમોદન કરાવે એમ હોઈ શકે નહિ. ઘણા જાણપણા છે... ઓ..હો..! જબરા ફલાણા છે. ભલે આપણો સંપ્રદાય છે નહિ પણ જાણપણું બહુ, વિદ્વાન બહુ. ધૂળના વિદ્વાન છે. સમજાણું કાંઈ? '..ભાઈ'! આ બધી બહુ આકરી વાત છે.

મુમુક્ષુ :- ન મળતા હોય તો...

ઉત્તર :- ન મળતા હોય તો સાચી શ્રદ્ધામાં જે હોય એને માનવા. અહીં તો માર્ગ આ છે, એમ કહ્યું છે ને? આમ તો નક્કી કરે કે માર્ગ આવો છે. હોય તો જે સમ્યગ્દૃષ્ટિ-જ્ઞાની હોય એને માનવા. પણ પૂર્ણ જૈનદર્શનનું રૂપ તો મુનિ છે, (એમ) અહીં તો કહેવું છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'કૃત-કારિત-અનુમોદના ઐસે તીન કરણ (નવનવકોટિએ) જિસમેં શુદ્ધ હોં વહ જ્ઞાન હો,...**' એમ કહે છે. જ્ઞાનમાં ખોટું કોરું જેનું જ્ઞાન છે એને કરે નહિ, કરાવે નહિ અને અનુમોદે નહિ. પછી તો કહેશે કે સમ્યગ્દર્શન વિના જ્ઞાન સાચું હોય નહિ. પછીની ગાથામાં લેશે. અહીં તો પહેલેથી આ ઉપાડ્યું છે. ગમે એટલા જાણપણા હોય પણ સમ્યગ્દર્શન, આત્માનો અનુભવ અને દૃષ્ટિ નથી એને જ્ઞાન સાચું હોતું નથી. આહાહા..! જેને કરણ, કરાવણ, અનુમોદનમાં પણ જ્ઞાનની શુદ્ધિ ચોખ્ખી વર્તતી હોય. ખોટું જ્ઞાન પોતાને ન હોય, ખોટા જ્ઞાન કરાવે નહિ અને ખોટું જ્ઞાન હોય એને અનુમોદે નહિ. સાચું જ્ઞાન હોય, સાચું જ્ઞાન કરાવે અને સાચું જ્ઞાન હોય એને અનુમોદે. જુઓ! આમ નાખ્યું. આચાર્યએ કરણ નાખ્યું છે અંદર. સમજાણું કાંઈ? આહાહા..! ભારે ભાઈ!

વળી '**તથા નિર્દોષ જિસમેં કૃત, કારિત, અનુમોદના અપનેકો ન લગે ઐસા ખડે રહકર પાણિપાત્રમેં આહાર કરે,...**' ઊભા ઊભા આહાર લે. હાથમાં. એ એને માટે કર્યો ન હોય, કરાવ્યો ન હોય, અનુમોદન ન હોય. એવો આહાર. એને માટે કરેલો આહાર લ્યે તો પણ એમાં અનુમોદના આવી જાય છે. એ વસ્તુ એમ કરે નહિ. ઉદ્દિષ્ટ આહાર. પંડિતજી! ચોકા લગાવો, આહાર-પાણી લેવા આવો, અહીંયાં બહુ ... અરે..! માર્ગ તો આ છે, ભાઈ! શું થાય? લોકોએ એવા બચાવ કરીને માર્ગને ભ્રષ્ટ કરી નાખ્યો. શું કરવું? શું કરવું એટલે? સાધુપણું શું કરવા લીધું હતું? સાધુપણું છે નહિ ને. હજી દૃષ્ટિના ઠેકાણા નથી ને આવા આચરણ લઈને મોટા થઈને બેઠા અને આચરણના વ્યવહારના પણ ઠેકાણા નથી. સમજાણું કાંઈ?

'**જિસમેં કૃત, કારિત, અનુમોદના અપનેકો ન લગે ઐસા ખડે રહકર પાણિપાત્રમેં...**' ઊભા ઊભા પાણીમા-હાથમાં આહાર (લે). પાણી એટલે હાથ. પાત્ર-બાત્ર હોય એ જૈનધર્મથી ભ્રષ્ટ છે. અને એકલા પાત્ર-બાત્ર ન હોય માટે (સાધુ) છે, એમ નહિ. સ્વરૂપની દૃષ્ટિથી ભ્રષ્ટ છે એ પણ ભ્રષ્ટ છે. બાહ્ય-અભ્યંતર બેય કહ્યું ને? હજી આગળ ખુલાસો કરશે. એકલા નથી કહેતા કે બાહ્યલિંગ આવું, બાહ્યલિંગ આવું. (સાથે) અભ્યંતર રાગના વિકલ્પનું કર્તાપણું નથી. એકલો જ્ઞાનસ્વભાવ છે એવો પ્રગટ્યો છે, એવું ભાન છે, એમાં સ્થિરતા છે. એને અઠ્યાવીસ મૂળગુણના વિકલ્પ હોય અને મુદ્રા નગ્ન હોય. એને જૈનદર્શનનું રૂપ, જૈનમુદ્રા અને જૈનનો મત એને કહેવામાં આવે છે. વસ્તુના સ્વભાવનો મત. સમજાણું કાંઈ?

'**ઐસા મૂર્તિમંત દર્શન હોતા હૈ.**' દેખો! જુઓ! આ દર્શનની વ્યાખ્યા કરી. '**उब्भसणे दंसणं होदि**'. એમ છે ને? '**उब्भसणे दंसणं होदि**' દેખો! એને માટે કરેલું, કરાવેલું લે નહિ અને જ્ઞાન શુદ્ધ હોય અને બાહ્ય-અભ્યતંર પરિગ્રહનો ત્યાગ હોય તેને મૂર્તિમંત દર્શન કહેવાય છે. તે જૈનદર્શનનું રૂપ છે. આહાહા..! 'ભીખાભાઈ'! જૈન એટલે વસ્તુદર્શન. આવું વસ્તુદર્શન છે. એને જે માને એ સમ્યગ્દૃષ્ટિ છે. ભલે પોતે સાધુ થઈ શકે નહિ. સમજાય છે કાંઈ? પણ આવો જ માર્ગ છે, એથી બીજો માર્ગ છે એ બધો ભ્રષ્ટ થયેલાઓએ કાઢ્યો છે. એમ અંતરમાં માને એને ભેદજ્ઞાન થઈ અને સ્વરૂપની દૃષ્ટિ હોય તો એ પણ ધર્મી છે. ધર્મનું આવું આખું રૂપ ભલે એની પાસે ન હોય પણ આખું રૂપ આવું છે એવું એને પ્રતીતમાં અને ભાનમાં વર્તતું હોય છે સમજાણું કાંઈ?

'**ઐસા મૂર્તિમંત દર્શન...**' આવી મૂર્તિ એટલે જેનું અંતરનું સ્વરૂપ અને બાહ્ય નિર્દોષ આહાર-પાણી લેતા હોય, નિર્દોષ જેનું જ્ઞાન હોય, અને નિર્દોષ જેની અંતર દશા હોય, નિર્દોષ જેની બાહ્ય મુદ્રા હોય. દિગંબર મુદ્રા. એમાં કાંઈ પણ ફેરફાર હોય નહિ એનું નામ મૂર્તિમંત જૈનનું સ્વરૂપ, માર્ગનું સ્વરૂપ તે મૂર્તિમંત દર્શન કહેવામાં આવે છે. 'દાસ'! આને દર્શન કહે છે. એને સમકિત કહે છે એમ નહિ. આ જૈનદર્શન એટલે માર્ગનું-દર્શનનું રૂપ જ આ છે. એને માને ને એને ઓળખે અને એને અંદર રાગથી ભિન્ન કરીને અનુભવે તે સમકિતી (છે). એમાં

જો ક્યાંય દેવ-ગુરુ-શાસ્ત્રમાં ફેર માને તો એને સમ્યગ્દર્શન રહેતું નથી. આકરું કામ ભારે. 'શ્રીમદ્'ના માનનારને ભારે આકરું પડે આવું સાંભળે તો. ન્યાં તો બધું ધીમું ચાલે. કીધું હતું ને? ત્યાં દીક્ષા લીધી હતી. 'ચેતનજી'એ. નહિ? કોક પાસે લીધી'તી. 'વરખચંદજી' પાસે લીધી'તી. આહાહા..! ક્યાં દીક્ષા? કોને કહેવી દીક્ષા?

**ભાવાર્થ :- 'યહાં દર્શન અર્થાત્ મત હૈ...'** પહેલેથી કહ્યું છે, 'दंसणमग्गं'. ત્યાં પણ ધર્મનું સ્વરૂપ, મતનું સ્વરૂપ આવું છે એમ કહ્યું. ભારે વાત, ભાઈ! પાઠમાંથી જ કાઢી છે, હોં! કહેવાનો આશય આચાર્યનો એ છે. આહાહા..! આશય એ છે. લોકોને પક્ષપાતથી એમ લાગે કે આમ છે ને તેમ છે. 'કુંદકુંદાચાર્ય' આમ પક્ષપાતમાં ઊભા કરે નહિ માટે કેટલીક ગાથા પ્રક્ષેપ છે ને ઢીકણું છે... એના સુધરેલા. અરે..! માર્ગ જ આ છે. પ્રક્ષેપ-ફ્રક્ષેપ શું? જ્યારે દર્શનના મતોમાં સંઘર્ષ હતો ત્યારે આ લખાણું છે માટે આમાં આવી ગયું છે. ધૂળેય નથી, સાંભળને. માર્ગ જ આવો ત્રિકાળ છે. બહારમાં ગમે એટલા મતોમાં સંઘર્ષ થાય, લૂખા હલકા થાય, ઉત્કૃષ્ટ થાય, એની સાથે આ માર્ગને કાંઈ સંબંધ છે નહિ. સમજાણું કાંઈ?

**'યહાં દર્શન અર્થાત્ મત હૈ;...'** જૈનદર્શનનો મત શું છે? કે **'વહાં બાહ્ય વેશ શુદ્ધ દિખાઈ દે વહ દર્શન, વહી ઉસકે અંતરંગભાવકો બતલાતા હૈ.'** બાહ્ય શુદ્ધ (હોય), તદ્દન નગ્ન. આહાહા..! તદ્દન વીતરાગ મુદ્રા દેખાય. જેવો બાળક હોય એવી એની મુદ્રા હોય. આહાહા..! નગ્ન એકલા નહિ. પણ **'બાહ્ય વેશ દિખાઈ દે વહ દર્શન, વહી ઉસકે અંતરંગભાવકો બતલાતા હૈ.'** અંતરંગ ભાવ એનો વીતરાગ હોય છે એવું એને ખ્યાલમાં આવે. આવું નગ્ન છે માટે વીતરાગતા (છે), એમ નહિ. પણ નગ્નદશા સહેજે બની ગઈ ત્યાં આગળ અંદરમાં વીતરાગતા જ હોય એમ દેખાય. સમજાણું કાંઈ? ભારે વાતું, ભાઈ! આ.

**'દર્શન અર્થાત્ મત હૈ, વહાં બાહ્ય વેશ દિખાઈ દે વહ દર્શન, વહી ઉસકે અંતરંગભાવકો બતલાતા હૈ.'** આમાં એમ ન લેવું, હોં! કે નગ્નપણું છે માટે અંતરભાવમાં વીતરાગ છે એમ લેવું, એમ નહિ. અહીં તો કહે છે કે જેને આવો વિકલ્પ જ્યાં ઊઠી ગયો છે, વસ્ત્ર રાખવાનો, પાત્ર રાખવાનો, એટલી દશા જ્યાં અંદર થઈ ગઈ છે એની બાહ્ય મુદ્રાથી અનુમાન થાય કે ઓ..હો...! આની વીતરાગતા આવી હોય. સમજાણું કાંઈ? એકલા વિકલ્પથી આ છોડ્યું, મૂક્યું એ તો વસ્તુ જ ક્યાં છે? અંતરની નિર્વિકલ્પ દશા, સાધુપદની દશા જ્યાં અંતરમાં પ્રગટી છે એને તો આવું જ લિંગ નગ્ન સહજ પરની અપેક્ષા વિનાનું હોય, એમ કહે છે. સમજાણું કાંઈ? **'વહી ઉસકે અંતરંગભાવકો બતલાતા હૈ.'**

**'વહાં બાહ્ય પરિગ્રહ અર્થાત્ ધન-ધાન્યાદિક...'** હોય નહિ. ધન, ધાન્યાદિક એટલે વસ્ત્ર-પાત્ર કાંઈ નહિ. **'અંતરંગ પરિગ્રહ મિથ્યાત્વ-કષાયાદિ,...'** લ્યો. અંતરંગ પરિગ્રહ મિથ્યાત્વ. રાગને પોતાનો માનવો, દેહની ક્રિયા પોતાની માનવી એવો જે મિથ્યાત્વનો પરિગ્રહ એને હોય નહિ. સમજાણું કાંઈ? બાહ્ય પરિગ્રહ રહિત છે એવા અંતર મિથ્યાત્વ અને રાગાદિકના પરિગ્રહથી રહિત છે. બેય જોડલે ચાલે છે આમ, અંતર વીતરાગતા અને બહારની

વીતરાગતાની મુદ્રા. આહાહા..! સમજાણું? 'પ્રવચનસાર'માં આવે છે ને? બહારથી આંખે દેખીને આ વીતરાગતા છે ... વીતરાગતાની ભૂમિકા છે માટે એની ભૂમિકામાં આવા જ વિકલ્પ હોય છે. એમ નિર્ણય કર. 'પ્રવચનસાર'માં ચરણાનુયોગની શરૂઆત કરતાં એમાં આવે છે. ધન્ય અવતાર! જેના સફળ થયા, જન્મ-મરણને ટાળવાના અવતાર કર્યા અને એવો જ માર્ગ છે કહે છે. સમજાણું કાંઈ? આવાને જૈનદર્શન કહીએ, બાકી જૈનદર્શન કહેવાય નહિ. વાડામાં ગમે એવા મોટા મોટા નામ આપે, બિરૂદ આપે, તરણતારણ આચાર્ય ભગવંતો.. ઉપાધ્યાય. આહાહા..! ભારે કામ આકરું. વ્યક્તિ પ્રત્યેની આ નિંદાની વાત નથી, હોં! વસ્તુનું સ્વરૂપ આવું છે, ભાઈ! માર્ગની સિદ્ધાંતિક સ્થિતિ ત્રણે કાળ, ત્રણ લોકમાં આ જ વસ્તુની મર્યાદા છે. એમાં બીજું શું આવે? સમજાણું કાંઈ? તેથી 'કુંદકુંદાચાર્ય' સર્વજ્ઞથી જાણેલું, જોયેલું, અનુભવેલું ત્રણેકાળે આ મુનિમાર્ગ છે, પ્રણેતા એમ કહે છે ને? આહાહા..! જ્યાં વીતરાગદશા મુનિપણાની હોય ત્યાં કેટલી મર્યાદા વિકલ્પની હોય અને સંયોગ કેટલો હોય એ બધું અમારા અનુભવમાં વર્તે છે. એથી અમે આ માર્ગને કહેશું. આહાહા..! સમજાણું કાંઈ?

મિથ્યાત્વ અને કષાય. અનંતાનુબંધી આદિ કષાયો જ્યાં નથી, ત્રણ કષાય જ્યાં નથી, મિથ્યાત્વ નથી **'યથાજાત દિગંબર મૂર્તિ હો,...'** યથાજાત. જેવા જન્મ્યા એવા દિગંબર. વૈરાગ્યની મૂર્તિ, વૈરાગ્યના પૂતળા હોય. રોમ રોમમાં વૈરાગ્યતા પરિણમી ગઈ હોય. ઢીમ આત્મામાં. સમજાય છે કાંઈ? ઉપશમરસ જેના આત્માની પર્યાયમાં ઢળી ગયા છે. એવા ઉપશમરસ ઢળ્યા એવી જ મૂર્તિ દિગંબર. આમ શાંત.. શાંત.. શાંત. આહાહા..! સમજાણું કાંઈ? 'બલુભાઈ'! આવો માર્ગ છે આ. **'યથાજાત દિગંબર મૂર્તિ હો,...'** જેવા જન્મ્યા એવા. અને જેવું યથાજાત આત્માનું સ્વરૂપ છે એવું અંદર હોય.

**'તથા ઇન્દ્રિય-મનકો વશમેં કરના,...'** ઇન્દ્રિય અને મન અને **'ત્રસ-સ્થાવર જીવોંકી દયા કરના,...'** પર તરફનો અસંયમનો વિકલ્પ નથી એવો એને સંયમ હોય. '**संजमो ठादि**' છે ને? '**जोएसु संजमो ठादि**'. **'ઇન્દ્રિય-મનકો વશમેં કરના, ત્રસ-સ્થાવર...'** એકેન્દ્રિય જીવ. પૃથ્વીનો, અગ્નિનો, વાયુનો, વનસ્પતિનો એ ... એકેન્દ્રિય. એને પણ હણી કોઈ આહાર આપે, પાણી આપે તો લ્યે નહિ અને ચાલતાં પણ કોઈને દુઃખ થાય એવો પ્રમાદ એને હોતો નથી. આહાહા..! ચાલતા સિદ્ધ છે! મુનિ એટલે? આહાહા..! પરમેશ્વર! અલ્પ કાળમાં પરમેશ્વર કેવળજ્ઞાન થવાના છે. આવો જૈનમાર્ગ વીતરાગનો છે. સમજાણું કાંઈ?

**'જીવોંકી દયા...'** દયા એટલે નહિ મારવું એ. **'ઐસે સંયમકા મન-વચન-કાયા દ્વારા શુદ્ધ પાલન હો...'** એવી મુનિદશા જ્યાં અંદર હોય, એમ કહે છે. **'જ્ઞાનમેં વિકાર કરના, કરાના, અનુમોદન કરના-ઐસે તીન કરણોંસે વિકાર ન હો...'** ખોટું જ્ઞાન ન હોય, એમ કહે છે. દેવ-ગુરુ-શાસ્ત્રનું, ષટ્ દ્રવ્ય આદિનું જ્ઞાન ખોટું ન હોય. એને વિષે વિકાર કરવો, વિપરીત જ્ઞાન કરવું, કરાવવું કે અનુમોદના (ન હોય). ભારે વાત! '**णाणम्मि करणसुद्धे**' જેના જ્ઞાનના ત્રણે

કરણો શુદ્ધ હોય. ક્યાંય પણ ખોટા જ્ઞાનને અનુમોદે નહિ, ખોટા જ્ઞાનને કરાવવું (હોય નહિ). ભલે કરો, થોડું કરો તો ખરા (એમ કરાવે નહિ). પેલા કહે છે ને? પહેલેથી છોકરાઓને ન સમજાવવું. એય..! બાળપોથી તમારી. 'હરિભાઈ'એ કરી ઇ. ... છે ને? વાંચ્યું તો (કહે), અરે...! આવું પહેલા છોકરાઓને (શીખવવાનું)? ત્યારે શું ખોટું કહેવું? ભાઈ પણ કહેતા હતા. નહિ? 'દેવચંદજી'. છોકરાઓની પરીક્ષા લીધી ત્યારે 'રતનજી' કહે, આવું પહેલા ન શીખવાડાય. ત્યારે ખોટું શીખવાડે?

જ્ઞાન તો સત્ય કરવું, કરાવવું અને અનુમોદવું એમાં અસત્ય તો ક્યાંય આવે નહિ, એમ કહે છે. આહાહા..! શું થાય? જગતને ... એટલે આ મેળ ખાતો નથી. આવો જ માર્ગ એનો શરૂઆતથી હોય. સમજાય છે કાંઈ? જ્ઞાન પણ સાચું કરે, જ્ઞાન કરાવે સાચું અને કર્તાને અનુમોદે સાચાને. ખોટું કરે એને પહેલું ખોટું કરાવવું પછી સાચું કરાવવું, એમ હોય? બાળક શું કરવા માનવો એને? બાળક છે ક્યાં? એ તો આત્મા છે. બાળક દેહની સંયોગ સ્થિતિથી આત્માને એવો કલ્પવો એ વાત જૂઠી છે. બાળક આત્મા કેવો? બાળક યુવાન કેવો? આત્મા જડ કેવો? એટલે વૃદ્ધાવસ્થા કેવી?

એ ભગવાનઆત્મા તો જ્ઞાન અને આનંદના જીવનથી જીવનારું તત્ત્વ છે, એનાથી ટકનારું તત્ત્વ છે. કાંઈ શરીરને લઈને ટકે છે? જ્ઞાનસ્વભાવ, આનંદભાવ એના પ્રાણથી અનાદિથી ટક્યો છે. કહે છે કે એવાને-ધર્મીને જ્ઞાનમાં વિકાર પોતાને ન હોય અને બીજાને હોય એને કરાવે નહિ અને કરતા હોય એને અનુમોદે નહિ. એવું નિર્વિકારી નિર્દોષ જ્ઞાન હોય, એમ કહે છે. સમજાણું કાંઈ? એમ કે જ્ઞાનમાં કાંઈક ભૂલ હોય, થવાની હોય તો? કે ના, જ્ઞાન નિર્દોષ હોય.

**'ઔર નિર્દોષ પાણીપાત્રમેં ખડે રહકર આહાર લેના...'** નિર્દોષ આહાર-પાણી એ પણ હાથમાં લઈને. પાણીપાત્ર છે ને? હાથપાત્ર. ઊભા રહીને (લે). એ **'દર્શનકી મૂર્તિ હૈ...'** એ જૈનદર્શનની મૂર્તિ છે. વીતરાગે કહેલા શાસ્ત્રનો આ માર્ગ છે. સમજાણું કાંઈ? 'જયંતિભાઈ'! આ તો બધું સંપ્રદાયનું આવ્યું. 'કુંદકુંદાચાર્યે' પોતાના સંપ્રદાયનો પક્ષ પોષ્યો છે (એમ કહે છે). અરે...! ચાલ.. ચાલ. આવા ને આવા. માળા. વીતરાગનું સ્વરૂપ જ આવું છે, ભાઈ! સમજાય છે? એવો જે જૈનમૂર્તિ. એમ કીધું ને? જુઓને! **'ઐસે દર્શનકી મૂર્તિ હૈ વહ જિનદેવકા મત હૈ,...'** એ જિનદેવનો અભિપ્રાય આવો મોક્ષનો માર્ગ હોય. એને જિનદેવનો અભિપ્રાય કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? **'વહી વંદન-પૂજન યોગ્ય હૈ, અન્ય પાખંડ વેષ વંદના-પૂજા યોગ્ય નહીં હૈ.'** આ દિગંબર મુદ્રા અને દિગંબર વીતરાગી દશા, એ સિવાય બીજો પાખંડી વેશ પૂજવાને, વંદનને લાયક છે નહિ. આહાહા..! ભારે ભાઈ. એ ચૌદમી (ગાથા પૂરી) થઈ.

आगे कहते हैं कि–इस सम्यग्दर्शनसे ही कल्याण–अकल्याणका निश्चय होता है :–

## ગાથા-૧૫

**सम्मत्तादो णाणं णाणादो सव्वभावउवलद्धी।**
**उवलद्धपयत्थे पुण सेयासेयं वियाणेदि।।१५।।**

**सम्यक्त्वात् ज्ञानं ज्ञानात् सर्वभावोपलब्धिः।**
**उपलब्धपदार्थे पुनः श्रेयोऽश्रेयो विजानाति।।१५।।**

**સમ્યક્ત્વથી સુજ્ઞાન, જેથી સર્વ ભાવ જણાય છે,**
**ને સૌ પદાર્થો જાણતાં અશ્રેય-શ્રેય જણાય છે. ૧૫.**

अर्थ :– सम्यक्त्वसे तो ज्ञान सम्यक् होता है; तथा सम्यक्ज्ञानसे सर्व पदार्थोंकी उपलब्धि अर्थात् प्राप्ति अर्थात् जानना होता है; तथा पदार्थोंकी उपलब्धि होनेसे श्रेय अर्थात् कल्याण, अश्रेय अर्थात् अकल्याण – इन दोनोंको जाना जाता है।

भावार्थ :– सम्यग्दर्शनके बिना ज्ञानको मिथ्याज्ञान कहा है, इसलिये सम्यग्दर्शन होने पर ही सम्यग्ज्ञान होता है, और सम्यग्ज्ञानसे जीवादि पदार्थोंका स्वरूप यथार्थ जाना जाता है। तथा जब पदार्थोंका यथार्थ स्वरूप जाना जाये तब भला–बुरा मार्ग जाना जाता है। इसप्रकार मार्गके जाननेमें भी सम्यग्दर्शन ही प्रधान है।।१५।।

---

## ગાથા-૧૫ ઉપર પ્રવચન

**'આગે કહતે હૈં કિ-ઇસ સમ્યગ્દર્શનસે હી કલ્યાણ-અકલ્યાણકા નિશ્ચય હોતા હૈ :-'** અંતરનું સમ્યગ્દર્શન છે, આવો જૈનનો માર્ગ છે એવા માર્ગનું અંતરમાં ભાન થઈને પ્રતીત થઈ છે એવા સમકિતદષ્ટિને જ કલ્યાણ-અકલ્યાણનો નિર્ણય હોય, અજ્ઞાનીને કલ્યાણ-અકલ્યાણનો નિર્ણય હોય નહિ.

**सम्मत्तादो णाणं णाणादो सव्वभावउवलद्धी।**
**उवलद्धपयत्थे पुण सेयासेयं वियाणेदि।।१५।।**

**અર્થ :- 'સમકિતસે તો જ્ઞાન સમ્યક્ હોતા હૈ,...'** જેણે આત્મા શુદ્ધ આનંદ પરિપૂર્ણ ભગવાને જોયો, જાણ્યો એવું અંદર જાણવામાં આવીને પ્રતીત થાય એવું સમ્યગ્દર્શન હોય ત્યાં જ્ઞાન સાચું હોય. એવું સમ્યગ્દર્શન નથી ત્યાં જ્ઞાન કંઈ પણ ગોટે ઊંધે ચડ્યા વિના રહે નહિ.

આહાહા..! સમજાણું કાંઈ? **'સમકિતસે તો જ્ઞાન સમ્યક્ હોતા હૈ,...'** અંતર ચૈતન્ય સ્વરૂપ જ વીતરાગમૂર્તિ છે. આ વીતરાગમૂર્તિ તો બાહ્ય અને અભ્યંતર જૈનદર્શનનું રૂપ દેખાડ્યું પણ આ આત્મા જ પોતે અંતર વીતરાગ સ્વરૂપ છે. એવી અંતર્મુખ થઈને પ્રતીત સમ્યક્ થયું એ સમકિતીનું જ જ્ઞાન સાચું હોય. જ્યાં સમ્યક્પણું નથી ત્યાં જ્ઞાન સાચું હોય નહિ. સમજાણું કાંઈ? ભલે થોડું જ્ઞાન હોય પણ એનું જ્ઞાન સાચું હોય. જુઓ! આ સમ્યગ્દર્શનનું વજન છે. દૃષ્ટિની સ્થિતિ છે. દર્શનપાહુડ છે ને. **'સમ્યક્ત્વસે તો જ્ઞાન સમ્યક્ હોતા હૈ,...'**

**'તથા સમ્યક્જ્ઞાનસે સર્વ પદાર્થોંકી ઉપલબ્ધિ...'** કહીએ. સમ્યગ્દર્શન હોય ત્યાં સમ્યગ્જ્ઞાન હોય અને સમ્યક્જ્ઞાનમાં બધા પદાર્થનો વિવેક હોય. જડ, ચૈતન્ય, સત્ય, અસત્ય આદિ શું છે? દ્રવ્ય-ગુણ-પર્યાય (શું)? માર્ગ, માર્ગથી વિરુદ્ધ એ બધો જ્ઞાનમાં એનો વિવેક હોઈ શકે છે. સમજાણું કાંઈ? 'સમયસાર'માં તો એકદમ ટોટલનો માર્ગ કહીને બતાવ્યો છે પણ એમાં આ બધું હોય છે. સમજાણું કાંઈ? એમને એમ માની લે કે 'સમયસાર'માં આમ છે ને માને બધાને ખીચડો. દેવ-ગુરુ-શાસ્ત્ર ખોટાને પણ માને અને અમારે થઈ ગયું સમ્યગ્દર્શન, એમ હોઈ શકે નહિ. એ માટે અહીં સમ્યક્ બતાવ્યું છે. આહાહા..! ભાઈ! આ તો તરવાનો ઉપાય છે. ભવસમુદ્રનો આરો આણવાના અંતની વાત છે. બાકી તો .. અરે..! એ શું? ચાર ગતિનો ભવ શું? રાગદાહ, એની આકુળતાનું વેદન છે બધું. સ્વર્ગમાં હો કે નરકમાં હો. આ તો આકુળતા તોડવા માટે નાશ કરવાનો ઉપાય (છે). એ રાગથી અને પરથી ભિન્ન આત્માનો અનુભવ કરી સમ્યક્ કરવું એ સમકિત હોય તો જ્ઞાન સાચું હોય, એમ કહે છે. સમજાણું કાંઈ? કોઈ દિ' વાંચ્યું છે કે નહિ? 'મગનભાઈ'! 'અષ્ટપાહુડ' વાંચ્યું છે કોઈ દિ'? પહેલા સાંભળ્યું હતું. આઠ વર્ષ પહેલા. ... પ્રવચન પ્રસાદ. આપણા આ 'અમૃતલાલભાઈ'. 'અમૃતલાલભાઈ' હતા ને? એ (સંવત) ૨૦૧૩માં ગુજરી ગયા. ૨૦૧૩ પહેલા વાંચેલું. આ વળી ૨૦૧૭ માં વાંચ્યું. ૨૦૧૩ પહેલા વાંચ્યું હતું એમાં આવ્યું હતું, સાચી વાત (છે).

કહે છે, **'સમ્યગ્જ્ઞાનસે સર્વ પદાર્થોંકી ઉપલબ્ધિ અર્થાત્ પ્રાપ્તિ અર્થાત્ જાનના હોતા હૈ,...'** સમ્યગ્દર્શન હોય તો સમ્યક્જ્ઞાન હોય અને સમ્યક્જ્ઞાન હોય તો એને બધા પદાર્થનો વાસ્તવિક બોધ થાય. એમાં એને કાંઈ ફેરફાર લાગે નહિ. ફેરફાર આવે જ નહિ એના જ્ઞાનમાં, એમ કહે છે. સમ્યગ્દર્શન છે ને! તેથી એના સમ્યગ્જ્ઞાનમાં પદાર્થનું જેવું સ્વરૂપ છે, દેવનું, ગુરુનું, શાસ્ત્રનું, મોક્ષમાર્ગનું, સમકિતનું, જ્ઞાનનું, ચારિત્રનું, તપનું, અજ્ઞાનનું, બાળતપનું, ઉપાદાન-નિમિત્તનું, નિશ્ચય-વ્યવહારનું .. (બધું જ્ઞાન સાચું હોય). સમજાણું કાંઈ? જ્યાં સમ્યગ્દર્શન છે ત્યાં સમ્યક્જ્ઞાન હોય અને સમ્યક્જ્ઞાન હોય ત્યાં બધા પદાર્થનું યથાર્થરૂપનું ભાન હોય, એમ કહે છે. પ્રાપ્તિ એટલે ઉપલબ્ધિ-જાણવું છે.

**'તથા પદાર્થોંકી ઉપલબ્ધિ હોનેસે...'** જ્યારે વસ્તુનું જ્ઞાન યથાર્થ થયું એટલે **'શ્રેય અર્થાત્ કલ્યાણ, અશ્રેય અર્થાત્ અકલ્યાણ-ઇન દોનોંકો જાના જાતા હૈ.'** એના જ્ઞાનમાં આવી જાય કે આ કલ્યાણનું કારણ છે અને આ અકલ્યાણનું કારણ છે. સમજાય છે? આ માર્ગ કલ્યાણનો માર્ગ છે

અને આ અકલ્યાણનો છે. એવું સમકિત હોવાથી જ્ઞાન સમ્યક્ થાય છે તેથી પદાર્થનું વાસ્તવિક સ્વરૂપ તેના જ્ઞાનમાં આવી જાય છે. એથી તેને કલ્યાણ-અકલ્યાણનો વિવેક એમાં વર્તે છે. આહાહા..! આ તો 'અષ્ટપાહુડ' ચાલે છે, 'અષ્ટપાહડુ'. પેલા એમ કહે છે, પહેલા આ બનાવ્યું છે પછી પંચાસ્તિકાય. અનુમાન કરે. પહેલું હોય કે ગમે તે હોય, માર્ગ આ છે. ભાવપાહુડ, મોક્ષપાહુડની બધી ગાથાઓ એકસરખી જેવી આવે છે ને. જેટલી ગંભીરતા 'સમયસાર'ની છે એ ગંભીરતા આમાં નથી. ભાવપાહુડમાં. ભલે વિસ્તારથી બધું સમજાવ્યું છે. .. ઘણું આવે, એમાં શું? સાધારણજનને સમજાવવા એને સ્પષ્ટ સ્વરૂપ છે ગાથાદીઠમાં ભિન્ન ભિન્ન પાડીને થોડો થોડો ફેર બધી ગાથાઓમાં. ... સમજાણું કાંઈ? ગાથાદીઠ ન્યાયના માર્ગમાં શું છે એ શીખતા હોય.

કલ્યાણ અને અકલ્યાણ કહીએ, એના બેયનું જ્ઞાન હોય. શું કીધું સમજાણું આમાં? જેને સમ્યગ્દર્શન હોય તેનું જ્ઞાન સાચું હોય અને એ જ્ઞાન સાચું હોય એને બધા પદાર્થની ઉપલબ્ધિ નામ જાણવું થાય. એ જાણ્યું એમાં કલ્યાણ-અકલ્યાણના માર્ગ બેય એના જ્ઞાનમાં આવી જાય. સમજાણું કાંઈ?

**ભાવાર્થ :- 'સમ્યગ્દર્શનકે બિના જ્ઞાનકો મિથ્યાજ્ઞાન કહા હૈ,...'** આહા..! આવું જૈનદર્શન છે એવી એને અંદરમાં શ્રદ્ધાનું જ્ઞાન, ભાન નથી એના જ્ઞાનને મિથ્યાજ્ઞાન કહે છે, એમ કહેવું છે. સમજાણું કાંઈ? **'ઇસલિયે સમ્યગ્દર્શન હોને પર હી સમ્યગ્જ્ઞાન હોતા હૈ,...'** સમ્યગ્દર્શન થાય તેને સમ્યગ્જ્ઞાન હોય છે. સમ્યગ્દર્શન વિના સમ્યગ્જ્ઞાન હોતું નથી. સમજાણું કાંઈ? **'ઔર સમ્યગ્જ્ઞાનસે જીવાદિ પદાર્થોંકા સ્વરૂપ યથાર્થ જાના જાતા હૈ.'** સમજાણું? સમ્યગ્જ્ઞાનથી જીવ, અજીવ, પુણ્ય-પાપ, સંવર, નિર્જરા, મોક્ષ વગેરેને યથાર્થ જાણે. **'તથા જબ પદાર્થોંકા યથાર્થ સ્વરૂપ જાના જાયે તબ ભલા-બુરા માર્ગ જાના જાતા હૈ.'** કલ્યાણ-અકલ્યાણનું આવ્યું ને? શ્રેય-અશ્રેય. ત્યારે આ માર્ગ ભલો છે અને આ માર્ગ ખોટો છે એવું જ્ઞાન થાય જ. ખોટાને સાચું અને સાચાને ખોટું ખતવે નહિ. જ્યાં સમ્યગ્દર્શન છે ત્યાં જ્ઞાન સાચું (હોય) ત્યાં પદાર્થનું જ્ઞાન સાચું જ હોય. એમાં કલ્યાણ-અકલ્યાણના માર્ગની એને બરાબર ખબર હોય. આવી વાત ભારે. સાધારણ માણસને તો (કઠણ લાગે). બાઈયું કહે, અમારી બુદ્ધિ થોડી, આવડું મોટું અમારે જાણવું?

મુમુક્ષુ :- ... બુદ્ધિ ક્યાં છોડી?

ઉત્તર :- એવી બુદ્ધિ છોડી કોણે કીધી? બાયડી છે જ ક્યાં પણ આત્મા? આત્મા કોણે કીધો બાયડી છે? કોણે કીધો? એ તો શરીરની-દેહની જડની પૂતળીની પર્યાય છે. આ ક્યાં આત્મા છે, આ તો માટી છે. આત્મા અંદર જે છે એ આત્મા તો બધાના એકસરખા જ છે. એ શરીર તો એનામાં નથી પણ પુણ્ય-પાપના વિકલ્પો નથી એવો આત્મા છે. આત્મા બાયડી ક્યાંથી આવ્યો? અને આત્મા રાગવાળો ક્યાંથી આવ્યો? આત્મા આસ્રવવાળો ક્યાંથી આવ્યો? એવા આત્માને માટે એમ ન જાણવું કે આ શરીર અમારું આવું છે ને ફલાણું આવું છે માટે ઇ મોટા પુરુષ હોય ઇ બધું સમજી શકે અને અમે નહિ. એમ નહિ. સ્ત્રીનો આત્મા પણ અંતર્મુહૂર્તમાં સમકિત પામી

પાંચમું ગુણસ્થાન પામે. સમજાણું કાંઈ? આત્મા છે કે નહિ? પુરુષનો આત્મા હોય તો ઇ ઠોઠ નિશાળિયા જેવા રહે. અમે પુરુષ છીએ એના અભિમાનમાં મરી જાય. એ.. 'સુજાનમલજી'! અમે પુરુષ છીએ, અમને બધી સામગ્રી મળી છે. ભગવાને પુરુષને જ મોક્ષ કીધો છે, સ્ત્રીને મોક્ષ કીધો નથી. આગળ આવશે. નિયમમાં એવું હોય. મોક્ષ છે, સ્ત્રીને યોગ્ય દશા પ્રગટ થાય એના આત્માની એ આત્માથી થાય છે. મન હોય છે એ જુદી વાત છે. મન તો પુરુષનેય હોય પણ એને અત્યારે કેવળજ્ઞાન નથી. એનો અર્થ શું છે? કેવળજ્ઞાન નથી એ પોતાના પુરુષાર્થની કચાશ છે. પ્રભુતાની શક્તિને પ્રગટ કરવાની કચાશ છે. એમાં આવ્યું ને?

પ્રભુતાની શક્તિ ભગવાનઆત્મા, પૂર્ણ પ્રભુતાની શક્તિ પ્રગટ કરવાની નબળાઈ છે. આહાહા..! .. પુરુષના આત્માને એ નબળાઈ હોય, સ્ત્રીના આત્માને હોય. નપુંસક-હીજડા સમકિત પામે છે. ક્ષાયિક સમકિતી 'શ્રેણિક' રાજા ન્યાં નપુંસક છે. એય..! તીર્થંકર થવાના છે, નપુંસક છે અત્યારે. નપુંસક છે એ ક્ષયોપશમજ્ઞાન હોય તો સમકિત પામે છે. નારકી પામે છે કે નહિ? આગળ આવશે. નારકીને પણ શીલ છે. સમ્યગ્દર્શન સાથે એને મિથ્યાત્વના અને કષાયના ભાવ ગયા છે એટલું શીલપણું એને નારકીને છે. બહારનું શરીર જુઓ તો.. આહાહા..! કેટલો દોષ છે? એ.. ક્યાં ગયો? 'મહેશ'! શું કહેતો હતો સવારમાં? નારકીને બહુ દુઃખ છે.

મુમુક્ષુ :- નારકીકો બહુત દુઃખ હૈ તભી ભી સમ્યગ્દર્શન પ્રાપ્ત હોતા હૈ.

ઉત્તર :- કૈસે કરતે હૈં, કહે છે. શાંતિ ઘડીની નહિ, એમ કહેતો'તો સવારમાં. ઘડીની શાંતિ નહિ એ ગર્ભ સમકિત કેમ પામે? એય..! અંદર વીર્યવાળો છે. પહેલા સમજ તો ખરો કે શું છે? નારકીમાં દુઃખનો પાર ન મળે તો ઇ તો પર છે. ઇ અહીંયાં અડે છે કે દિ'! આહાહા..! પરનું લક્ષ છોડીને જ્યાં સ્વનું લક્ષ કરે ત્યાં બહારના દુઃખમાં છું કે એમાં આત્મા છે જ નહિ. આત્મા તો જ્ઞાન અને આનંદમાં છે. સમજાણું કાંઈ? આટલા આટલા બધા સાધન મળ્યા અને ન્યાં તો ક્ષણની શાંતિ નથી અને એ પામે છે. ઇ શી રીતે? શાંતિ નથી ને. આ તો બધા ખાવા-પીવા.. જુઓને! શરીર નિરોગી, ઊંઘ આવે સરખાઈની, લાડવા ચડાવે, રોટલા ચડાવે, રોટલી ચડાવે.. પેલાને શું કહેવાય? પૂરી ને પતરવેલિયાના ભજીયા ને આહાહા..! આવી સગવડતા અને ધર્મ પામે નહિ અને ઓલાને શાંતિ ક્ષણની નહિ અને ધર્મ પામે, આ તે શું છે આ? અરે..! ભગવાન! બહારની ચીજ ક્યાં નડે છે ન્યાં?

દૃષ્ટિ જ્યાં પર ઉપર છે એને ઉઠાવીને અંદર મૂકવી એટલી વાર છે. હવે આમાં બહારની ચીજ નડે છે ક્યાં? અનુકૂળ હોય તો ઠીક પડે અને પ્રતિકૂળતા હોય તો ઠીક ન પડે એ વસ્તુમાં જ ક્યાં છે? 'દેવચંદજી'! સવારમાં બોલતો હતો, ઠીક બોલતો હતો. ... અશુભ ટળે છે માટે એને આમ થયું, એમ કહેતો હતો. વ્યવહારે અમૃત કહ્યું એ અશુભ ટળે છે માટે કહ્યું. વાહ! એ તો આત્મા છે ને. જાણવું છે ને. પહેલા જાણે તો ખરો. સમજાણું કાંઈ? ભગવાનઆત્મા અમૃતની મૂર્તિ પ્રભુ છે. એની દશાનું અમૃતપણું એ તો શુદ્ધ છે. એ તો નિશ્ચય છે. વ્યવહારે શુભમાં અશુભ ટળે છે માટે વ્યવહાર અમૃત કહેવામાં આવે છે. આને અમૃતનો આરોપ આપીને અમૃત કહીએ

એવી શૈલી ત્યાં લીધી નથી. ઓ..હો..હો...! કારણ છે. અહીં ટળવાનું સાધન તો આ છે પણ એવા સાધનમાં પડેલાને જે શુભભાવ હોય છે અજ્ઞાની એટલો રાગ ત્યાં ઘટે છે. એ તો પોતે વ્યવહાર છે ને? વ્યવહારમાં રાગાદિ ઘટે છે એથી તેને અમૃત કહીએ. છે તો ઝેર. વર્તમાન દુઃખ છે. સમજાણું કાંઈ? શુભભાવ વર્તમાન દુઃખ છે એ તો ઝેર છે પણ એમાં અશુભ ટળે છે એટલી અપેક્ષા લઈને એને અમૃત કહ્યું. આહા..! ગજબ વાત છે. ઓ..હો..હો...! વ્યવહારની વાત છે ને. નિશ્ચય તો અહીં છે. સમજાણું?

**'જબ પદાર્થોંકા યથાર્થ સ્વરૂપ જાના જાયે તબ ભલા-બુરા માર્ગ જાના જાતા હૈ. ઇસપ્રકાર માર્ગકે જાનનેમેં(ભી) સમ્યગ્દર્શન હી પ્રધાન હૈ.'** પદાર્થનું જ્ઞાન અને જ્ઞાનમાં પ્રધાનતા સમ્યગ્દર્શનની છે, એમ કહે છે. સમજાણું કાંઈ? અહીં દર્શનપાહુડ છે. સમ્યગ્દર્શન મુખ્ય પ્રધાન ચીજ છે. એમાં કીધું હતું, કે ઓલા માર્ગ દૂર છે. હેં? એ માર્ગની શ્રદ્ધા ને આત્માનું ભાન એ સમ્યગ્દર્શનનું મૂળ છે એમાં. ત્યારે તેને આગળ વધીને જ્ઞાન અને ચારિત્ર થાય છે. વિશેષ કહેશે..

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

आगे, कल्याण–अकल्याणको जाननेसे क्या होता है सो कहते हैं :–

## ગાથા-૧૬

**सेयासेयविदण्हू उद्धुददुस्सील सीलवंतो वि।**
**सीलफलेणब्भुदयं तत्तो पुण लहइ णिव्वाणं।।१६।।**

श्रेयोऽश्रेयवेत्ता उद्धृतदुःशीलः शीलवानपि।
शीलफलेनाभ्युदयं ततः पुनः लभते निर्वाणम्।।१६।।

**અશ્રેય-શ્રેયસુજાણ છોડી કુશીલ ધારે શીલને,**
**ને શીલફળથી હોય અભ્યુદય, પછી મુક્તિ લહે. ૧૬.**

**अर्थ् :– कल्याण और अकल्याणमार्गको जाननेवाला पुरुष 'उद्धृतदुःशीलः' अर्थात् जिसने मिथ्यात्वस्वभावको उडा दिया है – ऐसा होता है; तथा 'शीलवानपि' अर्थात् सम्यक्स्वभावयुक्त भी होता है, तथा उस सम्यक्स्वभावके फलसे अभ्युदयको प्राप्त होता है, तीर्थंकरादि पद प्राप्त करता है, तथा अभ्युदय होनेके पश्चात् निर्वाणको प्राप्त होता है।**

**भावार्थ :– भले–बुरे मार्गको जानता है तब अनादि संसारसे लगाकर जो मिथ्याभावरूप प्रकृति है वह पलटकर सम्यक्स्वभावस्वरूप प्रकृति होती है; उस प्रकृतिसे विशिष्ट पुण्यबंध करे तब अभ्युदयरूप तीर्थंकरादि पदवी प्राप्त करके निर्वाणको प्राप्त होता है।।१६।।**

## પ્રવચન નં. ૧૪, ગાથા-૧૬ થી ૧૮, સોમવાર, જેઠ વદ ૩, તા. ૨૨-૬-૧૯૭૦

'દર્શનપાહુડ', 'અષ્ટપાહુડ'માં. ૧૬મી ગાથા. પંદરમાં એમ આવ્યું કે આત્મા આનંદ અને જ્ઞાનસ્વરૂપ છે, એનું ધ્યાન થયે સમ્યગ્દર્શન થાય. આત્માના સ્વભાવો જેવા છે તેવા તેના જ્ઞાનમાં પ્રાપ્તિ થાય. તેથી તેને કલ્યાણ અને અકલ્યાણના માર્ગની સૂઝ પડે. સૂઝ પડે સમજો છો? ધ્યાન પડે. કહે છે, **'કલ્યાણ-અકલ્યાણકો જાનનેસે ક્યા હોતા હૈ...'** કલ્યાણનો માર્ગ અને અકલ્યાણનો માર્ગ જાણવામાં આવે તો થાય શું? એ કહે છે.

**सेयासेयविदण्हू उद्धुददुस्सील सीलवंतो वि।**
**सीलफलेणब्भुदयं तत्तो पुण लहइ णिव्वाणं।।१६।।**

**અર્થ :- 'કલ્યાણ ઔર અકલ્યાણમાર્ગકો જાનનેવાલા પુરુષ...'** હૈ. જેને કલ્યાણ શું અને અકલ્યાણ શું એવું જેને અંતરમાં જ્ઞાન થાય છે તે **'उद्धृतदुःशीलः' 'અર્થાત્ જિસને મિથ્યાત્વસ્વભાવકો ઉડા દિયા હૈ...'** સમજાય છે? પુણ્ય-પાપના ભાવ એ ધર્મ છે અથવા એ મારા છે એવી જે બુદ્ધિ, એવી જે માન્યતા એ કલ્યાણ-અકલ્યાણ પદાર્થની ભિન્નતાના ભાનમાં અકલ્યાણ એવો જે મિથ્યાત્વભાવ, તેને ઉડાવે છે. સમજાય છે કાંઈ? **'उद्धृतदुःशीलः' 'दुःशीलः'**ની વ્યાખ્યા જ આ. આત્મા આનંદ અને જ્ઞાનસ્વરૂપ છે એને પરમાં... ઇ હમણાં ૧૭ મી ગાથામાં કહેશે, પરમાં સુખ છે, પરથી સુખ છે એવો જે ભાવ-મિથ્યાત્વભાવ એ જ **'दुःशीलः'**. સમજાણું કાંઈ?

ભગવાનઆત્માનો સ્વભાવ તો આનંદ-અતીન્દ્રિય આનંદનો, ચૈતન્યનો પિંડ છે. એવું જેને શ્રેય-અશ્રેયનું જ્ઞાન થાય એ... **'दुःशीलः'** છે ને ઇ? **'उद्धृतदुःशीलः'**. ઉડાવી દે છે. ઓ..હો...! મારામાં તો આનંદ છે ને. આનંદ ને જ્ઞાન ને શાંતિનો સાગર હું છું ને. એવું કલ્યાણનું સ્વરૂપ જ્યાં જ્ઞાનમાં આવે એટલે મિથ્યાશ્રદ્ધા, એ જે **'दुःशीलः'** ભાવ એનો નાશ કરે છે. ઉડાવે છે એટલે નાશ કરે છે. સમજાણું કાંઈ? **'જિસને મિથ્યાત્વસ્વભાવકો ઉડા દિયા હૈ...'** વળી મિથ્યાત્વ એટલે શુદ્ધ ચૈતન્યસ્વભાવથી વિપરીત માન્યતા. એવો જે રાગ અને સંયોગ, એ મને ઠીક પડે છે, એ મારા છે, એવો જે ભાવ એને મિથ્યાત્વસ્વભાવ કહેવામાં આવે છે. એ કલ્યાણ-અકલ્યાણના જ્ઞાનવાળા, મિથ્યાત્વ જે અકલ્યાણસ્વરૂપ છે એનો નાશ કરે છે. કહો, બરાબર છે? પંડિતજી! આહા..હા...!

**'તથા...' 'शीलवानपि'** એકનો નાશ થયો ત્યારે જ્ઞાનાનંદ પ્રભુઆત્મા, એની શ્રદ્ધા ને જ્ઞાનની સ્થિરતાનો અંશ જાગ્યો એ શીલવંત છે. સ્વભાવનું સ્વભાવવંતપણું પ્રગટ્યું છે. એ અહીંયાં શીલ કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ? **'शीलवानपि' 'અર્થાત્ સમ્યક્સ્વભાવયુક્ત ભી હોતા હૈ,...'** આત્મા જ્ઞાન ચૈતન્યપ્રભુ અને અતીન્દ્રિય આનંદનું સ્વરૂપ એનું છે, એ અકલ્યાણ-કલ્યાણ જાણનારને અકલ્યાણના (ભાવનો) નાશ કરે છે અને કલ્યાણ

એવા સ્વભાવને પ્રગટ કરે છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'તથા ઉસ સમ્યક્સ્વભાવકે ફલસે...'** હવે કહે છે. ભગવાનઆત્મા જ્ઞાન ને આનંદ સંપન્ન છે. એવા સ્વભાવની પ્રાપ્તિ થઈ અને મિથ્યાત્વસ્વભાવ-પરમાં ઠીક, રાગ આદિ ઠીક, સંયોગ ઠીક, એવો જે મિથ્યાત્વભાવ હતો, એને જેણે ઉડાવ્યો છે. એથી એને સ્વભાવની પ્રાપ્તિ થઈ છે અને તેથી અભ્યુદય થાય છે. સ્વભાવની પ્રાપ્તિમાં શુદ્ધિ તો પ્રગટે છે પણ એમાં કોઈ એવો કોઈ શુભ વિકલ્પ રહી જાય તો તીર્થંકર આદિ થાય છે, એમ કહે છે. સમજાણું? એમાં લખ્યું છે. **'અભ્યુદયકો પ્રાપ્ત હોતા હૈ, તીર્થંકરાદિ પદ પ્રાપ્ત કરતા હૈ,...'** સમજાણું કાંઈ? ગણધર થાય, કોઈ બળદેવ થાય, કોઈ ઇન્દ્ર થાય. આહાહા..! કોઈ ચક્રવર્તી થાય. અહીં નિજપદ શુદ્ધ ચૈતન્યના ભંડાર, દરબાર જેના ખુલ્યા છે અને અજ્ઞાનનો જેણે નાશ કર્યો છે. એવા ધર્મીને ધર્મની શુદ્ધિ તો શીલરૂપ પ્રગટ થઈ છે પણ એમાં પણ કચાશ થોડી હોય અને વિકલ્પ હોય છે એમાં એ રાગથી એને તીર્થંકર ગોત્ર આદિ ગણધર આદિ પદ બંધાઈ (જાય) છે. પછી તે મોક્ષને પામે, એમ કહે છે. સમજાણું કાંઈ? **'તથા અભ્યુદય હોનેકે પશ્ચાત્ નિર્વાણકો પ્રાપ્ત હોતા હૈ.'** એવો ચૈતન્ય ભગવાન સચ્ચિદાનંદ સ્વરૂપ, એવું પોતાનું અંતરમાં ભાન થતાં અજ્ઞાનપણાનો નાશ કરી અને શુદ્ધતાને પ્રગટ કરી, એમાં કંઈક રાગાદિ બાકી રહે તો એને પદવી ઊંચી મળે. ગણધરની, તીર્થંકરની, ચક્રવર્તીની, ઇન્દ્રની,... સમજાણું કાંઈ? બળદેવની. એ પુણ્યનું ફળ છે. અને એની સાથે શુદ્ધતા ઓછી છે તો એ ભવિષ્યમાં પુણ્યફળમાં ગયો એને ટાળીને પૂર્ણ શુદ્ધતા પ્રગટ કરશે. સમજાણું કાંઈ? આવો ધર્મ છે, ભાઈ! સમજાણું કાંઈ? ભગવાન.. ભગવાન.. ભગવાન... ભગવાન કર્યે પણ કંઈ ધર્મ થાય એવું નથી, એમ કહે છે. આ ભગવાન પોતાનો છે એને યાદ કરીને પ્રગટ કરે તો એને ધર્મ થાય છે. આહાહા..! સમજાણું કાંઈ?

ભાવાર્થ :- **'ભલે-બુરે માર્ગકો જાનતા હૈ તબ અનાદિ સંસારને લગાકર જો મિથ્યાભાવરૂપ પ્રકૃતિ હૈ...'** મિથ્યાશ્રદ્ધાનો સ્વભાવ થઈ ગયો છે. જ્યાં હોય ત્યાં ઠીક પડે, રાગમાં ઠીક પડે, પુણ્યમાં ઠીક પડે, છોકરાઓ અનુકૂળ હોય તો ઠીક પડે, એ બધો મિથ્યાત્વભાવ પાખંડભાવ, દુઃખભાવ, પાપભાવ હતો. 'મલૂકચંદભાઈ'! છોકરાઓ હોય એને. ન હોય એને તો ક્યાં બાયડી-ભાયડો બે જણા છે. ન હોય તો મારે નથી, એમ કરીને પણ ત્યાં બળતરા (ભોગવતો હોય). કહે છે કે એ ઠીક અમને અનુકૂળતા પડે, બહારની સામગ્રી મળતાં મને ઠીક છે એ મિથ્યાત્વસ્વભાવ છે, એમ કહે છે. સેઠી! કહો. 'બાબુભાઈ' જેવા દીકરા મળે, પિતાજી સાહેબ.. પિતાજી સાહેબ એમ કહે. કહે છે, એ ઠીક છે એ માન્યતા મિથ્યાત્વસ્વભાવ છે, એમ કહે છે. વિનય કરે, આમ કરે... સમજાય છે કાંઈ? આહા..હા...!

કહે છે, એક કોર ભગવાનઆત્મા, જેમાં અતીન્દ્રિય આનંદ અને જ્ઞાનનો સાગર આત્મા છે અને એકબાજુ આ જગતની સંયોગી ચીજો-સ્ત્રી, કુટુંબ, શરીર, વાણી, મન અને અંદરનો પુણ્ય ને પાપનો ભાવ, એ કોઈપણ ચીજ ઠીક છે, એવી જે મિથ્યાપ્રકૃતિનો સ્વભાવ અનાદિથી ઇ સેવે છે. સમજાય છે કાંઈ? આહાહા..! આવી વાત છે. જુઓ! 'દર્શનપાહુડ'માં કેવી (કરી છે). જેનો

સ્વભાવ જ મિથ્યાત્વ થઈ ગયો છે, એમ કહે છે. મિથ્યાભ્રમ, ભ્રમ થઈ ગયો છે. ભગવાનઆત્મા આનંદમૂર્તિ છે, નિજાનંદનું નિજપદ (છે) એની સન્મુખ જોતો નથી. સ્વભાવ એવો થઈ ગયો છે. જ્યાં કાંઈક ઠીક થાય, આ ઠીક.. શરીર સુંદર તો ઠીક, પૈસા (હોય) તો ઠીક, આબરૂ તો ઠીક, મકાન તો ઠીક, દીકરા તો ઠીક, દીકરીઓ ઠીક, દીકરી કંઈક અંગ્રેજી સરખું ભણે તો એનો એને પોરો. 'નાગરભાઈ'! મારી દીકરી એમ.એ. થઈ છે, ફલાણું કર્યું છે. પણ દીકરી કે દિ' તારે હતી? સાંભળને. એનો પણ પોરો હોય. મિથ્યાત્વસ્વભાવ થઈ ગયો છે, એમ કહે છે. સમજાણું કાંઈ? આહાહા..! લ્યો, આ તો સમજાય એવું છે કે નહિ? 'રમણીકભાઈ'!

ભગવાનઆત્મા નિજાનંદ આતમરામ, એના સ્વભાવને ભૂલીને પરની અનુકૂળતા કે પ્રતિકૂળતામાં ઠીક-અઠીકનો મિથ્યાત્વભાવ જેને ઘૂંટાઈ ગયો છે, મિથ્યાસ્વભાવ જ એનો થઈ ગયો છે, એમ કહે છે. એ એનું યથાર્થ શ્રેય-અશ્રેયનું જ્ઞાન થતાં એ મિથ્યાત્વસ્વભાવને ઉડાવી દે છે. આ નહિ, આ નહિ, આ નહિ. અને પોતાનો શીલ સ્વભાવ એને પ્રગટ કરે છે. **'પ્રકૃતિ હૈ વહ પલટકર સમ્યક્સ્વભાવસ્વરૂપ પ્રકૃતિ હોતી હૈ,...'** પ્રકૃતિ એટલે સ્વભાવ. પ્રકૃતિ એટલે પરમાણુની પ્રકૃતિની વાત નથી. મિથ્યાસ્વભાવ. જ્યાં જાય ત્યાં કંઈક અનુકૂળતા હોય તો ઠીક છે, કંઈક પ્રતિકૂળતા (આવે તો) ઠીક નહિ. એનો અર્થ થયો કે પ્રતિકૂળતાનો અંશ પણ ઠીક નહિ એને અનુકૂળતા ઠીક લાગે. રાગ-દ્વેષ જ ઠીક છે એમ (લાગે છે). આહાહા..! સમજાણું કાંઈ?

ભગવાનઆત્મા તો વીતરાગ ચિદાનંદસ્વરૂપ છે. સચ્ચિદાનંદની મૂર્તિ આત્મા છે. સત્ શાશ્વત જ્ઞાન અને આનંદનો ભંડાર છે. એની પ્રકૃતિ એટલે સ્વભાવ ન જાણતાં બીજા પદાર્થોમાં મને ઠીક પડે છે કે અઠીક (પડે છે), બેય એક જ વાત છે. જેને પ્રતિકૂળ જરી પણ સહન થતું નથી અને ઠીક નથી લાગતું, એને અનુકૂળતાની કોઈપણ સામગ્રી ઠીક લાગે તેવું એના પેટમાં પડ્યું છે. 'પંચાધ્યાયી'ની વાત આપણે આવી ગઈ છે. નહિ? આમાં પણ આવી ગઈ. આમાં આવી હતી. સમજાણું કાંઈ?

આમ શરીરમાં આકરો રોગ આવે એ ઠીક ન પડે, લાગે તો એનો અર્થ ઇ કે નિરોગતાની સામગ્રી ઠીક લાગે છે. આહાહા..! આત્મા ઠીક છે એમ એને નથી. આહાહા..! સમજાણું કાંઈ? લાડવો ને દાળ ને આમ પતરવેલિયા આવ્યા. આમ જ્યાં મોઢામાં આવ્યા ત્યાં ઠીક લાગે છે. એને ઝેર અઠીક લાગે છે. બેય રાગ-દ્વેષની પ્રકૃતિ તે મિથ્યાત્વસ્વભાવ છે એમ અહીંયાં કહે છે. એવો જેનો સ્વભાવ અનાદિથી થઈ ગયો છે. કેમ છે જોયું?

**'અનાદિ સંસારસે લગાકર જો મિથ્યાત્વભાવરૂપ પ્રકૃતિ...'** સ્વભાવ માનીને થઈ ગયો છે. પર્યાયમાં, હોં! વસ્તુ તો વસ્તુ છે. **'વહ પલટકર સમ્યક્સ્વભાવસ્વરૂપ પ્રકૃતિ હોતી હૈ,...'** હું તો જ્ઞાનાનંદ ચિદાનંદ જ્ઞાતા-દૃષ્ટા છું. મારામાં પુણ્ય-પાપ તે ઠીક, પણ એ મારામાં છે નહિ. આહાહા..! એવો સ્વભાવ હોય (છે). **'ઉસ પ્રકૃતિસે વિશિષ્ટ પુણ્યબંધ કરે...'** એવો સ્વભાવ ઇન્દ્રમાં થોડો પણ અભ્યુદય રાગ બાકી રહે તો અનુકૂળ સામગ્રી (મળે). સમકિતીને જેવું હોય એવું મિથ્યાદૃષ્ટિને કોઈ દિ' હોઈ શકે નહિ, એટલું સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ? **'તબ**

**અભ્યુદયરૂપ તીર્થંકરાદિકી પદવી પ્રાપ્ત કરકે નિર્વાણકો પ્રાપ્ત હોતા હૈ.'** પછી એ મોક્ષને પામે. એવો જરી વચમાં થોડો ધર્મશાળાનો ભાવ બાકી રહી ગયો હોય તો ત્યાં થોડું રોકાઈ જાય. પછી તો એને છોડવાનો જ અભિપ્રાય છે, ઠીક છે તેમ છે નહિ. સમજાણું કાંઈ? એ પ્રકૃતિ રાગ આવ્યો એ ઠીક છે, (એવું) તો છે નહિ. થઈ છે એટલે એના ફળ તરીકે મળશે. એને પછી છોડીને કેવળજ્ઞાન પામશે. આહાહા..! આ તો આ ભવમાં કેવળજ્ઞાન નથી એટલે એ અપેક્ષાએ વાત લીધી. સમજાણું કાંઈ? પોતાને આ ભવમાં પૂર્ણ પદની પ્રાપ્તિ નથી.

---

**आगे कहते हैं कि ऐसा सम्यक्त्व जिनवचनसे प्राप्त होता है इसलिये वे ही सर्व दुःखोंको हरनेवाले हैं :–**

## ગાથા-૧૭

**जिणवयणमोसहमिणं विसयसुहविरेयणं अभिदभूदं।**
**जरमरणवाहिहरणं खयकरणं सव्वदुक्खाणं।।१७।।**

जिनवचनमौषधमिदं विषयसुखविरेचनममृतभूतम्।
जरामरणव्याधिहरणंक्षयकरणं सर्वदुःखानाम्।।१७।।

**જિનવચનરૂપ દવા વિષયસુખરેચિકા, અમૃતમયી,**
**છે વ્યાધિ-મરણ-જરાદિહરણી, સર્વ દુઃખવિનાશિની. ૧૭.**

**अर्थ :– यह जिनवचन हैं सो औषधि हैं। कैसी औषधि है? – कि इन्द्रियविषयोंमें जो सुख माना है उसका विरेचन अर्थात् दूर करनेवाले हैं। तथा कैसे हैं? अमृतभूत अर्थात् अमृत समान हैं और इसलिये जरामरणरूप रोगको हरनेवाले हैं, तथा सर्व दुःखोंका क्षय करनेवाले हैं।**

**भावार्थ :– इस संसारमें प्राणी विषयसुखोंका सेवन करते हैं जिनसे कर्म बँधते हैं और उससे जन्म–जरा–मरणरूप रोगोंसे पीड़ित होते हैं, वहाँ जिनवचनरूप औषधि ऐसी है जो विषयसुखोंसे अरुचि उत्पन्न करके उनका विरेचन करती है। जैसे गरिष्ठ आहारसे जब मल बढ़ता है तब ज्वरादि रोग उत्पन्न होते हैं और तब उसके विरेचनको हरड़ आदि औषधि उपकारी होती है उसीप्रकार उपकारी हैं। उन विषयोंसे वैराग्य होने पर कर्मबन्ध नहीं होता और तब जन्म–जरा–मरण रोग नहीं होते तथा संसारके दुःखका अभाव होता है। इस प्रकार जिनवचनोंको अमृत समान मानकर अंगीकार करना।।१७।।**

---

## ગાથા-૧૭ ઉપર પ્રવચન

**'આગે કહતે હૈં કિ ઐસા સમ્યક્ત્વ જિનવચનસે પ્રાપ્ત હોતા હૈ...'** વીતરાગની વાણીથી આવું સમ્યગ્દર્શન થઈ શકે છે. કેમ વીતરાગની વાણીથી થઈ શકે? **'ઇસલિયે વે હી સર્વ દુઃખોંકો હરનેવાલે હૈં.'** વીતરાગ સર્વજ્ઞની વાણી, એના કહેલા ભાવ, એ સર્વ દુઃખોનો નાશ કરનારા છે. જુઓ! એ ગાથા લીધી. 'પ્રશ્ન વ્યાકરણ'માં એવું આવે છે. શ્વેતાંબરમાં શરૂઆતમાં આવે છે.

**जिणवयणमोसहमिणं विसयसुहविरेयणं अभिदभूदं।**
**जरमरणवाहिहरणं खयकरणं सव्वदुक्खाणं।।१७।।**

ઓ..હો..! વીતરાગની વાણી વીતરાગને પોષણ કરનારી છે. રાગને નાશ કરનારી વાણી છે. કેટલું કહે છે?

**અર્થ :- 'યહ જિનવચન હૈં સો ઔષધિ હૈં.'** વીતરાગ પરમેશ્વરની વાણી તે ઔષધ છે. વાણી ઔષધ છે એટલે એણે કહેલો ભાવ. વાણી ... **'કૈસી ઔષધિ હૈ? કિ ઇન્દ્રિયવિષયોંમેં જો સુખ માના હૈ ઉસકા વિરેચન અર્થાત્ દૂર કરનેવાલે હૈં.'** આહા..! જુઓ! કહે છે કે વીતરાગની વાણીમાં આત્મા આનંદસ્વરૂપ છે, એ સિવાય પુણ્ય-પાપ ને પુણ્ય-પાપના ફળ તે દુઃખરૂપ, ભાવ દુઃખરૂપ અને બહાર દુઃખના નિમિત્તો છે. એમાં ક્યાંય સુખ છે નહિ. ... વીતરાગની વાણી, એમ કહે છે. સમજાણું કાંઈ? મિથ્યાસ્વભાવ થઈ ગયો છે ને એનો? તેથી કહે છે, મિથ્યાસ્વભાવમાં થયું હતું શું? કે શબ્દમાં, રૂપમાં, રસમાં, ગંધમાં, સ્પર્શમાં, ભોગમાં સુખ છે એમ માનનારા ભગવાનઆત્મામાં આનંદ નથી એમ માનનારા મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની છે. આહાહા..! સમજાય છે કાંઈ?

જિનવચન ઔષધ છે. કોનામાં? વિષયના વિરેચન-રેચ કરાવી નાખે. રેચ.. રેચ. હરડેનો રેચ લે છે ને? હરડેનો. એ આવશે, અંદરમાં આવશે. કાઢી નાખે. એમ વીતરાગની વાણી ત્રણકાળ ત્રણલોકમાં ઇન્દ્ર આદિના સુખો તે દુઃખરૂપ અને ઝેર છે. આ પાંચ-પચીસ કરોડનો આસામી થાય, શરીર સુંદર અને રૂપાળું હોય, બાયડી, છોકરા સારા હોય, મકાન બંગલા પાંચ-પાંચ લાખના બનાવ્યા હોય. એમાં સુખ છે એ માનનારા ઝેરને પીવે છે. એ ઝેરનું વીતરાગની વાણી રેચ કરાવનારી છે. આહાહા..! 'અભેચંદજી'! આહાહા..!

છોડ રે, છોડ, ભાઈ! એ પુણ્ય-પાપના ભાવ જે તને થાય એ પણ વિરેચન કર. કારણ કે ઇ રાગ છે. અને એના ફળ તરીકે બહારમાં તું ક્યાંય માન કે આ ઠીક છે, આ ઠીક છે, આ ઠીક છે.. સમજાણું કાંઈ? એ બધો પરના વિષયનો ભાવ, એને વીતરાગી વાણી રેચ કરાવી દે. એમાં ક્યાંય સુખ નથી, તારા પુણ્ય-પાપના ભાવમાં અને સામગ્રીમાં સુખના નિમિત્તો નથી. એ સુખના નિમિત્તો નથી. આહાહા..! સમજાણું કાંઈ?

જેને એ ભોગમાં, શબ્દ, રૂપ, રસ, ગંધ, સ્પર્શમાં ઠીકપણું ભાસે છે તે જ પ્રકૃતિ મિથ્યાત્વ

છે, એમ કહે છે. એને વીતરાગની વાણી રેચ કરાવી નાખે છે. આહાહા..! સમજાણું કાંઈ? તારામાં આનંદ છે ને. પરમાં ક્યાંય સુખ નથી, જરીયે ગંધ નથી, બધું દુઃખ છે. એવું વીતરાગની વાણી ફરમાવે છે. આહાહા..! કહો, સમજાણું આમાં? 'જાદવજીભાઈ'! કેટલું સુખ હશે? આ બધા પૈસાવાળા કહે છે ને માણસ? ધૂળમાંય નથી, દુઃખી છે. આકુળતા.. આકુળતા.. આકુળતા છે. એને સુખ માને, વીતરાગની વાણી એના ઉપર ઘા મારે છે. છોડ, ઇ દુઃખ છે, વિષય છે તે દુઃખ છે. ઇન્દ્રાણીની અનુકૂળતાના વિષય દુઃખ છે. સમજાણું કાંઈ? સુખ તો તારા સ્વરૂપમાં છે. સચ્ચિદાનંદ પ્રભુ આત્મા છે. શાશ્વત જ્ઞાન અને આનંદ તું છો એમ વીતરાગની વાણી પોકારીને વિષયને ફેરવી નખાવે છે. સમજાણું કાંઈ? આહાહા..! કહો, સમજાય છે કે નહિ આમાં?

આમ રોટલી અનુકૂળ ઊની ઊની આવી. તુવેરની દાળ વઘારેલી સરખી, મેથી ને મરચા શું કરે? કડછીયામાં નાખીને. અગ્નિમાં નાખે છે ને? વઘાર.. વઘાર કહે છે. છમ.. દાળમાં નાખે ને? છમ. લાડવો આમ ખાય ભેગો, ત્યાં ઠીક લાગ્યું (તો) તું મૂઢ છો, કહે છે. વીતરાગની વાણી તેને રેચ કરાવી નાખે છે. 'સુજાનમલજી'! જુઓ! આ કેવી શૈલીએ વાત કરી છે. આહાહા..! ભાઈ! તે પરમાં ક્યાંય ઠીકબુદ્ધિ, હિતબુદ્ધિ, શ્રેયબુદ્ધિ (છે) એ બધો મિથ્યાત્વભાવ (છે). એને વીતરાગની વાણી રેચ કરાવે છે (કે) છોડ. ભગવાનઆત્મામાં આનંદ છે ત્યાં દૃષ્ટિને સ્થાપ. એ વીતરાગની વાણી આમ કહે છે. આહાહા..!

વીતરાગ વાણી (એમ કહે કે) અમારી ભક્તિ કરતાં પણ તને રાગ થાય છે અને રાગ તે દુઃખ છે, એનો રેચ કરાવનારી વીતરાગની વાણી છે. આહાહા..! સમજાણું કાંઈ? એય..! આમ મોટરમાં બેઠો હોય, આમ લાખની મોટર હોય. આવે છે ને? શું કહેવાય મોટી? ... આમ બેઠો હોય અંદર. ઇ જાણે બળદ જેવો. એને એમ લાગે કે હું કાંઈક (છું). અરે..! હેં? આ અમથી સાયકલ ઉપર બેસે ને? સાયકલ ઉપર, આ સાયકલ નહિ, આ શું કહેવાય તમારી? આ હાંકે છે ઇ. આ બેસીને આવે છે ને? અત્યારે આમ હાંકતા હોય. શું થયું પણ તને આ?

મુમુક્ષુ :- ઘોડાની પૂંછ વાયડી.

ઉત્તર :- વાયડીનો અર્થ આ. લોકો કહે ને? ઘોડાની પૂંછ વાયડી. અંદર તો વાયડીયું હોય પણ બેસે ત્યાં એને વાયડાઈ આવી જાય. શું છે પણ? સમજાય છે? આહાહા..! ઇ લોકો કહેતા હશે, વાત સાચી છે. ઘોડે બેસે, સાયકલમાં બેસે, મોટરમાં બેસે, કોઈ વિમાનમાં બેસે, એરોપ્લેનમાં બેસે. રોકેટમાં બેસે. આહાહા..! શું છે? ધૂળેય નથી. મરી ગયા.

પરમાં ક્યાંય પણ તને હોંશ આવી એ મિથ્યાત્વનો ભાવ છે, એમ કહે છે. એ ભગવાનની વાણી ઉડાડે છે, છોડ. હોંશ ન્યાં કરે છે? અહીં હોંશ કરવા જેવી છે. સમજાણું કાંઈ? આહા..! એનો અર્થ ઇ કે ધ્રુવમાં ધ્યેય કરાવે છે. અંદર આનંદનું ધામ છે ત્યાં દૃષ્ટિ કરાવે છે, વીતરાગભાવમાં દૃષ્ટિ કરાવે છે અને રાગભાવમાંથી દૃષ્ટિ ઉઠાવે છે. આહાહા..! આ વ્યવહાર રત્નત્રયના રાગને ઝેર કરીને જિનવાણી એને ઉડાવી નાખે છે.

... આપણે સાગરવાળા. મુન્નાલાલ. 'છ ઢાળા'માં વ્યવહાર કારણ છે એમ કહ્યું છે. એનો

અર્થ બીજો છે. નિશ્ચયનું વ્યવહાર કારણ હોઈ શકે નહિ. એ અર્થ ... છે અહીં? 'છ ઢાળા'માં ... નિયતનો હેતુ વ્યવહાર. ... એનું કારણ તે વ્યવહાર. આનું કારણ માટે વ્યવહાર એમ નહિ. એવો જરી અર્થ કર્યો છે, ઠીક કર્યો છે. વસ્તુ જ્યાં આનંદકંદ ધ્રુવ નિત્ય પરની અપેક્ષા વિનાની છે, એને વ્યવહાર આનું કારણ છે એમ હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? ઇ છે આની અંદર. 'છ ઢાળા'માં મથાળામાં મૂક્યું છે. શું કહ્યું? 'છ ઢાળા' એક અધ્યયન. પંડિત 'મુન્નાલાલ' ... એમ લખ્યું છે. '... સત્યાર્થ રૂપ સો નિશ્ચય, કારણ સો વ્યવહાર' એમ નહિ. 'જો સત્યાર્થરૂપ સો નિશ્ચય અને કારણ...' જેને પરનું કારણ લાગુ પડે એ વ્યવહાર છે, અભૂતાર્થ છે. આનું કારણ છે એમ નહિ. એવો અર્થ કર્યો છે. વીતરાગીમૂર્તિ ચૈતન્ય પોતે પરની અપેક્ષા વિનાનું સ્વતઃસિદ્ધ તત્ત્વ છે એને પરનું કારણ અને પરનો વ્યવહાર કારણ એમ નહિ. ઠીક કર્યું છે. ... સમજાણું કાંઈ?

અહીં કહે છે, **'ઇન્દ્રિય વિષયોંમેં જો સુખ માના હૈ...'** દેખો! છે ને? પાંચેય ઇન્દ્રિયમાં કંઈ પણ દૂધપાક, કઢી આમ સામું આવે અને ઘીની તળેલી પૂરી. પોચી, પોચી પૂરી મરી ગયો, કહે છે. સાંભળને. તારો સ્વભાવ મિથ્યાત્વ થઈ ગયો છે. સમજાણું કાંઈ? એમાં સુખની તારી કલ્પના (છે) એનું ભગવાન વિરેચન કરાવે છે, છોડ! એમાં ક્યાંય સુખ નથી. એ તો દુઃખ છે, એને તું સુખ માને છો? આહાહા..! કહો, સમજાણું કાંઈ? આ પૈસાવાળા સુખી છે ને ધનાઢ્ય સુખી છે. મૂઢ છો? આવી પ્રકૃતિ તેં ક્યાંથી કરી લીધી? એમ કહે છે. એય..! 'મલુકચંદભાઈ'ને કહેવું મુદ્દાની છે? એના છોકરા છે ને પૈસાવાળા. સુખી કહેવું ઇ કહે છે, મૂઢ છો? તને પાંચ ઇન્દ્રિયના વિષયમાં સુખ ભાસે છે? તને અને બીજાઓને છે એમાં તને સુખ ભાસે છે? પ્રકૃતિ તારી મિથ્યાત્વ થઈ ગઈ છે. કહો, સમજાણું આમાં? એને જિનવચન મારે છે ધક્કો અંદરથી. છોડ, વિષય. મૃતક કલેવરા. એમાં ક્યાંય સુખ છે નહિ. હેય કરી નાખ, કહે છે. આહાહા..!

છ ખંડના ધણી ભોગવે છે ને ? ભોગવતા નથી. સાંભળને. છ ખંડના ધણી સમકિતી, ક્ષાયિક સમકિતી, છન્નુ હજાર સ્ત્રી. અરે...! રાગ આવે એને તો દુઃખ લાગે છે, કાળો નાગ ભાળે છે એને. આહાહા..! વૃત્તિ ફરી ગઈ છે. અને તને અંદર જ્યાં કંઈક ઠીક લાગે, અનુકૂળતા છે (તો કહે છે), તારી સ્વભાવની પ્રકૃતિ જ મિથ્યાત્વ થઈ ગઈ છે. સમજાણું કાંઈ? આહાહા..! આખી દુનિયાથી દૃષ્ટિ ઉઠાવ, એમ કહે છે મૂળ તો.

પરજ્ઞેયમાં કંઈ પણ ઠીક લાગે એટલે આત્મા આનંદકંદ પ્રભુ છે એનો તેં અનાદર કર્યો. શાશ્વત વસ્તુ ભગવાનઆત્મા નિત્યાનંદનો નાથ પોતે છે એનો તું અનાદર કરે છો. અને રાગમાં સુખ નથી, પરમાં સુખ નથી એને માને છો એ મિથ્યાત્વપ્રકૃતિ છે. ગુલાંટ ખા. વીતરાગ વાણી એમ કહે છે, પર્યાયબુદ્ધિ, પરમાં સુખબુદ્ધિ છોડ. એમ મૂળ તો કહે છે. આહાહા..! વાહ..! .... '**जिणवयणमोसहमिणं विसयसुहविरेयणं**.' ઇ શબ્દ ત્યાં ક્યાં છે? વિષયસુખનો ભેદ પાડ. શું કહે છે આ? સમજાણું કાંઈ? જેને રાગ સારો લાગે છે એને રાગના ફળ તરીકે પુણ્ય અને પુણ્યના ફળ તરીકે સામગ્રી બધી સારી લાગે છે. સમજાણું કાંઈ? રાગભાગ તો અચેતન છે. એમાં જેને ઠીક લાગે છે (એ) ઝેરબુદ્ધિ છે, મિથ્યાપ્રકૃતિ છે. આહા..! સમજાણું કાંઈ?

**'ઇન્દ્રિયવિષયોંમેં જો સુખ માના હૈ...'** આમ સાધારણ ભાષા છે પણ એમાં ભાવ ઊંડા છે. **'ઉસકા વિરેચન અર્થાત્ દૂર કરનેવાલે હૈં.'** આહાહા..! વીતરાગની વાણીમાં પુણ્ય અને પાપના બેય ભાવો અને એના ફળ તરીકેની ચીજો, એમાંથી દૃષ્ટિ ઉઠાવે છે. સમજાણું કાંઈ? ત્યાં દૃષ્ટિ મૂકી છે અને ઠીક લાગે છે એ જ મિથ્યાત્વભાવ છે. એ મિથ્યાત્વભાવને વીતરાગની વાણી છેદાવે છે. છોડ! પહેલામાં જરી કહ્યું હતું પહેલું (કે) અભ્યુદય પામે, તીર્થંકર પામે પાછું અહીં (આ કહે છે). દૃષ્ટિને અહીંયાં સ્થિર કરવી છે. એ તો એક ફળ બતાવ્યું કે આને આવું થાશે. પણ એમાં સુખ માનતો નથી. આહાહા..! સમજાણું કાંઈ?

પાંચ ઇન્દ્રિયના વિષયમાં સુખ માન્યું હતું એનું વિરેચન અર્થાત્ દૂર કરનારી વાણી છે. એટલે કે આત્મામાં આનંદ છે એવી દૃષ્ટિ કરાવનારી વીતરાગની વાણી છે. આત્મામાં ધર્મ છે. ધર્મ એટલે તારો સ્વભાવ, એવી વીતરાગની વાણી પરમાંથી દૂર કરાવી સ્વમાં સ્થાપે છે. આહાહા..! સમજાણું કાંઈ? 'સુજાનમલજી'! એવી વાત છે. આહાહા..! દીકરો સારો થાય તો ઠીક. દીકરો નહિ પણ એના સાળાનો સાળો ઠીક થાય તો એને સારું રહે. દીકરો હોય, એનો સાળો હોય અને એનો સાળો. ઇ પામે તો ભાઈ! ખુશી થવાય, ખુશી. ન થવાય એમ હોય? અહીં બેઠા બેઠા બોલતા હતા. ધૂળેય નથી, હવે સાંભળને. આહા...!

મુમુક્ષુ :- ભગવાનઆત્માનો અનાદર થઈ જાય છે.

ઉત્તર :- આહાહા..! વીતરાગની વાણી એ અભિપ્રાયને દૂર કરાવે છે. સમજાણું કાંઈ? ભર્યા ભાણા પડ્યા છે ને અંદર અને આવા એંઠા ચાટવા જાય છે, એને વીતરાગની વાણી માર કપાવે છે. છોડ, એ દૃષ્ટિ. આહાહા..! ક્યાંય પણ જો મીઠાશ રહી ગઈ (તો એ) મિથ્યાત્વ પ્રકૃતિ છે, એમ અહીંયાં કહે છે. 'નાગરભાઈ'! બરાબર હશે કે નહિ આ? આ તો ફેર કહે છે. દૃષ્ટિ ફેર બતાવે (છે.) દર્શન પાહુડ છે ને. સમકિત છે ને? મિથ્યાત્વ છે એને ગુલાંટ ખવરાવી સમકિત (કરાવે છે). સ્વનો આશ્રય કર અને સ્વમાં સુખ છે એવી બુદ્ધિને અહીંયાં સ્થાપ. એવું વીતરાગ વાણી કહે છે. આહાહા..!

**'તથા કૈસે હૈં? અમૃતભૂત અર્થાત્ અમૃત સમાન હૈં...'** વાસ્તવિક જે ભગવાનઆત્મા અમૃતની મૂર્તિ આત્મા છે, આત્મા અતીન્દ્રિય અમૃતની મૂર્તિ છે. એ અમૃતમૂર્તિને બતાવનારી વાણી છે માટે વાણી અમૃત છે. 'શ્રીમદ્'માં આવ્યું ને ઇ?

**વચનામૃત વીતરાગના પરમશાંત રસમૂળ**
**ઔષધ જે ભવરોગના કાયરને પ્રતિકૂળ.**

કાયર હીણા હીજડા નપુંસક જેવાને એ વાણી આકરી લાગે કે અર..ર..! આહા! આ શું? 'અમૃતભાઈ'! રાગના પ્રેમીલા, પુણ્યના પ્રેમીલાને આ વાત કહે છે કાયરને સારી ન લાગે. સમજાય છે કાંઈ? પુણ્યના પ્રેમીલા એ વિષયના પ્રેમીઓ છે. એ વીતરાગની વાણી અમૃતભુત (છે). દુઃખનો ભેદ કરાવી, પરમાં સુખબુદ્ધિ છે એનો નાશ કરાવી (અમૃત પીવડાવે છે). હજી તો આ દર્શનશુદ્ધિની વાત ચાલે છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'ઇસલિયે જરામરણરૂપ રોગકો હરનેવાલે હૈં,...'** આહા..! પરમાત્માની વાણીમાં જરામરણરૂપ રોગ, એ જરામરણરૂપ રોગને હરનારી છે. **'તથા સર્વ દુઃખોંકા ક્ષય કરનેવાલે હૈં.'** સમજાણું કાંઈ? જુઓ! અહીં તો વાણી એને કહીએ કે જે રાગ અને રાગના ફળનો નિષેધ કરાવે અને વીતરાગસ્વરૂપ આત્માને તેમાં સ્થાપે એનું નામ વીતરાગની વાણી છે એમ અહીં કહે છે.

જિનવાણીની પરીક્ષા શું? વીતરાગ વાણીની પરીક્ષા શું અને કસોટી શું? સમજાણું કાંઈ? ચાર અનુયોગમાં ચાહે સો વાણી હો, પણ રાગ અને રાગના ફળ, એમાં એનો પ્રેમ ઉડાવવા માગે છે અને ભગવાનઆત્મા આનંદની મૂર્તિ પ્રભુ છે એનો પ્રેમ કરાવે છે. રતિ આવે છે ને? નિર્જરામાં. નહિ? રતિ, રતિકર છે. એટલું જ કલ્યાણ છે, એટલો જ માર્ગ છે. આહાહા..! દર્શન પાહુડ છે ને? મૂળ દર્શન તો એને કહ્યું પણ એનું પાછું બધાનું મૂળ તો સમ્યગ્દર્શન છે. એ સમ્યગ્દર્શન પરની (સુખબુદ્ધિ) ઉડાવી દઈને, ચાહે તો તીર્થંકર ગોત્રનો ભાવ હોય પણ એ દુઃખબુદ્ધિ છે. એટલે એને દુઃખ છે. એ વિષય, તારું ધ્યેય એ ન હોય. ધ્યેય તો ધ્રુવ ઉપર હોય. જેમાં આનંદ અને અનંત અનંત સર્વજ્ઞ શક્તિઓ પડી છે. એવી ધ્રુવ ઉપર દૃષ્ટિ કરાવે એ વીતરાગની વાણી (કહેવાય). સમજાણું કાંઈ?

પરમાં સુખબુદ્ધિ છે એ પર્યાયબુદ્ધિ છે, મૂઢબુદ્ધિ છે, મિથ્યાત્વસ્વભાવનો પાખંડ ભાવ છે, એમ કહે છે. એને ભગવાન ઉડાવી દ્યે છે. છોડ એ દૃષ્ટિ. ભગવાન! તારામાં આનંદ છે ને નાથ! આહાહા..! આનંદથી તો પરિપૂર્ણ છે અને રાગથી તો બિલકુલ ખાલી છે. આહાહા..! ઉનાળાના દિ' હોય, ઘણી તૃષા લાગી હોય અને એમાં મોસંબીના પાણી મળે અને એના ઉપર નાખેલો હોય આઈસ્ક્રીમ. એય..! ગળુ સુકાણું હોય. ગટક... ગટક (પીવે). એ તો જડની ક્રિયા (છે). પ્રેમ લાગી જાય છે.

મુમુક્ષુ :- એ તો પુદ્ગલની પર્યાય છે.

ઉત્તર :- એ તો પુદ્ગલની કીધી, એ તો જડની કીધીને. એમાં પ્રેમ લાગી જાય છે, ત્યાં ચોંટ્યો છે. તારી પ્રકૃતિ મિથ્યાત્વસ્વભાવ છે. આહાહા..! એમ કહે છે. આ તો દાખલો આપ્યો એકનો. એવા પાંચ .... સમજાણું કાંઈ? આહાહા..! ઇન્દ્રિયના વિષયોને જીતવા એમ આવે ને ૩૧મી ગાથામાં? ખંડ ખંડ ઇન્દ્રિય ભાવેન્દ્રિય અને એના વિષયો બધાને જીતવા. બધાયનો વિષય છોડ. કારણ કે બધા વિષયમાં ક્યાંય સુખ છે નહિ. સમજાણું કાંઈ?

એ આ સુખસ્વરૂપ ભગવાન (છે) એવી દૃષ્ટિ કરાવે તે જિનવચન કરાવે છે, કહે છે. સમજાણું કાંઈ? એ વાત વીતરાગમાર્ગમાં ચારેય અનુયોગમાં દૃષ્ટિ કરાવવી હોય તો પરથી ઉઠાવી સ્વમાં મૂકાવે છે. આહાહા..! નિર્ધન હોય, ખાવાના સાંસાં હોય, એમાં પાંચ-પચાસ લાખ પડ્યા હોય. ફૂલેફાલે. અમે તો કેવા સુખી થઈ ગયા!

મુમુક્ષુ :- એના બાપ-દાદા..

ઉત્તર :- એના બાપ-દાદાનું શું હતું? .. આત્મા હતો કે નહિ? આ નહોતું અને હતું એમાં સુખ ક્યાં હતું? એય..! 'છોટાભાઈ' પાસે નહોતું. 'પૂનમચંદ' પાસે...

મુમુક્ષુ :-

ઉત્તર :- પણ એના છોકરા પાસે છે એની હુંફ તો રહે. અને પેલો ન્યાં.. આહાહા..! એનો વૈભવ. ઇ તો કહે, અમે આવા વૈભવમાં ન રહીએ તો અમારે જીવવું શું? ... શું કહે છે? સ્વીટઝર્લેન્ડ. શું ભાષા છે? એય..! અહીં અમારે પદ્ધતિ જ આવી હોય. બાગ ને બગીચા ને.. એની ભાષા છે. અમારી રહેણીકરણી જ આવી હોય. સેઠી! 'મલૂકચંદભાઈ'નો મોટો દીકરો છે ને. 'મલૂકચંદ'નો મોટો દીકરો. બે કરોડ રૂપિયા. અને બાગ, બગીચા ને વૈભવ.. વૈભવ.. વૈભવ.. સ્વીટઝર્લેન્ડમાં છે. આ ત્યાં નથી ગયા, હોં! ... ત્યાં ક્યાંય સુખ નથી, સુખબુદ્ધિ લાગી તો મૂઢ છે, એમ અહીં તો કહે છે. ... આહાહા..! એ વિષ્ટાની પથારીમાં સૂવું અને રાજી થાવું... મૂઢ છો, એમ કહે છે. આહાહા..!

એ વિકલ્પનો ભાગ ઉઠે અને એની સામગ્રી ઉપર એનું લક્ષ જાય તો કહે છે એ દુઃખની ભઠ્ઠી છે, બાપા! એનો રેચ કરાવનારી વીતરાગની વાણી છે, છોડ. વીતરાગ થયા તે રાગને છેદીને થયા છે. વ્યવહારને છેદીને થયા છે. આહાહા..! સમજાણું કાંઈ? હજી તો અહીં સમ્યગ્દર્શન પૂરતી વાત છે આ તો. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- વ્રત લેશે...

ઉત્તર :- ઇ કહેશે આગળ. આવે છે ને એમાં. છે ને ક્યાંક? ૨૨ ગાથામાં છે. **'ચારિત્રકા પાલન કરે તબ સમ્યક્ત્વી માના જાયે.'** ભાવાર્થમાં છે. **'યહાં આશય ઐસા હૈ કિ યદિ કોઈ કહે કિ-સમ્યક્ત્વ હોનેકે બાદમેં તો સબ પગદ્રવ્ય-સંસારકો હેય જાનતે હૈં. જિસકો હેય જાને ઉસકો છોડ મુનિ બનકર ચારિત્રકા પાલન કરે તબ સમ્યક્ત્વી માના જાયે, ઇસકે સમાધાનરૂપ યહ ગાથા હૈ.'** મુનિ થાય તો સમકિત થાય એમ નથી, સાંભળને. આવા ઊંધા! ઇ ગાથા જ આ છે, દેખો!

**'જિસને સબ પરદ્રવ્યકો હેય જાનકર નિજસ્વરૂપકો ઉપાદેય જાના,...'** પરમાંથી વિષયસુખમાંથી બુદ્ધિ ઉઠી ગઈ. આત્મામાં સુખબુદ્ધિ થઈ. **'તબ મિથ્યાભાવ તો દૂર હુઆ, પરન્તુ જબ તક (ચારિત્રમેં પ્રબલ દોષ હૈ તબ તક) ચારિત્ર મોહકર્મકા ઉદય પ્રબલ હોતા હૈ (ઔર) તબ તક ચારિત્ર અંગીકાર કરનેકી સામર્થ્ય નહીં હોતી. જિતની સામર્થ્ય હૈ ઉતના તો કરે ઔર શેષ શ્રદ્ધાન કરે, ઇસપ્રકાર શ્રદ્ધાન કરનેવાલેકો હી ભગવાનને સમ્યક્ત્વ કહા હૈ.'** 'દેવીચંદજી'! આહા..!

એમ કહે છે, સમકિત તો એને કહીએ કે ચારિત્ર અંગીકાર કરે. જેને હેય જાણ્યું એને શું કરવા લક્ષમાં રાખે? હવે સાંભળને. એ તો ચારિત્રદોષ હોય એને. ચારિત્રદોષ હોય તો સમકિતને નુકસાન કરે છે એમ નથી. આહાહા..! રોટલો ને છાશ ખાતો હોય અને ચક્રવર્તી દેખતો હોય. કેવા એના બત્રીસ કોળિયા! છન્નું કરોડ પાયદળ પચવી ન શકે. છન્નું કરોડ પાયદળ એના બત્રીસ કોળિયા પચવી ન શકે. એ આ ખાય. એકલી હીરાની ભસ્મ, માણેકની ભસ્મ.

મુમુક્ષુ :-

ઉત્તર :- આ તો જડની વાત ચાલે છે. મોતીની ભસ્મ. ઘઉં પા શેર લે, એમાંથી શેર ઘી નાખે. એ શેર ઘીમાં આવી બધી ભસ્મ નાખે. અને એ ઘઉં પીવે. ભસ્મવાળા, હોં! એ ઘઉંનો લોટ કરે અને એ લોટની રોટલી કરે. ભિખારીને તો મળે નહિ.

મુમુક્ષુ :- જોવા પણ ન મળે.

ઉત્તર :- જોવા ન મળે. છતાં કહે છે કે એ ભાવમાં સુખબુદ્ધિ જ્ઞાનીને છે નહિ. આહાહા..!

મુમુક્ષુ :- પુણ્ય ભોગવે છે પણ પાછા પુણ્યમાં ફરક શા માટે બતાવે છે?

ઉત્તર :- કોણ ભોગવે છે? પણ છે ક્યાં? ઇ પણ ક્યાં ભોગવે છે. મૂઢ છે. એ તો માને છે. આહાહા..! આવા પુણ્યશાળી છે ને આ બધું પુણ્ય છે. આવું.. આવું છે. પુણ્ય તો પુણ્યમાં રહ્યું, અહીં ક્યાં ગરી ગયું છે અંદર? આહાહા..! અરે..રે...! જગતને સત્ય અને અસત્યના આંતરા નથી. બાપુ! તને ખબર નથી, ભાઈ! આહાહા..! કાલે કહ્યું નહોતું? સવારે કહ્યું હતું. નહિ?

જીવે નારકીના રૌવરૌવ નરકના દુ:ખ ભોગવ્યા? ના. ઇ ભોગવે ઇ જીવ નહિ. એ તો રાગ છે, દ્વેષ છે. દ્વેષને આત્મા ભોગવે? આત્મામાં દ્વેષ કેવો? આહાહા..! સમ્યગ્દૃષ્ટિ જીવને રોમ રોમમાં લોઢાના સોયા કોઈ નાખે તો પણ તેને તેના તરફના વલણવાળો દુ:ખનો વિકલ્પ જ નથી. સમજાણું કાંઈ? અસ્થિરતાની જુદી વસ્તુ છે. આ મને દુ:ખ છે માટે આમ થાય છે, એમ નથી. સંયોગો દુ:ખ છે માટે મને આમ થાય છે એમ નથી. સંયોગો પ્રતિકૂળ છે માટે દુ:ખ થાય છે એ માન્યતા મિથ્યાદૃષ્ટિની છે. આહાહા..! જેમ આ અનુકૂળ છે માટે સુખ છે અને પ્રતિકૂળ છે માટે દુ:ખ છે, બેય ખોટી વાત છે, મૂળ તો અહીં એમ કહે છે. સમજાણું કાંઈ? આહાહા..!

મુમુક્ષુ :-

ઉત્તર :- ભાવ હોતા હૈ, ઉસને પરકો વિષય બનાયા, મીઠાશ લગી વહી મહા મિથ્યાત્વભાવ હૈ. વીતરાગ વાણી એને માર, ધોકો મારે છે. છોડ દૃષ્ટિ. રાગ છૂટે નહિ પણ રાગની એકતા તો છોડ. અહીં તો એકતાની વાત છોડાવે છે. રાગ તો છૂટશે, હજી ચારિત્ર પૂર્ણ થશે ત્યારે. રાગની એકતા છોડ, એના ઉપરનો પ્રેમ છે એ છોડ અને સ્વરૂપમાં પ્રેમ કર. એમ વીતરાગની વાણી ચાર અનુયોગમાં ફરમાવે છે. આહાહા..! સમજાણું કાંઈ? પરનું અચિંત્યપણું, ચમત્કારપણું, મહિમાપણું છોડ અને તારો ભગવાન તારી પાસે તું છો. એનું અચિંત્યપણું... સમજાય છે? અલૌકિકપણું એમાં છે, એમાં પ્રેમ કર. એમ વીતરાગ વાણી ફરમાવે છે. આહાહા..! સમજાણું કાંઈ?

ધર્મીને દીકરો જ ન હોય. કીધું હતું ને? એક ફેરી વાત થઈ હતી ને? દીકરો કે દિ' એને? વાત થઈ હતી ને? છે ને દાક્તર? ... (સંવત) ૧૯૯૦ ની સાલ. 'પ્રાણજીવન' દાક્તર અને એનો સાઢુ. બેયનો સોળ સોળઆનાનો પગાર. ૧૯૯૦ની સાલ. કીધું, તમે શું વાંચ્યું છે? વાંચો એટલે ખબર પડે કે તમે કઈ દૃષ્ટિએ વાંચ્યું છે. ઘણું વાંચ્યું છે. એક તો દાખલો આપો. એવો એક ધર્મી હતો, એવો ધર્મમાં દૃઢ હતો. ઇ પરદેશમાં ગયો. એની પરીક્ષા કરવા એક જણાએ કહ્યું, તમારો

પંદર વર્ષના દીકરાનો દીકરો કાલે મરી ગયો છે. ... પેલો ધર્મી કહે, અમારા દીકરા મરે નહિ, અમે ધર્મી છીએ. કીધું, બરાબર છે તમારું વાંચેલું? દીકરો કે દિ' એનો હતો કે મરે તો એને દુઃખ થાય. દીકરો મરી ગયો એમાં આને શું થયું? વાંઝિયો થઈ જાય. આઠ-આઠ છોકરા સમકિતીને હોય. મરીને એકલા રહે. એથી શું પણ છે? એકલો જ છે, એવું સમ્યગ્દર્શનમાં એકલાપણું ભાસ્યું છે. આહા...! અરે..! કાંઈ .. ન રહી, અવસ્થા થઈ ગઈ. ધર્મીજીવને એંસી-એંસી વર્ષ, પંચ્યાસી થયા. છોકરા બધા જુવાની ચાલીસ વર્ષની હતી ત્યારે બધા હતા. અને .. ગયા, હોં! માટે દુઃખી છે. અરે...! મૂઢ છો. એવું ક્યાંથી કરીશ નહિંતર.

મુમુક્ષુ :- ધર્મ કરવાનો હવે વખત આવ્યો છે.

ઉત્તર :- ધર્મ કરવાનો વખત છે પણ ઇ શું છે? એને લઈને ... છે? એ તો એને લઈને વિકલ્પ હતો અને એને લઈને વિકલ્પરહિતપણું છે? એનો અભાવ થયો માટે નિર્વિકલ્પ થવું છે? એ તો પોતાને કારણે થાય છે. સમજાણું કાંઈ? એ... 'જાદવજીભાઈ'! આવી વાતું છે આ. ...

મુમુક્ષુ :- આપ પૈસાની વાત કરો છો ને લલચાય જાય છે.

ઉત્તર :- ધૂળમાંય નથી ત્યાં. પથરા છે ન્યાં તો, દુઃખના નિમિત્ત છે. હોળી સળગે છે. ત્યાં. અહીં તો અમેરિકાના આવે ઇ મૂરખ હોય ઇ આવે... છે ને કાગળમાં? છે કે નહિ તમારી પાસે? વાંચો તો ખરા. ... ધૂળેય નથી ન્યાં કાંઈ.

મુમુક્ષુ :- ઘણા વિચાર કરતા ઝણઝણાટી છૂટી જાય છે. અને તે મૂરખ છે.

ઉત્તર :- 'ચીમનભાઈ' મૂકવા ગયા'તા? ઇ બધા મૂરખ હશે? અહીં તો અમેરિકાથી ભણીને આવે તો બે-બે લાખ રૂપિયા કન્યા આપે. બે હજાર શું લાખનો આવે. એક જણો કહેતો હતો કે અમારી પાસે પૈસા છે, છોડી મોટી થઈ છે. પરદેશમાં કોઈ મૂરતિયો મળી જાય (તો) પચાસ હજાર આપીને કન્યા આપી. આપું. પણ અહીં ... મન થાતું નથી. આપણો મુમુક્ષુ હતો. નામ ન અપાય. સમજાણું કાંઈ? અરે..! આવા ને આવા. એય..! પરદેશમાં મૂરતિયો મળી જાય તો પચાસ હજાર દઈને પણ ત્યાં આપું. અહીં પૈસા દેવાનું મન થાતું નથી. આવા ને આવા. દીકરીને આપીએ .. કિંમત કરે સારા ઘરની. .... 'મલૂકચંદભાઈ'! આ જગતની કસોટીની કિંમત બધી ઊંધી છે, કહે છે. ઊંધી સમજણ છે.

કહે છે, ભગવાનની વાણી તો **'જરામરણરૂપ રોગકો હરનેવાલે હૈં, તથા સર્વ દુઃખોંકા ક્ષય કરનેવાલે હૈં.'**

**ભાવાર્થ :- 'ઇસ સંસારમેં પ્રાણી વિષયસુખોંકા સેવન કરતે હૈં જિનસે કર્મ બંધતે હૈં...'** કર્મ પાછું મિથ્યાત્વ. વિષયસુખમાં સુખ છે એમ માન્યું છે એ તો મિથ્યાત્વ બંધાય છે, દર્શનમોહકર્મ બંધાય છે. આહાહા..! ભારે વાત, ભાઈ! આવું હશે તો કોઈ પછી પરણશે નહિ. સગપણ થયું હોય તો પછી પરણવું તો જોઈએ ને? શું કરે? કોની સાથે સગપણ કર્યા? મડદા સાથે? હવે મડદા સાથે પરણવાનું. મૂરખ છો, અહીં તો કહે છે. આવે છે ને 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં? મડદા સાથે સગાઈ કરી અને હવે પંદર દિ', મહિને, બે મહિને પરણશું. મૂરખ છો, કહે છે. કહો, સમજાણું

કાંઈ? આહા..હા...!

પ્રભુ આત્મા આનંદમૂર્તિ, એની સગાઈ છોડી દઈને પરમાં સગાઈમાં કાંઈક માન (તો) કહે છે, મૂઢ અને વિષયસુખનો ભોક્તા છે. ભલે બહારમાં અત્યારે સંયોગ ઓછા હોય પણ તને તો આખી દુનિયાના અનુકૂળ વિષયોનો ભોગનાર તું છો. સમજાણું કાંઈ? આહાહા..! એ વીતરાગ વાણી એને રેચ કરાવે છે.

**'વહાં જિનવચનરૂપ ઔષધિ ઐસી હૈ જો વિષયસુખોંસે અરુચિ ઉત્પન્ન કરકે ઉનકા વિરેચન કરતી હૈ.'** ભગવાન! ક્યાંય સુખની ગંધેય નથી, નાથ! તારું સુખ તો તારામાં છે, એમ ભગવાન કહે છે. એમ ભગવાન એની પાસે મનાવે છે. સમજાણું કાંઈ? ભગવાનઆત્મા ક્યાંય સુખબુદ્ધિ કરે એવો તારો સ્વભાવ જ નથી. તેં મિથ્યાત્વસ્વભાવ ઊભો કર્યો છે. **'વિષયસુખસે અરુચિ ઉત્પન્ન કરકે...'** ઓ..હો..હો...! એનો અર્થ એકલા ભોગ એમ નહિ પણ રાગ અને રાગનો વિષય, બધા ઉપરથી રુચિ ઉડાવ, એમ કહે છે. સમજાણું કાંઈ? આમ પછી વિષય છોડ્યા ને બાયડી, છોકરા છોડ્યા માટે વિષય છોડ્યા, એમ નહિ. થયો નગ્ન બાવો, એમ નહિ. જેને અંદર દયા, દાન, વ્રતના પરિણામ રાગ છે એને જેના ઉપર પ્રેમ છે એ બધો વિષયસુખનો જ અભિલાષી છે. આહા..! સમજાણું કાંઈ? 'દેવચંદજી'! આવો માર્ગ છે ભગવાનનો. ભગવાન એટલે તું. **'વિષયસુખોંસે અરુચિ ઉત્પન્ન કરકે ઉનકા વિરેચન કરતી હૈ.'**

**'જૈસે ગરિષ્ટ આહારસે મલ બઢતા હૈ...'** ઊંચા ઊંચા મેસૂબ ખાધા હોય તો પેટમાં મળ વધે ને? મળશુદ્ધિમાં નથી લેતા? મળશુદ્ધિ. અમને આપતા હતા 'જમુભાઈ'. **'ગરિષ્ટ આહારસે જબ મલ બઢતા હૈ તબ જ્વરાદિ રોગ ઉત્પન્ન હોતે હૈં...'** પેટમાં મળ વધે ને ... દૂધપાક ખાય, પૂરી ખાય એવા ઉપરાઉપર બે-ચાર-પાંચ દિ' ખાધું હોય તો તાવ આવે. સમજાય છે? **'તબ ઉસકે વિરેચનકો હરડ આદિ ઔષધિ ઉપકારી હોતી હૈ....'** હરડે આપે, હિમેજ આપે.

**'ઉન વિષયોંસે વૈરાગ્ય હોને પર કર્મબન્ધ નહીં હોતા...'** વૈરાગ્ય થયો પરપ્રત્યે વૈરાગ. પાંચ ઇન્દ્રિયના વિકલ્પો, ભોગ ને વિષય બધું પર છે. તારું સ્વરૂપ સચ્ચિદાનંદ નિર્મળાનંદ છે. એનામાં દૃષ્ટિ કર અને પરભાવને છોડ. **'કર્મબન્ધ નહીં હોતા ઔર તબ જન્મ-જરા-મરણ રોગ નહીં હોતે તથા સંસારકે દુ:ખકા અભાવ હોતા હૈ. ઇસ પ્રકાર જિનવચનોંકો અમૃત સમાન માનકર અંગીકાર કરના.'** અમૃત સરીખા જાણીને અંદર શ્રદ્ધા કરવી એ મોક્ષનો માર્ગ છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

आगे जिनवचनमें दर्शनका लिंग अर्थात् भेष कितने प्रकारका है सो कहते हैं :–

## ગાથા-૧૮

एगं जिणस्स रूवं बिदियं उक्किट्ठसावयाणं तु।
अवरट्ठियाण तइयं चउत्थ पुण लिंगदंसणं णत्थि।।१८।।

एकं जिनस्य रूपं द्वितीयं उत्कृष्ट श्रावकाणां तु।
अवरस्थितानां तृतीयं चतुर्थं पुनः लिंगदर्शनं नास्ति।।१८।।

છે એક જિનનું રૂપ, બીજું શ્રાવકોત્તમ-લિંગ છે,
ત્રીજું કહ્યું આર્યાદિનું, ચોથું ન કોઈ કહેલ છે. ૧૮.

**अर्थ :– दर्शनमें एक तो जिनका स्वरूप है; वहाँ जैसा लिंग जिनदेवने धारण किया वही लिंग है; तथा दूसरा उत्कृष्ट श्रावकोंका लिंग है और तीसरा 'अवस्थित' अर्थात् जघन्यपदमें स्थित ऐसी आर्यिकाओंका लिंग है, तथा चौथा लिंग दर्शनमें है नहीं।**

**भावार्थ :– जिनमतमें तीनों लिंग अर्थात् भेष कहते हैंभ एक तो वह है जो यथाजातरूप जिनदेवने धारण किया; तथा दूसरा ग्यारहवीं प्रतिमाके धारी उत्कृष्ट श्रावकका है, और तीसर स्त्री आर्यिका हो उसका हैभ इसके सिवा चौथा अन्य प्रकारका भेष जिनमतमें नहीं हैभ जो मानते हैं वे मूलसंघसे बाहर हैं।।१८।।**

**પ્રવચન નં. ૧૫, ગાથા-૧૮ થી ૨૦, મંગળવાર, જેઠ વદ ૪, તા. ૨૩-૬-૧૯૭૦**

'અષ્ટપાહુડ'. પહેલા દર્શન પાહુડની ૧૮મી ગાથા. ૧૭ માં એમ કહ્યું, વીતરાગના વચનો વિષયનું વિરેચન કરાવે છે. આત્માનો વિષય શુદ્ધ ચૈતન્યની દૃષ્ટિ કરાવી અને પરના વિષયમાં સુખબુદ્ધિ છે તે વીતરાગની વાણી ટાળે છે. સમજાણું કાંઈ? વિષયમાં, પાંચે ઇન્દ્રિયના વિષયમાં પરલક્ષી જેટલો ભાવ થાય છે એ બધો દુઃખરૂપ છે. વિષયના ભોગનો ભાવ, શબ્દનો સાંભળવાનો ભાવ, રૂપનો, ગંધનો, રસનો અને સ્પર્શનો એ બધો વિકારી ભાવ છે. એ વિષય છે એ દુઃખરૂપ છે. વીતરાગની વાણી એનો રેચ કરાવે છે. વિષય છે એની અરુચિ કરાવી અને વીતરાગસ્વરૂપ આત્મા આનંદ છે એની રુચિ કરાવીને ઠરવાનું કહે છે. 'દેવચંદજી'! સમજાણું કાંઈ? પાંચ ઇન્દ્રિયના વિષયો તરફ લક્ષ જાય છે એ બધો શુભ કે અશુભ ભાવ છે. આહાહા..! વીતરાગની વાણી સાંભળવામાં લક્ષ જાય છે એ પણ એક શુભભાવનો વિષય છે.

મુમુક્ષુ :- સાંભળવી કે ન સાંભળવી?

ઉત્તર :- વાત આ છે. વસ્તુનું સ્વરૂપ (આ છે). પાંચેય ઇન્દ્રિયના (વિષયો), શુભ કે અશુભ, એ તરફના વલણવાળો ભાવ બધો રાગ છે.

મુમુક્ષુ :- સ્વયંભૂરમણ સમુદ્રમાં દેડકા છે તેને ક્યાં વિષય છે.

ઉત્તર :- દેવતા ક્યાં? દેડકા. છે ને. હજાર જોજનના મોટા મચ્છ છે.

મુમુક્ષુ :- ઇ ક્યાં સાંભળે છે.

ઉત્તર :- અંદર આત્મામાં છે ને. ભગવાન આનંદનો સાગર છે. ચૈતન્યમૂર્તિ નારાયણ સ્વરૂપ જ પરમાત્મસ્વરૂપ જ આત્મા છે. આહાહા..! એવા આત્માનો સંગ કરવો અને બાહ્યનો સંગ છોડવો એમ વીતરાગની વાણી કહે છે. સમજાણું કાંઈ ? એ ૧૭ મી ગાથા કીધી. હવે ૧૮મી.

**'આગે જિનવચનમેં દર્શનકા લિંગ અર્થાત્ ભેષ કિતને પ્રકારકા કહા હૈ સો કહતે હૈં :-'** પરમાત્મા વીતરાગનો સ્વભાવ જે આત્માનો છે એવો જ વીતરાગભાવ પ્રગટ્યો છે. એ પરમાત્મા જૈનમાં લિંગનું-ભેખનું રૂપ કેવું હોય એનું વર્ણન આ ૧૮મી ગાથામાં છે.

**एगं जिणस्स रूवं बिदियं उक्किट्ठसावयाणं तु।**
**अवरट्ठियाण तइयं चउत्थ पुण लिंगदंसणं णत्थि।।१८।।**

**અર્થ :- 'દર્શનમેં એક તો જિનકા સ્વરૂપ હૈ,...'** જેવા વીતરાગ પરમાત્મા અંતરમાં વીતરાગતા પ્રગટ કરીને બાહ્ય લિંગ નગ્નદશા હતી. કેવળી પરમાત્માની દિગંબર મુદ્રા હતી. એ જિનનું રૂપ છે. એ એક ભેખ (છે).

મુમુક્ષુ :-

ઉત્તર :- એણે કર્યું, ન કર્યું એનો પ્રશ્ન ક્યાં છે? એણે કહ્યું ને જે કર્યું છે એ પ્રમાણે એણે આચર્યું. કહ્યું પ્રમાણે ન કરવાનો અર્થ શું?

મુમુક્ષુ :- ભગવાને...

ઉત્તર :- એમ હોય નહિ. જેવું કર્યું છે એવું કહ્યું છે. વીતરાગ પરમાત્મા એ જિનલિંગ નગ્ન દિગંબર. અને અંતરમાં સર્વજ્ઞ વીતરાગ દશા. આ જિનનો ઉત્કૃષ્ટ ખરો ભેખ. સમજાય છે કાંઈ?

**'વહાં જૈસા લિંગ જિનદેવને ધારણ કિયા વહી લિંગ હૈ,...'** દેખો! વીતરાગ પરમાત્મા જે થયા એ અંતરમાં દ્રવ્યનો આશ્રય કરી, સ્થિર થઈ અને કેવળજ્ઞાન પામ્યા ત્યારે એની દશા બાહ્યમાં તદ્દન નગ્ન દિગંબર દશા હતી. દિગંબર દશા વિના અંતરમાં કેવળજ્ઞાન થાય નહિ. દિગંબર દશાથી થાય નહિ પણ દિગંબર દશા ન હોય અને થાય એમ પણ હોય નહિ. આહાહા..! ભારે કામ ઝીણું. અહીં તો ઊડાવ્યું બધું, જેટલું જિનલિંગ વીતરાગનું છે તે ધારણ કરે તે જિનલિંગ કહેવાય છે.

**'તથા દૂસરા ઉત્કૃષ્ટ શ્રાવકોંકા લિંગ હૈ...'** જુઓ! મુનિનું એ લિંગ છે. મુનિને પણ નગ્ન દશાનું લિંગ છે. જ્યાં સ્વરૂપની સાવધાનીમાં ગયો છે એને બાહ્યમાં નગ્નદશા સિવાયના બીજા

વિકલ્પ હોતા નથી. એનાથી આ વિરૂદ્ધ છે... સમજાણું કાંઈ ? એ જિનદેવ વીતરાગદેવ છે. એણે નગ્ન દિગંબર દશા ધારણ કરી હતી. એને વીતરાગમાર્ગમાં લિંગ કહેવામાં આવે છે. મુનિનું લિંગ પણ એવું જ હોય. અંતર ભાન સહિત, હોં! એકલું નગ્નપણું નહિ. આગળ કહેશે હજી. સમજાણું કાંઈ?

**'તથા દૂસરા ઉત્કૃષ્ટ શ્રાવકોંકા લિંગ હૈ...'** દસમી, અગિયારમી પડિમાને ઉત્કૃષ્ટ કહે છે. ખરી અગિયારમી પડિમા-ક્ષુલ્લક. એ નગ્ન દિગંબરથી હેઠલા દરજ્જાવાળા. અગિયાર પડિમાધારી પાંચમા ગુણસ્થાનવાળા, લંગોટી એક હોય કાં એક સાધારણ વસ્ત્રનો ટુકડો હોય.

મુમુક્ષુ :- ઓઢવા કામ ન આવે.

ઉત્તર :- એ પગ હેઠે દબાય તો માથા હેઠે ન દબાય અને માથા હેઠે દબાય તો પગ હેઠે ન દબાય. એટલો ટુકડો હોય. એવું ઉત્કૃષ્ટ શ્રાવકનું બીજા નંબરનું લિંગ જૈનદર્શનમાં અનાદિથી કેવળજ્ઞાની પરમાત્માએ જોયેલું આ છે. સમજાણું કાંઈ?

**'ઔર તીસરા 'અવરસ્થિતિ' અર્થાત્ જઘન્યપદમેં સ્થિત ઐસી આર્યિકાઓંકા લિંગ હૈ,...'** આર્જિકા એક કપડું રાખે. એ સિવાય બીજું કપડું ન હોય. એ આર્જિકા. સાચા આર્જિકા, હોં! અંતર અનુભવ, દૃષ્ટિ થઈ છે અને અંતરમાં આનંદની છોળ વર્તે છે. પંચમગુણસ્થાનને યોગ્ય અતીન્દ્રિય આનંદની ભૂમિકા જેને ચોથા ગુણસ્થાનવાળા સર્વાર્થસિદ્ધિના દેવ કરતાં પણ શાંતિનો અંશ વધી ગયો છે. એવા ભાવલિંગમાં એનું બાહ્ય લિંગ એકલું એક વસ્ત્ર રાખે, એક જ વસ્ત્ર (રાખ). એવું એનું લિંગ હોય. આ ત્રણ લિંગ જૈનદર્શન વીતરાગ માર્ગ, સર્વજ્ઞ પરમાત્માના માર્ગમાં ત્રણ લિંગને લિંગ તરીકે ગણવામાં આવ્યા છે. **'તથા ચૌથા લિંગ દર્શનમેં હૈ નહીં.'** ચોથો ભેદ. ભેખની તરીકે કોઈ ચોથો ભેખ નથી. કહો, સમજાય છે કાંઈ?

**ભાવાર્થ :- 'જિનમતમેં તીનોં લિંગ અર્થાત્ ભેષ કહતે હૈં. એક તો વહ હૈ જો યથાજાતરૂપ જિનદેવને ધારણ કિયા...'** વહ હૈ. જેવો જન્મ્યો, જેવો માતાએ જન્મ આપ્યો એવું નગ્નરૂપ. એ તો છૂટી શકે નહિ એટલે એ તો રહે. બાકી અંદરમાંથી તો દેહ પ્રત્યે પણ જ્યાં મમતા નથી એવું ભાવલિંગ અંદરમાં આત્માના આનંદનું જેને પ્રગટ થયું છે. સમજાણું? એને આ ત્રણ ભેખ હોય છે. એક યથાર્થ જિનદેવ, મુનિનું.

**'દૂસરા ગ્યારહવીં પ્રતિમાકે ધારી ઉત્કૃષ્ટ શ્રાવકકા હૈ,...'** જુઓ! અગિયારમી લીધી એકલી. **'ઔર તીસરા સ્ત્રી આર્યિકા હો ઉસકા હૈ. ઇસકે સિવા ચૌથા અન્ય પ્રકારકા ભેષ જિનમતમેં નહીં હૈ. જો માનતે હૈં વે મૂલસંઘકે બાહર હૈં.'** મૂળસંઘ જે અનાદિનો વીતરાગ પરમાત્મા, સર્વજ્ઞ પરમેશ્વર એક સમયમાં જેને ત્રણકાળ ત્રણલોકનું જ્ઞાન (વર્તે છે) અને વીતરાગ કેવળજ્ઞાની (થયા) એવા પરમાત્માએ જે આ માર્ગ કહ્યો એ મૂળસંઘની સ્થિતિ છે. એનાથી બીજી રીતે માને એ બધા ભ્રષ્ટો છે. સમજાણું કાંઈ? આ વસ્ત્ર-પાત્ર રાખીને મુનિપણું માને, વસ્ત્રપાત્ર રાખીને સાધુપણું માને એ બધા મૂળ અનાદિ સનાતન વીતરાગમાર્ગથી ભ્રષ્ટ થયેલાઓ છે. માર્ગ આ છે. સંપ્રદાયના આગ્રહીને જરી કઠણ પડે એવું છે. 'દેવીચંદજી'!

અનાદિ વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા, જેણે રાગના એક કણનો પણ નાશ કરી વીતરાગતા પ્રગટ કરી અને અલ્પજ્ઞનો નાશ કરીને સર્વજ્ઞપણું પ્રાપ્ત થયું, એવા પરમેશ્વરે એ મૂળસંઘની સ્થિતિ જે હતી એમાં આવા ત્રણ લિંગ હતા. એ સિવાય મૂળસંઘથી ભ્રષ્ટ થયેલાઓ બીજા લિંગમાં મુનિપણું માને, બીજા વસ્ત્ર આદિ રાખીને આર્જિકા, સાધ્વીપણું માને એ બધા અનાદિ સનાતન સત્ય માર્ગથી ભ્રષ્ટ મિથ્યાદૃષ્ટિ છે. 'દેવીચંદજી'! આવો માર્ગ છે. માર્ગ તો ઐસા હૈ. લોકોને રુચે ન રુચે. અનાદિથી બીજી વાત સાંભળી હોય છે, ખબરેય ન હોય કે સત્ય શું છે અને બીજા વાડામાં જન્મ્યા હોય અને ન્યાં ને ન્યાં એના ભેખની વાતું સાંભળી હોય, એટલે આ સાધુ છે અને સાધ્વી છે (એમ માને), કહે છે કે એ બધા મૂળમાર્ગ અનાદિનો સનાતન સત્ય નારાયણ પરમાત્માને પ્રાપ્ત થવાની વિધિ જે વીતરાગ માર્ગમાં છે એ વીતરાગમાર્ગમાં ત્રણ લિંગો જ માન્ય છે. ચોથું લિંગ હોઈ શકતું નથી. આહાહા..! આવી વાત તો હવે ખુલ્લી છે, ભાઈ! સેઠી! આહાહા..!

ઓલો મહારાષ્ટ્રમાં ભેખ હોય છે. આ લુગડું આવું હોય એને બધા સ્વામી કહે. ગૃહસ્થોને. ગમે એ હોય. એ.. સ્વામી! એમ કહે. આપણે 'મોહનભાઈ' એ નહોતું કહ્યું? એક ફેરી મોટરમાં જાતા હતા અને રાતનો ભાગ હતો ને માર્ગ પૂછવો હતો. હતો તો ગૃહસ્થ હતો. લોટા જેવું લુગડું ઠેઠ સુધી. લોટા જેવું. સ્વામી! સ્વામી કહ્યું ને? બીજો શબ્દ હતો સ્વામી સાથે. એ સ્વામી! આ રસ્તો ક્યાં આવ્યો? અહીં તો સ્વામી કહેવાની રીત જ છે. ગૃહસ્થ હોય, રાજા હોય, ભિખારી હોય, સમજાય ને? કસાઈ હોય. સ્વામી જ કહેવું પડે. એ તો અહીંની રીત છે, કહે. 'મોહનભાઈ'એ કહ્યું હતું. આ 'મોહનભાઈ' સાથે હતા ને? સવારે ... નીકળ્યા ... ત્યાંથી કાંઈક માર્ગ ફાટતો હતો તો નહોતો જણાતો તો એણે પૂછ્યું. ગમે તે હોય. સ્વામી! આ માર્ગ ક્યાં આવ્યો? ઇ કંઈ ભેખમાં ગણાય નહિ. એમ મારે અહીં કહેવું છે. સમજાણું? ભેખ તો આ રીતના હોય એ વીતરાગમાર્ગમાં પાંચમા ગુણસ્થાનવાળી આર્જિકા અને શ્રાવકનો ભેખ આવો હોય. એક લંગોટી અને થોડો કટકો. અને શ્રાવિકા, આર્જિકાને એક કપડું (હોય). પહેરવાનું, ઓઢવાનું એનું એ એક કપડું. એટલી મમતા ટળી ગઈ છે કે એને સંયોગમાં એટલી જ ચીજ હોય.

અને મુનિ હોય અને આત્મજ્ઞાન સહિત જે મુનિ થયા છે, અંતર ભાવલિંગ જેને અંતરદૃષ્ટિ, આત્માનો અનુભવ (થયો છે), સચ્ચિદાનંદ પ્રભુનો જેને આનંદનો રસ પ્રગટ્યો છે... આહાહા..! અને એ આનંદ ઉપરાંત સ્થિરતાની આનંદની દશા ઉગ્ર થઈ ગઈ છે એનો ભેખ તો નગ્ન જ હોય. જિનનું રૂપ તે એનું રૂપ હોય. એ સિવાય સનાતન સર્વજ્ઞના પંથથી બીજી ભેખની દશા ગણવામાં આવી નથી.

મુમુક્ષુ :- થોડી તો છૂટ મૂકી.

ઉત્તર :- શું મૂકે? પણ જેમ હોય એમાં છૂટ શેની મૂકી? થોડો કટકો કપડું રાખે અને મુનિપણું માને એ તો આગળ કહી ગયા છે, નિગોદમાં જાશે. એના અગ્રેસરો થઈને ફરશે એની ત્રસની સ્થિતિ પૂરી થવા આવી છે.

મુમુક્ષુ :- સાહેબ! ...

ઉત્તર :- આમાં લખ્યું છે એમ કહીએ છીએ કે? એય..! શેઠિયા આવ્યું હતું કે નહિ અંદર? અગ્રેસર છે. સાધારણ જીવ હોય એ બિચારા વળી સ્વર્ગ આદિમાં જાય પછી પરંપરાએ નિગોદમાં જાશે.

મુમુક્ષુ :- વાડો ત્યાં ને ત્યાં...

ઉત્તર :- વાડો તો ત્યાં જ રહેશે, બીજી જાશે ક્યાં? તત્ત્વના વિરાધકો, સર્વજ્ઞ પરમેશ્વર વીતરાગદેવનો માર્ગ અનાદિ સનાતન, એના જે વિરાધકો, એની સ્થિતિ તો અમુક ભવે તો તેને નિગોદ દશા જ છે. ચાહે તો આચાર્ય નામ ધરાવે, ચાહે તો ઉપાધ્યાય નામ ધરાવે. સમજાણું કાંઈ? એવી વાત છે, ભાઈ! ભગવાન તીર્થંકરદેવે એમ કહ્યું છે. લ્યો, ૧૮ મી ગાથા (પૂરી થઈ). **'ચૌથા અન્ય પ્રકારકા ભેષ જિનમતમેં નહીં હૈ. જો માનતે હૈં વે મૂલસંઘસે બાહર હૈં.'** દેખો! મૂળ સંઘ જે અનાદિનો છે એનાથી બધા બાહ્ય છે.

---

**आगे कहते हैं कि–ऐसा बाह्यलिंग हो उसके अन्तरंग श्रद्धान भी ऐसा होता है और वह सम्यग्दृष्टि है :–**

## ગાથા-૧૯

**छह दव्व णव पयत्था पंचत्थो सत्त तच्च णिद्दिट्ठा।**
**सद्दहइ ताण रूवं सो सद्दिट्ठी मुणेयव्वो।।१९।।**

षट् द्रव्याणि नव पदार्थाः पंचास्तिकायाः सप्ततत्त्वानि निर्दिष्टानि।
श्रद्धधाति तेषां रूपं सः सदृष्टिः ज्ञातव्य।।१९।।

**પંચાસ્તિકાય, છ દ્રવ્ય ને નવ અર્થ, તત્ત્વો સાત છે;**
**શ્રદ્ધે સ્વરૂપો તેમનાં, જાણો સુદૃષ્ટિ તેહને. ૧૯.**

**अर्थ :– छह द्रव्य, नव पदार्थ, पाँच अस्तिकाय, सात तत्त्व–यह जिनवचनमें कहे हैं, उनके स्वरूपका जो श्रद्धान करे उसे सम्यग्दृष्टि जानना।**

**भावार्थ :– (जाति अपेक्षा छह द्रव्योंके नाम –) जीव, पुद्गल, धर्म, अधर्म, आकाश और काल–यह तो छह द्रव्य हैं; तथा जीव, अजीव, आस्रव, बंध, संवर, निर्जरा, मोक्ष और पुण्य, पाप–यह नव तत्त्व अर्थात् नव पदार्थ हैं, छह द्रव्य काल बिना पंचास्तिकाय हैं। पुण्य–पाप बिना नव पदार्थ सप्त तत्त्व हैं। इनका संक्षेप स्वरूप इसप्रकार है–जीव तो चेतनास्वरूप है और चेतना दर्शन–ज्ञानमयी है; पुद्गल स्पर्श, रस, गंध, वर्ण, गुणसहित मूर्तिक है, उसके परमाणु और**

**स्कंधके दो भेद हैं, स्कंधके भेद शब्द, बन्ध, सूक्ष्म, स्थूल, संस्थान, भेद, तम, छाया, आतप, उद्योत इत्यादि अनेक प्रकार हैं; धर्मद्रव्य, अधर्मद्रव्य, आकाशद्रव्य ये एक एक हैं–अमूर्तिक हैं, निष्क्रिय हैं, कालाणु असंख्यात द्रव्य है। कालको छोड़कर पाँच द्रव्य बहुप्रदेशी हैं इसलिये अस्तिकाय पाँच हैं। कालद्रव्य बहुप्रदेशी नहीं है इसलिये वह अस्तिकाय नहीं है, इत्यादि उनका स्वरूप तत्त्वार्थसूत्रकी टीकासे जानना। जीव पदार्थ एक है और अजीव पदार्थ पाँच हैं, जीवके कर्मबन्ध योग्य पुद्गलोंका आना आस्रव है, कर्मोंका बंधना बन्ध है, आस्रवका रुकना संवर है, कर्मबन्धका झड़ना निर्जरा है, सम्पूर्ण कर्मोंका नाश होना मोक्ष है, जीवोंको सुखका निमित्त पुण्य है और दुःखका निमित्त पाप है; ऐसे सप्त तत्त्व और नव पदार्थ हैं। इनका आगमके अनुसार स्वरूप जानकर श्रद्धान करनेवाले सम्यग्दृष्टि हैं।।१९।।**

## ગાથા-૧૯ ઉપર પ્રવચન

**'આગે કહતે હૈં કિ-ઐસા બાહ્યલિંગ હો ઉસકે અંતરંગ શ્રદ્ધાન ભી ઐસા હોતા હૈ...'** એવું બાહ્ય લિંગ હોય એને અંતરંગ શ્રદ્ધા આવી હોય. અહીં વ્યવહારની શ્રદ્ધા કહેશે, પછી ૨૦માં નિશ્ચય અને વ્યવહાર બેય મૂકશે.

**छह दव्व णव पयत्था पंचत्थी सत्त तच्च णिद्दिट्ठा।**
**सद्दहइ ताण रूवं सो सद्दिट्ठी मुणेयव्वो।।१९।।**

છ દ્રવ્ય ભગવાને જોયા છે. કેવળજ્ઞાની પરમાત્માએ જગતમાં અનંતા આત્માઓ, અનંતા પરમાણુઓ આ જડ, અસંખ્ય કાળાણુ, એક ધર્માસ્તિ, એક અધર્માસ્તિ, આકાશ (એમ) છ દ્રવ્ય. આવા લિંગવાળાને છ દ્રવ્યની શ્રદ્ધા તો બરાબર હોય છે. તો એનું બાહ્ય લિંગ કહેવાય નહિતર બાહ્ય લિંગ કહેવાતું નથી.

મુમુક્ષુ :- છ દ્રવ્ય, પાંચ કહે તો શું વાંધો?

ઉત્તર :- છ દ્રવ્ય. છે ને પાંચ? કહ્યા છે ને. શ્વેતાંબર કાળને જુદું દ્રવ્ય માનતા નથી. જીવ, અજીવની પર્યાયને માને છે. પણ એ તો બધું ફેર છે ત્યાં હવે એ સાધારણ વાતનો ક્યાં પ્રશ્ન? મોટો આખો મૂળસંઘથી બાહ્ય જ માર્ગ છે. વીતરાગનો માર્ગ એ નથી. જગતને બેસે ન બેસે, એને ઘરે રહ્યું. સેઠી! એમ 'કુંદકુંદાચાર્ય મહારાજ' સંતોની જે રીત હતી એ રીતે આ વાત કરે છે. ભગવાન પાસે ગયા હતા. પરમાત્મા 'સીમંધર' પરમાત્મા પાસે. ત્યાં જઈને આવીને આ શાસ્ત્રો રચ્યા છે. સમજાણું કાંઈ? 'સીમંધર' ભગવાન ત્રિલોકનાથ પરમાત્મા મહાવિદેહ ક્ષેત્રમાં વર્તમાન કેવળીપણે બિરાજે છે. ત્રિકાળ જ્ઞાનપણે બિરાજે છે. એની પાસે ગયા, આઠ દિ' રહ્યા, સાંભળ્યું અને પછી અહીં આવીને આ બનાવ્યું છે. ભગવાન તો આમ કહેતા હતા. પરમેશ્વર વીતરાગદેવનો આ માર્ગ છે. સંપ્રદાયના પક્ષકારને ન બેસે એથી કંઈ સત્ય વસ્તુ બીજી થઈ જાય

નહિ. આવી વાત છે. આહાહા..! અને તે બાહ્ય લિંગ આવું હોય એને આવી શ્રદ્ધા અંદર હોય. એકલું બાહ્ય લિંગ નહિ, એમ કહે છે. સમજાણું કાંઈ?

છ દ્રવ્યની શ્રદ્ધા એને હોય. અનંતા આત્માઓ છે, અનંતા પરમાણુ આ રજકણ અનંતગુણા છે, એવી એક સમયની પર્યાયમાં એ બધું જાણવાની, શ્રદ્ધાનો પર્યાય એવો હોય છે. નવ પદાર્થની શ્રદ્ધા હોય છે. છ દ્રવ્યના પેટા ભેદ કરીને (નવ કહેવાય). બે દ્રવ્ય અને સાત પર્યાય. ખુલાસો કહેશે.

**'પાંચ અસ્તિકાય,...'** કાળ સિવાય પાંચ અસ્તિકાય તત્ત્વો છે વીતરાગના કહેલા. જગતમાં જાણેલા, જોયેલા અને કહેલા. એની એને અંતરમાં શ્રદ્ધા હોય. અહીં તો હજી નવ તત્ત્વના નામેય ન આવડતા હોય, છ દ્રવ્યના નામેય ન આવડતા હોય અને થઈ ગયા શ્રાવક! ધૂળમાંય નથી, બધા એકડા વીનાના મીંડા છે. આહાહા..!

મુમુક્ષુ :- નમો અરિહંતાણં...

ઉત્તર :- નમો અરિહંતાણં ને એવું તો આવડતું હોય. સમજાણું કાંઈ? કાંઈ પડિકમણું ન આવડતું હોય, બીજું આવડતું ન હોય, તો પણ બેસાડી દે. નગ્ન થાય. નગ્ન થાય એટલે શું? સમજાણું કાંઈ?

**'સાત તત્ત્વ-યહ જિનવચનમેં કહે હૈં,...'** સાત તત્ત્વો. ખુલાસો કહેશે. **'ઉનકે સ્વરૂપકા જો શ્રદ્ધાન કરે...'** **'सद्दहइ ताण रूवं'**. તે દ્રવ્યનું અને તત્ત્વનું રૂપનું **'શ્રદ્ધાન કરે ઉસે સમ્યગ્દૃષ્ટિ જાનના.'** તેની સાચી દૃષ્ટિ છે. આ સિવાય ઓછું-વત્તું માને એની દૃષ્ટિ સાચી નથી.

**ભાવાર્થ :- 'જાતિ અપેક્ષા છહ દ્રવ્યોંકે નામ- જીવ, પુદ્ગલ, ધર્મ, અધર્મ, આકાશ ઔર કાલ-યહ તો છહ દ્રવ્ય હૈં,...'** જગતમાં છ વસ્તુ છે. **'જીવ, અજીવ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા, મોક્ષ ઔર પુણ્ય, પાપ-યહ નવ તત્ત્વ અર્થાત્ નવ પદાર્થ હૈં, છહ દ્રવ્ય કાલ બિના પંચાસ્તિકાય હૈં. પુણ્ય-પાપ બિના નવ પદાર્થ સપ્ત તત્ત્વ હૈં. ઇનકા સંક્ષેપ સ્વરૂપ ઇસપ્રકાર હૈ...'**

**'જીવ તો ચેતનાસ્વરૂપ હૈ...'** ભગવાનઆત્મા ચેતનાસ્વરૂપ એ તો છે. એ જીવ. રાગસ્વરૂપ કે પુણ્યસ્વરૂપ એમ નહિ. આત્મા એ તો ચેતના જાણનાર-દેખનાર એવો ભગવાનઆત્માનો સ્વભાવ છે. શરીર, વાણી, મન ને પુણ્ય-પાપ એનામાં છે નહિ. આહાહા..! ભારે કરી. વાત જ એવી લાગે માણસને. પણ આ બધું છે ને? છે તે એનામાં રહ્યું, ચૈતન્યમાં ક્યાં છે? જીવ એને કહીએ, આત્મા એને કહીએ કે જેમાં જાણવા અને દેખવાનો ચેતનસ્વભાવ છે. જાણનાર-દેખનાર ભગવાન જ્ઞાતા-દૃષ્ટાથી ભરેલો ભગવાન છે. એને આત્મા કહીએ. આહાહા..! સમજાણું કાંઈ?

**'ચેતના દર્શન-જ્ઞાનમયી હૈ...'** દૃષ્ટા અને જ્ઞાતા. આત્મા ચેતના અને ચેતના તે દૃષ્ટા અને જ્ઞાતા. એ આપણે આવી ગયું છે. મોક્ષ અધિકાર. **'પુદ્ગલ,...'** પુદ્ગલ છે આ પરમાણુ, આ પુદ્ગલ શરીર જડ (છે). શરીર, દાળ, ભાત, લાડવા, આ બધા મકાન, પૈસા બધા પુદ્ગલ જડ છે.

મુમુક્ષુ :- ભલે રહ્યા, એમાં શું નડે છે.

ઉત્તર :- કોણે ના પાડી? ભલે રહ્યા. જાણવાની વાત છે. છે એવું એણે જ્ઞાન કરવું જોઈએ. છે તો એને ઘરે. અહીં ક્યાં આવી ગયા છે.

**'પુદ્‌ગલ સ્પર્શ, રસ, ગંધ, વર્ણ, ગુણસહિત મૂર્તિક હૈ,...'** આમાં તો રંગ, ગંધ, રસ, સ્પર્શ પરમાણુમાં-આ જડમાં છે. આ જડ શરીર, વાણી, મન, પુદ્‌ગલ, પૈસા, દાળ, ભાત એ બધા ચેતના-જ્ઞાન-દર્શન ગુણ વિનાના છે. એમાં જ્ઞાન, દર્શનનો ગુણ નથી. જડ છે, આ તો માટી છે. આ લાકડા, પૈસા. શું હશે આ પૈસો ઇ શું હશે? કહે છે, રંગ, ગંધ, રસ, સ્પર્શથી ભરેલું એક મૂર્ત તત્ત્વ જડ છે. આ દેખાય ઇ મૂર્ત, દેખાય એ મૂર્ત. અને આત્મા તો અમૂર્ત છે. આહાહા..! સાંભળ્યું નથી, પણ એની ખબર ન મળે એને. પૈસા મારા, ધૂળ મારી, બાયડી મારી. હતા કે દિ'? પણ ઇ તો એના છે, ઇ તારા ક્યાંથી થઈ ગયા? તારું તો ચેતન છે. જાણવા-દેખવાથી ભરેલો દર્શન-જ્ઞાનનો ભંડાર ભગવાન છે. આહાહા..! પુદ્‌ગલ આ જડ.

**'ઉસકે પરમાણુ ઔર સ્કંધકે દો ભેદ હૈં,...'** આ પુદ્‌ગલમાં નાનામાં નાનો છેલ્લો હોય એ પરમાણુ કહેવાય. બે પરમાણુ આખો સ્કંધ પિંડ.. પિંડ (કહેવાય છે). **'સ્કંધકે ભેદ શબ્દ,...'** એ જડનો ભેદ છે, આત્માનો નહિ. આત્મા બોલે નહિ, આત્મા તો જાણનાર-દેખનાર છે. આહાહા..! શબ્દ જડ છે, પુદ્‌ગલનો ભેદ છે, એ તો જડની દશા છે. આહાહા..! **'બંધ,...'** પરમાણુમાં બંધ પડે ને. સૂક્ષ્મ સ્કંધ. **'સ્થૂલ,...'** આ દાળ, ભાત, શાક બધું બહારનું. **'સંસ્થાન,...'** આ બધા આકાર થાય ને? જુઓને! આ શીશપેનનો આકાર આ, આ આકાર, આ બધા આકાર એ બધો જડનો આકાર છે. **'ભેદ,...'** પડે. એમાંથી જુદું પડે. **'તમ,...'** અંધકાર. આ અંધકાર એ પુદ્‌ગલ જડ છે. **'છાયા,...'** આ શરીરની છાયા પડે ને નીચે? એ જડ છે, અજીવ છે, પુદ્‌ગલ છે, માટી છે. સમજાણું? **'છાયા, આતપ,...'** આ પ્રકાશનો આતાપ પડે ને? સૂર્યનો. **'ઉદ્યોત...'** ચંદ્રનો. **'ઇત્યાદિ અનેક પ્રકાર હૈં.'** એમ એણે શ્રદ્ધામાં બરાબર રાખવું જોઈએ. એ મારા નથી પણ એના આ સ્વરૂપે ઇ છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'ધર્મદ્રવ્ય, અધર્મદ્રવ્ય, આકાશદ્રવ્ય યે એક એક હૈં...'** ધર્માસ્તિ એક તત્ત્વ છે. ચૌદ બ્રહ્માંડમાં એક ધર્માસ્તિ નામનું અરૂપી તત્ત્વ છે, એક અધર્માસ્તિ નામનું અરૂપી તત્ત્વ છે. એ જીવ અને જડ ગતિ કરે એમાં ધર્માસ્તિનું નિમિત્ત (છે), સ્થિર થાય એમાં અધર્માસ્તિનું નિમિત્ત (છે). એ બે. **'આકાશદ્રવ્ય...'** જેમાં રહેવાનો સ્વભાવ છે. પુદ્‌ગલો આદિ એમાં રહે એ આકાશ. ખાલી પણ હોય. એ **'એક એક હૈં, અમૂર્તિક હૈં, નિષ્ક્રિય હૈં,...'** એમાં પરિણમન છે પણ ક્ષેત્રાંતર થાતું નથી. એ ક્રિયા અહીં લેવી છે. સમજાણું કાંઈ? પરિણમન છે. બદલે છે, પણ ક્ષેત્રાંતર થતા નથી. ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ જ્યાં છે ત્યાં છે, અનાદિના એમ ને એમ છે. આહાહા..! એવી એને શ્રદ્ધા (હોય). બાહ્ય લિંગ આવા હોય એને આવી શ્રદ્ધા હોય છે. એ શ્રદ્ધાને હજી વ્યવહારશ્રદ્ધા કહેવામાં આવે છે. **'કાલાણુ અસંખ્યાત દ્રવ્ય હૈં.'** કાળ છે, કાળ એ અસંખ્ય પ્રદેશ. અસંખ્ય અણુ, હોં! પ્રદેશ તો એક છે. અસંખ્ય અણુઓ છે.

**'કાલકો છોડકર પાંચ દ્રવ્ય બહુપ્રદેશી હૈં...'** કાળ સિવાય પાંચ દ્રવ્યમાં ઘણા પ્રદેશો છે. **'ઇસલિયે અસ્તિકાય પાંચ હૈં. કાલદ્રવ્ય બહુપ્રદેશી નહીં હૈ ઇસલિયે વહ અસ્તિકાય નહીં હૈ,...'** કાળને અસ્તિ છે પણ કાય નથી. ઘણા પ્રદેશો નથી. એ તો સાધારણ વાત આવી ગઈ છે. **'ઇત્યાદિ ઉનકા સ્વરૂપ તત્ત્વાર્થસૂત્રકી ટીકા સે જાનના.'**

**'જીવ પદાર્થ એક હૈ ઔર અજીવ પદાર્થ પાંચ હૈં, જીવકે કર્મબંધ યોગ્ય પુદ્ગલોંકા આના આસ્રવ હૈ,...'** દ્રવ્યથી વાત લીધી છે. જીવને કર્મબંધનને યોગ્ય જે પરિણામ છે એ આસ્રવ છે અને રજકણો આવે ઇ જડ છે. અહીં જડથી વાત લીધી છે. જીવ જેવા પુણ્ય અને પાપના ભાવ કરે એ ભાવ છે તે આસ્રવ-મેલ છે. આહાહા..! અને એને લઈને નવા આવરણો આવે એને પણ આસ્રવ કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ? ઝીણી વાતું છે, 'કરસનજીભાઈ'! કોઈ દિ' સાંભળી નથી. ધંધા કરીને નવરાશ ન મળે કોઈ દિ'. નોકરી કરી હોય, ધંધા કરે અને માંડ માંડ જિંદગી કાઢે એમાં ધર્મ શું ને આત્મા શું, સાંભળ્યું પણ ન હોય, સમજે તો ક્યાંથી? આહા..હા...!

**'કર્મોંકા બંધના બંધ હૈ,...'** આત્મા પોતાના સ્વરૂપને ભૂલીને જેટલી ભૂલ કરે એના પ્રમાણમાં એને નવા રજકણોનો બંધ પડે, કર્મનું બંધન પડે. એને અહીં બંધ-દ્રવ્યબંધ ગણ્યું છે. **'આસ્રવકા રૂકના સંવર હૈ,...'** પુણ્ય અને પાપના ભાવ રોકાય અને આત્માના અંતરની એકાગ્રતા થાય એને સંવર નામ ધર્મની શુદ્ધિની વાત કહેવામાં આવે છે. એનું નામ ધર્મ. આહાહા..! પુણ્ય અને પાપના બે ભાવ, એનાથી ખસીને ભગવાન શુદ્ધ ચૈતન્યમૂર્તિ આત્મા, એમાં એકાગ્રતા થાય એને ધર્મની શુદ્ધિ પ્રગટી તેમ કહેવામાં આવે છે. ધર્મ આનું નામ છે.

**'કર્મબંધકા ઝડના નિર્જરા હૈ,...'** પરની જ વાત કરી છે. કર્મના રજકણો ખરે, આત્માના સ્વરૂપનો આશ્રય લઈ આનંદનો નાથ ભગવાનનો આશ્રય (લઈ) એના પેટામાં જઈ, સ્વભાવમાં જઈ સ્થિર થાય એથી કર્મના રજકણોનો બંધ ટળી જાય એને નિર્જરા કહેવાય છે. **'સંપૂર્ણ કર્મોંકા નાશ હોના મોક્ષ હૈ,...'** મોક્ષનો અર્થ ઇ. બધા કર્મનો અભાવ થઈને એકલી પવિત્રતા પ્રગટ થઈ જાય. આત્માની પવિત્રતા પૂર્ણ પ્રગટ થાય તેનું નામ મોક્ષ. આહાહા..! સમજાણું કાંઈ?

**'જીવોંકો સુખકા નિમિત્ત પુણ્ય હૈ...'** લ્યો. આ ધૂળ-બૂળ પૂર્વના પુણ્યને લઈને મળે ને? શરીર ઠીક (મળે), એ બાહ્યના ધૂળના સુખનું નિમિત્ત પુણ્ય કહેવાય. આ વ્યવહારુ સુખ દુનિયા માને છે ને? પૈસામાં સુખ છે ને બાયડીમાં સુખ છે. ધૂળમાંય નથી. સુખ તો તારા સ્વરૂપમાં છે. એ દુઃખને અહીંયાં સુખ તરીકે લોકો કહે છે એ અપેક્ષાએ કહ્યું છે. પુણ્ય-પાપની વ્યાખ્યા કરે છે ને. **'દુઃખકા નિમિત્ત પાપ હૈ, ઐસે સપ્ત તત્ત્વ ઔર નવ પદાર્થ હૈં, ઇનકા આગમને અનુસાર સ્વરૂપ જાનકર...'** બરાબર સર્વજ્ઞ પરમેશ્વરે જે જાણીને કહ્યા છે એનું સ્વરૂપ જાણીને શ્રદ્ધા કરે તો તે બાહ્ય લિંગવાળાને વ્યવહાર સમકિતી આને કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? એકલું બાહ્ય લિંગ કામ ન કરે, એમ કહે છે. આહા...!

अब व्यवहार–निश्चयके भेदसे सम्यक्त्वको दो प्रकारका कहते हैं :–

## ગાથા-૨૦

जीवादीसद्दहणं सम्मत्तं जिणवरेहिं पण्णत्तं।
ववहारा णिच्छयदो अप्पाणं हवइ सम्मत्तं।।२०।।

जीवादीनां श्रद्धानं सम्यक्त्वं जिनवरैः प्रज्ञप्तम्।
व्यवहारात् निश्चयतः आत्मैव भवति सम्यक्त्वम्।।२०।।

જીવાદિના શ્રદ્ધાનને સમ્યક્ત્વ ભાખ્યું છે જિને;
વ્યવહારથી, પણ નિશ્ચયે આતમા જ નિજ સમ્યક્ત્વ છે. ૨૦.

अर्थ :– जिन भगवानने जीव आदि पदार्थोंके श्रद्धानको व्यवहार–सम्यक्त्व कहा है और अपने आत्माके ही श्रद्धानको निश्चय–सम्यक्त्व कहा है।

भावार्थ :– तत्त्वार्थका श्रद्धान व्यवहारसे सम्यक्त्व है और अपने आत्मस्वरूपके अनुभव द्वारा उसकी श्रद्धा, प्रतीति, रुचि आचरण सो निश्चयसे सम्यक्त्व है, यह सम्यक्त्व आत्मासे भिन्न वस्तु नहीं है, आत्माहीका परिणाम है सो आत्मा ही है। ऐसे सम्यक्त्व और आत्मा एक ही वस्तु है यह निश्चयका आशय जानना।।२०।।

---

## ગાથા-૨૦ ઉપર પ્રવચન

**'આગે વ્યવહાર-નિશ્ચયકે ભેદસે સમ્યક્ત્વકો દો પ્રકારકા કહતે હૈં :-'** લ્યો ઠીક!

**जीवादीसद्दहणं सम्मत्तं जिणवरेहिं पण्णत्तं।**
**ववहारा णिच्छयदो अप्पाणं हवइ सम्मत्तं।।२०।।**

જીવ, અજીવ, પુદ્ગલ આદિ **'પદાર્થોંકે શ્રદ્ધાનકો વ્યવહાર-સમ્યક્ત્વ કહા હૈ...'** એટલે શુભરાગ છે. સમજાણું કાંઈ? **'જિન ભગવાનને.. કહા હૈ.'** પરમાત્માએ આવા દ્રવ્ય, નવતત્ત્વ વગેરેની શ્રદ્ધા, એવો જે શુભરાગ, એને વ્યવહારસમકિત નિશ્ચય સમકિત હોય એને આવા ભાવને વ્યવહાર-સમકિત કહેવામાં આવે છે. સમજાણું કાંઈ ? **'ઔર અપને આત્માકે હી શ્રદ્ધાનકો નિશ્ચય-સમ્યક્ત્વ કહા હૈ.'** આત્મા સચ્ચિદાનંદ નિર્મળાનંદ પવિત્રતાનું ધામ છે, એવો અંતરમાં અનુભવ થઈને શ્રદ્ધા કરવી એનું નામ સાચું સમકિત છે. એ સાચો ઠર્યો, એને સાચી શ્રદ્ધા થઈ. આહાહા..! સમજાણું કાંઈ? આવા બાહ્યલિંગવાળાને આવું હોય તો પેલાના બાહ્ય વ્યવહાર કહેવામાં આવે. અજ્ઞાનીને તો કહે છે, શ્રદ્ધા પણ ખોટી, લિંગ પણ ખોટા, એ તો બેયથી

ભ્રષ્ટ છે. આહાહા..! કામ ભારે 'અષ્ટપાહુડ'નું. પ્રાભૃત છે ને? સાર છે ને? સાર. માખણ (છે). મૂળ તત્ત્વ વીતરાગ પરમાત્માએ અનાદિથી જોયેલું, જાણેલું, કહેલું આ તત્ત્વ છે. સમજાણું કાંઈ?

કહે છે, બાહ્યલિંગ ત્રણ કહ્યા, એને આવા છ દ્રવ્યની શ્રદ્ધા આદિ હોય તે વ્યવહાર શુભરાગ છે. અને એને પણ વ્યવહાર ક્યારે કહેવાય? અને એને બાહ્યલિંગ નિમિત્તરૂપે પણ ક્યારે કહેવાય? કે એને જીવ-આત્મા અખંડ આનંદનો કંદ, શુદ્ધ ચૈતન્યમૂર્તિ છું એવી અંતરમાં રાગ વિનાની નિર્વિકલ્પ દૃષ્ટિ થાય, એને ભગવાને સાચું સમકિત કહ્યું છે. સમજાય છે કાંઈ? જુઓ!

**'અપને આત્માકે હી શ્રદ્ધાનકો નિશ્ચય-સમ્યક્ત્વ કહા હૈ.'** છે ને? **'अप्पाणं हवइ सम्मत्तं'** આત્માકે સમકિત, એમ પાછું અહીં તો એમ લીધું. સમજાણું કાંઈ? શરીર, વાણી, લિંગ વિનાનું આત્મા તત્ત્વ અને આવા આસ્રવ ને બંધના વિકલ્પ વિનાનું તત્ત્વ, એવો જે આત્મા ચેતના, દર્શન-જ્ઞાનના સ્વભાવવાળો આત્મા, એનો અંતરમાં અનુભવ થઈને પ્રતીતિ થવી એને સાચું સમકિત, સાચો ઠર્યો એમ કહેવામાં આવે છે. નહિતર ત્યાં સુધી ખોટો છે. સમજાણું કાંઈ? આહાહા..! ભારે વાત ભાઈ! આવું નિશ્ચય સમ્યગ્દર્શન, નિર્વિકલ્પ આત્મા વસ્તુ છે, વિકલ્પ નામ રાગ વિનાનું, પણ છે મહાપદાર્થ, મહા જ્ઞાન, દર્શન, આનંદના સ્વભાવથી ભરેલો. એવા આત્માની સ્વભાવ સન્મુખ થઈ અને વિકલ્પ તૂટીને નિર્વિકલ્પ શ્રદ્ધાનો અનુભવ થવો એને ભગવાન સાચું સમકિત, નિશ્ચય સમકિત, યથાર્થ સમકિત, વાસ્તવિક સમકિત કહેવામાં આવે છે. એને આવું વ્યવહાર સમકિત હોય છે, એને આવા વ્યવહાર લિંગ હોય છે. એમ ત્રણેયની વાત કરી, જુઓ! સમજાણું કાંઈ?

જેને નિશ્ચય નથી એને વ્યવહાર પણ સાચો છે નહિ, તો એના લિંગની પણ ગણતરી છે નહિ. એવા નગ્નપણાના દ્રવ્યલિંગ તો અનંતવાર ધારણ કર્યા. સમજાણું કાંઈ? પણ જેને નિશ્ચય સમ્યક્ (થયું છે), શુદ્ધ ચૈતન્ય ભગવાન પરમેશ્વરે કહ્યો એવો આત્મા અંદર સચ્ચિદાનંદ પ્રભુ (છે), એની પ્રભુતાની પ્રતીત, પ્રભુતાનું જ્ઞાન થઈને અંદરમાં થવી એનું નામ સાચું સમકિત (કહે છે). એવું સાચું સમકિત હોય ત્યાં છ દ્રવ્યની શ્રદ્ધા આદિ હોય એ વ્યવહારસમકિત, ઉપચારિત સમકિત (કહેવાય છે). એવો હોય ત્યાં લિંગ આવું હોય એ નિમિત્તની દશાનું વર્ણન છે. સમજાણું કાંઈ? વ્યવહારશ્રદ્ધા એ અભ્યંતર નિમિત્ત, આ બાહ્ય નિમિત્ત. બેય નિમિત્તની વ્યાખ્યા છે. નિમિત્ત આવું હોય. આવા નિમિત્ત સિવાય બીજું નિમિત્ત હોય નહિ, એમ કહે છે. શું કહ્યું સમજાણું આમાં?

ફરીને. જેને નિશ્ચય સ્વભાવનું સમ્યગ્દર્શન, શુદ્ધ ચૈતન્ય પરમાત્મા પોતે જ હું છું એવી અંતર્મુખ થઈને ભાન થઈને પ્રતીતિ થવી એ સાચું સમકિત, એ સમ્યગ્દર્શન, સત્યદર્શન (છે). એવા સત્યદર્શનવાળાને વ્યવહાર સમકિતનો વિકલ્પ છ દ્રવ્યનો, નવ તત્ત્વનો હોય એ નિમિત્ત કહેવામાં આવે છે. એ અભ્યંતરમાં વ્યવહાર આવું નિમિત્ત એને હોય છે, બીજું નિમિત્ત હોઈ શકે નહિ. અને એને આ ત્રણ લિંગનું નિમિત્ત બાહ્યમાં હોય છે. ચોથું લિંગ-ભેખ એને હોતો નથી, એમ કહે છે. સમજાણું કાંઈ?

એકલી નગ્નદશા ધારણ હોય તોય મુનિપણું નહિ. એકલા વ્યવહાર સમકિત ને

પંચમહાવ્રતના વિકલ્પ હોય એ વ્યવહાર જ નથી અહીં. નિશ્ચય વિના વ્યવહાર કેવો? તો એ પણ વ્યવહાર પણ નથી અને મુનિ પણ નથી. આહાહા..! ભારે કામ. સમજાણું કાંઈ? જેને લંગોટી એક હોય અને કપડું એક જ નાનું હોય અને અગિયાર પડિમા ધારવાના વિકલ્પ હોય પણ જેને અંતર અનુભવની દૃષ્ટિ અને સમકિત નથી એને શ્રાવક કહેતા નથી, એને ક્ષુલ્લક-બુલ્લક કહેતા નથી, કહે છે. પંડિતજી! બાત તો ઐસી હૈ.

એમ અર્જિકા. એક કપડું રાખે, એક વાર આહાર લે. પણ એ જો અંતર નિશ્ચય સમ્યગ્દર્શન હોય તો વ્યવહાર સમકિતના વિકલ્પને નિમિત્ત અને તો એ લિંગને નિમિત્ત કહેવામાં આવે છે. વસ્તુ ન મળે તો નિમિત્ત કોનું પણ? સમજાણું કાંઈ? આહાહા..! પણ નિમિત્ત હોય તો આવું જ હોય, બીજું હોય નહિ એમ સિદ્ધ કરે છે.

મુમુક્ષુ :- નિમિત્ત ન હોય એમ હોય?

ઉત્તર :- ન હોય એમ બને નહિ. હોય તો આવું જ હોય. સેઠી! કહો, સમજાય છે કે નહિ આમાં? આ તો સાદી વાત છે. આ સંપ્રદાયના આગ્રહ માનીને બેઠા હોય એને તો આ ઘા વાગે એવું છે કે આવો માર્ગ ક્યાંથી કાઢ્યો? બસ, આ એક જ માર્ગ સાચો, બીજા ખોટા? આહાહા..! માર્ગ આવો છે, બાપુ! શું કહીએ? ભગવાન ત્રણલોકના નાથ પરમેશ્વરે આ કહ્યું છે. આ સિવાયનો માર્ગ તે વ્યવહાર ને નિશ્ચય એક્કેય માર્ગ સાચો નથી. સમજાણું કાંઈ?

**ભાવાર્થ :- 'તત્ત્વાર્થકા શ્રદ્ધાન વ્યવહારસે સમ્યક્ત્વ હૈ...'** પેલું તત્ત્વાર્થ શ્રદ્ધાન નહિ, હોં! 'ઉમાસ્વામી'માં જે તત્ત્વાર્થ શ્રદ્ધાન છે એ તો નિશ્ચય સમકિત છે. નવતત્ત્વના ભેદવાળી શ્રદ્ધા તે વ્યવહાર સમકિત છે એમ અહીં સમજવું. 'દેવીચંદજી'! આ '**તત્ત્વાર્થકા શ્રદ્ધાન વ્યવહારસે સમ્યક્ત્વ હૈ...**' ઇ તત્ત્વાર્થ શ્રદ્ધાન સમ્યગ્દર્શન નહિ. ઇ તત્ત્વાર્થ શ્રદ્ધાન એ સમ્યગ્દર્શન તો નિશ્ચય સમકિત છે. પણ એવી શ્રદ્ધામાં નવતત્ત્વ ને છ દ્રવ્યની શ્રદ્ધાનો જે ભેદવાળો વિકલ્પ છે અને અહીં વ્યવહાર સમકિત કહ્યું છે. મૂળમાં કીધું ને? જુઓને! '**जीवादीसद्दहणं**' એમ શબ્દ છે ને? એણે એ પ્રશ્ન કર્યો હતો ત્યાં, ૧૫૫ ગાથા 'સમયસાર'માં આવે છે ને? '**जीवादीसद्दहणं सम्मत्तं**' ૧૫૫ ગાથા. 'વિદ્યાનંદજી'ને ન્યાં દિલ્હીમાં પૂછ્યું હતું. કીધું, '**जीवादीसद्दहणं**' નિશ્ચય છે. જ્ઞાનની પરિણતિ થવી એનું નામ સમકિત છે. એકલા જીવાદિ નવ તત્ત્વ એ નહિ. ન્યાં પાઠ છે. જીવાદિનું શ્રદ્ધાન એટલે કે જ્ઞાનનું એ રીતે પરિણમવું, જ્ઞાન એ રૂપે પરિણમી જાય, નિર્વિકલ્પ વીતરાગી પર્યાયપણે થાય એને સમકિત કહેવામાં આવે છે. આહાહા..! સાંભળ્યું પણ ન હોય અને બેઠે તો ક્યાંથી હોય? આમ ને આમ અનાદિથી ચોર્યાશીના અવતારમાં રખડે છે. રખડવામાં હોંશિયાર છે. વાસ્તવિક દોષ ટાળવામાં હોંશિયાર નથી. આહાહા..!

વિપરીત માન્યતાથી અને વિપરીત રાગ-દ્વેષના ભાવથી દુઃખી છે. અનાદિનો જીવ દિગંબર સાધુ થયો પણ અંતરમાં વિપરીત શ્રદ્ધાના કારણે દુઃખી છે. નગ્ન મુનિ થયો, અઠ્યાવીસ મૂળગુણ પાળ્યા પણ એને નિમિત્ત તરીકે કહેવામાં ન આવ્યું. કારણ કે ઉપાદાન પ્રગટ્યું નથી,

નિમિત્ત કહેવું કોને? આહાહા..! નિમિત્ત કહો કે વ્યવહાર કહો. પેલો અસદ્ભુત વ્યવહાર છે, આ અસદ્ભુતનો ઉપચાર ભાગ છે. પેલો અસદ્ભુત ... બાકી તો રાગ તે અસદ્ભુત ઉપચાર છે, ખ્યાલમાં આવે એ. ખ્યાલમાં ન આવે એ અસદ્ભુત અનુપચાર. એવી વાત છે.

આત્મા... અહીં તો કહે છે કે તત્ત્વાર્થ શ્રદ્ધાન સમકિત એટલે સાચી પ્રતીતિ ઇ કઈ? 'ઉમાસ્વામી'એ કહ્યું ઇ શું? અને આ કહ્યું ઇ શું? '**जीवादीसद्दहणं**' અહીં નવતત્ત્વના ભેદવાળી શ્રદ્ધાને તત્ત્વાર્થ શ્રદ્ધાન (કહ્યું છે). કારણ કે પાઠમાં '**जीवादीसद्दहणं**' છે ને? એનો ખુલાસો કરે છે ને? એટલે તત્ત્વાર્થ શ્રદ્ધાન જે ન્યાં 'ઉમાસ્વામી'એ કહ્યું છે એને કેટલાક વ્યવહાર સમકિત માને છે. બધાને પૂછ્યું હતું, આ તત્ત્વાર્થ શ્રદ્ધાન એ શું? વ્યવહાર શ્રદ્ધા, વ્યવહાર શ્રદ્ધા. પણ વ્યવહાર શ્રદ્ધા તો રાગ છે. એનો માર્ગ છે આ? ચોપડીમાં છે ને. એ.. સેઠી! એ સેઠીને ક્યાં ભાન હતું? ઇ બધા એમ ને એમ હા, હા (કરતા હતા).

મુમુક્ષુ :- ઇ છાપેલી ચોપડીમાં કહે છે કે સોનગઢની છાપેલીમાં?

ઉત્તર :- લ્યો, ઠીક. તમારી છાપેલી ચોપડીમાં લખ્યું છે, કહે છે. કોણે છાપી છે? પન્નાલાલ. તમારી દિગંબરની હશે. છે ને ચોપડી? લાવોને. આમાં લખ્યું છે, તત્ત્વાર્થ શ્રદ્ધાનં સમ્યગ્દર્શન, એ વ્યવહાર છે. અરે..! આવા ને આવા પંડિતો પણ સમજે નહિ. એય! 'દેવીચંદજી'!

મુમુક્ષુ :- બહુ લજ્જાની વાત હૈ...

ઉત્તર :- લજ્જા કી બાત હૈ. ... આ તો વસ્તુની સ્થિતિ એવી છે. વ્યક્તિગત કાંઈ નહિ. આવું સ્વરૂપ જ છે, ભાઈ! શું થાય? આહાહા..! જ્યારે તત્ત્વાર્થસૂત્રનું તત્ત્વાર્થ શ્રદ્ધાનને વ્યવહાર સમકિત કહે ત્યારે નિશ્ચયનો અધિકાર આવ્યો ક્યાં? અને એવા વ્યવહાર સમકિતવાળાને પાંચ જ્ઞાન જ્ઞેય કહ્યા? મતિ, શ્રુત, અવધિ ને પાંચ જ્ઞાન એવાને કહ્યા? એને ચારિત્ર કહ્યું? સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રાણિ મોક્ષમાર્ગઃ. વ્યવહારસમકિત તો પછી જ્ઞાન પણ વ્યવહાર અને ચારિત્ર પણ વ્યવહાર. ત્રણેય વ્યવહાર (થયા). સમકિત વ્યવહાર અને ચારિત્ર નિશ્ચય એમ ક્યાંથી આવે એમાં? આવે છે. અહીં તો કહેવું છે, તત્ત્વાર્થ શ્રદ્ધાન સમ્યગ્દર્શન એ પાઠમાં બે ખુલાસો છે ને? '**जीवादीसद्दहणं सम्मत्तं ववहारा**' એનો ખુલાસો કરે છે.

મુમુક્ષુ :- એને વ્યવહાર કહ્યો છે. નિશ્ચય કીધો તો...

ઉત્તર :- તો પણ '**अप्पाणं हवइ सम्मत्तं**' ભગવાન જ્ઞાનમૂર્તિ નિર્વિકલ્પનું અંતર ભાન અને પ્રતીત થવી એ સાચું સમકિત, બાકી ખોટા સમકિત છે. આ નિશ્ચય સમકિત વિના વ્યવહાર સમકિત પણ કહેવામાં આવતું નથી. વ્યવહારાભાસ છે અને લિંગ પણ એનું છે ઇ પણ વ્યવહારાભાસ અસદ્ભુત જૂઠું છે. સમજાણું કાંઈ?

અહીં વ્યવહાર છે અને ન્યાં નિશ્ચય છે એમ કોઈ કહે તો એનું કારણ? અહીં તો '**जीवादीसद्दहणं**'ને વ્યવહાર ચોખ્ખો (જુદો) પાડ્યો છે અને નિશ્ચય '**अप्पाणं हवइ सम्मत्तं**' એમ કહ્યું છે. એટલે અહીંનું આ તત્ત્વાર્થ શ્રદ્ધાન વ્યવહાર લખ્યું છે એ બરાબર છે. અને ન્યાં જે કહ્યું

છે, '**जीवादीसद्दहणं**', નવતત્ત્વાર્થ શ્રદ્ધાન કીધું ને? નામ તો સાતેય તત્ત્વના નાખ્યા. જીવ, અજીવ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા ને મોક્ષ. ઇ તો અંદરનું જ્ઞાન થઈને અંતર સન્મુખ થઈને પ્રતીતિ થઈ છે એની વાત છે. નિશ્ચય સમ્યગ્દર્શનની વ્યાખ્યા છે. સમજાણું કાંઈ? અહીં આ તત્ત્વાર્થ શ્રદ્ધાન છે ઇ વ્યવહાર સમકિતની વ્યાખ્યા છે. સેઠી! ન્યાં બધાને પૂછે પહેલા. તત્ત્વાર્થ શ્રદ્ધાન સમ્યગ્દર્શન પૂછતા હતા એ તો વ્યવહાર છે. 'ચાંદમલજી'ને પૂછ્યું હતું. એ કહે, વ્યવહાર છે. તો કહે, એ શબ્દમાં ભૂલ થઈ ગઈ, ભાષામાં ભૂલ થઈ ગઈ. ઠીક. મારી ભુલ નથી. આવા ને આવા. 'ચાંદમલજી' હતા ને? 'ઉદયપુર'ના. સમજાણું કાંઈ? એમાં છે, ઇ તો બતાવ્યું હતું, લખેલું હતું ઇ બતાવ્યું હતું.

અહીં કહે છે, જેને આત્માનું નિશ્ચય સમ્યગ્દર્શન નિર્વિકલ્પ રાગનો કર્તા નહિ, દેહની ક્રિયા મારી નહિ, દેહની ક્રિયાનો કર્તા નહિ, આ મારો પર્યાય જેટલો પણ ભાવ નહિ. એવી જેને ચૈતન્ય દ્રવ્યની ધ્રુવતાના લક્ષે જે દૃષ્ટિ થઈ તેને સાચું સમકિત અને સાચો ઠર્યો એ ચોથે ગુણસ્થાને આવ્યો. આ વિના શ્રાવક ને મુનિ બધા એકડા વિનાના મીંડા છે. આ લિંગ આવા હોય તો એને. બીજા લિંગ હોય એની તો વાત જ નથી. એની તો શ્રદ્ધા પણ ખોટી ને લિંગ પણ ખોટા, બધું ખોટું. સમજાણું કાંઈ? માર્ગ તો આ છે, બેસે ન બેસે, ઇ સ્વતંત્ર છે. અનાદિથી એને બેઠું નથી. આહા...!

અહીં તો કહે છે, જેને બાહ્ય લિંગ આવું હોય, અભ્યંતરમાં પણ અઠ્યાવીસ મૂળગુણના વિકલ્પ મુનિને હોય એને આવું નિશ્ચય સમ્યગ્દર્શન હોય તો પેલાને વ્યવહાર કહેવામાં આવે. કેટલું આમાં સમજવું? ઊંધું ઘણું ગરી ગયું છે એટલે પ્રમાણમાં એને બધું સવળું સમજવું પડશે.

'**ઔર અપને આત્મસ્વરૂપકે અનુભવ દ્વારા ઉસકી શ્રદ્ધા, પ્રતીતિ, રુચિ, આચરણ સો નિશ્ચયસે સમ્યક્ત્વ હૈ,...**' દેખો! ભગવાનઆત્મા પોતાના આત્મસ્વરૂપનો અનુભવ કરી. ભાષા દેખો! આમ શ્રદ્ધા-બદ્ધા ન કામ આવે, કહે છે. આ આત્મા જ્ઞાયક ચિદાનંદ આનંદસ્વરૂપ છે એવું અંતરમાં જ્ઞાન થઈ, અનુભવ થઈ અને અનુભવમાં પ્રતીતિ થવી, તેની શ્રદ્ધા, તેની પ્રતીતિ, તેની રુચિ અને તેમાં આચરણ-આત્માનું ઠરવું, એનું નામ નિશ્ચય સમકિત છે. જુઓ! અહીં તો '**આચરણ સો નિશ્ચયસે સમ્યક્ત્વ હૈ,...**' (એમ કહ્યું છે). ભાઈ! શું કહ્યું છે? એટલું આચરણ ત્યાં આવે છે. એને અહીં નિશ્ચય સમકિત કહ્યું. સમજાણું કાંઈ? આ સ્વરૂપાચરણ. અનંતાનુબંધીનો અભાવ થઈ અને અંદર ઠર્યો છે. શાંતિ પ્રગટી છે, પ્રતીતની સાથે શાંતિ પ્રગટી છે. આહાહા..! ભારે કામ, ભાઈ! ઘણાંય પુસ્તક તો પડ્યા છે પણ વાંચે છે ક્યાં? અને વાંચે તો પોતાની દૃષ્ટિએ વાંચે, અર્થ કરે પોતાની દૃષ્ટિએ. આહાહા..! 'કુંદકુંદાચાર્ય'ને પક્ષકાર કહે. 'રામજીભાઈ'ના હતા ને? પેલા 'ચુડગર'. આ વાંચ્યું હતું કે આવું હોય ત્યાં.. સંપ્રદાયની વાત છે. ઇ ન્યાં પહેલું મળ્યું હતું. 'અષ્ટ પાહુડ' ઇ મળ્યું હતું. (સંવત) ૧૯૯૦માં. 'રાજકોટ'માં. ... એમાં લખ્યું હતું. જ્યાં ત્યાં આવે, નગ્નપણું તે મુનિપણું. સંપ્રદાય નહિ, એ તો વસ્તુની સ્થિતિ છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ત્યાં સમકિતની વ્યાખ્યા બરાબર કહે.

ઉત્તર :- ત્યાં સમકિતની બરાબર. એણે પોતે છાપ્યું છે ને. ... ઇ તો બરાબર લખ્યું છે પણ

એના વાંચનમાં બધો ફેર છે.

અહીં કહે છે, પોતાનો ભગવાન, એ પર ભગવાન ને વીતરાગદેવને માનવા એ પણ વિકલ્પ અને રાગ છે અને પરદ્રવ્ય છે. એ સમકિત નહિ. લોકોમાં દાખલો આપે છે. છાશ જોઈતી હોય તો પછી... શું કહેવાય ઇ? દોણી સંતાડે? અમારે મામી હતા ને? ત્યાં ભેંસ રાખતા. અહીં તો અમારે ભેંસ રાખવાનું ક્યાં સાધન હતું. સાધન નહોતા. સાધારણ. પછી છાશ-બાશ લેવા જઈએ તો બે શેર સારી છાશ આપે. ઘરે મહેમાન આવ્યા હોય અને ઝાઝી જોઈતી હોય તો બોઘણું મોઢા આગળ કરવું પડે. જુઓ! આ બોઘણું છે આમાં નહિ આવે. દસ શેર છાશ જોઈએ. બોઘણું સમજો છો? બર્તન. સગા મામી હતા. એકલા હતા ને. 'જગજીવનભાઈ' હતા. ગુજરી ગયા. કઢી કરવી હોય ને પછી દરરોજ શેર છાશ આપે, એ પાલવે? ઘરે પાંચ-સાત મહેમાન હોય, કઢી, દાળ, ભાત, શાક ... એમ અહીં માર્ગ છે ઇ ખુલ્લો મૂક્યા વિના અમે સમજીએ શી રીતે? માર્ગ તો આવો છે, ભાઈ! કડક લાગો, વિપરીત લાગો, પક્ષ લાગો તો પણ માર્ગ તો આ છે. બીજો માર્ગ જો આડોઅવળો કાંઈ માને તો વીતરાગ માર્ગથી ભ્રષ્ટ થયેલાઓ મિથ્યાદૃષ્ટિ છે. 'જાદવજીભાઈ'! આવું છે. જુઓ!

વ્યવહાર... પાઠમાં વ્યવહાર પહેલો છે ને? પછી નિશ્ચય શ્રદ્ધારૂપી આચરણ. **'આચરણ સો નિશ્ચયસે સમ્યક્ત્વ હૈ,...'** ત્યાં પછી પેલા લઈ લે કે આચરણ આવું. સ્વરૂપની સ્થિરતા આત્માની હોય તો ઇ (કહેવું છે). ઇ વાત નથી અહીં. લઈ જાય ને, શું કરે? અહીં તો એવું સ્વરૂપ આત્માનું છે. જ્ઞાયક, આનંદ, અનંતગુણનો અરૂપી પિંડ આત્મા (છે), એના સન્મુખ થઈને, સ્વભાવ સન્મુખ થઈને રાગ ને પર્યાયથી વિમુખ થઈને અંતરમાં અનુભવમાં પ્રતીતિ થવી (તે સમ્યગ્દર્શન છે). એમાં પ્રતીતિની સાથે સ્થિરતા પણ હોય છે તે આચરણ. ભૂમિકાની યોગ્યતા. એને નિશ્ચય સમકિત-સાચું સમકિત કહેવામાં આવે છે. એને ચોથું ગુણસ્થાન સાચું છે, બાકી બધા ગપ્પેગપ છે. કહ્યું નહિ?

આત્મા આનંદ અને જ્ઞાન આદિ અનંત સ્વભાવી વસ્તુ છે. વસ્તુ છે ને? પદાર્થ છે ને? આત્મા તત્ત્વ છે ને? તત્ત્વ. એ આત્મા તત્ત્વ છે, એનો સ્વભાવ છે સત્. સત્યનો સત્ સ્વભાવ (છે). જ્ઞાન, દર્શન, આનંદ એવો ગુણનો પુંજ તે આત્મા (છે). એમ પર્યાયબુદ્ધિ છોડી, વિકલ્પબુદ્ધિ છોડી, નિમિત્તબુદ્ધિ છોડી ત્રિકાળ જ્ઞાયક ઉપરની દૃષ્ટિ થતાં જે રાગની એકતા તૂટી, સ્વભાવની એકતા થઈ, એને શ્રદ્ધા, પ્રતીતિ અને સ્થિરતાનો અંશ સમકિતમાં પણ જે આવ્યો, એને નિશ્ચય સમકિત કહેવામાં આવે છે. આહાહા..! કહો, સમજાણું? એને હજી ચોથું ગુણસ્થાન કહે છે. આવું જ્યાં નથી એ તો સમકિત પણ નથી, જૈન પણ નથી અને એ શ્રાવક ને સાધુ છે જ નહિ. વાડાના છે. એ કોથળી ઉપર લખ્યું સાકર અને અંદર હોય કરિયાતું. કરિયાતું સમજો છો? કેરાયતા હોય છે ને? અંદર (હોય) કેરાયતા અને ઉપર લખે સાકર. એટલે કરિયાતુ કાંઈ મીઠું થઈ જાય? એમ ઉપર કહે, અમે જૈન છીએ, શ્રાવક છીએ ને સાધુ છીએ, અંદરમાં કેરાયતા-મિથ્યાશ્રદ્ધા ભરી છે. રાગથી ધર્મ માને, પુણ્યથી ધર્મ માને, લિંગ ખોટું હોય એ પણ અમારો માર્ગ છે, એવી અંદર

મિથ્યાશ્રદ્ધા છે એ ઝેરની છે. બહારમાં લિંગ નામ ધરાવે કે અમે જૈન શ્રાવક ને મુનિ (છીએ). એ બધા એકડા વિનાના મીંડા છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :-

ઉત્તર :- બીજાની વાત જ ક્યાં છે? જૈન સિવાય અન્યમતના જેટલા ભેદ છે એ બધા મિથ્યાદૃષ્ટિના પોષક છે. સમજાણું કાંઈ? ચાહે તો એ નાનક પંથ હો ને ચાહે તો કબીર પંથ હો ને ચાહે તો વેદાંત પંથ હોય, બધાય મિથ્યાત્વના પાકા પોષક છે. આ વેદાંત, કહ્યું ને. એક આત્મા સર્વત્ર માનનારા, એ પણ મિથ્યાત્વના પોષક છે. સમજાણું કાંઈ? આવો માર્ગ સત્ય છે, બાપુ! ....

મુમુક્ષુ :- સમન્વયનો જમાનો છે.

ઉત્તર :- સમન્વયનો જમાનો... ઝેરનો અને અમૃતનો સમન્વય કરે કોઈ? ખાવા વખતે શાક ખાય અને માંસ ભેગુ ખાય, એમ કરતા હશે સમન્વય? કરો શાકના બે ભાગ. શાકાહારી અને માંસાહારી, સમન્વય કરો.

મુમુક્ષુ :-

ઉત્તર :- બે છે ખરા, એ સમન્વય. પણ છે વિપરીત. માર્ગ એવો છે, ભાઈ!

**'યહ સમ્યક્ત્વ આત્માસે ભિન્ન વસ્તુ નહીં હૈ...'** સમકિત છે એ (કંઈ) આત્માથી જુદી દશા નથી. એ તો આત્માની વીતરાગી પર્યાય છે. **'આત્માહીકા પરિણામ હૈ સો આત્મા હી હૈ.'** લ્યો, પાછું કીધું છે ને? '**अप्पाणं**' કીધું છે ને? **'ઐસે સમ્યક્ત્વ ઔર આત્મા એક હી વસ્તુ હૈ યહ નિશ્ચયકા આશય જાનના.'** એનું નામ સત્યનો અભિપ્રાય ભગવાને આવો કહ્યો છે. એ સિવાય બીજો બધો વ્યવહાર ઉપચાર છે. પણ આવો નિશ્ચય હોય ત્યાં આવો જ વિકલ્પ હોય, લિંગ પણ આવું હોય. ભેખ તરીકે. ભેખ ન હોય એ જુદી વાત છે. ગૃહસ્થાશ્રમમાં તો અનેક પ્રકાર છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

**अब कहते हैं कि यह सम्यग्दर्शन ही सब गुणोंमें सार है उसे धारण करो :–**

## ગાથા-૨૧

**एवं जिणपण्णत्तं दंसणरयणं धरेह भावेण।**
**सारं गुणरयणत्तय सोवाणं पढम मोक्खस्स।।२१।।**

**एवं जिनप्रणीतं दर्शनरत्नं धरत भावेन।**
**सारं गुणरत्नत्रये सोपानं प्रथमं मोक्षस्य।।२१।।**

**એ જિનકથિત દર્શનરતનને ભાવથી ધારો તમે,**
**ગુણરત્નત્રયમાં સાર ને જે પ્રથમ શિવસોપાન છે. ૨૧.**

अर्थ :– ऐसे पूर्वोक्त प्रकार जिनेश्वर देवका कहा हुआ दर्शन है सो गुणोंमें और दर्शन–ज्ञान–चारित्र इन तीन रत्नोंमें सार है–उत्तम है और मोक्ष मन्दिरमें चढ़नेके लिये पहली सीढ़ी है, इसलिये आचार्य कहते हैं कि – हे भव्य जीवो ! तुम इसको अन्तरंग भावसे धारण करो, बाह्य क्रियादिकसे धारण करना तो परमार्थ नहीं है, अन्तरंगकी रुचिसे धारण करना मोक्षका कारण है।।२१।।

**પ્રવચન નં. ૧૬, ગાથા-૨૧ થી ૨૩, બુધવાર, જેઠ વદ ૬, તા. ૨૪-૬-૧૯૭૦**

'અષ્ટપાહુડ'. દર્શનપાહુડની ૨૧ મી ગાથા. **'અબ કહતે હૈં કિ યહ સમ્યગ્દર્શન હી સબ ગુણોંમેં સાર હૈ...'** સમ્યગ્દર્શન એ પહેલો ધર્મનો પાયો અને (પહેલું) ધર્મનું સોપાન છે.

**एवं जिणपण्णत्तं दंसणरयणं धरेह भावेण।**
**सारं गुणरयणत्तय सोवाणं पढम मोक्खस्स।।२१।।**

**અર્થ :- 'ઐસે પૂર્વોક્ત પ્રકાર...'** માથે કહ્યું ને? છ દ્રવ્યની શ્રદ્ધા, આત્માની શ્રદ્ધા એમ માથે કહ્યું. આત્મા શુદ્ધ ચૈતન્ય છે એની સન્મુખ થઈને નિર્વિકલ્પ શ્રદ્ધા (થવી) એનું નામ સાચું સમકિતનું પ્રથમ દર્શન છે. સમજાણું કાંઈ? **'જિનેશ્વર દેવકા કહા હુઆ દર્શન....'** વીતરાગ પરમેશ્વર, જેને ત્રિકાળ જ્ઞાન (છે), એમણે કહ્યું જે સમ્યગ્દર્શન **'સો ગુણોંમેં ઔર દર્શન-જ્ઞાન-ચારિત્ર ઇન તીન રત્નોંમેં સાર હૈ...'** સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર એવી ત્રણ દશા, એમાં પણ સમ્યગ્દર્શન સાર છે. એ વિના જ્ઞાન અને ચારિત્ર હોય નહિ. સમજાણું કાંઈ?

**'ઔર મોક્ષ મંદિરમેં ચઢનેકે લિયે પહલી સીઢી હૈ,...'** મોક્ષનું મંદિર ચડવાનું પહેલું પગથિયું છે. જેને આત્મા સર્વજ્ઞે કહ્યો એવો આત્મા જેને પર્યાયમાં પૂર્ણ પ્રાપ્ત કરવો છે એવો જે મોક્ષ, એની પહેલી સીઢી અથવા સીઢીનું પહેલું પગથિયું સમ્યગ્દર્શન છે. સમજાણું કાંઈ? જૈનદર્શનમાં જે નિર્ગ્રંથ પર્યાય વીતરાગની અને નિર્ગ્રંથ લિંગ દિગંબર એ જૈનદર્શન છે. એની શ્રદ્ધા અંતર આત્મામાં સ્વભાવ સન્મુખ થઈને વીતરાગી શ્રદ્ધા પ્રગટ કરવી એ પહેલું પગથિયું, મોક્ષની નિસરણીનું પહેલું પગથિયું છે.

**'ઇસલિયે આચાર્ય કહતે હૈં કિ-હે ભવ્ય જીવો! તુમ ઇસકો અંતરંગ ભાવસે ધારણ કરો,...'** શ્રદ્ધા વિપરીત માન્યતાઓ છોડીને આત્મા શુદ્ધ ચૈતન્યસ્વરૂપ (છે), પુણ્ય ને દયા, દાનના વિકલ્પો નામ રાગ, આસ્રવતત્ત્વ એ તો આસ્રવ છે, એનાથી ભિન્ન એવો જ્ઞાનસ્વભાવી આત્મા, એનો અનુભવ કરીને એની પહેલી પ્રતીતિ કરો. **'અંતરંગ ભાવસે ધારણ કરો,...'** એમ. સમજાણું કાંઈ? **'भावेण'** શબ્દ છે ને? **'दंसणरयणं धरेह भावेण'** એમ પાઠ છે. ભાવથી ધારણ કરો. સમજાણું?

**'બાહ્ય ક્રિયાદિકસે ધારણ કરના તો પરમાર્થ નહીં હૈ,...'** રાગના વિકલ્પથી દેવ-ગુરુ-

શાસ્ત્રની શ્રદ્ધા કરી હોય, નવ તત્ત્વની શ્રદ્ધા વિકલ્પ, રાગથી કરી હોય એ કંઈ સારભૂત નથી, એમ કહે છે. સમજાય છે કાંઈ? દેહાદિની ક્રિયા તો ઠીક પણ દેવ-ગુરુ, સાચા દેવ અરિહંત, ગુરુ નિર્ગ્રંથ ચારિત્રવંત ભાવલિંગી સંત અને શાસ્ત્ર-સર્વજ્ઞે કહ્યાં દિગંબર શાસ્ત્રો, એ સાચા (છે) એવી જે શ્રદ્ધાનો ભાવ એ રાગની ક્રિયાનો ભાવ છે. સમજાણું કાંઈ? એ કંઈ ખરું સમકિત નથી. પરમાર્થ સમકિત નથી. સમજાણું કાંઈ? અને સમકિત જ્યાં નથી ત્યાં જ્ઞાન ને ચારિત્ર ને વ્રત ને તપ કાંઈ હોઈ શકે નહિ. એકડા વિનાનાં મીંડા છે. પહેલું પગથિયું જ આ છે. પહેલા પગથિયાના ઠેકાણા ન મળે અને ઉપર ચડી જાય. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- વ્રત ધારણ એમાં આવી જાય.

ઉત્તર :- આવી જાય, એ તો કહેવાણું. વ્રત ધારણ કરે એટલે ચારિત્ર થઈ ગયું એટલે એને સમકિત હોય જ. મૂઢ છે. ધૂળેય નથી. વ્રત તો રાગ છે. મહાવ્રત આદિ, બાર વ્રત આદિ તો આસ્રવતત્ત્વ, વિકલ્પ છે, આસ્રવતત્ત્વ છે. એને અંગીકાર કર્યું એટલે એ તો મિથ્યાદૃષ્ટિ છે.

મુમુક્ષુ :- કોઈ વ્રત નહિ લ્યે.

ઉત્તર :- કોણ લ્યે છે? વ્રત હતા કે દિ'? અજ્ઞાનીને વ્રત કે દિ' હતા? ક્યા હૈ સેઠીજી? બરાબર હૈ? આજ બોલ્યા નથી.

**'બાહ્ય ક્રિયાદિકસે ધારણ કરના...'** એટલે કે વ્રત લીધા, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા માની, પંચમહાવ્રત એવા વિકલ્પથી શ્રદ્ધા એ શ્રદ્ધા છે જ નહિ, એ તો મિથ્યાશ્રદ્ધા છે. કામ ભારે ઝીણું જગતને. સમજાણું કાંઈ? **'ધારણ કરના સો પરમાર્થ નહીં હૈ,...'** '**भावेण**' ની સામે વ્યાખ્યા કરી.

**'અંતરંગકી રુચિસે ધારણ કરના મોક્ષકા કારણ હૈ.'** અંતરંગ ચૈતન્ય સ્વરૂપ એ પુણ્ય-પાપ, શુભ-અશુભ વિકલ્પ રહિત અને અનંત જ્ઞાન, દર્શન, ચારિત્ર, આનંદ સહિત એવો આત્માનો સ્વભાવ (છે). બેહદ જ્ઞાન, બેહદ આનંદ, બેહદ શ્રદ્ધા, બેહદ દર્શનઉપયોગ, દર્શન, બેહદ વીર્ય એવા અનંત ચતુષ્ટય સ્વભાવસ્વરૂપ આત્મા (છે), એની અંતરંગ રુચિ કરીને સમ્યક્ ધારણ કરો, કેમકે એ મોક્ષનું પહેલું પગથિયું છે. આહાહા..! કહો, સમજાણું કાંઈ? દર્શનપાહુડ છે ને? દર્શન તો એને એ કહ્યું. 'दंसणमग्गं'. જિનવરનો માર્ગ બાહ્યમાં દિગંબર દશા જેની હોય, અભ્યંતર ત્રણ કષાયનો નાશ હોય, એવી નિર્ગ્રંથ માર્ગની જૈનદર્શનનો માર્ગ, એને જૈનદર્શન કહેવામાં આવે છે. એની શ્રદ્ધા કરવા જાય જ્યારે, એવા ત્રણ દર્શન, જ્ઞાન, ચારિત્રને પ્રાપ્ત અને અઠ્યાવીસ મૂળગુણના બાહ્ય વિકલ્પ (હોય) અને બાહ્યમાં તદ્દન નગ્ન દશા, એનું નામ જૈનદર્શન. એટલે વસ્તુનું સ્વરૂપ આ. એની શ્રદ્ધા કરવા જાય ત્યાં આત્મા નિર્મળાનંદ શુદ્ધ ચૈતન્ય છે એવી અનંત ચતુષ્ટય ઉપર દૃષ્ટિ પડે ત્યારે તેને સમ્યગ્દર્શન થાય. સમજાણું કાંઈ? પોતે મહા અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ એવો સ્વભાવ એ આત્મા (છે). એવા સ્વભાવને પકડીને અનુભવ કરી ને પ્રતીતિ કરવી એનું નામ પ્રથમ બધા ગુણમાં

સાર સમ્યગ્દર્શન છે.

આમ પાછું પેલામાં આવે છે ને? નહિ? સ્થાનકવાસીમાં શ્લોકો આવતા ને? શ્લોક આવતા, ભૂલી ગયા. બધા બોલતા ને? પ્રથમ શ્લોક. કોઈને યાદ ન હોય. સ્થાનકવાસી કોઈક હશે અને એમાં પાછા કોઈકને યાદ હોય. એય..! 'નાગરભાઈ'! સ્થાનકવાસીમાં પેલું હતું ને? પહેલું નથી આવતું? દર્શન સાર છે ને ચારિત્ર સાર છે, એવો શ્લોક આવે છે. એ બધા ભૂલી ગયા હશે. આ તો એમાં આવતું. 'सारं दंसणणाणं, सारं तप, संयम' ઇ. 'सारं दंसणणाणं' (બોલે) પણ એને 'सारं दंसणणाणं' ની ખબર ન મળે. બોલે ભાષા. 'सारं दंसणणाणं' તમે બધા એમાં હતા કે નહિ એમાં બોલનારા? એને ખબર ન મળે કે 'सारं दंसणणाणं' એટલે શું? સમજાણું કાંઈ? વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર, જેણે એક સમયમાં ત્રણકાળ ત્રણલોક જોયા, જાણ્યા. '**जिणपण्णत्तं**' કહ્યું છે ને? એટલે ખરેખર તો '**जिणपण्णत्तं**' એટલે જ્યારે કેવળજ્ઞાન થયું ત્યારે પ્રરૂપણા કરે છે. એ વિના તીર્થંકરની પ્રરૂપણા હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? '**जिणपण्णत्तं**' છે ને? વીતરાગ પરમાત્મા અંદર પૂર્ણ દશા સર્વજ્ઞદશા થઈ, કેવળ ત્રિકાળ જ્ઞાન થયું ત્યારે એને પ્રણીતં-એણે કહેલું. એ વિના તીર્થંકર કહે નહિ. એ પહેલા ન કહે. સમજાણું કાંઈ? એમ કહે છે. તીર્થંકરદેવ સર્વજ્ઞ પરમેશ્વરપણું પામ્યા, પૂર્ણ ત્રિકાળ જ્ઞાન થયું ત્યારે જે '**पण्णत्तं**' કહ્યું. કારણ કે ત્યારે તીર્થંકરને વાણી હોય. એ પહેલા વાણી પ્રરૂપે નહિ. એવા ભગવાન સર્વજ્ઞદેવ ત્રિકાળ જ્ઞાની પરમેશ્વર, એમણે કહ્યું એવું જે વસ્તુનું સ્વરૂપ એને આત્માના સ્વભાવમાં ચતુષ્ટયપણે અનંત જ્ઞાન પડ્યું છે, એવું જે જિનસ્વરૂપ પોતાનું છે એની અંતરમાં દૃષ્ટિ થઈને, વેદન-અનુભવ થઈને, આનંદના સ્વાદની અંદર જ્ઞેયનું જ્ઞાન થઈને પ્રતીતિ થવી, એનું નામ પ્રથમ સમ્યગ્દર્શનરત્ન કહેવામાં આવે છે. કહો, સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- ઔર વિસ્તારસે..

ઉત્તર :- ઇતના કહા ન. એય..! આ વિસ્તાર. વિસ્તાર શું? પહેલા આવી ગયું ને? છ દ્રવ્યની, નવ તત્ત્વની શ્રદ્ધા, સાત તત્ત્વની, નવ પદાર્થની, પંચાસ્તિકાયની એવી શ્રદ્ધા કરવી એ તો વ્યવહાર વિકલ્પ છે, રાગ છે. આત્મા એનાથી ભિન્ન છે. વ્યવહાર વિકલ્પ શ્રદ્ધા છે, ભગવાને કહ્યા છ દ્રવ્ય સાચા, ભગવાન સાચા, એ બધો વિકલ્પ છે, એ તો રાગ છે. કારણ કે એ તો પરદ્રવ્ય ઉપર એનું લક્ષ છે. અહીં તો સ્વદ્રવ્ય ઉપર લક્ષ કરી-થઈને સ્વ વસ્તુમાં અનંત જ્ઞાન ને આનંદ પોતે પરમાત્મસ્વરૂપ છે, એનું જ્ઞાન થવું ત્યારે એ અંતરાત્મા થાય છે. જ્યાં સુધી રાગ ને પુણ્યની ક્રિયા ધર્મ છે એમ માને છે ત્યાં સુધી બહિરાત્મા મિથ્યાદૃષ્ટિ મૂઢ છે. એ અંતરાત્મા પોતાનું સ્વરૂપ જ પરમસ્વરૂપ, પરમસ્વરૂપ પૂર્ણ અનંત જ્ઞાન, આનંદનું અંતર ભાન થઈને રુચિ થઈને પ્રતીત થવી એને સમ્યગ્દર્શન અથવા એ અંતરાત્મા થયો. કારણ કે અંતરમાં જે સ્વરૂપ હતું તેનું એને દશામાં ભાન થયું. એ પૂર્ણ પરમાત્મા પર્યાયમાં સાધવાને સાધક છે. સમજાણું કાંઈ? ભાઈ, ભારે.

**'અંતરંગકી રુચિસે ધારણ કરના મોક્ષકા કારણ હૈ.'** બધું પર તરફનું લક્ષ છોડી દઈ અને ભગવાનઆત્મા, અનંત અનંત આનંદનું ધામ, સચ્ચિદાનંદ પ્રભુ, સત્ શાશ્વત આનંદનું ધામ, જ્ઞાન, એના અંતરમાં જઈને, અંતર અનુભવ થઈને પ્રતીતિ થવી એ ધર્મનું પહેલું પગથિયું છે. એ સિવાય બધા એકડા વિનાના મીંડા છે. 'નાગરભાઈ'! આવું છે, ભાઈ! આહા..! એ ૨૧ મી (ગાથા પૂરી) થઈ.

**अब कहते हैं कि–जो श्रद्धान करता है उसीके सम्यक्त्व होता है :–**

## ગાથા-૨૨

**जं सक्कइ तं कीरइ जं च ण सक्केइ तं च सद्दहणं।**
**केवलिजिणेहिं भणियं सद्दहमाणस्स सम्मत्तं।।२२।।**

यत् शक्नोति तत् क्रियते यत् च न शक्नुयात् तस्य च श्रद्धानम्।
केवलिजिनैः भणितं श्रद्धधानस्य सम्यक्त्वम्।।२२।।

થઈ જે શકે કરવું અને નવ થઈ શકે તે શ્રદ્ધવું,
સમ્યક્ત્વ શ્રદ્ધાવંતને સર્વજ્ઞ જિનદેવે કહ્યું. ૨૨.

**अर्थ :– जो करनेको समर्थ हो वह तो करे और जो करनेको समर्थ नहीं हो वह श्रद्धान करे क्योंकि केवली भगवानने श्रद्धान करनेवालेको सम्यक्त्व कहा है।।२२।।**

**भावार्थ :– यहाँ आशय ऐसा है कि यदि कोई कहे कि–सम्यक्त्व होनेके बादमें तो सब परद्रव्य–संसारको हेय जानते हैं। जिसको हेय जाने उसको छोड़ मुनि बनकर चारित्रका पालन करे तब सम्यक्त्व माना जावे, इसके समाधानरूप यह गाथा है। जिसने सब परद्रव्यको हेय जानकर निजस्वरूपको उपादेय जाना, श्रद्धान किया तब मिथ्याभाव तो दूर हुआ, परन्तु जब तक (चारित्रमें प्रबल दोष है तब तक) चारित्र मोहकर्मका उदय प्रबल होता है (और) तब तक चारित्र अंगीकार करनेकी सामर्थ्य नहीं होती। जितनी सामर्थ्य है उतना तो करे और शेषका श्रद्धान करे, इसप्रकार श्रद्धान करनेवालेको ही भगवानने सम्यक्त्व कहा है।।२२।।**

## ગાથા-૨૨ ઉપર પ્રવચન

**'અબ કહતે હૈં કિ-જો શ્રદ્ધાન કરતા હૈ ઉસીકે સમ્યક્ત્વ હોતા હૈ :-'** 'નિયમસાર'માં પણ આવે છે ને? ૧૫૪. 'जदि सक्कदि कादुं' ૧૫૪ ગાથામાં આવે છે. 'નિયમસાર'. આમાં એક બીજે ઠેકાણે ટીકામાં પણ આવે છે. 'जं सक्कइ तं कीरइ जं च ण सक्केइ तं च सद्दहणं' ... એવો

શ્લોક આવે છે. ટીકામાં આવે છે, ટીકામાં આવે છે. 'અષ્ટપાહુડ'ની ટીકામાં ૩૩૧ પાનું છે.

'**केवलिजिणेहिं भणियं**' જુઓ! ન્યાં પણ મુક્યું છે, જોયું? કેવળજ્ઞાની પરમાત્મા થયા ત્યારે તેમણે આમ કહ્યું. આહાહા..! ભાષા તો જુઓ! 'કુંદકુંદાચાર્ય'ને નાખે છે ને. 'કુંદકુંદાચાર્ય' કહે છે, ભગવાન આમ કહે છે, હોં!

**जं सक्कइ तं कीरइ जं च ण सक्केइ तं च सद्दहणं।**
**केवलिजिणेहिं भणियं सद्दहमाणस्स सम्मत्तं।।२२।।**

**અર્થ :- 'જો કરનેકો સમર્થ હો વહ તો કરે...'** આત્મામાં શુદ્ધ શ્રદ્ધા કરીને શક્તિ હોય એટલું સ્વરૂપનું જ્ઞાન અને સ્વરૂપમાં સ્થિરતા કરવી. ભગવાનઆત્મા પરમાનંદ સ્વરૂપ, અતીન્દ્રિય આનંદનો ઢગલો! આહાહા..! આત્મા કોને કહેવો એની ખબર ન મળે. એવા અતીન્દ્રિય આનંદનું અંદરમાં જ્ઞાન કરી અને તેની શ્રદ્ધા કરવી અને તેમાં સ્થિરતા શક્તિ હોય તો કરવી.

**'ઔર જો કરનેકો સમર્થ નહીં હો...'** જો ચારિત્રની સ્થિરતા કરવાની શક્તિ ન હોય... સમજાય છે કાંઈ? સ્વરૂપ શુદ્ધ ચૈતન્ય દ્રવ્ય જ્ઞાયકમૂર્તિ છે એવું અનુભવમાં ભાન થઈને સ્વરૂપમાં ઠરવાની શક્તિ ન હોય તો શ્રદ્ધા તો બરાબર કરજે, ગોટો વાળીશ નહિ, એમ કહે છે. સમજાણું કાંઈ? **'જો કરનેકો સમર્થ નહીં હો...'** કરવાને સમર્થ ન હોય તો **'વહ શ્રદ્ધાન કરે...'** શ્રદ્ધા તો એવી રાખવી કે કેવળીએ કહ્યો એ માર્ગને અંદરમાં બરાબર શ્રદ્ધવો. સમજાણું કાંઈ? આપણે આવો માર્ગ તો પાળી શકીએ નહિ, સમ્યગ્દર્શન, જ્ઞાન ને ચારિત્રને જૈનદર્શન કહે છે. ઇ આવ્યું હતું ને? વસ્તુનો સ્વભાવ, એની શ્રદ્ધા, એનું જ્ઞાન અને એમાં ચારિત્રની રમણતા એ જૈનદર્શન નામ વસ્તુદર્શન વિશ્વદર્શન (છે) અને અંદરમાં અઠ્યાવીસ મૂળગુણના વિકલ્પો અને બાહ્ય નગ્નદશા, એને જૈનદર્શન કહેવામાં આવે છે. એ વસ્તુનું સ્વરૂપ જ એવું છે. એમ કહે છે કે એ રીતે ચારિત્રને પાળી શક નહિ.. અમે તો કહ્યું હતું કે જૈનદર્શન આ (છે), ભાઈ! પણ એ ચારિત્ર સ્વરૂપમાં રમણતા અને એ સહિતના અઠ્યાવીસ મૂળગુણના વિકલ્પ, પંચમહાવ્રતના આસ્રવતત્ત્વનો વિકલ્પ, શરીરની દશા નગ્ન, એ રીતે જો પાળી શક નહિ તો શ્રદ્ધા તો રાખજે કે માર્ગ તો આ છે. ઢીલું કરીશ નહિ, એમ કહે છે. પેલા પાળી શક્યા નહિ ને પછી વસ્ત્ર-પાત્ર રાખ્યા ને મુનિપણું માનવા લાગ્યા એ શ્રદ્ધા ભ્રષ્ટ થઈ ગયા. સમજાણું કાંઈ? મૂળ ઇ કહેવું છે અહીં.

મુમુક્ષુ :- શ્રદ્ધાને બગાડીશ નહિ.

ઉત્તર :- હા, બગાડીશ નહિ. મુનિમાર્ગ, જૈનદર્શન એટલે વસ્તુદર્શન. વસ્તુ આત્મા જ જિન છે. 'જિન સો હી હૈ આત્મા, અન્ય સો હી હૈ કર્મ, યહી વચન સે સમજ લે જિનપ્રવચન કા મર્મ.' ભગવાનઆત્મા વીતરાગમૂર્તિ જ આત્મા છે. અંદર વીતરાગ નામ એને રાગ કે દ્વેષ વસ્તુમાં છે નહિ. ચૈતન્ય ભગવાનઆત્મામાં રાગ, દ્વેષ, પુણ્ય-પાપના વિકલ્પ જે આસ્રવ એ તો અંદર છે

નહિ. છે નહિ એટલે વીતરાગી મૂર્તિ આત્મા અરૂપી જ્ઞાનઘન વીતરાગમૂર્તિ છે. એની શ્રદ્ધા અને એનું જ્ઞાન ને એની રમણતાની વીતરાગદશા (થવી) અને તેના પંચમહાવ્રતના વિકલ્પો એને એ જાતના મુનિને જે હોય અને એ જાતની નગ્ન દિગંબર મુદ્રા જેને હોય, બીજી હોઈ શકે નહિ, આવો માર્ગ છે એને તું શ્રદ્ધજે, બરાબર શ્રદ્ધજે. અરે..! પણ એટલું બધું પાળી શકાય નહિ. આવું ચારિત્ર હોય તો.. ન પાળી શક તો શ્રદ્ધા તો બરાબર કરજે કે માર્ગ તો આ છે. ઢીલું કરીને બીજી શ્રદ્ધા કરીશ નહિ. (નહિતર) મિથ્યાત્વ થઈ જશે, એમ કહે છે. મુનિપણું આવું ન હોય. અમારાથી પળાતું નથી તો લાવો ભાઈ! વસ્ત્ર-પાત્ર રાખીને મુનિપણું માનીએ. સમજાય છે? શ્રદ્ધા બગાડીશ નહિ, નહિતર મરી જઈશ. સમજાણું કાંઈ? આહા..હા..!

આ કાળ એવો છે કે અમારાથી એવું ચારિત્ર પળાય નહિ, રહે નહિ અને તેથી ચારિત્ર હોય ત્યાં તો નગ્નદશા જ હોય, એને વસ્ત્ર-પાત્ર હોય નહિ, એને માટે કરેલો આહાર એ લ્યે નહિ. એવા વિકલ્પ એને હોય નહિ. એ એકવાર આહાર કરે, ઊભા ઊભા આહાર કરે, ક્યાંય પાત્ર લઈને જાય નહિ, .. અપાસરે લાવે એવો માર્ગ વીતરાગનો નથી. પાછા ગુરુને બતાવે. ગપ્પેગપ માર્યા છે બધા. વીતરાગ માર્ગથી બધો ભ્રષ્ટ વેશ કરી નાખ્યો. સમજાણું કાંઈ? એય..! 'મલૂકચંદભાઈ'!

ગૌતમ સુધી નાખી દીધું છે. ઉપાસકમાં. અને આનંદ શ્રાવક હતા એણે સંથારો કર્યો હતો. બધી કલ્પનાથી ગ્રંથ રચેલા. એ કોઈ શાસ્ત્ર ભગવાનના નથી. આનંદે સંથારો કર્યો, વીસ વર્ષ વ્રત પાળ્યા, ભગવાન ગામ બહાર આવેલા. ગૌતમસ્વામી વ્હોરવા ગયા. જોળી, પાતરા સાફ કરીને જાય ને. સાંભળ્યું છે કે નહિ? એ.. 'ભાઈલાલભાઈ'! સાંભળ્યું છે ને? એ.. 'રીખવદાસજી'! સુના હૈ કિ નહીં? ગૌતમ આહાર લેને ગયે થે. આહાર લિયા. હાથમાં ભાર કેટલો ઉપાડતા હશે. અધમણ. મજૂર લાગે. મુનિ છે કે મજૂર છે? જોળી ને પાતરા ને પાણી... ગયા અને સાંભળ્યું કે સંથારો કર્યો છે. ત્યાં જાઉં, ગયા, પૂછ્યું, અવધિજ્ઞાન મને થયું છે. નહિ, એવું ન થાય. ગૌતમ ગણધરને એટલીયે ખબર નહોતી? બાર અંગ રચ્યા હતા, અગિયાર અંગ ઉપરાંત બાર અંગ રચ્યા. એને ખબર ન હોય કે શ્રાવકને આવું અવધિજ્ઞાન થાય? ઇ કહે, એવું ન હોય, પ્રાયશ્ચિત લ્યો. ગણધર કહે છે. મહારાજ! એમ તો કહે નહિ, વિનયવંત છે. મહારાજ! સાચાનું પ્રાયશ્ચિત હોય કે ખોટાનું હોય? ખોટાનું પ્રાયશ્ચિત હોય. હું કંઈ ખોટો નથી, હું તો સાચો છું. ગણધરને શંકા પડી. ગયા ભગવાન પાસે. આહાર-પાણીનો ભાર અધમણનો.. ગપ્પેગપ બધી વાતું, ખોટેખોટી. એવું થયું નથી અને એવું હતું નહિ. ભગવાનને આહાર બતાવ્યા. ભગવાનને કહ્યું, મહારાજ! આ પ્રમાણે આનંદે કહ્યું માટે કોને પ્રાયશ્ચિત આવે? અરે..! જા. ભગવાનને કહે. ન્યાં એને સમાવ, એની વાત સાચી છે. ગણધર આહારપાણી મૂક્યા ત્યાં પડ્યો રહ્યો હશે એકલો. સાચવનાર માણસ રાખ્યો હોય તો સાધુ અરે..! વાત જોડી દીધી છે ને પણ. ઉપાસકમાં આવી વાત જોડી દીધી. એય..! 'ચેતનજી'!

મુમુક્ષુ :-

ઉત્તર :- શાસ્ત્રમાં છે. ભગવાને .. આ તો ઉપાસક શાસ્ત્ર છે ને? અગિયાર અંગ અત્યારે છે ને? અજ્ઞાનીએ કલ્પિત કરેલા. સાધુ મિથ્યાદૃષ્ટિ થયો એણે એ અગિયાર અંગ રચ્યા છે. સમકિતીએ નહિ અને કેવળીના તો છે જ નહિ. માર્ગ આ (છે). અહીં કીધું ને? મૂળસંઘથી ભ્રષ્ટ થયેલાઓ માર્ગને વીંખી નાખીને બીજી રીતે ભેખ અને બીજી રીતે માર્ગ મનાવ્યો એ બધા ભ્રષ્ટ મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ... ભોગ આપી ...

ઉત્તર :- ભોગ આપી અજ્ઞાનનો અને નવો વાડો ઊભો કર્યો. અહીં તો બીજું કહેવું છે, ગૌતમસ્વામી પાછા ખમાવવા ગયા ન્યાં. ત્યાં સુધી આહાર-પાણી રહેતા હશે? લુગડા સાચવે કોણ? લુગડી ઢાંકી રાખી હશે. અરે...! એવી વાત મુનિને? કોને મુનિ કહેવા એનું ભાન ન મળે. મુનિ તો અંતર સ્વરૂપનો અનુભવ અને આનંદમાં ઝુલતા હોય છે. જેને એક આહાર-પાણી નિર્દોષ લેવાની વૃત્તિ ઊઠે. સાંભળવાની, કહેવાની. એ સિવાય વસ્ત્ર-પાત્ર ને આ ખાવા-પીવાને માટે વ્હોરવા જાવું ને ન્યાં ખાવું, એ માર્ગ વીતરાગનો છે જ નહિ. એ તો અજ્ઞાનીઓએ પાખંડીઓએ માર્ગ બીજો ચલાવ્યો છે. એય..! સમજાય છે કાંઈ? માર્ગ આ છે. એટલે કહે છે કે એવું પાળી ન શક તો શિથીલપણું કરીને શ્રદ્ધા ફેરવીશ નહિ. એમ અહીં કહે છે.

મુમુક્ષુ :- અનેકાંત છે તો ભગવાનને...

ઉત્તર :- અનેકાંત ભલે ને હોય. વસ્તુનો સ્વભાવ છે એ પ્રમાણે હોય કે એથી વિરૂદ્ધ હોય? એવું અનેકાંત હોય? સમજાણું કાંઈ? એ માટે આ ગાથા મૂકી છે. આધાર આપ્યો, '**केवलिजिणेहिं भणियं**' પેલામાં (૨૦ ગાથામાં) પણ એમ કહ્યું હતું, '**जिणवरेहिं पण्णत्तं**'. ભગવાન ત્રણકાળના જાણનાર પરમેશ્વર, એવા તીર્થંકરને વાણીનો યોગ હતો ત્યારે એણે આ કહ્યું એમ કહે છે. કેવળી થયા પછી આવું કહ્યું છે. સમજાણું કાંઈ? આહાહા..! આથી વિરૂદ્ધ કહ્યું એ બધી શ્રદ્ધા ભ્રષ્ટ છે, મિથ્યાદૃષ્ટિ છે. ઇ જૈન જ નથી. એ.. 'નાગરભાઈ'!

આપણે 'લાલચંદભાઈ' હતા ને? 'વાંકાનેર', નહિ? વકીલ. કડક હતા, કડક. સાધુ, કોઈ મોટા આચાર્ય આવ્યા હશે. ગૃહસ્થ આવ્યા ઇ કહે, ચાલો, ભાઈ સાંભળવા તો આવો. જુઓ તો ખરા, કાંઈક શંકા હોય તો પ્રશ્ન કરો. આ દિગંબર થઈ ગયેલા. શ્રદ્ધામાં. 'લાલચંદ' વકીલ. તમે આવો, મોટા મહારાજ આવ્યા છે. શંકા હોય તો પૂછો, તમે આ શ્રદ્ધા ફેરવી છે તો. આ કહે કે, પણ હું તો મુસલમાન ને શ્વેતાંબરની શ્રદ્ધાને બેયને એકસરખા માનું છું. પેલો કહે, હાય.. હાય..! એમાં લખ્યું છે ને? 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં છે. મુસલમાનની શ્રદ્ધા ગૃહીત મિથ્યાત્વની છે એવી આ લોકોની પણ ગૃહીત મિથ્યાત્વ છે. બેયને ગૃહીત મિથ્યાત્વ તરીકે સરખા માનું છું. ભલે મિથ્યાત્વના રસમાં થોડોઘણો ફેર હોય પણ ગૃહીત મિથ્યાત્વ તરીકે હું બેયને સરખા માનું છું. એટલે મારે કંઈ પૂછવા આવવાનું છે નહિ. લાલચંદ શેઠ હતા, ગુજરી ગયા. સમજમેં આયા કિ નહિ? 'મોક્ષમાર્ગ પ્રકાશક'મેં હૈ ના? મુસલમાન, ઈશ્વરકર્તા માનનારા, નૈયાયિક, વૈશેષિક, સાંખ્ય, શ્વેતાંબર ને પછી સ્થાનકવાસી. એ બધાને અન્ય દર્શનમાં નાખ્યા છે. એય..! 'જાદવજીભાઈ'!

ઘણા વર્ષ થયા, હવે સાંભળવા બેસે તો ખરા. આવો માર્ગ છે, ભાઈ! અહીં કંઈ લજ્જા-બજ્જા ને કો'કની શરમ ને સફારશ કામ આવે એવું નથી. સમજાણું કાંઈ?

કહે છે, શ્રદ્ધા કરજે. આ ન કરી શકાય તો શ્રદ્ધા તો કરજે કે ચારિત્ર તો વીતરાગી દશા હોય. નગ્ન દશા બાહ્યમાં હોય. એને અઠ્યાવીસ મૂળગુણના વિકલ્પ, આસ્રવતત્ત્વનો એ રાગ હોય, એને સાધુપણું કહેવામાં આવે છે. એમાં ફેરફાર માનીશ નહિ, માનીશ તો શ્રદ્ધાભ્રષ્ટ થઈ જઈશ. સમજાણું કાંઈ?

**'કેવલી ભગવાનને શ્રદ્ધાન કરનેવાલેકો સમ્યક્ત્વ કહા હૈ.'** કેવળી પરમાત્મા કહે છે કે એવું ચારિત્ર પાળી શકે નહિ, એવું મુનિપણું પાળી-રહી શકે નહિ (તો) શ્રદ્ધા રાખજે કે માર્ગ તો ઇ છે. મુનિપણાનો માર્ગ તો દિગંબર દશા અને વીતરાગી અંતર દશા (હોય). મુનિનો એ માર્ગ છે, એ સિવાય બીજો માર્ગ છે નહિ. સમજાણું કાંઈ?

**ભાવાર્થ :- 'યહાં આશય ઐસા હૈ કિ યદિ કોઈ કહે કિ-સમ્યક્ત્વ હોનેકે બાદમેં તો સબ પરદ્રવ્ય-સંસારકો હેય જાનતે હૈં.'** આત્માનું ભાન થાય તો આત્મા આનંદમૂર્તિ છે, પુણ્ય-પાપના રાગ વિનાનો છે, પરદ્રવ્યથી રહિત છે, એવું તો ભાન થયું હોય. **'પરદ્રવ્ય-સંસારકો હેય જાનતે હૈં. જિસકો હેય જાને ઉસકો છોડ મુનિ બનકર...'** એને છોડે તો મુનિ થાય. રાખે ત્યાં સુધી મુનિ કેમ કહેવાય? **'ચારિત્રકા પાલન કરે તબ સમ્યક્ત્વી માના જાયે,...'** એવું ચારિત્ર કરે, રાગાદિને હેય જાણે, ગૃહસ્થાશ્રમ સ્ત્રી, કુટુંબ છોડે તો એવું મુનિપણું હોય. તો જાણીએ કે એને સમકિત છે. એમ અજ્ઞાનીની દલીલ છે. સમજાણું કાંઈ?

**'જિસકો હેય જાને ઉસકો છોડ મુનિ બનકર ચારિત્રકા પાલન કરે તબ સમ્યક્ત્વી માના જાયે,...'** જેને હેય જાણ્યું એને આચરે તો એને સમકિત કેવું? એમ અજ્ઞાનીની દલીલ છે. ઘણા વખતથી ઓલા 'મગનભાઈ'નો પ્રશ્ન હતો. આ જાણ્યું છે કે રાગ હેય (છે) તો એને રાગ થાય કેમ? કહેતા હતા ને એ પ્રશ્ન? 'સુરેન્દ્રનગર', 'મગનલાલ તલકશી' ઇ કહે, આત્મામાં જાણ્યું કે આત્મા તો વિકલ્પ ને રાગ વિનાનો છે. તો પછી જ્ઞાનીને રાગ થાય કેમ? વિષયની વાસનાનો રાગ કેમ થાય? જેને હેય જાણ્યો છે, શુભરાગને હેય જાણ્યો એને એનો ભાવ થાય કેમ? એટલી શ્રદ્ધા ઢીલી છે. એમ કહેતા. 'મગનભાઈ' એમ પૂછતા. આમ તો વિચારક હતા ને વાંચન કરે. એમ નહિ, ચારિત્ર પાળી શકે નહિ, મુનિપણું લઈ શકે નહિ માટે સમકિત ન હોય એમ છે નહિ.

'શ્રેણિકરાજા' ક્ષાયિક સમકિતી. દેખો! ચારિત્ર તો નહિ, વ્રત તો નહિ પણ મરવા ટાણે જરી વિકલ્પ પણ એવો આવ્યો કે આપઘાત કર્યો. પણ એને અંદરમાં જ્ઞાતા-દૃષ્ટાપણું છે. ઉદયે ઉદયનું કામ કર્યું, દેહે દેહની ક્રિયાનું કર્યું અને આત્માએ આત્માનું કામ કર્યું છે. આહાહા..! સમજાણું કાંઈ? આહા..! કહો, સમજાય છે કે નહિ આમાં? એય..! 'હિંમતભાઈ'!

**'ઇસકે સમાધાનરૂપ યહ ગાથા હૈ.'** જુઓ! કોઈ કહે કે, ભાઈ, સમ્યગ્દર્શન થાય. આત્મા પૂર્ણાનંદ પ્રભુ વીતરાગસ્વરૂપે એનું ભાન થાય, નિર્દોષ સ્વભાવ આત્માનો છે, એમાં સદોષપણું છે નહિ. એવું ભાન થાય તો સદોષને છોડે તો સમકિતી કહેવાય. સદોષ રાખે ને સમકિતી કેમ

કહેવાય? એવો અજ્ઞાનીનો પ્રશ્ન છે. જે સર્પને સર્પ જાણે ઇ સર્પને પકડે કેમ? એમ પશ્ન કર્યો હતો. એ રાગને, પુણ્ય-પાપને છોડવાયોગ્ય માને એ પુણ્ય-પાપ કરે કેમ? એને પુણ્ય-પાપ હોય કેમ? એમ કહે છે. અરે..! સાંભળ.

**'જિસને સબ પરદ્રવ્યકો હેય જાનકર નિજસ્વરૂપકો ઉપાદેય જાના,...'** શ્રદ્ધાન કિયા. આ રાગાદિ હેય છે, પુણ્ય-પાપનો વિકલ્પ, વૃત્તિ ઊઠે છે એ આદરણીય નથી. શુદ્ધ આત્મા આનંદમૂર્તિ પ્રભુ સચ્ચિદાનંદ, એ જ આદરણીય છે. એવું અંદર ભાન થયું તો **'મિથ્યાભાવ તો દૂર હુઆ,...'** રાગ મારો છે અને રાગથી મને કલ્યાણ થાય છે, એવું મિથ્યાદૃષ્ટિપણું એ તો મટ્યું. સમજાણું કાંઈ? **'સબ પરદ્રવ્યકો હેય જાનકર નિજસ્વરૂપકો ઉપાદેય જાના,...'** શું કીધું? વિકલ્પમાત્ર દયા, દાન, વ્રતનો રાગ એ હેય છે, છોડવાલાયક છે. આત્મા ભગવાન એક જ આદરણીય છે. સચ્ચિદાનંદ નિર્મળાનંદ પ્રભુ વીતરાગમૂર્તિ આત્મા નિર્દોષ સ્વભાવનો કંદ, આત્મા એટલે નિર્દોષ સ્વભાવનો રસ, એ જ આદરણીય છે અને રાગ આદરણીય નથી. એમ જેણે જાણ્યું, શ્રદ્ધાન કર્યું **'તબ મિથ્યાભાવ તો દૂર હુઆ,...'** મિથ્યાશ્રદ્ધા તો ગઈ. રાગ આદરણીય છે એવી માન્યતા તો ગઈ. રાગ છોડવાલાયક છે અને ભગવાનઆત્મા પૂર્ણાનંદ આદરણીય છે, એમાં મિથ્યાશ્રદ્ધા તો ગઈ. સમજાણું?

**'પરન્તુ જબ તક (ચારિત્રમેં પ્રબલ દોષ હૈ તબ તક) ચારિત્ર મોહકર્મકા ઉદય પ્રબલ હોતા હૈ તબ (ઔર) તબ તક ચારિત્ર અંગીકાર કરનેકી સામર્થ્ય નહીં હોતી.'** એટલે કે ચારિત્રમોહનો ઉદય હોય અને એમાં જોડાણ થાય છે એથી ચારિત્ર લેવાની શક્તિ ન હોય. કહો, સમજાણું કાંઈ? **'જિતની સામર્થ્ય હૈ ઉતના તો કરે...'** શક્તિમાં જેટલું સ્વરૂપમાં ઠરવાનું થાય એટલો પુરુષાર્થ ઇ કરે. **'ઔર શેષકા શ્રદ્ધાન કરે,...'** આત્મામાં અંદર અનુભવના આનંદમાં ઠરવું. સમજાણું કાંઈ? એ જ ચારિત્ર છે અને એ જ મોક્ષનો માર્ગ છે એમ એની શ્રદ્ધા તો કરવી.

**'ઇસપ્રકાર શ્રદ્ધાન કરનેવાલેકો હી ભગવાનને સમ્યક્ત્વ કહા હૈ.'** આવું જે અંતરમાં શ્રદ્ધે તેને પરમેશ્વરે સમકિત કહ્યું છે. ભલે ચારિત્ર પાળી શકે નહિ. સંસારમાં હોય, છન્નુ હજાર સ્ત્રીના વૃંદમાં વિષયની વાસનામાં જ્ઞાની દેખાય, પણ એ વાસનાને હેય જાણીને આનંદને ઉપાદેય જાણ્યો છે. એવો મિથ્યાભાવ જેને ટળી ગયો છે અને સાચી શ્રદ્ધા થઈ છે. એવી શ્રદ્ધા કરવાવાળો ક્યાંય બચાવ કરતો નથી કે મારાથી થતું નથી માટે ચારિત્ર હોય તો સમકિત કહેવાય અથવા એ ચારિત્ર ન હોય તો શું વાંધો છે? સમજાણું ? એમ નહિ. ચારિત્ર હોય તે જ મોક્ષનો માર્ગ છે. પણ મારાથી ચારિત્રની ઉગ્રતા થઈ શકતી નથી, મારામાં એ લાયકાત નથી. 'છ ઢાળા'માં આવે છે કે નહિ? 'ચારિત્રમોહવશ લેશ ન સંયમ, પૈ સુરનાથ જજૈ હૈં.' સંયમ નથી પણ સંયમની (ભાવના છે). આમાં આવ્યું હતું ને? ચેતનદગ. સંયમ ધારનેકી ચટાચટી. સમકિતીને સંયમ ધારવાની ચટાચટી છે પણ કરી શકતો નથી.

'ઋષભદેવ' ભગવાન ત્રણ જ્ઞાનના ધણી, ક્ષાયિક સમકિતી ૮૩ લાખ પૂર્વ સુધી ચારિત્ર નહોતું. ૮૩ લાખ પૂર્વે કોને કહેવા! એક પૂર્વમાં સીત્તેર લાખ છપ્પન હજાર કરોડ વર્ષ જાય. એવો

એક પૂર્વ. એવા ૮૩ લાખ પૂર્વ ગૃહસ્થાશ્રમમાં રહ્યા. ચારિત્ર નહોતું. ક્ષાયિક સમકિત હતું, ત્રણ જ્ઞાન હતા.

'શ્રેણિકરાજા' ક્ષાયિક સમકિત હતું. રાણીઓ હતી, રાજ હતું, એનો રાગ હતો. એ છોડી શક્યા નથી. સમજાણું કાંઈ? પણ સમકિત છે એ ક્ષાયિક સમકિત હતું. નરકમાં ગયા, ચોર્યાશી હજાર વર્ષની સ્થિતિએ. ત્યાં પણ તીર્થંકરગોત્ર બાંધે છે. અત્યારે ન્યાં પણ તીર્થંકરગોત્ર બાંધે છે. પંડિતજી! પહેલી નરકમાં તીર્થંકરગોત્ર બાંધે? બાંધે. અહીંથી શરૂઆત કરીને તે સમયે સમયે બાંધે છે. શું કહ્યું? તીર્થંકરગોત્ર જ્યારથી એ બંધાય ત્યારથી એમને એમ ચાલુ રહ્યા કરે. ઠેઠ જ્યારે આઠમે ગુણસ્થાને જશે ત્યારે બંધ થશે. આવતા ભવમાં જ્યારે કેવળ પામવાની તૈયારી હશે, ક્ષપક શ્રેણી ચડશે ત્યાં સુધી ચાલશે. એ.. 'દેવીચંદજી'! શું કહ્યું સમજાય છે કાંઈ? નરકમાં છે, માઠી લેશ્યા છે છતાં સમયે સમયે તીર્થંકર ગોત્રના પરમાણુનું બંધન એને થયા કરે છે. શરૂ અહીંથી કર્યું હતું. શરૂઆત કંઈ નરકમાં થાય નહિ. એ તો કેવળજ્ઞાની ને તીર્થંકર કે શ્રુતકેવળીની સમીપમાં ક્ષાયિક સમકિત શરૂ થાય. સમજાય છે? છતાં હજી ત્રણ કષાય છે. ચારિત્ર અંશે (મુનિને યોગ્ય) નથી, શ્રાવકના વ્રત ને શાંતિ જોઈએ, શ્રાવકને યોગ્ય અંદર શાંતિ જોઈએ એ પણ નથી. પંચમ ગુણસ્થાનની જે શાંતિ જોઈએ એ નથી. છતાં શ્રદ્ધા એવી દઢ થઈ છે, પાકી ક્ષાયિક, કે એમાં ચારિત્ર નથી છતાં તે ક્ષાયિક સમકિત નિર્જરા કરે છે. આહા..!

અજ્ઞાની વ્રત ને તપ (કરી)ને મરીને ગળી જાય બિચારા, ક્લેશ કરીને માસ માસના અપવાસ (કરે), સમજાણું? જાવજીવ બ્રહ્મચર્ય (પાળે), સુકાઈ જાય બિચારા પણ મિથ્યાત્વને પોષતા જાય સમયે સમયે. નિર્જરા તો નહિ પણ અનંતો સંસાર સમયે સમયે વધતો જાય. કારણ કે એ રાગથી ધર્મ માને છે અને ક્રિયા એ મારી છે એમ માને છે. પંચમહાવ્રત એ ધર્મ છે એમ માને છે માટે અજ્ઞાનીને સમયે સમયે મિથ્યાત્વનું બંધન અનંત સંસારનું વધતું જાય છે. આ તે કાંઈ આંતરા! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :-

ઉત્તર :- બહારનું પચખાણ પણ નહોતું. પચખાણ હતા, પરદ્રવ્યને રાગને આદરવો નહિ ઇ. પરદ્રવ્ય ને રાગ આદરણીય નહિ, ઇ એના પચખાણ હતા. મિથ્યાત્વનો ત્યાગ હતો. પચખાણ કહો કે ત્યાગ કહો. અંદર મિથ્યાત્વનો ત્યાગ હતો, કીધું ને.

**'મિથ્યાભાવ તો દૂર હુઆ,...'** રાગનો વિકલ્પ પણ સૂક્ષ્મ છે એ આદરણીય છે એ માન્યતા જ મિથ્યાદષ્ટિ અજ્ઞાનીની છે. એ ભાવ મટ્યો. એ કંઈ ઓછી વાત છે? એ મટ્યો એટલે અનંતાનુબંધીની સ્થિરતા શાંતિ થઈ એમ કહે છે. સમજાણું કાંઈ? આહાહા..! શું થાય? લોકોએ એવો માર્ગ કરી નાખ્યો છે ને કે એ સત્યને માર્ગે શ્રદ્ધામાં આવવું એને કઠણ થઈ પડ્યું. સમજાણું કાંઈ? જ્ઞાનનું ફળ વિરતી છે, એમ કહે છે. જેન સાચું જ્ઞાન થયું હોય એને વિરતી ચારિત્ર આવે જ. પણ આવે ત્યારે ને? જ્ઞાન થયું માટે ચારિત્ર સાથે જ હોય એમ કોણે કહ્યું? એટલું સ્વરૂપાચરણ છે. સમજાણું કાંઈ?

કહે છે કે, પાળી ન શક તો બચાવ ન કરીશ કે આ પણ માર્ગ છે. સમજાણું કાંઈ? વસ્ત્ર-પાત્ર રાખીને પણ સાધુપણું પંચમકાળમાં પાળી શકાય, એમ માનીશ નહિ, નહિતર મરી જઈશ. સમજાય છે કાંઈ? અહીં તો એમ કહેવા માગે છે. 'કુંદકુંદાચાર્ય' વાતને સ્પષ્ટ ચોખ્ખી કરે છે. કોઈપણ સફારશ-બફારશ ત્યાં ચાલે નહિ. ઓ..હો..!

ઊંધી શ્રદ્ધા-લાકડા નાખનારાઓ, એનો સંગ કરીશ નહિ, એમ 'મૂલાચાર'માં કહ્યું. કારણ કે તને એકલા ન ગોઠે તો પરણજે પણ એવા કુસંગીઓ અને મિથ્યાદૃષ્ટિઓના સંગમાં રહીશ નહિ. એ મિથ્યાત્વના લાકડા પુષ્ટ કરશે. એમ કહેશે, એમ થાય, થાય. પંચમકાળ છે, નબળાઈ છે. બધાયને સરખો માર્ગ હોય? કંઈક અપવાદ હોય કે નહિ? કે એકલો ચારિત્રનો ઉત્સર્ગનો માર્ગ હોય? અપવાદ એટલે શું વળી? એ તો વિકલ્પ ઉઠે એ અપવાદ છે. ઉત્સર્ગ તો વીતરાગદશા એ ઉત્સર્ગ છે. પંચમહાવ્રતનો વિકલ્પ ઊઠે એ અપવાદ છે પણ વસ્ત્ર-પાત્ર લેવાનો વિકલ્પ એ અપવાદ છે (એમ માને) એ તો મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..! સમજાણું કાંઈ? પંડિતજી! આવો માર્ગ છે. માર્ગ તો એવો છે.

માર્ગમાં અનંત તીર્થંકરોએ.... તેથી જ કહ્યું, '**केवलिजिणेहिं भणियं**'. ભાઈ! પરમેશ્વરે કહ્યું છે ને. કેવળજ્ઞાન થયા પછી જિન તીર્થંકરે કહ્યું છે, આ માર્ગ અનાદિ સનાતન આવો છે અને તું આમાંથી કંઈ ગડબડ કરવા જઈશ તો મિથ્યાદૃષ્ટિ થઈ રખડી મરીશ. શ્રદ્ધા કરજે કે માર્ગ તો એ છે. દિગંબર થવું, મુનિપણામાં ચારિત્ર દશાની ત્રણ કષાયનો અભાવ થવો. સમજાણું કાંઈ? અઠ્યાવીસ મૂળગુણના જ વિકલ્પ, એને એકવાર આહાર આદિ હોય એ હોય. બે-બે વાર આહાર ને પાત્રા ફરે, સવાર ને સાંજ ચા ને દૂધ (લે એ માર્ગ નથી). સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- ચાર ચાર વાર લે.

ઉત્તર :- આ તો એકવાર કે બે વાર. કોઈક કહેતું હતું ને કે અમે આવશું, ભજીયા કરી રાખજો. કોણ કહેતું હતું? સૂરતમાં. પણ અહીં કહેતા હતા. પાલીતાણામાં કોણ હમણા કહેતું હતું? ઘણા માણસ બેઠા હોય. સાધ્વી આવે. ભજીયા કરી રાખજો (એમ કહે). ભજીયા સમજો છો કે નહિ? પકોડી. સવારે રોટલી ખપે પણ બપોરે (ભજીયા), સવારમાં દૂધ, બપોરે રોટલા, બપોરે બે વાગે ભજીયા, સાંજે ખીચડી ને કઢી. આ તે કાંઈ ભિખારી છે કે સાધુ છે? બે બે વાર આહાર ખાવા ને સાધુ?

અહીં તો કહે છે કે દિગંબર મુનિ જે હોય એ એકવાર કરપાત્રમાં આહાર લે. એ સિવાય બીજી વાર આહાર નહિ, બીજી વાર પાણી નહિ. એવો માર્ગ છે. એ માર્ગ પાળી શકે નહિ તો બચાવ ન કરીશ, શ્રદ્ધા કરજે. સમજાણું કાંઈ? બરાબર છે? 'નાગરભાઈ'! અનાદિનો પરમાત્મનો કહેલો આવો માર્ગ છે. કેવળી તીર્થંકરદેવે કહેલો એ જ માર્ગ મહાવિદેહમાં ચાલુ છે. 'સીમંધર' ભગવાન પરમાત્મા એ કહી રહ્યા છે. આહાહા..! સમજાણું કાંઈ? બહુ જોર આપ્યું છે. પેલામાં પણ કહ્યું છે ને? 'નિયમસાર'. ૧૫૪. અહીં લખ્યું છે. 'નિયમસાર' 'કુંદકુંદાચાર્ય'. લ્યો!

'जदि सक्कदगि कादुं जे पडिकमणादिं करेज्ज झाणमयं ।' પ્રતિક્રમણ તો એને કહેવું,

આપણે સવારમાં આવ્યું. ધ્યાનમાં અંતર આનંદમાં રમવું એનું નામ પ્રતિક્રમણ છે. 'सत्तिविहीणो जा जइ' જો શક્તિ ન હોય તો 'सद्दहणं चेव कायव्वं'. શ્રદ્ધા સાચી રાખજે. ના, ના એ તો વિકલ્પ એ પણ સાચું પડિકમણું છે, ભલે ઠરી ન શકાય, ધ્યાનમાં ન અવાય પણ વિકલ્પ કરવો એ પણ એક પ્રતિક્રમણ છે. નમો અરિહંતાણં.. નમો અરિહંતાણં કરીને બેસે એ પણ સામાયિક છે, એમ માનીશ નહિ. મરી જઈશ. નમો અરિહંતાણં (બોલીને) એમ કહે, બે ઘડી અમે સામાયિક કરી. એ તો વિકલ્પ રાગ છે. એ સામાયિક કેવી? સમજાણું કાંઈ? આહા..! સેઠી!

સામાયિક તો એને કહીએ આત્માના આનંદનો સ્વાદ આવે અને શુદ્ધઉપયોગ અંદર થાય. સમજાણું કાંઈ? એને સામાયિક કહીએ. સામાયિક આ બે પથરણા પાથર્યા અને બેઠા ને થઈ ગઈ (સામાયિક). નમો અરિહંતાણં. પાપ આવવા દીધું નથી એ સામાયિક. ધૂળેય સામાયિક નથી, એ તો અસામાયિક છે. રાગની ક્રિયા, પુણ્યનો વિકલ્પ તે ધર્મ માને, એ સામાયિક માને. અસામાયિકને સામાયિક માને એ મિથ્યાદષ્ટિ છે. એ..! 'સુજાનમલજી'! રેતી ફરે, બસ જાઓ. રેતી એવી હોય ને? બાપુ! માર્ગ એવો નથી, ભાઈ! આ માર્ગ પરમાત્માનો કેવળીએ કહેલો માર્ગ બીજો છે, ભાઈ!

ત્યાં સુધી શ્રદ્ધાન કર્તવ્ય છે, આવો પાઠ છે. ન પાળી શકાય, ચારિત્ર ન હોઈ શકે... સમજાય છે? તો શ્રદ્ધા એવી રાખજે, ગોટો વાળીશ નહિ. નહિતર મિથ્યાત્વમાં જઈને રખડવું પડશે. સમજાણું? 'અષ્ટપાહુડ'માં પણ છે. ૩૩૧ પાનું. તે દિ' કહ્યું હતું ને? ત્યાં પણ શ્લોક કહે છે. '....' જે માર્ગ ચારિત્રનો છે, જે માર્ગ કેવળજ્ઞાનીનો છે, જે માર્ગ વીતરાગનો છે એ પ્રમાણે તું કરી શકે નહિ તો શ્રદ્ધા તો કરજે. 'સકઈ' શક્તિ હોય તો કરજે. 'નસકઈ' શ્રદ્ધા કરજે કે માર્ગ આ છે. કુમાર્ગને માર્ગ માનવો, માર્ગને કુમાર્ગ માનવો એ તો મિથ્યાત્વ છે. એ બોલે ખરા, સમજે નહિ કાંઈ પાછા. સવાર-સાંજ ગડિયો હાંકે. કુસાધુને સાધુ માને તો મિથ્યાત્વ,... પાંચમા શ્રમણસૂત્રમાં આવે છે. એ બોલ્યા હતા કે નહિ ઘડિયા? આહા..!

આમાં પાછો ન્યાય આપ્યો છે. જુઓ! શું? સોળ પ્રકારના તીર્થંકરગોત્ર બંધાય છે ને? સોળ પ્રકારના. એમાં શક્તિ ત્યાગ કર્યો છે. એવો વિકલ્પ હોય છે કે શક્તિ પ્રમાણે ત્યાગ કરતા હોય. હઠ કરીને કરે એ માર્ગ જ છે નહિ. શક્તિ ત્યાગ આવે છે ને? સોળમાં. શક્તિ પ્રમાણે કરજે. એમ ને એમ લઈ લીધા વ્રત. શેના વ્રત? હજી ભાન ન મળે તારા વ્રત ક્યાંથી આવ્યા? લઈ લ્યો વ્રત, મહાવ્રત લઈ લ્યો, સાધુ થઈ જાઓ, જાઓ! ડરો નહિ, ભાઈ! તમે ડરો નહિ. સંસાર છોડો, મુનિ થાઓ.

મુમુક્ષુ :- મુનિ થયા વિના ધર્મ કેમ થાય?

ઉત્તર :- વાત સાચી. ધર્મ તો ચારિત્ર તે જ છે. પણ મુનિપણું ચારિત્ર એટલે કંઈ સમકિત વિના આવતું હશે? હજી સમકિતના ઠેકાણા ન મળે, શ્રદ્ધાના ઠેકાણા ન મળે ને લઈ લ્યો મુનિપણું. કહે છે, એમ કરીશ નહિ. સાચી શ્રદ્ધા કરનારો પાવે અજરામર ઠાણાં. અજર ને અમર, જરા ને વૃદ્ધાવસ્થા વિનાનું મોક્ષપદ છે તે પામશે. એકલા સમ્યગ્દર્શનથી પામશે, એમ કહે છે. એ ધર્મનું

પહેલું પગથિયું છે. આહાહા..! ચારિત્ર ઠાણમ. ઇ ક્યાં પ્રશ્ન છે? પણ અહીં તો કહે છે, ... એ ક્રમે ક્રમે ચારિત્ર પામીને મુક્તિ પામશે. લાખો, કરોડો વર્ષ સુધી સમકિતી જીવ ક્ષાયિક હોય અને ચારિત્ર ન હોય. સમજાણું?

'ભરત' ચક્રવર્તી. લ્યો, ક્યાં ચારિત્ર હતું? છેલ્લે એને થયું. એને તો મોટું આયુષ્ય હતું. ચોર્યાશી લાખ પૂર્વનું. એ પણ ૮૩ લાખ વર્ષે કેવળ પામ્યા છે. સમજાણું? ગૃહસ્થાશ્રમમાં હતા, સમકિતી હતા, છન્નું હજાર રાણીઓ હતા, ચક્રવર્તી હતા. કહે છે કે રાગ આવે છે તેને હેય અને દુઃખદાયક માને છે. આદરણીય છે નહિ. અને જ્યાં સુધી ચારિત્ર ન હોય ત્યાં સુધી મારી મુક્તિ થશે નહિ એમ જાણે છે. સમજાણું? ... તીર્થંકરો આવે છે ને? જો તીર્થંકરને સિદ્ધિ છે નક્કી. તો પણ ચારિત્ર અંદર સ્વરૂપની રમણતા રૂપી ચારિત્ર વિના મુક્તિ નહિ થાય. તીર્થંકરને પણ ગૃહસ્થાશ્રમમાં રહ્યા ચારિત્ર ન થાય. આહાહા..! એટલે કે આ બહારનો ગૃહસ્થાશ્રમ છોડ્યો માટે ચારિત્ર (થયું), એમ નહિ. અંતર ચરણં ઇતિ ચારિત્ર. આત્મા આનંદ ભગવાનસ્વરૂપ સચ્ચિદાનંદ છે એમાં ચરવું, ચરવું એટલે રમવું, રમવું એટલે ચારિત્ર. આહાહા..! ચારિત્ર એટલે બહારમાં વેષ ફેરવી નાખ્યો, પંચમહાવ્રતના વિકલ્પ આવ્યા એ ચારિત્ર (એમ નથી). એ તો અચારિત્ર છે. આહાહા..! જગતને ભારે કામ આકરું. 'રતિભાઈ'! આવો માર્ગ છે. ભાગ્યશાળી જીવોને આ મળે. આવી વાત ક્યાં છે? સમજાણું કાંઈ? આહા..હા...!

જેટલું કરી શકાય તેટલું તો વીર્યને ફોરવીને કરજે. ન થઈ શકે તો શ્રદ્ધાન તો કરજે. શ્રદ્ધાન કરનારને કેવળી ભગવાને.. જુઓ! એમ કહ્યું ને? '**केवलिजिणेहिं भणियं**'. પરમાત્માએ કહ્યું કે તે સમકિતી છે. ચારિત્ર છે નહિ, મુનિપણાની દશા જે જોઈએ એ મારે છે નહિ. એમ માને છે, જાણે છે, એ શ્રદ્ધામાં તો ફેરફાર નથી. શ્રદ્ધામાં જો ફેરફાર થયો તો તારા મૂળિયા ખોટા થયા. મિથ્યાત્વનું મૂળિયું થયું, સમકિત ખસીને. નિગોદનું સોપાન થયું. સમજાણું કાંઈ? ૨૧, ૨૨ બે (ગાથા) થઈ. ૨૩.

---

**अब कहते हैं कि जो ऐसे दर्शन–ज्ञान–चारित्रमें स्थित हैं वे वंदन करने योग्य हैं :–**

## ગાથા-૨૩

**दंसणणाणचरित्ते तवविणये णिच्चकालसुपसत्था।**
**एदे दु वंदणीया जे गुणवादी गुणधराणं।।२३।।**

दर्शनज्ञानचारित्रे तपोविनये नित्यकालसुप्रस्वस्थाः।
एते तु वन्दनीया ये गुणवादिनः गुणधराणाम्।।२३।।

**દગ, જ્ઞાન ને ચારિત્ર, તપ, વિનયે સદાય સુનિષ્ઠ જે,**
**તે જીવ વંદનયોગ્ય છે ગુણધર તણા ગુણવાદી જે. ૨૩.**

**अर्थ :– दर्शन–ज्ञान–चारित्र, तप तथा विनय इनमें जो भले प्रकार स्थित हैं वे प्रशस्त हैं, सराहने योग्य हैं अथवा भले प्रकार स्वस्थ हैं लीन हैं और गणधर आचार्य भी उनके गुणानुवाद करते हैं अत: वे वन्दने योग्य हैं। दूसरे जो दर्शनादिकसे भ्रष्ट हैं और गुणवानोंसे मत्सरभाव रखकर विनयरूप नहीं प्रवर्तते वे वंदने योग्य नहीं है।।२३।।**

## ગાથા-૨૩ ઉપર પ્રવચન

**'આગે કહતે હૈં કિ જો ઐસે દર્શન, જ્ઞાન, ચારિત્રમેં સ્થિત હૈં વે વંદન કરને યોગ્ય હૈં :-'** ત્રણેય ભેગા થઈને ચારિત્ર હોય તે વંદન કરવા લાયક છે. સાધુ તરીકે ચારિત્રવંત તરીકે, મોક્ષના માર્ગ તરીકેના ચારિત્રવંતના ગુરુ તરીકે તે વંદન લાયક છે. સમજાય છે કાંઈ?

**दंसणणाणचरित्ते तवविणये णिच्चकालसुपसत्था।**
**एदे दु वंदणीया जे गुणवादी गुणधराणं।।२३।।**

**અર્થ :- 'દર્શન, જ્ઞાન, ચારિત્ર...'** આત્માના સ્વરૂપનું સમ્યગ્દર્શન અને તેને ચારિત્ર આવું હોય એવી પણ પ્રતીતિ તેને આવી ગઈ છે. એનું જ્ઞાન-આત્માનું સ્વસંવેદનજ્ઞાન. શાસ્ત્રજ્ઞાનની અહીં વાત નથી. ભગવાન જ્ઞાનનું જ્ઞાન. ચૈતન્ય જ્ઞાનસ્વરૂપી પ્રભુ, એનું જ્ઞાન. અને એનું ચારિત્ર. આત્મા આનંદમૂર્તિની રમણતા. આત્મામાં આતમરામ. નિજપદ રમે સો રામ કહીએ. એ આત્માના નિજ આનંદમાં રમે તેને ચારિત્ર કહીએ. આહાહા..!

**'તપ,...'** ઇચ્છાનો નિરોધ હોય. ઇચ્છા એને છૂટી જાય એનું નામ તપ કહેવાય. વસ્તુના ભાન સહિત, હોં! એકલા તપ તપે એ તપ નથી, એ તો બાળતપ અને અજ્ઞાનતપ છે. સમજાણું કાંઈ? મહાવ્રતના પરિણામ એ ધર્મ છે, એ ચારિત્ર છે એમ માનનારા મિથ્યાદષ્ટિને તો તપ હોઈ શકે નહિ. એ તો મિથ્યાદષ્ટિ છે. સમજાય છે કાંઈ? ચારિત્ર નથી ત્યાં તપ ક્યાંથી આવ્યા? ચારિત્ર, સ્વરૂપની દૃષ્ટિપૂર્વક અંદર રમણતા છે અને એને ઇચ્છા તૂટીને અમૃતની ઉગ્રતા આવે છે. તપયન્તે ઇતિ તપ:. આત્મા તપે છે. આમ સોનું જેમ ગેરુથી શોભે છે, સોનું.. સોનું ગેરુથી શોભે એમ ભગવાનઆત્મા ચારિત્રસહિત ઉગ્ર પુરુષાર્થથી સ્થિરતા દ્વારા શોભે છે. એને તપ કહેવામાં આવે છે. આહારને છોડવો ને આ છોડું એ તો બધી લાંઘણું છે. સમજાણું કાંઈ?

**'વિનય...'** સાચા વીતરાગનો માર્ગ અને તેના સમકિતી જ્ઞાની ને ચારિત્રવંત, એનો વિનય. અજ્ઞાનીનો વિનય નહિ. સમજાણું કાંઈ? **'ઇનમેં જો ભલે પ્રકાર સ્થિત હૈં વે પ્રશસ્ત હૈં, સરાહને યોગ્ય હૈં...'** આવા હોય તે અનુમોદન કરવા લાયક છે. આવા હોય તે સરાહવાલાયક છે. **'અથવા ભલે પ્રકાર સ્વસ્થ હૈં લીન હૈં...'** સ્વ.. સ્વ. એ આત્મા આનંદ એવો સ્વ. એમાં સ્થ-લીન. સ્વ-સ્થ.

સ્વ એવો ચૈતન્ય ભગવાન, એમાં લીન એટલે સ્થ. આહાહા..! આ શરીર-દેહ તો હાડકા છે, માટી છે અને પુણ્ય-પાપના વિકલ્પ ઊઠે એ તો વિકાર છે. એમાં ટકવું એ ચારિત્ર નથી, એ વિનય નથી. વિશેષ કહેશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## પ્રવચન નં. ૧૭, ગાથા-૨૪ થી ૨૬, ગુરુવાર, જેઠ વદ ૭, તા. ૨૫-૬-૧૯૭૦

સાધુ તરીકે સાધુ માનીને, એની વાત ચાલે છે. પહેલું તો દર્શન હોય છે. એને સમ્યગ્દર્શન (હોય). આત્મા શુદ્ધ ચૈતન્યવસ્તુ સર્વજ્ઞ ભગવાને જોઈ છે એવું આત્મતત્ત્વ, એને સમ્યગ્દર્શનમાં ભાન હોય. આત્મા શુદ્ધ ચૈતન્યનો અનુભવ હોય. એ ઉપરાંત એને આત્માનું જ્ઞાન હોય.

આજે લેખ આવ્યો છે. કોણ જાણે કેમ નાખ્યો લાગે છે. જૈન ગેઝેટમાં. આત્મજ્ઞાન એ જ જરૂર છે. કો'કે લખ્યું છે. ભાઈએ આપ્યું. 'ચંદુભાઈ'એ ખુલાસો કર્યો છે. કો'ક મુનિ છે ને? ત્યાં જાતા હોય અને પૈસા-બૈસા આપતા હોય તો એનો લેખ લીધો. જૈન ગેઝેટમાં છે. આત્મજ્ઞાનની આવશ્યકતા. અત્યારે જરૂર એની છે. આ નાખ્યો કેમ? કે ભાઈ ત્યાં જાતા હોય ન્યાં. પૈસા-બૈસા ઉઘરાવવા. પૈસા લેતા હોય તો લેખ દેવો જ પડે.

આત્મજ્ઞાન જેને હોય. જ્ઞાન આવ્યું ને? આત્મા જ્ઞાનાનંદ સચ્ચિદાનંદ શુદ્ધ સ્વરૂપ છે એવું એને જ્ઞાન હોય. સમ્યગ્દર્શન હોય અને એનું જ્ઞાન હોય. એ ઉપરાંત ચારિત્ર હોય. વીતરાગદશા, જેને અંતર ત્રણ કષાયનો નાશ થઈને પ્રગટ થઈ હોય. તપ હોય. ઇચ્છા નિરોધરૂપી ભાવ હોય. અને વિનય હોય. નરમાશ હોય. મુનિ અથવા પંચપરમેષ્ઠી પ્રત્યેનો એને બહુ ભાવ હોય.

અથવા **'ઇનમેં જો ભલે પ્રકાર સ્થિત હૈં...'** એમાં રહે અને **'સરાહને યોગ્ય હૈં...'** તેને સાધુ માનીને ગુરુ તરીકે સ્વીકારીને માનવા જેવું છે. **'અથવા ભલે પ્રકાર સ્વસ્થ હૈં, લીન હૈં...'** સ્વ-સ્થ. આત્મા જ્ઞાનાનંદ છે એમાં સ્થ છે-ઠરેલ છે. જુઓ! આ તત્ત્વાર્થ શ્રદ્ધાનમાં વીતરાગ સર્વજ્ઞ પરમાત્માના માર્ગમાં મુનિપણું કેવું હોય એની વાત ચાલે છે. **'ઔર ગણધર આચાર્ય ભી ઉનકે ગુણાનુવાદ કરતે હૈં...'** ગણધરો મહામુનિઓ પૂર્વે થયા હોય એના એ ગુણગ્રામ કરતો હોય. પરંપરા સંતો જે થયા, ભગવાન અને ભગવાન પછી, એના એ પ્રશંસક હોય. સમજાય છે? **'વે વંદને યોગ્ય હૈં.'**

મુમુક્ષુ :- એટલું બધું ક્યાં જોઈએ, અમે તો નગ્ન દિગંબર છે કે નહિ એટલું જોઈએ.

ઉત્તર :- ના, ના. ના પાડે છે. નગ્ન દિગંબર એટલું નહિ. એ માટે તો આ વાત લીધી છે. એય..!

**'દૂસરે જો દર્શનાદિકસે ભ્રષ્ટ હૈં ઔર ગુણવાનોંસે મત્સરભાવ રખકર વિનયરૂપ નહીં પ્રવર્તતે...'** લ્યો, શાંતિથી સમજવું. વીતરાગમાર્ગ અનાદિનો આ ભાવ હતો અને મુનિની બાહ્ય દિગંબર દશા હતી. એવા મુનિને, સંપ્રદાયમાંથી જે ભ્રષ્ટ થયેલા, વસ્ત્ર-પાત્ર રાખીને મુનિપણું માનનારા, એ આનો વિનય ન કરે એ અભિમાની છે એમ કહે છે. કોનો? ધર્માત્માનો. આત્માનું

અંતર જ્ઞાન, દર્શન, ચારિત્ર છે અને બાહ્ય નગ્ન દિગંબર જૈનદર્શનમાં હોય છે. દિગંબર સિવાય સાધુપદ હોઈ શકે નહિ. પણ એકલું દિગંબર નહિ. અંદર અનુભવ, સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર, તપ ને વિનય સહિત (હોય).

મુમુક્ષુ :- દિગંબર છે એમ કહો તો અમે ખુશી થઈએ પણ દર્શન, જ્ઞાન, ચારિત્રની વાત આવે ત્યારે મૂંઝવણ થાય.

ઉત્તર :- ઇ માટે તો આ વાત ચાલે છે. એ આગળ આવશે. એકલો આચાર, એમાં આવશે. ૨૬ ગાથા. '**आचार्य यथाजातरूपको दर्शन कहते आये हैं वह केवल नग्नरूप ही यथाजातरूप होगा,...**' એમ નહિ. ૨૬મી ગાથા, ભાવાર્થમાં ચોથી લીટી. સમજાણું કાંઈ? એકલા નગ્ન તો અનંતવાર થયા. એમાં શું? ભાન વિના. પણ વાત ઇ છે કે અંતરમાં આત્મદર્શન, આત્મજ્ઞાન અને વસ્તુની વીતરાગતા સર્વજ્ઞ પરમેશ્વરે કહી (હોય) એવું હોય. અને એની દશા બાહ્યમાં શરીર નગ્ન જ હોય. દિગંબર હોય. એને વસ્ત્રનો તાણો પણ હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? અનાદિનો માર્ગ આ છે. એને એણે જાણવો જોશે, એમ કહે છે.

(અહીંયાં કહે છે), '**जो दर्शनादिकसे भ्रष्ट हैं...**' વીતરાગનો આવો માર્ગ અનાદિ સનાતન છે, એનાથી આ શ્વેતાંબર આદિ ભ્રષ્ટ થયા. એ '**गुणवानोंसे मत्सरभाव...**' રાખે છે. આવા ધર્માત્મા સંતો હતા એનો વિનય કરતા નહોતા અને અભિમાન રાખે છે. '**वे वंदने योग्य नहीं है.**' આવો માર્ગ છે, ભાઈ! સમજાણું કાંઈ? ૨૪.

---

**अब कहते हैं कि–जो यथाजातरूपको देखकर मत्सरभावसे वन्दना नहीं करते हैं वे मिथ्यादृष्टि ही है :–**

## ગાથા-૨૪

**सहजुप्पण्णं रूवं दट्ठुं जो मण्णए ण मच्छरिओ।**
**सो संजमपडिवण्णो मिच्छाइट्ठी हवइ एसो।।२४।।**

सहजोत्पन्नं रूपं दृष्ट्वा यः मन्यते न मत्सरी।
सः संयमप्रतिपन्नः मिथ्यादृष्टिः भवति एषः।।२४।।

**જ્યાં રૂપ દેખી સાહજિક, આદર નહીં મત્સર વડે;**
**સંયમ તણો ધારક ભલે તે હોય પણ કુદૃષ્ટિ છે. ૨૪.**

**अर्थ :– जो सहजोत्पन्न यथाजातरूपको देखकर नहीं मानते हैं, उसका विनय सत्कार प्रीति नहीं करते हैं और मत्सर भाव करते हैं वे संयमप्रतिपन्न हैं, दीक्षा ग्रहण की है फिर भी प्रत्यक्ष मिथ्यादृष्टि हैं।।२४।।**

**भावार्थ :– जो यथाजातरूपको देखकर मत्सरभावसे उसका विनय नहीं करते हैं तो ज्ञात होता है कि–इनके इस रूपकी श्रद्धा–रुचि नहीं है, ऐसी श्रद्धा–रुचि बिना तो मिथ्यादृष्टि ही होते हैं. यहाँ आशय ऐसा हे कि–जो श्वेताम्बरादिक हुए वे दिगम्बर रूपके प्रति मत्सरभाव रखते हैं और उसका विनय नहीं करते हैं उनका निषेध है।।२४।।**

## ગાથા-૨૪ ઉપર પ્રવચન

**'અબ કહતે હૈં કિ-જો યથાજાતરૂપકો દેખકર મત્સરભાવસે વન્દના નહીં કરતે હૈં વે મિથ્યાદષ્ટિ હી હૈ :-'**

**सहजोत्पन्न रूपं दृष्ट्वा यः मन्यते न मत्सरी।**
**सः संयमप्रतिपन्नः मिथ्यादृष्टिः भवति एषः।।२४।।**

અહીં તો આચાર્ય મહારાજ-'કુંદકુંદાચાર્યદેવ' અનાદિ વીતરાગ માર્ગ અને કેવળીનું કહેલું સ્વરૂપ, એવું જે આત્મદર્શન, આત્મજ્ઞાન, આત્મચારિત્ર તે સહિતની દશા જૈનમાર્ગમાં, વીતરાગમાર્ગમાં, કેવળીના પંથમાં શરીરની દશા દિગંબર હતી. એ સિવાય આ ભ્રષ્ટ થયા પછી બીજા પંથ નીકળ્યા છે. સેઠી!

કહે છે, માતાએ જન્મ્યો એવો દેહ અને અંતરમાં રાગરહિત અનુભવની દશા, એવા મુનિને દેખી ન માને. એને ન જાણે, એને બહુમાન ન આપે '**ઉસકા વિનય સત્કાર પ્રીતિ નહીં કરતે હૈં...**' '**मण्णए ण**' એમાંથી બધું કાઢ્યું. સમજાણું? વિનય, સત્કાર ન કરે. એ '**મત્સર ભાવ કરતે હૈં વે સંયમપ્રતિપન્ન હૈં, દીક્ષા ગ્રહણ કી હૈ ફિર ભી પ્રત્યક્ષ મિથ્યાદષ્ટિ હૈં.**' કઠણ વાત. સમજાણું કાંઈ?

**ભાવાર્થ :- 'જો યથાજાતરૂપકો દેખકર...'** મહા દિગંબર સંત, આત્માના જ્ઞાન, દર્શન, ચારિત્રવાળા. એકલા નગ્ન નહિ. એવા નગ્ન તો અનંતવાર થયા. જેની દશા પણ અંતર છઠ્ઠા ગુણસ્થાનને યોગ્ય એવી વીતરાગતા પ્રગટી છે અને બાહ્યમાં તદ્દન દિગંબર (દેહ). એવા જીવને દેખી મત્સરભાવથી વિનય ન કરે. બીજા અભિમાનીઓ (એમ માને કે) અમે પણ સાધુ છીએ, અમે મહાવ્રતધારી છીએ, અમે પણ દીક્ષા લીધી છે. એમ માની અને આવા સાચા સંતને વિનય અને આદર ન કરે તો પ્રત્યક્ષ મિથ્યાદષ્ટિ છે. સંયમપ્રતિપન્ન હોય. ઇન્દ્રિયદમન અને બાહ્ય પાળતા હોય છતાં પ્રત્યક્ષ મિથ્યાદષ્ટિ છે. આમાં કોઈ સંપ્રદાયની અપેક્ષાએ વાત નથી, વસ્તુનું સ્વરૂપ જ આવું છે. વીતરાગ સર્વજ્ઞ પરમાત્માએ કહેલું આવું તત્ત્વ અનાદિ છે.

**'જો યથાજાતરૂપકો દેખકર મત્સરભાવસે ઉસકા વિનય નહીં કરતે હૈં તો જ્ઞાત હોતા હૈ કિ-ઇનકે ઇસ રૂપકી શ્રદ્ધા-રુચિ નહીં હૈ ઐસી શ્રદ્ધા-રુચિ બિના તો મિથ્યાદષ્ટિ હી હોતે હૈં. યહાં આશય ઐસા હૈ કિ-જો શ્વેતામ્બરાદિક હુએ વે દિગંબર રૂપકે પ્રતિ મત્સરભાવ રખતે હૈં...'** ભગવાન પછી છસ્સો વર્ષે સનાતન વીતરાગમાર્ગનું જૈનદર્શન, એમાંથી શ્વેતાંબર નીકળ્યા.

શ્રદ્ધાથી ભ્રષ્ટ થઈને વસ્ત્ર રાખીને મુનિપણું માનવા લાગ્યા. એની અપેક્ષાએ વાત (લીધી) છે અહીં.

મુમુક્ષુ :- પંડિતે બહુ ચોખ્ખું કર્યું.

ઉત્તર :- પંડિતે ચોખ્ખું કર્યું. પાઠમાં પણ ઇ છે ને. '**संजमपडिवण्णो मिच्छाइट्ठी मण्णए ण मच्छरिओ**' એનો અર્થ જ થયો ને. આહાહા..! જેને છઠ્ઠી-સાતમી ભૂમિકામાં આનંદની દશા પ્રગટી છે તે મુનિને તો નગ્નદશા હોય, એને વસ્ત્ર-પાત્ર હોઈ શકે નહિ. વસ્ત્ર-પાત્ર હોય અને અંદર મુનિપણું પ્રગટે એમ કદી બની શકે નહિ. અને વસ્ત્ર-પાત્ર ન હોય ને નગ્નપણું હોય તો મુનિપણું પ્રગટે એમ પણ નથી. સમજાણું કાંઈ? બહુ વાત (ઝીણી).

ભગવાનઆત્મા.. આમ સમ્યગ્દર્શનમાં-શ્રદ્ધામાં જ પહેલું ઇ આવ્યું હોય કે મુનિ હોય એ વીતરાગી હોય, એને દિગંબર દશા હોય, એને અઠ્યાવીસ મૂળગુણના, મહાવ્રતાદિના વિકલ્પ હોય એવું તો સમ્યગ્દર્શન થતાં જ ભાનમાં આવી જાય છે. ગુરુનું પદ આવું ચારિત્રનું હોય એને આવી ગયું હોય. સમજાણું કાંઈ? જેને એની ખબર નથી અને એવા સંતોને દેખીને મત્સર રાખે. કારણ કે એ તો જાણે અમારા સાધુ નથી, એમ કરીને શ્વેતાંબર આદિ સાધુ એનો આદર ન કરે, વિનય ન કરે તો એ પ્રત્યક્ષ મિથ્યાદૃષ્ટિ, અજ્ઞાની છે, એ જૈન છે નહિ.

મુમુક્ષુ :- કેમ વંદન કરી શકે? ગૃહિત મિથ્યાદૃષ્ટિ થઈ જાય.

ઉત્તર :- ... પહેલું તો એમને એમ ચાલતું હતું ને? પહેલા તો એના સાધુ હતા એ પણ દિગંબર મંદિરે જતા. પહેલા ક્યાં જુદા પડ્યા હતા. પછી પચીસ-પચાસ, સો વર્ષ લાંબા થયા પછી મંદિર જુદાં બનાવ્યા. માર્ગ તો આવો છે. આ કાંઈ કોઈની પક્ષપાતની વાત નથી. સમજાણું કાંઈ? અનાદિ સર્વજ્ઞ વીતરાગ કેવળજ્ઞાની પરમેશ્વરનો માર્ગ ચાલ્યો આવતો હતો એ ભગવાન પછી છસ્સો વર્ષ સુધી તો માર્ગ રહ્યો. પછી બાર વર્ષના દુકાળ પડ્યા. એ તો લેખ આમાં નહિ પણ બારોટમાં આવે છે. બારોટ સમજ્યા? શું કહે છે? ભાટચારણ નહિ, બારોટ જુદી જાત છે. શું કહેવાય? ભાઈ! બ્રહ્મભટ્ટ કહેવાય. વાણિયાને શેઠ કહેવાય, લોહાણાને ઠક્કર કહેવાય એમ એને બ્રહ્મભટ્ટ કહેવાય. હમણા એક આવ્યા હતા ને? બ્રહ્મભટ્ટ-બારોટ. કાકુભાઈ. એને અહીં પ્રેમ છે. એ તો બિચારા કહે, આ દેવી-દેવલાના લાકડા ક્યાંથી ગરી ગયા? જૈન થઈને દેવી-દેવલાને માનવા એ તો મિથ્યાત્વ છે. મેં કીધું, મિથ્યાત્વ જ છે પણ ભાન વિના લોકોને કંઈ ખબર નથી. સમજાણું કાંઈ? એને શ્રદ્ધામાં પાકું રાખવું પડશે, એમ કહે છે. જેને સાચી શ્રદ્ધા કરવી છે એણે તો આવા દિગંબર મુનિ અંતર ધ્યાની, જ્ઞાની, આનંદમાં રમનારા અને એને દિગંબર દશા જ હોય. એવા મુનિને જૈનદર્શનમાં સાધુ તરીકે સ્વીકાર્યા છે. એથી વિરૂદ્ધ માને તો તે બધા મિથ્યાદૃષ્ટિ છે. પંડિતજી! અહીં કંઈ ગુપ્ત રાખવાની વાત નથી. આચાર્યે, 'કુંદકુંદાચાર્યે' ખુલ્લું કર્યું.

**'યહાં આશય ઐસા હૈ કિ-જો શ્વેતામ્બરાદિક...'** શ્વેતાંબર દેરાવાસી કે આ સ્થાનકવાસી કે આ તેરાપંથી એ ત્રણેય જૈનદર્શનમાંથી ભ્રષ્ટ થઈને નીકળેલા છે. કોઈ વ્યક્તિ પ્રત્યે પેલું નથી,

માર્ગ આવો છે. આ તો 'કુંદકુંદાચાર્ય' તો જે સ્પષ્ટ વાત હતી એ મૂકી છે. શ્રદ્ધા કરો, સાચી શ્રદ્ધા તો કરો કહે છે. ચારિત્ર ન લઈ શકાય અને એ પ્રમાણે ન હોય તો ભલે પણ શ્રદ્ધા તો બરાબર કરો કે ગુરુ ચારિત્રવંત તો આવા હોય. સમજાણું કાંઈ? અહીં તો ઠેકાણા નહિ કંઈ બહારના અને પાંચ મહાવ્રતના વિકલ્પને ચારિત્ર માને. છે અચારિત્ર, પંચમહાવ્રત તો રાગ છે. અચારિત્રને ચારિત્ર માને, આસ્રવને સંવર માને. (મહાવ્રતનો રાગ) તો આસ્રવ છે. સમજાય છે કાંઈ? અને સાચો પંથ જે આ વીતરાગનો પંથ છે એની નિંદા કરે તો આચાર્ય કહે છે કે એ પ્રગટ મિથ્યાદૃષ્ટિ છે. કહો, સમજાણું આમાં ? આમાં કંઈ સંપ્રદાયની વાત નથી, હોં! વસ્તુનું સ્વરૂપ આવું છે. શું થાય બીજું? **'દિગંબરરૂપકે પ્રતિ મત્સરભાવ રખતે હૈં...'** જુઓને! લખ્યું છે ને? 'જયચંદ્ર' પંડિત છે. 'જયપુર'ના. એ.. સેઠી! તમારા ગામના. 'જયચંદ્ર' પંડિત થઈ ગયા છે ને? 'જયપુર'ના. બહુત અચ્છા લિખા હૈ. સમજ મેં આયા?

વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવ, જેને એક સમયમાં ત્રણકાળ ત્રણલોકનું જ્ઞાન હતું, સો-સો ઇન્દ્રો જેને પૂજતા એ ભગવાનની આ વાણી છે. 'સીમંધર' ભગવાન મહાવિદેહમાં બિરાજે છે એની પાસે સંવત ૪૯માં 'કુંદકુંદાચાર્ય' ગયા હતા. નગ્ન દિગંબર. આઠ દિ' રહીને આ બધા શાસ્ત્રો રચ્યા છે. માર્ગ આવો છે, ભાઈ! બીજી ગડબડ કરી હોય એ માર્ગ છે નહિ. આહાહા..! કામ આકરું ભારે. સંપ્રદાયની શ્રદ્ધા બેઠી હોય એ કહે, અમારા સ્થાનકવાસીના સિદ્ધાંત સાચા છે, પેલા દેરાવાસી કહે, અમારા સિદ્ધાંત સાચા, તેરાપંથી કહે, અમારી માન્યતા સાચી. શ્વેતાંબર જૈન પરંપરા ભગવાન સાથે મેળવે, સ્થાનકવાસી ભગવાન સાથે મેળવે. તેરાપંથી પણ મેળવે કે અમારો મહાવીર પહેલો આવો હતો. અરે...! ભાઈ! આ તો પરમેશ્વરનું કથન અને વીતરાગનું સ્વરૂપ એવું છે.

જેની દશા સમ્યગ્દર્શન થાય ત્યારે તેને સાચા દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા યથાર્થ હોય છે. વિપરીત હોતી નથી. અને સાધુ થાય ત્યારે તો એની વીતરાગ દશા અંદરમાં પ્રગટી હોય છે. ક્ષણે અને પળે આનંદમાં ઝુલતા શુદ્ધઉપયોગમાં આવીને શુભમાં આવે. છઠ્ઠે આવે એટલે જરી દયાનો, સાંભળવાનો વિકલ્પ, રાગ ઊઠે. એ વિકલ્પ છૂટીને સાતમી દશા શુદ્ધઉપયોગમાં રમે. એક અંતર્મુહૂર્તમાં હજારો વાર જેને શુદ્ધઉપયોગની રમતું હોય છે. જેને અંદર નિંદ્રા પોણી સેકંડની હોય છે. એની અંતર દશા અને બાહ્ય નગ્ન દશાને સાધુપદ કહે છે. સમજાણું કાંઈ? આવો કોઈ પક્ષનો માર્ગ છે નહિ. વસ્તુનો સ્વભાવ આવો છે. કહો, 'અમુલખભાઈ'! એમ જ છે. એની તો .... વીસ-પચીસ વર્ષ પહેલા, હોં! પણ બોલે આમ .... સમજાણું કાંઈ?

**'વે દિગંબરરૂપકે પ્રતિ મત્સરભાવ રખતે હૈં...'** દિગંબરના મુનિઓ અને દિગંબરના સમકિતી શ્રાવક, ધર્મીને એ માનતા નથી, એનો આદર કરતા નથી અને દ્વેષ કરે છે. સમજાણું કાંઈ? એ પ્રત્યક્ષ મિથ્યાદૃષ્ટિ છે, એમ કહે છે. **'ઉસકા વિનય નહીં કરતે હૈં ઉનકા નિષેધ હૈ.'** લ્યો. એનો વિનય કરતા નથી એ લોકો એને નિષેધ કરે છે. ભાઈ! તને માર્ગની ખબર નથી. માર્ગથી ભ્રષ્ટ થઈને નીકળ્યા. દુકાળ પડ્યા ત્યારે વસ્ત્રનો થોડો કટકો રાખીને એમાંથી આખો શ્વેતાંબર

પંથ નીકળ્યો છે. સ્થાનકવાસી એમાંથી હમણાં પાંચસો વર્ષ પહેલા નીકળ્યા. તેરાપંથી બસ્સો વર્ષ પહેલા નીકળ્યા. વસ્તુનું આવું સ્વરૂપ છે. કહો, સમજાણું કાંઈ? સંપ્રદાયવાળાને એમ લાગે કે આ તો તમારું સાચું. સાચું નહિ, આ તો વસ્તનું સ્વરૂપ આવું છે. અમારી-તમારી અહીં વાત જ ક્યાં છે? બાપા! આહાહા..! જેને હજી ખબર જ નથી. 'અષ્ટપાહુડ' ત્યાં 'ઉમરાળા' છે કે નહિ? કોઈક પાસે હશે. છે? હશે. 'અષ્ટપાહુડ' 'કુંદકુંદાચાર્ય'નું છે. ત્યાં હશે ખરું, પુસ્તક તો હશે.

**आगे इसीको दृढ करते हैं :–**

## ગાથા-૨૫

**अमराण वंदियाणं रूवं दट्ठूणं सीलसहियाणं।**
**जे गारवं करंति य सम्मत्तविवज्जिया होंति।।२५।।**

**अमरैः वंदितानां रूपं दृष्टवा शीलसाहितानाम्।**
**ये गौरवं कुर्वन्ति च सम्यक्त्वविवर्जिताः भवंति।।२५।।**

**જે અમરવંદિત શીલયુત મુનિઓતણું રૂપ જોઈને,**
**મિથ્યાભિમાન કરે અરે! તે જીવ દૃષ્ટિવિહીન છે. ૨૫.**

**अर्थ :– देवोंसे वंदने योग्य शील सहित जिनेश्वरदेवके यथाजातरूपको देखकर जो गौरव करते हैं, विनयादिक नहीं करते हैं वे सम्यक्त्वसे रहित हैं।**

**भावार्थ :– जिस यथाजातरूपको देखकर अणिमादिक ऋद्धियोंके धारक देव भी चरणोंमें गिरते हैं उसको देखकर मत्सरभावसे नमस्कार नहीं करते हैं उनके सम्यक्त्व कैसा ? वे सम्यक्त्वसे रहित ही हैं।।२५।।**

## ગાથા-૨૫ ઉપર પ્રવચન

**'આગે ઇસીકો દઢ કરતે હૈં :-'** ભગવાન 'કુંદકુંદાચાર્ય' સમ્યગ્દૃષ્ટિ જીવને આવા મુનિની શ્રદ્ધા હોય છે અને એવા મુનિને જે ન માને, અનાદર કરે એ મિથ્યાદૃષ્ટિ છે, એમ કહે છે. સમજાણું કાંઈ? આમ બોલે, કુસાધુને સાધુ માને તો મિથ્યાત્વ, સાધુને કુસાધુ માને (તો મિથ્યાત્વ), આવે છે કે નહિ? 'માણેકલાલભાઈ'! આવે છે?

મુમુક્ષુ :- પચીસ પ્રકારના..

ઉત્તર :- હા. પચીસ પ્રકારના મિથ્યાત્વમાં. માર્ગને કુમાર્ગ માને તો મિથ્યાત્વ, કુમાર્ગને માર્ગ તો મિથ્યાત્વ બોલે પણ એમાં એકેય વાત સાચી ન હોય. અર્થની ખબર ન મળે. હું તો

એનો અર્થ ત્યાં પહેલા ઇ કરતો, પાંચમા ... આવે છે ને? ... બે દિ'ની હોય છે ને? શું કહેવાય? બે દિ' ન વંચાય એવું હોય ને? ચૌદસ અને પાખી. અસજ્જાયના દિવસ હોય. અસજ્જાય સમજ્યા ને? ત્યારે ન વંચાય. ચૌદસ અને પાખી. અષાઢ સુદ ચૌદસ અને પાખી. ત્યારે આ પાંચમા શ્રમણસૂત્રનો જ વ્યાખ્યાનમાં અર્થ કરતા. કારણ કે મને કંઈક ... મેં કીધું, આ શું કહે છે? .... મિથ્યાત્વને છોડ્યું છે અને સમકિત અંગીકાર કર્યું છે. સમકિત એટલે શું? પડિકમણામાં આવે છે કે નહિ? કેટલી વાર ઘડિયા બોલ્યા હશે સાંજ-સવાર? ... હરામ કંઈ એના અર્થનું ભાન હોય તો. સાંજ-સવાર ઘડિયો હાંકે જાય. આહાહા..! બાપુ! આ તો વીતરાગ માર્ગ છે. સર્વજ્ઞ પરમેશ્વરે કહેલો, જોયેલો, જાણેલો અને અનુભવીને કહ્યું છે. આહા..! આમાં કાંઈપણ ફેરફાર માને તો એ શ્રદ્ધાથી ભ્રષ્ટ છે. જૈન નથી, મિથ્યાદૃષ્ટિ છે એમ અહીં તો 'કુંદકુંદાચાર્ય' ફરમાવે છે. સમજાણું કાંઈ? 'દેવીચંદજી'! દુનિયા સાથે અતડાઈ તો લાગે પણ માર્ગ એવો છે ત્યાં શું થાય?

**अमराण वंदियाणं रूवं दट्ठूणं सीलसहियाणं।**
**जे गारवं करंति य सम्मत्तविवज्जिया होंति।।२५।।**

**અર્થ :- 'દેવોંસે વંદને યોગ્ય શીલ સહિત...'** જેના અંતરમાં વીતરાગસ્વભાવ જેને પ્રગટ્યો છે, એમ કહે છે. શીલ એટલે (ઇ). ચારિત્ર શીલ. શીલપાહુડ આગળ આવશે. જેને વીતરાગી દશા અંદર અનુભવમાં પ્રગટી છે. વસ્તુ ભગવાનઆત્મા વીતરાગની મૂર્તિ જ છે આત્મા તો. એનો આશ્રય લઈ વીતરાગનો શીલ સ્વભાવ, અકષાય આનંદકંદ જેની દશા પ્રગટી છે, એવા મુનિ **'દેવોંસે વંદને યોગ્ય...'** હૈ. દેવને પણ વંદવાલાયક છે. **'જો જિનેશ્વરદેવકે યથાજાતરૂપકો દેખકર...'** ઓહો...! એવા વીતરાગભાવી અને બાહ્ય દિગંબર દશાને દેખીને વિનયાદિ ન કરે. એનો વિનય ન કરે, આદર ન કરે, બહુમાન ન આપે તે સમકિત કરી વર્જિત છે. **'વે સમ્યક્ત્વસે રહિત હૈં.'** એ સમકિતથી રહિત મિથ્યાદૃષ્ટિ છે. કહો, સમજાણું આમાં?

આ તો ઘણા વર્ષે આ વંચાય છે. (સંવત) ૨૦૧૭માં વંચાણું હતું. માર્ગ તો આ છે. ચાર વાર વંચાણું. પહેલા (સંવત) ૨૦૦૨ની સાલમાં વંચાણું. પછી ૨૦૧૧માં પછી ૨૦૧૭માં અને આ ૨૦૨૬માં. 'જાદવજીભાઈ'! પહેલા જો સાંભળે તો ભડકી જાય પણ હવે તો ઘણા સાંભળનારા (છે). કાંધે પડી છે વાત. આખો સંપ્રદાય ફરીને ફેરવ્યું તો કાંઈ કારણ હશે કે નહિ? સંપ્રદાયમાં તો લોકો બહુ માનતા. સમજાણું? માર્ગ આ નથી, કીધું. ભાઈ! વીતરાગનું આ સાધુપણું નહિ, વીતરાગનો વેશ નહિ, એ વીતરાગના શાસ્ત્ર કહ્યા એ આ શાસ્ત્ર નહિ. શ્વેતાંબરે શાસ્ત્ર કર્યા એ નવા રચ્યા છે, કલ્પિત રચ્યા છે બધા. આકરી વાત છે, ભાઈ! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- 'કુંદકુંદાચાર્ય' ...

ઉત્તર :- સો વર્ષ પહેલા નીકળી ગયેલા.

મુમુક્ષુ :-

ઉત્તર :- પછી. પહેલેથી નીકળ્યા એ ભ્રષ્ટ થઈને નીકળ્યા ને? 'કુંદકુંદાચાર્ય' થયા પહેલા સો વર્ષ પહેલા માર્ગ નીકળી ગયેલો.

મુમુક્ષુ :- વધારે ...

ઉત્તર :- ઇ પછી વળી વિશેષ (થયું). પહેલેથી આવું તો છે. સાધુપણું વસ્ત્રસહિત મનાવ્યું, શાસ્ત્રો કલ્પિત બનાવ્યા, મલ્લિનાથને તીર્થંકરને સ્ત્રી મનાવી, ભગવાનને રોગ ઠરાવ્યો, ભગવાનને આહાર ઠરાવ્યો. એ બધું જૈનદર્શનથી તદ્દન વિરૂદ્ધ છે. સમજાણું કાંઈ? એ.. 'ધનજીભાઈ'! આવો માર્ગ છે. હવે તો અહીં સવા પાત્રીસ વર્ષ થઈ ગયા જંગલમાં. હવે તો ઘણા સાંભળનારા (થયા છે). 'સુજાનમલજી'!

મુમુક્ષુ :-

ઉત્તર :- એ તો ખબર છે. એ તો બધું દેરાવાસી માનનારા. એમાં કાંઈ ઠેકાણું નથી. 'મનસુખભાઈ' ભાઈને મળ્યા હતા ને? કીધું હતું ને.

મુમુક્ષુ :- મેં તો ખાસ પૂછ્યું હતું.

ઉત્તર :- પૂછ્યું હતું. મને ખબર છે, કહ્યું હતું. ભાઈ પણ શ્વેતાંબરને માનતા હતા. કહ્યું હતું, મને યાદ છે. ભાઈ પણ શ્વેતાંબરને માનતા હતા. 'મનસુખભાઈ'. 'મનસુખભાઈ'એ દીક્ષા લીધી હતી, એની છોડીએ દીક્ષા લીધી. અમે હતા ત્યારે દીક્ષા લીધી. બે છોડ્યું હતી. (સંવત) ૨૦૦૦ની સાલમાં. એક મરી ગઈ. બાપુ! માર્ગ તો બીજો છે, ભાઈ!

સાધુપણું ન લઈ શકે એનો દોષ નથી, પણ સાધુપણું નથી અને વસ્ત્રસહિત સાધુપણું ભ્રષ્ટ થઈને માનવું એ મોટું મિથ્યાત્વનું પોષણ છે. 'દેવીચંદજી'! માર્ગ તો આવો છે, ભાઈ! શાંતિથી, મધ્યસ્થતાથી ભગવાને કહેલું 'કુંદકુંદાચાર્ય' સ્પષ્ટ કરીને સભા વચ્ચે વાત કરે છે. રાગ-દ્વેષ વિના. ભાઈ! માર્ગ તો આવો છે, હોં! એવા સંતો દિગંબર મુનિઓ આત્મધ્યાની, જ્ઞાની, જેને આનંદના ઉભરા અંદરથી આવે છે. એવા, હોં! એકલા નગ્ન ફરે એને કાંઈ છે નહિ. એ તો દ્રવ્યલિંગ પણ નથી. સમજાણું કાંઈ? સાધુ નગ્ન થાય અને એને માટે આહાર કરીને લ્યે, ચોકા કરીને (દે) એ તો દ્રવ્યલિંગ પણ નથી અને ભાવલિંગ પણ નથી. કોઈ કહે, નગ્નમુનિ છે. નગ્ન તો અનંતવાર થયા, ઢોરની જેમ, એમાં શું થયું?

અંતર રાગના વિકલ્પથી ભિન્ન અખંડાનંદ પ્રભુ શુદ્ધ ચૈતન્ય છે એનો અનુભવ ને સમ્યગ્દર્શન હોય, એ ઉપરાંત પછી સ્વરૂપની સ્થિરતાનું પ્રચુર સ્વસંવેદન હોય એને નગ્ન દશા હોય એને અહીં મુનિપણું કહેવામાં આવે છે. માર્ગ તો આવો છે, ભાઈ! કોઈ વ્યક્તિને, સંપ્રદાયને દુઃખ થાય એ વાત નથી અને સત્ય વાત એવી કઈ હોય કે જે બધાને ઠીક લાગે? બધાને ચેન પડે એવી વાત કેવી હોય? માર્ગ તો આ છે. એની એણે ઓળખાણ અને શ્રદ્ધા કરવી પડશે.

**ભાવાર્થ :- 'જિસ યથાજાતરૂપકો દેખકર અણિમાદિક ઋદ્ધિયોંકે દેવ ભી ચરણોંમેં ગિરતે**

**હૈં...**' મોટા દેવો આવીને.. આહાહા..! જેને આનંદનો સાગર અંદર ઉછળ્યો છે. ચૈતન્યપ્રભુ અતીન્દ્રિય આનંદનો સાગર જેની દશામાં સ્થિરતામાં ઉછળ્યો છે, એને વસ્ત્ર-પાત્ર લેવાના વિકલ્પનો યોગ જ નથી, એમ કહે છે. સમજાણું કાંઈ? એને માટે બનેલો આહાર, પાણીનું એક બિંદુ પણ લેવાનો એને વિકલ્પ ન હોય. એની વાત ચાલે છે. સમજાણું કાંઈ? જેને અણિમા આદિ નાનું રૂપ ધારણ કરવું હોય તો કરે, મોટું રૂપ ધારણ કરવું હોય તો કરો. દેવ.. દેવ. અણિમાદિ એટલે દેવ. એવા પણ જેને પગે પડે.

'**ઉસકો દેખકર મત્સરભાવસે નમસ્કાર નહીં કરતે હૈં...**' 'કુંદકુંદાચાર્યે' આ વાત તો ફક્ત સંપ્રદાયને માટે કરી છે, સત્યને પ્રસિદ્ધ કરવા, ભગવાનનો માર્ગ આવો છે એને જણાવવા. સમજાય છે કાંઈ? 'કુંદકુંદાચાર્ય' હતા. મહા ભાવલિંગી સંત પરમેશ્વર પાસે ગયા હતા. એને પણ સાધુઓને તકરાર થઈ હતી. વાંધા ઉઠ્યા હતા ને? અહીં ગિરનાર... ગિરનાર. સરસ્વતી બોલે છે. આ પત્થરની સરસ્વતી બોલે. સરસ્વતી બોલી કે આ જ દિગંબર ધર્મ છે. પહેલો અનાદિનો આ છે. એનો અર્થ પછી પેલાએ બીજો કર્યો કે આ જ એટલે કે નવા છે, અમે જૂના છીએ. આહાહા..! અરે...! દુનિયા તે કાંઈ.. છતાં કર્યું પહેલું દિગંબરનું. અંબિકા બોલી. પત્થરની દેવીમાંથી. પુણ્યશાળી એટલા હતા કે પત્થર બોલે? એ બોલે ઇ સાચું. અવાજ એમાંથી નીકળ્યો, આ જ દિગંબર અનાદિનો છે. શ્વેતાંબર પછી નીકળ્યા. આહાહા..! સમજાણું કાંઈ?

આ સ્થાનકવાસી તો હજી હમણાં પાંચસો વર્ષ થયા. શ્વેતાંબરમાંથી નીકળ્યા છે. શ્વેતાંબર ૪૫ માને, આ ૩૨ માને. અને આ તુલસી તો હમણાં નીકળ્યા. એ તો વળી શ્રદ્ધાથી ભ્રષ્ટ વધારે થઈને નીકળ્યા. એક એક એક એક શ્રદ્ધાભ્રષ્ટ થઈને નીકળેલા પંથ છે. શ્વેતાંબર શ્રદ્ધાભ્રષ્ટથી નીકળ્યા, એમાંથી સ્થાનકવાસી વધારે ભ્રષ્ટ થઈને નીકળ્યા, એમાંથી તેરાપંથી વધારે ભ્રષ્ટ થઈને નીકળેલા છે. માર્ગ આ છે. સ્થાનકવાસી તેરાપંથી, હોં! દિગંબરના તેરાપંથી તો સાચા પંથી (છે). કહો, આવો માર્ગ છે. એ.. 'રતિભાઈ'! આ ઘણા બધા તો સ્થાનકવાસી છે. એ.. 'કેશુભાઈ'! ઇ સ્થાનકવાસી છે. દેરાવાસી કો'ક કો'ક છે. આ 'મોહનભાઈ' દેરાવાસી છે. પક્ષનો વ્યામોહ અને ઘણા વર્ષના માનેલા પચીસ-પચાસ વર્ષના સંસ્કાર હોય એ આ સાંભળે તો એને એમ થાય.. અરરર...! એનું જ સાચું? પણ એનું સાચું એટલે સ્વરૂપ એવું છે. વીતરાગના માર્ગમાં મુનિનો સ્વભાવ જ આવો હોય. જેને ત્રણ કષાયનો નાશ થઈને મુનિપણું પ્રગટ્યું છે એની દશા દિગંબર જ હોય. એને વસ્ત્ર-પાત્ર ને કટકા એવા એને હોય નહિ. એવો અનાદિનો જૈન વીતરાગમાર્ગમાં ચાલતો પંથ છે. સમજાણું કાંઈ?

કહે છે કે '**મત્સરભાવસે નમસ્કાર નહીં કરતે હૈં...**' એવા મુનિ મહા ધર્માત્મા. 'કુંદકુંદાચાર્ય' વખતે પણ સામે એને નહોતા માનતા. આ 'અમૃતચંદ્રાચાર્ય' થયા, લ્યોને. ૯૦૦ વર્ષ પહેલા. ઓ..હો..હો...! તીર્થંકર જેવું કામ 'કુંદકુંદાચાર્યે' કર્યું. 'અમૃતચંદ્રાચાર્ય' મુનિ દિગંબર વનવાસી, (એમણે) ગણધર જેવું કામ કર્યું. પણ સામા આદર નહોતા કરતા, વિરોધ

કરતા હતા. એ વખતે. 'કુંદકુંદાચાર્ય'નો, 'અમૃતચંદ્રાચાર્ય'નો (વિરોધ કરતા હતા). આહાહા..! જેણે અમૃત રેડ્યા છે. સંત મુનિ દિગંબર મુનિ મહા પરમાત્માની આરાધના કરીને અલ્પકાળમાં પરમાત્મા થવાના. થવાના, કોલકરારથી એકાદ બે ભવે કેવળજ્ઞાન લેવાના. સમજાણું કાંઈ? એવા ભરતક્ષેત્રમાં વિચરતા હતા. ઓળખ્યા નહિ, માન્યા નહિ પણ અવિનય અને અનાદર કર્યા છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- પોતાના આત્માનો અનાદર કર્યો.

ઉત્તર :- એનો જ કર્યો પણ બહારથી તો (આમનો અનાદર કર્યો). એની દૃષ્ટિમાં જ બેઠું નહિ કે આ વસ્તુ શું છે? આ વસ્ત્ર લઈને બેઠા ને મુનિપણું સાતમું ગુણસ્થાન તો આવતું નથી. શુદ્ધઉપયોગની અપ્રમત્ત દશા આવવી જોઈએ એ તો આવતી નથી. તો શેનો સાધુ તું? એટલોય ખ્યાલ ન આવ્યો. કારણ કે મુનિ હોય એને તો ક્ષણમાં અપ્રમત્ત શુદ્ધઉપયોગ આવે. સાચા મુનિની વાત છે, હોં! એકલા નગ્નની નહિ. શુદ્ધઉપયોગ આમ જ્ઞાતા, જ્ઞેય ને જ્ઞાન બધું ભૂલી જાય. વળી એની ટીકા કરી છે. આ જૈન ગેઝેટમાં. આ લોકોએ શુદ્ધઉપયોગને સહેલો બનાવ્યો. ચોથા-પાંચમાવાળાને શુદ્ધઉપયોગ હોય. શુક્લધ્યાન. શુદ્ધઉપયોગ એટલે શુક્લધ્યાન. એણે લખ્યું છે. અને શુભઉપયોગ હોય તો ધર્મધ્યાન. મુનિ હોય એને, એમ એ લોકો માને છે. મુનિ ન હોય પણ શુદ્ધઉપયોગી શુક્લધ્યાની અત્યારે ચોથે ગુણસ્થાને હોય. અરે..! માળા ગજબ કરે છે ને! જૈન ગેઝેટમાં એ લેખ છે. આત્મજ્ઞાનનો લખ્યો ભેગો આ એક લેખ છે. શુદ્ધઉપયોગ એટલે શુક્લધ્યાન અને શુભઉપયોગ એટલે ધર્મધ્યાન. અરે..! ભાઈ! શુભરાગ છે ઇ ધર્મધ્યાન પણ નથી અને શુદ્ધઉપયોગ તે શુક્લધ્યાન હોય તો જ હોય એમ પણ નથી. આહાહા..! સાતમા સુધી ધર્મધ્યાન છે. ચોથા ગુણસ્થાનવાળાને શુદ્ધઉપયોગ થાય તો શુક્લધ્યાન તો નથી.

મુમુક્ષુ :- 'કુંદકુંદાચાર્ય'ને નહોતો?

ઉત્તર :- હતો ને, એકલો શુદ્ધઉપયોગ જ હતો. માર્ગ બહુ જુદી જાત. અહીં તો 'કુંદકુંદાચાર્ય'ને જે બહારનો અનુભવ થયો હતો એ વાત મૂકી છે. આવો માર્ગ પરમેશ્વરનો (છે). અમે સાચા મુનિ છીએ અને દુનિયાને માર્ગની સાચી વાત કરીએ છીએ. યથાનુભૂત માર્ગ, આવે છે કે નહિ? ચરણાનુયોગમાં આવે છે. અમે યથાનુભૂત માર્ગના આ પ્રણેતા રહ્યા, 'કુંદકુંદાચાર્ય' કહે છે. વીતરાગે કહેલું સાધુપદ એવું હોય અને એમાં વિકલ્પ કઈ જાતના હોય, દશા બહારની કેવી (હોય) એના અનુભૂત આ રહ્યા. એવાઓને માન્ય નહોતું. એ માટે સ્પષ્ટ કરવા માટે સાધુપદની જૈનદર્શનમાં કેવી ઉત્કૃષ્ટ દશા હોય છે, બહાર સંયોગોનો અભાવ કેટલો હોય છે, એના વર્ણન માટે વાત કરે છે. સમજાણું કાંઈ?

**'મત્સરભાવસે નમસ્કાર ભી નહીં કરતે હૈં ઉનકે સમ્યક્ત્વ કૈસા?'** મહા પરમેશ્વર જેવા મુનિઓ હતા. 'કુંદકુંદાચાર્ય', 'અમૃતચંદ્રાચાર્ય', 'પૂજ્યપાદસ્વામી', 'ભૂતબલી' એ વખતે તો શ્વેતાંબર નહોતા. ગીરનારમાં 'ધરસેનાચાર્ય' નગ્ન દિગંબર મહામુનિ છેલ્લી સ્થિતિમાં બે

મુનિઓને બોલાવ્યા હતા. 'પુષ્પદંત', 'ભૂતબલી'. જેણે આ 'ષટ્ખંડાગમ' બનાવ્યા. વીતરાગી મુનિ હતા એવો 'ધવલ'માં પાઠ છે. મોહ ને રાગ-દ્વેષ રહિત એવા મુનિઓને આપ્યા અને એને વંચાવ્યા. મોઢે કર્યા. પૂરું થયું તો દેવોએ-વ્યંતર દેવોએ, ત્યાં આસપાસમાં ગીરનારમાં રહેતા હોય ને તે વખતે, આ તો બે હજાર વર્ષ પહેલાની વાત છે. દેવોએ એનો મહોત્સવ કર્યો. 'ષટ્ખંડાગમ'. છે ને આ? 'ધવલ', 'મહાધવલ' એ તો ટીકા છે. ભગવાનની તીર્થંકરદેવની વાણી. કેવળજ્ઞાનમાં (જે આવ્યું) એ વાણીના બધા શાસ્ત્રો છે. 'ષટ્ખંડાગમ'. સમજાણું? અને 'કુંદકુંદાચાર્યે' આ 'સમયસાર' પછી બનાવ્યું. અહીં તો મધ્યસ્થ થઈને, રાગ-દ્વેષ રહિત થઈને કંઈક સમજવા માગે તો (સમજાય એવું છે). દેવનું સ્વરૂપ, ચારિત્રવંત ગુરુનું સ્વરૂપ, ભગવાને કહેલા અનેકાંત તત્ત્વના શાસ્ત્રનું સ્વરૂપ (સમજે). સમજાણું કાંઈ?

(અહીં) કહે છે, અરે...! '**उनके सम्यक्त्व कैसा? वे सम्यक्त्वसे रहित ही हैं.**'

---

**अब आगे कहते हैं कि असंयमी वंदने योग्य नहीं है :–**

## ગાથા-૨૬

**अस्संजदं ण वन्दे वत्थविहीणोवि तो ण वंदिज्ज।**
**दोण्णि वि होंति समाणा एगो वि ण संजदो होदि।।२६।।**

असंयतं न वन्देत वस्त्रविहीनोऽपि स न वन्द्यते।
द्वौ अपि भवतः समानौ एकः अपि न संयतः भवति।।२६।।

**વંદો ન અણસંયત, ભલે હો નગ્ન પણ નહિ વંદ્ય તે,**
**બંને સમાનપણું ધરે, એક્કે ન સંયમવંત છે. ૨૬.**

**अर्थ :– असंयमीको नमस्कार नहीं करना चाहिये। भावसंयम नहीं हो और बाह्यमें वस्त्र रहित हो वह भी वंदने योग्य नहीं है क्योंकि यह दोनों ही संयम रहित समान हैं, इनमें एक भी संयमी नहीं है।**

**भावार्थ :– जिसने गृहस्थका भेष धारण किया है वह तो असंयमी है ही, परन्तु जिसने बाह्यमें नग्नरूप धारण किया है और अंतरंगमें भावसंयम नहीं है तो वह भी असंयमी ही है, इसलिये यह दोनों ही असंयमी हैं, अतः दोनों ही वंदने योग्य नहीं है। यहाँ आशय ऐसा है अर्थात् ऐसा नहीं जानना चाहिये कि–जो आचार्य यथाजातरूपको दर्शन कहते आये हैं वह केवल नग्नरूप ही यथाजातरूप होगा, क्योंकि आचार्य तो बाह्यअभ्यंतर सब परिग्रहसे रहित हो उसको यथाजातरूप कहते हैं। अभ्यंतर भावसंयम बिना बाह्य नग्न होनेसे तो कुछ संयमी होता नहीं है**

**ऐसा जानना। यहाँ कोई पूछे–बाह्य भेष शुद्ध हो, आचार निर्दोष पालन करनेवालेको अभ्यंतर भावमें कपट हो उसका निश्चय कैसे हो, तथा सूक्ष्मभाव केवलीगम्य हैं, मिथ्यात्व हो उसका निश्चय कैसे हो, निश्चय बिना वंदनेकी क्या रीति ? उसका समाधान–ऐसे कपटका जब तक निश्चय नहीं हो तब तक आचार शुद्ध देखकर वंदना करे उसमें दोष नहीं है, और कपटका किसी कारणसे निश्चय हो जाय तब वंदना नहीं करे, केवलीगम्य मिथ्यात्वकी व्यवहारमें चर्चा नहीं है, छद्मस्थके ज्ञानगम्यकी चर्चा है। जो अपने ज्ञानका विषय ही नहीं उसका बाधनिर्बाध करनेका व्यवहार नहीं है, सर्वज्ञ भगवानकी भी यही आज्ञा है। व्यवहारी जीवको व्यवहारका ही शरण है।।२६।।**

**(नोट :– एक गुणका दूसरे आनुषंगिक गुण द्वारा निश्चय करना व्यवहार है, उसीका नाम व्यवहारी जीवको व्यवहारका शरण है।)**

---

## ગાથા-૨૬ ઉપર પ્રવચન

**'અબ આગે કહતે હૈં કિ અસંયમી વંદને યોગ્ય નહીં હૈ :-'**

**अस्संजदं ण वन्दे वत्थविहीणोवि तो ण वंदिज्ज।**
**दोण्णि वि होंति समाणा एगो वि ण संजदो होदि।।२६।।**

**અર્થ :- 'અસંયમીકો નમસ્કાર નહીં કરના ચાહિયે.'** જેને ભાવસંયમ નથી, એકલા અસંયમી છે એને સાધુ તરીકે, ચારિત્ર સ્વરૂપે, ગુરુ તરીકે વંદન હોઈ શકે નહિ. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- બાહ્ય વસ્ત્રરહિત છે.

ઉત્તર :- બાહ્ય વસ્ત્રરહિત હોય તો પણ વંદવા યોગ્ય નથી. નગ્નમુનિ થયા, વસ્ત્ર ન રાખે પણ અંદરમાં આત્મજ્ઞાન અને આત્મદર્શનનું ભાન ન મળે. આ અમે દયા પાળીએ, અમે વ્રત પાળીએ છીએ એવા કર્તા થાય છે અને હોય દિગંબર. એ પણ મિથ્યાદૃષ્ટિ છે, દિગંબર હોવા છતાં. સમજાણું કાંઈ? એને અઠ્યાવીસ મૂળગુણના વિકલ્પ ઊઠે છે એના એ કર્તા થાય છે, અમે કરીએ છીએ, અમે કરીએ છીએ. એ બધા મિથ્યાદૃષ્ટિ (છે). દિગંબર હોય તો પણ મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ?

**'ક્યોંકિ યહ દોનોં હી સંયમ રહિત સમાન હૈં,...'** પેલો તો પ્રત્યક્ષ અસંયમી છે. બાહ્યમાં વસ્ત્ર-પાત્ર રાખે, બાયડી છોકરા હોય અને અસંયમી હોય. અને પેલો વસ્ત્ર-પાત્ર નથી રાખતો અને અંદરમાં ભાવસંયમ-સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રનું કંઈ ભાન પણ નથી. એકલા નગ્નપણા લઈને બેઠા. કહે છે કે બેય સંયમરહિત છે. **'ઇનમેં એક ભી સંયમી નહીં હૈ.'** લ્યો. કોને આવા વિચાર કરવા (છે)? નિર્ણયનો વખત પણ ક્યાં છે? જે સંપ્રદાયમાં જન્મ્યો, ઉછર્યો એ માનીને બેઠો, પરીક્ષા કર્યા વિના. દિગંબરમાં જન્મ્યો તો કહે, આપણું સાચું. પણ કઈ રીતે માર્ગ છે એની

કાંઈ ખબર ન મળે. પેલામાં એ જન્મ્યા. જૈન કૂળે સમુપ્પન્ને જે કૂળે જન્મ્યો અને જેનો સંગ થયો એને માન્યા. 'જાદવજીભાઈ'! સમજાણું કાંઈ?

**ભાવાર્થ :- 'જિસને ગૃહસ્થકા ભેષ ધારણ કિયા હૈ વહ તો અસંયમી હૈ...'** સમજાય છે? બાયડી, છોકરાવાળા હોય, વસ્ત્ર-પાત્રવાળા હોય એ તો પ્રત્યક્ષ સંયમરહિત છે જ. એને સંયમ હોતો નથી. અસંયમી છે. **'પરન્તુ જિસને બાહ્યમેં નગ્નરૂપ ધારણ કિયા હૈ...'** નગ્ન થયા દિગંબર બાહ્યથી, **'ઔર અન્તરંગમેં ભાવસંયમ નહીં હૈ...'** અંતર સમ્યગ્દર્શન, આત્માનો અનુભવ અને છઠ્ઠે ગુણસ્થાને ક્ષણે ક્ષણે જે આનંદની, શુદ્ધઉપયોગની સ્થિરતા આવે એ તો છે નહિ. આહા..! બે-બે કલાક, ચાર-ચાર કલાક, છ-છ કલાક સૂવે, એ સાધુ કેવા? ભલે નગ્ન હોય. ચાર-છ કલાક ઊંઘ લે એ તો મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..! એમ કહે છે.

મુનિને તો એવી દશા પ્રગટેલી હોય, જેને એક પોણી સેકંડની અંદર જરી નિંદ્રા આવે. ફટ.. અપ્રમત્ત દશા આવી જાય. ઇ આવે છે કે નહિ? 'છ ઢાળા'માં. 'પીછલી રયન...' પાછલી રાત્રીમાં. પહેલા ત્રણ પહોર નહિ. આ તો જ્યાં અંધારુ થયું તો સૂવે. અરે...! એના દ્રવ્યના ઠેકાણા નથી. પીછલી રયને તે પણ એક આસને. એક બાજુ આમ હોય તો ત્યાં ને ત્યાં રહે. આમ ને આમ ફરવું એમ નહિ. એવી દશા મુનિની છે. ભાવલિંગી સંત. સમજાણું કાંઈ? એ તો 'રતનચંદે' લખ્યું છે, હોં! છઠ્ઠા ગુણસ્થાનની સ્થિતિ પોણી સેકંડની અંદર જ હોય. એમાંથી આપણે લખી લીધું'તું ને? આવે છે ને? છે એમાં. 'ધવલ'માં, 'ધવલ'માં. પાનામાં લખ્યું છે. લેખમાં આવ્યું છે ને? છાપામાં આવ્યું છે. સાચા સંત તો આમ ક્ષણમાં આનંદનો શુદ્ધઉપયોગ, ક્ષણમાં વિકલ્પ આવે છે. એવી દશા.. ઓ..હો...! ધન્ય અવતાર! ધન્ય દશા! ધન્ય મોક્ષનો માર્ગ આ!! સમજાણું કાંઈ?

કહે છે, **'અન્તરંગમેં ભાવસંયમ નહીં હૈ તો વહ ભી અસંયમી હૈ...'** ભલે નગ્ન દિગંબર હો. પણ અંદર સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રની કાંઈ ખબરેય નથી. નગ્ન થઈ ગયા અને વ્હોરીને ખાય. એ પણ મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ? ભારે આકરું કામ. આ તો નાડ પકડીને વાત કરે છે કે, ભાઈ! આવો વીતરાગનો માર્ગ છે. નગ્ન થઈને ફરે માટે સાધુ છે (એમ નથી). 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો'. સમજાય છે? એમ પાઠ કીધો ને? **'वत्थविहीणोवि तो ण वंदिज्ज'** વસ્ત્ર વિનાના હોય તો પણ વંદવા યોગ્ય છે નહિ. અંદર સમ્યગ્દર્શન, જ્ઞાનનું ભાન નથી. આ ક્રિયા હું કરું છું, દેહની ક્રિયા મારી છે, આ ઉપદેશ આપું છું એ મારો ઉપદેશ હું કરી શકું છું, એ વાણીનો કર્તા છે. એ તો અસંયમી છે, કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? **'ઇસલિયે યહ દોનોં હી અસંયમી હૈં, અતઃ દોનોં હી વંદને યોગ્ય નહીં હૈ.'**

**'યહાં આશય ઐસા હૈ અર્થાત્ ઐસા નહીં જાનના ચાહિયે કિ...'** એમ ન જાણજો કે **'જો આચાર્ય યથાજાતરૂપકો દર્શન કહતે આયે હૈં...'** યથાજાતને દર્શન કીધું છે ને? પહેલેથી કહેતા આવ્યા છે ને? 'दंसणमग्गं वोच्छामि'. યથાજાત. ભગવાને જેવો આત્મા કીધો એવો જેને અંતરમાં આનંદની લહેરે પ્રગટ્યો છે. આહાહા..! અને બહારમાં નગ્નદશા (છે). અભ્યંતર યથાજાત અને

બહાર યથાજાત. ચરણાનુયોગમાં આવે છે, ભાઈ! આવે છે ને? બેપણું અંગીકાર કર્યું. યથાજાત શબ્દ આવે છે. બેય યથાજાત. ચરણાનુયોગસૂચક (ચૂલિકા) 'પ્રવચનસાર'. ભાવ યથાજાત. એક વિકલ્પ, મહાવ્રતનો વિકલ્પ ઊઠે છે એ ફોતરું છે, રાગ છે ને વિકાર છે, ઝેર છે. એનાથી રહિત આત્માના સમ્યગ્દર્શન ઉપરાંત આનંદની લહેર જેને ઊઠે છે. સમજાણું કાંઈ? એ યથાજાત. અંદર જેવો છે એવો અંદરમાં પર્યાયમાં પ્રગટ્યો. આહાહા..!

'નિયમસાર'માં કહે છે કે અરે...! કેવળી અને મુનિઓમાં ફેર માને ઇ મૂઢ છે. વીતરાગભાવ બેયનો વર્તે છે, એમ કહે છે. જરીક ફેર પહેલો કહ્યો પણ પછી ફેર કાઢી નાખ્યો. વીતરાગ. મુનિ એટલે.. આહાહા..! ધન્ય અવતાર! સમજાય છે કાંઈ? મુનિ એટલે લુગડા ફેરવ્યા ને નગ્ન થઈ ગયો અને વ્હોરી ખાય ને ચાલે માટે સાધુ છે? કોણે કહ્યું? સ્વરૂપ જેને અંતર રાગથી રહિત આખો પરમાત્મા પોતે સિદ્ધ સમાન સ્વરૂપ છે, એને રાગ ને વિકલ્પની વૃત્તિથી ભિન્ન પાડી, જેણે આત્માના આનંદના સ્વાદ અંતરમાં લીધા છે. એ ઉપરાંત અતીન્દ્રિય આનંદનું સ્વસંવેદન ઘણું વર્તે છે.

'કુંદકુંદાચાર્ય' પાંચમા શ્લોકમાં (-ગાથામાં) કહે છે. પ્રચુર સ્વસંવેદન છે. એમાંથી અમારા આ સમયસારનો-વૈભવનો જન્મ છે. અમારા વૈભવથી અમે કહીશું, 'કુંદકુંદાચાર્ય' કહે છે. અમારો વૈભવ કેમ પ્રગટ્યો છે? પ્રચુર સ્વસંવેદન. અ..હો..! અતીન્દ્રિય ભગવાનઆત્માનું ઉગ્ર સ્વસંવેદન. કેમકે ચોથે ગુણસ્થાને પણ સંવેદન-આત્માના જ્ઞાનનું સંવેદન તો હોય પણ પ્રચુર સ્વસંવેદન એવો શબ્દ વાપર્યો છે. આહા..! ગજબ વાત કરે છે! અમને પ્રચુર સ્વ-પોતાનું સં-સં-પ્રત્યક્ષ એવું આનંદનું વેદન, પંચમહાવ્રતના વિકલ્પ, રાગ વિનાનું, આનંદનું અમને વેદન વર્તે છે, કહે છે. આહા...હા...! સમજાણું કાંઈ?

**'ઐસા નહીં જાનના ચાહિયે કિ-જો આચાર્ય યથાજાતરૂપકો દર્શન કહતે આયે હૈં વહ કેવલ નગ્નરૂપ હી યથાજાતરૂપ હોગા,...'** જોયું? બહારથી બધું કહ્યું ને? એકલા સમકિતની વાત નથી. દર્શન કહેતાં ઇ કે જેને આત્મામાં સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર-ત્રણ, વીતરાગતા, પંચમહાવ્રતના વિકલ્પ અને નગ્ન દશા (હોય) એ જૈનનું દર્શન છે. એ જૈનનું રૂપ અને જૈનનો મત એ છે. સમજાણું કાંઈ? **'કેવલ નગ્નરૂપ હી યથાજાતરૂપ હોગા,...'** એમ નહિ. **'ક્યોંકિ આચાર્ય તો બાહ્યઅભ્યંતર સબ પરિગ્રહસે રહિત હો ઉસકો યથાજાતરૂપ કહતે હૈં.'** આહાહા..! માણસો મધ્યસ્થ થઈને વાંચે નહિ, વિચારે નહિ, તુલના ન કરે અને એમ ને એમ અનાદિથી આંધળાની દોડે હાલ્યો જાય છે.

**'આચાર્ય તો બાહ્યઅભ્યંતર પરિગ્રહ રહિત...'** બાહ્યમાં વસ્ત્ર-પાત્રનો ત્યાગ અને અભ્યંતરમાં મિથ્યાત્વ અને રાગનો ત્યાગ. આહાહા..! રાગની એકતાબુદ્ધિ પડી છે અને પછી બહારનું નગ્નપણું લીધું, ઇ ક્યાંથી આવ્યું? હજી મિથ્યાત્વનો તો ત્યાગ નથી ને બહારનો ત્યાગ એને આવ્યો ક્યાંથી? સમજાણું કાંઈ? પહેલો તો મિથ્યાત્વનો ત્યાગ જોઈએ કે આત્મા આનંદસ્વરૂપ સચ્ચિદાનંદ પ્રભુ (છે). વિકલ્પ જે ઊઠે દયા, દાન, વ્રતનો, ભક્તિનો રાગ છે એ તો

આસ્રવ છે, બંધ છે, દુઃખ છે, ઝેર છે. એનાથી ભિન્ન અંદર ભગવાનના ભાન વિના, અનુભવ વિના, સમકિત વિના મિથ્યાત્વનો ત્યાગ હોઈ શકે નહિ. હજી મિથ્યાત્વના ત્યાગ નથી અને બહારના ત્યાગ આવડા મોટા ખડકી દીધા. નગ્નપણા ને બાયડી, છોકરા છોડ્યા એ ક્યાંથી આવ્યું? કહે છે. સમજાણું કાંઈ? ભારે આકરું કામ. અહીં તો જંગલમાં છીએ એટલે કાંઈ વાંધો નહિ. સંપ્રદાયમાં તો ઊભા રહેવા દે નહિ. 'સુજાનમલજી'!

(સંવત) ૧૯૮૫માં એક શબ્દ કીધો, તીર્થંકર ગોત્ર જે ભાવે બાંધે એ ધર્મ નહિ. હાય.. હાય...! વોસરે.. વોસરે..! ૧૯૮૫માં. ૪૧ વર્ષ થયા. સભા મોટી હતી, 'બોટાદ', હોં! બે બોલ સાધારણ કહ્યા, હોં! પંચમહાવ્રત છે એ આસ્રવ છે. પંચમહાવ્રતના ભાવ એ વિકલ્પની વૃત્તિ છે કે આમ ન મારું, આમ કરું એ તો વૃત્તિ રાગ છે, આસ્રવ છે અને જે ભાવે તીર્થંકર ગોત્ર બંધાય એ ધર્મ નહિ. હાય..! વોસરે.. વોસરે કહીને ઇ પાટેથી ઉઠી ગયો. ઇ વખતે સભામાં તો 'જગજીવનજી' હતા. આ બધા માનનારા. બહુ ભોળા સાધુ છે, બહુ ભોળા એમ કરીને આ બધા માને. નહિ?

મુમુક્ષુ :- રાંક જેવા.

ઉત્તર :- રાંક એ કહેવાનો હેતુ હતો. 'ધ્રાંગધ્રા'ના રાજા હતા ને? એને દિશાનું બહુ થતું. એટલે વરઘોડો નીકળે હોય તો દિશાએ જાવું (પડે). એનું કરવું શું? ઘોડાગાડીમાં રાખતા. ઓલું નાખીને દિશાએ જાય. આને એવું નહોતું એટલે એને રાંક કહેતા. 'ધ્રાંગધ્રા'ના દરબારને દર્દ એવું હોય. ફણહ થઈ હોય દસ્તની તો એક મિનિટ ન રોકી શકે. 'ધ્રાંગધ્રા'નો દરબાર. એ રાજા હતા. આને પણ એમ થાતું. એટલે રાજ કહેતા. આ બધા ભોળા ભોળા છે એમ કરીને સારા છે, સારા છે (એમ માને). એય..! 'ખીમચંદભાઈ'! આ મોટા ... તમે જોયા હતા કે નહિ? આહા..!

હે વીતરાગ! તારા પંથમાં રાગનો ભાગ જેને રહ્યો અને એને ધર્મ માને એ વીતરાગી જીવ નહિ, એ જૈન નહિ. આહાહા..! સમજાણું કાંઈ? તારો ભગત... વીતરાગને કહે, તારો ભગતડો વીતરાગતાનો ભગત છે. પ્રભુ! એ કંઈ રાગનો ભગત નથી. અહીં તો ઉત્કૃષ્ટ વાત કહેવી છે. અ..હો...! જેણે નગ્નપણું ધાર્યું છે પણ બાહ્યાભ્યંતર પરિગ્રહ રહિત નથી તો એને યથાજાત કહેતા નથી.

**'અભ્યંતર ભાવસંયમ બિના બાહ્ય નગ્ન હોનેસે કુછ સંયમી હોતા નહીં ઐસા જાનના.'** લ્યો, **'ઐસા જાનના'** એમ લખ્યું છે, હોં! ઐસા જાનના, બે શબ્દ. જેને અભ્યંતર વીતરાગી દશા શુદ્ધઉપયોગમાં ઝુલતો હોય છે. પંચમહાવ્રતનો વિકલ્પ તો શુભરાગ છે. આહાહા..! એને વીતરાગમાર્ગમાં મુનિ સંયમી કહીએ. ક્ષણે એને શુદ્ધઉપયોગમાં અંદર આનંદમાં ઉપયોગ આવી જાય. ક્ષણમાં છઠ્ઠું આવી જાય. એવા અભ્યંતર પરિગ્રહ રહિત (હોય). **'અભ્યંતર ભાવસંયમ બિના બાહ્ય નગ્ન હોનેસે કુછ સંયમી હોતા નહીં ઐસા જાનના.'** સમજાણું?

**'યહાં કોઈ પૂછે-બાહ્ય ભેષ શુદ્ધ હો, આચાર નિર્દોષ પાલન...'** પાળતા હોય. બાહ્ય ભેખ નગ્ન હોય. શુદ્ધ આચાર આગમ પ્રમાણે વ્યવહારની ક્રિયા (પાળતા હોય). એને માટે કરેલો

આહાર-પાણી ન લ્યે, બરાબર નિર્દોષ ક્રિયા કરતા હોય. **'અભ્યંતર ભાવમેં કપટ હો...'** અભ્યંતરમાં મુનિપણું હોય નહિ. મફતમાં બહાર કપટથી મનાવતો હોય. **'ઉસકા નિશ્ચય કૈસે હો,...'** એનો નિર્ણય શી રીતે હોય? **'તથા સૂક્ષ્મભાવ કેવલીગમ્ય હૈં, મિથ્યાત્વ હો ઉસકા નિશ્ચય કૈસે હો, નિશ્ચય બિના વંદનેકી ક્રિયા ક્યા રીતિ?'**

**'ઉસકા સમાધાન-ઐસે કપટકા જબ તક નિશ્ચય નહીં હો તબ તક આચાર શુદ્ધ દેખકર વંદના કરે ઉસમેં દોષ નહીં હૈ,...'** શુદ્ધ, હોં! આચાર શુદ્ધ જોઈએ. જ્ઞાનાચાર, દર્શનાચાર, તપાચાર, વીર્યાચાર, (ચારિત્રાચાર) જે પાંચ વ્યવહાર છે. એ ચોખ્ખો હોવો જોઈએ. પાંચમાં ગોટો હોય એ તો વ્યવહારે પણ આદરવા લાયક છે નહિ. સમજાણું કાંઈ? ભારે માર્ગ. જૈનના બાવા થાવું આકરું લાગે છે, (એમ) કહે. 'નાનજીભાઈ'! **'કપટકા કિસી કારણસે નિશ્ચય હો જાય તબ વંદના નહીં કરે,...'** પછી જાણે કે આ તો બાહ્ય ભેખની ક્રિયાના કર્તા છે, વસ્તુ-બસ્તુ છે નહિ. તો ન આદરે. એની વિશેષ વાત છે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## પ્રવચન નં. ૧૮, ગાથા-૨૬ થી ૨૮, શુક્રવાર, જેઠ વદ ૮, તા. ૨૬-૬-૧૯૭૦

૨૬મી ગાથા. આ 'દર્શનપાહુડ' છે. ધર્મમાં સમ્યગ્દર્શન એ મુખ્ય છે. ધર્મ તો એને અહીંયાં કહ્યો, ધર્મ અને ધર્મનો મત, અંતરમાં આત્મા જે છે, સર્વજ્ઞ પરમેશ્વરે જેવો કહ્યો એ આનંદનું ધામ આત્મા છે. એવો આત્મા, એની સન્મુખ થઈને રાગ, સંયોગ અને એક સમયની પર્યાયથી વિમુખ થઈને, સ્વભાવનું અંતરનું ભાન થઈને પ્રતીત થવી. અને એ પ્રતીત સહિત જ્ઞાન અને ચારિત્ર હોય (અર્થાત્) વીતરાગતા (હોય) અને બાહ્ય નગ્ન દશા હોય એને જૈનધર્મનો મત અથવા જૈનધર્મ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? એમાં પણ સમ્યગ્દર્શન મુખ્ય છે. સમ્યગ્દર્શન ન હોય તો એને જ્ઞાન પણ ન હોય, એને ચારિત્ર પણ ન હોય. અને બાહ્યનું દ્રવ્યલિંગ નગ્ન હોય તો પણ એ સાધુ નથી, તે ધર્મી નથી. એ વાત ચાલે છે.

**'અભ્યંતર ભાવસંયમ બિના બાહ્ય નગ્ન હોનેસે તો કુછ સંયમી હોતા નહીં હૈ ઐસા જાનના.'** અભ્યંતર આત્મા આનંદસ્વરૂપ (છે) એવું અંતરમાં ભાન (થાય) અને સ્વરૂપમાં લીનતા, આનંદની રમણતા (સ્વરૂપ) એવો જે સંયમ, એનું નામ ભગવાને સંયમ કીધો છે. અને એ સંયમ વિના બાહ્ય નગ્ન થાય, લુગડા છોડીને એકલો નગ્ન થાય એ કંઈ સાધુ નથી. એ કંઈ સંયમી નથી.

**'યહાં કોઈ પૂછે-બાહ્ય ભેષ શુદ્ધ હો,...'** બાહ્ય ભેખ-બાહ્ય નગ્નપણું શુદ્ધ હોય, એમ કહે છે. **'આચાર નિર્દોષ પાલન...'** પાળતા હોય. નિર્દોષ (આચાર હોય). એને માટે બનાવેલો આહાર-પાણી લેતા ન હોય, જંગલમાં રહેતા હોય, આગમ પ્રમાણે એનું આચરણ વ્યવહારે સારું હોય. **'અભ્યંતર ભાવમેં કપટ હો...'** એટલે અભ્યંતરમાં સમ્યગ્દર્શન હોય નહિ. વસ્તુનું ભાન ન મળે. એને માટે શું કરવું? **'ઉસકા નિશ્ચય કૈસે હો...'** એમ પ્રશ્ન છે. **'તથા સૂક્ષ્મભાવ**

**કેવલીગમ્ય હૈ,...'** એક ઇ પ્રશ્ન છે. સૂક્ષ્મ ભાવ તો કેવળી જાણે. ઘણો એક એક સમયનો ભાવ. **'મિથ્યાત્વ હો ઉસકા નિશ્ચય કૈસે હો,...'** સૂક્ષ્મ ભાવ કેવળીગમ્ય (છે), એવું મિથ્યાત્વ અંદર જરી સૂક્ષ્મ હોય અને આમ નગ્નદશા, સંયમમાં અઠ્યાવીસ મૂળગુણ, પંચમહાવ્રત પાળતા હોય, પંચમહાવ્રત એટલે શુભરાગ, એવી જેની ક્રિયા હોય અને અંદરમાં સમ્યગ્દર્શન ન હોય, આત્માનું ભાન ન મળે. એને અમારે શી રીતે સમજવું? **'નિશ્ચય બિના વંદનેકી ક્યા રીતિ?'** એનો નિશ્ચય ન હોય તો એને અમારે વંદન કરવું? સાધુ માનવા કે ન માનવા? એમ શિષ્યનો પ્રશ્ન છે.

**'ઉસકા સમાધાન-ઐસે કપટકા જબ તક નિશ્ચય નહીં હો તબ તક આચાર શુદ્ધ દેખકર વંદના કરે ઉસમેં દોષ નહીં હૈ,...'** આગમ પ્રમાણે નિર્દોષ આહાર-પાણી, વસ્ત્ર રહિત નગ્નપણું અને અઠ્યાવીસ મૂળગુણમાં કોઈ પણ દોષ ન હોય એવો શુદ્ધ આચાર દેખી વંદે તો એમાં દોષ હોય નહિ. વ્યવહાર જેનો શુદ્ધ હોય. **'કપટકા કિસી કારણસે નિશ્ચય હો જાય તબ વંદના નહીં કરે,...'** કારણ કે આ તો શ્રદ્ધાભ્રષ્ટ છે, આને કંઈ વસ્તુની ખબર નથી.

**'કેવલીગમ્ય મિથ્યાત્વકી વ્યવહારમેં ચર્ચા નહીં હૈ,...'** કેવળીગમ્ય એક સમયનો કોઈ મિથ્યાત્વભાવ (હોય તો) એની કંઈ વ્યવહારમાં ચર્ચા હોય નહિ. સમજ્યા? **'જો અપને જ્ઞાનકા વિષય હી નહીં ઉસકા બાધ-નિર્બાધ કરનેકા વ્યવહાર નહીં હૈ,...'** જે પોતાનો જ્ઞાનનો વિષય નથી એને વિરોધ કરવો કે અવિરોધ કરવો એનો કંઈ સવાલ નથી. **'સર્વજ્ઞ ભગવાનકી ભી યહી આજ્ઞા હૈ. વ્યવહારી જીવકો વ્યવહારકા હી શરણ હૈ.'** નિર્દોષ આહાર-પાણી લેતા હોય, નગ્નપણું હોય, અંતરમાં બાહ્યપણામાં વિરૂદ્ધ દેખાતું ન હોય. અંતર નહિ પણ બાહ્યથી વિરૂદ્ધ દેખાતું ન હોય તો વ્યવહારથી જૈનદર્શન એમ માનીને વંદન કરવાલાયક છે.

---

आगे इस ही अर्थको दृढ़ करते हुए कहते हैं :–

## ગાથા-૨૭

**ण वि देहो वंदिज्जइ ण वि य कुलो ण वि य जाइसंजुत्तो ।**
**को वंदमि गुणहीणो ण हु सवणो णेय सावओ होइ।।२७।।**

नापि देहो वंद्यते नापि च कुलं नापि च जातिसंयुक्तः।
कः[१] वंद्यते गुणहीनः न खलु श्रमणः नैव श्रावकः भवति।।२७।।

**નહિ દેહ વંદ્ય, ન વંદ્ય કુલ, નહિ વંદ્ય જન જાતિ થકી;**
**ગુણહીન ક્યમ વંદાય? તે સાધુ નથી, શ્રાવક નથી. ૨૭.**

---

१. 'कं वन्देगुणहीनं' षट्पाहुडमें पाठ है।

अर्थ :– देहको भी नहीं वंदते हैं और कुलको भी नहीं वंदते हैं तथा जातियुक्तको भी नहीं वंदते हैं क्योंकि गुण रहित हो उसको कौन वंदे ? गुण बिना प्रकट मुनि नहीं, श्रावक भी नहीं है।

भावार्थ :– लोकमें भी ऐसा न्याय है जो गुणहीन हो उसको कोई श्रेष्ठ नहीं मानता है, देह रूपवान हो तो क्या, कुल बड़ा हो तो क्या, जाति हो तो क्या, क्योंकि मोक्षमार्गमें तो दर्शन–ज्ञान–चारित्र गुण हैं, इनके बिना जाति–कुल–रूप आदि वंदनीय नहीं है, इनसे मुनि–श्रावकपणा नहीं आता है, मुनि–श्रावकपणा तो सम्यग्दर्शन–ज्ञान–चारित्रसे होता है, इसलिये इनको धारण हैं वही वंदने योग्य हैं, जाति, कुल आदि वंदने योग्य नहीं हैं।।२७।।

## ગાથા-૨૭ ઉપર પ્રવચન

**'આગે ઇસહી અર્થકો દઢ કરતે હૈં :-'**

**ण वि देहो वंदिज्जइ ण वि य कुलो ण वि य जाइसंजुत्तो।**
**को वंदमि गुणहीणो ण हु सवणो णेय सावओ होइ।।२७।।**

ભગવાનના માર્ગમાં દેહ જડ આ દેહ તો માટી છે. એ કાંઈ વંદવા યોગ્ય છે નહિ. આ તો જડ છે, માટી, પુદ્‌ગલ અજીવ છે. એ કાંઈ ગુણ નથી કે એને વંદન કરવું. '**કુલકો ભી નહીં વંદતે હૈં...**' ઉત્તમ કુળમાં હોય. શેઠિયા આવ્યા નથી? ઉત્તમ કુળના હોય. રાજકુળના કોઈ નગરશેઠના કુળના વગેરે. એ ઉત્તમ કુળનો હોય તો કાંઈ વંદન કરવા લાયક નથી. એથી કંઈ ગુણ નથી, એ કંઈ ગુણ નથી. વળી '**જાતિયુક્ત...**' પણ હોય. માતા પક્ષે બહુ ઊંચી જાતિ હોય. સમજાય છે? એથી કંઈ જાતિની અપેક્ષાએ કંઈ વંદન કરવા લાયક નથી. '**ક્યોંકિ ગુણ રહિત હો ઉસકો કૌન વંદે?**' જેમાં આત્મા સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર નથી એવા ગુણ વિનાના કુળ અને જાતિ કે ભેખ કે દેહ એ વંદન કરવા લાયક નથી. સમજાણું કાંઈ? જુઓ! આ ધર્મીનો ધર્મ વિવેક. એને જાણવો પડશે કે નહિ? નવતત્ત્વની શ્રદ્ધામાં ચારિત્ર સમ્યગ્દર્શન સહિત કોને હોય? કેમ હોય? એને એણે બરાબર શ્રદ્ધાને ઓળખવી પડશે. નહિતર નવ તત્ત્વમાં વિરુદ્ધ શ્રદ્ધા હશે તો એ શ્રદ્ધા મિથ્યાત્વ છે. સમજાણું કાંઈ? આહા..હા...!

કહે છે, '**ગુણ બિના પ્રકટ મુનિ નહીં, શ્રાવક ભી નહીં હૈ.**' આ તો પ્રગટ શબ્દ ક્યાંથી આવ્યો એટલું. શબ્દ સમજાવે છે. '**को वंदमि गुणहीणो ण हु सवणो णेय सावओ होइ**' જ્યાં અંદર આત્મા સર્વજ્ઞે કહેલો એવો, પુણ્ય-પાપના રાગરહિત, શરીર દેહ આદિની માટીની ક્રિયા રહિત, એવો ભગવાનઆત્મા એનું સમ્યગ્દર્શન, અનુભવ અને દર્શન હોય, અને એનું જ્ઞાન હોય અને એમાં સ્થિરતારૂપી સંયમ હોય તો એ વંદન કરવા લાયક છે. ગુણ વંદન કરવા લાયક છે. પંડિતજી! આહાહા..! આ મોટા કુળના છે કે બહુ રૂપાળા છે કે રાજનો કુંવર છે એણે દીક્ષા લીધી છે, એની રાણી, મા મોટા કુળની હતી માટે એને લઈને વંદન કરવા લાયક છે એમ છે નહિ.

અહીં તો પરમેશ્વર તીર્થંકરદેવ કેવળજ્ઞાની એણે જે આત્મા અને આત્માનું સમ્યગ્દર્શન (કહ્યું), અહીં તો સંયમસહિતની વાત છે ને? સમ્યગ્દર્શન આત્માનું પહેલું ધર્મનું પગથિયું એવું જેને પ્રગટ હોય, સાચું જેને અંતર આત્મજ્ઞાન હોય અને સ્વરૂપમાં સંયમ અને ચારિત્રની રમણતા આનંદની ઉગ્ર હોય, એ ગુણ વંદન લાયક છે. ભેખ ને જાતિ ને કુળ ને રૂપ એ કંઈ વંદનને લાયક નથી.

**ભાવાર્થ :- 'લોકમેં ભી ઐસા ન્યાય હૈ જો ગુણહીન હો ઉસકો કોઈ શ્રેષ્ઠ નહીં મનાતા હૈ,...'** ગુણ વિનાના લોકમાં પણ માને છે? **'દેહ રૂપવાન હો તો ક્યા, કુલ બડા હો તો ક્યા,...'** કુળ.. કુળ. કુળ મોટું હોય તેથી શું? જાતિ મોટી હોય તો શું? **'મોક્ષમાર્ગમેં તો દર્શન-જ્ઞાન-ચારિત્ર ગુણ હૈં,...'** લ્યો! ભગવાનના માર્ગમાં તો આત્મા પરમાનંદની મૂર્તિ (છે) એવું અંતર સમ્યગ્દર્શન (તે ગુણ છે). જુઓ! આ ધર્મની પહેલી સીઢી. આહા..! સમજાણું કાંઈ? અને એનું જ આત્માનું જ્ઞાન અને આત્મામાં રમણતાની વીતરાગતાની સંયમ દશા, તે વંદન કરવા લાયક છે. કહો, સમજાય છે કાંઈ?

**'ઇનકે બિના જાતિ-કુલ-રૂપ આદિ વંદનીય નહીં હૈ,...'** એ વિના જાતિ હોય કે મોટા પૈસાવાળાનો દીકરો હતો ને કરોડપતિનો હતો... સમજાણું? એ કાંઈ આદરવા લાયક નથી. **'ઇનસે મુનિ-શ્રાવકપના નહીં આતા હૈ,...'** લ્યો. શ્રાવકપણું ન આવે, એમ કહે છે. મોટો રાજાનો દીકરો હોય ને રાણીઓ છોડી હોય અથવા સંસાર .... બાર વ્રત ધાર્યા હોય વિકલ્પ પણ ભાન આત્માનું નથી, સમ્યગ્દર્શન નથી. વીતરાગ પરમેશ્વર કહે છે, કેવળજ્ઞાની કહે છે એવું એને અંતર્મુખ ચૈતન્યની શ્રદ્ધા અને સમ્યગ્દર્શન નથી. એનું જ્ઞાન નથી અને અંતર ચારિત્ર તો સમ્યગ્દર્શન વિના હોય નહિ તો એને શ્રાવક પણ કહેવામાં આવતા નથી. કહો, સમજાણું કાંઈ?

**'મુનિ-શ્રાવકપણા તો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રસે હોતા હૈ,...'** લ્યો. ભેખથી અને બહારના આચરણથી હોતું નથી. અંતર સ્વરૂપ ભગવાનઆત્મા, શુદ્ધ શુદ્ધ સ્વરૂપ (બિરાજમાન છે). ઉપયોગની વ્યાખ્યા નહોતી કરી? એક ફેરી કહેલું. 'પંચાધ્યાયી'માં ઉપયોગ છે ને? 'પંચાધ્યાયી'માં શુદ્ધઉપયોગ છે. આચાર્ય, ઉપાધ્યાય, સાધુને શુદ્ધઉપયોગ હોય છે. બધા ગુણોનું વર્ણન કર્યું છે ને? પંડિતજી! આચાર્ય, ઉપાધ્યાય, સાધુને શુદ્ધઉપયોગ હોય છે. એવું વર્ણન 'પંચાધ્યાયી'માં છે. 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં, 'પ્રવચનસાર'માં આદિ ઘણા અધિકારમાં છે. અહીં તો શુદ્ધઉપયોગ કહે છે કે શુદ્ધઉપયોગ હોય એને શુક્લધ્યાન હોય. શુક્લધ્યાનીને શુદ્ધઉપયોગ (હોય). લ્યો, એવું લખાણ આવ્યું છે. આઠમે ગુણસ્થાને શુક્લધ્યાન હોય, ત્યાં શુદ્ધઉપયોગ હોય. આહાહા..!

મુમુક્ષુ :- આ કાળે શુક્લધ્યાન હોય નહિ.

ઉત્તર :- અરે..! ન હોય. શુદ્ધઉપયોગ ન હોય એમાં શુક્લધ્યાન ન હોય. પરમશુદ્ધઉપયોગને પ્રાપ્ત મુનિ છે. સમજાય છે કાંઈ? પરમશુદ્ધઉપયોગને પ્રાપ્ત (હોય) તેને મુનિ કહીએ. આહાહા..! ભારે કામ, ભાઈ! સમજાય છે કાંઈ? એકલા પંચમહાવ્રતના વિકલ્પ ને ક્રિયા

કરે એ કંઈ મુનિ નથી. અને એ પંચમહાવ્રતના વિકલ્પનો કર્તા થાય એ તો મિથ્યાદૃષ્ટિ છે. હું કરું છું, મારું કર્તવ્ય રાગનું છે. ઇ તો રાગ છે, આસ્રવ છે. સમજાણું કાંઈ? શુદ્ધઉપયોગપણું એ જ સાધુપણું છે. એ વાત તો આખી ભૂલાઈ ગઈ. એ પરમશુદ્ધઉપયોગ ત્રણેયને ગણ્યા. આચાર્ય, ઉપાધ્યાય, સાધુ. શુભરાગ દયા, દાન, વ્રત, તપનો જે રાગ છે એ તો શુભરાગ છે. એ તો શુભઉપયોગ છે, એ તો બંધનું કારણ ઝેર છે, રાગ છે. આહાહા..! સમજાણું?

અંતરમાં જ્ઞાતા, જ્ઞેય અને જ્ઞાન ત્રણના ભેદ ભૂલી અને શુદ્ધ અંતર રમણતા એકાકાર થાય એને ભગવાન શુદ્ધઉપયોગરૂપી ચારિત્ર, એને મુનિ, એને આચાર્ય, એને ઉપાધ્યાય કહે છે. અને એના પહેલા શ્રાવક હોય એને પણ શુદ્ધઉપયોગ કોઈ કોઈ વાર હોય છે. અરે..! સમ્યગ્દૃષ્ટિ હોય એને પણ શુદ્ધઉપયોગ કોઈ કોઈ વાર હોય છે. પણ પરમશુદ્ધઉપયોગ મુનિને હોય છે. સમજાણું કાંઈ? કાંઈ ખબર ન મળે. માળા હાંકે રાખે છે. ગેઝેટમાં લખ્યું છે. કાલે આવ્યું છે ને? જૈન ગેઝેટ. ગેઝેટ એટલે શું?

મુમુક્ષુ :- સમાચાર.

ઉત્તર :- સમાચાર? ગેજેટ એટલે સમાચાર, ઠીક. આ જૈનના સમાચાર આ? આવા? આહાહા..! જૈન પરમેશ્વરના સમાચાર તો એ છે કે આ મહાવ્રતનો, ભક્તિનો રાગ, વિકલ્પ ઉઠે છે ને? એ રાગથી ભિન્ન તારી ચીજ છે. એનું અંતરમાં સમ્યગ્દર્શન વિના તારી કોઈ પણ ક્રિયા એ ધર્મમાં આવતી નથી. આહાહા..! શું થાય? માણસને લુંટ્યા છે ને. સમજાણું કાંઈ?

શુદ્ધ પરિણતિ, શુદ્ધભાવ.. પેલામાં પણ નથી કહ્યું? 'બનારસીદાસ'માં. 'શુદ્ધતા વિચારે ધ્યાવે, શુદ્ધતામેં કેલી કરે' અત્યાર માટે કહ્યું હશે કે? આઠમું? અત્યારે તો આઠમું નથી. અહીં તો અત્યારની વાત લીધી છે.

મુમુક્ષુ :- અહીં નથી, 'સીમંધર' ભગવાન પાસે છે.

ઉત્તર :- 'સીમંધર' ભગવાન તો આત્મા પોતે છે. સીમ-મર્યાદાનો ધરનાર. રાગમાં ન જાય, વિકલ્પમાં ન જાય એવો આત્મા પોતે સીમંધર ભગવાન છે. આહા..! એની સમીપમાં જાય એટલે એને શુદ્ધઉપયોગ થયા વિના રહે નહિ. આહાહા..! સમજાણું કાંઈ? એ 'સીમંધર' ભગવાન તો પર છે. અહીં ક્યાં દે એવું છે કાંઈ? આહા..! ભારે કામ. સીમ એટલે મર્યાદાના ધરનાર. આત્માનો સ્વભાવ જ એવો મર્યાદિત છે કે કોઈ દિ' જ્ઞાયકસ્વરૂપ તે રાગરૂપે થતો જ નથી. પંચમહાવ્રતના રાગરૂપે આત્મા થયો જ નથી. એ તો રાગ, આસ્રવ છે. એને અજ્ઞાની ધર્મ માને છે અને કહે છે કે એ અમારું ચારિત્ર છે. 'જાદવજીભાઈ'!

મુમુક્ષુ :- વ્યવહાર ચારિત્ર છે.

ઉત્તર :- વ્યવહાર ચારિત્ર કેવું? એ તો નિશ્ચય હોય, સ્વરૂપની દૃષ્ટિ થઈ, જ્ઞાન અને રમણતા હોય તો પંચમહાવ્રતના વિકલ્પને વ્યવહાર ચારિત્ર એટલે ચારિત્ર નથી તેને ચારિત્ર કહેવું એનું નામ વ્યવહાર ચારિત્ર (છે). ભાન કાંઈ ન મળે ને એને વ્યવહાર ક્યાંથી આવ્યો? સમજાણું કાંઈ?

કહે છે, **'મુનિ-શ્રાવકપણા તો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રસે હોતા હૈ,...'** લ્યો. સમજાણું

કાંઈ? કોઈ બાર વ્રતના વિકલ્પ કરે માટે શ્રાવકપણું છે એમ નહિ એમ કહે છે. સમજાણું કાંઈ? ભગવાનની ભક્તિ બહુ કરે, પાંચ પાંચ લાખ મંદિર માટે ખર્ચે (એટલે શ્રાવક છે એમ નથી). હજી આ કરે છે ને. નથી ખર્ચ્યા? આ તો મોટું કરે છે. એય..! 'વજુભાઈ'! પાછું મોટું કરે એના પ્રમાણમાં બધું કરવું પડશે કે નહિ? દસ લાખનું. ઓછામાં ઓછું દસ લાખનું. એના પ્રમાણમાં પાછું બધું હશે કે નહિ? માનસ્તંભ વખતે પાંચ પાંચ હજાર માણસ આવેલા. આહાહા..! પાંચ સાડા પાંચ હજાર માણસનું મોટું શહેર બંધાણું. એથી પણ આ તો મોટું જબ્બર કામ છે. આ તો પરમામગ. વીતરાગના વચનની મૂર્તિ. વાણીની મૂર્તિ. કહો, સમજાણું કાંઈ? આ તો થઈ ગયું માટે આમ થાય છે, પણ છે તો એ શુભભાવ. લાખ આપે કે બે લાખ આપે કે પાંચ લાખ આપે તો એ રાગ મંદ કર્યો હોય તો શુભભાવ થાય, ધર્મ-બર્મ નહિ. એ.. 'મલૂકચંદભાઈ'! એટલા તો એના છોકરા આપી ન દચે પણ આપે તો પણ શુભભાવ થાય, એમ અહીં કહીએ છીએ.

મુમુક્ષુ :- ધર્મ થાય એમ કહો તો આપે.

ઉત્તર :- ધર્મ થાય ક્યાંથી? ધૂળમાં ધર્મ થાય ન્યાં? પૈસા જ એના ક્યાં હતા? એના બાપના પણ નહોતા અને એના પણ ક્યાં હતા? એ તો જડના છે. જડના પૈસા જડ છે ઇ હું આપું છું એવું જે જડનું અભિમાનપણું એ જ મિથ્યાત્વ છે. આહાહા..!

મુમુક્ષુ :- પૈસા રાખી મૂકે તો શું...?

ઉત્તર :- રાખે તો પણ એ મારા છે એમ માને તો પણ મિથ્યાત્વ છે.

મુમુક્ષુ :- ચારે કોરથી દડે છે.

ઉત્તર :- કેમકે પૈસા જડ છે કે ચૈતન્ય? પૈસા જડરૂપે રહ્યા છે કે આત્માના થઈને રહ્યા છે?

મુમુક્ષુ :- એ આત્માના થઈને રહ્યા નથી પણ આત્માને ગરમી આપે છે.

ઉત્તર :- ગરમાઈ નથી. ધૂળેય નથી આવતી ન્યાં.

મુમુક્ષુ :- પ્રભુ! આપે તો પણ શુભભાવ છે અને ન આપે તો અશુભભાવ છે.

ઉત્તર :- કીધું ને. ન આપે તો અશુભભાવ, એ તો પોતે મારા છે એમ માને માટે. હું તો બીજી વાત કહું છું. એ રજકણો પૈસા છે એનો હું ધણી છું એમ માને તો મિથ્યાત્વ છે.

મુમુક્ષુ :- બહારના પાપ નહિ આ તો મિથ્યાત્વનું પાપ છે.

ઉત્તર :- એમ અહીં તો કહેવાય છે.

મુમુક્ષુ :- પહેલા ચારિત્રના પાપને હલકું કરી નાખ્યું.

ઉત્તર :- એ તો અજીવતત્ત્વ છે. અજીવતત્ત્વનો તું ધણી છો? જગતના પરમાણુઓ માટીને ભગવાને પુદ્‌ગલ તત્ત્વ કહ્યું. એ પુદ્‌ગલતત્ત્વ એ જીવતત્ત્વનું છે? એ માને કે એ મારા છે અને હું આને આપું છું. એ તો કહે છે એનો સ્વામી થઈને આપે તો મિથ્યાત્વ, રાગની મંદતા કરી હોય તો શુભ. મિથ્યાત્વ સહિતનું જરી પુણ્ય બંધાય. પુણ્યમાં તો અઘાતિમાં ફેર પડે પણ મિથ્યાત્વનું લાકડું તો મોટું છે ભેગું. સમજાણું કાંઈ?

અહીં તો કહે છે કે સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર વિના એ ગુણ છે અને એના વિના

શ્રાવક કે મુનિ હોઈ શકે નહિ. દાન આપે તો શ્રાવક હોય, આવા વ્રત પાળે તો શ્રાવક હોય એમ નથી કહ્યું. જુઓ! સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર. શ્રાવકને થોડું ચારિત્ર હોય, મુનિને વિશેષ હોય. એનો ભાગ તો બેયને હોય. સમજાણું કાંઈ? **'મુનિ-શ્રાવકપણા નહીં આતા હૈ,...'** સમ્યગ્દર્શન, જ્ઞાન ને ચારિત્ર વિના મુનિપણું, શ્રાવકપણું પણ આવે નહિ. **'મુનિ-શ્રાવકપણા તો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રસે હોતા હૈ, ઇસલિયે ઇનકે ધારક હૈં વહી વંદને યોગ્ય હૈં,...'** લ્યો. એના ધરનાર છે તે વંદવા યોગ્ય છે. **'જાતિ, કુલ આદિ વંદને યોગ્ય નહીં હૈ.'** શ્રાવકનું નામ તો આપ્યું છે ને. મૂળ પાઠમાં છે. '**सवणो णेय सावओ**' એટલું. આના વિના નથી. વંદન કરવા લાયક નથી.

સવારમાં આવ્યું હતું, નહિ? ઈશ્વર કર્તા માને જગત. વૈષ્ણવ. અને સાધુ થઈને છકાયની દયા હું પાળી શકું છું. છકાયના શરીર પુદ્ગલ છે. એની હું દયા પાળી શકું. બેય એક જાતના મિથ્યાદૃષ્ટિ છે. કહો, સમજાણું કાંઈ? કેમકે આ છકાયનો કર્તા થયો, પેલો ઈશ્વર આખી દુનિયાનો કર્તા થયો. ત્યાં તો આવ્યું હતું કે કર્તા થાય તેની મુક્તિ હોતી નથી. અને એ બેયને કર્તૃત્વબુદ્ધિવાળાને મિથ્યાદૃષ્ટિ જાણજે. એ સમ્યગ્દર્શનથી રહિત છે.

મુમુક્ષુ :- દયા કા પાલના..

ઉત્તર :- દયા કા પાલના અપના, પરકા નહીં. પરકા કૌન પાલ સકે? છકાય હૈ ઉસકા જ્ઞાન કરકે અપને સ્વરૂપમેં રહના વહ દયા હૈ. પર કી દયા કૌન પાલે? વહ તો જડ પરપદાર્થ શરીર છે. શરીરને રહેવું અને આત્માને રહેવું એ તો એની પર્યાયથી રહે. તમારાથી રહેતું હશે ન્યાં?

મુમુક્ષુ :- બચાવવા એ જ વાણિયાનું કામ ને.

ઉત્તર :- બચાવ્યા. કોને બચાવે? પોતાને બચાવતા આવડતું નથી અને કો'કને બચાવવા જાય છે. એનું આયુષ્ય હોય તો બચે, ન હોય તો મરી જાય એને કારણે. તમારે કારણે બચે છે ન્યાં? દયાનો શુભભાવ આવે. શુભભાવ આવ્યો એટલે એ બચી જાય અને એની દયા પળી જાય એ વાતમાં કાંઈ માલ નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- એનો અર્થ કે એને એવો શુભભાવ હોય અને એને એ ધર્મ માને નહિ, એમ કહે છે. સેઠી! 'જયપુર'માં તો રહેતા હતા. આહા..!

નિશ્ચયદયા તો રાગની ઉત્પત્તિ ન થાય અને આત્માના સ્વભાવનો આશ્રય કરી અને વીતરાગી પર્યાયનો અંશ જે પ્રગટ થાય તેને ભગવાન દયા ને અહિંસા કહે છે. એવી દયાની વ્યાખ્યા કરી છે, હોં! 'આત્માવલોકન'માં છેલ્લે કરી છે ને. બધા બોલ મૂક્યા છે. 'આત્માવલોકન'. નહિ? ગૃહસ્થ... કેવા? 'દીપચંદજી'. 'દીપચંદજી'એ કર્યું છે, હોં! દયાની વ્યાખ્યા. લાવો ને, ક્યાં છે? આમાં નથી. 'આત્માવલોકન'. આ તો દયાની વ્યાખ્યા ગૃહસ્થે કરી છે. 'દીપચંદજી સાધર્મી' દિગંબર શ્રાવક. એણે પણ દયાની વ્યાખ્યા કેવી કરી! જુઓ! વાંચતા નથી, માણસને વિચારવું નથી. એય..! પરની દયા એ પણ એક ભગવાનનો ધર્મ છે, કરુણા એ

પણ જીવનો એક સ્વભાવ છે. એ તો અનંતાનુબંધીનો અભાવ થયો એ કરુણા. એનું નામ દયા કહેવામાં આવે છે. દયા કા લક્ષણ. એ જ પાનું આવ્યું, હોં! ઉઘડતા આવ્યું, સામું ઇ જ છે, લ્યો છઠ્ઠો બોલ છે. દયા કા લક્ષણ. વિકારમય પરિણામો દ્વારા અપને નિજ સ્વભાવ કા ઘાત નહીં કરના, અપને સ્વભાવકા પાલન કરના હી દયા હૈ.

મુમુક્ષુ :- એ તો શ્રાવકનું ..

ઉત્તર :- શ્રાવકનું નથી. ભગવાન પ્રમાણે કર્યું છે બધું. પંડિતજી! એમ કહે છે, શ્રાવકનું નથી, પેલામાં નથી કહ્યું? 'પુરુષાર્થસિદ્ધિ ઉપાય'માં. જેટલા અંશે રાગની ઉત્પત્તિ (થવી) એટલી હિંસા (છે) અને આત્માના સ્વભાવની જેટલી શુદ્ધતાની ઉત્પત્તિ એનું નામ અહિંસા અને દયા. દયા કી વ્યાખ્યા. દેખો! 'यत् निजस्वस्वभावं विकारभावेन न घातयति' રાગથી જીવની શાંતિનો ઘાત થાય છે. 'न घातयति न हिनस्ति, निजस्वभावं पालयति तदेव (सैव) दया।।६।।' (છદ્મસ્થ જીવોની પરમાત્મપ્રાપ્તિની સકલ રીતિ) 'દીપચંદજી'નું 'આત્માવલોકન' છે. સમજાણું કાંઈ? 'પ્રકાશદાસજી'! આત્માવલોકન છે. પરની દયા તો રાગ છે, વિકલ્પ છે. હો, આવે છે પણ એ તો (રાગ છે). શું થાય? રાગ છે એ જ ખરેખર હિંસા છે.

મુમુક્ષુ :- 'ધવલ' માં લખ્યું છે કે કરુણા સ્વભાવ છે.

ઉત્તર :- એ કરુણા એ તો આત્માના અકષાયભાવને કીધી. આત્માનો અકષાય ભાવ, એને કરુણા કીધી છે. કેવળીને કરુણા કીધી છે. કેવળીને દયાનો ભાવ હશે?

મુમુક્ષુ :- કેવળી તો કરૂણાના સાગર છે.

ઉત્તર :- કરૂણાના સાગર એટલે અવિકારી પરિણામના સાગર. સેઠી! માર્ગ તો આવો છે, બાપુ! વીતરાગ પરમાત્માનું આવું તત્ત્વ છે. આખી દુનિયાથી આ બીજી જાત છે. પરમેશ્વર કેવળજ્ઞાની તીર્થંકરદેવ. સમજાણું કાંઈ? બધી વ્યાખ્યા એની જુદી છે, હોં!

યતિ અને શ્રાવકનું લક્ષણ, જુઓ! **'સમસ્ત ઇન્દ્રિયોના ભોગોથી અને શરીરાદિ પરિગ્રહથી સર્વમાં મમતા રહિત થવું તે યતિનું લક્ષણ છે. એનામાં એકદેશ મમત્વનો ત્યાગ હોવો તે શ્રાવકનું લક્ષણ છે.'** (છદ્મસ્થ જીવોની પરમાત્મપ્રાપ્તિની સકલ રીતિ, શ્લોક-૭). બધી વ્યાખ્યા, એકેએકની.

શુદ્ધનું લક્ષણ, લ્યો, ઠીક! **'રાગાદિ વિકાર રહિત જ શુદ્ધનું લક્ષણ છે.'** દરેકની વ્યાખ્યા કરી છે. (શ્લોક-૧૦)

વૈરાગ્યનું લક્ષણ. **'રાગ, દ્વેષ, ખેદરહિત, જ્ઞાનસહિત ઉદાસીન ભાવ થવો તે વૈરાગ્ય કહેવાય છે.'** (શ્લોક-૮). આમ બાયડી, છોકરા છોડ્યા રાગ એ તો બધા વે...રાગી છે. ભાન ન મળે આત્માનું અને બાયડી, છોકરા છોડ્યા ને થઈ ગયા વૈરાગી. સમજાણું કાંઈ? અહીં તો રાગ, દ્વેષ અને ખેદ રહિત ઉદાસીન ભાવ. જ્ઞાનસહિત પાછું. તે પણ આત્માના સમ્યગ્જ્ઞાન સહિત. એને વૈરાગ્ય કહેવામાં આવે છે. બધી વ્યાખ્યા કરી, એકેએકની.

દાનનું લક્ષણ. વળી દાન આવ્યું, એય..! **'નિજ સ્વભાવભાવશક્તિરૂપ જ જીવદ્રવ્ય છે.'** શું

કહે છે? દાન.. દાન. નિજ સ્વભાવ-આત્માનો આનંદસ્વભાવ, વીતરાગસ્વભાવ, શુદ્ધસ્વભાવ. એ ભાવશક્તિરૂપ જીવદ્રવ્ય છે. ભાવશક્તિરૂપ જીવદ્રવ્ય-શક્તિવાન. '**નિજસ્વભાવભાવશક્તિરૂપ જ જીવદ્રવ્ય છે. અવ્યક્ત જે નિજસ્વભાવભાવ તે અભિવ્યક્ત થઈ જતાં તે સમયે પોતારૂપ પરિણમન કરે છે તે દાન છે.**' ભગવાનઆત્મા પોતાનો ભાવ જે વીતરાગસ્વભાવ છે, એનું જ્યારે અભ્યંતર પરિણમન વીતરાગ પરિણતિની દશા થાય તેને અહીંયાં દાન કહેવામાં આવે છે. પંડિતજી! સમજાણું કાંઈ? બહારના પૈસાના દાન દીધા ને આહાર-પાણી દીધા ને ધૂળ દીધા. કોણ દચે? એ તો જડ છે. અરે.. અરે...! આકરું ભારે. મોટો ગૃહસ્થ હોય કરોડ(પતિ) ને પાંચ લાખ ખર્ચે (તો) ધર્મ ધુરંધરનું બિરૂદ આપે. ધૂળમાંય ધર્મ નથી, સાંભળને હવે. સમજાણું કાંઈ? વીતરાગમાર્ગ તો વીતરાગભાવથી ઉત્પન્ન થાય. જેમાં જરી પણ રાગનો કણ રહે એ બધો વીતરાગધર્મ નહિ. આહાહા..! વસ્તુનો સ્વભાવ એવો છે. જુઓને! આમાં કહ્યું નહિ? જુઓ!

'जीवद्रव्य निजस्वभावभावशक्तिरूपं' એમ. જીવભાવ. દ્રવ્ય.. દ્રવ્ય. વસ્તુ ભગવાનઆત્માનું દ્રવ્ય આ. કેવું છે દ્રવ્ય? નિજસ્વભાવભાવશક્તિરૂપ છે. વીતરાગ સ્વભાવભાવ, અરાગી સ્વભાવભાવ, નિર્દોષ સ્વભાવભાવ. એ એની શક્તિ છે. 'अव्यक्तवत्' એ અંદર અવ્યક્ત છે. એને વ્યક્ત પરિણતિમાં પ્રગટ કરવો. સમજાણું કાંઈ? 'यदा स्वपरनामेभ्यः (स्वपरिणामेभ्यः) ददाति तद्धानम्।।१।।' દેખો! પોતાના શુદ્ધભાવને (આપે). આખો શુદ્ધભાવ તો આત્મામાં પડ્યો છે. શુદ્ધસ્વરૂપી જ આત્મા છે. એને શુદ્ધની પરિણતિરૂપી પર્યાય પ્રગટ કરવી એ આત્માને દાન દીધું. એનું નામ ખરું દાન કહેવાય. પૈસા-બૈસાનું દાન નહિ અને એમાં રાગ મંદ પડે એ ખરું દાન નહિ. એ દાન નહિ, એ તો અદાન છે. આહાહા..! એય...! એક તો ખર્ચતા ન હોય ને આવું સાંભળે (એટલે) ઠીક છે આપણે. પણ શું કહે છે? ન્યાં જવાના છે ને? કાંઈક કહેશે ખરા કે નહિ? કહો, સમજાણું આમાં?

મુમુક્ષુ :- દાન આપે તો શુભભાવ અને ન આપે તો અશુભભાવ..

ઉત્તર :- આપે તો નહિ. એમાં જતાં, પૈસા જવા કાળમાં રાગની મંદતાનો ભાવ હોય તો પુણ્ય ને રાગ ને આત્માની હિંસા છે. કહો, સમજાણું કાંઈ? કારણ કે રાગભાવ એ જ હિંસા છે. આ ગજબ વાત છે. રાડ નાખે પેલા સોનગઢને નામે. સોનગઢની વાત. સોનગઢ (એટલે) લેપ ન હોય એને સોનગઢ કહેવાય. સોનાને કાટ લાગે? એમ ભગવાનઆત્મા શુદ્ધ આનંદનું ધામ પ્રભુ, એને રાગનો કીચડો કેવો? આહાહા..! માન્યું છે કે હું રાગવાળો છું, વિકારવાળો છું એ માન્યતા એની જૂઠી છે. એ રાગ ને વિકલ્પ વિનાની મારી ચીજ નિર્વિકાર છે. શુદ્ધ આનંદનું ધામ પરમાનંદસ્વરૂપ, એવી શક્તિ છે. એ શક્તિવાળો છે, એનું પર્યાયમાં પરિણમન (થવું), તે શક્તિ છે તેવું થવું એનું નામ દાન અને દયા કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? બધી વ્યાખ્યા ઘણી કરી. તપની વ્યાખ્યા, ભાવનાની વ્યાખ્યા. વ્રતનું લક્ષણ કીધું, જુઓ! '**પોતાના પરિણામોને રોકવા તે વ્રત કહેવાય છે.**' (શ્લોક-૫) '**ઇન્દ્રિય, મન અને ભોગાદિકની તરફ જતાં પોતાના પરિણામોને**

**રોકવા...'** વિકલ્પથી રોકવા અને નિર્વિકલ્પપણે રહેવું તે વ્રત છે.

અહીં તો કહે છે, **'જાતિ, કુલ આદિ વંદને યોગ્ય નહીં હૈ.'** જાતિ, કુળ તો જડ છે, હાડકા છે આ તો. આહા..! સમજાણું કાંઈ? અંદર ભગવાનઆત્મા વસ્તુ છે, વસ્તુ છે તો એમાં આનંદ ને જ્ઞાન, શાંતિ વસેલી શક્તિઓ છે. એ શક્તિની સંભાળ કરતાં જે સમ્યગ્દર્શન ને શાંતિ થાય એને ભગવાને ગુણ કહ્યા છે અને એ આદરણીય કહેવામાં આવે છે. આ વિના આદરણીય હોઈ શકે નહિ. આહા..! **'ઇસલિયે ઇનકે ધારક હૈં વહી વંદને યોગ્ય હૈં,...'** લ્યો. **'જાતિ, કુલ આદિ વંદને યોગ્ય નહીં હૈ.'** એ ૨૭ મી (ગાથા પૂરી) થઈ. ૨૮.

---

अब कहते हैं कि जो तप आदिसे संयुक्त हैं उनको नमस्कार करता हूँ :-

## ગાથા-૨૮

वंदमि [१]तवसावण्णा सीलं च गुणं च बंभचेरं च।
सिद्धिगमणं च तेसिं सम्मत्तेण[२] सुद्धभावेण।।२८।।

वन्दे तपः श्रमणान् शीलं च गुणं च ब्रह्मचर्य च।
सिद्धिगमनं च तेषां सम्यक्त्वेन शुद्धभावेन।।२८।।

સમ્યક્ત્વસંયુક્ત શુદ્ધભાવે વંદું છું મુનિરાજને;
તસ બ્રહ્મચર્ય, સુશીલને, ગુણને તથા શિવગમનને. ૨૮.

अर्थ :- आचार्य कहते हैं कि जो तप सहित श्रमणपना धारण करते हैं उनको तथा उनके शीलको, उनके गुणको व ब्रह्मचर्यको मैं सम्यक्त्व सहित शुद्धभावसे नमस्कार करता हूँ क्योंकि उनके उन गुणोंसे-सम्यक्त्व सहित शुद्धभावसे सिद्धि अर्थात् मोक्ष उसके प्रति गमन होता है।।

भावार्थ :- पहले कहा कि-देहादिक वंदने योग्य नहीं है, गुण वंदने योग्य हैं। अब यहाँ गुण सहितकी वंदना की है। वहाँ जो तप धारण करके गृहस्थपना छोड़कर मुनि हो गये हैं उनको तथा उनके शीलगुण ब्रह्मचर्य सम्यक्त्व सहित शुद्धभावसे संयुक्त हो उनकी वंदना की है। यहाँ शील शब्दसे उत्तरगुण और गुण शब्दसे मूलगुण तथा ब्रह्मचर्य शब्दसे आत्मस्वरूपमें मग्नता समजना चाहिये।।२८।।

---

१. 'तब समणणा' छाया - (तपः समापन्नात्) 'तवसउण्णा' 'तवसमाणं' ते तीन पाठ मुद्रित षट् प्राभृत की पुस्तक तथा उसकी टिप्पणीमें हैं।

२. 'सम्मत्तेणेव' ऐसा पाठ होनेसे पाद भङ्ग नहीं होता ।

## ગાથા-૨૮ ઉપર પ્રવચન

**'આગે કહતે હૈં કિ જો તપ આદિસે સંયુક્ત હૈં ઉનકો નમસ્કાર કરતા હૂં :-'** 'કુંદકુંદાચાર્ય' કહે છે, અહો...! જેને આત્મજ્ઞાન, આત્મદર્શન અને ઇચ્છાનિરોધરૂપી સંયમ અને તપ (પ્રગટ થયા છે) એવા સંતોને હું વંદન કરું છું, એમ કહે છે. સમજાણું કાંઈ?

**वंदमि तवसावण्णा सीलं च गुणं च बंभचेरं च।**
**सिद्धिगमणं च तेसिं सम्मत्तेणं सुद्धभावेण।।२८।।**

**અર્થ :- 'આચાર્ય કહતે હૈં કિ જો તપ સહિત શ્રમણપના ધારણ કરતે હૈં...'** તપ એટલે મુનિપણું. મુનિપણું એટલે ચારિત્રની વીતરાગી દશા. સમજાણું કાંઈ? તપકલ્યાણક આવે છે કે નહિ? તપકલ્યાણક એટલે શું? ભગવાન 'મહાવીર' આદિ જે ચારિત્રપણે અંદરમાં આવ્યા એ તપ કહેવાય. એને તપ કહેવાય છે. ત્રણ કષાયનો અભાવ થઈ અને વીતરાગી અંતર દશા પ્રગટ થાય એવા મુનિપણાને તપ કહેવામાં આવે છે. એકલી ક્રિયાકાંડ અને મહાવ્રતને પાળે એને તપ પણ કહેતા નથી અને એને મુનિ પણ કહેતા નથી. આહાહા..!

મુમુક્ષુ :-

ઉત્તર :- આવે ઇ તો. સમજાણું? આ તો વસ્તુના સ્વરૂપ તરીકેનું આવું વર્ણન છે, હોં! કોઈ વ્યક્તિ માટેની (વાત) અહીં નથી. હમણાં દિગંબરોમાં એક મોટો લેખ લખ્યો છે ને? જ્યાં સુધી આ ૨૫૦૦ મા વર્ષનું પૂરું ન થાય ત્યાં સુધી કોઈ સંપ્રદાયના જીવોએ કોઈનો વિરોધ થાય એવું બોલવું નહિ. આ તો વસ્તુ સ્વરૂપ છે. કોઈ વ્યક્તિ પ્રત્યેનો વિરોધ કે દ્વેષ, એની વાત છે નહિ. બધા આત્મા છે. આત્મા છે બધા. એનું સ્વરૂપ શું છે એ વાતની વાત છે. કોઈ ... તમારો નિયમ પ્રશંસનીય છે. ભગવાનના ૨૫૦૦ મા વર્ષનો મહોત્સવ ત્રણેય ભેગા થઈને, ચારે ભેગા થઈને (ઉજવીએ). દિગંબર, શ્વેતાંબર, સ્થાનકવાસી અને તેરાપંથી ભેગા થઈને બધું કરવું. એ પહેલા કોઈએ કોઈને વિરોધ થાય એવું બોલવું નહિ. સેઠી! એમાં તો લખે છે બધું.

મુમુક્ષુ :- એનો અમલ તો ઘરેથી થાવો જોઈએ કે પર ઘરેથી થવો જોઈએ ?

ઉત્તર :- ઇ પરઘરથી. એને કોણ સાંભળે? લખે. કોઈ માણસ વાંચશે. કોણ એવો બધો વર્ગ પડ્યો છે. કાંઈ નથી. એમ ધાર્યું હતું કે નહિ? મહારાષ્ટ્રમાં ઘણું વાંચન (થશે). કાંઈ ન મળે. બાર-બાર હજાર, તેર-તેર હજાર માણસ આવતા. કોઈને કાંઈ નથી. મહારાજ કહે છે ઇ સાચું. કોઈને કાંઈ શંકા પણ નહિ ને વિરોધ પણ નહિ. તેમ કેટલાક કાંઈ સમજતા પણ નહિ. મોટો ભાગ (એવો હોય). બાહ્યનું ખરું ને? 'ધન્યકુમાર'. 'ધન્યકુમાર' બાળ બ્રહ્મચારી મોટો ગૃહસ્થ માણસ, પૈસાવાળો. ત્યાં પણ ઘણા ખર્ચ્યા. ભાષણ-બાષણ કરે ને આમ છાપ પાડે. બાર-તેર હજાર માણસ. ઇ ઊભો થાય એટલે લોકોને (એમ થાય). ગૃહસ્થ માણસ છે, મા-બાપ બેઠા છે. દસ ભાઈઓ! દસ ભાઈઓ. નવ પરણ્યા છે, પોતે બાળ બ્રહ્મચારી છે. અને કેટલી કીધી? જમીન છે.

હજાર એકર કે એમ કાંઈક કહેતા હતા. એક હજાર એકર જમીન છે. દસ ભાઈઓ, નવની વહુરુ. પોણોસો માણસ છે. બધું આવ્યું હતું. અંતરીક્ષમાં. પણ આની છાપ જબરી, હોં! જેમ આ 'બાબુભાઈ'ની ગુજરાતમાં છે ને? એમ આની.. આ તો પાછો દેખાવડો જરી. ઊભો થઈને બોલે. જાણે મોટો અમલદાર બોલતો હોય એવું બોલે. ભાષણ કરે. લોકો સાંભળે. મહારાજ અહીં આવ્યા છે, માંડ માંડ મેં કીધું ને આવ્યા છે માટે લાભ લેવો, ફલાણું કરવું. આ વાત આપણને મળી છે, આપણા ભાગ્ય છે. લોકો શાંતિથી સાંભળતા હતા.

બાપુ! માર્ગ તો આ છે. પહેલો એને સમજવો તો પડશે કે નહિ? સાચી શ્રદ્ધા અને સાચા જ્ઞાન વિના બધા થોથેથાથા છે. આહાહા..! વસ્તુની જ્યાં ખબર નથી કે આ તે આત્મા કોણ? સમજાણું? અને એ સમ્યગ્દર્શન કોને કહેવું? સમ્યગ્જ્ઞાન કોને કહેવું? ચારિત્ર કોને કહેવું? શું બહારના જાણપણા એ જ્ઞાન છે? વ્રતાદિની ક્રિયા એ ચારિત્ર છે? અને ભગવાન સાચા ને દેવ-ગુરુ સાચા માન્યા એ સમકિત છે? ના. એ તો સમકિત નથી. આહા..હા...!

આ તો પોતે ભગવાન પૂર્ણાનંદનો નાથ આત્મા કેવળીએ કહ્યો. પરમેશ્વરે, સર્વજ્ઞદેવે, તીર્થંકરદેવે કહ્યો એવો દેહથી ભિન્ન ભગવાન પૂર્ણ જેનું શુદ્ધ સ્વરૂપ છે, એવી અંતર્મુખ થઈને અંતરની પ્રતીતિ (થવી), અંતરની એટલે વસ્તુની પ્રતીતિ થવી, જેવી વસ્તુ છે એવી અંતર પ્રતીતિ થવી એનું નામ સમ્યગ્દર્શનનો પહેલો ધર્મનો પાયો કહેવામાં આવે છે. અને આ જ્યાં નથી ત્યાં બધું થોથેથોથાં છે. એકડા વિનાના મીંડા. એ શ્રાવક પણ નહિ અને એ સાધુ પણ નહિ, એમ કહે છે. શું થાય? કહો, સમજાણું?

'**તપ સહિત શ્રમણપના ધારણ કરતે હૈં...**' આ તો તપની વ્યાખ્યા ચાલે છે. તપ એટલે આ. અપવાસ કરવા ને ફલાણું (કરવું) એ તપ નહિ. મુનિપણું તે તપોધન. આત્મા, એને-સાધુને તપોધન કહેવાય છે. તપરૂપી જેને ધન છે. ઇ તપ એટલે? ભગવાનઆત્મા અનંત આનંદની લક્ષ્મીનો ભંડાર (છે), એને વિશ્વાસમાં, અનુભવમાં લઈ પ્રતીત કરી છે અને એમાં અંદરમાં અંદરમાં ઘુસીને ઠરે છે. એવી ચારિત્રલક્ષ્મી જેને પ્રગટી છે એને તપોધન કહેવામાં આવે છે. અને એ તપોધન જે જમીનમાં રહે તેની... જમીન પણ એને કહેવાય છે ને? તપોધન ભૂમિ. તપોભૂમિ. આહાહા..! આવે છે ને પેલામાં? 'એ સાધુ જહાં ચરણ ધરે'.

મુમુક્ષુ :- તે ગુરુ મેરે મન બસો.

ઉત્તર :- તે ગુરુ મેરે મન બસો. એમાં આવે છે. જ્યાં આગળ આત્મા આનંદની લહેરે શાંતિ.. શાંતિ.. શાંતિ.. શાંતિ.. પૂર્ણ શાંતિ જેનું સ્વરૂપ છે, એમાં એકાગ્ર થઈને જેણે પ્રગટ શાંતિ કરી છે અને શાંતિમાં મહાલે છે, ઝુલે છે, વેદે છે, રમે છે. આહાહા..! એને તપ અને એને મુનિપણું કહેવામાં આવે છે. આહાહા..! આ તો ભગવાનઆત્મા મૂકીને બધી વાતું. કાં તો ભક્તિ ને કાં તો દયા ને કાં તો વ્રત ને કાં તો અપવાસ. પેલો તો પડ્યો રહ્યો, ભગવાન તો પડ્યો રહ્યો. વર વિનાની જાન. વર વિનાની સમજાણું? ભાનેય ન મળે. કીધું ને?

કણબીનો એક આઠ વર્ષનો છોકરો હતો. એના લગન હતા. એને આંગળી પહેરાવી.

લગનની આંગળી હોય ને? બીજો નાનો છોકરો હતો. લગન એના હતા. આઠ વર્ષનો. કણબીમાં નાના પરણાવે ને? તારા લગનમાં મને લઈ જઈશ કે નહિ? પેલો એનો ભાઈબંધ કહે. ભાઈ! મને ખબર નથી લઈ જશે કે નહિ? કારણ કે ઘણી વાર કો'કના લગનમાં જાતા હોય. એના મા-બાપ ન લઈ જતા હોય. પણ આ તો તારા લગન છે ને. ખબર નથી, આ મારા લગન છે કે કો'કના? એની ખબર નથી. લગનમાં મને લઈ જઈશ કે નહિ? બીજો એનો ભાઈબંધ કહે. ભાઈ! મને ખબર નથી, લઈ જશે કે નહિ? પણ લગન તારા છે ને? ઇ છોકરો તો બિચારો સાધારણ.

એમ અહીં લગન તારા માંડ્યા છે અંદરમાં અને તું જાગૃત થઈને ન આવ ઇ કેમ બને? એમ કહે છે. આહા..! જેને અંદર આત્માની લગની લાગી. રાગ અને વિકલ્પથી પાર પ્રભુ છે, એની લગનીના જેણે અંદર લગન કર્યા એ ઠરીને કેવળજ્ઞાન લીધે, પરણીને પરમાત્મા થઈને છૂટકો, એમ કહે છે અહીં તો. બહારથી ક્રિયાકાંડ કરીને મરી જાય તો પણ કાંઈ ધર્મ થાતો નથી. ન થાય? એય..!

મુમુક્ષુ :- ... શુભાશુભભાવસે ધર્મ નહિ હોતા.

ઉત્તર :- અચ્છા! જબરો છે. શુભાશુભભાવસે નહીં હોતા.

મુમુક્ષુ :- શુભાશુભભાવસે હો તો અભી તક ક્યું ન હુઆ?

ઉત્તર :- શુભાશુભભાવસે હોતા હૈ તો નવમી ગ્રૈવેયક ગયા, ક્યોં નહીં હુઆ? જબરો છે ને! નવમી ગ્રૈવેયક અનંતવાર ગયો, તો પણ કંઈ ન થયું. તો હવે તારા શુભભાવથી થશે? સમજાણું કાંઈ? છોકરાઓ પણ બોલતા તો શીખ્યા છે ને. આહાહા..! પહેલા પણ કહેતો હતો.

**'જો તપ સહિત શ્રમણપના ધારણ કરતે હૈં ઉનકો તથા ઉનકે શીલકો,...'** એનો સ્વભાવ-શુદ્ધ વીતરાગતા. **'ઉનકે ગુણકો વ બ્રહ્મચર્યકો...'** નીચે દરેકનો અર્થ કરશે. **'મૈં સમ્યક્ત્વ સહિત શુદ્ધભાવસે નમસ્કાર કરતા હૂં...'** એવા સમકિત સહિત ગુણીને હું પણ સમકિતસહિત એને વંદન કરું છું. સમજાણું કાંઈ? **'ક્યોંકિ ઉનકે ઉન ગુણોંસે-સમ્યક્ત્વ સહિત શુદ્ધભાવસે સિદ્ધ અર્થાત્ મોક્ષ ઉસકે પ્રતિ ગમન હોતા હૈ.'** દેખો! તે ગુણ જે શુદ્ધ છે, આત્માના સમ્યગ્દર્શનની નિર્મળતાની પવિત્રતા સહિત જે શુદ્ધભાવ છે એનાથી સિદ્ધિ નામ મોક્ષ, તે પ્રત્યે ગમન હોય છે. શુદ્ધ સ્વભાવથી મુક્તિમાં ગમન હોય છે. શુભભાવથી ગમન હોતું નથી, એમ કહે છે. સમજાણું કાંઈ? આહાહા..!

એક જણે હવે એમ કાઢ્યું છે. અહીંનું બધું આવું આવ્યું ને? એ તો એમના શાસ્ત્રમાં પંચમહાવ્રતને આસ્રવ કહ્યા હશે. આપણા શાસ્ત્રમાં તો પંચમહાવ્રતને સંવર કહ્યા છે. એવું વળી કાઢ્યું. અરે...! ગજબ. એક આર્જિકા બોલતી હતી. કારણ કે એવું લાગે કે આનું તો હાલ્યું. આ તો મહાવ્રતને આસ્રવ કહે છે. જોકે એને અજ્ઞાનીને તો મહાવ્રત પણ ક્યાં હતા? સમજાણું? ત્યારે કહે કે, દિગંબરના શાસ્ત્રોમાં મહાવ્રતને આસ્રવ કહ્યા હશે, આપણા શાસ્ત્રમાં (એમ નથી). વાત સાચી, હોં! એમાં છે. મહાવ્રતને સંવર, નિર્જરા કીધી છે. ઠાણાંગમાં પાંચમે ઠાણે. પંચમે નિર્જરા ઠાણે. કાંઈ ઠેકાણા વિનાના કરેલા શાસ્ત્ર છે. મહાવ્રત તો વિકલ્પ છે. વૃત્તિ ઊઠે છે કે આમ કરું,

આમ કરું. એ તો વૃત્તિ છે. આહાહા..! એ સંવર કેવો ને એ નિર્જરા કેવી? પાઠ છે ઠાણાંગમાં એટલે બિચારા ભગવાનને નામે મૂંઝાણા. ભગવાન કહે છે ને. પણ ભગવાનના કહેલા નથી, સાંભળને. એ તો એના સંપ્રદાયના બાંધનારાએ ભગવાનને નામે ચડાવી દીધા. એવી વાત છે, ભાઈ! 'નાથાભાઈ'! ઠાણાંગમાં આવે છે, હોં!

આ પ્રશ્ન વ્યાખ્યાનમાં પણ આવે છે. છે સંવરનો અધિકાર. દયા ને અહિંસાના સાંઈઠ નામ આપ્યા છે, બધા આસ્રવના છે. પહેલો સંવર અધિકાર છે. દયાના સાંઈઠ નામ આપ્યા છે. બધા દયાના નામ. અહિંસા, ... એમાં માને. પ્રશ્ન વ્યાકરણ અધિકાર. એ બધા એ લોકો બહુ લગાવે. પણ એ તો વિકલ્પ છે, રાગ છે. ઇ અહિંસા ક્યાં હતી? સંવર કેવો? સમજાણું કાંઈ?

(સંવત) ૧૯૭૬માં પ્રશ્ન કર્યો. 'ધ્રાંગધ્રા', 'ધ્રાંગધ્રા'માં. 'મગનભાઈ' હતા ને? 'મગનભાઈ', નહિ? 'ધ્રાંગધ્રા'માં 'મગનભાઈ' હતા અને 'વજુભાઈ' (હતા). 'વજુભાઈ' નહિ, 'ગીજુભાઈ'. 'ગીજુભાઈ' નામ હતું. ૧૯૭૬માં ગયેલાને પહેલા? પચાસ વર્ષ થયા. પેલી કોરથી આવ્યા હતા. 'વિરમગામ'થી. પ્રશ્ન ચાલ્યો હતો કે આ સંવરનું શું? આ શુભયોગને સંવર કહ્યો છે ને? ઇ પ્રશ્ન ચાલ્યો હતો, ભાઈ! ૧૯૭૬માં, હોં! ૧૯૭૬. ઇ બધું 'પ્રશ્ન વ્યાકરણ'માં આવે છે. શુભજોગ સંવર ન હોય. લખ્યું છે ને? વસ્તુનું સ્વરૂપ એમ નથી. કહ્યું હતું ને?

એકવાર સપનું આવ્યું હતું. (સંવત) ૧૯૭૬માં. નગ્ન. નગ્ન એટલે? લંગોટી પહેરેલી. નગ્ન મુનિ. મને જોયેલ નહિ કોઈ દિ'. 'મગનભાઈ', 'મગન મૂળચંદ'. પેલી કોરથી આવતા હતા. 'ગારા... ગારા', 'ગારા' ગામ છે ને? 'ગારા'. 'ધ્રાંગધ્રા'થી ત્રણ ગાઉ. 'વિરમગામ'. ન્યાં બધા સામા આવેલા. પહેલાવહેલા જિંદગીમાં ગયેલા. .... સામા નદી કાંઠે. મોટી નદી ને સામે આવ્યા. 'મગનભાઈ' પહેલા બોલ્યા. હું તો ઓળખું નહિ કોઈ દિ', હોં! મહારાજા! જુઓ! આ એક દેરી છે. રહી જાવું છે અહીં? મેં કીધું, આ શું? નદીને કાંઠે આ બાજુમાં. નદીમાં આ બાજુ દેરી છે. ઉપર.. ઉપર એક દેરી છે. ચાર બાજુ થાંભલા ને આમ ખુલ્લી સાધારણ. આ શું છે? પછી ન્યાં ગયા ત્યારે કહે, મને સપનું આવ્યું હતું. મેં તો તમને મુનિ જોયા છે, નગ્નમુનિ. નગ્ન મુનિ એટલે શું? એક લંગોટી પહેરેલી પણ આ જ વેષ અને આ જ ભેખ તમારો. મુનિપણામાં કોઈ દિ' જોયેલ નહિ, હોં! જિંદગીમાં. મેં એને જોયેલ નહિ. આ જ શરીર અને એક લંગોટી હતી. દિગંબર મુનિ તમે હતા. માટે મેં તમને કહ્યું કે અહીં આવી જાવ. એમ કરીને ખુલાસો કર્યો. 'મગનભાઈ'ને ઓળખતા હતા? 'મગન મૂળચંદ'. આ 'ભુરાભાઈ'ના બાપ. 'ભુરાભાઈ'ના બાપ. તે દિ' આ પ્રશ્ન વ્યાકરણની ચર્ચા બહુ ચાલી હતી. પ્રશ્ન વ્યાકરણ એવું છે, શુભજોગ તે... શું કરશું? શુભજોગ સંવર ન હોય, કીધું. સમજાણું કાંઈ? સંવર તો આત્માનો ભાવ રાગરહિત થાય એ સંવર છે પણ એના શ્વેતાંબરના શાસ્ત્રોની લખાણની શૈલી જ એવી છે એટલે લોકો બિચારા બહારથી નીકળી શકે નહિ. 'જાદવજીભાઈ'! જુઓ!

'**ઉનકે ઉન ગુણોંસે-સમ્યક્ત્વ સહિત શુદ્ધભાવસે સિદ્ધિ...**' થાય છે. જોયું? '**સિદ્ધિ અર્થાત્ મોક્ષ ઉસકે પ્રતિ ગમન હોતા હૈ.**' ૨૮. આંકડામાં ભૂલ છે. ૨૮ લખ્યું છે. અહીંયાં તો

ભગવાનઆત્મા સચ્ચિદાનંદ પ્રભુ આત્મા શાશ્વત આનંદનું ધામ પ્રભુઆત્મા ભગવાન તીર્થંકરે કહેલો જોયેલો, જાણેલો. એવા આત્માના અંતરમાં આવો આખો પરમાનંદ છે એવી શુદ્ધની પ્રતીતિ અંદરમાં ભાનમાં આવવી, એવા સમકિત સહિત શુદ્ધભાવની વૃદ્ધિથી મોક્ષમાં જવાય છે. કોઈ રાગથી ને પુણ્યથી ને આસ્રવથી મોક્ષમાં જવાતું નથી. આહાહા..! આવી વાત છે. શાસ્ત્રનું ન માનીએ તો? અમે તો એને સંવર માનીએ છીએ. આ તો રાગ છે ને તું માન તો શું ડાળિયા થયા? આહાહા..! નિવૃત્તિ છે ને, નિવૃત્તિ છે ને? ક્યાં નિવૃત્તો હતો? એ તો અશુભ નથી, શુભમાં આવ્યો. દૃષ્ટિ તો ત્યાં છે. નિવૃત્તો ક્યાં હતો? પ્રવૃત્તિમાં પડ્યો છે. સમજાણું કાંઈ? વિકલ્પ ઊઠે, અહિંસા, સત્ય, દત્ત એ વિકલ્પ શુભરાગ છે. એના ઉપર દૃષ્ટિ છે તો પ્રવૃત્તિમાં પડ્યો છો. પંડિતજી! બરાબર છે? બહાર પ્રવૃત્તિ નથી. અંદર શુભભાવમાં દૃષ્ટિ હોય તો પ્રવૃત્તિમાં મિથ્યાત્વની પ્રવૃત્તિમાં પડ્યો છે. આહાહા..! એ રાગથી ભિન્ન ભગવાન આખો આનંદકંદ (બિરાજે છે). કલ્પ.. એવું કાંઈક છે ને તમારે? કબીરમાં એક ભજન, નથી? કલ્પ. કલ્પવેલી એવું કાંઈક છે.

એક ફેરી અમે ‘બોરડ’ ગયા હતા. એક માણસ બોલતો હતો. ઘણા વર્ષની વાત છે. કલ્પ ચિંતામણી કે એવું કાંઈક ભજન છે. કબીરનું કોઈક ભજન છે. ઘણા વર્ષ થયા. ‘અમદાવાદ’થી પેલા ‘ભુરાભાઈ’ના દીકરા નથી આવતા? ‘રતિભાઈ’. ‘ભુરાભાઈ’ હતા ને કોઈ ગૃહસ્થ હતો. ગામનો સોની હોય કે કોઈક હોય. કબીરનું ગાયન બોલ્યા હતા. અધ્યાત્મ કલ્પ વેલડી કે એવું કાંઈક હતું. બોલ્યો હતો. મકાનમાં ઉતર્યા હતા. પણ આ અધ્યાત્મ જુદી જાત છે. એ તો બધી પોતાની કલ્પનાથી (કરેલી વાતો છે).

આ તો ભગવાનઆત્મા પોતે અધ્યાત્મ એટલે અંતર સ્વરૂપ. જેનું દ્રવ્ય એટલે વસ્તુ અને શક્તિ એટલે ગુણ, એવા અનંતા ગુણોનો ધરનાર અનંતી સંખ્યાવાળું એક તત્ત્વ, એની શ્રદ્ધા ને જ્ઞાનનું પરિણમન થવું. અનંત અનંત ગુણનું પરિણમન થવું. સમજાણું કાંઈ? એને અહીંયાં સમ્યગ્દર્શન (કહે છે). અને એ સમ્યગ્દર્શનથી શુદ્ધતા વધતા વધતા શુદ્ધ થતાં શુદ્ધતાથી મુક્તિ થાય. સમજાણું કાંઈ? પેલા ભાઈ હતા ને? ‘વાડીલાલ મોતીલાલ’. નહિ? ઇ (સંવત) ૧૯૬૬માં, ૧૯૬૫-૬૬ની વાત છે. જૈન સમાચાર હું મગાવતો. ત્યાં દુકાન ઉપર. આ કબીરના બધા દોહરા હતા. કબીરના દોહરાનું બક્ષિસ આપ્યું હતું. બાર મહિના સુધી હોય ને? આપે. ભેટ તરીકે. કબીર દોહાવલી હતી. પુસ્તક ન્યાં દુકાન ઉપર હતું. દોહરા-બોહરા બધું વાંચેલું, હોં! તે દિ’. આ તો ૧૯૬૫-૬૬ની વાત છે. સંવત ૧૯૬૫-૬૬. જૈન સમાચારમાં ભેટ આવ્યું હતું. એ વખતે સારું લાગતું. વૈરાગ્યવાળું. કબીર દોહાવલી નામનું પુસ્તક ભેટ આવ્યું હતું. ‘વાડીલાલ મોતીલાલ’ તરફથી. ‘અમદાવાદ’. આ દોહાવલી જુદી જાતની છે. સમજાણું કાંઈ?

આવા આત્માઓ અનંત છે. તેથી અનંતગુણા તો પરમાણુઓ છે. એ પરમાણુની સંખ્યા કરતાં અનંતગુણા તો આકાશના પ્રદેશ છે. આહાહા..! એનું જેને અંતરમાં જ્ઞાન વર્તે, એક સમયની પર્યાયમાં આટલી તો એને કબુલાત હોય. આટલી કબુલાત જેને નથી એને તો એક

સમયની પર્યાયની પણ પ્રતીત નથી. એને સમકિત હોય નહિ ને અજ્ઞાનદશા હોય. આહા..!

એવડી એક સમયની પર્યાયની પ્રતીત. આવડો આત્મા, આકાશ, અનંતગુણા પરમાણુ ને અનંત આત્મા, એની પ્રતીત થાય એક સમયની પર્યાયનું જ્ઞાન, તો પણ એ પર્યાયદૃષ્ટિ છે, ત્યાં સુધી એ મિથ્યાદૃષ્ટિ છે. એવડી પર્યાયની જેને ખબર નથી અને શ્રદ્ધા નથી એ તો તીવ્ર મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..! સમજાણું કાંઈ? આ તો સમકિતનું ધ્યેય આખો આત્મા આવડો છે, એમ અહીં કહેવું છે. સમજાણું કાંઈ? એવો પૂર્ણાનંદ પ્રભુ, એના અંતરમાં વિશ્વાસ આવીને, માહાત્મ્ય આવીને અંદરમાં પ્રતીત ભાન થઈને થાય, એ સમકિત સહિતની શુદ્ધતા વધતી જાય, એને મુક્તિ પ્રાપ્ત થાય, એને કેવળજ્ઞાનની દશા પ્રાપ્ત થાય. અજ્ઞાનીને રાગવાળાને, ક્રિયાકાંડવાળાને તો નિગોદની દશા હળવે હળવે પામે. કદાચિત્ કોઈ શુભભાવ હોય ને સ્વર્ગમાં ભુતડા-બુતડા થાય. વ્યંતર-બ્યંતર (થાય). આહા..! સમજાણું કાંઈ?

**ભાવાર્થ :- 'પહલે કહા કિ-દેહાદિ વંદને યોગ્ય નહીં હૈ, ગુણ વંદને યોગ્ય હૈ. અબ યહાં ગુણ સહિતકી વંદના કી હૈ. વહાં જો તપ ધારણ કરકે ગૃહસ્થપના છોડકર...'** દેખો! જેણે મુનિપણું ધારણ કરી ગૃહસ્થપણું છોડ્યું છે. **'મુનિ હો ગયે હૈં ઉનકો તથા ઉનકે શીલ-ગુણ...'** જુઓ! મુનિ થયા એના તપની વ્યાખ્યા કરી. તેનો શીલગુણ આ બ્રહ્મચર્ય **'સમ્યક્ત્વ સહિત શુદ્ધભાવસે સંયુક્ત હો ઉનકી વંદના કી હૈ. યહાં શીલ શબ્દસે ઉત્તરગુણ...'** લેના. ઉત્તરગુણ છે ને બધા? સમિતિ, ગુપ્તિના ભેદો બધા. **'ઔર ગુણ શબ્દસે મૂલગુણ...'** લેના. અઠ્ઠાવીસ મૂળગુણ. એટલે મૂળગુણ અને ઉત્તરગુણ. ઘણા ભેદ છે ને? ઉત્તરગુણના તો ઘણા ભેદ છે. શીલ આવે છે? અઢાર હજાર શીલામૃત ધારા. અઢાર હજાર. સમજ્યા ને? ઇ આવશે આગળ ક્યાંક અર્થમાં. એવું શીલ અને ગુણ શબ્દે અઠ્ઠાવીસ મૂળગુણ.

**'બ્રહ્મચર્ય શબ્દસે આત્મસ્વરૂપમેં મગ્નતા સમજના ચાહિયે.'** પહેલા બે બહારની વાત કરી, ભેદની. આ તો અભેદ આવ્યું. બ્રહ્મચર્ય. બ્રહ્મ નામ ભગવાનઆત્મા, એનું નામ બ્રહ્મ નામ અંતરમાં આનંદમાં રમણતા કરવી એનું નામ બ્રહ્મચર્ય છે. આહાહા..! સમજાણું કાંઈ? **'બ્રહ્મચર્ય શબ્દસે આત્મસ્વરૂપમેં મગ્નતા સમજના ચાહિયે.'** લ્યો. ચર્યા એટલે લીનતા. શેમાં? કે બ્રહ્મ. ભગવાન બ્રહ્માનંદ પ્રભુ, એમાં વિકલ્પ રહિત લીનતા (થવી), એનું નામ સ્વરૂપમાં લીનતા અને બ્રહ્મચર્ય કહ્યું છે. એવા જીવને 'કુંદકુંદાચાર્ય' કહે છે કે હું નમન કરું છું. એ ગુણને વંદન છે પણ શરીર આદિને નથી. વિશેષ કહેશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

आगे कोई आशंका करता है कि–संयमीको वंदने योग्य कहा तो समवसरणादि विभूति सहित तीर्थंकर हैं वे वंदने योग्य हैं या नहीं ? उसका समाधान करनेके लिये गाथा कहते हैं कि– जो तीर्थंकर परमदेव हैं वे सम्यक्त्वसहित तपके माहात्म्यसे तीर्थंकर पदवी पाते हैं वे भी वंदने योग्य हैं :–

## ગાથા-૨૯

चउसट्ठिचमरसहिओ चउतीसहि अइसएहिं संजुत्तो।
[1]अणवरबहुसत्तहिओ कम्मक्खयकारणणिमित्तो[2]।।२९।।

चतुःषष्ठिचमरसहितः चतुस्त्रिंशद्भिरतिशयैः संयुक्तः।
अनवरतबहुसत्त्वहितः कर्मक्षयकारणनिमित्तः।।२९।।

ચોસઠ ચમર સંયુક્ત ને ચોત્રીસ અતીશય યુક્ત જે;
બહુજીવહિતકર સતત, કર્મવિનાશકારણ - હેતુ છે. ૨૯.

अर्थ :– जो चौसठ चंवरोंसे सहित हैं, चौतीस अतिशय सहित हैं, निरन्तर बहुत प्राणियोंका हित जिनसे होता है ऐसे उपदेशके दाता हैं, और कर्मके क्षयका कारण हैं ऐसे तीर्थंकर परमदेव हैं वे वंदने योग्य हैं।

भावार्थ :– यहाँ चौसठ चंवर, चौतीस अतिशय सहित विशेषणोंसे तो तीर्थंकरका प्रभुत्व बताया है और प्राणियोंका हित करना तथा कर्मक्षयका कारण विशेषणसे दूसरेका उपकार करनेवालापना बताया है, इन दोनों ही कारणोंसे जगतमें वंदने पूजने योग्य हैं। इसलिये इसप्रकार भ्रम नहीं करना कि–तीर्थंकर कैसे पूज्य हैं, यह तीर्थंकर सर्वज्ञ वीतराग हैं। उनके समवसरणादिक विभूति रचकर इन्द्रादिक भक्तजन महिमा करते हैं। इनके कुछ प्रयोजन नहीं है, स्वयं दिगम्बरत्वको धारण करते हुए अंतरीक्ष तिष्ठते हैं ऐसा जानना।।२९।।

---

१. अणुचरबहुसत्तहिओ (अनुचरबहुसत्वहितः) मुद्रित षट्प्राभृतमें यह पाठ है।
२. 'निमित्ते' मुद्रित षट्प्राभृतमें ऐसा पाठ है।

## પ્રવચન નં. ૧૯, ગાથા-૨૯ થી ૩૧, શનિવાર, જેઠ વદ ૯, તા. ૨૭-૬-૧૯૭૦

આ 'અષ્ટ પાહુડ', એમાં દર્શનપાહુડનો અધિકાર (ચાલે છે). ૨૯મી ગાથા. **'આગે કોઈ આશંકા કરતા હૈ કિ...'** કોઈને એવી શંકા સમજવા માટે થાય કે **'સંયમીકો વંદને યોગ્ય કહા...'** તમે તો એમ કહ્યું કે જેને સમ્યગ્દર્શન હોય, આત્માનું સમ્યક્ ભાન, જ્ઞાન અને ચારિત્ર હોય એ વંદન કરવા લાયક છે. જેને મોક્ષમાર્ગ અંદર હોય. ચૈતન્ય આત્મા, એનો એને અનુભવ હોય. જે ધર્મનું પહેલું રૂપ-સ્વરૂપ (છે). રાગ ને પુણ્યના વિકલ્પથી જુદો એવું આત્માનું જ્ઞાન અને શ્રદ્ધાન એ પહેલી ચીજ હોય. એ ઉપરાંત સ્વરૂપમાં લીનતા, સંયમ ચારિત્ર હોય તો એ વંદન કરવા લાયક છે. **'તો સમવસરણાદિ વિભૂતિ સહિત તીર્થંકર હૈં વે વંદને યોગ્ય હૈ યા નહીં?'** તો તીર્થંકરને તો એટલી મોટી વિભૂતિ હોય કે (એવી વિભૂતિ) સાધારણ પ્રાણીને હોય નહિ. ઇન્દ્રો આવીને સમવસરણ-ધર્મસભા રચે. ચોસઠ ચામર ઢાળે, ચોત્રીસ અતિશય હોય. કહો સમજાણું? સંયમ તો ક્યાં, ત્યાં સંયમ રહ્યો નહિ. સેઠી! તો વંદવા યોગ્ય છે કે નહિ? એનામાં ગુણ છે કે નહિ? એમ કહે છે. ગુણ વંદનિક માથે કહ્યું છે ને? (ગાથા-૨૭). 'ण वि देहो वंदिज्जइ' ગુણ વંદવા લાયક છે તો આમાં ક્યાં (ગુણ આવ્યા)? આ તો (સમવસરણની વિભૂતિ છે). એય..! ઇન્દ્રોને પણ આશ્ચર્ય થાય એવો તો જેનો સ્વભાવભાવ હોય. અને ચોસઠ ચામર દેવો ઢાળે આમ. ખમા.. ખમા..! જુઓને આ પવન ન હોય તો ચોપડી આમ રાખવી પડે છે ને. એમ ન રખાય, હોં! ચોપડી, એમ કહું છું. ગરમી હોય તો કાંઈ ચોપડી વાંચવાની પવન માટે રખાય? એને તો ઇન્દ્રો પુણ્યને કારણે ભક્તિથી ચોસઠ ચામર નાખતા. એને કાંઈ ઠંડી, ગરમી (લાગતી નથી). એને કાંઈ પરસેવો થાતો નહોતો. સેઠી! એને કાંઈ પરસેવો નહોતો. મહા ગુણવંત પરમાત્મા એ તો સર્વજ્ઞ હતા. એ **'વંદવા યોગ્ય હૈં યા નહીં? ઉસકા સમાધાન કરનેકે લિયે ગાથા કહતે હૈં કિ-જો તીર્થંકર પરમદેવ હૈં...'** એ તો પરમ પરમાત્મદશા જેને અંતર પ્રગટી, દિવ્યશક્તિ પ્રગટી. સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્રના બળ વડે (પરમાત્મદશા પ્રગટી છે). જુઓ! આ ધર્મ! અંતર આત્માના પૂર્ણ સ્વભાવની અનુભવ, પ્રતીત અને રમણતા (થવી) એ ધર્મ (છે). એ ધર્મ દ્વારા ભગવાનને કેવળજ્ઞાન થયું, એને પૂર્ણ ગુણ પ્રગટ થયા. સમજાણું?

**'સમ્યક્ત્વસહિત તપકે માહાત્મ્યસે...'** ભગવાન તો પૂર્વે આત્માના આનંદસ્વરૂપનો અનુભવસહિત તપ એટલે સંયમ, ચારિત્ર સહિત ભગવાન હતા. એના માહાત્મ્યથી તીર્થંકર પદવી પામ્યા. **'વે વંદને યોગ્ય હૈં :-'** એ ખુલાસો અહીંયાં ૨૯ ગાથામાં કરે છે.

**चउसट्ठिचमरसहिओ चउतीसहि अइसएहिं संजुत्तो।**
**अणवरबहुसत्तहिओ कम्मक्खयकारणणिमित्तो।।२९।।**

**અર્થ :- 'જો ચૌંસઠ ચંવરોસે સહિત હૈં,...'** ભગવાને આત્માનું ધ્યાન કરી અનુભવ કરી,

જે ધર્મનું મૂળ રૂપ છે. આત્માના અતીન્દ્રિય આનંદને સમ્યગ્દર્શનમાં, સમ્યગ્જ્ઞાનમાં પ્રથમ પ્રાપ્ત કરી અને સ્વરૂપની સ્થિરતાના સંયમ દ્વારા, એમાં કોઈ વિકલ્પ રહી ગયો એમાં તીર્થંકર ગોત્ર બંધાઈ ગયું. છતાં એ વિકલ્પને તોડીને જેણે વીતરાગતા પ્રગટ કરી અને વીતરાગતા પછી એને કેવળજ્ઞાન, અનંતદર્શન, અનંતઆનંદ ભગવાનને પ્રગટ થયા. એવા ભગવાન ચોસઠ ચામર સહિત છે છતાં એ વિભૂતિ કંઈ એની નથી, એ તો પુણ્યને લઈને, દેવો ભક્તિને લઈને ચામર ઢાળે છે. આ પવન ગરમી પડતી હશે માટે ભગવાનને માટે કરતા હશે? નહિ. આ ઠાકોરને નથી કરતા? શિયાળો હોય તો અગ્નિ તાપે. સાંભળ્યું છે કે નહિ? સાંભળ્યું છે, આપણે દેખ્યું કે દિ' હોય? ઠાકોરની પ્રતિમા હોય ને? શિયાળામાં એને અગ્નિ સગડી તાપે. ઉનાળામાં પંખા નાખે. પંખા નાખે. ભગવાનને ન્યાં ક્યાં (ગરમી લાગે)? એ.. 'નવનીતભાઈ'! કેટલા ભોગ ચડાવે. ભોગનો કાળ છે, ભોગના દર્શન છે, આજ ફલાણાના દર્શન છે. ભાગ્યાભાગ કરે માણસ. 'અમરેલી'માં બહુ જોયેલું. અપાસરાની જોડે હતું. ભાગે બાઈ એકદમ. આહાહા..! દર્શન કરવા. કોના દર્શન?

અહીં તો આત્મા પૂર્ણ આનંદ ને પૂર્ણ જ્ઞાનનો સ્વભાવ (છે) એવો અંતરમાં અનુભવ થઈને જે કર્તવ્યમાં કર્તવ્ય કરવાનું છે તે આ. સમજાણું કાંઈ? એવો અનુભવ કરીને સ્વરૂપમાં લીન થયા એમાં વચ્ચે કોઈ વિકલ્પ રહી ગયો હતો તો તીર્થંકર ગોત્ર બંધાઈ ગયું. પણ એ વિકલ્પને તોડીને પછી કેવળજ્ઞાન પામ્યા. સમજાણું કાંઈ? વિકલ્પથી ને તીર્થંકર પ્રકૃતિથી પામ્યા નથી.

મુમુક્ષુ :- તોડના ક્યા?

ઉત્તર :- વિકલ્પકા અભાવ કર દિયા. તોડને કા અર્થ ક્યા? એ તો રાગ છે. રાગ કા અભાવ કરકે વીતરાગતા લિયા. તબ કેવલજ્ઞાન પાયા. સમજાણું કાંઈ? આહા..!

**'ચૌંસઠ ચંવરોંસે સહિત હૈં, ચૌંતીસ અતિશય સહિત હૈં,...'** એ પુણ્યનો પ્રભાવ બતાવ્યો. **'નિરંતર બહુત પ્રાણિયોંકા હિત જિનસે હોતા હૈ...'** એવી વાણી ભગવાનની છે. સાંભળનાર પ્રાણીને હિત થવામાં વીતરાગની વાણી નિમિત્ત છે. સમજાણું કાંઈ? પરમાત્મા તીર્થંકર થાય (ત્યારે) ૐ... ધ્વનિ આખા શરીરમાંથી (નીકળે). અને જીવ... શું કીધું? જુઓ! '**अणवरतबहुसत्त्वहित:**' **'નિરંતર બહુત પ્રાણિયોંકા હિત જિનસે હોતા હૈ...'** બહુ પ્રાણીનું છે ને? અને નિરંતર. વાણી એવી છે. રૂડા જીવો ભગવાનની વાણી સાંભળે, સભામાં આત્મદર્શન પામે. એમાં નિમિત્ત છે, એ વાણી કંઈ પમાડતી નથી. પણ ભગવાનની વાણીમાં એમ આવ્યું હોય છે કે ભાઈ! આત્મા તું પોતે પ્રભુ પૂર્ણાનંદનો નાથ છો. તું ક્યાં શોધવા રાગમાં અને પરમાં જાય છે. તારો પ્રભુ તારી પાસે પૂરો પડ્યો છે. એ પામર નથી, એ ભિખારી નથી, એ સંસારી નથી. સમજાણું કાંઈ? એમ વીતરાગની વાણીમાં પૂર્ણ ઉત્સાહ ભરેલી વાણી (આવે છે). તું પૂર્ણ છો ને, ભાઈ! જ્યાં નજર નાખવાની છે એ તો પૂર્ણ વસ્તુ છે. આહાહા..! એમાંથી સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર એ અંતરના સ્વભાવમાંથી અંતર્મુખ થયે પ્રગટ થાય છે. એવી

ભગવાનની વાણી સાંભળીને ઘણા અંતર્મુખ થઈને સમ્યગ્દર્શન, જ્ઞાન પામે છે. સમજાણું કાંઈ?

**'નિરંતર બહુત પ્રાણિયોંકા હિત...'** ઘણા જીવો. જુઓ! દેડકા જેવાના જીવ હોય. લ્યો! આમ ડ્રાઉં ડ્રાઉં કરે. એકદમ વાણીનો ધોધ છૂટતો હોય અંદરથી. સાક્ષાત્ ૐસ્વરૂપ ભગવાન દેવાધિદેવ અમે છીએ, એવો જ તું દેવાધિદેવ છો. આહાહા..! એ વીતરાગની વાણીમાં આવું આવે. સમજાણું કાંઈ? લ્યો, આ વળી યાદ આવ્યું. વીતરાગની વાણી એમ કે ભગવાને દીઠું હશે (એમ થશે). વીતરાગની વાણી બધા જીવને હિતકારી હોય એમ કહ્યું ને? સમજાણું? એ વાણીમાં એવું આવે કે પેલો સાંભળે તો એને અંતરમાં ઊતરવાનું મન થાય અને તેથી એના હિતમાં નિમિત્ત કહેવામાં આવે. એવી વાત છે. એ.. શું કહ્યું આ? તે દિ' ક્યાં હતા તમે? એ તો (સંવત) ૧૯૭૨ની વાત છે. સાંભળ્યું હતું તમે? ૧૯૭૨-૭૨, કેટલા વર્ષ થયા? ૨૮ + ૨૬ = ૫૪. ૫૪ વર્ષ પહેલાની વાત છે. ભગવાને દેખ્યા હોય એ ભવ થાય. ભગવાનની વાણી આવી ન હોય. એ.. 'સેઠી'! વાણી એવી ન હોય. વીતરાગની વાણી-ભવનો અભાવ જેણે કર્યો એની વાણી ભવના અભાવની હોય. સમજાય છે કાંઈ? સર્વજ્ઞ પરમેશ્વર.... અહીં ભાષા શું છે? જુઓને! 'કુંદકુંદાચાર્ય'ની શું શૈલી છે જુઓ! 'કુંદકુંદાચાર્યે' કહ્યું હતું. ભગવાને પણ એવો જ ઉપદેશ કર્યો છે.

અમે પણ સમ્યગ્દર્શન ધર્મ પામ્યા એ પહેલા પૂર્ણ પરમાત્મા અરિહંત થઈ ગયા એના દ્રવ્ય, ગુણ, પર્યાય જાણીને અમે અંતરમાં ઉતર્યા ત્યારે અમને સમ્યગ્દર્શન થયું. એવો જ ઉપદેશ ભગવાનની વાણીમાં આવે. સમજાણું કાંઈ? એથી '**अणवरतबहुसत्त्वहितः**' નિરંતર અનંત ઘણા પ્રાણીઓ, અનંત તો ન હોય, સંખ્યાત હોય. સમજાણું કાંઈ? અસંખ્યાતા સમકિતી છે પણ એ કાંઈ બહાર સાંભળવા ન આવે. પશુ છે ને? અહીં તો સંખ્યાતા સાંભળવા આવે. દેવ હોય, મનુષ્ય હોય કે પશુ (હોય) પણ વાણી વીતરાગની (આવી હોય). જુઓ! આ વાણીની પુણ્યની વાત કરે છે, હોં!

**'નિરંતર બહુત પ્રાણિયોંકા હિત જિનસે હોતા હૈ...'** જેનાથી હોય એવા એ ભગવાનની વાણી હોય. આહાહા..! જગાડી દે આમ, જાગ રે જાગ! પ્રભુ! તું પૂર્ણ પ્રભુ છો ને. તારા વિકલ્પમાં પણ આવવું એ તારી જાત નથી. આહાહા..! અમારી તરફ સાંભળવાનો વિકલ્પ એ પણ તારો સ્વભાવ નથી, એમ ભગવાન કહેતા. આહાહા..! સમજાણું કાંઈ? એના અંતરમાં જા. ભગવાન બિરાજે છે. પરમાત્મા, તું પોતે પરમાત્મા છો. આહાહા..! દયા, દાન ને વ્રત, ભક્તિના વિકલ્પો રાગ (છે). એ તારા સ્વભાવમાં નથી, એનાથી તારું હિત નથી. તારું હિત તો અંદર ભર્યું છે, ભગવાન! એમ કહ્યું ને? **'નિરંતર બહુત પ્રાણિયોંકા હિત જિનસે હોતા હૈ ઐસા ઉપદેશકે દાતા હૈં,...'** દેખો! એવા ઉપદેશના દાતા છે. એય...! 'દેવાનુપ્રિયા'! આવી વાણી હોય.

મુમુક્ષુ :- અત્યારે એમ જ છે.

ઉત્તર :- નહિતર એમ કહે, ભગવાન જાણે ભાઈ. ક્યારે અમારે ભવ ઘટશે. હવે સાંભળને! ભવ કેવા વસ્તુમાં? ભગવાનઆત્મામાં ભવ કેવા અને ભવના કારણ કેવા અંદરમાં?

એવી વાણી વીતરાગ કહીને અનુભવ કરાવે, એમ કહે છે, ભાઈ! આહાહા..! આમ અનુભવ કર, ભગવાન! ભાઈ! જોને તું. તારામાં પૂર્ણ આનંદ અને જ્ઞાન પડ્યું છે, પ્રભુ! એ તારી પ્રભુતાથી પૂર્ણ પ્રભુ (છે) એને સંભાળને. એમ વીતરાગની વાણી આવે, કહે છે. 'રામજીભાઈ'! આહાહા..!

ઘણા પ્રાણી (એમ) ભાષા લીધી છે ને? સંખ્યા નથી લીધી. '**बहुसत्त्व**' નામ જીવો. ભાષા '**सत्त्व**' લીધી છે. આહાહા..! '**सत्त्व**' ઘણા જીવો જે સત્ત્વવાળા જીવ છે એના હિતની વાણી ભગવાનની આવે છે. સુખની પ્રાપ્તિના ઉપાયની વાણી એમાં આવે છે. સમજાણું કાંઈ? તારા ઘરમાં જા. પરઘરથી પાછો વળ, એવી વાણી વીતરાગની હોય છે, લ્યો! કહે છે. સમજાણું કાંઈ?

**'ઔર કર્મકે ક્ષયકા કારણ હૈ...'** દેખો! કર્મના ક્ષયનું કારણ કહેવું, આત્માના ગુણની પર્યાયને, એ નિમિત્ત. એને ઠેકાણે ભગવાનની વાણી અને ભગવાન કર્મના ક્ષયનું કારણ (કહ્યું). ભાઈ! ક્ષયોપશમનું કે ઉપશમનું (કારણ) એમ નહિ. ભાષા તો જુઓ! છે ને? મૂળ પાઠ છે. ઇ તો હેતુ છે આખો. મૂળમાં ભાવ કરાવે એવી વાણી વીતરાગની હોય, એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? પૂર્ણ આનંદનો પ્રભુ, શાંતિનો સાગર તું છો, ભાઈ! તારી નજરને આળસે સંસાર રહી ગયો છે. સમજાણું કાંઈ? જ્યાં નજર નાખ તો આનંદનો કંદ પ્રભુ, આનંદધામ અતીન્દ્રિય સ્વાદનું સરોવર છે એ તો. એને કાંઠે અંદરમાં જા અને મીઠા, મધુરા આનંદના પીણા પી, એમ કહે છે. આહાહા..! સમજાય છે? વિષયના ભોગની રુચિનું તો વિરેચન કરાવી નાખે. એ આવી ગયું છે ને પહેલું? જિનવચન વીતરાગના કેવા હોય? રેચ કરાવી નાખે આમ. આહા..! અરે..! પ્રભુ! તારામાં આનંદ છે ને! પ્રભુ! આ વિષયમાં સુખની કલ્પના! ક્યાં ગયો તું? સમજાય છે કાંઈ? જ્યાં નથી ત્યાં ગયો, આ શું તને થયું? ભગવાન અંદર (છે).

એવી વાણી આવે કે વિષયની સુખબુદ્ધિનો તો રેચ કરાવી નાખે, ઝાડા કરાવી નાખે. આવા પરમાત્મા તીર્થંકરદેવ કેવળજ્ઞાનીની સમવસરણમાં વાણી નીકળે. ઇન્દ્રો હોય, ગણધરો હોય. આહાહા..! એટલે કે પર તરફના ભાવને હણાવે એવી એની વાણી હોય. 'ધીરૂભાઈ'! લ્યો, આ વીતરાગની વાણી આવી હોય. એવી શૈલી (છે). કારણ કે પોતે સર્વજ્ઞ થયા એ પહેલા જ્યારે તીર્થંકર ગોત્ર બાંધ્યું ત્યારે વિકલ્પ તો એવો હતો કે હું પૂર્ણ થાઉં અને જીવો ધર્મને પામે. તો એની વાણીમાં તો ધર્મ પામવાનું જ એ નિમિત્ત હોય. પડવાનું, હેઠે જવાનું, પાછું ફરવાનું એ વાણીમાં હોય નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

**'કર્મકે ક્ષયકા કારણ હૈ ઐસે તીર્થંકર પરમદેવ હૈં વે વંદને યોગ્ય હૈં.'** ગણધરો અને ઇન્દ્રોને પણ વાંદવા લાયક છે. એ વિભૂતિ તો લોકો, ઇન્દ્રો કરે છે, એમાં એને શું છે? સમજાણું કાંઈ?

**ભાવાર્થ :- 'યહાં ચૌંસઠ ચંવર સહિત અતિશય સહિત વિશેષપનેસે તો તીર્થંકર કા**

**પ્રભુત્વ બતાયા હૈ...**' બહારની પુણ્યપ્રકૃતિ, હોં! તીર્થંકર એટલે અંદર સ્વભાવની નહિ. '**ઔર પ્રાણિયોંકા હિત કરના તથા કર્મક્ષયકા કારણ વિશેષણસે દૂસરે ઉપકાર કરનેવાલાપના બતાયા હૈ,...**' લ્યો. બેય. પરના ઉપકારમાં નિમિત્ત ઇ. જુઓ! વ્યવહાર આવ્યો. વ્યવહાર પણ આવો હોય એનો, એમ કહે છે.

મુમુક્ષુ :-

ઉત્તર :- હિતમાં નિમિત્ત છે ને. ઉપકાર કરનાર જે પોતાનો આત્મા અંદરમાં (છે), એને વાણીમાં આવે છે. ભગવાનની વાણીમાં. પૂર્ણ આનંદનું ધામ સરોવર સ્વયંભૂ દરિયો છો. ભાઈ! તારામાં અતીન્દ્રિય આનંદનો સ્વયંભૂ સમુદ્ર છો. એમાં નજર નાખ. એવી વાણીમાં નિમિત્તપણું હોય છે એથી તે સર્વ જીવનું હિત કરવામાં, ઉપકાર કરવામાં ઉપકારી કહેવામાં આવે છે. ઉપકાર જેને આત્માનો અંદરમાં થાય તેને વાણી ઉપકાર કરે એમ કહેવામાં આવે છે. જે આત્માઓએ ભગવાનની વાણી સાંભળી, તીર્થંકરની વાણી સાંભળી, કેવળી પણત્તો ધમ્મો શરણં, એમ આવ્યું કે નહિ? એવી વાણી સાંભળીને જે આત્માનું અંતરમાં હિત કરનારા છે, અંતરમાં આત્માનો ઉપકાર કરનારા (છે), પોતે દેવ, પોતે ગુરુ ને પોતે ધર્મ. એમ ભગવાનની વાણીમાં આવ્યું હતું. સમજાણું કાંઈ? એવું જેણે અંતરમાં આત્માને ઢંઢોળી, ખોળીને શોધી લીધો છે. અને એના ઘોલનમાં જે વર્તે છે, એવા ધર્મીને જીવે પોતે પોતાનો ઉપકાર કર્યો છે એને વીતરાગની વાણી વ્યવહારે ઉપકાર (કરે) છે, એમ કહે છે. સમજાણું કાંઈ? અહીં તો ઉપકાર થાય જ એની વાત છે. વીતરાગની વાણી સાંભળનારને અંદરમાં લાયક-પાત્ર હોય એને જ એ વાણી નિમિત્ત આવે. ત્યારે એને ઉપકારી કહેવામાં આવે. સમજાણું કાંઈ?

'**ઉપકાર કરનેવાલાપના બતાયા હૈ, ઇન દોનોં હી કારણોંસે જગતમેં વંદને પૂજને યોગ્ય હૈં. ઇસલિયે ઇસપ્રકાર ભ્રમ નહીં કરના કિ-તીર્થંકર કૈસે પૂજ્ય હૈં,...**' સમજાણું કાંઈ? '**તીર્થંકર સર્વજ્ઞ વીતરાગ હૈં,...**' હવે ગુણ લીધો. એ તો પૂર્ણ સર્વજ્ઞ પરમાત્મા. બહારની ઋદ્ધિ તો ઇન્દ્રો પોતાની ભક્તિથી અંદર કરે. એને કાંઈ લેવાદેવા નથી. એને કાંઈ ચામર સાથે સંબંધ નથી અને સમવસરણ સાથે નથી, વાણી સાથે સંબંધ નથી. ઓ..હો...! સમજાણું કાંઈ? તીર્થંકર તો સર્વજ્ઞ છે. એક સમયમાં ત્રણકાળ ત્રણલોક જાણનારા અને વીતરાગ (છે). પહેલા વીતરાગ થયા પછી સર્વજ્ઞપણું થાય છે તો સર્વજ્ઞ વીતરાગ છે. એને કાંઈ આ ચામર ઢાળે માટે સુખ-શાંતિ મળે એમ હશે? વાણી નીકળે માટે ઠીક થાય છે એમ છે અંદર? વાણીને કારણે વાણી નીકળે છે. સમજાણું? જુઓ! આ તીર્થંકર એટલે સર્વજ્ઞ વીતરાગ ગુણે આવા હોય અને પુણ્યમાં આવા હોય, એમ બતાવે છે. સમજાણું કાંઈ? ઇ ગુણી છે માટે વંદવા લાયક છે.

'**ઉનકે સમવસરણાદિક વિભૂતિ રચકર ઇન્દ્રાદિક ભક્તજન મહિમા કરતે હૈં.**' દેખો! એ તો ઇન્દ્રો આવીને ભક્તિ (કરે છે કે) ઓ..હો..! પ્રભુ! સમવસરણની રચના (થાય), દેવો આવીને ચામર ઢાળે, આવે છે ને? એવા ચામર કે બગલાંની પાંખ જેવા. આવે છે ને ઓલામાં? .... સ્તુતિમાં આવ્યું છે. જાણે બગલાંની પંક્તિ ઊંચી નીચી થતી હોય એવા ધોળા, ઉજળા

ચામર દેવો વીંઝે. શું કરવા? ભગવાનને શાતા થવા માટે, એમ હશે? એ તો અનંત આનંદમય છે. એને શાતા પરથી ક્યાં લેવી છે ને દેવી છે. જેને અનંત આનંદની કળી ખીલી ગઈ છે. પૂરી. પરની સાથે કાંઈ સંબંધ નથી. એ તો વીતરાગ છે. આહા..! ભક્તજનો પોતાની ભક્તિથી મહિમા કરે.

**'ઇનકે કુછ પ્રયોજન નહીં હૈં,...'** ઇનકે કુછ પ્રયોજન નહીં હૈ. ભગવાનને કાંઈ પ્રયોજન નથી. **'સ્વયં દિગંબરત્વકો ધારણ કરતે હુએ અંતરિક્ષ તિષ્ઠતે હૈં...'** લ્યો. ભગવાન તો દિગંબર છે, આમ વસ્ત્રનો તાણો પણ તીર્થંકરને હોય નહિ અને અંતરિક્ષ સિંહાસનથી ઊંચે બેઠા હોય. હેઠે સિંહાસનને અડે નહિ. આહાહા..! જુઓ! આવા દેવનું સ્વરૂપ વર્ણવે છે ભેગા અને એને સર્વજ્ઞ અને વીતરાગતા હોય છે એ વંદવા અને આદરવા લાયક છે. સમજાણું કાંઈ?

**'સ્વયં દિગંબરત્વકો ધારણ કરતે હુએ...'** નગ્નમુનિ છે એ તો. તીર્થંકર છે એ કેવળ પામ્યા. નગ્ન હોય છે. શરીર તદ્દન નગ્ન દિગંબર. **'અંતરિક્ષ તિષ્ઠતે હૈં....'** બેસવાનું પાછું કોઈ કહે, સિંહાસન છે ને? આ બધા સમવસરણ ને (બધું છે ને). ઇ તો અધ્ધર બેસે છે. સિંહાસનથી અધ્ધર હોય. આહાહા..! સમજાણું કાંઈ? **'ઐસે જાનના.'** લ્યો.

**आगे मोक्ष किससे होता है सो कहते हैं :–**

## ગાથા-૩૦

**णाणेण दंसणेण य तवेण चरियेण संजमगुणेण।**
**चउहिं पि समाजोगे मोक्खो जिणसासणे दिट्ठो।।३०।।**

**ज्ञानेन दर्शनेन च तपसा चारित्रेण संयमगुणेन।**
**चतुर्णामपि समायोगे मोक्षः जिनशासने द्दष्टः।।३०।।**

**સંયમ થકી, વા જ્ઞાન-દર્શન-ચરણ-તપ છે ચાર જે;**
**એ ચાર કેરા યોગથી, મુક્તિ કહી જિનશાસને. ૩૦.**

**अर्थ :– ज्ञान, दर्शन, तप और चारित्रसे इन चारोंका समायोग होने पर जो संयमगुण हो उससे जिन शासनमें मोक्ष होना कहा है।।३०।।**

### ગાથા-૩૦ ઉપર પ્રવચન

**'આગે મોક્ષ કિસસે હોતા હૈ સો કહતે હૈં :-'** લોકો કહે છે ને? અમારે સુખ કેમ પ્રાપ્ત થાય? ધર્મ કેમ થાય? મુક્તિ કેમ થાય? આ પ્રમાણે ભગવાન 'કુંદકુંદાચાર્ય' કહે છે.

**णाणेण दंसणेण य तवेण चरियेण संजमगुणेण।**
**चउहिं पि समाजोगे मोक्खो जिणसासणे दिट्ठो।।३०।।**

ઓ..હો..હો...! 'કુંદકુંદાચાર્ય' કહે છે, જૈનશાસનમાં આમ કહેવામાં આવ્યું છે. જૈનશાસનમાં આ રીતે લખ્યું છે. વીતરાગમાર્ગમાં આ રીતે કહ્યું કે, '**જ્ઞાન...**' આત્માનું જ્ઞાન-સ્વસંવેદનજ્ઞાન. આત્મા અંદર વસ્તુ ચૈતન્યબિંબ છે એનું જ્ઞાન એ મોક્ષનું કારણ છે. આત્માનું '**દર્શન,...**' આત્માની નિર્વિકલ્પ પ્રતીતિ એ સુખનું કારણ અને ધર્મરૂપ મોક્ષનું કારણ (છે). '**તપ,...**' એટલે ઇચ્છાનિરોધ. અતીન્દ્રિય આનંદની ઉગ્રતા એ વડે. અને '**ચારિત્રસે...**' બેય મૂક્યા છે ને.

'**ઇન ચારોંકા સમાયોગ હોને પર...**' '**संजमगुणेण**' '**चरियेण संजमगुणेण**' એ શબ્દ ન આવ્યો. ઇ પછી બધું છે, જોયું? '**ઇન ચારોંકા સમાયોગ હોને પર જો સંયમગુણ હો...**' એમ નાખ્યું છે. '**चउहिं पि समाजोगे मोक्खो जिणसासणे दिट्ठो**' સમજાણું કાંઈ? ચારેયના મેળથી અંદર સંયમપણું પ્રગટ્યું છે. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર અને તપ ઇચ્છાનિરોધ, એ ચારના સમાયોગે અંદરમાં પરથી હઠી અને સ્વરૂપમાં સ્થિરતા જામી છે એવા સંયમગુણ વડે કરી '**જિન શાસનમેં મોક્ષ કહા જાતા હૈ.**' વીતરાગમાર્ગમાં આ કારણે મોક્ષ થાય એમ કહ્યું છે. સમજાણું કાંઈ? ભગવાને તો આમાં એમ પણ ન કહ્યું કે મારી ભક્તિથી તારો મોક્ષ થાશે. એમાં ક્યાંક આવી જતી હશે. આમાં ક્યાંક આવી છે. સમજાણું? તપમાં આવી જાય. તપમાં આવે છે ને? ચારિત્રમાં વ્રત આવે, વિકલ્પ છે અને તપમાં આવે છે ને? અનશન, ઉણોદરી, વિનય ને વૈયાવચ્ચ નથી આવતું? એમાંથી કાંઈક થાતું હશે. આ તો ત્યારે સંયમપણું વીતરાગી પર્યાય છે એ મોક્ષનું કારણ છે એમ કહે છે. તેથી તો સંયમ કીધો છે. સમ-યમ. સમ્યક્ પ્રકારે આત્માના અનુભવ સહિત અંદરમાં યમ એટલે લીનતા થવી એ મોક્ષનું કારણ છે. આહાહા..!

અહીં તો એવી વાત છે કે જેને જન્મ-મરણથી છૂટવાની વાત હોય એની વાત છે. ક્યાંક મીઠાશ સ્વર્ગમાં ને શેઠાઈમાં ને રાજમાં ને ચક્રવર્તીપણામાં રહી જાય એને સંસાર જોવે છે, એને મોક્ષ જોતો નથી. આહાહા..! એને મોટપ જોવે છે. બહારની (મોટપ). એ મોટપવાળાનો આ માર્ગ નથી, કહે છે. આહા..! સમજાણું કાંઈ?

જૈનશાસન વિષે એમ ભાષા કરી છે ને? વીતરાગ શાસનમાં. જૈનશાસન કોને કહ્યું ત્યાં? પંદરમી ગાથામાં જુઓને! શુદ્ધઉપયોગ ભાવશ્રુતજ્ઞાન તે જૈનશાસન. ઠીક! સમજાણું કાંઈ? બાળક હોય એને બહુ એવું ન કરીએ. ઇ તો ચાલે. સમજાણું કાંઈ? પોતે બાળક હતા ત્યારે એવા હતા, એમ યાદ કરીને સમાધાન રાખવું. એ તો બાળક છે તો હલે. .... ... જાય છે તો શું થયું?

મુમુક્ષુ :- માથુ મારે.

ઉત્તર :- માથુ મારે. વાંધો ઇ હતો. માથુ મારે. એમાં કાંઈ નહિ, બાળક છે. નાના બાળક ઇ બિચારા આવ્યા છે ને બેઠા છે ને. કહો, સમજાણું કાંઈ? અહીં સૂવું ન જોઈએ, હોં! છોકરાઓએ ધ્યાન રાખવું અને ભીંતને ઓથે ન બેસવું જોઈએ. એ તો ઘરડા હોય એ ભીંતને ઓથે બેસે, છોકરાઓ ભીંતને ઓથે બેસે? અહીં કહે છે,... આહાહા..! ખાવું હોય તો કાંઈ ભીંતની ઓથે બેઠા બેઠા ખવાય? તોય આમ કરવું પડે.

મુમુક્ષુ :- તોય વાંકુ વળવું પડે.

ઉત્તર :- વાંકુ વળવું પડે.

મુમુક્ષુ :- ખુરશી ઉપર બેઠો હોય તોય એમ કરવું પડે.

ઉત્તર :- ખુરશી ઉપર બેઠો હોય તોય આમ કરવું પડે, થોડું તો વળવું પડે. સાંભળનારે તો... શું કહેવાય? ઊંઘની ન લેવી જોઈએ. ઊંઘની ઓથ લીધી જરી, આરામની. આહાહા..!

આવો માર્ગ ક્યાં મળે? ભાઈ! માંડ માંડ ચોર્યાશીમાંથી નીકળીને, નિગોદમાંથી નીકળીને (અહીં આવ્યો). સમજાય છે? અને નિગોદમાંથી ઘણે વખતે નીકળ્યો પણ પછી ભવમાંથી ક્યાંકથી નીકળ્યો છે ને. આહાહા..! અરે...! ભવના ભ્રમણમાં રહ્યો, ઘાણીની પેઠે પીલાણો. આહાહા..! નિગોદમાં એક શ્વાસમાં અઢાર ભવ, ગજબ વાત છે! ભગવાન કેવળી કહે છે. નિગોદ આ બટાટા, શક્કરકંદ, લીલ, ફૂગ એક શ્વાસમાં અઢાર ભવ. જન્મે ને મરે, જન્મે ને મરે. આહાહા..! ઇ આકુળતાના દુઃખો જન્મ-મરણના. ભાઈ! એ આનંદને ભૂલીને વેઠ્યા છે. વસ્તુ તો વસ્તુ રહી છે, હોં! પર્યાયમાં આવું થયું છે, ભાઈ! આહા..! તારા દુઃખની વાતું..

ત્યાં 'ભાવપાહુડ'માં તો આવશે, ભાઈ! તું મરી ગયો ને તારા મરણ પાછળ તારી માના આસું અનંતા સમુદ્ર ભરાય એટલું તારી મા પાછળ રોઈ છે. આહાહા..! સમજાય છે? તારા એટલા મરણ થયા કે મરણ પાછળ (માતાએ એટલા રૂદન કર્યા છે). વીસ-વીસ વર્ષનો જુવાન છોકરો... કીધું ને? .... એની માને કેવું થાતું હશે? એવા મરણ તેં કર્યા, ભાઈ! તારી માના આખુંના રોવાના ટીપા ભેગા કરીએ તો સ્વયંભુરમણ સમુદ્ર અનંતા ભરાય. આહા..! અનંત કાળમાં શું નથી થયું? કોને અનંતુ ન કહેવું? અને ભાન થાય તો જ અનંતુ જ્ઞાન અને અનંતો આનંદ આવે, કહે છે. એ પણ અનંત છે અને પેલું પણ અનંત છે. આહાહા..! સમજાણું કાંઈ?

અરે..! દુઃખના દાઝ્યા આઠ આઠ વર્ષના રાજકુમારો (કહે છે), એ... મા! મને ક્યાંય શાંતિ નથી. મને હવે જવા દે, બા! તારે એકવાર રોવું હોય તો રો પણ ફરીને મા નહિ કરું હવે, હોં! અમને આત્મા અમારો આત્મા આ ચોર્યાશી લાખમાં દુઃખી છે. ચાર ગતિમાં દુઃખની ઘાણીએ પીલાય છે, મા! રજા આપ, અમારું સાધન વનમાં જઈને કરીએ. આહાહા..! આઠ આઠ વર્ષના બાળક, ધન્ય અવતાર ને! જેને એક મોરપીંછી નાની ને નાનું કમંડળ. આહાહા..! દેખાવ! એવા ચારિત્ર અંદરમાં જેને રમતા હોય છે, એ આઠ વર્ષના બાળક, હોં! એ અંતર્મુહૂર્તે કેવળજ્ઞાન લે! આહાહા..! ભાઈ! બાળક તું ક્યાં છે? ભાઈ! તું બાળક ક્યાં છો, તું વૃદ્ધ ક્યાં છો. તું તો આત્મા છો ને, પ્રભુ! આહાહા..!

કહે છે, જ્ઞાન, દર્શન, ચારિત્રથી મોક્ષનું સાધન જૈનશાસનમાં કહ્યું છે. આહાહા..! વીતરાગની શિખામણ કહો કે વીતરાગભાવ કહો, એ જૈનશાસન છે. સમજાણું કાંઈ?

**आगे इन ज्ञान आदिके उत्तरोत्तर सारपणा कहते हैं :–**

## ગાથા-૩૧

**णाणं णरस्स सारो सारो वि णरस्स होइ सम्मत्तं।**
**सम्मत्ताओ चरणं चरणाओ होइ णिव्वाणं।।३१।।**

ज्ञानं नरस्य सारः सारः अपि नरस्य भवति सम्यक्त्वम्।
सम्यक्त्वात् चरणं चरणात् भवति निर्वाणम्।।३१।।

**રે! જ્ઞાન નરને સાર છે, સમ્યક્ત્વ નરને સાર છે;**
**સમ્યક્ત્વથી ચારિત્ર ને ચારિત્રથી મુક્તિ લહે. ૩૧.**

**अर्थ :–** पहिले तो इन पुरुषके लिये ज्ञान सार है क्योंकि ज्ञानसे सब हेय–उपादेय जाने जाते हैं फिर उस पुरुषके लिये सम्यक्त्व निश्चयसे सार है क्योंकि सम्यक्त्व बिना ज्ञान मिथ्या नाम पाता है, सम्यक्त्वसे चारित्र होता है क्योंकि सम्यक्त्व बिना चारित्र भी मिथ्या ही है, चारित्रसे निर्वाण होता है।

**भावार्थ :–** चारित्रसे निर्वाण होता है और चारित्र ज्ञानपूर्वक सत्यार्थ होता है तथा ज्ञान सम्यक्त्वपूर्वक सत्यार्थ होता है इसप्रकार विचार करनेसे सम्यक्त्वके सारपना आया। इसलिये पहिले तो सम्यक्त्व सार है पीछे ज्ञान चारित्र सार हैं। पहिले ज्ञानसे पदार्थोंको जानते हैं अतः पहिले ज्ञान सार है तो भी सम्यक्त्व बिना उसका भी सारपना नहीं है, ऐसा जानना।।३१।।

## ગાથા-૩૧ ઉપર પ્રવચન

**'આગે ઇન જ્ઞાન આદિકે ઉત્તરોત્તર સારપણા કહતે હૈં :-'** આ સ્તુતિ, ગાથામાં હોય છે. છોકરાઓ બોલે (એમાં). સારં દર્શનં, જ્ઞાનં નથી આવતું? પણ જ્ઞાન, દર્શન એટલે શું? આપણે ... શ્લોક આવે છે. સ્થાનકવાસીમાં .. હોય ને? એમાં બોલે. ... પછી આ બોલે. સારં દર્શનં જ્ઞાનં, સારં સંયમં એય...! 'શાંતિભાઈ'! શીખ્યા હતા કે નહિ? સારં જિનવર ધમ્મમ્... પછી? સારં. પંડિત મરણ. પણ કહેવું કોને ઇ? ઇ તો ભાષા છે.

મુમુક્ષુ :- બોલતા હતા.

ઉત્તર :- બોલતા હતા, પણ શું બોલે?

અહીં ભગવાન 'કુંદકુંદાચાર્ય' કહે છે,...

**णाणं णरस्स सारो सारो वि णरस्स होइ सम्मत्तं।**
**सम्मत्ताओ चरणं चरणाओ होइ णिव्वाणं।।३१।।**

**અર્થ :- 'પહિલે તો ઇસ પુરુષકે લિયે જ્ઞાન સાર હૈ...'** સમ્યક્ આત્માનું સ્વસંવેદનજ્ઞાન સાર છે. આહાહા..! કહો, આ પૈસા સાર છે ને શરીર સારું સાર છે ને આબરૂ મોટી મેળવી એ સાર છે, એમ કંઈ અહીં નથી કહ્યું. ધૂળમાંય સાર નથી એમાં. એમ હશે? 'મલૂકચંદભાઈ'! આહા..! કહે છે, અરે..! જ્ઞાન ચૈતન્યપ્રભુ સર્વજ્ઞસ્વરૂપી ભગવાને જોયો એનું જ્ઞાન, એનું જ્ઞાન તે આ જગતમાં સાર છે અને એ જ્ઞાન તે સમકિતસહિત હોય. અહીં મૂળ તો વજન સમકિતનું દેવું છે. સમજાણું કાંઈ?

**'પહિલે તો ઇસ પુરુષકે જ્ઞાન સાર હૈ...'** ઇ જ્ઞાન કોણ? આ ભણવું-બણવું એ જ્ઞાન નહિ. આ કેળવણીનું જ્ઞાન એ જ્ઞાન હશે કે નહિ? ત્યારે શું કરવા તું ભણવા જાય છે? ભણે છે શું કરવા? અહીંથી તું ત્યાં ભણવા માટે જવાનો. એય..! 'સુરેશ'! તારો બાપ કહે, જા બીજે. જાવું પડશે. આહાહા..! કહે છે કે ઇ સંસારી કેળવણીનું જ્ઞાન તો સાર નથી પણ શાસ્ત્રનું જ્ઞાન પણ સાર નથી. સાર તો ભગવાનઆત્મા ચૈતન્યમૂર્તિ પ્રભુ, એનું સ્વસંવેદનજ્ઞાન (સાર છે). સ્વ નામ પોતાનું, સં નામ પ્રત્યક્ષ. રાગ ને મન વિનાનું ચૈતન્યનું સીધું જે જ્ઞાનને આલંબન છે એ જ્ઞાનને સાર કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'ક્યોંકિ જ્ઞાનસે સબ હેય-ઉપાદેય જાને જાતે હૈં...'** જ્ઞાનથી-ભેદજ્ઞાનથી હેય-રાગાદિ અને ઉપાદેય ત્રિકાળી આત્મા, એ જ્ઞાનમાં જણાય છે. માટે તે જ્ઞાનને-આ રીતે ભેદજ્ઞાનને સાર કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? જાતે એટલે જેથી. **'જ્ઞાનસે સબ હેય-ઉપાદેય...'** દેખો! બધું હેય-ઉપાદેય. ભગવાનઆત્મા પૂર્ણ શુદ્ધ ધ્રુવ ચૈતન્ય આનંદ એ ઉપાદેય છે, આદરણીય છે. એટલે કે એના સન્મુખ થઈને અનુભવ કરવા લાયક છે. એવું જ્ઞાન દ્વારા જણાય. અને રાગાદિ, વિકલ્પ આદિ હેય છે. તે જ્ઞાન દ્વારા જણાય. આત્માના જ્ઞાન દ્વારા એ જણાય. સમજાણું કાંઈ? આહા..હા...!

**'ફિર ઉસ પુરુષકે લિયે સમ્યક્ત્વ નિશ્ચયસે સાર હૈ...'** ખરેખર તો આત્માને સમ્યગ્દર્શન તે સાર છે. કારણ કે સમ્યગ્દર્શન વિના સમ્યક્ સ્વસંવેદનજ્ઞાન હોય નહિ, એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? એ આત્માને **'સમ્યક્ત્વ નિશ્ચયસે સાર હૈ...'** 'सारो वि णरस्स होइ सम्मत्त' 'णाणं णरस्स सारो सारो वि णरस्स होइ सम्मत्तं।' ઇ આવ્યું ને? મનુષ્યને જ્ઞાન પણ (સાર છે). 'वि' શબ્દ પડ્યો છે ને? 'अपि' 'अपि' માં જોર નાખ્યું છે. **'નિશ્ચયસે સાર હૈ...'** સમ્યગ્દર્શન સાર (છે). એટલે કે આત્મા પૂર્ણ શુદ્ધ આનંદ, એની અંતરમાં જ્ઞાન થઈને પ્રતીતિ-શ્રદ્ધા કરવી એ સમ્યગ્દર્શન વીતરાગ માર્ગમાં સાર છે. સમજાણું કાંઈ? આટલા છોકરા થયા ને આટલા પૈસા થયા ને આટલી આબરૂ વધારી માટે સાર છે, ધૂળેય નથી. બધા હેરાન થવાના રસ્તા છે.

સમજાણું કાંઈ?

ભગવાન પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવ એમણે કહ્યું, સાર તો સમ્યગ્જ્ઞાન, ભેદજ્ઞાન સાર છે. રાગ હેય છે, ત્રિકાળ સ્વભાવ ઉપાદેય છે. ઇ જ્ઞાન-ભેદજ્ઞાનથી જણાય છે. અને તે જ્ઞાન સમ્યગ્દર્શન વિના હોય નહિ. સમજાણું કાંઈ? દર્શનપાહુડ છે ને? આ મુખ્ય સમ્યગ્દર્શનનો અધિકાર છે ને! આહાહા..! સમજાણું કાંઈ?

**'ઉસ પુરુષકે લિયે સમ્યક્ત્વ નિશ્ચયસે સાર હૈ ક્યોંકિ સમ્યક્ત્વ બિના જ્ઞાન મિથ્યા નામ પાતા હૈ,...'** લ્યો. આહાહા..! શાસ્ત્ર ભણેલો હોય પણ સમ્યગ્દર્શન વિના એ જ્ઞાન મિથ્યાજ્ઞાન છે, એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? ભગવાન પૂર્ણ સ્વરૂપ દેવાધિદેવ પોતે આત્મા છે. એવો સ્વભાવ એનો પૂર્ણ (છે). એનું ભાન થઈને પ્રતીતિ (થવી) એ સમ્યગ્દર્શન સાર ચીજ છે. સમ્યગ્દર્શન સાર તો ઘણાય બોલે પણ તેથી સમ્યગ્દર્શન કહેવું કોને? દેવ-ગુરુ-ધર્મની શ્રદ્ધા, નવ તત્ત્વની શ્રદ્ધા (તે સમ્યગ્દર્શન), થઈ રહ્યું. 'જાદવજીભાઈ'! ઇ સમકિત નથી, એ તો મિથ્યાત્વ છે. પરના લક્ષવાળું જ્ઞાન, એને માનવું કે સમકિત છે, એ તો મિથ્યાત્વ છે. કહો, સમજાણું કાંઈ?

એ સાર ગોતો દુનિયામાં તો કહે છે કે પહેલું સમ્યગ્જ્ઞાન પામ. અને એ સમ્યગ્જ્ઞાન પણ સમ્યગ્દર્શન વિના હોય નહિ માટે સમ્યગ્દર્શન સાર છે. આહાહા..! સમજાણું કાંઈ? અગિયાર અંગ ભણ્યો, નવ પૂર્વ ભણે પણ એ પરલક્ષી જ્ઞાન તે સમ્યગ્દર્શન વિનાનું મિથ્યાજ્ઞાન છે. આહાહા..! કારણ કે એમાં રાગથી ભિન્ન પડીને આત્માનું ભાન અને વિવેક આવ્યો નથી. વિવેક વિનાનું જ્ઞાન તેને જ્ઞાન કહેતા નથી. આહાહા..! આ વિવેક, હોં! સમજાણું કાંઈ? એવો માર્ગ દુનિયાને લાગે કે આ અણઅભ્યાસી ચીજ આવી મોંઘી અમને લાગે છે. એનો બીજો કોઈ રસ્તો હળવો હશે? હળવો કહો કે ઊંચો કહો કે જે છે ઇ આ છે. આહા..! જે સત્ છે ભગવાનઆત્મા અને એ સત્‌નો સ્વભાવ સત્તાસ્વરૂપ છે, હોવાવાળો (છે). અનંત જ્ઞાન, અનંત આનંદ, ... ફેલાવ છે. જેમાં આનંદ અને જ્ઞાનનો ફેલાવ પડ્યો છે. બેહદ સ્વભાવ છે. એવો આત્મસ્વભાવ એમાં અંતરમાં પ્રતીતિ અંતર્મુખ થઈને (થવી), આ વસ્તુ છે એમ ભાન થઈને શ્રદ્ધા થવી એ સમકિત જગતમાં ભગવાન ત્રિલોકનાથ કહે છે કે સાર છે. કહો, સમજાણું કાંઈ? દ્રવ્યલિંગ અનંત વાર ધાર્યાં, પંચમહાવ્રત લીધા એ કાંઈ સાર નથી, એમ કહે છે. સમજાણું? દિગંબર સાધુ થયો, અઠ્યાવીસ મૂળગુણ એવા નિરતિચાર વ્યવહારના (પાળ્યા), એ કંઈ સાર નથી. કારણ કે રાગ વિનાનો આખો આત્મા, એની તો અશાતના થઈ છે. અને વિકલ્પનો આદર થયો છે. જેમાં સમ્યગ્દર્શનમાં આખો આત્મા આદરણીય થાય છે અને એ વિકલ્પ જ્ઞાનમાં હેય જણાય છે. એવું સમ્યગ્જ્ઞાન સમ્યગ્દર્શન સહિતનું તે સાર છે. લ્યો, આ સમજાય છે કાંઈ? 'મોહનલાલજી'! તમે પૂછ્યું હતું ને? કે શું કરવું? આ કરવાનું છે. સુખને માટે ઉપાય શું? નહોતું પૂછ્યું? આ, ઉપાય આ છે. આહાહા..!

આત્મા વસ્તુ ભગવાન જેમ કહે છે એવું પહેલું જાણી, ઓળખી અને પછી સ્વસન્મુખ થઈને સમ્યગ્દર્શન કરવું એમાં જે જ્ઞાન થાય એને અહીં સાર (કહે છે) અને સુખનો ઉપાય આ

છે. બીજો કોઈ સુખનો ઉપાય છે નહિ. સુખ એટલે પૂર્ણ મોક્ષ. આહાહા..! સમજાણું કાંઈ? દુનિયાને પરોપકાર કરવા, દુનિયાને સહાય દેવી, આમ કરવું માટે આત્માનું હિત થશે. બાપા! એમ નથી. આહા..હા....! રાગ વિનાનો ભગવાન નિષ્ક્રિય (છે). રાગની ક્રિયા અપેક્ષાએ. એવો ચૈતન્યબિંબ પ્રભુ છે ને! ભગવાનની વીતરાગમુદ્રા દેખીને પણ એણે આમ વિચારવું જોઈએ. ભગવાન આમ વીતરાગ સ્થિર બિંબ પડ્યા છે, એવું મારું સત્ત્વ રાગથી ભિન્ન, રાગની પરિણતિ પર્યાયથી જુદો શુદ્ધ ચૈતન્ય વસ્તુ, એનું સમ્યગ્દર્શન, એનું જ્ઞાન કરીને સમ્યક્ થવું અને એ સમ્યગ્દર્શન સહિતનું જ્ઞાન તેને સાર કહેવામાં આવે છે. આહાહા..! પહેલું આ લીધું પછી ચારિત્ર સાર લેશે. સમજાણું કાંઈ? કેમ?

**'સમ્યક્ત્વ બિના જ્ઞાન મિથ્યા નામ પાતા હૈ,...'** આહાહા..! આનંદસ્વભાવ ભગવાનઆત્માનો છે. અતીન્દ્રિય આનંદની કાતળી. એને ચૂસવો-અનુભવ કરવો. એ અનુભવમાં જે પ્રતીત થાય તે સાર છે. સમજાણું કાંઈ? **'સમ્યક્ત્વસે ચારિત્ર હોતા હૈ...'** છે ને? જુઓ! **'सम्मत्ताओ चरणं' 'सम्मत्ताओ चरणं'** ત્રીજું પદ છે. અને એ સમકિત હોય તો ચારિત્ર થાય. સમકિત વિના ચારિત્ર હોય નહિ. સમજાણું કાંઈ? સંપ્રદાયવાળાને તો સમકિત વિના બધું કરો એ મિથ્યા (છે), એટલું સાંભળવું ફાવતું નથી. હજી સમકિત કોને કહેવું એક કોર રાખો. આપણા મહારાજ બધા તપસ્યા કરી ગયા, અપવાસ કરી ગયા, ચારિત્ર પાળી ગયા, એને સમકિત નહોતું? પણ સાંભળને! સમકિત નહોતું પણ સમકિત કોને કહેવું એનું ભાન નહોતું. એય..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ક્રિયાઓ પહેલી. રાગ. આહાહા..!

જેવું એનું સ્વરૂપ છે, ભગવાનઆત્માનું, એ પૂર્ણ વીતરાગ (છે). રાગથી હલે નહિ એવો એ સ્વભાવ છે. એવો વીતરાગબિંબ ચૈતન્ય આખો આ આત્મા (છે), એવું જ્ઞાન થઈને પ્રતીતિ થવી એ જગતમાં ભગવાન કહે છે કે સાર છે. ભલે જ્ઞાન ઓછું હોય. સમજાવતા આવડતું પણ ન હોય. આહાહા..! સમજાણું કાંઈ?

**'સમ્યક્ત્વ બિના જ્ઞાન મિથ્યા નામ પાતા હૈ, સમ્યક્ત્વસે ચારિત્ર હોતા હૈ ક્યોંકિ સમ્યક્ત્વ બિના ચારિત્ર ભી મિથ્યા હી હૈ,...'** ઓલા જ્ઞાનને મિથ્યા કહ્યું, આ ચારિત્ર મિથ્યા કહ્યું. જેને આત્મા અંદર નિર્વિકલ્પ અનુભવની પ્રતીતિ નથી એ વિનાના વ્રત ને ક્રિયાકાંડ કરે એ બધા વૃથા એકડા વિનાના મીંડા છે. સમજાણું કાંઈ?

ભજનમાં ઘણા દાખલા આપ્યા છે. ભજનાવલી ચોપડી છે ને? ઇન્દોરથી છપાણી છે ને. ઘણા ભજનો (આપ્યા છે). દ્યાનતરાય ને દૌલતરાય ને ભૈયા ભગવતીદાસના. એમાં 'અધ્યાત્મસંગ્રહ' છે. પાણી વિનાનું સરોવર, બીમ વિનાનું મકાન, હેઠે થડ વિનાનું ઝાડ એમ સમ્યક્ત્વ વિનાનું બધું થોથા છે. સમજાણું કાંઈ? આહા..! પતિ નથી ને પછી શણગાર પહેરે ને આ ટીલા કરે ને આમ કરે, કોને બતાવવું છે તારે? પતિ તો છે નહિ. આહાહા..! એ તારા

ટીલાટપકા કરવા નકામા છે. એમ સમ્યગ્દર્શન વિના ભગવાનની પૂજા ને ભગવાનના ભજન એ બધું મોહ ભોજન છે, એમ કહે છે. 'અનુભવ પ્રકાશ'માં. આહાહા..! જંગલમાં જેમ હરણિયા (રહે) અને ગામમાં જેમ કૂતરા-શ્વાન (રહે), બેય સરખા છે, કહે છે. આહાહા..! આવે છે કે નહિ એમાં? 'અનુભવ પ્રકાશ'માં. ગામમાં શ્વાન, જંગલમાં મૃગલા રહે એમ આત્મા પુણ્ય અને પાપના વિકલ્પની ક્રિયાકાંડથી તદ્દન ભિન્ન છે, એવું જેને ભાન નથી એ ભાન વિનાના, અનુભવ વિનાના કહે છે, ગામના શ્વાન અને બહારના મૃગલા, એના જેવા છે. આહાહા..!

મુમુક્ષુ :- શ્વાન એટલે કૂતરા?

ઉત્તર :- કૂતરા, શ્વાન એટલે કૂતરા. શ્વાનનો અર્થ છે ને કાંઈક? આ કૂતરા નથી કહેતા? કૂતરા એટલે કુસંસારથી તર્યા એ કૂતરા. એમ કહે છે. સંસારથી તર્યા એ ધૂળે નથી તર્યા. એમ કહે છે. નાની ઉંમરમાં સાંભળ્યું હતું. પોથી તર્યા કૂતરા. એમ કે કૂતરાનો નંબર છેલ્લો હોય. આવા ને આવા. નાની ઉંમરમાં સાંભળતા. ધૂળેય નથી બિચારા. ઇયળ પડે, આ માથા સડે. ઇયળુના. આમ આમ કરતા. આર્તધ્યાન કરીને ક્યાંય મરીને બિચારા (જાય), વળી પાછા કૂતરા થાય, મૃગલા થાય. આહાહા..! પશુની જાતિ પામે બિચારા. બહુ માંસ આદિ ન હોય.

તરણના ઉપાય ભગવાને જે કીધા એ તો આત્મા, એનું સમ્યગ્દર્શન, એનું જ્ઞાન અને સમ્યગ્દર્શન સહિત ચારિત્ર (તે છે). સમ્યગ્દર્શન વિનાના વ્રત ને તપ ને... અહીં ચારિત્ર કીધું ને? **'સમ્યક્ત્વસે ચારિત્ર હોતા હૈ ક્યોંકિ સમ્યક્ત્વ બિના ચારિત્ર...'** એમ. ચારિત્ર હોય નહિ પણ લોકો કહે છે ને? અમે ચારિત્ર અંગીકાર કર્યા, પાંચ મહાવ્રત અંગીકાર કર્યા, દીક્ષા લીધી. બધું મિથ્યા છે. દખ્યા છે, દીક્ષા નથી. સમજાણું કાંઈ? સમકિત વિનાના ચારિત્ર.. સમકિત એટલે કે દેવ, ગુરુ, શાસ્ત્રની શ્રદ્ધાના વિકલ્પથી પણ પાર નિર્વિકલ્પ અંદર વેદન થઈને પ્રતીતિ થવી એવું જે સમ્યગ્દર્શન એ વિનાના વ્રત ને તપના એકડા વિનાના મીંડા પણ લખ્યા છે. ઘણા દાખલા આપ્યા છે. એકડા વિનાના મીંડા છે. રણમાં પોક મૂકવા જેવી વાત છે. આહાહા..! સમજાણું? બધા માને છે. શું કરે? ... બીજું સાંભળ્યું નથી, માર્ગ બીજો શું છે, ક્યાં વળવું ને ક્યાંથી ખસવું એ વાત સાંભળવા મળી નથી એટલે ત્યાં રોકાઈ ગયા. સમજાણું?

**'ચારિત્રસે નિર્વાણ હોતા હૈ.'** લ્યો. પહેલું મિથ્યા કીધું. સમકિત વિનાનું જ્ઞાન મિથ્યા અને સમકિત વિનાનું ચારિત્ર મિથ્યા. પણ **'सम्मत्ताओ'** સમકિત સહિતનું જ્ઞાન અને સમકિત સહિતનું ચારિત્ર એ મુક્તિનું કારણ છે, નિર્વાણનું કારણ છે. સમજાય છે કે નહિ? ... માર્ગ એવો છે ભગવાનનો. થોડા દિ', એક-બે દિ'માં તો એવું લાગે, આ શું કહે છે? વીતરાગનો માર્ગ આ છે, ભાઈ! પરમેશ્વર તીર્થંકરદેવ ઇન્દ્રોની સમક્ષમાં, ગણધરોની સમક્ષમાં આ વાત કહેતા હતા, એ વાત અહીં 'કુંદકુંદાચાર્ય' કહે છે. સમજાણું કાંઈ?

**ભાવાર્થ :- 'ચારિત્રસે નિર્વાણ હોતા હૈ ઔર ચારિત્ર જ્ઞાનપૂર્વક સત્યાર્થ હોતા હૈ...'** સાચા જ્ઞાનપૂર્વક ચારિત્ર સાચું હોય, એમ કહે છે. **'તથા જ્ઞાન સમ્યક્ત્વપૂર્વક સત્યાર્થ હોતા હૈ...'** પહેલા

મિથ્યા, મિથ્યા કીધું હતું ને? એની સામે સાચું સાચું કહ્યું (કીધું). ચારિત્ર નામ સ્વરૂપની અંદર રમણતા, આનંદની લહેરતા, આનંદના હિલોળા અંદરમાં ઊઠે, અતીન્દ્રિય આનંદના હિલોળા ઊઠે એને ચારિત્ર કહે છે. આહાહા..! લોકો કહે છે કે ચારિત્ર તો મીણના દાંતે ચણા ચાવવા, બાપા! એવું દુઃખ હશે ચારિત્ર? ભાન ન મળે હજી ચારિત્ર કોને કહેવા. મીણને દાંતે લોઢાના ચણા ચાવવા, બાપા! દુઃખ હશે.

ચારિત્ર એટલે અંતરના આનંદના હિલોળા ઊઠે અંદરથી, આનંદના ઉભરા (આવે) એવું ચારિત્ર, એનાથી મુક્તિ થાય. એ ચારિત્ર જ્ઞાનપૂર્વક સાચું હોય. સાચું સ્વસંવેદનજ્ઞાન હોય તો એ ચારિત્ર સાચું હોય. અને **'તથા જ્ઞાન સમ્યક્ત્વપૂર્વક સત્યાર્થ હોતા હૈ...'** અને એ જ્ઞાન પણ સમ્યગ્દર્શન હોય તો જ્ઞાન સાચું હોય. સમજાણું કાંઈ? **'ઇસપ્રકાર વિચાર કરનેસે સમ્યક્ત્વકે સારપના આયા.'** લ્યો. એમ વિચારતાં બધામાં સમકિતનું સારપણું આવ્યું. સમજાણું કાંઈ?

**'ઇસલિયે પહિલે તો સમ્યક્ત્વ સાર હૈ પીછે જ્ઞાન ચારિત્ર સાર હૈં.'** જેથી પહેલું તો સમકિત સાર છે, એમ કહે છે. પછી જ્ઞાન અને પછી ચારિત્ર. **'પહિલે જ્ઞાનસે પદાર્થોંકો જાનતે હૈં અતઃ પહિલે જ્ઞાન સાર હૈ તો ભી સમ્યક્ત્વ બિના ઉસકા ભી સારપના નહીં હૈ,...'** તેથી સમકિત તે આ જગતમાં મૂળ સાર પહેલી ચીજ છે. દર્શનપાહુડ છે ને. એ સમ્યગ્દર્શન એટલે વસ્તુનો પૂર્ણ સ્વભાવ, એનો અંતર અનુભવ થઈને પ્રતીત થવી એને સમ્યગ્દર્શન અને એને સારમાં સાર કહેવામાં આવે છે. એ સહિત જ્ઞાન અને ચારિત્ર હોય તો સાર કહેવાય.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

आगे इसी अर्थको दृढ़ करते हैं :–

## ગાથા-૩૨

**णाणम्मि दंसणम्मि य तवेण चरिएण सम्मसहिएण।**
**[१]चउण्हं पि समाजोगे सिद्धा जीवा ण सन्देहो।।३२।।**

**ज्ञाने दर्शने च तपसा चारित्रेण सम्यक्त्वसहितेन।**
**चतुर्णामपि समायोगे सिद्धा जीवा न सन्देहः।।३२।।**

**દગ-જ્ઞાનથી, સમ્યક્ત્વયુત ચારિત્રથી ને તપ થકી,**
**- એ ચારના યોગે જીવો સિદ્ધિ વરે, શંકા નથી. ૩૨.**

**अर्थ :– ज्ञान और दर्शनके होनेपर सम्यक्त्व सहित तप करके चारित्रपूर्वक इन चारोंका समायोग होनेसे जीव सिद्ध हुए हैं, इसमें संदेह नहीं है।**

---

१. पाठान्तरः – चोण्हं

भावार्थ :- पहिले जो सिद्ध हुए हैं वे सम्यग्दर्शन, ज्ञान, चारित्र और तप इन चारोंके संयोगसे ही हुए हैं यह जिनवचन हैं, इसमें संदेह नहीं है।।३२।।

## પ્રવચન નં. ૨૦, ગાથા-૩૨ થી ૩૪, રવિવાર, જેઠ વદ ૧૦, તા. ૨૮-૬-૧૯૭૦

૩૨નો આંકડો લખ્યો છે પણ ૩૧ છે. ૩૨ હવે આવશે. માથે ૩૧, હેઠે ૩૨, અંદરમાં ૩૨, પાછું હેઠે... એ અક્ષરોમાં ફેરફાર (છે). શું કહ્યું ૩૧માં? જુઓ!

સમ્યગ્દર્શન વિના જ્ઞાન પણ ખોટું, ચારિત્ર પણ ખોટું અને એના વિના કંઈ મોક્ષનો માર્ગ હોઈ શકે નહિ. ૩૧ માં એમ કહ્યું. છેલ્લું કહ્યું ને? **'સમ્યક્ત્વ બિના ઉસકા ભી સારપના નહીં હૈ,...'** જ્ઞાનથી જાણવામાં આવે. હેય-અહેય વગેરે. પણ આત્મા રાગના કર્તાથી રહિત, વિકલ્પનો કર્તા, આસ્રવનો, મહાવ્રત આદિના પરિણામનો એના કર્તાથી રહિત અખંડ આનંદ શુદ્ધ ચૈતન્યના અનુભવરૂપ સમકિત વિના એ બધું વ્યર્થ એકડા વિનાના મીંડા છે. ગમે એવી તપસ્યાઓ કરે, અપવાસ કરે, વ્રત કરે. સમજાણું કાંઈ? પણ જ્યાં એકડો-સમ્યગ્દર્શન નથી એના વિના બધું જ્ઞાન પણ સાર નહિ, એના વ્રત પણ સાર નહિ ને એનું કાંઈ છે નહિ. એને હવે વિશેષ દૃઢ કરે છે.

**णाणम्मि दंसणम्मि य तवेण चरिएण सम्मसहिएण।**
**[१]चउण्हं पि समाजोगे सिद्धा जीवा ण सन्देहो।।३२।।**

**અર્થ :- 'જ્ઞાન...'** સમ્યક્ ભેદજ્ઞાન. જ્ઞાન એટલે આત્માના સ્વભાવનું (જ્ઞાન). શરીર, વાણી, મનથી તો જુદો પણ વ્રત, અવ્રતના જે વિકલ્પ, જે રાગ છે એનાથી તદ્દન જુદી ચીજ છે. એવું અંતરમાં જ્ઞાન-ભેદજ્ઞાન થવું એને અહીંયા સમ્યગ્જ્ઞાન ને સાચું જ્ઞાન ને મોક્ષનો માર્ગ કહે છે. સમજાણું કાંઈ? એવું જ્ઞાન નથી અને આ વ્રત ને તપ ને અપવાસ કરે છે એ બધા લાંઘણું સંસારમાં રખડવાના મિથ્યાત્વભાવ છે. 'સેઠી'! સમજાણું કાંઈ? આ સમકિત-દર્શનપાહુડ છે ને. વ્રત કરે ને દયા પાળે, અપવાસ કરે ને સુકાઈ જાય લાખો, કરોડો વર્ષ સુધી અપવાસ કરીને ને વ્રત કરીને, એ બધો મિથ્યાત્વભાવ છે. કારણ કે એ વ્રત ને તપનો વિકલ્પ છે એ રાગ છે. અને રાગનો કર્તા થઈને એ કરે છે તે મિથ્યાત્વભાવ છે અને એ મિથ્યાત્વભાવ છે ત્યાં સુધી એને ધર્મનો અંશ પણ થતો નથી. સમજાણું કાંઈ?

**'જ્ઞાન ઔર દર્શનકે હોને પર સમ્યક્ત્વ સહિત તપ કરકે ચારિત્રપૂર્વક...'** આત્મા તદ્દન વિકલ્પરહિત નિર્વિકલ્પ વસ્તુ અનંત આનંદની ખાણ છે. સાક્ષાત્ ભગવાન પરમાત્મા પોતે જ વસ્તુ છે. સમજાણું કાંઈ? ગુરુ પણ એ, સર્વજ્ઞદેવ પણ એ અને ધર્મનું ધામ પણ એ.

મુમુક્ષુ :- સુખનું ધામ.

ઉત્તર :- સુખ કહો કે ધર્મ કહો. એ સુખનું ધામ ને આનંદનું ધામ. કલ્પના રહિત, કંઈ પણ ક્યાંય સુખની કલ્પના દયા, દાન, વ્રત, ભક્તિના ભાવમાં આ ઠીક છે, એમ કલ્પના થઈ

એણે રાગમાં સુખ માન્યું, એણે આત્મામાં સુખ માન્યું નથી. એ મિથ્યાદષ્ટિ છે. સમજાય છે કાંઈ?

ભગવાનઆત્મા, આ વિષયોમાં જ્યાં પ્રેમ છે જેને, એને આત્માના આનંદનો અંતર પ્રેમ અને રુચિ નથી. આહા..! વિષયના ભોગમાં મજા છે, ચાહે તો ઇન્દ્રાણીના ભોગ એ અશુભભાવ, એ શુભભાવના ફળ તરીકે મળ્યા પણ એ પણ દુઃખ છે. એમાં હિત કે સુખ કે મજા બિલકુલ નથી. એમ અવ્રતના પરિણામ કે તપ કરવાના ભાવ, એ ભાવમાં પણ સુખ જરીએ નથી. કહો. શું છે? એમાં સુખ એટલે ધર્મ માને છે, ધર્મ માને કહો કે સુખ માને કહો, એ દૃષ્ટિમાં એને ઝેર છે. વસ્તુ અમૃત સ્વરૂપ (છે), ભગવાન પોતે આનંદ ને જ્ઞાનની લક્ષ્મીનો એકલો ભંડાર ભગવાન સાક્ષાત્ પોતે! એની દૃષ્ટિ જ્યાં નથી અને પરમાં સુખબુદ્ધિ ને પુણ્યમાં, વ્રતમાં ક્યાંય (સુખ માન્યું છે), એ બધી દૃષ્ટિ ઝેર-મિથ્યાદષ્ટિ છે. એના વ્રત ને તપ ને બધા બાળતપ ને બાળવ્રત કહેવામાં આવ્યા છે. શું કહે છે?

મુમુક્ષુ :- બિના સમજે ભૂલ કાઢી દેખાડે.

ઉત્તર :- વહ તો બાત કરતે હૈં. કહ્યું નહિ?

**'સમ્યક્ત્વ સહિત તપ કરકે ચારિત્રપૂર્વક...'** અંદર સ્વરૂપનો અનુભવ આત્માના આનંદનો (થવો), જે શુભ અને અશુભરાગ રહિત છે, એના આનંદના પ્રતીત ને વિશ્વાસ સહિતની દૃષ્ટિમાં જે જ્ઞાન અને ચારિત્ર હોય અથવા તપ હોય એટલે ઇચ્છા નિરોધ હોય, એ તપ અને ચારિત્રપૂર્વક **'ઇન ચારોંકા સમાયોગ હોનેસે...'** જ્ઞાન, દર્શન, સમકિત, તપ અને ચારિત્ર એમ ચાર. સમકિત સહિત આ ચાર. આહાહા..! સમજાણું કાંઈ? એ તપ એટલે આ બાર પ્રકારના તપને કરું ને અપવાસ. એ વિકલ્પને અહીં તપ નથી કહેતા. આહાહા..! અમૃતસ્વરૂપ ભગવાનઆત્મા, અતીન્દ્રિય આત્મા અમૃતનો સાગર, એવો જ્યાં અનુભવમાં પ્રતીત થઈ અને એ અનુભવમાં આનંદમાં રમે અને વિષયના સુખની અસ્થિરતા પણ ટળે. વિષયના સુખમાં સુખ છે એ બુદ્ધિ તો સમકિતીને ટળી ગઈ હોય. સમજાય છે કાંઈ? પણ જે અસ્થિરતા, આસક્તિ થઈ હોય, થતી હોય એ પણ ટળીને સ્વરૂપના આનંદના અમૃતમાં રમે એવું તપ અને એવું ચારિત્ર સમકિત સહિત હોય. સમજાણું કાંઈ? ત્યારે ચારના યોગે જીવ સિદ્ધ થાય. ત્યારે તેને મુક્તિ મળે. આહા..! સમજાણું કાંઈ?

સાચી સમ્યક્દૃષ્ટિ થતાં પોતાના આનંદ સિવાય આખી દુનિયામાંથી આનંદ છે એ દૃષ્ટિ પહેલી ઉઠી જાય. એ પહેલું આવી ગયું, વિષયવિરેચન કરાવવામાં. સમજાણું કાંઈ? ક્યાંય લક્ષ્મીમાં, સ્ત્રીમાં, ઇન્દ્રાણીમાં, પદમાં, અધિપતિપણામાં, મોટા અમલદાર થાય, પાંચ-પાંચ, દસ હજાર, પચાસ હજાર, લાખનો માસિક પગારદાર (થાય) એમાં ક્યાંય ઠીક છે, ભોગમાં, બહારની અનુકૂળતામાં ઠીક છે એવી જે માન્યતા છે તે મિથ્યાત્વભાવ છે. એ મિથ્યાત્વભાવ ટળીને આત્મામાં જ આનંદ અને ધર્મ છે એવી દૃષ્ટિ થયા પછી તપ અને ચારિત્ર ને જ્ઞાનસહિતને ભાવ પૂર્ણ હોય એને મુક્તિ થાય. સમજાણું કાંઈ? સમકિત વિનાનું એ જ્ઞાન, એ

તપ અને વ્રત બધા વૃથા ચાર ગતિમાં રખડવાના કારણો છે.

**'ઇસમેં સંદેહ નહીં હૈ.'** દેખો! **'जीवा ण सन्देहो'** સંદેહ લાયક (વાત) નથી કે એને મુક્તિ થશે કે નહિ? સ્વરૂપ જ્યાં ભગવાનઆત્મા અનાકુળ જ્ઞાન ને અનાકુળ આનંદના સ્વભાવથી ભરેલો આત્મા, પરમઆત્મા, પરમસ્વરૂપ, પરમસ્વરૂપ એવું જ્યાં અંતરમાં અનુભવમાં, શ્રદ્ધામાં, દૃષ્ટિમાં, વેદનમાં, જ્ઞાનમાં આવ્યું ત્યારે તેને સમકિત કહેવામાં આવે છે. ત્યારે તેને ધર્મની પહેલી શરૂઆત કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? એ શરૂઆત પછી એના સ્વરૂપમાં રમે, ચરવું-રમે અને આહાર-પાણી આદિ લેવાની ઇચ્છા જ ન થાય, એટલા આત્માના અમૃતમાં મશગુલ હોય, અતીન્દ્રિય આનંદમાં મશગુલ હોય એવા જીવને સિદ્ધપદ પ્રાપ્ત થાય તેમાં સંદેહ છે નહિ. સમજાણું કાંઈ?

**ભાવાર્થ :- 'પહિલે જો સિદ્ધ હુએ હૈં...'** અત્યાર સુધી જેટલા સિદ્ધ થયા, અનંતા સિદ્ધ થયા એ **'સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર ઔર તપ ઇન ચારોંકે સંયોગસે હી હુએ હૈં...'** ઇ મૂળ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર અને તપ એમ લેવું. સમજાણું કાંઈ? **'યહ જિનવચન હૈ,...'** એ વીતરાગની વાણી સર્વજ્ઞ પરમેશ્વરની આ છે. **'ઇસમેં સંદેહ નહીં હૈ.'** એમાં સંદેહ કરવા જેવું નથી.

---

**आगे कहते हैं कि लोकमें सम्यग्दर्शनरूप रत्न अमोलक है वह देव – दानवोंसे पूज्य है :–**

## ગાથા-૩૩

**कल्लाणपरंपरया लहंति जीवा विसुद्धसम्मत्तं।**
**सम्मद्दंसणरयणं अग्घेदि सुरासरे लोए।।३३।।**

**कल्याणपरंपरया लभंते जीवाः विशुद्धसम्यक्त्वम्।**
**सम्यग्दर्शनरत्नं अर्घ्यते सुरासरे लोके।।३३।।**

**કલ્યાણશ્રેણી સાથ પામે જીવ સમકિત શુદ્ધને;**
**સુર-અસુર કેરા લોકમાં સમ્યક્ત્વરત્ન પૂજાય છે. ૩૩.**

**अर्थ :– जीव विशुद्ध सम्यक्त्वको कल्याणकी परंपरा सहित पाते हैं इसलिये सम्यग्दर्शन रत्न है वह इस सुर असुरोंसे भरे हुए लोकमें पूज्य है।**

**भावार्थ :– विशुद्ध अर्थात् पच्चीस मलदोषोंसे रहित निरतिचार सम्यक्त्वसे कल्याण की परंपरा अर्थात् तीर्थंकर पद पाते हैं इसीलिये यह सम्यक्त्व–रत्न लोकमें सब देव, दानव और मनुष्योंसे पूज्य होता है। तीर्थंकर प्रकृतिके बंधके कारण सोलहकारण भावना कही हैं उनमें पहिली दर्शनविशुद्धि है वही प्रधान है, यही विनयादिक पंद्रह भावनाओंका कारण है, इसलिये सम्यग्दर्शनके ही प्रधानपना है।।३३।।**

## ગાથા-૩૩ ઉપર પ્રવચન

**'आगे कहते हैं कि-लोकमें सम्यग्दर्शनरूप रत्न अमोलक है...'** એની પાસે આ બધા કરોડો, અબજો રૂપિયાના હીરા એ બધા પથરા, એની કાંઈ કિંમત છે નહિ. જડ છે, જ્ઞેય છે એમાં શું વસ્તુ કહેવી? અબજો રૂપિયાના હીરા કે ચક્રવર્તીનું રાજ, ઇન્દ્રના ઇન્દ્રાસનના પદ સમ્યગ્દર્શનના રત્ન પાસે એ બધાં પથરા, કાંકરા, ધૂળ, કોલસા (છે). સમજાણું કાંઈ? આહા..! અહીં તો હજી સમ્યગ્દર્શનની પહેલી વાત કરે છે. ચોથે ગુણસ્થાને. શ્રાવક અને સાધુ પછી થાય. આ શ્રાવક ને સાધુ જે વાડાના છે એ કંઈ સાધુ, શ્રાવક છે નહિ. સમ્યગ્દર્શન કોને કહેવું એની ખબર નથી એને તો. સમજાણું કાંઈ?

અહીં તો સમ્યગ્દર્શન એટલે શુદ્ધઉપયોગ. એમ શુદ્ધઉપયોગ થઈને પ્રતીતિ થવી એનું નામ સમ્યગ્દર્શન છે. સમજાણું કાંઈ? શુદ્ધ આત્મા જે આનંદસ્વરૂપ જ્ઞાનની મૂર્તિ ચિત્ પિંડ, આનંદનો કરંડ, આનંદનો કરંડિયો આત્મા, એને ખોલે તો આનંદ નીકળે એવું છે. એમાં બીજું કાંઈ છે નહિ. ઇ આવે છે, ભજનમાં ક્યાંક આવે છે. પેલામાં પણ આવે છે, નહિ? 'ચિત્ કરંડ રમી...' એમાં આનંદકરંડ અને ચિત્ પિંડ, બે શબ્દ આવે છે. ભજનમાં ક્યાંક આવે છે. આનંદ આવે છે. ચિત્ પિંડ જુદો શબ્દ. અહીં તો આનંદ અને ચિત્ પિંડ બે શબ્દ ભજનમાં ક્યાંક આવે છે. આ ભજનો છે ને? એમાં ક્યાંક છે. આનંદનો કરંડિયો છે અને ચિત્નો એ પિંડ છે. સમજાણું કાંઈ? આવો આત્મા કોને ક્યાં ગોતવો? પણ છે ત્યાં ગોતતો નથી ને દયા, દાન, વ્રત ને વિકલ્પમાં ગોતવા જાય છે. ધૂળમાં, કોલસામાં હીરા ગોતવા જાય છે. સમજાણું કાંઈ?

કહે છે, **'लोकमें सम्यग्दर्शनरूप रत्न अमोलक है वह देव-दानवोंसे पूज्य है :-'** લ્યો. સમજાણું કાંઈ?

**कल्लाणपरंपरया लहंति जीवा विसुद्धसम्मत्तं।**
**सम्मद्दंसणरयणं अग्घेदि सुरासरे लोए।।३३।।**

**અર્થ :- 'जीव विशुद्ध सम्यक्त्वको कल्याणकी परंपरा सहित पाते हैं...'** આહા..! સમજાય છે કાંઈ? 'શ્રેણિકરાજા', 'ભરત ચક્રવર્તી'. એ છન્નુ હજાર સ્ત્રીઓના વૃંદમાં 'ભરત ચક્રવર્તી' પડ્યા હતા. સમજાણું કાંઈ? અંતરમાં આત્માના આનંદ સિવાય ક્યાંય ચેન પડતું નથી. સમકિતીને આત્માના આનંદ સિવાય ક્યાંય ચેન પડતું ન હોય. દેખાય કે આ સ્ત્રીના વિષયમાં બેઠો છે કે આ કરે છે, ક્યાંય એને ચેન પડતું હોય નહિ. એ પ્રતાપ છે સમ્યગ્દર્શનનો!

જેણે ભગવાનઆત્મા શુદ્ધ ચિદાનંદની મૂર્તિનો અનુભવ કર્યો એ શુભ ને અશુભના રાગની ક્રિયાના પાર પડેલો પ્રભુ, એના ભાન થયા, એના વેદન થયા, કહે છે કે એ સમ્યગ્દર્શન તો અમૂલક છે. એના મૂલ્ય શા? કહે છે. અમૂલ્ય એવો ભગવાનઆત્મા, એની શ્રદ્ધા એનું મૂલ્યાંકન શું? મૂલ્યાંકન શું કરવું? ચક્રવર્તીના પદ પણ એની પાસે હિણા છે. આહાહા..! ચક્રવર્તી એવો

રાજા થઈને વાઘરીને ઘરે રોટલી માગે, ભીખ માગે એવો આ ભગવાનઆત્મા આનંદનો કંદ ચક્રવર્તી પ્રભુ, એ ક્યાંક પુણ્ય અને પાપના રાગમાં સુખ માગે એ ભિખારી છે. ભગવાન મટીને ભિખારી થયો માળો. સમજાણું કાંઈ?

સમ્યગ્દર્શન એટલે? આપણે માનીએ ઇ શ્રદ્ધા. શું પણ શ્રદ્ધા? શેની શ્રદ્ધા? તીર્થંકર કોણ પણ? એને શું છે? પોતે તીર્થંકર છે. ચોવીસ તીર્થંકર તો બીજા રહ્યા. સમજાણું કાંઈ? એવા અનંતા તીર્થંકરોને જાણવાની એક સમયની પર્યાયમાં તાકાત રાખે છે. એવી અનંતી પર્યાયનો પિંડ, આનંદ ને જ્ઞાનનો પિંડ, ચૈતન્યપિંડ તે આત્મા છે. આત્માની જેને સમ્યગ્દર્શન અને પ્રતીતિ થઈ, કહે છે કે એને તીર્થંકર ગોત્રનો ભાવ પણ રુચિકર લાગતો નથી. સમજાણું કાંઈ? જે ભાવે તીર્થંકર ગોત્ર બંધાય એ ભાવ સમકિતીને ખટકે છે, રુચતો નથી, ઝેર લાગે છે, દુઃખ લાગે છે. આહાહા..! આ તે કાંઈ વાત છે! સમજાણું કાંઈ?

એટલે કહે છે કે **'જીવ વિશુદ્ધ સમ્યક્ત્વ...'** છે, જે જીવ વિશુદ્ધ સમકિતી છે. 'શ્રેણિકરાજા' પહેલા નરકનું આયુષ્ય બંધાઈ ગયેલું પણ સમકિત પછી પામ્યા. પણ એણે અનંત સંસાર તોડી નાખ્યો. ચોર્યાશી હજાર વર્ષની નરકની સ્થિતિ રહી. લાડવો વળ્યો એમાંથી કાંઈ ઘી, લોટ કાઢી શકાય નહિ. એની કાંઈ રોટલી ન થાય. એ તો ખાધે છૂટકો. એમ એકવાર આયુષ્ય બંધાઈ ગયું એની સ્થિતિ ઘટે એ થાય પણ ગતિ પલટે અને આયુષ્ય પલટે એમ થાય નહિ. એટલી આયુષ્યની સ્થિતિ 'શ્રેણિકરાજા'એ મિથ્યાત્વભાવમાં, મહાસંત આનંદના કંદ હતા એનો અનાદર, અશાતના કરી તેંત્રીસ સાગરનું સાતમી નરકનું આયુષ્ય બાંધેલું. સાતમી નરક-રૌવરૌવ નરક. અપરિઠાણાનું આયુષ્ય બાંધેલું. પણ જ્યાં સમકિત પામ્યા, આખી સુખબુદ્ધિ ઉડી ગઈ. ત્રણ કાળ, ત્રણ લોકમાં મારા આનંદ સિવાય કોઈ શુભ વિકલ્પ તીર્થંકર ગોત્રનો આવે પણ એમાં સુખ છે નહિ. એવી દૃષ્ટિ ફરી અને જ્યાં આત્મદર્શન થયા પછી તીર્થંકર ગોત્રનો વિકલ્પ આવ્યો છતાં એને આદરણીય માનતો નથી. આહાહા..! આ તે કાંઈ વાત છે! જે ભાવે તીર્થંકર ગોત્ર બંધાય એ પણ રાગ છે, એ આસ્રવ છે. ખરેખર તો આત્માના અમૃતથી વિરુદ્ધ એ ઝેર છે. ઇ ઝેરની પણ જેને આકાંક્ષા નથી એવી સમ્યગ્દૃષ્ટિ પૂર્ણ આનંદસ્વરૂપની ભાવના ભાવે છે. સમજાણું કાંઈ? ભારે વાત, ભાઈ!

**'જીવ વિશુદ્ધ સમ્યક્ત્વસે કલ્યાણકી પરંપરા સહિત પાતે હૈં...'** શું કહે છે? તીર્થંકર ગોત્ર પણ વચમાં બંધાઈ જાય અને કલ્યાણની પરંપરાનો અર્થ મૂળ તો શુદ્ધિ થતી જાય છે પણ અહીંયાં જરી બહારની વાત ભેગી લીધી છે. **'ઇસલિયે સમ્યગ્દર્શન તો રત્ન હૈ...'** સમ્યગ્દર્શન તો રત્ન છે. 'અનુભવ રત્ન ચિંતામણિ, અનુભવ હૈ રસકૂપ, અનુભવ માર્ગ મોક્ષનો, અનુભવ મોક્ષસ્વરૂપ.'

આત્માના આનંદનો અનુભવ, એમાં શ્રદ્ધા થવી એને સમકિત કહેવામાં આવે છે. એવા અનુભવ વિના પંચમહાવ્રતના ક્લેશ કરો (તો પણ એ) બોજો છે. હળવો નથી, એ પંચમહાવ્રતના પરિણામ પણ રાગનો બોજો છે. સમજાણું કાંઈ? સમ્યગ્દર્શન અમૂલક ચીજ છે એમ સિદ્ધ કરવું

છે. ઓ..હો...! શું ચીજ છે ઇ! ભગવાનઆત્મા સમ્યગ્દર્શન સહિત **'સુર-અસુરોંસે ભરે હુએ લોકમેં પૂજ્ય હૈ.'** લ્યો. સૂર-અસૂર (અર્થાત્) દેવ અને દાનવથી પણ સમ્યગ્દષ્ટિ પૂજવા લાયક છે. કહો, સમજાણું કાંઈ? પણ એ સમ્યગ્દર્શન કોને કહેવું એની ખબર ન મળે અને ધર્મ થઈ ગયો એને. આ વ્રત ને તપ ને જાત્રા ને ભક્તિ ને.... ધૂળેય ધર્મ નથી એમાં, સાંભળને!

એ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો ભાવ એ તો રાગ છે. એ રાગ એ સંવર નથી, એ રાગ એ નિર્જરા નથી, રાગ એ પુણ્ય છે અને પુણ્ય છે તે ઝેર છે. બાપા! વીતરાગનો માર્ગ સમજવો, સર્વજ્ઞે કહેલા માર્ગના સ્વરૂપની પ્રતીત થવી (એ) અલૌકિક ચીજ છે. સમ્યગ્દર્શન થયું એ તરવાને પંથે પડ્યો, હવે એ સંસારથી તરે છે, કહે છે. આહાહા..! 'નવરંગભાઈ'! એ ભવજળથી તરીને પાર પામી જશે. અને જ્યાં એ સમ્યગ્દર્શન નથી એ જીવો વ્રત કરે, તપ કરે ને આ બધા થોથા કરે છે ને? ઉપધાન કરે ને વ્રત કરે ને સોથા કરે ને શરીરને જીર્ણ કરી નાખે, એ બધા સંસારના ભાવ પુણ્ય છે ઇ રાગ છે, ઝેર છે, રખડવાના બધા રસ્તા છે. ભારે કામ આકરું. સમજાણું કાંઈ?

આ તો હાડકા જડ, માટી, ધૂળ, રાખ છે. દાળ, ભાત, રોટલાનું બનેલું ઢીંગલું (છે) અને મસાણની રાખ થઈને ઉડી જશે. આ તો ધૂળ છે, આ ક્યાં આત્મા છે? જેને આવા શરીર પ્રત્યે પણ આ શરીર મારું છે એવો પ્રેમ છે, એ મિથ્યાદષ્ટિ છે. સમજાણું કાંઈ ? અને એ શરીરની અનુકૂળતા કાંઈક મને મળે તો મને ઠીક પડે છે, એ ભાવ પણ મિથ્યાદષ્ટિનો મિથ્યાત્વ છે. એ જૈન પરમેશ્વરની આજ્ઞાને માનતો નથી. માર્ગ આવો છે, ભાઈ! આહાહા..!

'**सुरासरे लोए**' એમાંથી કાઢ્યું. ભરેલો લોક છે ને? લોક. ઓ..હો..હો...! ભલે કહે છે કે સ્ત્રી, કુટુંબ, રાજ છૂટ્યું ન હોય, એની આસક્તિ હોય અંદર. એ.. 'નાગરભાઈ'! છતાં આસક્તિની રુચિ નથી. આસક્તિમાં પ્રેમ નથી, આસક્તિની આસક્તિ નથી. ભગવાનઆત્મા આસક્તિ વિનાનો સત્ શાશ્વત આનંદનું ધામ, એવામાં જ્યાં અંતર દષ્ટિ થઈ અને સમ્યગ્દર્શનમાં આત્મા આનંદ છે, એ સિવાય ક્યાંય આનંદ નથી, એવી જ્યાં અનુભવમાં પ્રતીત થઈ, કહે છે કે અમૂલક અલૌકિક રત્ન સમકિત છે. જેને સુર, અસુરના દેવો પણ પૂજે છે. સમજાણું કાંઈ?

અહીં શરીર સુંદર દેખાય અને એ સુંદર છે તો એ બધા હાડકા, હાડકા (છે) એ તો. મિંદડી હમણા એક વચમાં મરી ગઈ હતી ને? અહીંયાં દેખી હતી. મિંદડી જંગલની હતી. ગંધાય.. ગંધાય.. ગંધાય.. અહીં ખૂણે હતી. બહુ ગંધાય. ઇ રજકણની પર્યાય ઠીક નથી, એમ જે માને છે એ પણ મિથ્યાદષ્ટિ છે. એ રજકણની પર્યાય સ્ત્રીના સુંદર શરીર થઈને જ્યારે આવે, રજકણો તો એના એ છે, સડેલા જે છે ઇ, એ રજકણ જ્યારે અહીં પરમાણુ થઈને રૂપાળાપણે નમણાપણે પરિણમે અને એને ઠીક લાગે કે આ સારું છે, (એ) મિથ્યાદષ્ટિ મૂઢ છે, એને જૈન કહેતા નથી. સમજાણું કાંઈ?

કહે છે, ઓ..હો..! એવું જે સમ્યગ્દર્શન દેડકાને હોય, મચ્છને હોય પણ કહે છે કે એ સમ્યગ્દર્શન રત્ન તો દેવ અને દાનવથી ભરેલા લોકથી તે પૂજ્ય છે. આહાહા..! સમજાણું કાંઈ?

**ભાવાર્થ :- 'વિશુદ્ધ અર્થાત્ પચ્ચીસ મલદોષોંસે રહિત...'** વિશુદ્ધની વ્યાખ્યા કરી. '**विसुद्धसम्मत्तं**' પડ્યું છે ને? એટલે પછી દર્શનવિશુદ્ધિ, આવે છે ને? ભાઈ! સોળ બોલમાં. એમાંથી આ કાઢ્યું તીર્થંકરપણું. હું વિશુદ્ધ શબ્દ છે ને? **'પચ્ચીસ મલદોષોંસે રહિત...'** આહાહા..! જેને શાસ્ત્રના ઉઘાડના જ્ઞાન અગિયાર અંગ, નવ પૂર્વના થયા હોય એનું જેને અભિમાન છે કે આ જ્ઞાન કહેવાય, એ મિથ્યાત્વભાવ છે. સમજાણું કાંઈ? એવો જે જ્ઞાનનો વિકાસ ક્ષયોપશમ, એટલો હું અને એ મારો છે, એનું નામ ભગવાન મિથ્યાત્વ નામ પરનું સ્વામીપણું, પર ચીજ મારી એમ માન્યું તે મિથ્યાત્વભાવ છે. તે ભાવ જેને ટળી ગયો છે. સમજાણું કાંઈ? એવા પચ્ચીસ મળદોષથી રહિત, એમાં એક મોટો બોલ કહ્યો.

**'નિરતિચાર સમ્યક્ત્વસે કલ્યાણકી પરંપરા અર્થાત્ તીર્થંકર પદ પાતે હૈં,...'** આમાં એ નાખ્યું છે. દર્શનવિશુદ્ધિ શબ્દ છે ને? એટલે કલ્યાણ વધતું જાય છે મૂળ તો એમ (કહેવું છે). તીર્થંકર પદવી-પદ છે એ કંઈ કલ્યાણનું કારણ નથી પણ જેને તીર્થંકર ગોત્ર બાંધ્યું છે એને કલ્યાણની શુદ્ધિ પોતાના પુરુષાર્થની યોગ્યતાથી વધતી જ જાય છે. એ પાછો પડે એવો નથી. એમ. સમજાણું કાંઈ?

જે તીર્થંકરનો આત્મા થવાનો હોય કે થયો છે એનું સમકિત અપ્રતિહત હોય છે, એનું સમકિત પડે નહિ. સમજાણું કાંઈ? અરે..! 'શ્રેણિક રાજા' ક્ષાયિક સમકિત, હજારો રાણીઓ, રાજ અને ભોગ (હતા). બહારની હિંસા જુઓ તો આખા કૂવાના પાણી રાજ માટે વપરાતા હોય અને જેને ઘરે શાક કે એના કરોડો લશ્કરી માણસો આદિ, એને માટે કરોડો અબજો મણ લીલોતરી ખવાતી હોય. રાજ મારું છે એમ એ જ્ઞાની અંતર માનતો નથી. આહાહા..! સમજાણું કાંઈ? પોતાના હુકમ પ્રમાણે રૈયત ચાલે એટલે આ રૈયત મારી છે, એમ સમકિતી માનતો નથી. આહાહા..! 'ધીરૂભાઈ'! આવી સમકિતની વ્યાખ્યા છે. શું થાય? જગતને મળ્યું નથી, ભવ ચાલ્યો જાય છે એમ ને એમ. ભલે કરોડો રૂપિયા હોય ને અબજો રૂપિયા હોય. એય..! ભિખારી પોતાના આનંદના બાદશાહને તો જે ઇચ્છતો નથી અને એવા રાગ ને રાગના ફળને ઇચ્છે છે, પરમાત્મા કહે છે કે મોટો ભગવાન હોવા છતાં એ ભિખારી થઈ ગયો. અને એ પોતાના સ્વરૂપના અનુભવમાં જ્યાં પ્રતીત થઈ ત્યાં બાદશાહ થયો. એને ચક્રવર્તીનું રાજ પણ જોઈતું નથી અને ઇન્દ્રના ઇન્દ્રાસન જોઈતા નથી. આહાહા..! સમજાણું કાંઈ?

સ્ત્રીનું શરીર માખણ જેવું સુંદર હોય અને એ વિષયમાં એનો પ્રેમ એવો હોય કે એ તો એકાકાર ભૂલી જાય. મૂઢ છો, કહે છે. મિથ્યાદૃષ્ટિ ઘેલછાઈ પાગલ ગાંડો ગાંડો પાગલ છો. તને ધર્મી કોણ કહે? એમ કહે છે. સમજાણું કાંઈ? આહાહા..! ધર્મીને તો એવી સ્થિતિમાં પાગલપણું પોતાને લાગે. આહા..! અરે..! આ ગાંડાઈ શી? ઇ સુખ માનતો નથી તેથી વિકલ્પની લાગણીમાં એને ઘેલછાઈ લાગે છે. અરે..! આ પાગલપણું છે, હોં! આહાહા..! સમજાણું કાંઈ?

કહે છે, અહો...! એવા વિશુદ્ધ નિરતિચાર સમકિતની કલ્યાણની પરંપરા કહીએ. **'અર્થાત્ તીર્થંકર પદ પાતે હૈં, ઇસલિયે યહ સમ્યક્ત્વ-રત્ન લોકમેં સબ દેવ, દાનવ ઔર મનુષ્યોંસે પૂજ્ય હોતા હૈ.'** લ્યો! આ તો ન્યાં પૂજ્ય હોય એમ નાખ્યું, એમ કહ્યું, ભાઈ! તીર્થંકર ગોત્ર બાંધે પછી સર્વ લોકથી પૂજ્ય છે. અહીં પૂજ્ય છે, અહીં તો મૂળ વિશેષ ઇ (છે). સમજાણું કાંઈ? 'રજકણ તારા રખડશે અને જેમ રખડતી રેત'.

આ માટી-ધૂળ ધૂળ પુદ્ગલના ભેગી થઈ છે. એ રજકણે રજકણ છૂટા પડી જશે, પ્રભુ! એ તારા નથી અને એની સરખાઈએ તને સરખાઈ નથી અને એની અસરખાઈએ તને અસરખાઈ નથી. સમજાય છે કાંઈ? ધર્મીને શરીરમાં સોળ રોગ હોય રૌવરૌવ નરકમાં હોય ત્યારે કે પહેલી નરકે (હોય), રૌવરૌવ (નરકમાં નારકીને) શરીરમાં સોળ રોગ (હોય છે) પણ એ તો જડની દશા છે, એ કાંઈ હું નથી. એમ સમકિતી પોતાને આનંદમૂર્તિ માની અને રોગની અવસ્થા એ મારામાં, મને છે નહિ (એમ માને છે). આહાહા..!

અહીં થોડી પણ પ્રતિકૂળતા સહન થતી નથી અને એવા અનુકૂળતાના પ્રેમમાં એવો મિથ્યાત્વભાવ (સેવે છે) કે જેમાંથી અનંતી પ્રતિકૂળતા ઊભી થાય એવા ભાવને એ સારો માને. આહાહા..! સમજાણું કાંઈ? આ તો જરી વીતરાગી વાત છે, ભાઈ! સમકિત છે ઇ વીતરાગી સમકિત છે. સમજાણું કાંઈ?

કહે છે, ઓ..હો...! જેને સમભાવ જ્ઞાતા-દૃષ્ટાનો અંશ પ્રતીત થઈને એવો થયો છે કે જેમાં શુદ્ધિનો વધારો થતાં થતાં કોઈ તીર્થંકર પદ પણ વચમાં શુભભાવ આવે ને થાય, એ પદવી પામે તો એથી એ સમકિત રત્ન સર્વ લોકમાં દેવ, દાનવ અને મનુષ્યથી પૂજ્ય છે. આ..હા...!

'શ્રેણિક રાજા' સમકિત સહિત અત્યારે નરકમાં છે. રાજપાટ છૂટ્યું નહોતું. સમ્યગ્દૃષ્ટિ ત્યાંથી નીકળીને પહેલાં તીર્થંકર થવાના છે. જેવા મહાવીર ભગવાન અહીંયાં ચોવીસમાં તીર્થંકર હતા એવા જ કાયા સાત હાથ ઊંચી વગેરે વગેરે લગભગ, એના જેવા ભગવાન થવાના છે. બાયડી, છોકરા છોડ્યા નથી. છોડ્યા નથી એટલે? આસક્તિ તરીકે, હોં! દૃષ્ટિમાંથી તો રાગાદિ બધું છૂટી ગયું છે. આહાહા..! તે જીવ તીર્થંકર થશે. અત્યારે પહેલી નરકમાં છે. ચોર્યાશી હજાર વર્ષની સ્થિતિએ છે. અને સાધુ નગ્ન દિગંબર હોય પણ એ મહાવ્રતના પરિણામ છે એ આસ્રવ છે એને પોતાના માને અને હિતકર માને તે મિથ્યાદૃષ્ટિ નિગોદને પંથે પડ્યો છે. અહીં કલ્યાણની પરંપરા આવી એની સામે આવ્યું. આહાહા..! ભારે વાત. સમજાણું કાંઈ?

ધર્મીને આત્માના આનંદના સ્વાદ આગળ ધર્મી પહેલા નંબરનો સમકિતી થાય ત્યારથી એને આત્માના આનંદના સ્વાદ આગળ કોઈ ચીજ રાગાદિ કે રાગના ફળમાં આનંદ, લાભ દેખાતો નથી. સમજાણું કાંઈ? આ તો મોંઘુ બહુ, એમ કેટલાક કહે છે. ઇ છે ઇ છે આ. લોકોએ માન્યું હોય ને? દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા કરો અને ચોપડી આદરો બાર વ્રતની, થઈ ગયા તમે શ્રાવક ને સમકિતી. છેતરાઈ જાઈશ, મરી જઈશ. અહીં આયુષ્ય પૂરું થઈને ચાલ્યો જાઈશ નિગોદમાં. સમજાય છે કાંઈ? આહાહા..! 'પ્રકાશદાસજી'! એવી વાત છે. આહાહા..!

કહે છે, એ તીર્થંકર થશે. આહાહા..! સમકિત આત્માના ભાન સહિત 'શ્રેણિક' નરકમાં ગયા છે. ત્યાં એ તીર્થંકર ગોત્ર બાંધે છે. બાંધે? પંડિતજી! ત્યાં પણ બાંધે છે. બે દિ' પહેલા કહી ગયા હતા. પહેલા શરૂઆત અહીંયાં થઈ હતી પણ એમ ને એમ ચાલુ છે હજી. આહાહા..! બે-ત્રણ દિ' પહેલા વાત થઈ હતી પણ એમને યાદ નથી. સમજાણું કાંઈ? આહાહા..!

જ્ઞાનસ્વરૂપી ભગવાન એ તો એકલો ચૈતન્યનો પિંડ આત્મા તો છે. એમાં એ દયા, દાન, વ્રત ને ભક્તિનો, પૂજાનો વિકલ્પ (આવે) એ વસ્તુમાં છે જ નહિ. એ તો નવા ઊભા કરીને રાગને ઉત્પન્ન કરે છે. આહાહા..! સમજાણું કાંઈ? વીતરાગસ્વરૂપ ભગવાનઆત્મા એનું સ્વરૂપ જ વીતરાગસ્વરૂપ છે અનાદિઅનંત દરેક આત્માનું. એવા વીતરાગ સ્વરૂપની અંદર જ્ઞાનમાં એનું જ્ઞેય થઈને પ્રતીત થાય એને દુનિયામાં ક્યાંય ચેન પડે નહિ. છન્નુ હજાર સ્ત્રીઓ પદમણી જેવી (હોય) અને એક દેવીને તો હજાર દેવ સેવા કરે. શું કહેવાય ઇ દેવી? સ્ત્રીરત્ન. સ્ત્રીમાં મોટી, ધૂળમાં. એ પણ એને લલચાવે તો પણ સમકિતીને ક્યાંય સુખ ભાસતું નથી. સમજાણું કાંઈ? આહાહા..! એવા સમ્યગ્દષ્ટિ જીવને આત્માના આનંદ સિવાય ક્યાંય સુખ લાગતું નથી. એને સમ્યગ્દર્શન કહીએ. આહાહા..! સમજાણું કાંઈ? સમ્યગ્દર્શન, લ્યો અમે હવે સમકિતી છીએ. ભગવાનને માનીએ છીએ. હવે વ્રત લ્યો, ચોપડી લ્યો, ચોપડી. ચોપડી લ્યો. વ્રત ક્યાં હતા અજ્ઞાનીને? આહાહા..! સમજાણું કાંઈ?

કહે છે, જુઓ! પાઠમાં વખાણ કેટલા કર્યા છે! '**सम्मद्दंसणरयणं अग्घेदि सुरासरे लोए**' શબ્દ તો એવો કીધો છે. ભાઈ! પણ એણે જરી એના પ્રતાપમાં, સમ્યગ્દર્શનના ભાનમાં (આવું હોય છે એણ કહે છે). 'છ ઢાળા'માં પણ આવે છે ને? 'લેશ ન સંયમ પણ સુરથાથ જજૈ હૈં.' 'ચરિતમોહવશ' વશ પડ્યો છે, હોં! મોહ એને કરાવતું નથી. પણ એટલી ચારિત્રમોહના ઉદયની આસક્તિ છે. એમ હોવા છતાં ચારિત્ર નથી પણ સમ્યગ્દર્શન છે તો સૂરનાથ જજૈ હૈ. સુરના નાથ એટલે ઇન્દ્રો પણ જેને પૂજે છે. ઓ..હો...! ધન્ય અવતાર! ધન્ય! બાપુ! તારા ભાવ. જેણે ચૈતન્ય-રત્ન અનુભવમાં લીધો... આ..હા..હા...! ધન્ય તારા અવતાર સફળ! એમ ઇન્દ્રો પણ જેના ગાણા ગાય છે. સમજાણું કાંઈ? પૈસાવાળા ગાણા ગવરાવે છે ને? જુઓ! પૈસા હોય તો કહે, જલસા કરો, અમારી આબરૂ કરો, અમારે પોણોસો વર્ષ થયા, એંસી વર્ષ થયા, જન્મજયંતિ ભેગી ઉજવો. ... ઓછા કરી કરે, કરાવે ત્યારે. ભિખારી થઈને. સમજાણું કાંઈ? એને તો વગર કહે ઇન્દ્રો એની શોભા કરે. એવું જેને સમ્યગ્દર્શન હતું એના ભાવમાં શુભભાવમાં જે આવ્યો એના ફળમાં જેને આવી સત્કાર, સન્માનના જલસા ઉડતા હોય. પણ એ સત્કાર, સન્માનને અડતા નથી. આહાહા..!

'**તીર્થંકર પ્રકૃતિકે બંધકે કારણ સોલહકારણ ભાવના કહી હૈ...**' તીર્થંકરપણું બાંધે એ સમકિતીને એવો ભાવ આવે. જે કંઈ વ્રત ને નિયમના વિકલ્પો છે એ માને ધર્મ છે, એમ માનનાર મિથ્યાદષ્ટિને તો આવો વિકલ્પ હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? અહીં કહે છે, '**તીર્થંકર પ્રકૃતિકે બંધકે કારણ સોલહકારણ ભાવના કહી હૈ...**' ભાવના શબ્દે એ વિકલ્પ આવી જાય છે, ભાવે છે,

એમ નથી, હોં!

**'ઉસમેં પહલી દર્શનવિશુદ્ધિ હૈ...'** જોયું! **'लोए'** શબ્દ પડ્યો છે ને? **'विसुद्धसम्मत्तं'**. **'વહી પ્રધાન હૈ...'** સોળ કારણમાં દર્શનવિશુદ્ધિ તીર્થંકર પ્રકૃતિ બંધનમાં પ્રધાન છે અને સમ્યગ્દર્શનની શુદ્ધિ નથી એવા ભલે ભગવાનના વિનય કરે, અપવાસ કરે, છ આવશ્યક કરે, સામાયિક, ચોવીસંથો આદિ (કરે), એ બધા થોથા થોથા પુણ્ય બાંધીને ઉડી જવાના. સમજાણું કાંઈ? વૈભવની કેટલી કિંમત આમાં?

મુમુક્ષુ :- જરાય નહિ.

ઉત્તર :- જરાય નહિ, તો ત્યાં તમને શું કરવા બોલાવે છે? અહીં આવતા નથી? 'સુમનભાઈ' અહીં આવે, જુઓ! ખબર છે? અહીં આવે ને ન્યાં પાછા પગ દાબે, હોં!

મુમુક્ષુ :- એમાં દિ' શું વળે?

ઉત્તર :- આ તો આવે છે એટલી વાત કરી ને. અને આને ન્યાં જાવું પડે સેવા કરાવવા માટે, વાહ! એ.. 'હિંમતભાઈ'! આહાહા..!

મુમુક્ષુ :- ઇ ન આવે તો મારે ત્યાં જાવું પડે.

ઉત્તર :- તમે કે દિ' ન્યાં ગયા છો? આહાહા..!

કહે છે, ધર્મી તો પોતાનું શરીર ઉત્પન્ન કરનાર નિમિત્ત બાપ, એને બાપ જ માનતો નથી ને. અરે...! એય...! કારણ કે ધર્મીને આત્મા સિવાય કોઈ પર ચીજ છે એ તો બધી જ્ઞાનનું જ્ઞેય છે. એ મારો બાપ છે અને હું દીકરો છું, એમ સમકિતી માનતો નથી. આહાહા..! ગજબ વાતું છે! ભારે કામ. એ... 'મોહનભાઈ'! શું હશે આમાં? એને એકનો એક દીકરો છે એને ન્યાં રખડાવે છે. 'સુરેન્દ્ર'. લ્યો. નજીક છે ને. સમજાણું આમાં? કાલે 'હિંમતભાઈ' કહેતા હતા. મારે એકનો એક છે તો બીજે ફેરવવો નથી, મારી નજર તળે રહે. ત્યાં ભલે પગાર વધારે મળે પણ મારે નથી રાખવો, એમ 'હિંમતભાઈ' કહેતા હતા. આહાહા..!

મુમુક્ષુ :- અહીંનો લાભ મળે.

ઉત્તર :- પછી જરી વાળી લીધું. અહીં લાભ મળે સાંભળવાનો. આહા..હા..!

ભગવાન! તારા સ્વરૂપની શું વાતું! પરમેશ્વર કેવળજ્ઞાની તીર્થંકરદેવે જે આત્મા કહ્યો, એના ગુણોની શું વ્યાખ્યા! એવા ગુણનો દરિયો ભગવાન, એને પુણ્ય ને પાપના રાગથી ભિન્ન પાડીને ભેદજ્ઞાન થયા અને એમાં પ્રતીતિ, પ્રતીતિ શ્રદ્ધા ભરોંસે બેઠી કે આ તો અનંત આનંદ અને કલ્યાણની મૂર્તિ જ આત્મા તો છે. એમાંથી તો કેવળજ્ઞાન અને આનંદ પાકે એવું આ મારું ફળ છે. મારું ક્ષેત્ર તો એવું છે કે જેમાં સિદ્ધપદ પાકે. સંસાર પાકે નહિ એવો હું છું, એમ માને. આહાહા..! એય! 'રતિભાઈ'! આ પૈસા-બૈસાની કિંમત કાંઈ ન રહી. કહે છે ને આ બધા, તમે કરોડોપતિઓ છે. એમ વાતું કરે છે. ક્યાં ગયો 'અતુલ'? સમજાણું કાંઈ? આ કિંમત છે. વાત ઇ છે. ધૂળમાં કાંઈ (નથી) હવે. તારા કાંકરા કરોડ હોય ને પાંચ કરોડ હોય ને દસ કરોડ હોય. ધૂળ છે, ધૂળ. માટી છે, માળા! સાંભળને. એને દેખીને રાજી થાય, મૂઢ છો. 'મલૂકચંદભાઈ'! ભગવાનને-આત્માને

દેખીને રાજી થાય કે આ..હા..હા...! આ તે ચૈતન્યચમત્કાર હીરો! જેની કિંમતું કેવળીએ કરી, બાકી સાધારણ માણસનું ગજુ નથી. આહાહા..! સમજાણું કાંઈ? એવો અનુભવગમ્ય પ્રભુ, એનું જે સમકિત એની ભાવનામાં દર્શનશુદ્ધિ પ્રધાન છે. બીજી બધી ક્રિયાઓ ભલે વિનય આદિ હોય પણ આ દર્શનવિશુદ્ધિ ન હોય તો છ આવશ્યક ને બધું આવે છે ને? એ બધું થોથા (છે). આ વિકલ્પ હોય તો એને વ્યવહાર કહેવાય.

'**વિનયાદિક...**' જુઓ! શબ્દ ઇ આવ્યો, હોં! એમાં. મારા મગજમાંથી અધ્ધરથી ઉપડ્યો હતો. વિનય ઉપડે છે ને? બહુ વિનયવાળા સારા કહેવાય ને. આમાં ઇ આવ્યું, હોં! '**યહી વિનયાદિક પંદ્રહ ભાવનાઓંકા કારણ હૈ,...**' આહાહા..! સમજાણું કાંઈ? ભગવાન અણમૂલું રતન, જેનું મૂલ્ય નહિ. એવું ચૈતન્ય-રત્ન, એનું જેને સમ્યગ્દર્શનનું રત્ન પ્રગટ્યું, કહે છે કે એના સમ્યગ્દર્શનમાં સમ્યગ્દર્શનની પ્રધાનતાનો જે પહેલો વિકલ્પ છે એ તીર્થંકર ગોત્રનું કારણ છે. દર્શનશુદ્ધિ એકલું કારણ નથી, ઓલો વિકલ્પ હોય છે ને? પણ એનામાં આ હોય પછી પેલા પંદર કારણ હો તો હોય. ન હોય તો એકલા દર્શનવિશુદ્ધિથી તીર્થંકર ગોત્ર બાંધે. આહાહા..! સમજાણું કાંઈ? કેટલાક કેટલાક હોય, બધા ન હોય ભલે. ઉતાર્યા છે ને? 'ધવલ'માં ઉતાર્યા છે દરેકમાં. આ હોય તો આટલા તો હોય, આ હોય તો આટલા તો હોય, એમ બધા ઉતાર્યા છે. મોટો વિસ્તાર છે. એક ફેરી આપણે વાંચ્યું હતું, નહિ? અહીં વાંચ્યું હતું. આહા..! 'રામજીભાઈ' તે દિ' નહોતા. અહીં વાંચ્યું હતું. હા, ખબર છે.

સોળ કારણે તીર્થંકર ગોત્ર બંધાય. એમાં પહેલું મુખ્ય સમ્યગ્દર્શનની વિશુદ્ધિનો એવો વિકલ્પ. સમ્યગ્દર્શન છે એ તો કાંઈ તીર્થંકર ગોત્ર બાંધવાનું કારણ નથી. સમ્યગ્દર્શન તો ધર્મસ્વરૂપ આત્માનો આનંદ (છે), એ કાંઈ બંધનું કારણ હોઈ શકે નહિ. પણ દર્શનવિશુદ્ધિની ભૂમિકાનો જે વિકલ્પ, રાગ ઉઠે એને તીર્થંકર ગોત્ર બંધનું કારણ કહેવાય. સમજાણું કાંઈ? આહા..! પેલા એ વાંધા ઉઠાવે. સમકિતથી દેવનું આયુષ્ય બંધાય (એમ કહે છે). અરે..! દેવના બંધાણા. સમકિતી સરાગ સમકિત સહિત સરાગ સંયમી હોય, રાગવાળો સંયમ હોય એ સ્વર્ગમાં જાય એમ કહ્યું. પણ એ સરાગ સંયમમાં રાગના અંશને કારણે જાય. સાંભળ તો ખરો. એ તો પહેલી વાતમાં કીધું. આહાહા..! દેવના આયુષ્યનું બંધન પડે કે ચક્રવર્તીનું કે તીર્થંકર ગોત્રનું, એ બધો રાગનો અંશ હોય તો બંધન પડે, આત્માના ધર્મથી બંધન પડે? ધર્મની ખબર (નથી). ધર્મ તો અબંધપરિણામી છે. આહાહા..! લૂંટાણો છે ને ચોર્યાશીના અવતારમાં. એમાંથી લૂંટમાંથી એને નીકળવું ગોઠતું નથી. અને એના પ્રરૂપકો પણ એવા એને મળી જાય. આહાહા..!

બાપુ! તારી ચીજ તો વીતરાગસ્વરૂપે છે. એ કેવળી વીતરાગ થાય છે, એ વીતરાગપણું આવે ક્યાંથી? એ બહારથી આવે છે? બહારથી આવે ક્યાંય? પીપરમાંથી ચોસઠ પહોરી તીખાશ જે આવે છે એ બહારથી આવે છે? આ ચોસઠ પહોરી તીખાશની લીંડીપીપર નથી? બહારથી આવે છે? અંદરમાં પડી છે એ આવે છે. એમ વીતરાગ સર્વજ્ઞપદ, સિદ્ધપદ એ ક્યાંથી આવ્યું? એ અંદરમાં સ્વભાવમાં છે એમાંથી આવે છે. પેલા વિકલ્પ કર્યા ને મહાવ્રત પાળ્યા, એમાંથી કાંઈ

સિદ્ધપદ આવતું નથી. આહાહા..! ભારે કામ. આકરું પણ ભારે, હોં! લોકોને સાધારણ નવા માણસને એવું લાગે આ તે શું છે આ? કઈ જાતનો આ તે ધર્મ? 'ધીરૂભાઈ'! નવા માણસને તો એવું લાગે કઈ જાતનો આ ધર્મ? અરે...! ભગવાન! બાપુ! તેં સાંભળ્યો નથી, ભાઈ! પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકર વીતરાગદેવ ઇન્દ્રો ને ગણધરોની સમક્ષમાં આ વાત કહેતા હતા. તને સાંભળવા ન મળે માટે ધર્મ કાંઈક બીજો થઈ જાય એમ છે નહિ. સમજાણું કાંઈ?

**'ઇસલિયે સમ્યગ્દર્શનકે હી પ્રધાનપના હૈ.'** લ્યો. સમજાણું?

---

**अब कहते हैं कि जो उत्तम गोत्र सहित मनुष्यत्वको पाकर सम्यक्त्वकी प्राप्तिसे मोक्ष पाते हैं यह सम्यक्त्वका माहात्म्य है :–**

## ગાથા-૩૪

**लदधूणं[१] य मणुयत्तं सहियं तह उत्तमेण गोत्तेण।**
**लद्धूण य सम्मत्तं अक्खयसोक्खं[२] च मोक्खं च।।३४।।**

लब्ध्वा च मनुजत्त्वं सहितं तथा उत्तमेन गोत्रेण।
लब्ध्वा च सम्यक्त्वं अक्षयसुखं च मोक्षं च।।३४।।

**રે! ગોત્ર ઉત્તમથી સહિત મનુજત્વને જીવ પામીને,**
**સંપ્રાપ્ત કરી સમ્યક્ત્વ, અક્ષય સૌખ્ય ને મુક્તિ લહે. ૩૪.**

**अर्थ :– उत्तमगोत्र सहित मनुष्यपना प्रत्यक्ष प्राप्त करके और वहाँ सम्यक्त्व प्राप्त करके अविनाशी सुखरूप केवलज्ञान प्राप्त करते हैं, तथा उस सुखसहित मोक्ष प्राप्त करते हैं।।**

**भावार्थ :– यह सब सम्यक्त्वका माहात्म्य है।।३४।।**

---

## ગાથા-૩૪ ઉપર પ્રવચન

**'આગે કહતે હૈં કિ જો ઉત્તમ ગોત્ર સહિત મનુષ્યત્વકો પાકર સમ્યક્ત્વકી પ્રાપ્તિસે મોક્ષ પાતે હૈં યહ સમ્યક્ત્વકા માહાત્મ્ય હૈ :-'** આહા..! જેને આત્મદર્શન થયું, આત્માનુભવ-સમ્યગ્દર્શન થયું, કહે છે કે એને બાકી રહેલો જરી રાગ હોય તો એનાથી ઇન્દ્ર આદિમાં જશે, ત્યાંથી ઉત્તમ ગોત્ર વગેરે કોઈ રાજકુળમાં જઈને અવતાર થઈને ત્યાં કેવળજ્ઞાન પામીને મોક્ષ જશે, એમ કહે છે. ગોત્ર ઉત્તમ લેવું છે ને? આહાહા..! સમકિતીને ઉત્તમ ગોત્ર હોય, કહે છે. 'રત્નકરંડ શ્રાવકાચાર'માં આવે છે. પંડિતજી! 'રત્નકરંડ શ્રાવકાચાર'માં. નહિ? શક્તિ એવું આવે

---

१. दट्ठूण पाठान्तर। २. 'अक्खयसोक्खं लदहि मोक्खं च' पाठान्तर।

છે ને? 'રત્નકરંડ શ્રાવકાચાર'માં છ બોલ ઋદ્ધિ. સમકિતી આવી ઋદ્ધિને પામે.

મુમુક્ષુ :- નારક, તિર્યંચ..

ઉત્તર :- એ નહિ, એ નહિ. આ તો પામે તો આવી શક્તિની વાત છે. બોલ આવે છે. શું નામ? ઋદ્ધિ આદિ છ બોલ છે. શ્લોકમાં છે. શક્તિ, ઋદ્ધિ....

મુમુક્ષુ :-

ઉત્તર :- ઇ. ક્યાંક છે. છે શાસ્ત્ર? છ બોલ છે. સમકિતી આરાધક થયેલો છે એને આવું હોય. એમ. શ્વેતાંબરમાં દશ બોલ આવે છે, આમાં ક્યાંક છ બોલ આવે છે. શ્વેતાંબરમાં દશાંગી સુખમાં ઊપજે એવું આવે છે. ત્રીજા અધ્યયનમાં (છે). સમજાણું ? આમાં 'રત્નકરંડ શ્રાવકાચાર'માં પણ બોલ આવે છે. બધું યાદ રહે છે કાંઈ? સમજાણું કાંઈ?

અહીં આચાર્યદેવ કહે છે, જેને આત્મદર્શન, આત્મસાક્ષાત્કાર, આત્માનું ભાન, આત્માનો અનુભવ થયો એને સમકિતી કહે છે. એ વિનાના જીવને સમકિતી કહેતા નથી. એ સમકિતીનું માહાત્મ્ય એવું છે કે **'लदधूणं य मणुयत्तं'** પાછા અહીંથી મરીને સ્વર્ગમાં જાય અને સ્વર્ગમાંથી મરીને પાછા મનુષ્ય જ થાય એ તો. અને સમકિતી જે દેવ ને નારકી હોય એ મનુષ્યમાં આવે. અને તિર્યંચ પશુ અસંખ્ય સમકિતી ભગવાને જોયા છે અઢી દ્વિપ બહાર, અઢી દ્વિપ બહાર હજાર હજાર યોજનના મચ્છ અનુભવી સમકિતી (છે). એ બધા મરીને સ્વર્ગમાં જાય. સમજાણું કાંઈ? સ્વર્ગના દેવ અને નારકીના જીવ બે મનુષ્યપણામાં આવે. અને મનુષ્ય અને પશુ સમકિતી હોય એ મરીને દેવમાં જાય. સમજાણું કાંઈ? એ વાત લઈને કહે છે....

**लदधूणं[१] य मणुयत्तं सहियं तह उत्तमेण गोत्तेण।**
**लद्धूण य सम्मत्तं अक्खयसोक्खं[२] च मोक्खं च।।३४।।**

'**अक्खयसोक्खं मोक्खं**' પાઠમાં છે.

અર્થ :- **'ઉત્તમગોત્ર સહિત મનુષ્યપના પ્રત્યક્ષ પ્રાપ્ત કરકે...'** આહાહા..! જ્યારે સમકિત પામે ત્યારે ભલે સાધારણ નરક ગોત્ર આદિ હોય. નરકમાં પણ થાય, પશુમાં પણ થાય, મનુષ્યમાં, દેવમાં થાય. પણ સમ્યગ્દર્શન પામ્યા પછી એને તો ઉત્તમ ગોત્ર મનુષ્યપણાની જ એને પ્રાપ્તિ હોય. એને ઢોરનું કે વિકલત્રયનું કે... સમજાય છે? ભવનપતિ, વ્યંતર, જ્યોતિષના અવતાર એને હોઈ શકે નહિ. આહાહા..! સમજાણું કાંઈ? '**मणुयत्तं सहियं**' એટલે સહિત છે તે પામે. '**उत्तमेण गोत्तेण**'.

સમ્યગ્દષ્ટિ જીવ અહીંયા સ્થિતિ પૂરી કરીને મનુષ્ય હોય અને તિર્યંચ હોય તો સ્વર્ગમાં જાય. પણ ત્યાંથી કહે છે કે ઉત્તમ ગોત્ર એવા મનુષ્યમાં રાજકુળમાં જન્મે. કાં કોઈ ધનાઢ્ય અબજોપતિના ઘરે એનો જન્મ હોય. પૂર્વે આરાધન કર્યું છે એથી એના પુણ્યના ફળમાં પણ આવી એની ઉત્તમગોત્રની દશા હોય. છતાં એને ત્યાં પ્રેમ ન હોય એમાં. આહાહા..! આવા ઉત્તમ મનુષ્યમાં આવ્યા, એ કંઈ નથી. ગરીબ હો કે ઉત્તમ હો, સમકિતીને બેય પ્રત્યે જ્ઞાતા અને જ્ઞેયપણું છે.

અહીં તો એ પ્રત્યક્ષ એમ કહે છે, **'વહાં સમ્યક્ત્વ પ્રાપ્ત કરકે અવિનાશી કેવલજ્ઞાન પ્રાપ્ત**

**કરતે હૈં,...'** લ્યો, અહીં તો સીધી જ વાત કરી. સમકિતી આમ થાય ને આમ થાય, આટલા ભવ કરે એવી વાતું નથી લીધી. પંચમકાળ એમાં કહે છે આવા સમકિત થાય એ તો અલ્પકાળમાં કેવળ પામીને મોક્ષ જ જાય. સમજાણું કાંઈ? વિસ્તાર છે, વિશેષ લઈશું... **'યહ સબ સમ્યક્ત્વકા માહાત્મ્ય હૈ.'** ભાવાર્થમાં એક શબ્દ લીધો. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

**अब प्रश्न उत्पन्न होता है कि–जो सम्यक्त्वके प्रभावसे मोक्ष प्राप्त करते हैं वे तत्काल ही प्राप्त करते हैं या कुछ अवस्थान भी रहते हैं? उसके समाधानरूप गाथा कहते हैं :–**

## ગાથા-૩૫

**विहरदि जाव जिणिंदो सहसट्ठसुलक्खणेहिं संजुत्तो।**
**चउतीस अइसयजुदो सा पडिमा थावरा भणिया।।३५।।**

विहरति यावत् जिनेन्द्रः सहस्राष्टलक्षणैः संयुक्तः।
चतुस्त्रिंशदतिशययुतः सा प्रतिमा स्थावरा भणिता।।३५।।

**ચોત્રીસ અતિશયયુક્ત, અષ્ટ સહસ્ર લક્ષણધરપણે;**
**જિનચંદ્ર વિહરે જ્યાં લગી, તે બિંબ સ્થાવર ઉક્ત છે. ૩૫.**

**अर्थ :– केवलज्ञान होनेके बाद जिनेन्द्र भगवान जब तक इस लोकमें आर्यखंडमें विहार करते हैं तब तक उनकी वह प्रतिमा अर्थात् शरीर सहित प्रतिबिम्ब उसको 'थावर प्रतिमा' इस नामसे कहते हैं। वे जिनेन्द्र कैसे हैं? एक हजार आठ लक्षणोंसे संयुक्त हैं। वहाँ श्रीवृक्षको आदि लेकर एक सौ आठ तो लक्षण होते हैं। तिल मुसको आदि लेकर नौ सौ व्यंजन होते हैं। चौतीस अतिशयोंमें दस तो जन्मसे ही लिये हुए उत्पन्न होते हैं :– १. निस्वेदता, २. निर्मलता, ३. श्वेतरुधिरता, ४. समचतुरस्रसंस्थान, ५. वज्रवृषभ नाराच संहनन, ६. सुरूपता, ७. सुगंधता, ८. सुलक्षणता, ९. अतुलवीर्य, १०. हितमितवचन – ऐसे दस होते हैं। घातिया कर्मोंके क्षय होने पर दस होते हैं :– १. शतयोजन सुभिक्षता, २. आकाशगमन, ३. प्राणीवधका अभाव, ४. कवलाहारका अभाव, ५. उपसर्गका अभाव, ६. चतुर्मुखपना, ७. सर्वविद्याप्रभुत्व, ८. छायारहितत्व, ९. लोचननिस्पंदनरहितत्व, १०. केश – नखवृद्धिरहितत्त्व ऐसे दस होते हैं। देवों द्वारा किये हुए चौदह होते हैं :– १. सकलार्द्धमागधी भाषा, २. सर्वजीव मैत्रीभाव, ३. सर्वऋतुफलपुष्प प्रादुर्भाव, ४. दर्पणके समान पृथ्वीका होना, ५. मंद सुगंध पवनका चलना, ६. सारे संसारमें आनंदका होना, ७. भूमिकंटकादिरहित होना, ८. देवों द्वारा गंधोदककी वर्षा होना, ९. विहारके समय चरणकमलके नीचे देवों द्वारा सुवर्णमयी कमलोंकी रचना होना, १०.**

**भूमि धान्यनिष्पत्ति सहित होना, ११. दिशा– आकाश निर्मल होना, १२. देवोंका आह्वानन शब्द होना, १३. धर्मचक्रका आगे चलना, १४. अष्ट मंगल द्रव्य होना ऐसे चौदह होते हैं। सब मिलाकर चौंतीस हो गये। आठ प्रातिहार्य होते हैं, उनके नाम :– १. अशोकवृक्ष, २. पुष्पवृष्टि, ३. दिव्यध्वनि, ४. चामर, ५. सिंहासन, ६. छत्र, ७. भामंडल, ८. दुन्दुभिवादित्र ऐसे आठ होते हैं। – ऐसे अतिशयसहित अनंतज्ञान, अनंतदर्शन, अनंतसुख, अनंतवीर्य सहित तीर्थंकर – परमदेव जब तक जीवोंके संबोधन निमित्त विहार करते विराजते हैं तब तक स्थावर प्रतिमा कहलाते हैं। ऐसे स्थावर प्रतिमा कहनेसे तीर्थंकरके केवलज्ञान होनेके बादमें अवस्थान बताया है और धातु पाषाणकी प्रतिमा बनाकर स्थापित करते हैं वह इसीका व्यवहार है।।३५।।**

## પ્રવચન નં. ૨૧, ગાથા-૩૫, ૩૬ સોમવાર, જેઠ વદ ૧૧, તા. ૨૯-૬-૧૯૭૦

આ 'અષ્ટપાહુડ' (છે). દર્શનપાહુડની ૩૫મી ગાથા. ૩૪માં સમકિતનું માહાત્મ્ય કહ્યું. ૩૫ માં એમ કહે છે,

**'सम्यक्त्वके प्रभावसे मोक्ष प्राप्त करते हैं वे तत्काल ही प्राप्त करते हैं या कुछ अवस्थान भी रहते हैं?'** કહે છે કે આ આત્મા પૂર્ણ શુદ્ધ આનંદ ને જ્ઞાનમય આત્મા છે. એનું જ્યાં અંતર ભાન થઈને સમ્યગ્દર્શન થાય એની પુણ્ય-પાપના રાગમાં કે વિષય વાસનામાં સુખબુદ્ધિ ઉડી જાય. સમજાણું કાંઈ? એથી એ દુઃખને ક્ષય કરવામાં એ આત્માનું સુખસ્વરૂપ છે આત્મા એવું જ્યાં ભાન થાય એ ભાનને સમ્યગ્દર્શન કહે છે. એ જ વડે, એના પ્રભાવથી પૂર્ણ આનંદને, મોક્ષને પામે. સમજાણું કાંઈ?

જેને સુખી થવું હોય તો કેમ સુખી થાય, એમ કહે છે. આ દુઃખી છે અનાદિ સંસારમાં. શુભ-અશુભભાવ, સંકલ્પ, વિકલ્પભાવ એ બધા આસ્રવ છે, મેલ છે, દુઃખ છે, ઝેર છે. એનો જેને પ્રેમ અને રુચિ છે એ નિગોદ ને ચાર ગતિના પંથે પડેલ છે. સમજાણું કાંઈ? જેને આત્માના આનંદ સિવાય કોઈપણ બાહ્ય ચીજમાં પ્રેમ અને પ્રીતિ થઈને સુખબુદ્ધિ ઉપજે એ બધા દુઃખમાં જવાના રસ્તા છે, એમ કહે છે. સમજાણું કાંઈ? અને જેને આત્માના આનંદની પ્રેમ ને રુચિ (છે), અતીન્દ્રિય આનંદ ભગવાનઆત્મા, એનો અનુભવ થતાં વેદન આનંદનું આવતાં એ આનંદનું સમકિત એટલે શ્રદ્ધા, એવા સમ્યગ્દર્શન દ્વારા પરમ આનંદરૂપી મોક્ષને પામે. પેલો દુઃખની દૃષ્ટિવાળો ચાર ગતિના ભવને પામે છે. સમજાણું કાંઈ?

**'सम्यक्त्वके प्रभावसे...'** એટલે આત્મા... આ શરીર, વાણી, મન તો જડ છે. સમજાણું કાંઈ? એ મરવા દેહ છૂટવા કાળે કંઠ પણ રૂંધાઈ જશે. અવાજ પણ નહિ કરી શકે. કારણ કે અવાજની ક્રિયા તો કંઠ જડની છે. સમજાણું કાંઈ? દેહ છૂટવા કાળે કેટલાકને આ કંઠ બંધ (થઈ જાય). જીવતા. હજી પાંચ-દસ મિનિટ જીવે. કંઠ બંધ થઈ જાય. ઉં..ઉં... (કરે). આ..હા...! કારણ કે એ તો જડની ક્રિયા (છે). કંઈ આત્મા નથી. એટલે બોલીને સમાધાન કરતો એ

બોલવાનું રહ્યું નહિ. સમજાણું કાંઈ? આહાહા..! કંઠ પકડાય. કારણ કે કંઠ છૂટે છે ઇ જડની ક્રિયા છે. આ અવાજ આદિ કંઈ આત્માની ક્રિયા નથી.

મુમુક્ષુ :- એમાં જ વાંધા...

ઉત્તર :- પણ એને પ્રત્યક્ષ દેખાતું નથી? ઓલો મોટો ડાકુ નહોતો? મોટરને 'રામાનંદ' ગામા. મોટરને ઊભી રાખતો. માખી આવીને બેઠી તો આમ નહોતો ઊડાડી શકતો. મરતાં. જેને સરકાર તરફથી ઇનામ મળતું. શું કહેવાય ઇ? પહેલવાન. સેંડો. પહેલવાન. એ તો જડ છે, આ તો માટીનો પહેલવાન છે. આત્મા ક્યાં (છે)? આત્મા તો અંદર જુદી ચીજ છે. આહાહા..! ઇ ફોટો આવ્યો હતો. આમ બેઠો હતો ને ફોટો પાડેલો. માખી અહીં બેઠી હતી તો (આમ) નહોતું થાતું. બાપુ! એ તો જડની ક્રિયા, ભાઈ! એને ખબર નથી. એ મારાથી થાય છે એમ માને તો એ શરીરને પોતાનું માને છે. શરીર મારાથી જુદું છે એવી એને દૃષ્ટિ નથી.

મુમુક્ષુ :-

ઉત્તર :- વૈરાગ્ય પહેલેથી હોય તો ત્યાં આગળ થાય. પહેલા જોવે કે હાથમાં બાણ નાખતા આવડતું ન હોય અને પછી ગોરા સામે ઊભા રહેવું કે સોલ્જર સામે? આ શરીરની આ ભાષા, કંઠ એ થાય છે એ બધું જડના પર્યાયથી થાય છે. એ જડની પર્યાય અટકશે ત્યારે આત્મા પછી બોલી શકે એ નહિ રહે. કાંઈક કહેવું હોય તો અંદર આકુળતા થાય એને. હાય..હાય..! આ કહેવાણું નહિ, આ ફલાણું નહિ. પણ કોણ કહે? સાંભળને, ભાઈ! આહાહા..! સમજાણું કાંઈ? મમતા હોય છોકરા ઉપર, બાયડી ઉપર, મકાન ઉપર. એકદમ કંઠ (બંધ થઈ જાય). બાપુ! જેને ઇ શરીર પ્રત્યેની રુચિ છે અને વિષયના ભાવમાં જેને રુચિ અને પ્રેમ છે એ બધા કંઠ રૂંધાશે ત્યારે મૂંઝાશે. સમજાણું કાંઈ? કેમકે બીજી ચીજ ઉપર પોતાની પ્રીતિ હતી. આહાહા..! સમજાણું કાંઈ?

અહીં ભગવાન એમ કહે છે કે જેને સમ્યગ્દર્શન છે, આત્મા આનંદસ્વરૂપ છે, ચૈતન્યપ્રભુ છે ઇ, ભગવાનઆત્મા તો સાક્ષાત્ ચૈતન્ય ભગવાનસ્વરૂપ છે. આનંદ ને જ્ઞાનની લક્ષ્મીવાળો છે. ઇ પોતે પ્રભુ છે. એવી પ્રભુની જેને પ્રીતિ, પ્રતીત જ્ઞાનમાં આવી નથી અને પરની રુચિ ને પ્રીતિ-પ્રેમ છૂટ્યો નથી એ બધા મરવા ટાણે હેં.. હેં.. થઈ જશે. બહારથી દુઃખી એ વખતે પણ છે, માને ત્યારે. સમજાણું કાંઈ?

અને જે ધર્મી છે એણે આત્મામાં આનંદ માન્યો છે. ક્યાંય ઇન્દ્ર ને ઇન્દ્રાણીઓ કે કરોડો અબજો રૂપિયા કે સુંદર શરીરમાં ક્યાંય સુખબુદ્ધિ ધર્મીની હોતી નથી. સમજાણું કાંઈ? એથી એ બધી સામગ્રી ઢીલી પડી જાય અને ન હોય તો માની'તી ચીજ ખરી, એ તો મારી નથી. સમજાણું કાંઈ? એમાં સુખપણું છે નહિ. બોલું તો કાંઈક સમાધાન થાય, ચાલું તો કાંઈક આમ થાય, શરીર ફરે તો આમ ફેરવી શકાય, હેઠે તપતું હોય, પસીના વળ્યા હોય, બધા માણસ જોડે ઊભા હોય, આમ ફેરવી શકાય નહિ, ખ્યાલ આવે. જડ છે આ તો. જડનું ફરવું, બોલવું એ તો બધી જડની ક્રિયા છે. અને અંદર વિષયમાં સુખબુદ્ધિ થવી એ મિથ્યાબુદ્ધિ છે. સમજાણું

કાંઈ? એ મિથ્યાબુદ્ધિથી જ નરક ને નિગોદની ગતિએ જાય છે. અહીં કહે છે કે જેને સમ્યક્‌બુદ્ધિ સમ્યક્ થયું એ મોક્ષમાં જાય છે, એમ કહે છે. આહાહા..! સમજાય છે કાંઈ?

**'અબ પ્રશ્ન ઉત્પન્ન હોતા હૈ કિ-જો સમ્યક્ત્વકે પ્રભાવસે મોક્ષ પ્રાપ્ત કરતે હૈં...'** જ્યાં આનંદ ભગવાન ચૈતન્યપ્રભુ પરમેશ્વરરૂપ પોતાનું છે. દરેક ગુણની ઈશ્વરતા પોતામાં છે. સમજાણું કાંઈ? ધર્મી એ પુણ્ય-પાપના વિકલ્પને સુખરૂપ માનતો નથી. એને ધર્મ માનતો નથી. જે કંઈ શુભભાવને ધર્મ માને એને વિષયમાં સુખબુદ્ધિ છે એનો અર્થ ઇ છે. આહાહા..! ભગવાનઆત્મા ચૈતન્ય ચિંતામણિ કલ્પવૃક્ષ છે. તેના અંતરના પ્રેમ અને સન્મુખતા છોડી જેણે અનાદિના અજ્ઞાનભાવે એ શુભ-અશુભભાવ અને શરીરના અસ્તિત્વે, એનાથી મને ઠીક છે, એનાથી મને ઠીક છે (એમ માન્યું છે), ઇ જ્યારે ફેરફાર થશે (ત્યારે) મૂંઝાશે. કહે છે કે એ મૂંઝવણમાં મરી ચાર ગતિના પંથે, રખડવાને પંથે ચાલ્યો જશે. કહો, સમજાણું કાંઈ? 'સેઠી'!

આત્મા છે ખરો કે નહિ? તો છે તો એ ભાવ કરે છે કે નહિ? આવા ભાવ કરે તો પછી દેહની સ્થિતિ પૂરી થયે ક્યાંક જાશે કે નહિ? ભવમાં જાશે, કહે છે. જેને સમ્યક્ છે.. ઓ..હો...! આત્મા પૂર્ણાનંદનો નાથ પરમેશ્વર પોતે છે. મારો પરમેશ્વર હું પોતે છું. સમજાણું કાંઈ? એવી અંતરમાં શ્રદ્ધા, વિશ્વાસ જાણીને બેઠો છે એને પ્રભાવે પૂર્ણ આનંદરૂપી મોક્ષદશા પામે છે. છે ઇ શબ્દ? છે? જુઓ! **'સમ્યક્ત્વકે પ્રભાવસે મોક્ષ પ્રાપ્ત કરતે હૈં...'** એની વ્યાખ્યા થઈ. આહાહા..! સમજાણું કાંઈ? લોકોએ ધર્મને એવું રૂપ આપ્યું છે ને... અંતરમાં મૂકીને બહારમાં કકળાટ... કકળાટ (કરીને) એમાં ધર્મ માન્યો છે. સમજાણું? પેલામાં નથી કહ્યું? મારો ભગવાન મારી પાસે છે. નથી દેશ દેશાંતર. મેરો ધણી નહિ દેશ દેશાંતર. મોહિમેં હૈ મુજે સૂઝત નીકે. 'બનારસીદાસ' કહે છે, મારો પ્રભુ નથી સમેદશીખરે, નથી શેત્રુંજય, નથી બદ્રીનારાયણે. આહાહા..! મારો ભગવાન તો મારી પાસે એટલે હું પોતે છું. એમ. કેમ બેસે? વિશ્વાસ રાંકને (કેમ આવે)? આવો મોટો બાદશાહ, એની એને પ્રતીત આવતી નથી. રાંકો થઈ ગયો. એક જરીક અનુકૂળતા થાય ને બે સારે શબ્દે બોલાવે તો અંદરથી ગલગલિયા થઈ જાય. હા. આ મને ઓળખે છે, હોં! સારો છે આ. આહાહા..! ભાઈ! તું ક્યાં રાજીને રસ્તે ચડી ગયો? રાજીપો તો અંદરમાં ભગવાનઆત્મામાં છે. સમજાણું કાંઈ? જુઓ! આ સમકિતનું માહાત્મ્ય કહે છે. જેને આત્મા સ્વરૂપે આનંદ ને જ્ઞાનમૂર્તિ છે. ભગવાન સર્વજ્ઞે તીર્થંકરે કેવળીએ કહ્યો. એમાં આવશે, જુઓ! ભગવાન થોડો કાળ અહીં શરીરમાં રહે છે. સમકિતને પ્રભાવે ભાવમોક્ષ થાય. છતાં શરીરમાં અવસ્થાનપણે રહે છે. ત્યારે વાણીનો યોગ હોય અને લોકોને સાંભળવાનું મળે ને? એમ ને એમ ન રહે અને એકદમ થઈ જાય...? દેહ છૂટી જાય, લ્યો. સમજ્યા? કોઈને હોય. અહીં તો તીર્થંકરની વાત લેવી છે.

તીર્થંકરને તો આ સમ્યગ્દર્શનના પ્રભાવે આગળ વધીને કોઈ પુણ્ય વિકલ્પ થયો ને (કર્મ) બંધાણું. એ કેવળજ્ઞાન પામીને પરમ ઔદારિક શરીરમાં વસે છે. તો કહે છે કે **'વે તત્કાલ હી પ્રાપ્ત કરતે હૈં યા કુછ અવસ્થાન ભી રહતે હૈં?'** થોડો કાળ અહીં રહે કે નહિ? સમજાણું કાંઈ?

**'ઉસકે સમાધાનરૂપ ગાથા કહતે હૈં :-'** એના સમાધાનરૂપ (ગાથા છે). આ ધર્મની વાતું ઝીણી છે, ભાઈ! આહાહા..! એણે પુણ્ય ને પાપના વિકલ્પના પ્રેમે અને આ શરીર ને બહારની ચીજના પ્રેમે આત્માના આનંદને ખંડ કરી નાખ્યો છે. સમજાય છે કાંઈ? અને જેને આત્માના આનંદનો પ્રેમ થયો તેને અખંડ આનંદ પ્રગટ થયો છે. આહાહા..! એ અખંડાનંદ ઇ. સમજાણું કાંઈ? એના પ્રભાવે અખંડપણું કૈવલ્ય પામે તો પણ થોડો કાળ શરીરમાં રહે. એને અહીંયાં સ્થાવર પ્રતિમા કહેવામાં આવે છે. રહે છે ને થોડું? સમજાણું કાંઈ?

**विहरदि जाव जिणिंदो सहसट्ठसुलक्खणेहिं संजुत्तो।**
**चउतीस अइसयजुदो सा पडिमा थावरा भणिया।।३५।।**

જુઓ! અહીં તીર્થંકર લીધા છે.

**विहरति यावत् जिनेन्द्रः सहस्राष्टलक्षणैः संयुक्तः।**
**चतुस्त्रिंशदतिशययुतः सा प्रतिमा स्थावरा भणिता।।३५।।**

**અર્થ :- 'કેવલજ્ઞાન હોનેકે બાદ જિનેન્દ્ર ભગવાન...'** જેણે રાગ ને દ્વેષ ને અજ્ઞાન જીતીને જેણે આનંદ ને વીતરાગતા પૂર્ણ અને કેવળજ્ઞાન પ્રગટ કર્યું છે એવા સમકિતને પ્રભાવે પ્રગટેલી પૂર્ણ દશા. **'જબ તક ઇસ લોકમેં-આર્યખંડમેં વિહાર કરતે હૈં...'** જેટલો કાળ એ આર્યક્ષેત્રમાં (રહે). જુઓ! ભગવાન આર્યમાં હોય ને? અનાર્ય ક્ષેત્રમાં ન હોય. **'તબ તક ઉનકી વહ પ્રતિમા અર્થાત્ શરીર સહિત પ્રતિબિંબ ઉસકો 'થાવર પ્રતિમા' ઇસ નામસે કહતે હૈં.'** ભગવાન જ્યાં સુધી કેવળજ્ઞાનપણે વિચરે તો એના શરીર સહિતને સ્થાવર પ્રતિમા કહેવામાં આવે છે.

**'વે જિનેન્દ્ર કૈસે હૈં? એક હજાર આઠ લક્ષણોંસે સંયુક્ત હૈં.'** શરીર શરીરનું લક્ષણ એવું છે, કહે છે. શરીર જે અહીંયાં થોડો કાળ રહે છે એ શરીરનું લક્ષણ આવું છે. અંતરની તો વાત શું કરવી? તીર્થંકર તો પવિત્રતામાં પૂર્ણ અને પુણ્યમાં પણ પૂર્ણ. એનો અહીં દાખલો આપ્યો, સ્થાવર પ્રતિમાનો. લ્યો! સમજાણું કાંઈ? **'વે જિનેન્દ્ર કૈસે હૈં? એક હજાર આઠ લક્ષણોંસે સંયુક્ત હૈં. વહાં શ્રીવૃક્ષકો આદિ...'** પગમાં, હાથમાં હોય છે. **'એક સૌ આઠ તો લક્ષણ હોતે હૈં.'** લ્યો. **'તિલ મુસકો આદિ લેકર નૌ સૌ વ્યંજન હોતે હૈં.'**

**'ચૌંતીસ અતિશય...'** ભગવાનને હોય છે. દેહની સ્થિતિ જ્યાં સુધી અહીં ભગવાન હોય, સમ્યગ્દર્શનના પ્રભાવ દ્વારા, સ્વરૂપની રમણતા દ્વારા આનંદમાં ગુંજારવ કરતો પ્રભુ, જ્યારે કેવળજ્ઞાન પામે છે ત્યારે શરીરમાં થોડો કાળ હોય છે, કહે છે. સમજાણું કાંઈ? **'જન્મસે હી લિયે હુએ ઉત્પન્ન હોતે હૈં...'** દસ અતિશય તો ભગવાન જ્યારે જન્મે એ ભવમાં તીર્થંકર થઈને કેવળજ્ઞાન પામવું છે, એ જીવ જ્યારે જન્મે છે... જુઓ! આ સર્વોત્કૃષ્ટ પવિત્રતા ને પુણ્યવંત પરમાત્મા તીર્થંકર હોય છે એમ અહીં વર્ણન કરે છે. અને એને વાણી રહે છે, મૂળ તો એમ કહેવું છે. લોકોને સાંભળવા માટે એને શરીર હોય છે ત્યાં સુધી વાણીનો યોગ હોય છે. સમજાણું? પછી દિવ્યધ્વનિ સાંભળી ઘણા જીવો આત્માનું કલ્યાણ પોતાથી કરે છે.

'**૧. નિઃસ્વેદતા...**' શરીરમાં પહેલેથી જન્મથી પરસેવો ન હોય. જુઓ! એ પુણ્ય. અંતરમાં મેલ ન હોય, બહારમાં પરસેવો ન હોય. આત્મા અંતર સમ્યગ્દર્શનમાં પૂર્ણ પ્રભુ શુદ્ધ અખંડ અભેદ આખો આત્મા અનંતા કેવળજ્ઞાનનો પિંડ એ આત્મા, એને શ્રદ્ધામાં-પ્રતીતમાં ભરોસે લીધો, કહે છે કે એમાં કેવળજ્ઞાન પડ્યું છે એટલે ક્રમે આવ્યા વિના રહેશે નહિ. એટલે સમકિતને પ્રભાવે કેવળજ્ઞાન પામશે, એમ કહે છે. સમજાણું કાંઈ? આહા..!

મુમુક્ષુ :- પ્રભાવ તો એનો છે.

ઉત્તર :- કોનો?

મુમુક્ષુ :- સમકિતનો.

ઉત્તર :- સમકિતનો પ્રભાવ પોતાને પડ્યો નહિ? પોતામાં પ્રભાવ પડ્યો. ગુણની પર્યાયનો પોતામાં પ્રભાવ પડીને ગુણની પર્યાય વધી, એ પ્રભાવ. બહારનો પ્રભાવ કોઈ ઉપર પડે છે એમ છે નહિ. સમજાણું કાંઈ? અંતર સ્વરૂપનું ભાન થયું એનો પ્રભાવ આત્મામાં પડ્યો, એમ કહે છે. એ પ્રભાવ વડે કરીને કેવળજ્ઞાન પામે છે. ચારિત્ર એમાં આવે જ, એમ કહે છે. સમજાણું કાંઈ? જુઓને એટલું જોર આપ્યું છે, એ સમકિતનું જોર આપ્યું છે. લ્યો. કેમકે સમકિતની શ્રદ્ધામાં આખો આત્મા અનંત આનંદ ને અનંત કેવળજ્ઞાન એવી આનંદ શક્તિમાં એવી અનંતી પર્યાય પડી (છે). સ્વભાવ, આખો સ્વભાવ, પૂર્ણ સ્વભાવ, એક સ્વભાવ, અભેદ સ્વભાવ, એવા પરમાત્મા થવાની પર્યાયો તો અનંતી અનંતી એના દ્રવ્ય સ્વભાવમાં પડી છે. આહાહા..! એવા આખા ભગવાનને પ્રતીતમાં લીધો, એમ અહીં કહેવું છે. એના ભરોસે-વિશ્વાસે ચડ્યો એનું વહાણ તરતું થઈ ગયું. સમજાણું કાંઈ? આહાહા..! પૈસાવાળા ને શરીર સુંદર ને બાયડી, છોકરાની સરખાઈ ને... મરી જવાના, કહે છે.

મુમુક્ષુ :- એવું કાંઈ આજે જીવન નથી.

ઉત્તર :- એ તો કો'કને જરી બહારનું સરખું હોય. 'સુમનભાઈ' જેવા છોકરા હોય. એય..! પગ દાબે આવીને. બાપુજી! પહેલા આવીને કહે. છોકરાનો છોકરો દાબે, લ્યોને. એય..! અહીં તો કહેવું છે, અરે..! પ્રભુ! પરપદાર્થમાં જ્યાં મારાપણાની બુદ્ધિ (પડી છે), મહાસંસારના દુઃખદાયી ઊંડે કૂવે ઊતરવાની બુદ્ધિ છે. આહાહા..! સમજાણું કાંઈ? મારા હોવાપણામાં પરનું હોવાપણું હોય તો ઠીક, એ પોતાની સત્તાનો સ્વીકાર કરતો નથી. શરીરના રજકણો વીંખાશે, ભાઈ! કંઠ છૂટી જશે. આહાહા..! જુઓને!

સાંભળ્યું ને 'અનંતનાથ' ભગવાનનું? સમ્મેદશિખર ઉપર 'અનંતનાથ' ભગવાનની ટૂંક હતી ને? વીજળી પડી (તો) ટુકડા કટકા (થઈ ગયા). નાશવાન ચીજમાં આમ બને. છાપામાં આવ્યું છે, જૈનમિત્રમાં. બધા ચરણ જે હતા (એ) ટુકડેટુકડા (થઈ ગયા) અને વીજળી હેઠે અંદર ઊતરી ગઈ. ઊંડી ઊતરી. જુઓ! કે દુ'ના ચરણપાદુકા હશે. એમાં તો લખ્યું છે, દિગંબરના છે. પણ ફેરવી નાખ્યા હતા ખરા. કાંઈક રહી ગયું હશે. ટુકડેટુકડા. અને અહીં... ક્યાં કહેવાય? 'ઇસરી'. 'ઇસરી'માં છત્રીસ ફૂટનો ઝંડો, કેસરિયો ઝંડો હતો એ આખો ઝંડો

વિજળી પડી તો બળીને ભસ્મ (થઈ ગયો). બે (જગ્યાએ) થયું. પેલું ઉપર થયું ને આ હેઠે થયું. ભલે વારાફરતી થયું હોય. છાપામાં હતું. જૈનમિત્રમાં. લોકોને દુઃખ થયું કે આહા..! પણ એ તો નાશવાન પદાર્થમાં હોય શું બીજું પણ? આ પંડાલ બળ્યો ત્યારે કહ્યું હતું, નહિ? પણ એ તો એમ હોય, એમાં છે શું?

મોટા શ્રીકૃષ્ણ વાસુદેવ ને બળદેવની હાજરી. અને ત્રણલોકના નાથ તીર્થંકર આ વિચરે છે એની વાત ચાલે છે, જુઓ! ઇ સૌરાષ્ટ્રમાં વિચરતા હતા. સમજાણું કાંઈ? સ્થાવર પ્રતિમા ભગવાનની વિચરતી. નેમિનાથ પ્રભુ. અહીં નગરી સળગી. શું કરે? કોણ કરે? છ છ મહિના સુધી દાહ. હજારો રાજકુંવરો, હજારો રાણીઓ, હીરા માણેકના દાગીના પહેરેલા. એ એમ ને એમ સળગે. આહાહા..! ગજબ છે ને! નાશવાનમાં શું જોવું છે તારે? અવિનાશી તો ભગવાનઆત્મા છે.

બળદેવ અને વાસુદેવ જેવા પુરુષો, જેની હાકલે હજારો દેવ હાજર થાય. જેની હાકલે હજારો દેવ હાજર થાય. એ ક્યાં ગયા દેવ? બાપા! પુણ્ય ફર્યા. ગયે એને ઠેકાણે. આહાહા..! સમજાણું કાંઈ? મા-બાપને આમ રથમાં નાખી. હળહળ સળગે છે. પાણી નાખવા ગયા ત્યાં પાણીના થયા તેલ. કુદરત જુઓને! અને જેની આંખમાં આંસુ ચાલ્યા જાય. અરે..! આ મા-બાપને તો કાઢીએ. એ રથમાં નાખી બળદેવ પોતે હાંકે. આહાહા..! વાસુદેવની હાકલે જ્યાં રાજાઓના જ્યાં પેશાબ છૂટી જાય. સિંહનો કાન પકડે ત્યાં ગલુડિયાની જેમ આમ થાય. એ ક્યાં ગયા? એ કૌશંબીવનમાં જરતકુમાર (દ્વારા) પગ વીંધાણો. ઊભા ન થઈ શક્યા. ક્યાં ગયું બળ? એ તો જડના બળ હતા, ભાઈ! એ આત્માનું ક્યાં હતું? દ્વારિકા નગરી એ બધી જડ ને એની અવસ્થા (જડ). મા-બાપને કાઢવા જાય છે ત્યાં ... નીકળી જાઓ, બે સિવાય નહિ બચે. આહાહા..! જેણે રક્ષણ આપ્યા હતા બહારમાં એ પોતે રક્ષણ વિનાના થઈ ગયા હતા. બહારમાં શું કામ આવે પણ? ભાઈ! આહાહા..!

અરે...! અવિનાશી ભગવાનઆત્મા, એમાં આનંદ ને આખું નિધાન પડ્યું છે એ નિધાન ખૂટે નહિ એવું નિધાન છે. એની જેને રુચિ ને પ્રેમ નથી અને આ દુનિયાની દશાઓના પ્રેમ છે, એ દુનિયાના પ્રેમ એને દુનિયામાં લઈ જશે. સંસારના પ્રેમ સંસારમાં રખડવા લઈ જશે. અને જેને આત્માનો સમ્યક્ પ્રેમ થયો એને મોક્ષમાં લઈ જશે. સમજાણું કાંઈ? આહાહા..! લોકોને અંતર ક્ષણભંગુર જેવું દેખાતું નથી. આત્મા ત્રિકાળ મહા અવિનાશી ચૈતન્યરસરૂપ સત્ (છે), એ સત્ અવિનાશી છે એવા આનંદના ભાવનું જેને અંતરમાં સમ્યક્ પરિણમન થયું છે, એમ કહે છે. વિશ્વાસ આવ્યો છે કે ઓ..હો...હો..!આ ભગવાનઆત્મા છે.

કહે છે કે એના પ્રભાવે જિનેન્દ્ર કેવળી થાય. અને એ કેવળી જ્યારે વિચરે છે ત્યારે એને સ્થાવર પ્રતિમા કહેવામાં આવે છે. અને એ શરીરમાં આવા ચિહ્ન હોય છે. '**૧. નિઃસ્વેદ.**' (અર્થાત્) એને પરસેવો ન હોય. ઓ..હો..હો...! સમજાણું કાંઈ? '**૨. નિર્મલતા.**' આ શરીરની, હોં! અંદર નિર્મળતા તો પૂર્ણ પ્રભુ છે પણ બાહ્યમાં શરીર પણ નિર્મળ ઉજળું એવું હોય, જેમાં

દેખે ને નજર કરે તો સાત ભવ ભળાય એવું (હોય છે). આહા..! '**૩. શ્વેતરુધિરતા.**' ભગવાનનું શરીરનું લોહી ધોળું હોય છે. ધોળું થઈ ગયું. લોહી ધોળું થઈ ગયું, ભગવાન ધોળો થયો નથી. કેવળીને તો ભગવાન ધોળો થાય પણ શરીર એને પરમઔદારિકપણે થઈ જાય છે. પણ આ તો લાંબો કાળ ટકે એવા શરીરની વાત ચાલે છે. સમજાણું કાંઈ? લોહી ફરી ગયું, લોહી ફરી ગયું. આહાહા..! આને તો જન્મથી પહેલેથી છે. જન્મથી પરસેવો નથી, એમ કહે છે. બાળક રમે ને કૂદે ત્યાં પરસેવા થઈ જાય છે ને અહીં? ભગવાનના શરીરને પરસેવો ન હોય, જન્મથી ન હોય. આહાહા..! પવિત્રતાના સ્થાનમાં બાંધેલા પુણ્ય, એ પુણ્યના સંયોગે મળેલી દશા, શરીરની સ્થિતિ આવી હોય છે.

રાવણે જ્યાં શક્તિએ લક્ષ્મણને બાંધ્યા, રામ પોકાર કરે છે. અરે...! આ શું થયું? આ મારો લક્ષ્મણ વાસુદેવ મુર્છામાં આવી ગયો છે. રાવણની શક્તિએ (આમ થયું). પોકાર પોકાર (કરે છે), કોઈ લાવો રે લાવો. એય..! ત્યાં પેલી આવે છે ને બાઈ? શલ્યા.. વિશલ્યા. આ વિશલ્ય વિનાનો આત્મા જ્યાં અંદર આવ્યો ને... ઝગમગાટ થઈ ગયા અંદરથી. જ્યાં આવે છે... ત્યાં એવો પાઠ છે, ભાઈ! ઇ આવે છે ત્યાં... કેટલાકને ઘા વાગેલા ને, એના પવનથી સાજા થવા માંડ્યા. જુઓને! એય..! હજી તો બાઈ કુંવારી હતી. પણ એણે એવા પુણ્ય બાંધેલા. પૂર્વે ચક્રવર્તીની દીકરી હતી. એને કોઈ જંગલમાં લઈ ગયેલા. જંગલમાં અજગરે પકડી. અજગરના પેટમાં ગઈ. મોઢું આટલું બહાર રહ્યું. એમાં ચક્રવર્તી ગોતતો ગોતતો આવ્યો. બાણ ચઢાવ્યું અજગરને મારવા. (વિશલ્યા કહે છે), પિતાજી! કંઈ કરશો નહિ, હોં! કારણ કે હું બહાર નીકળીશ તો મારે તો સંથારો છે. આહાર-પાણી બધો ત્યાગ છે, હું કંઈ નભવાની નથી. આહાહા..! જુઓ! સ્ત્રીનો દેહ. પિતાજી! બાણ ચડાવ્યું. અડધું ગળી ગયો છે, મોઢું આટલું (બહાર) રહ્યું છે. અજગરને મારી નાખું તો આ જીવતી રહે. ન કરશો, પિતા! બહારમાં પણ જીવવાની નથી, દેહ જ છૂટી જવાનો. જુઓ! એ સ્થિતિ! કેટલી સહનશીલતા જ્ઞાતાપણે રાખી. એમાં એવું પુણ્ય બંધાઈ ગયું કે જેના શરીરની હવા લાગે ત્યાં ઘા વાગેલાને રોગ મટી જાય. એય...! કહો, હવાની અસર થઈ કે નહિ? એ ત્યાં મટવાની પર્યાય પરમાણુની હોય ત્યારે આવું નિમિત્ત એને હોય છે, એમ બતાવે છે. સમજાણું કાંઈ?

જ્યાં એને સ્નાન કરાવી અને એ પાણી લક્ષ્મણ ઉપર છાટ્યું.... આળસ મરડીને ઊભો થાય છે. ક્યાં છે રાવણ? ઇ હતું ને અંદર તો. રાવણને મારવા ઊભા થયેલા. રાવણથી મરે લક્ષ્મણ? ન મરે. એમ આત્માના લક્ષણે કરીને જ્યાં આત્માને અનુભવ્યો એ હવે વિકારથી અને પરથી મરે નહિ. પરને માર્યે છૂટકો. અહીં કીધું ને? સમ્યગ્દર્શનથી વિકારના ભાવને નાશ કરીને કેવળજ્ઞાનને પામે છે. આહાહા..! સમજાણું કાંઈ?

અંદરમાં આવો ભગવાન છે, મહાચૈતન્ય ચમત્કારી વસ્તુ છે કે જે ચમત્કાર કોઈ બીજી ચીજમાં એવો હોતો નથી. જેને એક સમયમાં ત્રણકાળ.... ઓમાં ક્યાંક એમ કીધું કે ... બહુ એવી સર્વજ્ઞની વાતું સાધારણ પાસે ન કરવી, એવું કાંઈક આવ્યું છે. સાધારણ માણસને

સાધારણ વાત (કરવી). કેવળજ્ઞાનીની ન કરે તો એના વિના આત્મા ક્યાં હતો? જૈન સંદેશમાં (આવ્યું છે). એને આત્માને ધર્મ કરવો હોય એને આત્માની વાત ન કરવી. ત્યારે કોની કરવી એને? બહુ ન કરવી, કોઈકે લખ્યું છે. ખૂબ લખાણ આવ્યું છે. સાધુ આવા.. સાધુ આવા... સાધુ માટે ટ્રસ્ટ થાય છે. સંઘ વધી ગયા અને સાધુ માટે ખર્ચ બહુ જોઈએ. એટલે ખર્ચ માટે ટ્રસ્ટ થાય છે, એક ઠેકાણે 'કલકત્તા'માં. પૈસા ભેગા કરે. પંદર-પંદર, વીસ-વીસ સાધુ સાથે (હોય). આર્જિકા હોય. બધા માટે મોટરું જોવે, આ જોવે, ખોરાક જોવે. હવે તો ખર્ચ વધી ગયા એટલે સંસ્થા સ્થાપો. પણ આ કાળાકેર થાય છે. આ જૈન આગમથી વિરુદ્ધ થાય છે. સાધુ માટે સંસ્થા ને એના પૈસાથી એને આહાર-પાણી નભાવવા... આ સંસ્થા કઈ જાતની થાય છે? આહાહા..!

(સાચા મુનિ તો) પોતાના આનંદથી નભે અને કાં કરે સંથારા. સંથારામાં આનંદમાં પડ્યા હોય છે. આહાહા..! પેલી ચક્રવર્તીની દીકરીને અજગર ખાય છે તોય શાંતિ રાખે છે. આમ જોગ આવ્યો, એનો બાપ આવ્યો. નહિ પિતાજી! સ્થિતિ પૂરી થવાનો યોગ જ છે. બહાર કાઢશો તોપણ નભીશ નહિ અને અહીં રહીશ તો પણ નહિ રહું. જેમ છે એમ રહેવા દ્યો. સમજાણું કાંઈ?

એમ આત્મા અંતર આનંદથી ઉછળીને જ્યાં કેવળજ્ઞાનને પામે છે ત્યારે કહે છે કે એના શરીરમાં પણ ભગવાન તીર્થંકર હોય એને જન્મથી આવા અતિશય (હોય છે). અતિશય એટલે વિશેષતા. અતિશય એટલે ખાસ વિશેષતા. બીજામાં ન હોય એવી એની (વિશેષતા હોય).

'**૪. સમચતુરસ્રસંસ્થાન.**' એ પહેલું સંસ્થાન હોય એને. સંસ્થાન-આકાર. '**૫. વજ્રવૃષભનારાચ સંહનન.**' હોય. વજ્રના હાડકા, એના હાડકા વજ્રના હોય. '**૬. સુરૂપતા.**' સુંદર રૂપ હોય. ભલે કાળા હોય નેમિનાથ પણ રૂપ સુંદર હોય. દરેક અવયવો નમતા, નમણા એવા હોય. એ જડની અવસ્થા પણ આવી હોય, કહે છે. આહાહા..! ભગવાન અંદરમાં તો ખીલી નીકળ્યો છે પણ જડની અવસ્થા પણ આવી થઈ જાય છે. જુઓ! સમજાય છે કાંઈ? '**૭. સુગંધતા.**' શરીરમાં ગુલાબના ફૂલ જેવી ગંધ આવે એને. શરીર, શ્વાસમાં. એવો તો એનો શ્વાસ હોય. જુઓ! પરમાત્મા આવા હોય. જે તે પરમાત્મા જેણે બેસાડી દીધા છે (એવા ન હોય). સમજાણું કાંઈ? તીર્થંકરદેવનો આત્મા આવો પૂર્ણ પવિત્ર હોય અને એનું શરીર પણ આવી જાતનું હોય. એને દેવાધિદેવ અને તરણતારણ પરમાત્મા કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

'**૮. સુલક્ષણતા.**' શરીરમાં બધા લક્ષણો સુંદર હોય. '**૯. અતુલવીર્ય.**' શરીરનું, હોં! જન્મથી વાત છે ને અહીં તો. અતુલવીર્ય. તીર્થંકરને શરીરમાં એટલું સામર્થ્ય હોય, જન્મથી, હોં! આવે છે ને? નેમિનાથ અને શ્રીકૃષ્ણની વાત? મોટી સભા ભરાઈ હતી. મોટા પાંડવો-બાંડવો બધા હજારો યોદ્ધાઓ ભેગા થયેલા. કોઈ કહે, પાંડવોનું બળ છે, કોઈ કહે કે ફલાણાનું બળ છે, કોઈ કહે ફલાણાનું બળ છે, એમ બધા કહેવા માંડ્યા. એક જણો કહે, બધાની વાત

રહેવા દ્યો, આ નેમિનાથ ભગવાન (સૌથી અધિક બળવાન છે). નેમિનાથ ભગવાન તો બેઠા હતા, કાંઈ બોલે નહિ. ગૃહસ્થાશ્રમમાં હતા. એ ભગવાનનું શરીરનું બળ એવું કોઈનું બળ નથી. શરીરનું એવું બળ. એ આત્મા છે માટે બળ નહિ, હોં! આ તો એક વસ્તુસ્થિતિનું અસ્તિત્વ એવું છે, એમ કહે છે. એ તો પહેલેથી કહ્યું, જેને પરનો પ્રેમ છે તેને આનંદનો ભગવાનનો પ્રેમ નથી. એને ભગવાન પ્રત્યેનો અનાદર છે અને જેને ભગવાનઆત્માના આનંદનો પ્રેમ છે એને બધી ચીજ ઉપરનો પ્રેમ ઊડી જાય છે. ચાહે તો સર્વાર્થસિદ્ધનો ભવ હોય કે તીર્થંકર ગોત્રના પરિણામ હોય. સમજાણું કાંઈ? આહાહા..! ભાઈ! સમકિતદર્શન એટલે શું અને એનું ફળ એટલે શું ને એના માહાત્મ્યનું શું કહેવું! ઇ તો આ વર્ણવાય છે. અહીં તો થોડો કાળ શરીર હજી નભે, પૂર્ણ પરમાત્મા થાય તો પણ થોડો કાળ રહે. સમજાય છે? '**૧૦. હિતમિતવચન.**' હોય એનું. જુઓ! સમજાણું કાંઈ? '**ઐસે દસ હોતે હૈં.**' જન્મથી હોય. નેમિનાથ ભગવાનને જન્મથી હતા. એમ બધા તીર્થંકરને હતા.

'**ઘાતિયા કર્મોંકે ક્ષય હોને પર દસ હોતે હૈં :-**' '**૧. શતયોજન સુભિક્ષતા.**' ભગવાનને કેવળજ્ઞાન થાય (ત્યારે) સો યોજનમાં સુભિક્ષતા હોય. ક્યાંય દુકાળ પડે નહિ. એવી સ્થિતિ જગતની પર્યાયની એવી હોય, એમ કહે છે. આ બધા ન્યાં માંડે કે આ માટે ન્યાં થાય. '**શતયોજન સુભિક્ષતા.**' કહો, સમજાણું? સો યોજનમાં સુકાળ થાય, ભગવાન છે માટે. બરાબર છે? એ તો જગતના સુકાળની પર્યાય થવાની છે ત્યારે ભગવાનનો અવતાર એ રીતે કેવળજ્ઞાન પામવાનો કાળ એને હોય છે. એ પોતાને કારણે.

'**૨. આકાશગમન.**' ભગવાન આકાશમાં ચાલે. નીચે ન ચાલે. '**૩. પ્રાણીવધકા અભાવ.**' ભગવાન જ્યાં હોય ત્યાં આસપાસમાં ફૂલ, પ્રાણીનો વધ હોઈ શકે નહિ. એકેન્દ્રિય જીવ આદિ હોય એ જુદી વાત છે. નિગોદ. આ તો કોઈ માણસ કે પશુ મરે એવું ત્યાં હોય નહિ. સમજાણું? '**૪. કવલાહારકા અભાવ.**' ભગવાનને આહાર ન હોય. કોળિયાનો આહાર ન હોય. ભગવાનને (રોગ) થાય ને પછી આહાર લાવે ને ખાય, એ ભગવાનને હોય નહિ. એ ભગવાનનું રૂપ જ કુરૂપ કરી નાખ્યું છે. આહાહા..! ભારે વાત. સમજાણું કાંઈ? '**૫. ઉપસર્ગકા અભાવ.**' ભગવાનને ઉપસર્ગ હોય નહિ. કોઈ દેવ, મનુષ્ય, તિર્યંચ ભગવાનને કોઈ દુઃખ આપે કે એવા સંયોગ હોય, (એમ) એને હોઈ શકે નહિ. કેવળજ્ઞાન પછીની વાત છે, હોં! કમઠે પરિષહ આપ્યા, એવું હોય છે. કેવળજ્ઞાન પછી એને હોઈ શકે નહિ. કેવળજ્ઞાન થાય એટલે તો પુણ્ય પરિણામનો રસ અંદર વધી ગયો અને પાપરસ ઘટી ગયો હોય છે. એને ઉપસર્ગ હોય નહિ.

'**૬. ચતુર્મુખપના.**' એને ચાર મુખ હોય. ચારે કોરના માણસ એમ કહે કે ભગવાન મારી સામે દેખે છે. ઓ..હો..હો...! જુઓ તો એક પવિત્રતાની પ્રાપ્તિ અને એની સાથે પુણ્યની આવી યોગ્યતા. '**૭. સર્વવિદ્યાપ્રભુત્વ.**' સર્વ વિદ્યાનું પ્રભુત્વ એના ઓલામાં હોય. સમજાણું?

મુમુક્ષુ :- રોકેટને જાણે?

ઉત્તર :- ત્રણકાળ ત્રણલોકની વિદ્યા જાણે. જ્યોતિષ-બ્યોતિષ બધું જાણે, એમ કહે છે. કેવળજ્ઞાન શું ન જાણે? સમજાણું કાંઈ? મંત્ર ને તંત્ર આવે છે ને બધા? ભગવાન બધાને જાણે, એમ કહે છે. કેવળજ્ઞાનમાં શું ન જણાય? આહાહા..! સમજાણું કાંઈ?

'**૮. છાયારહિતત્ત્વ.**' શરીરમાં છાયા ન પડે. આપણે જેમ શરીરમાં આમ છાયા પડે છે ને? એ ભગવાનના શરીરની છાયા ન પડે. એટલો તો એનો પુણ્યનો અતિશય. પવિત્રતાનો તો પાર નહિ પણ આવા પુણ્યને કારણે આવી સ્થિતિ હોય છે. અહીં તો કહેવું છે, આવા શરીરવાળો થોડો કાળ અહીં રહે છે, એમ કહેવું છે. આવા શરીરવાળો થોડો કાળ રહે છે. એને સ્થાવર પ્રતિમા કહેવામાં આવે છે. '**૯. લોચનનિસ્પંદનરહિતત્ત્વ.**' ભગવાનને કેવળજ્ઞાન પછી આંખ આમ આમ ન થાય. થંભી જાય, આંખ જેમ છે એમ થંભી જાય. પરિસ્પંદન-કંપન ન થાય. '**૧૦. કેશ-નખવૃદ્ધિરહિતત્ત્વ.**' કેશ અને નખ વધે નહિ. '**ઐસે દસ હોતે હૈં.**'

'**દેવોં દ્વારા કિયે હુએ ચૌદહ હોતે હૈં...**' છે તો પોતાથી પણ દેવનું એમાં નિમિત્ત છે. '**૧. સકલાર્દ્ધમાગધી ભાષા.**' વાણીમાં સકળ અર્ધમાગધી ભાષા આવે. આમ આવે ઓમ, પણ ઓમમાં બધી ભાષાઓ આવે. '**૨. સર્વજીવ મૈત્રીભાવ.**' લ્યો. સર્વજીવ મૈત્રીભાવ. કોઈને વેર ન હોય. ભગવાન હોય ત્યાં નોળ, કોળ હોય, મીંદડી, ઉંદર હોય, (પણ કોઈને) વેરભાવ છે નહિ. સર્વજીવ મૈત્રી, બધાને મૈત્રીપણું આવે. '**૩. સર્વ ઋતુફલપુષ્પ પ્રાદુર્ભાવ.**' કેરીઓ શિયાળામાં થાય. બધા ફળો બારે મહિના થાય. સમજાણું કાંઈ? ફળ, ફૂલ થવાની ઋતુમાં થાય એમ નહિ. દરેક ઋતુમાં દરેક ફળ અને દરેક ફૂલ થાય, એમ કહે છે.

'**૪. દર્પણકે સમાન પૃથ્વી હોના.**' અરીસા જેવી તો ભૂમિ હેઠે થાય. આહા..! સમજાણું કાંઈ? '**૫. મંદ સુગંધ પવનકા ચલના.**' મંદ મંદ સુગંધી પવન ચાલે. '**૬. સારે સંસારમેં આનંદકા હોના.**' સુખ. આનંદ એટલે આત્માનો આનંદ નથી, હોં! આત્માનો આનંદ ભગવાનને થાય અને બધાને એક અંશ થાય તો બધાને તરત મુક્તિ થઈ જાય. બહાર શાતામાં મંદ કષાયનું એને જરી સુખ લાગે. સમજાણું? '**૭. ભૂમિ કંટકાદિરહિત હોના.**' ભગવાન ચાલે ત્યાં, હોય ત્યાં જમીનમાં કાંટા ન હોય. કાંટા-બાટા હોય નહિ. કાંટા કાઢી નાખ્યા એને બહારના કાંટા શેના હોય? એમ કહે છે. '**૮. દેવોં દ્વારા ગંધોદકકી વર્ષા હોના.**' દેવ છે ને? ઊંચા સુંગધી પાણીની વર્ષા કરે. '**૯. વિહારકે સમય ચરણકમલકે નીચે દેવોં દ્વારા સુવર્ણમયી કમલોંકી રચના હોના.**' સોનાના કમળ. ભગવાન એના ઉપર પગ મૂકે, એમ કહેવાય. ન્યાં ક્યાં એને મૂકવું હતું. આહા..! આવે ત્યાં. '**૧૦. ભૂમિ ધાન્યનિષ્પત્તિ સહિત હોના.**' ભગવાન જ્યાં વિચરતા હોય ત્યાં ચારે કોર ધાન પાક્યા હોય. દુકાળ ન હોય. ધાન ન પાકે એમ નહિ. વરસાદ ન હોય તો ધાન ન પાકે. અહીં તો ભગવાન હોય ત્યાં બધે ધાન પાકે. કેવળજ્ઞાનના કણસલા પાક્યા ત્યાં બહારનો પાક બધાને હોય, એવું પુણ્ય હોય છે, એમ કહે છે.

**'૧૧. દિશા-આકાશ નિર્મલ હોના.'** આકાશ ચારે કોર નિર્મળ હોય. આ ધૂંધળું આવું હોય એવું ન હોય, એમ કહે છે. **'૧૨. દેવોંકા આહ્વાનન શબ્દ હોના.'** દેવ અંદરથી આહ્વાન કરે, ચાલો... ચાલો.. ચાલો.. ચાલો.. **'૧૩. ધર્મચક્રકા આગે ચલના.'** તીર્થંકરને ધર્મચક્ર (હોય). જેમ ચક્રવર્તીને ચક્ર હોય છે એમ તીર્થંકરને ધર્મચક્ર હોય, મોઢા આગળ ચાલે. **'૧૪. અષ્ટ મંગલ દ્રવ્ય હોના...'** આઠ માંગલિક. **'ઐસે ચૌદહ હોતે હૈં. સબ મિલાકર ચૌંતીસ હો ગયે.'**

**'આઠ પ્રાતિહાર્ય હોતે હૈં.' '૧. અશોકવૃક્ષ.'** હોય ભગવાન ઉપર. **'૨. પુષ્પવૃષ્ટિ.'** દેવો ફૂલની વૃષ્ટિ કરે. **'૩. દિવ્યધ્વનિ.'** અહીં નાખ્યું. **'૪. ચામર.'** દેવો ઢાળે. **'૫. સિંહાસન.'** બેસે નહિ, હોં! સિંહાસન હેઠે હોય. **'૬. છત્ર.'** એ દેવો કરે. **'૭. ભામંડલ.'** હોય. શરીરમાં પ્રકાશ નીકળે. એવું ભામંડળ (હોય). **'૮. દુન્દુભિવાદિત્ર...'** લ્યો. એ આઠ. **'ઐસે આઠ હોતે હૈં.'**

**'ઐસે અતિશય સહિત...'** હવે અંદરમાં. **'અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતસુખ અને અનંતવીર્ય સહિત-તીર્થંકરપરમદેવ જબ તક જીવોંકે સંબોધન નિમિત્ત વિહાર કરતે બિરાજતે હૈં તબ તક સ્થાવર પ્રતિમા કહલાતે હૈં. ઐસે સ્થાવર પ્રતિમા કહનેસે તીર્થંકર કેવલજ્ઞાન હોનેકે બાદમેં અવસ્થાન બતાયા હૈ.'** કેવળજ્ઞાન થયા પછી રહે. **'ઔર ધાતુ પાષાણકી પ્રતિમા બનાકર સ્થાપિત કરતે હૈં વહ ઇસીકા વ્યવહાર હૈ.'** આ પ્રતિમા છે ને? ઇ તો એનો નિમિત્તનો વ્યવહાર છે. નિશ્ચય આ છે અને વ્યવહાર પ્રતિમા આ છે. જંગમ પ્રતિમા કીધી. એક સમયે આમ ભગવાન જાય છે ને? એને જંગમ પ્રતિમા કીધી. બોધપાહુડમાં. સમજાણું? આમાં પણ આગળ આવશે. **'એક સમય લગતા હૈ, ઉસ સમય જંગમ પ્રતિમા કહતે હૈં.'** એ ૩૬માં આવશે.

**आगे कर्मोंका नाश करके मोक्ष प्राप्त करते हैं ऐसा कहते हैं :–**

## ગાથા-૩૬

**बारसविहतवजुत्ता कम्मं खविऊण विहिबलेण सं।**
**वोसट्टचत्तदेहा, णिव्वाणमणुत्तरं पत्ता।।३६।।**

द्वादशविधतपोयुक्ताः कर्मक्षययित्वा विधिबलेन स्वीयम्।
व्युत्सर्गत्यक्तदेहा निर्वाणमनुत्तरं प्राप्ताः।।३६।।

**દ્વાદશ તપે સંયુક્ત, નિજ કર્મો ખપાવી વિધિબળે,**
**વ્યુત્સર્ગથી તનને તજી, પામ્યા અનુત્તમ મોક્ષને. ૩૬.**

**अर्थ :– जो बारह प्रकारके तपसे संयुक्त होते हुए विधिके बलसे अपने कर्मको नष्ट कर 'वोसट्टचत्तदेहा' अर्थात् जिन्होंने भिन्न कर छोड़ दिया है देह ऐसे होकर वे अनुत्तर अर्थात् जिससे**

आगे अन्य अवस्था नहीं है ऐसी निर्वाण अवस्थाको प्राप्त होते हैं।

भावार्थ :– जो तप द्वारा केवलज्ञान प्राप्त कर जब तक विहार करें तब तक अवस्थान रहें, पीछे द्रव्य, क्षेत्र, काल–भावकी सामग्रीरूप विधिके बलसे कर्म नष्ट कर व्युत्सर्ग द्वारा शरीरको छोड़कर निर्वाणको प्राप्त होते हैं। यहाँ आशय ऐसा है कि जब निर्वाणको प्राप्त होते हैं तब लोकशिखर पर जाकर बिराजते हैं। वहाँ गमनमें एक समय लगता है, उस समय जंगम प्रतिमा कहते हैं। ऐसे सम्यग्दर्शन–ज्ञान–चारित्रसे मोक्षकी प्राप्ति होती है, उसमें सम्यग्दर्शन प्रधान है। इस पाहुडमें सम्यग्दर्शनके प्रधानपनेका व्याख्यान किया है।।३६।।

सवैया छंद

मोक्ष उपाय कह्यो जिनराज जु सम्यग्दर्शन ज्ञान चरित्रा।
तामधि सम्यग्दर्शन मुख्य भये निज बोध फलै सु चरित्रा।।
जे नर आगम जानि करै पहिचानि यथावत मित्रा।
घाति क्षिपाय रु केवल पाय अघाति हने लहि मोक्ष पवित्रा।।१।।

दोहा

नमूं देव गुरु धर्मकूं, जिन आगमकूं मानि।
जा प्रसाद पायो अमल, सम्यग्दर्शन जानि।।२।।

इति श्रीकुन्दकुन्दस्वामि विरचित अष्टप्राभृतमें प्रथम दर्शनप्राभृत और उसकी जयचन्द्रजी छाबड़ा कृत देशभाषामयवचनिका का हिन्दी भाषानुवाद समाप्त हुआ।

## ગાથા-૩૬ ઉપર પ્રવચન

**'આગે કર્મોંકા નાશ કરકે મોક્ષ પ્રાપ્ત કરતે હૈં....'** છેલ્લી ગાથા છે. સમ્યગ્દર્શનની અષ્ટપાહુડમાં (છેલ્લી ગાથા).

**बारसविहतवजुत्ता कम्मं खविऊण विहिबलेण सं।**
**वोसट्टचत्तादेहा, णिव्वाणमणुत्तरं पत्ता।।३६।।**

**અર્થ :-** **'જો બારહ પ્રકારકે તપસે સંયુક્ત હોતે હુએ...'** ઇચ્છાનો નિરોધ સહિત, આનંદ, સમકિત સહિત ત્યાં એને બાર પ્રકારના તપ હોય છે. એવી **'વિધિકે...'** વિધિ એટલે ચારિત્ર. **'વિધિકે બલસે...'** સ્વરૂપની રમણતા બળ વડે કરીને **'અપને કર્મકો નષ્ટ કર...'** ભગવાનને જેટલા કર્મ આદિ હોય એને ખપાવી 'वोसट्टचत्तसेहा' **'અર્થાત્ જિન્હોંને ભિન્ન કર છોડ દિયા હૈ દેહ ઐસે હોકર વે અનુત્તર અર્થાત્ જિસસે આગે અન્ય અવસ્થા નહીં હૈ...'** એથી ઊંચી અવસ્થા હોય નહિ. **'ઐસી નિર્વાણ અવસ્થાકો પ્રાપ્ત હોતે હૈં.'** લ્યો!

**ભાવાર્થ :-** **'જો તપ દ્વારા કેવલજ્ઞાન પ્રાપ્ત કર જબ તક વિહાર કરેં તબ તક અવસ્થાન રહેં,**

**પીછે દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ભાવકી સામગ્રીરૂપ વિધિકે બલસે...'** એટલે કર્મનો ઉદય ટળવાનો હોય છે ત્યાં ભાવશુદ્ધિ પણ એટલી હોય છે. **'કર્મ નષ્ટ કર વ્યુત્સર્ગદ્વારા શરીરકો છોડકર નિર્વાણકો પ્રાપ્ત હોતે હૈં.'** સિદ્ધપદમાં અહીંયાંથી દેહ છૂટીને ભગવાન ચાલ્યા જાય છે.

મુમુક્ષુ :- બહારમાં દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ...

ઉત્તર :- હા, એમ કીધું. દ્રવ્ય એટલે રજકણો પણ ઇ જાતના ખરે છે ને. અને ભાવ પોતાની શુદ્ધિનો પર્યાય એટલો ત્યાં છે. આમાં ચારિત્ર લીધું છે. ષટ્ પાહુડે. વિધિ બળ અને ચારિત્ર બળ.

**'યહાં આશય ઐસા હૈ કિ જબ નિર્વાણકો પ્રાપ્ત હોતે હૈં તબ લોકશિખર પર જાકર વિરાજતે હૈં, વહાં ગગનમેં એકસમય લગતા હૈ, ઉસ સમય જંગમ પ્રતિમા કહતે હૈં.'** આગળ જંગમ પ્રતિમા આવશે. સાધુને, સંયમીને. સંયમીને બોધપાહુડમાં જંગમ પ્રતિમા કહેશે. અને આ એક સમયની પ્રતિમા ભગવાનની. **'ઐસે સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રસે મોક્ષકી પ્રાપ્તિ હોતી હૈ, ઉસમેં સમ્યગ્દર્શન પ્રધાન હૈ.'** વાત આ. આવી નિર્વાણ દશા અવસ્થાન રહીને પછી એક સમયમાં મોક્ષ પામે. એવી દશા સમ્યગ્દર્શનની મુખ્યતાથી એ બધી દશા બધા પામે છે. સમ્યગ્દર્શન સેનાપતિ છે. બધા ગુણની પર્યાયને પ્રગટ કરવામાં. સમજાણું કાંઈ? **'ઇસ પાહુડમેં સમ્યગ્દર્શનકે પ્રધાનપનેકા વ્યાખ્યાન કિયા હૈ.'** લ્યો, આમાં ઇ કહ્યું.

**सवैया छंद**

**मोक्ष उपाय कह्यो जिनराज जु सम्यग्दर्शन ज्ञान चरित्रा।**
**तामधि सम्यग्दर्शन मुख्य भये निज बोध फलै सु चरित्रा।।**
**जे नर आगम जानि करै पहिचानि यथावत मित्रा।**
**घाति क्षिपाय रु केवल पाय अघाति हने लहि मोक्ष पवित्रा।।१।।**

ભગવાને જિનરાજે મોક્ષનો ઉપાય એમ કહ્યો, વીતરાગદેવે આત્માની સિદ્ધપદની દશાનો ઉપાય એ કહ્યો-સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર. આત્માનું સમ્યગ્દર્શન, આત્માના સ્વભાવનો નિર્ણય, આત્માના સ્વભાવનો બોધ અને આત્માના સ્વભાવમાં લીનતા. લ્યો, આ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર. સમજાણું કાંઈ? **'તામધિ સમ્યગ્દર્શન મુખ્ય...'** સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રમાં પણ સમ્યગ્દર્શન મુખ્ય છે. સમ્યગ્દર્શન ન હોય તો જ્ઞાન, ચારિત્ર બધા થોથા કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આહાહા..!

**'નિજ બોધ ફલૈ સુચરિત્રા.'** જેમાં સમ્યગ્દર્શન મુખ્ય છે પછી પોતાનું જ્ઞાન પણ સમ્યગ્દર્શન હોય છે (ત્યારે) થાય છે અને ચારિત્ર પણ થાય છે. **'જે નર આગમ જાનિ...'** વીતરાગના શાસ્ત્રોને જાણી **'પહિચાનિ યથાવત મિત્રા.'** યથાવત આત્મા પ્રત્યે પ્રેમ કરે. **'ઘાતિ ક્ષિપાય રુ કેવલ પાય...'** એ ઘાતિકર્મનો નાશ કરી, કેવળ પામી **'અઘાતિ હને...'** અઘાતિનો નાશ કરી મોક્ષ જાય, લ્યો.

**दोहा**

**नमूं देव गुरु धर्मकूं, जिन आगमकूं मानि।**
**जा प्रसाद पायो अमल, सम्यग्दर्शन जानि।।२।।**

દેવ, ગુરુ અને ધર્મ ને **'જિન આગમકૂં માનિ...'** જૈનશાસ્ત્ર ભગવાને વીતરાગે કહેલા, કેવળીએ કહેલા માની અને દેવ, ગુરુ, શાસ્ત્રને હું નમન કરું છું. **'જા પ્રસાદ પાયો અમલ, સમ્યગ્દર્શન...'** જેના પ્રતાપે નિર્મળ સમ્યગ્દર્શન પામ્યો એવા દેવ, ગુરુ, શાસ્ત્રને હું નમન કરું છું. આ અંત્ય મંગળ કર્યું. મંગળ, લ્યો.

**'શ્રી કુંદકુંદસ્વામિ વિરચિત અષ્ટપ્રાભૃતમેં પ્રથમ દર્શનપ્રાભૃત ઔર ઉસકી જયચંદ્રજી છાવડા કૃત દેશભાષામયવચનિકા કા હિન્દી ભાષાનુવાદ સમાપ્ત હુઆ.'** લ્યો!

બીજું સૂત્રપાહુડ. ઓલામાં તો બીજું ચારિત્રપાહુડ છે. છે ને લખ્યું છે. એમ આ મેળ આ આવે છે.

**वीर जिनेश्वरको नमूं गौतम गणधर लार।**

**काल पंचमा आदिमें भए सूत्रकरतार।।१।।**

સિદ્ધાંતના કરનારા ભગવાન મહાવીર અને ગણધર બે થયા. વીર જિનેશ્વર પરમાત્મા ત્રિલોકનાથ વીર પ્રભુ, એને નમસ્કાર કરું છું. **'गौतम गणधर लार'** તેની સાથે ગૌતમભગવાનને પણ લાર સાથે નમન કરું છું. **'काल पंचमा'** પંચમકાળની શરૂઆતમાં ભગવાન મહાવીર અને ગૌતમ ગણધર થયા એ સૂત્રના કરનારા થયા માટે તેને પહેલા નમસ્કાર કરું છું.

**'ઇસ પ્રકાર મંગલ કરકે શ્રી કુંદકુંદ આચાર્યકૃત પ્રાકૃત ગાથા બદ્ધ સૂત્રપાહુડકી દેશભાષામય વચનિકા લિખતે હૈ :-' 'પ્રથમ હી શ્રી કુંદકુંદ આચાર્ય, સૂત્રકી મહિમાગર્ભિત સૂત્રકા સ્વરૂપ બતાતે હૈં :-'** લ્યો! એ સૂત્રની મહિમા ગર્ભિત સૂત્રનું મહાત્મ્ય.

**अरहंतभासियत्थं, गणहरदेवेहि गंथियं सम्मं।**

**सुत्तत्थमग्गमणत्थं, सवणा साहंति परमत्थं।।१।।**

મંગળીક 'કુંદકુંદાચાર્ય' પહેલું કરે છે આ. **'જો ગણધરદેવોંને સમ્યક્ પ્રકાર પૂર્વાપરવિરોધરહિત ગૂંથા (રચના કી) વહ સૂત્ર હૈ.'** ગૌતમ ભગવાને વીતરાગની વાણી સાંભળીને સૂત્રો રચ્યા. એક ક્ષણમાં બાર અંગ અને ચૌદપૂર્વ પ્રગટ્યા. આહાહા..! સમજાણું કાંઈ? એવા સૂત્રને રચનારા ગણધર હતા તેના સૂત્રને અહીંયાં નમસ્કાર કરે છે. **'વહ સૂત્ર કૈસા હૈ ?-સૂત્રકા જો કુછ અર્થ હૈ...'** સૂત્રનો જે અર્થ છે, ભાવાર્થ છે, પરમાર્થ છે **'ઉસકો માર્ગણ અર્થાત્ ઢૂંઢને-જાનનેકા જિસમેં પ્રયોજન હૈ...'** એવા સાધુ એમ કહે છે. **'ઐસે હી સૂત્રકે દ્વારા શ્રમણ (મુનિ)...'** શાસ્ત્રનો ભાવ-રહસ્ય શું છે એ સમજીને જે શ્રમણ થયા છે એને અહીંયાં સાધુ કહેવામાં આવે છે.

**'પરમાર્થ અર્થાત્ ઉત્કૃષ્ટ અર્થ પ્રયોજન જો અવિનાશી મોક્ષકો સાધતે હૈં.'** આહાહા...! શું કહે છે? ભગવાને સૂત્ર જે કહ્યાં. અર્થ કહ્યાં ભગવાને તો. અને સૂત્ર ગૂંથ્યા પછી ગણધરે. એ સૂત્રનો ભાવાર્થ, પરમાર્થ, રહસ્ય શું છે એ જેણે શોધીને જેણે પરમાર્થ મુનિએ સાધ્યો છે. જુઓ! શાસ્ત્ર કેવા હોય એની વ્યાખ્યા કરે છે. સમજાણું કાંઈ? આ બધો ફેરફાર થઈ ગયો છે અત્યારે

તો. ભગવાનને નામે ચડાવ્યા શાસ્ત્ર એ શાસ્ત્ર નથી. એ માટે કહેશે. બીજી ગાથામાં. ભગવાનના કહેલા અને ગણધરે ગૂંથેલા અને એમાંથી પરમાર્થ શોધીને સાધુ પોતે ઉત્કૃષ્ટ અર્થને પામ્યા એટલે મોક્ષને પામ્યા.

**'યહાં ગાથામેં 'સૂત્ર' ઇસપ્રકાર વિશેષ્ય પદ નહીં કહા તો ભી વિશેષણોંકી સામર્થ્યમેં લિયા હૈ.'** એમ. '**अरहंतभासियत्थं**' શબ્દ છે ને ત્યાં? '**अरहंतभासियत्थं**'. શબ્દ છે ભાઈ! સૂત્ર નથી. એનો અર્થ સૂત્ર નથી પણ એમ લઈ લેવું એમ કહે છે. એમાંથી અર્થ કર્યો છે. એટલે ઓલો સૂત્ર શબ્દ અહીં નથી પણ લઈ લેવો. એમ ભગવાને અર્થ કર્યો અને ગણધરે સૂત્ર રચ્યા. સમજાણું કાંઈ? આહાહા..! વીર હિમાલય સે નીકલી. વાણી નીકળી ભગવાનના મુખથી.. ગૌતમ ગણધરે ચાર જ્ઞાન ચૌદ પૂર્વની રચના અંતર્મૂહૂર્તમાં પ્રગટ કરી. એમણે આ શાસ્ત્રો રચ્યા. એ ગણધરના રચેલા શાસ્ત્રો એને અંદરમાં રહસ્ય શું છે? એને શોધીને જેણે સંતોએ પરમાર્થ સાધ્યો અને એ પરમાર્થ સાધીને જે મોક્ષને પામ્યા એવા સૂત્રને અમે આગમ અને પરમાગમ કહેવામાં આવે છે.

**ભાવાર્થ :- 'જો અરહંત સર્વજ્ઞ દ્વારા ભાષિત હૈ તથા ગણધરદેવોંને અક્ષર પદ વાક્યમયી ગૂંથા હૈ'** ભગવાનના તો અર્થમાં નીકળ્યું છે. ગણધરોએ પછી શબ્દો-વાક્યોની રચના કરી. **'સૂત્રકે અર્થકો જાનનેકા હી જિસમેં અર્થ-પ્રયોજન હૈ ઐસે સૂત્રસે મુનિ પરમાર્થ જો મોક્ષ ઉસકો સાધતે હૈં.'** ખરેખર તો આગમમાં જે પરમાર્થ ભગવાને કહ્યું એને સાધીને પરમાર્થ એટલે મોક્ષને મુનિ સાધે છે. જેને ખોટા સાધન .. એમાં પરમાર્થ હોતો નથી. એ માટે આ સૂત્ર કહ્યું છે. સમજાણું કાંઈ? આકરી વાત છે. બહુ.

**'અન્ય જો અક્ષપાદ, જૈમિનિ, કપિલ, સૂગત આદિ છદ્મસ્થોકે દ્વારા રચે હુએ કલ્પિત સૂત્ર હૈં,...'** છદ્મસ્તે રચ્યા શાસ્તરો, **'ઉનસે પરમાર્થકી સિદ્ધિદ્ધનહીં હૈ,...'** ભગવાનના પરમાર્થે કહેલા સિદ્ધાંતો. એના રહસ્યને સમજીને જેણે પરમાર્થ મોક્ષને પામ્યા એને અહીં સૂત્ર કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? પછી પ્રશ્ન છે કે ત્યારે એ સૂત્ર કહેવા કોને? અત્યારે તો ગણધર નથી અને અરિહંત પણ નથી. એની બીજી ગાથા છે. એની કહેલી પરંપરાએ આવેલા ભગવાનના કહેલા પરંપરાએ આવેલા એને સૂત્ર અને શાસ્ત્રમાં કહેવામાં આવે છે. એ વાત બીજી ગાથામાં કહેશે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)